॥ શ્રી હરિઃ ॥

# શ્રી વલ્લભસુધા

## શ્રી મહાપ્રભુજીનું પદ

શ્રી વલ્લભ કૃપાલ સુખદાઈ;
અદ્ભુત વિભુ ગોપેશ બ્રહ્મ મણિ વેદ વિદિત પ્રભુતાઇ. ૧
લીલા જલધિ રસાત્મક પુરણ ભાવ તરંગ અપાર;
વિરહાવેષ્ઠ વિરહાગ્નિ રૂપ રસ વિરહ ભક્તિ વિસ્તાર. ૨
તીવ્ર તાપ સંતપ્ત ભૃત્યગણ વિરહ પરમ ફલ ભોગ;
સેવા સન્નિધિ પ્રાણપ્રેષ્ટ કે છિન-છિન પ્રકટ વિયોગ. ૩
દૈન્ય વિયોગ જ પ્રકટિ દાસ ઉર ભાવાત્મક પ્રદનેસ;
'વલ્લભદાસ' પાહિ શરણાગત કરૌ અનુગ્રહ પ્રેમ. ૪

મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેથરી

---

✲ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✲

---

વર્ષ ૧૩ : અંક-૧

એપ્રિલ ૧૯૯૪

શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂ. ૩૦/- ✲ આજીવન રૂ. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

## શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રમુખનું

# નમ્ર નિવેદન

પ્રિય વાંચક વૃંદ.

સાદર ભગવદ સ્મરણ.

નિત્ય લીલાસ્થ પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી ,શ્રી રણછોડરાયજી) મહારાજ પ્રેરિત આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત "શ્રી વલ્લભ સુધા" માસિક પૂજ્ય ગોસ્વામી બાલકોના આશીર્વાદ તેમજ વાચકવૃંદના સહયોગ વડે ૧૩ માં વર્ષમાં પ્રવેશતા આનંદ અનુભવે છે.

જીવનમાં પરમશાંતિ પ્રાપ્ત કરવા તેમજ પરમ આનંદનો અનુભવ પ્રાપ્ત કરવા માટે દરેક જીવ તલસે છે. તેથી ધર્મનું શરણ સ્વીકારે છે.

"ધર્મ એટલે વ્યકિતએ પાલન કરવાની ફરજો" વિશાલ વિશ્વમાં અનેક વિધ ધર્મો એટલે કે સંપ્રદાયો ફેલાયેલા છે. વિવિધ સંપ્રદાયોમાં ઘણે ઠેકાણે વ્યકિતએ પાલન કરવાની ફરજોમાં સામ્યતા છે. પરંતુ વેદકાળથી ભારતમાં ફેલાયેલ ધર્મોએ જે જગતનું કલ્યાણ કરેલ છે તે અજોડ અને અદ્વિતીય છે.

પશ્ચિમાત્ય સંસ્કૃતિ તેમજ ભૌતિકવાદ જ્યારથી માનવમન ઉપર ભૂતની જેમ સવાર થયેલ છે ત્યારથી માનવી અજંપો અને અશાંતિ અનુભવે છે તેમજ આનંદની અનુભુતિ પ્રાપ્ત કરી શકતો નથી.

સારસ્વત કલ્પથી ચાલ્યા આવતા અને જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી દ્વારા પ્રસ્થાપિત "પુષ્ટિ સંપ્રદાય"ના આપણે સૌ સેવકો છીએ જગતનાં સર્વ . શ્રેષ્ઠ સંપ્રદાય તરીકે આપણે તેને સ્વીકારેલ છે.

જીવના કલ્યાણ માટે આચાર્ય ચરણોએ આજ્ઞા કરેલ છે કે નિત્ય તાદશીજનનો સંગ કરી સત્સંગ કરવો જેથી વ્યકિતએ પાલન કરવાની ફરજો પર સભાનતા રહે અને જીવનમાં શાશ્વત શાંતિ તેમજ પરમ આનંદની અનુભુતી પ્રાપ્ત કરી શકે.

પરંતુ કલિયુગનું પ્રતાપ બળ કહો કે પાશ્ચિમાત્ય સંસ્કૃતિનું પ્રચંડ આક્રમણ ગણો. જીવ તાદશીજનને ઓળખી શકતો નથી કે તેને પ્રાપ્ત કરી શકતો નથી જેથી સાચો સત્સંગ પ્રાપ્ત કરી શકતો નથી તેથી પોતાની ફરજોથી ચ્યુત થાય છે. અને ધર્મ વિમુખ બની પોતાનું જ અકલ્યાણ કરી રહેલ છે.

પરંતુ જીવન કલ્યાણ માટે આચાર્ય ચરણોએ મહા કૃપા વિચારી શ્રીમદ વલ્લભાચાર્યજીએ તેમજ શ્રી ગુસાંઈજી પરમ દયાલ શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી તથા અન્ય વલ્લભ વંશજ

(અનુસંધાન ટા. ૩ ઉપર)

**શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૧ * એપ્રિલ, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## આત્મ નિરીક્ષણ

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
**અનુવાદક :** ડૉ. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

પ્રિય વૈષ્ણવ વૃંદ !

આ વખતે સાંભળવા માટે ઉત્સાહ દેખાય છે એવો પહેલા જોયો નથી. પહેલા લોકો સાંભળવા આવતા એ ઘણી આનંદની વાત છે. આ વખતે લોકો સારી સંખ્યામાં એકત્ર થયા, ઘણા ઉત્સાહથી સાંભળ્યું અને યાદ રાખવાનો પ્રયત્ન પણ કર્યો, આ ઘણા આનંદની વાત છે.

કહેવાનો હેતુ એ છે કે વાત ઘણી કહેવામાં આવી, અનેક પ્રસંગો કહેવામાં આવ્યા, તેમાં જેને જેટલું યાદ રહી શકે તેટલું યાદ રાખવાનો તે પ્રયત્ન કરે તેમાં ઘણો લાભ થશે. મુખ્ય વાત એ છે કે બધી વાતો યાદ રાખવાનું કઠીન છે. કેટલીક વાતો યાદ રહી શકે છે, મહત્વની વાત યાદ રહી શકે છે, પરંતુ તે મહત્વની વાતો પણ કયારે યાદ રહેશે જ્યારે એ વાતોની ઉપયોગીતા,

તેની જરૂરીયાતનો આપણને અનુભવ થશે. આ વાતોની જરૂરીયાત આપણે નહીં સમજીએ તો ભલે ગમે તેટલી મહત્વની વાત હોય, યાદ રહેવાની સંભવના નથી.

સૌથી પહેલાં માનવીને જીજ્ઞાસા હોવી જોઇએ કે, સાંભળવાનું ફળ શું ? સાંભળવું એ સાંભળવાનું ફળ નથી. સાંભળવા ખાતર સાંભળી લીધું, આ સાંભળવાનું ફળ નથી, પરંતુ જીજ્ઞાસાપૂર્વક સાંભળવું જોઇએ તો તે સાંભળવું લાભદાયક થઇ શકે છે.

સર્વ પ્રથમ વાત એ છે કે જરૂરીયાતની ખાતરી હોવી જોઇએ. જ્યાં સુધી જરૂરીયાતનો અનુભવ નહીં થાય ત્યાં સુધી કાર્ય સિદ્ધ ન થઇ શકે. કેટલાક લોકોમાં જીજ્ઞાસા હોય છે. જરૂરીયાત સમજે છે તેઓ ગ્રહણ પણ ઘણી ઝડપથી કરે છે, નહિતર મોટા ભાગના લોકો જ્યારે વાત કહેવામાં આવે, સારી વાત હોય છે તેને સાંભળીને સંતોષ માની લે છે કે સારી વાત કહેવાઇ, આટલો જ સંતોષ થશે. તેનાથી વિશેષ લાભ નહીં થાય. લાભ તો ત્યારે થાય જ્યારે વસ્તુ હૃદયમાં ઉતરે. આ તો માત્ર સાંભળવાનો સંબંધ રહયો તેમાં હૃદય પવિત્ર ન થઇ શકે. હૃદય પવિત્ર ત્યારે થાય જ્યારે વસ્તુ હૃદયમાં આવે. કાન એ રસ્તો છે. કાન દ્વારા જ શબ્દ હૃદયમાં પ્રવેશ પામે છે. સાંભળવાના બે પ્રકાર છે. એક તો લોકો સાંભળે છે અને જો જરૂરીયાતની ભાવના હૃદયમાં હોય, જીજ્ઞાસા હોય તો તેઓ તેને હૃદયમાં ધારણ કરી લે છે. બીજો પ્રકાર એ છે કે આપણે સાંભળ્યું અને તે વાત સારી લાગી પરંતુ જરૂરતની ખાત્રી ન થઇ. આ સારી વાત છે, ઠીક લાગી એવી વાત છે તો આ કાનથી સાંભળી અને પેલા કાનથી બહાર નીકળી ગઇ છે હૃદયમાં પ્રવેશ નહીં કરે.

કહેવાની વાત એ છે કે જે પ્રસંગ સાંભળો, ભલે થોડો સાંભળો, પરંતુ તેને ગ્રહણ કરવાની ટેવ પાડો તો તેનો લાભ થાય. જ્યાં સુધી વાત યાદ નહી રહે ત્યાં સુધી જીવનમાં તેનો ઉપયોગ આપણે નહી કરી શકીએ. આજે આપણે એવી કામની વાત સાંભળી કે જે આપણા જીવનમાં ઘણી ઉપયોગી છે અને જ્યારે પ્રસંગ આવ્યે એ વાતનો ઉપયોગ કરવાનો, તે સમયે તે વાતને આપણે ભૂલી ગયા તો એ વાતનો ઉપયોગ જીવનમાં કેવી રીતે કરીશું ? નહીં કરી શકીએ તેથી તેને યાદ કરવાનો પ્રયાસ કરવો જોઇએ. એ ત્યારે થઇ શકે જ્યારે હૃદયમાં તીવ્ર જીજ્ઞાસા હોય. સામાન્ય જીજ્ઞાસાથી કામ નહીં ચાલે. તીવ્ર જીજ્ઞાસા હોય ત્યારે કામ ચાલશે.

હવે મુખ્ય વાત એ છે કે ભગવદ્ આશ્રય હૃદયમાં હોય. આચાર્યચરણોએ કહ્યું છે કે જીવ ભગવદ આશ્રયી બને. દુનિયાનો આશ્રય તો આપણને બધાને છે. દુનિયાના કાર્યોનો, પદાર્થોનો, વ્યકિતઓનો આશ્રય તો બનેલો જ છે. પરંતુ ભગવદ આશ્રય હૃદયમાં હજુ નથી આવ્યો. ભગવદ આશ્રય હોવો જોઇએ. દરેક અવસ્થામાં ભગવદ આશ્રય હોય તો આપણે અવળે રસ્તે જનાર નહી બનીએ. પોતાના યોગ્ય માર્ગ પર ચાલતા રહીશું. જો હૃદયમાં ભગવદ આશ્રય દુર થઇ જાય તો પડવામાં શું વાર લાગે ? પડવામાં વાર નથી લાગતી. ચઢવામાં વાર લાગે છે આપણે આ વાત

ધ્યાનમાં રાખવી જોઇએ. યાદ રાખવું જોઇએ કે ભગવદ આશ્રય રાખીએ આપણી ગતિ ઉપર તરફ થઇ રહી છે કે નીચે તરફ તેનું પણ ધ્યાન સમય પર રાખતા રહીએ, ત્યારે આપણે સતર્ક રહીશું અને પોતાને સ્થાને ટકી રહીશું. જો એ વિચારવાનું છોડી દેશું કે કાલ આપણે ક્યાં હતા અને આજ ક્યાં છીએ એ વાત નહી વિચારીએ તો કાલે ભાવના સારી હતી, આપણે કોઇ સારૂં કાર્ય કર્યું. આજે તેવી ભાવના છે કે નહીં ? આજે પણ તેવા કાર્યો કર્યા કે નહીં ? આનો વિચાર કરીશું તો આગળ આપણી પ્રગતિ થઇ શકશે. પ્રગતિ થવા માટે આ ઉપાય છે. પાછળની વાતો યાદ રાખવાથી ખરેખર કોઇ લાભ નથી થતો. ફક્ત એટલો જ લાભ થાય છે કે કાલ ક્યાં હતા અને આજ ક્યાં છીએ ? જો આપણે પહેલાથી નીચે ગયા તો આપણે જરા સાવધાન થવાનો પ્રયત્ન કરીશું, ધ્યાનમાં વાત આવશે તો વધારે નીચે ન [illegible] પડીએ. જેટલા નીચે ગયા તેટલા તો ગયા જ. હવે તો સાવધાન થઇએ. જો આગળ જવું છે તો બે કદમ આગળ વધીએ તો તેને યાદ રાખવાથી બે કદમ ચાલ્યા, હવે બે કદમ વધારે આગળ ચાલીએ તો વધારે સારૂં. બેના ચાર કદમ થઇ જશે, વધારે સારૂં છે. જલ્દી પહોંચાશે, રસ્તો જલ્દી કપાશે અને જ્યાં પહોંચવું છે તેની નજીક પહોંચીશું. આ બધી વાતો ધ્યાનમાં રાખવાની છે, તો જરૂર આપણો માર્ગ આપણી સાથે રહેશે.

જો આત્મનિરીક્ષણ નહી કરીએ, કાલ ક્યાં હતા અને આજ ક્યાં છીએ તેનો વિચાર નહી કરીએ તો પડવામાં શું વાર ? પડી જવાનું સહજ છે. તેથી આચાર્યચરણોએ કહ્યું છે પડો નહીં, ઉપર ચડો, ઉપર ન ચડી શકાય તો ઓછામાં ઓછું પોતાના સ્થાન પર ટકી રહો. તેને માટે ભગવદ આશ્રય પર હર હંમેશ જરૂરી છે. ભગવદ આશ્રય હૃદયમાં હશે તો ભગવાનની સ્મૃતિ આપણો માર્ગ દર્શાવતી રહેશે, ભગવાનની યાદ શું કરે છે ?

લોકો કહે છે ભગવાનને યાદ કરવા સારૂ છે, પરંતુ તેમાં રૂપિયા પૈસા તો મળતા નથી. ભગવાનને યાદ કરવાથી બિમારી તો મટતી નથી. મુકદ્દમામાં સફળતા તો મળતી નથી. આ બધું શા માટે કરવું જોઇએ ?

ભગવાનનું જે સ્મરણ છે, ભગવાનનો જે આશ્રય છે તે માનવને જે આપી શકે છે તે બીજા કોઇ સાધનથી પ્રાપ્ત ન થઇ શકે. કારણ કે ભગવાન દરેક સમયે રક્ષા કરે છે. રક્ષાનો મતલબ શું ? ધનની રક્ષા કરે છે ? આવીને પહેરો આપે છે ? આવું નહીં સમજતા. આપણા શરીરને હાનિ ન પહોંચે તે માટે ભગવાન આવીને તલવાર લઇને શું ઉભા રહે છે ? આ કોઇ સમજવાની આવશ્યકતા નથી, પરંતુ આપણી ભાવનાની રક્ષા કરે છે. ધનની કે શરીરની સમજતા નહીં. આ તો જેવા સંસ્કાર હશે તેવું થશે. તેથી ભગવાન તમારી રક્ષા કરવા માટે આવીને ઉભા રહી જશે. જેવી રીતે બલીરાજાના દ્વારે ઉભા છે તેવી રીતે આપણા દ્વાર પર આવીને ઉભા રહી જશે, આવું સમજતા નહીં. પરંતુ ભગવાન જ્યારે કૃપા કરે છે ત્યારે શું કરે છે ? પોતાના ભક્તોના ભાવોને પોતાની તરફ આકર્ષિત કરે છે.

—ક્રમશઃ

॥ શ્રી હરિઃ ॥

# ભાવ ભાવના

## લે. ગો. શ્રી પંકજકુમારજી મહોદય, ( શ્રી ગોકુલ-માંડવી )

' "ભજ સખી ભાવ ભાવિક દેવ, કોટિ સાધન કરો કોઉ તોઉ ન માને સેવ"

આ પદમાં સુરદાસજી કહે છે કે કેવલ ભાવથી પ્રસન્ન થતા દેવ શ્રી કૃષ્ણની સેવા કરવી જોઇયે કેમ કે ભાવ વિના કરોડો સાધન કરવાથી પ્રભુ સેવાને માનતા નથી. પ્રભુને પ્રસન્ન કરવાનો ઉપાય કેવલ ભાવ જ છે. ભલે પછી તનુ વિત્તજા કરીએ, કથા કરીએ કે અન્ય કોઇ પૃષ્ટિમાર્ગીય સાધન કરીએ ભાવ વિના એ સર્વ ક્રિયા બની જાય છે. અતએવ શિક્ષાપત્રમા શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે – (શિક્ષાપત્ર-૧ શ્લોક-૮)

ભાવાત્મનોઽહ્યનુભવઃ સર્વોભાવેન નાન્યથા ।
સ્પર્શસ્તત્રાપિ ભાવેન સર્વાસ્તગૈવ તત્ક્રિયાઃ ॥

**અર્થ :** પ્રભુ સેવા સમયે અત્યંત ભાવથી જ એમનો સ્પર્શ કરવો જોઇએ અને સેવાની પ્રત્યેક ક્રિયા ભાવથી કરવી જોઇયે કેમકે પ્રભુ ભાવાત્મા છે અતઃ એમનો અનુભવ કેવલ ભાવથી જ થાય છે અન્ય પ્રકારે નહી.

શ્રીમદ્ ભાગવતમાં પણ ભાવની પ્રશંસા કરતા ભગવાન્ કહે છે કે.

કેવલેન હિ ભાવેન ગોપ્ય ગાવો ખગા મૃગાઃ ।
યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધાઃ મામી યુરંજસા (શ્રી ભા. ૧૧, ૧૨, ૮)

**ભાવાર્થ :–** કોઇપણ વૈદિક સાધનનું આચરણ કર્યા વગર માત્ર ભાવથી જ ગોપિઓ, ગાયો, પાક્ષિઓ, મૃગો અને અન્ય પણ જે જડબુદ્ધિવાળા નાગ સિદ્ધો પણ મને સરળતાથી પ્રાપ્ત થયા છે.

પુષ્ટિમાર્ગમાં પ્રભુ સાધનથી નથી મળતા કૃપાથી મળે છે. પ્રભુ ભાવાત્મા છે. અર્થાત્ પ્રભુ પોતે જ **'ભાવ'** છે એ જ્યારે કૃપા કરે ત્યારે તે ભાવનું દાન જીવને કરે છે અને તે જ પ્રભુરૂપ ભાવ સેવા કથા ઇત્યાદિને સાધન બનાવી પ્રભુ સુધી જીવને પહોંચાડે છે. આ ભાવ પ્રત્યેક પુષ્ટિજીવમાં પ્રભુએ બીજ ભાવ રુપે સ્થાપેલો હોય છે. આ જ ભાવ સેવા તથા કથાથી વિકાસ પામતો ક્રમશઃ પ્રેમ, આસક્તિ તથા વ્યસનના નામે ઓળખાય છે.

'ભાવ' શબ્દના અનેક અર્થ કોષકાર બતાવે છે –

'ભાવઃ સત્તા સ્વભાવાભિપ્રાત્મ જન્મસુ'

**અર્થ :** સત્તા, સ્વભાવ, અભિપ્રાય આત્મા તથા જન્મ. એ અર્થોમાં 'ભાવ' શબ્દ શબ્દ વપરાય છે. પરન્તુ આપણે ત્યાં 'ભાવ' શબ્દનો આમાંથી એક પણ અર્થ લેવાતો નથી,

પરન્તુ એક પારિભાષિક શબ્દ રૂપે એનો અર્થ લેવાય છે. શ્રી આચાર્ય ચરણ 'ભાવ' શબ્દને સમજાવતા નિબન્ધમાં આજ્ઞા કરે છે કે :–

'રતિર્દેવાદિવિષયિણી ભાવ ઇત્યભિધીયતે' (શાસ્ત્રાર્થ પ્ર. શ્લો. ૪૨)

**અર્થ** : દેવતા આદિ (ગુરૂ, ગ્રન્થ આદિ અલૌકિક વિષયો) ના વિષયમાં જે રતિ (સ્નેહ) હોય છે તેને 'ભાવ' કહેવામાં આવે છે. આગળ શ્રીમહાપ્રભુજી સમઝાવે છે કે વેદોમાં બે વાતો મુખ્યતયા સમજાવવામાં આવી છે પ્રથમ તો આત્મા (જીવ) બ્રહ્મ છે અને બીજુ બ્રહ્મ જ જગત્‌ની ઉત્ત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કારણ છે. સર્વધર્મવાન્ છે. આત્માની બ્રહ્મરૂપતા બતાવવાનું કારણ એ છે કે જીવને પ્રભુ પ્રત્યે નિરૂપાધિક ભાવ (સ્નેહ) ઉત્પન્ન થાય જીવને પોતાના આત્મા પ્રત્યે જ નિરૂપાધિક (નિસ્વાર્થ) પ્રેમ હોય છે. પોતાનાથી અન્ય પ્રત્યેક વસ્તુમાં એનો પ્રેમ સોપાધિક (સ્વાર્થ પુર્ણ) હોય છે. વેદ એટલા માટે બ્રહ્મને આત્મરુપ કહે છે કે જીવને જેવી રીતે પોતાનામાં નિરુપાધિક સ્નેહ છે તેવી જ રીતે જ્યારે એને બોધ થશે કે મારો આત્મા તો પ્રભુ છે ત્યારે પોતાના પ્રત્યેનો નિરુપાધિક સ્નેહ પ્રભુ પ્રત્યે પણ ઉંત્પન્ન થશે બીજી વાત વેદ સમજાવે છે કે બ્રહ્મ જ સર્વકારણ છે સર્વશકિતમાન અને સર્વ અલૌકિક ગુણ યુકત છે. તે બ્રહ્મનું માહાત્મ્ય સમજાવવા માટે છે. કોઇ પણ વ્યકિત વસ્તુનું માહાત્મ્ય સમજ્યા પછી જ એનું સેવન કરે છે અત્રઃ બ્રહમનું આવું લોકોત્તર મહાત્મ્ય જાણી એના અન્દર જ પોતાનો નિરુપાધિક ભાવ મુકી સેવામાં તે પ્રવૃત્ત થાય છે. અતઃ વેદનું તાત્પર્ય ભગવદ્વિષયક રતિ (ભાવ) પુર્વક ભગવત્સેવામાં જ છે.

'સન્યાસનિર્ણય' ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

### 'ભાવો ભાવનયા સિદ્ધઃ'

**અર્થ** : ભાવ ભાવના કરવાથી સિદ્ધ થાય છે વ્રજ ભકતોએ જે ભાવથી પ્રભુનું ભજન કરી પ્રભુને પ્રાપ્ત કર્યા તે ભાવની ભાવના નિરન્તર કરવાથી ભગવદ્વિષયક ભાવ સિદ્ધ થાય છે. વ્રજ ભકતોની સેવા રીતિ અને ભાવને જ આપણા પુષ્ટિમાર્ગની સેવા માંગ્રહણ કરવામાં આવ્યા છે.

'સેવા રીતિ પ્રીતિ વ્રજજન કી જનહિત જગ પ્રકટાઇ'

### આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

અર્થ : વ્રજજનોની સેવાની રીતિ તથા પ્રીતિ દૈવીજીવોના હિત માટે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી ભુતલ પર પ્રકટ કરી છે. અતએવ આપણા ગ્રન્થોમાં કહેવાયુ કે વ્રજભકતોની ભાવના કરતાં સેવા કરવી જોઈયે ત્યારે જતેતનુવિત્તા જ તે સેવા ભાવ ઉંત્પન્ન કરનારી થાય છે અને આ ભાવ જ્યારે વ્યસન અવસ્થા સુધી પહોંચી જાય છે ત્યારે પ્રભુને પણ વશમાં કરી લે છે કહયું પણ છે.

'બન્ધનાતિ ખલુ સન્તિબહૂનિ પ્રેમરજ્જુકૃત બન્ધન મન્યત્ ।
દારુભેદ નિપુણોડપિ ષડંઘ્રિનિષ્ક્રિયો ભવતિ પંકજ કોશો ॥

અર્થ : બન્ધનો અનેક પ્રકારના છે પરન્તુ પ્રેમના દોરડાથી બાંધેલું બન્ધન કાંઇક જુદા જ પ્રકારનું છે. જેવી રીતે લાકડા જેવા કઠોર પદાર્થનું પણ ભેદન કરનાર ભ્રમર સાયંકાલે યદિ કમલના પુષ્પમાં બન્દ થઈ જાય છે. તો એ નિષ્ક્રય બની જાય છે કમલથી પ્રેમ હોવાને કારણે તેનું ભેદન કરવા સમર્થ બનતો નથી.

તેવી જ રીતે ભકતનો આ આરુઢ ભાવ જ પ્રભુને પણ વશ કરી લે છે શ્રી ભાગવતમાં કહ્યું છે.

"વશે કુર્વન્તિમાં ભકત્યા સત્સ્ત્રિય : સત્પતિં યથા"

અર્થ :- જેમ સતી સ્ત્રી પોતાના સ્નેહથી પતિને વશમાં કરી લે છે તેવી જ રીતે મારા ભકતો મને ભકિત ભાવથી વશમાં કરી લે છે. ભકતોના આવા અલૌકિક ભાવને વશ થઈ ભગવાન્ ઠગાઈને નૃત્ય પણ કરી બતાવે છે. 'ગોપી ભિઃસ્તોભિતોડનૃત્યત્'

આવો અલૌકિક ભાવ વ્રજભકતોના ભાવની ભાવના પુર્વક તનુવિત્તજા કરવાથી પ્રાપ્ત થાય છે એ આપણે જોઇ ગયા છીએ. આ ભાવના કેવી રીતે કરતી તેનું વર્ણન શ્રી હરિરાયજીકૃત 'સહસ્રીભાવના' તથા પૂર્વાચાર્યોના ગ્રંથોમાં આપણને મળે છે. અતઃ તે અનુસાર ભાવના કરી તનુવિત્તજા કરવી જોઇએ.

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

આ ભાવની સુરક્ષા ત્યારે જ થઈ શકે છે કે જ્યારે એને ગુપ્ત જ રાખવામાં આવે. પ્રકટ કરેલો ભાવ ખંડિત થઈ જાય છે. જેમ પતિ-પત્ની વચ્ચેનો સ્નેહ અને તે ભાવ દ્વારા થતી ક્રિયાઓ પ્રગટ થતી નથી તેમજ ભકત અને ભગવાન વચ્ચેનો ભાવ અને સેવા એ ગુપ્ત જ થવી જોઇએ. અતઃ અંતરંગ જનો સિવાય બધાને દર્શન કરાવવાથી પણ ભાવ ખંડિત થાય છે. 'પ્રભુચરણ અણુભાષ્યમાં આજ્ઞા કરે છે-

'ભગવદભાવસ્ય રસાત્મકત્વેન ગુપ્તસ્યેવાભિવૃદ્ધિસ્વભાવકત્વાત્ આશ્રમધર્મૈરેવ લોકે સ્વં ભગવદભાવં અનાવિષ્કુર્વન્ ભજેત ઇત્યાશયેન તે ધર્મા ઉકતા........ એતેન યાવત્ અંતઃકરણે સાક્ષાત્ પ્રભોઃ પ્રાકટયં નાસ્તિ તાવદેવ બહિરાવિષ્કરણં ભવતિ પ્રાકટયે તુ ન તથા સંભવતિ ઇતિ જ્ઞાપિતમ્ (અણુભાષ્ય-૩/૪/૪૯).

**અર્થ** : ભગવદભાવ રસાત્મક હોવાથી તે ગુપ્ત રહે તો જ વૃદ્ધિ પામે છે. કારણ કે એ એનો સ્વભાવ છે. અતઃ પોતાના આશ્રમધર્મોને પ્રકટ રાખી ભગવદભાવને ગુપ્ત રાખી પ્રભુનું ભજન કરવું જોઇયે આ આ આશયથી તે ધર્મો કહેલા છે....આનાથી આવું બતાવે છે કે જ્યાં સુધી જીવના અન્તઃકરણમાં સાક્ષાત્ પ્રભુનું પ્રાકટય નથી ત્યાં સુધી જ એ પોતાના ભાવને બહાર પ્રકટ કરે છે. કેમ કે પ્રભુનું અન્તઃકરણમાં પ્રાકટય થતાં તો આવું કરવું સમ્ભવ નથી"

આશ્રમ ધર્મો એ આપણે ત્યાં ભાવસુરક્ષા માટેની વાડ છે. તેના અન્દર ગુપ્તરૂપે ભાવ ખિલે છે. ભાવનું પ્રદર્શન કરવું તે તેને નષ્ટ કરવું છે. અતઃ આપણા અન્તઃકરણના પ્રભુ પ્રત્યેનાં ભાવો તથા તે ભાવોથી થતી જે સેવા તેનું પ્રદર્શન નહી કરવું જોઇયે.

કેટલાક વ્યકિતઓ કહે છે કે સેવાનું પ્રદર્શન કરવાથી ભાવનું પ્રદર્શન નથી થતું, અને અહિં અણુ ભાષ્યના વાકયમાં ભાવને પ્રદર્શિત ન કરવાની વાત શ્રી પ્રભુચરણ કહે છે તેથી સેવા પ્રદર્શનથી ભાવ ખંડિત નથી થતો પોતાના હૃદયનો ભાવ કોઇને કહેવો નહી" માત્ર આટલું તત્પર્ય આ વાકયનું છે.

પરંતુ શાંત થઇને વિચારીએ તો આપણે જોઇ શકીએ છીએ કે જે પ્રેમભાવથી આપણે સેવા કરી રહયા છીએ તે સેવા દ્વારા પણ પ્રકટ થતો હોય છે. કોઇ પણ ભકતની સેવા જોઇને જાણી શકાય છે કે તે ભાવથી સેવા કરી રહ્યો છે કે અભાવથી સેવાકર્તાના મનમાં જે ભાવ છે

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

તે ભાવ જ પ્રભુ પ્રત્યેના વિવિધ મનોરથો ઉત્પન્ન કરે છે અને તે જ મનોરથો સેવાપ્રકારમાં પ્રકટ થાય છે. અર્થાત્ તે ભાવ જ વિભિન્ન મનોરથો દ્વારા સેવામાં પ્રકટ થઇ રહયો છે. મંદિરોમાં થતાં વિવિધ હિંડોળા, પલના, સાંઝી, અધિકમાસના નુતન મનોરથો શું સેવાકર્તાના મનનો પ્રભુ પ્રત્યેનો ભાવ નથી ? (જો કે આજે ત્યાં તે ભાવ છે કે નહીં તે વિચારણીય છે કેમકે અધિકાશ સ્થળે ધંધાકીય ભાવ જ દેખાય છે જ્યાં આવું નથી ત્યાં આ વાત જોઇ શકાય છે. અન્યત્ર 'તુષ્યતુદુર્જન ન્યાયેન' આ વાત છે) અને તે મનોરથોનું પ્રદર્શન શું પોતાના ભાવનું પ્રદર્શન નથી થતું તે કહેવું યોગ્ય નથી.

'સાધન દીપિકા'માં પણ શ્રી ગોપીનાથજીની આજ્ઞા છે કે– 'અલંકૃત્યૈવ સપ્રેમ સ્વીયાન્ ભકતાન્ પ્રદર્શયેત્ (શ્લોક–૧૦૮)

**અર્થ** : પ્રભુને પ્રેમથી શણગારી પોતાના ભકતોને દર્શન કરાવવા જોઇએ. અહીંયા 'સ્વીયાન્ ભકતાન્' કહેવાથી જે ભકત નથી પણ આત્મીય છે અને જે ભકત છે પણ આત્મીય નથી બન્ને વ્યક્તિયોને દર્શન કરાવવાનો નિષેધ આવી જાય છે. અતઃ અંતરંગ ભકતોને જ દર્શન કરાવવા જોઇએ.

કેટલાક લોકો કહે છે કે 'અલંકૃત્યૈવ' શબ્દમાં જે 'એવ' છે તેનો અન્વય અલંકૃત્યમાં થાય છે. 'સ્વીયાન્ ભક્તાન્'માં નહીં, એનાથી એવો અર્થ થાય કે 'પ્રભુને શણગાર્યા વિના દર્શન કરાવવા નહીં શણગારીને જ પોતાના ભકતોને દર્શન કરાવવા જોઇએ' પરંતુ એ લોકોએ સમજવું જોઇએ કે ભલે 'એવ'નો અન્વય 'અલંકૃત્ય' સાથે કરો પરંતુ એનાથી કાંઈ ઉપર કહેલો અર્થ બદલતો નથી, 'સ્વીયાન્ ભક્તાન્'થી જ અભકત સ્વીય અને અસ્વીય ભકતોનો નિષેધ થઇ જાય છે. અતઃ શેષ અંતરંગ ભકતોમાં જ રહે છે. અતઃ એ લોકોને જ પોતાના સેવ્યનું દર્શન કરાવી શકાય એવો અર્થ થાય જ છે.

બહિરંગ વ્યકિત સામે સેવાનું પ્રદર્શન કરવાથી અને બહિરંગ વ્યકિતવે સેવાભાવ કહેવાથી બન્ને પ્રકારે ભાવ પ્રદર્શન થાય છે. આથી એના નાશ થવાનો ભય રહે છે. આ જ કારણે બધાને દર્શન કરાવવાની તથા બધાને પોતાના ભાવ કહેવાની છુટ આપણે ત્યાં આપવામાં

**માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૧/-**

ગો. વા. શ્રી ડુંગરશીભાઈ હિરાભાઈ વૈષ્ણવના સ્મરણાર્થે હ. ડૉ. જગજીવન ડી. વૈષ્ણવ ધોરાજીના જય શ્રીકૃષ્ણ

આવી નથી. કેટલાક લોકો કહે છે કે જે અભકત હોય તે 'સ્વીય' (આત્મીય) હોઇ જ નથી શકતા. અતઃ એમને દર્શન ન કરાવવા, આ કહેવું વ્યર્થ છે. એમના સાથે સંબંધ જ ન હોવાથી. પરંતુ તે સમયે આ વાત ભલે સાચી હોય પણ આજે તો પોતાની અઢળક સંપત્તિ પર ઇન્કિમટેક્ષ બચાવવા માટે ઇન્કમટેક્ષ ઓફીસરો અથવા રાજનૈતિક નેતાઓને સ્વીય બનાવવામાં આવે છે. એમને પોતાના સેવ્ય સ્વરૂપના દર્શન કરાવી માલા બીડા પ્રસાદ આપી પ્રસન્ન રાખવામાં આવે છે. આ ભવિષ્ય દૃષ્ટિને ધ્યાનમાં રાખીને જ કદાચ શ્રી ગોપીનાથજીએ અભક્ત સ્વીયોને પણ દર્શન કરવાનો નિષેધ કર્યો હોય.

અતએવ શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે–' 'સમસ્તેભ્યો નિજં સ્નેહં ગોપાયતિ યથા સતી તથૈવ ભગવદ્‌ભાવગોપન ક્રિયતાં જનૈઃ ॥ (શિ. પ. ૨૬, શ્લોક–૮)

**અર્થ :** જેમ પોતાના પતિ પ્રત્યેનો સ્નેહ સતી સ્ત્રી પ્રકટ કરતી નથી તેમ જ ભકતે પ્રભુ પ્રત્યેનો પોતાનો ભાવ બધાથી ગુપ્ત રાખવો જોઇએ.

સેવામાં પણ તે જ ભાવના કરવી યોગ્ય છે કે જે આપણા આચાર્યોએ ગ્રંથોમાં બતાવી હોય પોતાના મનથી કલ્પિત ભાવનાઓથી ભાવ વધતો નથી બલ્કે ઘટે છે. માધવ ભટ્ટ કાશ્મીરીની વાર્તામાં આવે છે કે, અંત સમયે એમને તીર લાગ્યું અને એમની દેહ છુટી ગઇ. વૈષ્ણવોએ એનું કારણ શ્રી મહાપ્રભુજીને પૂછ્યું ત્યારે આચાર્યચરણે આજ્ઞા કરી કે, 'યે પહલે અપને સેવ્ય શ્રી ઠાકુરજી કી શય્યા ફૂલનકી બિછાવતે, સો તબ એક દિન ફૂલનમેં અનજાને સૂઇ રહી ગઇ સો માધવ ભટ્ટને જાની નાહીં. સો તબ વહ સૂઇ શ્રી ઠાકુરજી કે શ્રીઅંગમેં સ્પર્શ ભઇ સો તા અપરાધ તે યહ એસો ભયો હૈ'.

અહીંયા 'ભાવપ્રકાશ'માં શ્રી હરિરાયજી લખે છે કે– 'સો માધવ ભટ્ટ શ્રી આચાર્યજીકી રીતી છોડી લીલામેં ફૂલન કી શૈય્યાકો વર્ણન જાની શૈય્યા ભરે સો પ્રભુકો આછી ન લાગી તાતે સૂઇ રહી ગઇ. માધવ ભટ્ટકો દંડ દે સગરે વૈષ્ણવનકો શિક્ષા દીયે. જો શ્રી આચાર્યજીને યહ પુષ્ટિમાર્ગકી રીતી પ્રકટ કરી હૈ ઔર ગ્રંથન મેં જો પ્રકાર આજ્ઞા કરી હૈ તાહી પ્રકાર સેવા કરની ઔર ચલનો ઔર અપને મન તે કલ્પિત પ્રકાર કરે તો શ્રી ગોવર્ધનધર કો ભાવે નાહિં'.

તાત્પર્ય : નવી નવી ભાવનાઓથી નવા મનોરથો કરવા ન જોઇએ. વ્રજમાં બે–ચાર વર્ષોથી શ્રી યમુનાજીનો એક નવો મનોરથ શરૂ થયો છે. 'ચુંદડી મનોરથ' જેમાં શ્રી યમુનાજીના આ પારથી પેલી પાર સુધી સાડીઓની લાઇનિ પસાર કરવામાં આવે જે મનોરથો કરવાનો નિષેધ ભાવપ્રકાશમાં નથી કરાવાયો પરંતુ કલ્પિત ભાવનાઓ અને તદ્દનુરૂપ સેવા પ્રકારનો નિષેધ એટલા માટે કરવામાં આવ્યો છે કે ભવિષ્યમાં બધાં પોતપોતાની રીતે ભાવનાઓ કરવા માંડશે અને વિકૃત ભાવનાઓની પણ એક પરંપરા ઉભી થવાનો ભય રહેશે. –ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

# શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકીનો ચતુર્થ શ્લોક

## "મમોત્તમ શ્લોક જનેષુ" ઉપર શ્રી મહાપ્રભુજીએ રચેલી વિવૃત્તિ ઉપર શ્રી વલ્લભજી નામના બીજા આચાર્યે લખેલી 'વલ્લભ ટિપ્પણી'

### અથ શ્રીમદ્ વલ્લભાનામિયં ટિપ્પણી

ભાષાંતર – **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

હવે શરૂ થાય છે શ્રી વલ્લભની આવિવૃત્તિ

'મમોત્તમ' એ શ્લોકના વિવરણમાં "તત્ર" એટલે મોક્ષના વિષયમાં "સ્થિતૌ" એટલે મર્યાદા માર્ગમાં પુષ્ટિમોક્ષના ભેદને આવશ્યક્તા હોવાથી. "તદ્‌વિપરીતા" એટલે સ્વરૂપની દૃષ્ટિએ જોતાં સાધનની દૃષ્ટિએ જોતાં તથા ફલની દૃષ્ટિએ જોતાં – એમ ત્રણેય રીતે સ્વરૂપ એટલે કૃપા દ્વારા નિઃસાધનપણાનો અંગીકાર, સાધન એટલે ઘરમાં રહીને કરાતી સેવા અને ફલ એટલે સાક્ષાત્ સેવાથી મળતા આનંદનો અનુભવ. આ જ કારણને લીધે ફલ પ્રકરણમાં નિષ્ઠા (શ્રદ્ધા)ના ત્યાગ દ્વારા તેનો અનુભવ જો એમ ન હોત તો દ્વિજની સ્ત્રીની જેમ તેમાં નિષ્ઠા હોવાથી ગૃહગમન (એટલે ઘેરે જવાનું) એ જ થાય. ત્યાં વ્યવસ્થાથી એટલે પુષ્ટિમાર્ગમાં વ્યવસ્થાથી એમ અર્થ છે.

જો એવી દલીલ કરવામાં આવે કે એક જ માર્ગમાં એટલે કે પુષ્ટિમાર્ગમાં જ) વ્યવસ્થા ભેદ શા માટે હોય ? તો જવાબમાં કહે છે "ભગવદ્ પારોક્ષ્ય" એટલે ભગવાનના પારોક્ષ્યને લીધે. પુષ્ટિ તથા મર્યાદામાં રહેલા જનોના પરસ્પર ગુણ સભાજનથી અંતઃકરણમાં પ્રકટેલ ભગવાન દ્વારા જ પૂર્ણતાને માનનારા લોકો પર ઉપકાર કરનાર શુકદેવજી વગેરેની જેમઆત્મારામો રમણ કરે છે. પરંતુ શુદ્ધ પુષ્ટિમાર્ગીયો તો સાક્ષાત્ બહારના સંબંધથી રહિત સ્થિતિને લીધે એવા પ્રકારને લીધે પૂર્ણતાને ન માનતા હોવાથી આવો વ્યવસ્થા ભેદ કરેલો છે. આ જ કારણને લીધે ફલ પ્રકરણમાં ભગવદ્ ભાવની સંપત્તિથી તથા ગુણગાનથી તાપ શાંતિ નથી, પણ પછીથી આવિર્ભૂત થવાથી (પ્રકટ થવાથી) જ તેમાંએ શાન્તિ હોય છે.

જો એમ દલીલ કરવામાં આવે કે પુષ્ટિ મર્યાદામાં રહેલાઓ કદાચ ભગવાન પ્રત્યક્ષ થતાં પ્રમાણ નિષ્ઠાનો પૂરો ત્યાગ કરીને તેને જ ગ્રહણ કરી લયે તો ત્યાં એ ભેદ શા માટે ?

તેના ઉત્તરમાં કહે છે, 'પ્રત્યક્ષેપિ' એટલે પ્રત્યક્ષ હોય તો પણ કદાચિત તેમ થાય તો પણ તેમને માટે શાસ્ત્રાર્થ કરવાનું જ હોય છે. ગુણ સભાજન રૂપથી શાસ્ત્ર દ્વારા જ અર્થ છે. પુરૂષાર્થ જેનો તેવા એ લોકો છે તેનો ભાવ એ જ તત્વ એટલે તે અર્થ છે એમ ભાવ છે. સમાસના તાત્પર્યને દર્શાવે છે– 'ઉત્તમ' એટલે શ્રેષ્ઠ વગેરે શુક વગેરે ઉત્તમજનો દ્વારા ગવાય છે જ અને નહિ કે પુષ્ટિમાં રહેલા જનો દ્વારા બહારથી અનુભવાય છે. તેની સાથે સંબંધ ધરાવતા જનો છે. જેવી રીતે ઉત્તમજનોના તેમજ ભગવાનનો પણ પ્રસંશા કરનાર તથા પ્રસંશા પામનાર એવો જ સંબંધ જ હોય છે અને નહિ કે બીજો

પણ બહારનો (કોઇ), એવી જ રીતે તેમનામાં સમાસ દ્વારા પદના એકત્વની જેમ ધર્મનું એકત્વ પણ જણાવ્યું છે તેથી તેની જેમ જ તેઓ છે એમ અર્થ છે. એ પ્રકારના જનોમાં સખ્યની પ્રાર્થના દ્વારા તેમની વચ્ચે શીલ તથા વ્યસન (હંમેશની ટેવ) એ બેની સમાનતા સિદ્ધ થતાં મુક્તિ સિદ્ધ થાય તેથી સખ્યનું મોક્ષરૂપત્વ સિદ્ધ થાય છે તે માટે પ્રાર્થના કરે છે.

જો એમ દલીલ કરવામાં આવે કે ભગવાનના સખ્યની જ પ્રાર્થના શા માટે કરવામાં આવતી નથી ? તો ઉત્તરમાં કહે છે કે કે 'ભકત સંવલિતઃ' એટલે કે ભકતો વડે સેવાયેલો– સાપેક્ષને લીધે છે, તેથી તાદૃશીજનના સખ્ય દ્વારા વૈકુંઠ વગેરેમાં તો લક્ષ્મીજી વગેરે ભકતોથી સેવાયેલો જ છે અને ફલરૂપ બને છે તેથી એક છે.

આ લોકમાં તાદૃશીજનોની સાથે ગુણ સભાજનમાં દેહધર્મના નિર્યાપન (ચાલુ રાખવાના કાર્ય) દ્વારા બ્રહ્માનંદના કરતાં પણ અધિક વિલક્ષણ પ્રકારનો રસાનંદ પામે છે એ બીજું (જુદું) ફલ છે, તેને જ કહ્યું છે– 'પૌરુષસભાજનં ચ ફલં' તેનાથી તેના સખ્યમાં બે ફલ હોવાથી પ્રાર્થના એમ અર્થ છે. ભગભાન સાથેના સખ્યમાં તો તે જ એક ફલ છે એમ કહે છે– કદાચિત્ અર્જુનની જેમ (ગી. અ. ૧૧–૭–૪૧) 'યચ્ચાવહા સાર્થં મસત્કૃતોસિ' એટલે કે જે અવહાસાર્થે (એટલે કે મશ્કરીને અર્થે તારો અસત્કાર કર્યો છે) વગેરે....વગેરે એ વાકયથી અપરાધનો સંભવ પણ ન રહે તેથી પ્રાર્થના કરવી એવો અર્થ છે.

જો એવી શંકા કરવામાં આવે કે સ્વાધીનપણાને લીધે એ પ્રકારના જનનું દાસ્ય જ કરવું જોઇએ. તેનાથી ગુણ સભાજન પણ સિદ્ધ થશે તેથી સખ્યની પ્રાર્થનાથી શું થાય ?

તેના જવાબમાં કહે છે કે 'સર્વથા' એટલે બધી રીતે. તેના દાસ્યમાં લોકો દ્વારા સ્વાતંત્ર્ય હોવા છતાં દાસ્યના વ્યાસંગને લીધે તેના સભાજનમાં બધી રીતે એ ન થાય તેથી તેને માટે પોતામાં રહેલા લોકવિષયક સખ્યધર્મનું ભકતવિષયક કથન છે એમ અર્થ છે.

–ક્રમશઃ

## રૂા. ૫૦/–માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. વિજયકુમાર ગોરધનદાસ સોની હસ્તે શ્રીમતિ કમલાબેન ગોરધનદાસ, રાજકોટના જય શ્રીકૃષ્ણ

# શ્રીકૃષ્ણલીલા મૃતપાન

## ઉપોદ્ઘાત

'શ્રીવલ્લભ સુધા' પ્રેમી વૈષ્ણવ જનોને જણાવતાં સંપાદક હર્ષની લાગણી અનુભવે છે કે એપ્રિલ ૧૯૯૪થી 'શ્રીવલ્લભ સુધા' શ્રીકૃષ્ણ લીલામૃતપાન શિર્ષક હેઠળ શ્રી મદ્ભાગવતજી ના દશમ સ્કન્ધ તથા શ્રી અષ્ટસખાઓએ ગાયેલી નિરૂપેલી શ્રી કૃષ્ણ ભગવાનની મધુર રસથી ભરેલી મનોહારિણી લીલાઓની કથાનો પ્રારંભ કરે છે. તેના પ્રથમ હપ્તા રૂપે એપ્રિલ ય૯૯૪ ના અંકમાં આ ઉંપોદઘાત પ્રસ્તુત કરવામાં આવેલ છે.

આ શ્રેણિમાં અખિલ બ્રહ્માંડેશ્વર ચૌદ ભુવનના અધિપતિ પરબ્રહ્મ પુર્ણ પુરૂષોતમ શ્રી કૃષ્ણ ભગવાનની શ્રી ગોલોકધામની લીલાઓ, શ્રી વ્રજરસ માધુરી યુકત મધુરાતિમધુંર વ્રજલીલા મથુરાની અને શ્રી દ્વારિકાની લીલાઓ પ્રસ્તુત કરવાનો મનોરથ છે. કૃપાળુ શ્રી વલ્લભ અને શ્રી ઠાકોરજી આ મનોરથ પુર્ણ કરે એવી યાચના.

'શ્રીકૃષ્ણ લીલામૃતપાન'નું લેખન પ્રસ્તુતિકરણ રાજપીપળાના પ્રા. એમ. આર. પાલેજા વૈષ્ણવજનોને અલૌકિક રસાનંદની ઝાંખી કરાવે અને બાળકો તેમ જ સામાન્ય વૈષ્ણવજનોને પણ સમજવામાં સુગમ બને, ઉપભોગ્ય બની શકે તે રીતે બહુધા વાર્તારૂપે, શકયતઃ શ્રી સુબોધિનીજીના રહસ્ય ભાવને અને શ્રી અષ્ટસખા વર્ણિત પુષ્ટિલીલા ભાવને ઝીલતી સરળ, પ્રવાહી, રસનિર્ઝરતી, ભાવવાહી રોચક શૈલીમાં પ્રસ્તુત કરવાનો હેતુ છે પરમ કૃપાળુ શ્રી વલ્લભ ભાવનું પોષણ કરી આ હેતુ પાર પાડે એવી અભ્યર્થના.

અપણા પ્રભુ શ્રીકૃષ્ણ સર્વેશ્વરેશ્વર, સર્વ લોકમહેશ્વર, સર્વાત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ, અખિલરસામૃતમૂર્તિ છે, સમસ્ત અવતારોના મૂળ અવતારી, ષોડશકલાપૂર્ણ, ષડૈશ્વર્યસંપન્ન, હાનોપાદાનરહિત, અચિન્ત્યાનન્ન સદ્ગુણસાગર, સર્વાતીત, સર્વરૂપ, નિત્ય નિર્ગુણ, નિત્ય સગુણ, અખિલ પ્રેમામૃતસિન્ધુ, પરબ્રહ્મ પુર્ણ પુરુષોત્તમ છે, આપશ્રી પરમ યોગી, યોગેશ્વરેશ્વર, યોગસિદ્ધ યોગસ્વરૂપ મહાપુરુષ લીલા પુરુષોત્તમ છે.

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એ જ વ્રજભૂમિમાં ભૂમિમાં મૂર્તિમાન અખિલ મધુર પ્રેમામૃતસિન્ધુ, રસલીલાનિમગ્ન, પ્રેમરસઘનમૂર્તિ છે. આપશ્રીની વ્રજલીલા અનુપમેય છે, અતુલનીય છે, શિવબ્રહ્મા આદિ દેવોને તથા વ્યાસ, શુક, નારદ આદિ ઋષિમુનિઓના મનને અલૌકિક મોહ પમાડનારી તે.

આપણા શ્રી ઠાકોરજી વ્રજેન્દ્રનન્દન નિત્ય–નવ–નટવર વિગ્રહ છે, ગોપલેશ છે, નવનીતપ્રિય શ્રીમદ્ ગોકુલના અધિપતિ શ્રી ગોકુલેશ છે, અનુપરૂપશિરોમણિ છે, નીલઘનશ્યામ મેઘ સમાન મનોહર વર્ણ તે, પીત વીસન ધારણ કરનાર છે, ગલામાં સુંદર ગુંજામાલા અને સુવાસિત વનકુસુમોની માલાઓથી સુશોભિત છે, અધર પર નિત્ય મધુર ભુવનમનમોહન મુસકાન છે, શ્રી બાલકૃષ્ણ પ્રભુ નંદબાવા, યશોદામૈયા, અને વાત્સલ્યમયી ગોપમાતાઓના લાડીલા

'લાલા' છે, સખાઓના પ્રિય સખા છે, ગોપવનિતાઓના મધુરતમ નિત્ય નવરસવર્ષી નિત્ય નવ–સુંદર–મધુર પરમ પ્રિયતમ છે, શ્રી યમુનાજીના અને ગિરિવર ગોવર્ધનના અતિપ્રિય, ગોવંશના પ્રતિપાલક છે, અરણ્યચારી મૃગાદિ પશુ તથા આકાશચારી પક્ષીઓના અત્યંત પ્રિય નીજજન છે, પરબ્રહ્મ, પરમાત્મ સ્વરૂપ હોવા છતાં શ્રીકૃષ્ણ અખિલ વ્રજના અત્યંત પ્રિય, પ્રિયતર, પ્રિયતમ મધુંર શ્યામસુંદર છે, નંદનંદન શ્રી કૃષ્ણ પ્રભુના સ્વરૂપો, ચરિત્રો અને લીલાઓ અનંત છે, તેમનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી.

શ્રીકૃષ્ણલીલા મહાસાગર તો પ્રેમરસ સુધાસાગર છે. એના પ્રેમતરંગરૂપી લીલાઓનાં જેમણે દર્શન શ્રવણ, સ્મરણ કર્યાં છે, લલિત લીલાઓનાં જેમણે દર્શન, શ્રવણ, સ્મરણ કર્યા છે, ચિત્રણ કર્યાં છે અને રસમયી રચનાઓ દ્વારા જેમણે આ વ્રજરસનો મધુર પ્રવાહ વહેવડાવ્યો છે એ પરમ સૌભાગ્યશાળી છે. શ્રીમદ્ ભાગવતજીના લીલાસાગર, શ્રી સુબોધિનીજીના રહસ્યરસસાગર શ્રી અષ્ટસખાઓના પુષ્ટિલીલા સાગરનાં રસ–છાંટણા **'શ્રીકૃષ્ણલીલામૃત પાન'**ને રસાળ બનાવે જેથી તે વૈષ્ણવજનમન રંજનકર બની શકે તેની પ્રભુ પાસે અભ્યર્થના.

પુષ્ટિજગતમાં એ સુવિદિત છે કે આપણા ઠાકોરજી પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણ ભગવાન્ સ્વયં લોકવેદપ્રતિપાદિત હોવા છતાં લોકવેદાતીત છે. આથી આપશ્રીની સકળ લીલાઓ 'લોકવત્તુ કૈવલ્યમ્' હોવા છતાં પ્રભુનાં જન્મ, કર્મ અને ચરિત્રો દિવ્યાતિદિવ્ય અને પરમ અદ્ભૂત છે. આપશ્રીનાં લીલાચરિત્રો પ્રાકૃત, લૌકિક નથી. પ્રભુ પરમ રસસ્વરૂપ, પરમ રાસસ્વરૂપ, પરમ આનંદસ્વરૂપ અને પરમ પ્રેમસ્વરૂપ હોવાથી શ્રીકૃષ્ણપ્રભુની સમસ્ત લીલાઓ અલૌકિક છે, દિવ્યરસમય છે, દિવ્ય આનંદમય છે. આથી આપણે વૈષ્ણવોએ તેના વાચન, શ્રવણ અને મનનમાં લૌકિક ભાવ નહીં રાખતાં અલૌકિક ભાવ ધરવો જોઇએ. 'શ્રીકૃષ્ણલીલામૃતપાન' વૈષ્ણવજનોને રસરસિકેશ્વર પ્રભુના પરમ રસાનંદની એક કણિકાપ્રસાદી પણ આપી શકશે તો તેનો હેતુ સાર્થક બની રહેશે.

પુષ્ટિલીલાનાયક નંદનંદન શ્રીકૃષ્ણ પ્રભુને નમન.

**રૂા. ૫૦/–માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મનિષ ગોરધનદાસ સોની હસ્તે શ્રીમતિ કમલાબેન ગોરધનદાસ, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

## (સિદ્ધાંત સાર)

ચાર વેદ ખટશાસ્ત્રનો વારે વારે કર્યો રે વિચાર,
ઉપનિષદના અર્થનો શોધતા નીકળ્યો સાર;
નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભકિત,
સત્સંગમાં કરવી આસકિત;
શ્રી પૂર્ણપુરુષોત્તમને યુગ ચરણે,
સર્વ સમર્પિને રહેવું શરણે....
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ....(૨)

**વિવેચન :** કવિશ્રી કહે છે કે મેં ચારો વેદ જોયા. ઘણો ઘણો વિચાર કર્યો, છ શાસ્ત્ર પણ જોયા, પરંતુ ઉપનિષદના અર્થો જોતાં મને જે સારરૂપ દેખાણું તેમાં એટલું જ સમજ્યો કે ભગવાન શ્રીકૃષ્ણની ભકિત કરવી અને તે ભકિત પ્રાપ્ત કરવા સત્સંગમાં આસકિત કરી શ્રી પૂર્ણપુરુષોત્તમને સર્વ સમર્પણ આપનાં ચરણોમાં ધરી દેવું અને ચરણ શરણ સ્થિર થઇને રહેવું.

**ચારવેદ :** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદો છે.

આર્ય પ્રજાનું સૌથી પ્રાચીન જ્ઞાન ધાર્મિક વિષય તથા વિદ્યાનું જ્ઞાન જેમાં છે તે વેદો છે. તે વેદો કયારે ઉત્પન્ન થયા તેમજ તે કોણે લખ્યા તેમજ તેની મર્યાદા કોઇ જાણતું નથી. આનાથી જ તે અપૌરુષેય કહેવાય છે, પહેલાંથી સાંભળતા આવ્યા છીએ તેથી શ્રુતિ કહેવાય છે.

દુનિયામાં જુનામાં જુના ગ્રંથો તે વેદ છે. આપણા ઋષિ–મુનિઓએ ધ્યાનમાં લઇ ઇશ્વર સંબંધી જ્ઞાન પ્રાપ્ત કર્યું. તે વખતની જે ભાષા હતી તે ભાષામાં લખેલ છે. આપણા લૌકિક–વૈદિક બધા ધર્મો વેદમાંથી મળી આવે છે તેમજ જુનામાં જુનો ઇતિહાસ પણ મળી આવે છે.

જેમકે યજુર્વેદ છે તેમાં યજ્ઞ કરવાના મંત્રોનો સંગ્રહ છે તે દક્ષિણ મુખમાંથી ઉત્પન્ન થયેલ છે. તેમાં કર્મકાંડના વિધાનો આપેલા છે. ધાર્મિક વિધાનો ઇશ્વરની આરાધનાનાં પ્રકારો દીધા છે. તેથી યજુર્વેદ તે કર્મ વેદ દ્વારા પોતાની સર્વાંગી ઉન્નતિનો માર્ગ બતાવે છે. છતાં વેદો કહે છે કે નેતિ–નઇતિ આનું ઇતિ નથી, આનાથી આગળ અમારી બુદ્ધિ ચાલતી નથી.

**સામવેદ :** સામવેદમાં સંગીતકલા તાલ સ્વરોનું બંધન કરી ઇશ્વરી આરાધના કરવી. સંગીત ઇશ્વરને પ્રસન્ન કરવા માટે જ રચ્યું છે.

**અથર્વવેદ :** તેમાં બધું અર્થશાસ્ત્ર છે. સાંસારિક જીવનમાં જે જે સાધનો જોઇએ તેનું વર્ણન કર્યું છે.

**ઋગ્વેદ :** તેમની રૂચાનું દૃષ્ટાંતો ઘણી જગાએ મળે છે મુળ ચારો વેદ તે ઇશ્વરી આરાધના તથા લૌકિક અર્થ આ વિષયો બતાવે છે.

**હવે છ શાસ્ત્ર :** તે ૧. શિક્ષા, ૨. કલ્પ, ૩. વ્યાકરણ, ૪. નિરૂકત, ૫. છંદ, ૬. જયોતિષ શાસ્ત્ર.

ઉપર મુજબ ચારો વેદ અને છ શાસ્ત્ર જોયા પરંતુ ઉપનિષદમાં ખોળતા સાર એક જ નીકળ્યો કે શ્રીકૃષ્ણની ભકિત કરવી તે જ સર્વશ્રેષ્ઠ છે.

વેદોએ નિર્ગુણ બ્રહ્મની સ્તુતિ કરી છે. તેમાં કહે છે આપ કોઇનાં જાણવામાં આવી શકતા નથી. મતલબ કે હે ઇશ્વર ! આપને સંપૂર્ણ જાણવા માટે કોઇ સમર્થ નથી. છતાં સગુણ રૂપથી આપને ભજવું, કેમકે સર્વ ખલ્વિદં બ્રહ્મઃ આ જે કાંઇ જગતમાં આકાર કે નિરાકાર રૂપ દેખાય છે તે સર્વ આપનું જ રૂપ છે. જેમકે હવા આંખોથી જોઇ શકાતી નથી પરંતુ શરીરમાં સર્વ રીતે તેનો અનુભવ થાય છે. તેમ આપ સર્વવ્યાપકરૂપે છો છતાં આપને કોઈ જોઇ શકતું નથી. માટે જ સાકાર અને નિરાકાર બંને આપ જ છો. જો બ્રહ્મમાં આકાર જ ન હોય તો જગતમાં આકાર આવ્યો કયાંથી ? સર્વગુણો આપનામાં છે તેથી જ સગુણ ઉપાસના શ્રેષ્ઠ છે. સારભુતમાં કરવી શ્રીકૃષ્ણની ભકિત.

ઇશ્વરના અવતારો જેમકે અંશ, કલા, વિભૂતિ આવા નાના મોટા અવતારો થયા છે અને થતાં રહેશે. આગળનું કોણ કહી શકે ?

સારસ્વત કલ્પમાં એક જ વાર ગૌલોકાધિપતિ ભૂતલ પર પધાર્યા. માનવ દેહ બે ભુજા ધારણ કરવાવાળા તે પ્રભુ વૃજમાં લીલાઓ કરી ભકતોને સુખ આપ્યું. માતા યશોદાના ખોળામાં ઉછરેલા નંદનંદન યશોદોત્સંગ લાલિત આવા લીલારૂપ દેહધારી ભગવાન શ્રીકૃષ્ણની ભકિત કરવી. તે પ્રભુ ભકતવત્સલ હોઇ ભકતોની ઇચ્છા મુજબ લીલા કરી ત્યારે પોતાનું ઇશ્વરરૂપ ઐશ્વર્ય આદિ ગુણો કાંઇ પણ ન બતાવતા ભકતાધિન બન્યા. ગોપબાલકો સાથે ઘર ઘર ચોરી કરી માખણ ખાધું, વનમાં ગાયો ચરાવી વળી વેણુનાદ કરી પશુ, પક્ષી, જળ, સ્થળ, જડ, ચૈતન્ય સર્વને મોહિત કર્યા તે પ્રભુની ભકિત કરવી આવું કવિશ્રી સુચન કરે છે.

**ભક્તિ :** ભકિત કરવી તે જ ખરૂં સાધન કર્મ, જે કાંઇ સમજો તે તેમાં આવી ગયું. તે ભકિત બે પ્રકારે થાય છે. સકામ અને નિષ્કામ તેમજ મર્યાદા અને પુષ્ટિ. ભકિત પ્રાપ્ત કરવા માટે ભકતોના મુખેથી નીકળેલું પ્રભુનું ગુણગાન સાંભળવું, સત્સંગમાં બેસવું, પોતે પણ વાંચીને વિચારવું આમ કરવાથી ભકિત ઉત્પન્ન થાય છે. ભગવાનનાં યશો કાનોથી સાંભળવાથી ભગવાન પ્રત્યે ભાવના ઉત્પન્ન થાય છે ત્યારે હૃદયમાં ભકિતરૂપી બીજ રોપાય છે પછી તેને પોષણરૂપે જળરૂપી સત્સંગ મળતું રહે. ત્યારે તે બીજમાંથી અંકુર અને આગળ પલ્લવ (પાંદડા)

આગળ જતાં તેમાં તેમાં શાખા પ્રશાખા ઉત્પન્ન થઇ અને ફળ ઉત્પન્ન થાય છે. પુરૂષોત્તમની પ્રાપ્તિ તે ફળ છે જેને ભકિતની પરાકાષ્ઠા કહેવામાં આવે છે. આ વસ્તુ પ્રાપ્ત કરવાનું મુળ સત્સંગ છે–

સતસંગ સર્વનું મૂળ છે જે સાર માંહે સાર,
સતસંગ તે પ્રભુ પાઇયે જે અગમ નિગમ ઉચાર.

તે મુજબ સત્સંગ જ ભકિતમાં આગળ વધારી શકે છે. સત્સંગથી જ પ્રભુની પ્રાપ્તિ થાય છે જે નિગમ કહેતાં જ્યાં ગમ પહોંચતી નથી તે વેદ, પ્રભુને પ્રાપ્ત કરવા સત્સંગ ઉપયોગી છે. તેમાં પણ અત્યારે તો કલિયુગ ચાલે છે. આમાં તો ખાસ કિર્તનભકિત શ્રેષ્ઠ કીધી છે. 'કલૌકેશવ કિર્તનાત્' આ વાકય મુજબ કલિયુગમાં ભગવાન કેશવનું કિર્તન કલ્યાણકારી છે. કિર્તનભકિત, પરાભકિત સુધી પહોંચાડે છે. આના માટે જ સત્સંગ–

શ્રી ભા. લવેન તુલયામપિ ભગવદ સંગી સંગસ્ય
ના સ્વર્ગના પુર્નભવં મર્ત્યાનાં કીમુભાશિષ ॥

આ શ્લોકમાં કહ્યું છે કે સત્સંગ ભગવત ભકતોનો જ કરવો તે ભગવદ ભકતનાં ક્ષણવારનો સંગ થયો હોય તો તેના બરોબરીમાં સ્વર્ગનું સુખ કે મોક્ષ પણ ઓછો છે. ત્યાં મૃત્યુલોકનાં માનવીનાં આશિષની શું કિંમત છે.

(ક્રમશઃ)

# આ માસના ઉત્સવ

ફાગણ વદ ૧૩ તા. ૮–૪–૯૪ શુક્રવાર. ચિ. ગો. શ્રી રઘુનાથ બાવાશ્રી (કામવન)નો તથા ચિ. ગો. શ્રી ગોકુલનાથ બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૯–૪–૯૪ શનિવાર. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચંપસેની)નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૧૦–૪–૯૪ રવિવાર. ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૧૧–૪–૯૪ સોમવાર. સંવત્સરોત્સવ, ગુડી પડવો, શાકે ૧૯૧૬ ચૈત્રી નવરાત્ર આરંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૧૪–૪–૯૫ ગુરુવાર, મત્સ્ય જયંતિ, ગૌરી ત્રીજ.

ચૈત્ર સુદ ૪ તા. ૧૫–૪–૯૪ શુક્રવાર, વિનાયક ચોથ, શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૧૭–૪–૯૪ રવિવાર, શ્રી યમુનાજીનું પ્રાકટ્ય, શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫), ચિ. ગો. શ્રી યદુનાથજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૨૦-૪-૯૪ બુધવાર, શ્રી રામનવમી વ્રત, નવરાત્ર સમાપ્ત, ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજશ્રી (પાર્લા) તથા ગો. શ્રી યદુનાથ બાવાશ્રી (મથુરા) અને ગો. ચિ. શ્રી અનિરૂદ્ધલાલજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૨૧-૪-૯૪ ગુરુવાર, ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૨૨-૪-૯૪ શુક્રવાર, કામદા એકાદશી વ્રત, શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ, ચિ. ગો. શ્રી મથુરેશ્વરજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૨૩-૪-૯૪ શનિવાર, ચિ. ગો. શ્રી શરદબાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૨૫-૪-૯૪ સોમવાર, પૂર્ણિમા વૈશાખસ્નાન આરંભ, ગો. શ્રી રઘુનાથજીલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૨૯-૪-૯૪ શુક્રવાર, શ્રી યદુનાથજી-યોગેશકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા શ્રી યશોદાનંદનજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૨-૫-૯૪ સોમવાર, શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૦ તા. ૫-૫-૯૪ ગુરુવાર, શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૬-૫-૯૪ શુક્રવાર, શ્રી વરુથિની એકાદશી વ્રત, શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય ઉત્સવ તથા શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫) અને ભક્તકુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) તથા ગો. શ્રી વ્રજપ્રિયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૭-૫-૯૪ શનિવાર, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## સંવત્સર (ચૈત્રી નવું વર્ષ)

**ચૈત્ર માસ સંવત્સર પરવા, વરસ પ્રવેશ ભયોહે આજ ।**
**કુંજ મહેલ બૈઠે પિય પ્યારી, લાલન પહેરે નૌતન સાજ ॥૧॥**

**આપુહી કુસુમ હાર ગુહી લીને, ક્રિડા કરત લાલ મન ભાવત ।**
**બિરી દેત દાસ 'પરમાનંદ' નિરખ ગુણ ગાવત ॥૨॥**

### –: ભાવાર્થ :–

ચૈત્ર મહીનાના પડવા (સુદ એકમ)ને દિવસે, નવીન વર્ષારંભને દિવસે શ્રી ઠાકોરજી સાથે કુંજ મહેલ, ( કુંજભવન – ફુલમંડલી )માં બિરાજમાન છે, બન્ને સ્વરૂપોએ નવીન વસ્ત્રો ધારણ કર્યા છે.

શ્રી ઠાકોરજીએ પોતાના શ્રી હસ્તથી ફુલોની માળા ગુંથીને શ્રી સ્વામીનીજીને ધરાવી રહ્યાં છે. પરમાનંદદાસજી જેઓ લીલામાં ચંદ્ર સખીનું સ્વરૂપ છે તેઓ સખીભાવથી શ્રી ઠાકોરજીને પાનના બીડાં આરોગાવતાં અતી હરખથી ગુણગાન ગાઇ રહ્યાં છે.

## રામનવમી

**માઇ પ્રગટ ભયેહૈ રામ ।**
**હત્યા તિન ગઇ દશરથકિ સુનત મનોહર નામ ॥૧॥**

**બંદી જન સબ કૌતુક ભુલે રાઘવ જન્મ નિધાન ।**
**હરખ લોગ સબે ભુવ પર કે યુવજન કરત હૈ ગાન ॥૨॥**

**જય જય કાર ભયો વસુધા પર સંતન મન અભિરામ ।**
**'પરમાનંદદાસ' બલિહારી ચરન કમલ વિશ્રામ ॥૩॥**

### : ભાવાર્થ :

આજે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામનો પ્રાદુર્ભાવ થતાં રાજા દશરથની જે પૂર્વ કથા અનુસાર ત્રણ હત્યાઓ હતી (૧) શ્રવણ કુમારની – બાલ હત્યા (૨) શ્રવણના માતાની સ્ત્રી

હત્યા (૩) પીતાની – બ્રહ્મ હત્યા. આમ જે ત્રણ હત્યાઓ લાગેલ તેનું નિવારણ દશરથે પુત્ર કામેષ્ટી યજ્ઞ ઋષિઓ દ્વારા કરાવીને દોષ દુર કરવાથી પુરૂષોત્તમનું પ્રાકટ્ય થયું.

સર્વ બંદીજનો આ કૌતુક જોઇને આશ્ચર્ય ચકિત થઈ ગયાં કે રાજા દશરથને ત્યાં પુત્રજન્મ થતાં જ જે અલૌકિક વાતાવરણ તથા અલૌકિક દિવ્ય તેજની જે આભા પ્રકટ થઇ તેનું વર્ણન કરવા તેઓ અસમર્થ થઇ ગયાં.

સમસ્ત ભૂમી ઉપર આનંદ વરતાઇ રહ્યો અને જય જય કાર થઇ રહ્યો છે. અયોધ્યાની સર્વ સ્ત્રીઓ મંગલ ગીતોનું ગાન કરી રહ્યા છે. સર્વ સંત મહાત્મા તથા ભક્તોના મનને આશ્રયદાતાના પ્રાકટ્યથી આનંદ થઇ ગયો. કીર્તનની સમાપ્તિમાં પરમાનંદદાસજી પણ એ મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામને, ચરણકમલમાં આશ્રય આપવા વિનતિ કરી રહ્યાં છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટ્ય મહોત્સવ

શ્રી લક્ષ્મણ સુત નેકહું ગાવેં !
દમલા પ્રભુદાસ બડભાગી તીનકો પુન પુન આપ સીખાવેં ॥ ૧ ॥

પ્રેમ વિવશ હોય શ્રીવલ્લભપ્રભુ નયનન સેનન અર્થ જતાવે
પ્રકટ પ્રસિદ્ધ યશોદા નંદન રસિક શોભામય સકલ જનાવેં ॥ ૨ ॥

વૃન્દાવન રમણિક રમણ અતિ ઉર સંપુટ કી કોઉ ન પાવેં ।
'પદ્મનાભ' ગિરિધર રસ લીલા વેણુ નાદ કી બતિયાં ભાવેં ॥ ૩ ॥

### -: ભાવાર્થ :-

પરમ ભગવદિય પદ્મનાભદાસજી આ વધાઇમાં શ્રી મહાપ્રભુજીના તૃતિયાત્મક સ્વરૂપનું વર્ણન કરતાં કહી રહ્યાં છે. જે શ્રી વલ્લભપ્રભુ પોતાના અંતરંગ ભક્ત શ્રી દામોદરદાસ હરસાની કે જેઓને આપશ્રી 'દમલા' એવાં પ્રેમભર્યા શબ્દોથી બોલાવે છે. તેમને પોતાના ગૂઢ એવા સ્વામીની સ્વરૂપનું જ્ઞાન વારંવાર નેત્ર સંકેત દ્વારા કરી રહ્યાં છે.

વળી આપશ્રી પોતે પ્રકટ શ્રીવલ્લભી સૃષ્ટિમાં પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપે બિરાજી રહ્યાં છે. આમ આપશ્રી ઉભય સ્વરૂપે જગતમાં બિરાજે છે. વળી પદ્મનાભદાસજી આગળ ચાલતાં ભક્તોને વર્ણન કરે છે કે આપશ્રી આચાર્ય ચરણ પોતાના હૃદય રૂપી ગુપ્ત સંપૂટમાં યુગલ સ્વરૂપ પધરાવી, શ્રી ઠાકોરજીની રાસલીલાના રસનું પાન આપશ્રીના વચનામૃતરૂપ વેણુનાદ દ્વારા કરાવી રહ્યાં છે.

# શ્રી યમુનાજીના પદ

**ભાવાર્થ :-** લેખક :- **માધુરી - રાજકોટ**

(૪)

મેરો ન્યાઉં તિહારે હાથ મેં,
શ્રી વલ્લભાચાર્ય લિખવાયો તુમ કર જન કે માથ મેં. ૧

કૃષ્ણ કૃપા કલ કોષ ભર્યો મધુ મંગલ મંજુલ પાથ મેં;
**'વલ્લભ'** શરણ દીન યાચત હૈ, પેરૌ ગુણ નિજ નાથ મેં. ૨

**ભાવાર્થ :** શ્રી યમુનાજી ! હવે મારો ન્યાય આપના હાથમાં છે, તેને માટે અત્રે પુરાવા પણ રજુ કરૂં છું.

'કહત ગોવિંદ શ્રી યમુનેજી કી જાપર કૃપા સોહી શ્રી વલ્લભકુલ શરણ આવે' આમ ગોવિંદ સ્વામી સાક્ષી પૂરે છે કે શ્રી યમુનાજીની જે મુજબ પ્રથમ આપની કૃપા મારા ઉપર થઇ ત્યારે જ હું શ્રી વલ્લભકુળને શરણે આવ્યો ત્યાં સુધી ભૂલેલો ભટકતો જીવ હતો. પરંતુ શરણે આવ્યા પછી આગળ વધી જ ન શકયો. આપના પતિ શ્રીકૃષ્ણનાં દર્શન લાયક ન બની શકયો.

શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કે જીવો પર આપનો શ્રીહસ્ત સદા બન્યો રહેશે, આવું લખી દીધું છે. હે મા ! હવે આપ મને આપના શરણમાં જ સ્થિર કરીને રાખો તો મન-મોહન મુરલીધરનાં મુખારવિંદની ઝાંખી કરવા તાપાગ્નિનું દાન મળે, કારણ કે, પ્રભુને પ્રસન્ન કરવાના એક પણ ગુણ હું ધારણ કરી શકયો નથી.

આપની જળરૂપી ઉઠતી તરંગો મધુર મંજુલ એક એક તરંગ અનેક ભકતોને કૃપાનું દાન દેવા સમર્થ છે.

પુષ્ટિપંથે ચાલતા આપની કૃપાની મારે ખાસ જરૂર છે. એક તરંગની મારા ઉપરની કૃપા કરશો તો નંદનંદન શ્રી રાધિકા સહિત જ્યાં અનેક પ્રકાર લીલાઓ કરે છે તે દર્શનની લાલસા ઉત્પન્ન થશે. જેઓ ઉપર આપની કૃપા થઇ તેને માટે સર્વ કાંઇ સુલભ જ છે. માટે જ હું વલ્લભદાસ આપને વિનંતી કરૂં છું કે એવી કૃપા કરો કે મારી મનોવૃત્તિ પ્રભુ તરફ દોરાય રહે હું દીન થઇને આવી યાચના કરૂં છું કે મને ન્યાય મળે.

# પુસ્તક પરિચય

**(૧) વ્રજ ભયો મહર કે પૂત –** (શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ)
પ્રવક્તા – પૂ. ગોસ્વામી ઈન્દિરાબેટીજી
સંપાદન – સંકલન – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં.૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

આઠ પેઈજી ક્રાઉન સાઈઝ, પૃષ્ઠ ૫૦૪, ઓફસેટ પ્રિન્ટીંગ સેકસન સિલાઈ પાકુ બાઈન્ડીંગ ન્યોછાવર દર્શાવેલ નથી.

શ્રીમદ ભાગવતજી સમાધિ ભાષા છે. ચાર પ્રમાણ ગ્રંથો પૈકી મુર્ધન્ય સ્થાને છે. તેનાં પ્રત્યે સર્વનો અનુરાગ છે. પ્રત્યેક દેશમાં અને પ્રત્યેક મતના સંતો–વિદ્વાનોની અનન્ય ભકિત છે. અનન્ય ભકતજનોએ નિત્ય પાઠ ક્રમમાં શ્રીમદ ભાગવતજીના પાઠનો સંસ્કૃત કે ભાષાંતરનો નિયમ રાખેલ છે. તેના દ્વાદશ સ્કંધ શ્રીનાથજી બાવાના દ્વાદશ અંગ છે. દશમ સ્કંધ શ્રીનાથજી બાવાનું હૃદય છે જેમાં નિરોધલીલાનું વર્ણન છે.

પૂ. ગોસ્વામી ઈન્દિરા બેટીજી શ્રીમદ ભાગવતજીની કથાના વકતાઓમાં મૂર્ધન્ય સ્થાને છે. શ્રીમદ ભાગવત પ્રેમી ભાગ્યેજ કોઈ વ્યકિત હશે કે જેમણે આપશ્રીની કથા રસ પાન કર્યુ ન હોય. આવા પૂજ્ય જીજીની દશમ સ્કંધ ઉપર વિશિષ્ટ દષ્ટિ કોણથી કથાનું આયોજન મુંબઈમાં થોડા વર્ષો પહેલાં થયેલ તેની કેસેટો ઉપરથી સંપ્રદાયના વિદ્વાન પ્રા. શ્રી રમેશભાઈ પરીખે સંકલન કરી "વૈષ્ણવ પરિવાર" માં ક્રમશઃ છપાવવાનો પ્રારંભ કર્યો અને તે કથા રસ પાન ગ્રંથ સ્વરૂપે પ્રસ્તુત થયેલ છે. જેમાં ૫૨ (બાવન) શિર્ષકોથી દશમ સ્કંધમાં નિરૂપાયેલ સમગ્ર લીલાઓનું શ્રી સુબોધિનીજીના આધારે દિવ્ય માધુર્ય રસનું વર્ણન સૌ કોઈ સમજી શકે તેવી સરળ શૈલીમાં કરવામાં આવ્યું છે. ભાવિક જનોએ તેમજ જિજ્ઞાસુઓએ વસાવવા અને મનન કરવા જેવા ઉત્તમ ગ્રંથ પ્રકાશનના મનોરથી ગ્રેવિટી કલોક વાળા પરમ વૈષ્ણવ શ્રી જયંતિભાઈ વીરુભાઈ પટેલ અને તેમના સમગ્ર પરિવાર અભિનંદનને પાત્ર છે.

**પ્રાપ્તિ સ્થાન –**
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈકિવપ, પો. બો. નં. ૨૭૨૮, દેવકરણ મેન્શન, ૧ લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨

**(૨) ભલેપ્રગટ્યા શ્રીવલ્લભદેવ** લેખક – શ્રી જશવંત મહેતા પ્રકાશક – શ્રી પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન, લાભ ચેમ્બર્સ મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

આઠ પેઈજી ડેમી પૃષ્ઠ–૩૨૦, પાકું બાઈન્ડીંગ–ઓફસેટ પ્રિન્ટીંગ ટાઈટલ ૧ ઉપર શ્રી મહાપ્રભુજી અને ૪ ઉપર શ્રી મહાપ્રભુજી અને શ્રીનાથજીનું મિલન એમ બન્ને રંગીન ચિત્રજી ન્યોછાવર રૂા. ૧૧૦/એકસોદશ

પ્રસ્તુત પુસ્તક શ્રીમહાપ્રભુજીના જીવન ચરિત્રના પ્રસંગોને નવલકથાના રૂપમાં આવરી લેતું એક અનોખું અને ઉમદા પ્રકાશન છે. તેમાં શ્રીમહાપ્રભુજીના પૂર્વજ પ્રતાપી પુરુષોનું વૃત્તાંત, શ્રીમહાપ્રભુજીના પ્રાગટય પહેલા ભારત વર્ષની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિનો ચિતાર, પ્રાગટયની અલૌકિક આગાહી, અભ્યાસ, બાળલીલા, ત્રણે વખતની પદયાત્રા, તેમાં જગો જગોએ શ્રીમદ ભાગવત સપ્તાહ ગ્રંથની રચનાઓ, દૈવી જીવો શરણે થતા ગયાના પ્રસંગો, શાસ્ત્રાર્થોમાં વિજય અને સન્માનનું વર્ણન, શુધ્ધાદ્વૈત મત વાદનો પૃથક શરણ માર્ગનો ઉપદેશ, ગૃહસ્થાશ્રમ, ભકિત માર્ગીય સંન્યાસ ગ્રહણ, અલૌકિક રીતે નિજ-

ધામમાં પધાર્યાનો પ્રસંગ વગેરે સમગ્ર જીવન કાળનું વર્ણન પાંત્રીસ પ્રકરણમાં રોચક શૈલીમાં ગુંથેલ છે. પાંત્રીસ પ્રકણોમાં લખાયેલ આ નવલકથાના દરેક પ્રકરણના શિર્ષક સાથેની અનુક્રમણિકાની ઉણપ જણાય છે.

આ નવલકથા તૈયાર કરવામાં સંપ્રદાયના અનેક સંદર્ભ ગ્રંથો, સામાયિકો મેળવી અભ્યાસ કર્યો, ગોસ્વામી બાળકો, સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રીઓ અને અનુભવી અનુયાયીઓનો સંપર્ક સાધી માહિતી મેળવી, વ્રજયાત્રા કરી વગેરે પ્રમાણો અને મળેલી માહિતીઓનું મંથન કરીને આ નવલકથાનું સર્જન કરવામાં લેખકશ્રીએં લીધેલ પરિશ્રમ અને ધગશ દાદ માગી લે છે

લેખક શ્રીએ ઘણી નવલ કથાઓ લખેલ છે પરંતુ કંઈક ઉણપ જણાતી હતી જેમ શ્રીવેદ વ્યાસજીએ સતર પુરાણો લખ્યા છતાં મનને શાંતિ મળતી ન હતી. છેલ્લે શ્રી નારદજીના નિર્દેશનથી શ્રીકૃષ્ણ ભગવાનની લીલાનું વર્ણન કરતાં શ્રીમદ ભાગવતની રચના કરીને શાંતિ પ્રાપ્ત કરી. તેમ લેખક શ્રીના ષષ્ટિપૂર્તિ સમારંભમાં તેમના પરમમિત્ર શ્રી ગોપાલભાઈએ ટકોર કરી–"તમે પુષ્ટિ સંપ્રદાયના જીવ છો, લોકો માટે ઘણું લખ્યું, હવે જીવન સંધ્યાના આરે બેઠા છો ત્યારે તમારા પોતાના માટે તો કાંઈક લખો" અને લેખક શ્રીએ "સ્વાન્તઃ સુખાય આ નવલ કથાનું સર્જન કર્યું પરંતુ સર્વ સમાજને માટે વસાવવા અને મનન કરવા યોગ્ય છે. લખક શ્રી તથા પ્રકાશક શ્રીને અભિનંદન,

## (૩) વ્રજયાત્રા દર્શન :

સંકલન–આલેખન : ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર)

પ્રકાશક–શ્રી માધવ દ્વારકેશ સ્મારક સમિતિ અગ્નિકુમાર કાર્યાલય, માધવ ભવન, **પોરબંદર.**

આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૫૦, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં પૂ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સં. ૨૦૪૯ (સને ૧૯૯૩) ની વ્રજયાત્રા સંપન્ન થઈ તેનું તારીખ વાર મુકામની નોંધ તેમજ દરેક લીલા સ્થળનું સંક્ષિપ્ત વર્ણન તેમજ દરેક સ્થળનું અંતર, કુનવાડો, છપ્પન ભોગ, મનોરથો મંનાવેલાની માહિતી, યાત્રિકોએ લેવાના નિયમો, મથુરાની અંતર્ગૃહી પરિક્રમા, પધારેલા ગોસ્વામી બાલકોની શુભ નામાવલી, અભિનંદન પત્ર, નિ. લી. ગો. શ્રી માધવજી મહારાજ શ્રી રચિત વન યાત્રનું પદ ૬૬ કડીનું જેમા સમગ્ર લીલા સ્થલનું વર્ણન છે. વ્રજનાં વિશિષ્ટ સ્થળોની નામાવલીનું તારણ. તેમજ રંગીન ચિત્રજીઓથી સુશોભિત પુસ્તક અગ્નિકુમારના ગ્રાહકોને સને ૧૯૯૩ના વર્ષના ભેટ પુસ્તક રૂપે પ્રકાશિત થયેલ છે. જે અભિનંદનીય છે.

## (૪) કીર્તન માધુરી :

સંપાદક–શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ.

પ્રકાશક–શ્રી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા સમાજ
મર્સી વિલા, અશોક નગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂા. ૧૦/–

પ્રસ્તુન પુસ્તિકામાં નિત્ય સેવા ક્રમના કીર્તનોનો સંગ્રહ છે, તે સંગ્રહમાં ત્રણે ઋતુ અનુસાર મંગળાથી શયન સુધીના કીર્તનો લગભગ ૧૦૮ ચુંટેલા છે જે ઘર સેવામાં ઉપયોગી પ્રકાશન કરવા બદલ ધન્યવાદ.

## પીપરીયા (મ. પ્ર.) માં વિરાટ સોમયજ્ઞ મહોત્સવ :

જગદગુરૂ પીઠાધિશ, વાજપેયી અગ્નિચિત સોમયાજી દીક્ષિત પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ શ્રી દ્વારા પીપરીયામાં તા, ૨૦–૧–૯૪ થી ૨૫–૧–૯૪ સુધી વિરાટ સોમ યજ્ઞનું આયોજન થયેલ.

અનેક વિદ્વાનોના પ્રવચન સત્સંગનો લાભ બધા એ લીધો, આં. પુ. વૈ. પરિષદ મ, પ્ર. રાજ્ય સમિતિનુ પ્રચાર અધિવેશન થયેલ.

સોમયાજી દીક્ષિત પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના વચનામૃતો નો લાભ અસંખ્ય શ્રદ્ધાલુ ધર્મપ્રાણ જનતા અને વૈષ્ણવોને મલ્યો. સોમયજ્ઞના અલૌકિકે દર્શન અને પવિત્ર અવભૃથ સ્નાન સમસ્ત વૈષ્ણવો એ કર્યા. આ વિરાટ આયોજન થી પીપરીયા ગોકુલ સમાન લાગતું હતું.

અસંખ્ય નરનારીઓએ સોમયજ્ઞની પરિક્રમા કરી.

નિવેદક ।– વિઠ્ઠલકિશોર ખંડેલવાલ મંત્રી આં. પુ. સૌ પરિષદ મ. પ્ર. રા. સમિતિ તથા કે. એન. ખંડેલવાલ.

**રાજપીપળા** અત્રે ગોંડલ, કડી વાળા પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજ તથા આપશ્રીના વહુજી અ. સૌ. શ્રી કુમુદિની વહૂજીના શ્રીસર્વોત્તમ સ્તોત્ર પરના પ્રવચનનો કાર્યક્રમ તા. ૮ થી ૧૦ માર્ચના અત્રેના શ્રી નાથજીના મંદિરમાં ગોજાએલ.

આપશ્રીએ મૌલિક, સારર્ભિત, સહજ અને સરલ વાણીમાં શ્રીસર્વોતમ સ્તોત્ર પ્રવચન રસ પાન કરાવેલ આપશ્રીએ સ્વમાર્ગીથ નિષ્ઠા, સ્વકર્તવ્ય સેવા અને સત્સંગ વિષે વિશેષ રૂપે સમજાવેલ અને શ્રીમદ ભાગવતજીના ગુંઢ પ્રસંગોની રસામય છણાવટ કરેલ, યુ. શ્રી વહુજીએ સુમધુર કંઠે શ્રીસાર્વોતમજીના પદ ગાનથી વૈષ્ણવોને ભાવ વિભોર કરેલ.

**જામનગર**–અત્રે નિ, લી. પૂ. પા, ગો. શ્રી વ્રજ ભૂષણલાલજી મહારાજશ્રીના ૭૫ મા પ્રાકટયોત્સવ પ્રસંગે ત્રણ દિવસના વિવિધ કાર્યક્રમથી તા. ૬–૭–૮ ફેબ્રુના ઉજવાએલ.

ના. ૬ ના રોજ વકતૃત્વ સ્પર્ધાઓ યોજાએલ જેનો વિષય હતો કોઇ એક ‘શ્રીવલ્લભાખ્યાન'નો ભાવાર્થ ‘આ ઉપરાંત શબ્દ સુશોભન સ્પર્ધામાં “શ્રીકૃષ્ણ: શરણમમ” અને જયશ્રી કૃષ્ણ’ સુશોભીત રીતે લખવાની સ્પર્ધા યોજાએલ તેમાં વિજેતા વિવિધે સ્પર્ધકોને પૂ. અધ્યક્ષશ્રીના વરદ હસ્તે રનીંગ શીલ્ડ અપાએલ,

પોષવદ ૧૨ સોમવારે ઉત્સવ પ્રસંગે પૂં પા. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સભાનું આયોજન થયેલ જેમાં પુ, પા. શ્રી હરિરાયજી મહારાજશ્રી એ વચનામૃત કરેલ તથા સુરતવાળા શ્રી મધુસુદન શાસ્ત્રીજી શ્રી પ્રભાકર શાસ્ત્રીજીએ પ્રવચન કરેલ

તા. ૮–૨–૯૪ મંગળવારે ઉત્સવના ઉપલક્ષમાં શાંતિનગર સોસા. વિસ્તારમાં શ્રી અનિરૂદ્ધ પુષ્ટિમાર્ગીય પાઠ શાળાની શાખાનુ ઉદઘાટન પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ શ્રી નાકર કમલો દ્વારા થયેલ જેમાં દોઢસો જેટલાં બાલકો એ પ્રવેશ મેળવેલ છે. પાઠશાળાનું સંચાલન પ. ભ, શ્રીમતિ ભારતીબેન રાણા ઉત્સાહ પુર્વક સંભાળેલ છે.

**ગાંધીનગર**–ગુજરાંતની રાજધાની ગાંધીનગરમાં વૈ. સમાજ અને શ્રી વલ્લભ મેમો. ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ગોવર્ધન નાથજીનો પાટોત્સવ ઉત્સાહપુર્વક પુ. પા. શ્રી પ્રભુજી બાવા શ્રી તથા અ. સો. શ્રી સરલા વહુજીના સાન્નિધ્યમા તા. ૩ થી ૫ માર્ચના ત્રણ દિવસ ઉજવાએલ.

પુ. બાવાશ્રીએ પુષ્ટિમાર્ગી અંગે સુંદર સમજણ આપેલ અને બાળકોમાં નાનપણથી ધર્મ સંસ્કારના સિંચતની જરૂઆત સમજાવેલ.

૪૪. વૈષ્ણવોએ બ્રહ્મ સંબંધ દીક્ષા લીધેલ પૂ. શ્રી સરલાવહુજીએ શ્રી ઠાકોરજીની સેવા સંબંધિ પ્રત્યક્ષ સમજણ આપેલ જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલ.

**અમદાવાદ**–અત્રે આં. પુ. વૈ. પરિષદની ગુજ. રાજ્ય કારોબારીની મીટીંગ બાદ પૂ. પા. શ્રી વાગીશ બાવાશ્રીએ કાર્યકરોને સંબોધતા આજ્ઞા કરેલ કે ‘વર્તમાન પરિસ્થિતીમાં છીન્ન ભીન્ન બનેલ વૈષ્ણવ સમાજને એક સૂત્રે બાંધવાની તતી જરૂરત છે. અને પરિષદ તે દિશામાં કાર્યરત છે તેમાં વૈષ્ણવોએ સહભાગી બનવું જોઈએ.

પૂ. પા. શ્રી રાજેશ કુમારજી મહારાજ (કડી. કોટા) એ વૈષ્ણવ પરિષદના કાર્યકર્તાઓની પ્રસંશા કરી તેમને તન, મન, ધન પૂર્વક સહકાર આપી પરિષદના સંગઠનમાં જોડાઈ જવા અપીલ કરી હતી.

આં. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશ પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ કેન્દ્રીય મંત્રીશ્રી મુકુન્દભાઈ શાહ પ્રો. ચિમનભાઈ શેઠે વૈ. પરિષદના વિભિન્ન આયોજનોની જાણકારી આપેલ. સુરતની શ્રીબાલકૃષ્ણ શુધ્ધાદ્વૈત મહાસભાની પ્રવૃત્તિઓની જાણકારી શ્રીમધુસૂદનજી શાસ્ત્રીએ આપેલ. તેમજ શ્રી બા. શુ. મ. સભા દ્વારા પરિષદના અગ્રણીઓને ચંદ્રક, સન્માનપત્ર ઉપરણા વગેરે પૂ. આચાર્યશ્રીઓના વરદ હસ્તે અપાએલ.

આં. પુ. વૈ. પરિષદ દ્વારા અમદાવાદમાં વર્ષોથી મંદિરોમાં કીર્તન સેવા કરતાં કીર્તનીઆઓનું પણ સન્માન પત્ર ઉપરણા પૂ. આચાર્યશ્રીઓના શુભ હસ્તે આપી સન્માન કરાએલ.

પરિષદની મણીનગર (અમદાવાદ) શાખાના પ્રમુખ શ્રી વજુભાઇ શાહે સ્વાગત પ્રવચન કરેલ. ચીમનભાઇ શેઠ, શ્રી સી. પી. તલાટીએ આભાર વ્યકત કરેલ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# આંતર ઉદ્ગારો

## પ્રભુની મહત્તા

જે પ્રભુલાલજી અથવા જુગલ સ્વરૂપ તે આનંદધામની એક મૂર્તિસ્વરૂપ છે. એનું નામ સદાનંદ પ્રભુ છે. એક રસની પૂતળી તે ઇશ્વરરૂપ થઇને પૂજાય છે, તો આ કેટલો રસ તથા રસનો સમુદ્ર તેનો પાર નહિ એવા આ સેવ્ય શ્રી ઠાકોરજી છે. રસ ઠરતો નથી, માટે આગળ પાછળ તકીઆ શ્રી મહાપ્રભુએ કરાવ્યા છે. કોટાનકોટિ ભકતમાં રમે છે. રસમાં મગ્ન થઇને એ પોતે પોતાના શરીરની અવસ્થા જાણતા નથી.

જેમ કોઇ મનુષ્યે દારૂ પીધો હોય ને શરીરની અવસ્થા નથી, તેમ આ ગમે તેમ લોકોને ગાળો ભાંડતા ફરે છે. ખુદ પ્રભુની કેફ એટલે એને શરીરનું ભાન નથી. વળી કેફ ઉતર્યા પછી તે બોલે છે કે, મેં તમને સમજ્યા વગર ગાળ દીધી, તે હું જાણતો નથી. મારો અપરાધ ક્ષમા કરજો. તો પેલો તો રસનો સમુદ્ર પ્રભુ છે. કોટાનકોટિ ભકતોને એક કલાવચ્છિન ભોગવે છે ને પોતે તેવાને તેવા છે એવા પ્રભુ જીવને મળ્યા છે.

પ્રભુ રસનો સમુદ્ર તેનું એક બિંદુ તેમાંથી કોટાનકોટિ બ્રહ્માંડ રચ્યા છે, તે પ્રભુનું શું કહેવું ? એવા પ્રભુને જાણી સેવવાને સ્મરણ કરવું, પણ સાધન વિના વશ નહિ થાય, માટે તાપ સહિત સેવા કરવી. એમનું નામ સદાનંદ પ્રભુ છે, આનંદના ધામ છે, બહુ મોટા છે, મોટામાં મોટા છે, સર્વના હૃદયમાં રમે છે. વળી સર્વેને નિયમમાં રાખનાર છે.

તું જાણીશ જે આવા પ્રભુરસમય છે તેની તમને શી ખબર ? તો શું પ્રભુ એવા નથી કે તું કરે તે ન જાણે ? એ તો સર્વજ્ઞ છે, સર્વના સાક્ષી છે. સર્વ રૂપે થઇને રહ્યા છે, ને વળી એકલા પણ છે, ને વળી એકલા મટી જાય એવા મોટા પ્રભુ છે.

(બીજા ટાઈટલથી ચાલુ)

ગોસ્વામી બાલકોએ અનેક ગ્રંથોની રચના કરી સાહિત્ય પ્રદાન કરેલ છે તેના વાંચન દ્વારા આપણે નિત્ય સત્સંગ કરી શકીએ છીએ.

આજના અર્થપ્રાધાન યુગમાં દરેકને બધુ સાહિત્ય વસાવવામાં અનુકુળતા ન હોય અને કયાંથી પ્રાપ્ત કરવું તે જાણકારી ન હોય જેને અનુલક્ષી નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી (શ્રી રણછોડાચાર્યજી) મહારાજે સને ૧૯૮૧ માં રાજકોટમાં આપશ્રીએ યોજેલ "સોમયજ્ઞ" સમયે તેમજ તેજ સમયમાં "અખિલ ભારતીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ" નાં હિરક મહોત્સવ પ્રસંગે (જે સંસ્થાનુ હિરક મહોત્સવ પ્રસંગે આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના રૂપમાં નામાંતર થયુ) આપશ્રીની પ્રેરણાથી "શ્રી વલ્લભ સુધા" નામે માસિક પ્રકાશિત કરવાનો નિર્ણય લેવાયો અને "શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ" ની રચના કરવામાં આવી તેના દ્વારા "શ્રી વલ્લભ સુધા" માસિક શરૂ થયેલ.

આપશ્રીની પ્રેરણા અને આજ્ઞાનુસાર માસિકમાં આચાર્ય ચરણોના ગ્રંથોનો ભાવાનુવાદ, પૂજ્ય ગોસ્વામી બાલકો તેમજ માર્ગીય વિદ્વાનોનાં લખા આ માસિકમાં છાપવાનો અમારો અલ્પ પ્રયાસ રહેલ છે. (જયાં ચૂકયા હોઈ ત્યાં અમારી ક્ષતિ ગણી ક્ષમા યાચિએ છીએ.)

નિત્ય મનન અને ચિંતન પુર્વક શ્રી વલ્લભ સુધા" માસિક તેમજ અન્ય સંપ્રદાયિક ગ્રંથો તથા પુસ્તકોનાં વાંચન દ્વારા આપણે સત્સંગ પ્રાપ્ત કરી જીવનમાં ધર્માચરણ કરીએ તો આપણે જીવનને સાર્થક બનાવી શકીએ.

આસપાસ એવા કિલષ્ટ મય વાતાવરણમાં આપણે ઘેરાયેલા છીએ કે આપણને દુઃસંગ જ પ્રાપ્ત થાય છે. જેથી આપણા સ્નેહી મિત્રોને પણ સદવાંચનની પ્રેરણા આપી ચર્ચા અને મનન દ્વારા સત્સગનો પ્રભાવ વધારીએ તોજ આપણે સાચા અર્થમાં ધર્માચરણ તરફ વળી શકીશું.

વિશેષમાં આપણે સૌ જાણીએ છીએ કે "શ્રી વલ્લભ સુધા" માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/– તેમજ આજીવન લવાજમ રૂા. ૩૦૧/– જેવી સામાન્ય નિધિમાં સાહિત્ય પ્રકાશન કરવું કઠિન છે પરંતુ સંસ્થાના કર્મઠ તેમજ સેવાભાવી કાર્યકરોના કરકસર યુકત વહિવટ વડે તથા સદ્ધર વૈષ્ણવોના આર્થીક સહયોગ તેમજ ગોસ્વામી બાલકોના આશીર્વાદથી નિયમીત રૂપમાં પ્રકાશન કાર્ય ચાલી રહ્યું છે સાથે વાંચકવૃંદને વધુમાં વધુ સાહિત્ય પ્રાપ્ત થાય તેવો પ્રકાશન સમિતિનો અભિગમ રહેલ છે. તેથી અવારનવાર સુંદર ભેટ પુસ્તકો પણ અપાય છે.

સને ૧૯૯૪–૯૫ માં ગ્રાહક થનારને પણ આપણા સૌના પ્રેરણા દાતા પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી (શ્રીરણછોડા ચાર્યજી) મહારાજશ્રીનાં વચનામૃતનું પુસ્તક વર્ષ આખર ભેટ આપવાનો સંકલ્પ કરેલ છે.

તો ચાલો આપણે સંકલ્પ કરીએ કે આપણા પોતાનાજ કલ્યાણ માટે તેમજ સત્સંગનો પ્રભાવ વધારવા માટે "શ્રી વલ્લભ સુધા" માસિકનાં વાચકવૃંદનો વ્યાપ વધારી સાંપ્રદાયીક સેવામાં સહભાગી બનીએ.

નિવેદક
પ્રમુખ
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

# શ્રી મહાપ્રભુજીના ધોળ

## ૧

ભલે આવી લાગી માઝમ રાત, કે ચૈત્ર વદી એકાદશીજી;
પૂછયાં પૂછયાં ત્રેલંગ નોધાર્યા, લક્ષ્મણ ઘેર પધાર્યાજી. ૬
કીધી કીધી સૃષ્ટિ શું પ્રીત્ય, મર્યાદા મુકી મળ્યાજી;
ભાગ્યા ભાગ્યા રે જીવના ભ્રમ, આનંદ સાગરમાં મળ્યાજી. ૨
મારું માગ્યું આપો મહારાજ, અલ્પ બુદ્ધ હું છું દીનજી;
મને સેવા સુખ દીજે જ નાથ, મન મારું પહોતું રળીજી. ૩
બલિહારી તે 'માધવદાસ', એ લીલા મારે મન વશીજી;
ભલે આવી લાગી માઝમ રાત, કે ચૈત્ર વદી એકાદશીજી. ૪

## ૨

જે જે શ્રી વલ્લભરાયા, વેદે ભેદ સકળ ગાયા;
નિજજન એ રસમાં ન્હાયા જે જે. ૧
પાવન કરવાની પ્રીતિ, પ્રગટ કરી વેદ તણી રીતિ;
પંડિત લીધા સહુ જીતી, જે જે. ૨
દક્ષિણ દેશ વિજય કીધો, માયામત ખંડન કીધો.
શત મણ સુવર્ણ નવ લીધો, જે જે. ૩
ઉડિસા દેશ આનંદ કીધો, ઉત્તર દેવીએ નવ દીધો;
સેવા મારગ સત્ય કીધો જે જે. ૪
જીત્યા પુરુષોત્તમ પુરી, વિદ્યાંવંત રહ્યા ઝુરી;
એક ન માન્યો આસુરી જે જે. ૫
બીજા દેશ અનેક ફરીયા, દૈવી જીવ ચરણનમાં ધરીયા;
'માધવદાસ' સમ અધમ તરીયા જે જે. ૬

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

# શ્રી વલ્લભસુધા

## અક્ષયતૃતીયા કે પદ, રાગ–સારંગ

સખી સુગંધ જલ ઘોર કે, ચંદન હરિ અંગ લગાવત;
વદન કમલ અલકેં મધુપન–સી, ટેઢી પાગ મનભાવ. ૧

કોઊ બિંજના કુસુમન કે ઢારત, કુસુમ ભુષન લે લે પહિરાવત
મૃદુબેલી સાયંતરક્રીડત, **'બ્રજાધીશ'** ગુન ગાવત. ૨

મહાકવિ **શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી**

---

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ***

વર્ષ ૧૩ : અંક–૨ મે ૧૯૯૪

શ્રી વલ્લભાબ્દ ૫૧૬

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦/–** * **આજીવન રૂા. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧

**પી. આર. ધોળકીયા એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
જયંત ચેમ્બર્સ
રજપુતપરા મેઈન રોડ, **રાજકોટ**

## શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ

### તા. ૩૧-૩-૯૨ ના રોજ પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| આવક | રકમ રૂા. | ખર્ચ | રકમ રૂા. |
|---|---|---|---|
| વાર્ષિક લવાજમ | ૧૭ ૧૦૦-૦૦ | વલ્લભ સુધા પ્રકાશન | ૨૩,૨૯૮-૦૦ |
| વ્યાજ | ૮,૨૦૭-૪૦ | પોસ્ટેજ | ૩,૨૬૦-૦૫ |
| પ્રકાશન | ૪.૬૦૬-૦૦ | પ્રિન્ટીંગ | ૧,૨૦૦-૦૦ |
| સામયિક વેંચાણ | ૪૦-૦૦ | સ્ટેશનરી | ૨૨૦-૩૦ |
| | | વધારો સરવૈયામાં લઈ ગયા | ૧,૯૭૫-૦૫ |
| કુલ સરવાળો રૂા. | **૨૯.૯૫૩-૪૦** | કુલ સરવાળો રૂ. | **૨૯,૯૫૩-૪૦** |

રાજકોટ તા. ૮-૧૨-૯૩ તપાસ્યું અને બરોબર માલુમ પડેલ છે
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
સહી તથા સીકકો

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૨ ❋ મે, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## આત્મ નિરીક્ષણ

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

ભગવાન કૃપા કરીને શું કરે છે ? માનો કે મનુષ્ય મરણોન્મુખ છે. તેનું મૃત્યુ અત્યંત નજીક આવી ગયું છે. વૈદ, ડોકટર બધા કહી ગયા છે કે હવે તો ગંગાજળ અને ભગવાનનું નામ જ તેમને માટે દવા છે, બીજી કોઇ દવા તેને માટે કારગત થવાની નથી. તો તે સમયે તેના પણ ધ્યાનમાં આવ્યું જે જવા માટે તૈયાર હતા, બિસ્તરો બાંધીને, તેને ધ્યાનમાં આવ્યું કે હવે તો સમય નજીક છે. સારૂં, તો જવાનું છે, ગાડીએ સીટી વગાડી અને તેના પૈડા ચાલે તેટલી જ વાર છે. બીજો કોઇ વિલંબ નથી. ત્યારે તેના મનમાં આવ્યું કે હવે શું છે ? મારૂં કર્તવ્ય શું છે ? કર્તવ્ય તેના ધ્યાનમાં આવ્યું કે ભગવાને ગીતામાં કહ્યું છે કે 'અંત સમયમાં મારૂં સ્મરણ કરો' તો તેણે ભગવાનનું સ્મરણ કર્યું, તેનામાં

**શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭** તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

બુદ્ધિ આવી ગઇ, ઘણી વખત નથી આવતી. એ સમયે પણ પૈસા અને માણસોની ચિંતા લાગી રહે છે. મારા પછી પૈસાનું શું થશે ? કુટુંબનું શું થશે ? વ્યવસ્થા કેમ ચાલશે ? આ બધા વિચારો આવે છે.

ઘણી વખત ભગવાનનું સ્મરણ અંત સમયે નથી આવતું પરંતુ તેને સદ્‌બુદ્ધિ આવી તેણે ભગવાનના નામનો જોરથી ઉચ્ચાર કર્યો. પહેલા ધીમેથી બોલ્યો, પછી જોરથી બોલ્યો. લોકોએ સાંભળ્યું, કેટલાક લોકોએ એ પણ કહ્યું કે ભગવાનનું નામ લઇ રહ્યો છે. હવે તો આ બચી જશે. લોકોએ આ પ્રકારની વિચારસરણી બનાવી લીધી અને એવી આશામાં બેસી રહ્યા કે કયારે એમાં ચેતન આવે, કયારે હરવા-ફરવા લાગે. થયું એવું કે તેને તો જવાનું હતું. ગાડીએ સીટી તો પહેલાં જ મારી દીધી હતી. હવે તો ચાલવાની જ વાર હતી. ગાડી ચાલી, આગળ નીકળી ગઇ. તે ગાડીમાં સવાર હતો જ, તે પણ આગળ નીકળી ગયો. પોતાની સીટ પર બેઠો હતો. જવા માટે ઉત્સુક હતો, કેટલાક લોકોએ કહ્યું કે તેણે ભગવાનનું નામ લીધું અને આ તો મરી ગયો. આ શું થયું ? ભગવાને તેની રક્ષા કેમ ન કરી ?

ભગવાને તેને બચાવવો જોઇતો હતો. તેનો ભકત હતો. ભગવાનનું નામ લેતો હતો. ભગવાને તેને શા માટે જવા દીધો ? શું ભગવાન તેને બચાવી ન શકત ? તેનામાં સામર્થ્ય ન હતું ? કેટલાક લોકોને આ વાત સાંભળીને, આ વાત જોઇને અવિશ્વાસ થઇ ગયો. ભગવાનનું નામ લેવાથી શું થવાનું ? શું ભગવાન જાન બચાવે છે ? એ તો થયું નહીં, પરંતુ જે જવાવાળો હતો અને ભગવાનમાં આશ્રય રાખવાવાળા એવા જે તેના નિકટના સંબંધી હતા, એ લોકોને તો આ ઘટનાથી ઘણી પ્રસન્નતા થઇ જવાવાળાને પણ અને નજીકના સંબંધીઓને પણ. અરે ! તેણે અંત સમયમાં ભગવાનનું નામ લીધું છે જરૂર તેની સદ્‌ગતિ થઇ. તેમાં શંકા કરવાની કોઇ આવશ્યકતા જ નથી. જવાવાળાએ પણ પોતાને ધન્ય માન્યો. અંત સમયે ભગવાનનું સ્મરણ તો થયું. મારી ભાવના ભગવાનમાં લાગેલી રહી, અંત સમયમાં પણ અને હવે હું ઉત્તમ ગતિને પ્રાપ્ત કરી રહ્યો છું. આ પ્રકારનું તેનું જવાનું તેણે પોતાનું મહાન સૌભાગ્ય માન્યું. ભગવત સ્મરણને નિરર્થક નહીં માન્યું, તેણે ખૂબ જ સાર્થક માન્યું. તેના નિકટના સંબંધી હતા, આત્મીય હતા, તે બધાએ પણ ઘણું સૌભાગ્ય માન્યું.

આ બે પ્રકારની ભાવના એ છે. કેટલાક લોકો સમજ્યા કે ભગવાનનું નામ લીધું તો પણ આતો બચ્યો નહીં, પરંતુ જવું–આવવું એ તો વિધિનો ખેલ છે. આ તો નિશ્ચિત છે. તેમાં કોઇ વિચાર કરવાની વાત નથી. નવી વાત નથી. શું કોઇ નવી વાત છે ? દરરોજ સવાર થાય છે, સાંજ થાય છે, રાત્રિ થાય છે, અંધકાર થાય છે. આ અમારા વ્યકિતગત અનુભવની વાત છે. આપણે નથી જાણતા સવારે સૂર્યનો દિવ્ય પ્રકાશ થાય છે. રાત અને અંધકાર છવાયો તો લોકો તેનાથી ગભરાતા નથી. રાત આવી, અંધકાર ફેલાવવાનો તેનો સહજ સ્વભાવ છે. તેમાં ગભરાવવાની શું વાત છે ? રાત્રિ પહેલા ન હતી. રાત્રિનો સમય આવ્યો તો રાત્રિ આવી. દિવસમાં તો રાત્રિ હતી જ નહીં. રાત્રિ આવી, અંધકાર

છવાયો. પછી સવાર થશે, ફરીને સૂર્યનારાયણ ઉદય પામશે, ફરીને આપણા રોજના કામ ચાલશે. આમાં ગભરાવાની કોઈ વાત જ નથી.

ભગવાનનું સ્મરણ કરશો તો પણ રાત્રિ આવશે, ભગવાનનું સ્મરણ નહીં કરો તો પણ રાત્રિ આવશે. એવી જ રીતે ભગવાનનું સ્મરણ કરશો તો પણ સવાર થશે અને ભગવાનનું સ્મરણ નહીં કરો તો પણ સવાર આવશે. આ તો દરરોજની ઘટના છે. આમાં કોઈ નવી વાત નથી. તેમાં આશ્ચર્યની વાત નથી. આપણે આપણા જીવનને આ રીતે આ દૃષ્ટિથી જોવાનું છે. આવવું, જવું, સુખ, દુઃખ, લાભ, નુકશાન, યશ, અપયશ, આ તો જીવનની સાથે જોડાયેલા જ છે. તેમાં દુઃખી થવાની કોઇ આવશ્યકતા નથી. ચિંતિત થવાની કોઈ આવશ્યકતા નથી. આ તો માનવી પોતાના અલ્પજ્ઞાનને કારણે દુઃખી થાય છે, ચિંતિત થાય છે. એ જ વિચારમાં તલ્લીન થઈ જાય છે કે આવું કેમ થયું ? કેમ થયું આવું ? રાત્રિ આવી તો કેમ આવી ? આમ તો આપણી આવી ચિંતા કરવાથી શું રાત્રિનું આવવા–જવાનું બંધ થઇ જશે ? આ તો ન બની શકે ! એ તો આવવાની છે તો આવશે જ. તો આપણે પણ ચિંચિત થવાની આવશ્યકતા નથી. ભગવાનનો આશ્રય રાખીએ અને ભગવાન આપણું સર્વ પ્રકારે કલ્યાણ કરશે, આવો પૂર્ણ વિશ્વાસ હૃદયમાં રાખવો. ફકત મુખથી કહેવા માત્રથી આશ્રય નથી થતો, આશ્રય હૃદયમાં હોય છે.

સારી સ્થિતિ ભગવાન આપે ત્યારે પણ હૃદયમાં ભગવદ્ આશ્રય રાખવો અને આપણી સમજ અનુસાર ખરાબ સ્થિતિ થાય ત્યારે પણ ભગવાનનો આશ્રય હૃદયથી દુર ન થવો જોઇએ, તેનું ધ્યાન રાખવાનું છે.

ગાંધીજીના મુખમાંથી અંત સમયે શું નીકળ્યું ? 'હે રામ' આ શબ્દો નીકળ્યા. તો આ શેનો પ્રભાવ હતો ? આ તેમની સાધનાનો પ્રભાવ હતો. જીવન પર્યંત તેમણે રામનો આશ્રય લીધો. રામનો ભરોસે રહ્યા. ત્યારે એવી પરિસ્થિતિ આવી કે ગોળી લાગ્યા બાદ પ્રાણ વિસર્જન થવાની એક ક્ષણ પહેલા તેમના મુખમાંથી રામ નીકળ્યા. આ શું હતું ? તેમની સાધનાનો પ્રભાવ હતો.

આપણે પણ આવી સાધના કરવાની છે. એમ નહીં સમજતા કે મૃત્યુ જાણે કયારે આવશે. હજુ તો આપણને ઘણા વર્ષ છે. હમણા સાધના કરવાની શું જરૂરત છે ? સમય આવશે ત્યારે બધું કરી લઇશું એ સમજવાની જરૂર છે કે પહેલા સાધના કરો. સમજદારી રાખો. ભગવદ્ આશ્રય રાખો અને અંત સમયમાં પણ ભગવાનનો આશ્રય હૃદયમાંથી દુર નહીં થાય અને ભગવદ્ નામ સાથે આપણે જઇશું તો અવશ્ય તેની સામે આપણે જઇશું.

બસ આટલું કહીને આજનું પ્રવચન સમાપ્ત કરવામાં આવે છે.

॥ શ્રી હરિઃ ॥

# ભાવ ભાવના

## લે. ગો. શ્રી પંકજકુમારજી મહોદય, ( શ્રી ગોકુલ-માંડવી )

(ગતાંકથી ચાલુ)

શ્રી મહા પ્રભુજી શ્રી ગુસાંઇજી આદિ આચાર્યોની બેઠકોમાં તે સ્વરૂપો આચાર્યભાવથી બિરાજે છે પુરૂષોત્તમ ભાવથી નહીં. તથાપિ આજે ત્યાં સેવાક્રમ પુરૂષોત્તમભાવથી ગોઠવાયેલો છે. પલના અન્નકુટ ઇત્યાદિ પણ ત્યાં થાય છે. શ્રી મહાપ્રભુજી શ્રીગુસાંઇજીમાં પુરૂષોત્તમ ભાવના કરવાનો નિષેધ નથી તેવી ભાવનાથી જ શ્રીગુસાંઇજી આદિ આચાર્યોએ શ્રી મહાપ્રભુને 'વસ્તુતઃ કૃષ્ણએવ' સ્વરૂપે વર્ણ્યા છે. અને શ્રી ગુસાંઇજીને શ્રી રઘુનાથજી પ્રભૃતિ આચાર્યો એ 'કૃષ્ણાત્મા' તરીકે વર્ણ્યા છે પરન્તુ –

“યેન રૂપેણ યત્કાર્યં કરોતિ તેન રૂપેણ સમર્થોડપિ
તદતિરિક્તં ન કરોતિ તથૈવ તલ્લીલાયતઃ (૧/૧/૧૧ આણુભષ્ય)

**અર્થ** :- 'પ્રભુ જે રુપથી જે કાર્ય કરે છે તે રૂપથી અન્ય કાર્યો કરવા સમર્થ હોવા છતાં તે સ્વરૂપ (મર્યાદા)થી અતિરિક્ત કાર્ય નથી કરતા કેમ કે તેવી જ તેની લીલા છે.'

અતઃ આચાર્યોની સામર્થ્યમાં શંકાલેશ પણ નથી પણ પ્રકટ સ્વરૂપની એક મર્યાદા હોય છે તે જાળવવી જોઇયે. આચાર્ય ચરણ સ્વયંપાકી હતા અતઃ તે મર્યાદાનું પાલન હજી સુધી થતુ આવ્યુ છે કે બેઠકોમાં ગોસ્વામી બાલકોના હાથની જ સખડી મહાપ્રભુ આરોગે છે યદિ ત્યાં પુરૂષોત્તમભાવનાથી સેવાક્રમ હોય તો બધા જ સખડી આરોગાવી શક્તા અને પુરૂષોત્તમ ભાવનાથી સેવા ક્રમ સ્વીકારતા મન્દિરની મર્યાદા, અપરસ પણ પળાવી જોઇયે.

કેટલાક લોકોના મતથી બેઠકમાં બિરાજતા સ્વરૂપો આચાર્યભાવ તથા પુરૂષોત્તમભાવ બન્ને ભાવથી બિરાજે છે પરન્તુ તે જ વાંધો અહિયાં પણ ઉભો થાય છે કે યદિ પુરૂષોત્તમ ભાવથી પણ સેવાક્રમ હોય તો બધા વૈષ્ણવો સખડી કેમ નથી આરોગાવી શકતા ? અને ત્યાં મુકુટ કાછની મલ્લકાછ આદિના શ્રૃંગાર કેમ નથી ધરાવવામાં આવતા ? કેવલ ધોતી ઉપરણામાં જ આપણા આચાર્યો કેમ સુશોભિત દર્શન દે છે ? અતઃ બેઠકોનો સેવાક્રમ આચાર્યમર્યાદાથી જ રાખવો જોઇયે.

તેવીજ રીતે ભૂતલ પર બિરાજતા યોગ્ય ગુરૂઓમાં પુરૂષોત્તમભાવના કરવી અયોગ્ય નથી કેમ કે શાસ્ત્રોમાં ગુરુમાં ભગવદ્બુદ્ધિ રાખવાનું વિધાન છે, પરન્તુ તે ભાવના ક્રિયા રૂપે પ્રકટ ન થવી જોઇયે કેમ કે ગુરૂ સ્વરૂપની મર્યાદા ખંડિત થાય છે ઉદાહરણ તયા ગુરૂઓને પુરૂષોત્તમભાવથી દાનના દિવસોમાં દાન આપવું. ગુલાલ આદિથી ખેલવાનું. યદિ એવું થઈ શકે છે તો ગુરૂઓ પુરૂષોત્તમભાવના રાખનારા વૈષ્ણવોના હાથની સખડી પણ કેમ ન આરોગી શકે ?

અને પરંતુ આવી બધી ભાવનાઓને ક્રિયારૂપમાં ઉતારવાથી અનેક વિકૃત ક્રિયાઓ પણ પ્રસરી શકે છે અને પ્રસરે પણ છે.

આ બાબતમાં સ્વયં શ્રી ગોકુલનાથજી 'શ્રી સર્વોત્તમ'ની ટીકામાં આજ્ઞા કરે છે–

'માં પુરુષોત્તમં નિશ્ચિત્ય ભજન્તે કિં તેન આચાર્યાણાં પ્રસન્નતા સિધ્યતિ ? ન કદાપિત્યર્થઃ। એતેષાં આગ્રહવિષયે ભગવદિચ્છાયા એવ નિયામકત્વાત્ અસ્માકમપિ આગ્રહોનાસ્તિ દુષ્ટાગ્રહવતા સ્વભાવપરાવૃત્તૌ'

**અર્થ** : 'જે લોકો પુરૂષોત્તમ જાણીને મારૂં ભજન કરે છે. શું તેનાથી એ લોકો ઉપર આચાર્યચરણ પ્રસન્ન યતા હશે ? કદાપિ નહીં, અમને પણ દુષ્ટ આગ્રહવાળા તેવા લોકોના સ્વભાવને પરિવર્તન કરવાનો આગ્રહ નથી. કેમકે તેવા આગ્રહમાં ભગવદિચ્છા જ નિયામક છે' અતઃ ગુરૂઓમાં પુરૂષોત્તમ ભાવનાથી થતી ક્રિયાઓ કરવી ઉચિત નથી.

ગીતાજીમાં કહેવામાં આવ્યું છે કે–

વિદ્યા વિનય સંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ ।
શુનિચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ ॥ (અ.૫ શ્લોક ૧૮)

**અર્થ** : વિદ્યા અને વિનયથી યુકત બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરૂં તથા ચાંડાલમાં પંડિતો સમાન દૃષ્ટિ રાખે છે.

આ ગીતા વાકયમાં બ્રાહ્મણથી ચાંડાલ પર્યંતમાં સમદૃષ્ટિ રાખવાનું કહેવામાં આવ્યું છે. અર્થાત્ જીવમાત્રમાં પ્રભુ બિરાજે છે એવી પ્રતિતી હંમેશા હોવી જોઇએ જેથી કે એમના સાથેનો વ્યવહાર પ્રેમમય જ હોય, દ્વેષમય ન હોય, પરંતુ કોઇ વ્યકિત આ વાકયને સાંભળી કુતરાનું પણ ગાય જેમ પૂજન કરવા મંડે કે ચાંડાલથી યજ્ઞો કરાવવા લાગે તો મહાન ઉપદ્રવ થઈ જાય. અતઃ ભાવના પ્રભુમયતાની રાખવી પણ ક્રિયા શાસ્ત્રની આજ્ઞાનુસાર તે તે રૂપની મર્યાદાથી કરવી જોઇએ.

'હરિ ગુરુ વૈષ્ણવ સરખા લેખો'માં પણ તેવી ભાવના રાખવાની જ વાત છે. ભાવનાનુસારી ક્રિયા કરવાની નહીં, અન્યથા વૈષ્ણવોમાં ગુરુના અનુરૂપ ક્રિયાઓ તથા ગુરુમાં વૈષ્ણવોના સમાન ક્રિયાઓ પણ કરી શકશે.

વૈષ્ણવોના ઘરે બિરાજતા સ્વરૂપો ગુરુભાવથી બિરાજે છે, માટે તેમાં ઓછાપણાની ભાવના તથા ગોસ્વામી આચાર્યોને માથે બિરાજતા સ્વરૂપોમાં 'નિધિ' હોવાથી અધિકતાની ભાવના પણ આજે આપણાં સંપ્રદાયમાં પ્રસરી છે, પરંતુ આ ભાવના કોઇ પણ રીતે યોગ્ય નથી. અનેક પ્રમાણો આના વિપરીત વાત કહે છે અને વૈષ્ણવો તથા આચાર્યો બન્નેના ઘરે બિરાજતા સ્વરૂપોમાં ભેદ બતાવતા નથી.

નિબંધ સર્વનિર્ણય પ્રકરણ શ્લોક ૨૨૮ના પ્રકાશમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે કે–

'વસ્તુવિચારેણ સર્વસ્ય ભગવદ્રુપત્વાત્ વિશેષસ્તુઅયમ્ એનં ઉદ્ધરિષ્યામિ ઇતિ તદ્દા મૃદ્દાદેઃ પ્રાદુર્ભૂતઃ ભકિતમાર્ગાનુસારેણ આહ તત્ર ચ સ્થિતમ્.......

**અર્થ** : તત્વ વિચાર કરવાથી સર્વ જગતૂ બ્રહ્મ છે, પરંતુ પ્રભુની મૂર્તિમાં આ વિશેષતા છે– 'હું આ ભક્તનો ઉદ્ધાર કરીશ' એવા સંકલ્પથી પ્રભુ માટી, ધાતુ આદિની પ્રતિમામાં પ્રકટ થઇ બિરાજે છે આ ભકિતમાર્ગાનુસારી પ્રકાર છે તે કહે છે– 'તત્ર ચ સ્થિતમ્....' અતઃ (તે પ્રતિમા નથી પણ સાક્ષાત્ પ્રભુ છે) સર્વ ઉપચાર (સેવા શૃંગાર આદિ) સાક્ષાત્ ભગવાનનાં જ શ્રીઅંગમાં કરેલા હોય છે.

શ્રી પ્રભુચરણ પણ 'પુરુષોત્તમ પ્રતિષ્ઠા પ્રકાર' નામક લઘુગ્રંથમાં આજ્ઞા કરે છે કે–

'તતઃ પુરુષોત્તમાત્મકતાયાં જાતાયાં સ્વરૂપે ભગવાન્ શ્રી ગોકુલેશઃ શ્રીકૃષ્ણોડયં ઇતિ બુદ્ધિ કર્તવ્યા ન સ્વરૂપાદિ બુદ્ધિઃ'

**ભાવાર્થ** : જ્યારે ભાવાત્મક પ્રકારથી પ્રભુની મૂર્તિમાં પ્રભુની પ્રતિષ્ઠા થઇ ગઇ ત્યારે તે સ્વરૂપમાં 'આ સાક્ષાત્ ગોકુલપતિ શ્રીકૃષ્ણ જ છે' તેવી બુદ્ધિ રાખવી જોઇએ, આ માત્ર મૂર્તિ છે તેવી બુદ્ધિ નહીં.'

સ્પષ્ટતાથી સમજી શકાય છે કે આપણે ત્યાં પુરુષોત્તમની પ્રતિષ્ઠા થાય છે. ગુરુની નહીં. અને તે સ્વરૂપને સાક્ષાત્ કૃષ્ણ જ માનવા જોઇએ. ઓછાપણા તથા અધિકપણાની ભાવના સર્વથા અનુચિત છે.'

ઘણા સ્વાર્થી તથા અજ્ઞાની લોકો ભોળા વૈષ્ણવોને સિદ્ધાંત વિપરીત પ્રકારે ચલાવવા માટે ભાવનાઓનો દુરૂપયોગ કરે છે. દાખલા તરીકે તેવા લોકો કહે છે કે 'વૈષ્ણવોએ મંદિરોમાં દર્શન કરવા નિત્યનિયમપૂર્વક આગ્રહથી જવું જોઇએ. જેમ ગોપીજનો શ્રી નંદરાયજીને ઘેર પ્રભુનું દર્શન કરવા દોડી દોડીને વારંવાર જતા હતા એ ભાવનાથી આપણે પણ પ્રત્યેક સમયના દર્શનનો આગ્રહ રાખવો જોઇએ. કેમકે આપણું ઘર ગોપીનું ઘર અને ગોસ્વામી આચાર્યોના મંદિરો શ્રી નંદરાયજીનું ઘર છે.'

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

પરંતુ આપણે થોડું વિચારતા સમજી શકીએ છીએ કે આપણા માથે બિરાજતા આપણા પ્રભુ સદૈવ આપણે ઘેર બિરાજે છે અને સુખદાન કરે છે. શ્રી ગોપીજનોને વિપ્રયોગનું દાન દેવા માટે એમને ત્યાં નિત્ય બિરાજતા નથી જેનાથી કે ક્ષણ ક્ષણમાં આર્તિ વધે અને આ જ કારણથી ગોપીજનો વારંવાર બહાનાઓ કાઢીને પણ શ્રી નંદરાયજીને ઘેર પ્રભુનું શ્રીમુખ નિખારવા પધારતા હતા. અને ગોસ્વામી આચાર્યોનું જ નંદાલય છે તે પણ એક મોટો ભ્રમ છે. અરે ! જે ઘરમાં પ્રભુ જાગે છે, ખેલે છે, તે વૈષ્ણવનું ઘર પણ નંદાલય જ છે. અતઃ આવી ભાવનાઓથી વૈષ્ણવોને સિદ્ધાંત વિરૂદ્ધ આચરણમાં પ્રેરિત કરનાર લોકોથી બચવું અતિ આવશ્યક છે.

તેવી જ રીતે માર્ગમાં આવેલા કેટલાક વિલાસપ્રિય દુષ્ટ બહિર્મુખો, લૌકિક કામથી રહિત શુદ્ધ પ્રભુની રસલીલાઓની વિપરીત પ્રકારે ભાવના અન્ય ભોળા વૈષ્ણવોને સમજાવી ભ્રષ્ટ કરે છે. એવા દુષ્ટોથી સાવધાન કરતાં શ્રી પુરૂષોત્તમજી સર્વનિર્ણય પ્રકરણની ૨૩૮મી કારિકાની ટીકામાં સમજાવે છે :-

'નન્વયં રસમાર્ગો ભગવાન્ રસાત્મના ફલતિ તતઃ સ્ત્રીભાવો ન દુષ્ટઃ ઇતિ સ્વસ્મિન્ સ્ત્રીત્વાનુસન્ધાનેન ભગવંતં ભજતાં પરસ્પરં સાપત્ન્ય ભાવં બોધયતાં પરસ્પરં તથા કૃતૌ કો દોષ ? ઇતિ ચેત્ ભગવદ્રસ સમ્બન્ધાભાવ એવ ઇતિ વદામઃ.... અતો ભગવલ્લીલા દૃષ્ટાન્તેન લૌકિકે પ્રવર્તકાન પ્રવર્તમાનાન્ ચ વિમુખાન્ નિશ્ચિત્ય તત્સંગં પરિહૃત્ય સર્વેન્દ્રિય નિગ્રહઃ કાર્યઃ'

**ભાવાર્થ** : માર્ગમાં આવી ચઢેલો ભોગપ્રિય બહિર્મુખ કહે છે કે આપણો માર્ગ તો રસનો માર્ગ છે અને ભગવાન્ પણ એ જ રસભાવથી પ્રાપ્ત થાય છે. અતઃ પોતાનામાં રસની ઉત્પત્તિ માટે જીવ પોતાનામાં સ્ત્રીભાવ રાખે તો તે અયોગ્ય તો ન જ કહેવાય. અતઃ સ્ત્રીભાવ રાખતા બે જીવો ભગવાનને તે ભાવથી ભજવાની સાથે સપત્નીના ભાવથી યદિ પરસ્પર રસક્રીડાઓ (કામક્રીડાઓ) કરે તો એમાં બાધ શો છે ? શ્રી પુરુષોત્તમજી આવા દુષ્ટને પ્રત્યુત્તર આપતા કહે છે કે તેવા ભ્રષ્ટોમાં ભગવદ્રસનો સંપૂર્ણપણે અભાવ છે.... ભગવાનની રસલીલા-

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

ઓના દૃષ્ટાંતથી વૈષ્ણવોને ભોળવીને જે લૌકિક ભોગોમાં નાખે છે અને જે પડે છે તેઓને ભગવાનથી બહિર્મુખ જાણી એનો દુષ્ટસંગ શીઘ્ર છોડવો જોઇએ.'

આનાથી આ વાત સમજી શકાય છે. તે જમાનામાં પણ પોતાની ઇન્દ્રિય સંતુષ્ટિ માટે વૈષ્ણવોને ભ્રષ્ટ કરનારા લોકો હતા. તેથી આજે તો આવા લોકો વિપુલ સંખ્યામાં હોય તે પણ આપણે સમજી શકીએ છીએ. આ બધી સિદ્ધાંત વિપરીત ભાવનાઓમાં કેટલીક અજ્ઞાનથી, કેટલીક સ્વાર્થથી અને કેટલીક મનોવિકારોથી ઉત્પન્ન થાય છે. આવી બધી ભાવનાઓથી યદિ વૈષ્ણવો સાવધાન નહીં થાય તો તેમનો ભાવરૂપ હીરો હાથમાંથી નીકળી જશે.

શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે– (શિક્ષાપત્ર–૩ શ્લોક–૨)

'વહ્નિવદ્ભગવદ્ભાવઃ સત્સંગ વ્યવધાનતઃ ।
નાશયેત્ સંસૃતિં યદ્વત્ પાત્ર વ્યવહિતંજલમ્' ॥

**ભાવઅર્થ** : 'ભગવદ્ભાવ અગ્નિરૂપ છે અને સંસાર જલરૂપ છે અતઃ યદિ બંનેનો સંયોગ થાય તો ભગવદ્ભાવ નાશ પામે છે, પરંતુ જેમ અગ્નિ તથા જલ વચ્ચે કોઇ પાત્ર મૂકવામાં આવે તો અગ્નિ તે પાત્રમાં રહેલાં જલને બાળી નાખે છે, તેવી રીતે સત્સંગરૂપી પાત્રથી સુરક્ષિત ભાવજલરૂપી સંસારનો નાશ કરી દે છે.'

અતઃ શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો સત્સંગ આવી વિકૃત ભાવનાઓથી પોતાના ભાવને સુરક્ષિત રાખવા માટે આવશ્યક છે. ભગવદીયો, જે ભાવને વધારતા હોય તેમનો જ સંગ કરવો.

યે ભાવ વર્ધયન્ત્યેવં નિત્યં વચન વર્ણનૈઃ ।
સંગોઽપિ તેષાં કર્તવ્યોનાન્યેષામિતિ નિશ્ચયો ॥ (શિક્ષાપત્ર–૩૧, શ્લોક–૧૯)

**ભાવાર્થ** : જે ભાવને નિત્ય સિદ્ધાંત શુદ્ધ વચનોથી પોષણ આપે છે તેવા ભગવદીયનો જ સંગ કરવો જોઇએ. અન્ય વિકૃત સ્વાર્થજન્ય અથવા સિદ્ધાંત વિપરીત ભાવનાઓ બતાવનારાઓનો નહીં એ નિશ્ચય છે.

### આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદ્દાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## અક્ષય તૃતિયા (અખાત્રીજ)

આજ અતિ શોભિત હૈ નંદ લાલ,
નવચંદન કો લેપકીએ તન તાપર મોતિન માલ ॥૧॥
ખાસા કો કટિ બન્યો હે પીછોરા કુલહે સરસ બની ભાલ ।
કુંદ માલ શ્રી કંઠ બનિ ઔર બીચ બીચ ફુલ ગુલાબ ॥૨॥
સારંગ રાગ અલાપત ગાવત મધુરે સરસ સુરતાલ ।
'ગોવિંદે' પ્રભુ કી યા છબી ઉપર મોહી રહી વ્રજ બાલ ॥૩॥

### : ભાવર્થ :

આજે શ્રી ઠાકોરજીએ નવિન તાજા ચંદનનો લેપ શ્રી અંગપર કરી મોતીના આભરણ અંગીકાર કર્યાં છે. શ્રીજી બાવાની કટી પર અતી બારીક કોમલ વસ્ત્રનો પીછોડો શોભી રહયો છે. શ્રી મસ્તકપર કુલ્હે શોભાયમાન થઇ રહી છે. શ્રીકંઠમાં કુંદના ફુલોની સરસ માળા શોભી રહી છે, જેમાં વચ્ચે વચ્ચે ગુલાબના ફુલો શોભે છે.

શ્રી ઠાકોરજી સ્વયં મુરલીમાં શીતલ એવા સારંગરાગમાં મધુંર ગાયન કરી રહયાં છે. આ સુંદર છબી નિહાળી શ્રી વ્રજભકતો મોહી રહયાં છે. એમ શ્રી ગોવિંદ સ્વામી કીર્તનનું સમાપન કરતાં રહી રહયાં છે.

## નૃસિંહ જયંતિ

હરિ રાખે તાહિ ડર કા, કો ॥
મહાપુરુષ સમર્થ કમલાપતી નરહરિ સે ઇશ હૈ જા કો ॥૧॥
અનેક સારજા કર કર દેખી નિષ્ફળ ગઇ, ખીસ્યાય રહયો ॥
તા બાલકકો બાલ ન બાંકો, હરિ કી શરન પ્રહ્લાદ ગયો ॥૨॥
હિરણ્ય કશિપુકો ઉદર વિદાર્યો, અભયરાજ પ્રહ્લાદ દિનો ॥
'પરમાનંદ' દયાલ દયા નિધિ, અપને ભકત ન કો નીકો કીનો ॥૩॥

### : ભાવાર્થ :

જેને પ્રભુ રાખે તેને કોઇનો ડર રાખવાની દરકાર કરવી નહીં એમ સિદ્ધાન્ત સમજાવતાં પરમાનંદદાસજી, ભકત પ્રહલાદની આખ્યાયિકા દષ્ટાંત આપી સમજાવે છે.

ભકત પ્રહલાદને તેમના પિતા અસુરરાજ હિરણ્યકશિપુએ વિષ્ણુ ભગવાનની ઉપાસના ન કરવા સમજાવ્યું પણ ભકત અને ભગવાન એક બીજા વીના રહી શકતાં નથી. તે સિધ્ધાન્ત અસુરરાજ ન સમજી શકતા તેમને પોતાનો પુત્ર હોવા છતાં અનેક ત્રાસ આપી ભગવદ્ ૮કિત છોડાવવા પ્રયાસો કર્યા પણ બધા પ્રયાસ નિષ્ફળ જતાં આખરે ખસિયાણો પડી જતાં વધુ ક્રોધીત થઇને ભકત પ્રહલાદને તપાવેલાં લોઢાના સ્તંભને ભેટવા વિવશ કરતાં તેમાંથી શ્રીનૃસિંહ ભગવાનો પ્રાદુભ:વ થયો અને હિરણ્યકશિપુને મળેલ વરદાન તે ધ્યાનમા રાખી શ્રીનૃસિંહ પ્રભુએ પોતાના નખો વડે અસુર રાજના પેટને ચીરીને તેનો વધ કર્યો. ભકતો ગમે તુટલું કષ્ટ સહીને પણ ભગવદ્ આશ્રય છોડતાં નથી તે સિદ્ધાંત આ પદમાં પ્રકટ કહ્યો છે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

# શ્રી વૃત્રાસુર ચતુ:શ્લોકીનો ચતુર્થ શ્લોક

## “મમોત્તમ શ્લોક જનેષુ” ઉપર શ્રી મહાપ્રભુજીએ રચેલી વિવૃત્તિ ઉપર શ્રી વલ્લભજી નામના બીજા આચાર્યે લખેલી ‘વલ્લભ ટિપ્પણી’

## અથ શ્રીમદ્ વલ્લભાનામિયં ટિપ્પણી

ભાષાંતર – **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

જો એવી દલીલ કરવામાં આવે છે ગુણ સભાજક મહાન તો “મુકતાનામપિ સિદ્ધાના નારાયણ પરાયણઃ । સુદુર્લભઃ પ્રશાન્તાત્મા કોટિષ્વપિ મહામુનુ” એ વાકયમાં એટલે કે મહામનિ ! સિદ્ધ એવા મુકત પુરૂષો કરોડો હોય તેમાં પણ નારાયણ પરાયણ તથા પ્રશાન્ત આત્માવાળો માત્ર એકાદ જણ જ હોય એ વાકયમાં જણાવ્યા મુજબ ગુણ સભાજક તો એકાદ જ હોય અને તે સભાજન પણ તેને આધીન હોવાથી એ પછી સ્વાતંત્ર્ય અસંભવિત હોય અને તે પણ તેનું સખ્ય હોવાથી થાય તેના તાદશ્યથી તે પણ અસંભવિત બને તેથી પ્રાર્થના કરવાથી શું વળે ? એવી દલીલના ઉતરમાં કહે છે. ગુણ સભાજનમાં “સ્વસ” એટલે પોતાના વગેરે દ્વારા ‘જનેષુ’ એવા બહું વચનનું તાત્પર્ય એ કે જીવા પ્રકારનો માત્ર એક જ નહિ પરંતુ બહુ જનો હોય છે તેથી સ્વાતંત્ર્ય અસંભવિત નથી (એટલે કે સંભવિત છે) તેથી પોતાના પણ સ્વાતંત્ર્યને અર્થે છે એમ આને એક તાત્પર્ય છેં તેના સખ્યને આધીન તે છે તેથી તેનું સખ્ય પણ અસંભવિત નથી એમ કહીને મુંકતના અપરિચ્છેદ માટે (એટલે નિરવધિ પણાને માટે) તેથી આનાથી બીજું (જુદુ) તે દર્શાવવા બહુવચન વાપર્યું છે. આન્યથા તેઓમાં બહુત્વ ન કહત એમ અર્થ છે. તેથી જેવી રીતે તેઓ તેના સભાજનમાં અન્યની અપેક્ષાથી રહિત છે

એવી જ રીતે તેના સખ્યથી તેમનામાં રહેલા (ગત) ઘણા ધર્મત્વને કારણે હું પણ હોઇ (કે થઇ) શકું એમ કહેવાનો અર્થ છે (હેતુ છે). 'મુકતેઃ' એટલે સખ્યરૂપ મુકિતના એમ અર્થ છે.

'જનત્વાત્' એટલે કે તેમને પણ જનન (જન્મ આપવો તે) ધર્મને કારણે તેના સામ્યમાં સ્વતંત્રતા હોવાથી તેનો સંબંધ નથી. પોતાનાથી અધિક ધર્મપણું હોય ત્યારે જ તેનો સંભવ હોવાના કારણે એમ અર્થ છે. 'સંસારે' એટલે સંસારમાં–અહીં–પરિભ્રમણથી સખ્ય વિષયે તાદશજન મેળવવામાં કલેશનો અભાવ છે એમ અર્થ છે. 'કલેશાભાવ' એટલે કલેશનો અભાવ છે એમ કહીને સુચવે છે કે કલેશનું સાધન સંસાર છે તેના પદથી એમ અર્થ છે, અને તેમાં પડેલાની જો તાદગ્જન સંબંધરૂપ સાધનની નિષ્પત્તિ (એટલે સિદ્ધિ) થાય તે તેનાથી જ હોય એમ અર્થ છે.

'અસ્યાઃ' એટલે શુદ્ધ પુષ્ટિમુક્તિની અપેક્ષાને લીધે–ગૌણત્વને કારણે–એમ અર્થ છે.

'પૂર્વસ્માત્' એટલે પૂર્વે કહેલમાં માયા ભિન્ન હોવાથી તેનો પરિત્યાગ નથી કરવાનો, પણ એથી ઉલ્ટું સ્વરૂપની બાબતમાં આસક્તિ પેદા કરવાના તેના ધર્મને લીધે ફલસાધકત્વનો ગુણ જ છે. તેથી વિશેષતા ત્વત્ શબ્દથી જણાવી છે. 'આભિમુખ્યં ચ' અને અભિમુખતા છે એમ કહીને તારા પદનો વ્યવહાર પ્રત્યક્ષ છે, તેથી એ પ્રાર્થનામાં જ ભગવાન તરફનું વલણ આ પણ વિશેષ (ખાસ) હેતુ છે એમ અર્થ છે.

'ચક્ર એવ' એટલે ચક્ર જ એમ કહીને જણાવે છે કે હિરણ્યકશિપુ વગેરે ભગવચ્છિાથી જ આ લોકમાં શાપ દ્વારા જન્મ્યા હતા તો પણ તેમના કુટુંબીજનોનું સખ્ય તો ઉત્તમ કીર્તિવાળા જનોનું સખ્ય હતું તો પણ તે મોક્ષરૂપ ન હતું. કુટુંબીપણાને લીધે ઉપાધિવાળું હોવાથી ભગવદીત્વથી એ પ્રયુક્ત જ હતું, અને સર્વ રીતે અનન્યત્વના સાધકપણાને કારણે એવી જ રીતે ત્યાં જ પરિભ્રમણ કરનારનું એમ થાય, એ અર્થ છે. તેની (એટલે ભગવાનની) ઇચ્છા વિના તેના જનોનો જન્મ જ ન હોય તેથી કુટુંબીપણાને લીધે સખ્યનો અભાવ હતો તેથી 'ભગવદિચ્છયા' એટલે કે ભગવાનની ઇચ્છાથી– એમ કહ્યું છે.

જો એમ દલીલ કરવામાં આવે કે સર્વ સાધનની અપેક્ષાથી રહિત એવા કૃતાર્થથી પુષ્ટિમોક્ષની પ્રાર્થના કરવી જોઇએ. તો તેના ઉત્તરમાં કહે છે 'કૃતાર્થત્વં તુ' એટલે કે કૃતાર્થતા તો.... વગેરે બધા સાધનો (ધરાવવાથી) તું જો નાથ હોય તો કંઇપણ કરવા જેવું નથી એમ 'ત્વત્' એટલે તારા એ શબ્દથી સુચવ્યું છે એમ અર્થ છે. 'તદન્તે' એટલે તેના અંતે એટલે કે કૃતાર્થત્વને અંતે. પુષ્ટિમોક્ષ માટેની પ્રાર્થના એમ અર્થ છે. પુષ્ટિમોક્ષના સ્વરૂપને વર્ણવતાં કહે છે– 'ભગવદીયત્વેનૈવ' એટલે કે માત્ર ભગવદીયપણાથી જ. –ક્રમશઃ

# યમુનાજીના પદ

## 'ભાવાર્થ માધુરી' રાજકોટ

### ૫

જિતને જલકન તિતને ભાવ;
દમ્પતિ મુરતિ સુધા શ્રમ સુરભી કેલિકલા ભરિ લાભ. ૧

ફૂલે અમલ કમલ દોઉ તટ ભ્રમર ભીર ગુંજાર;
મનુ શૃંગાર વદત શૃંગાર હિ જનુ યમુના ઉર હાર. ૨

નીલ નીર ગંભીર વરણ પિય ભ્રમર તરંગ નિકાઈ;
મનહુ મહારસ રાસ રૂપ બહુ નૃતત બાંહ ઉઠાઇ. ૩

જગમગાતિ કમનીય કૌમુદી વૃન્દાવન કી ઝાંઇ;
મનહુ શરદ કી રાતિ રંગીલી શરણ રહી હૈ આઇ. ૪

અતિ કોમલ કરૂણામય જનહિત નંદનંદનકી જાયા;
**'વલ્લભ'** શરણ પર્યો યાચત હૈ ચરન છત્રકી છાયા. ૫

**ભાવાર્થ :** હે શ્રી યમુનાજી આપની જેટલી તરંગો છે તેટલાં જ તેના ભાવો છે. જ્યાં યુગલસ્વરૂપ શ્રી નંદનંદન અને રાસરસેશ્વરી શ્રી ભાનદુલારીની સ્મૃતિ, ભકતોને કામધેનુરૂપી ફળદાયક છે. કલકલ ઉઠતા અવાજ, તરંગો પ્રતિક્ષણ નવી લીલાનું ભાન કરાવે છે. આપના બન્ને કિનારાઓ પર અનેક વૃક્ષો પુષ્પોથી સુશોભિત છે. તેવી જ રીતે જળમાં ખીલેલા કમળો સુવાસિત અને સુંદર છે. તેમજ ભ્રમર ગુંજારવ કરી રહ્યા છે. યા તો આ ભકતરૂપી ભ્રમરાઓ આપના વૈભવ અને શૃંગારનું વર્ણન કરતા હોય, ભકતો ભ્રમર બની ગુણાનુવાદ કરી રહ્યા છે, પરંતુ તે એટલા બધા મોટા પ્રમાણમાં છે કે જાણે આપના ઉરહાર હોય કેમકે ભ્રમર આપને અતિ પ્રિય છે.

આપનું જળ શ્યામવરણ, ગંભીર ચાલ, આ જોઇને આપનાં પ્રિય શ્રીકૃષ્ણલીલાઓનું ભાન કરાવે છે, જાણે કે પ્રિતમ સાથે રાસવિલાસ કરતા શ્રમિત થઇ શ્રમજલથી ભીંજાયેલ ઉછળતા જલકણ જાણે કે રાસવિલાસ કરતા જેમ બાંહ ઉઠાવે તેમ તરંગો ઉછળે છે. આ રીતે આપ મહારસરૂપ રેતી જળથી ભીંજાયેલ તેથી આપની દેહ ભીની થયેલ છે.

વળી આ વૃંદાવનની ઝાંખી કરાવે તેવી ઝગમગ કરતી રેતી કૌમુદી ચંદ્રપ્રકાશ શરદઋતુની રંગીલી રાત સદાને માટે આપનું શરણ ગ્રહણ કરીને નિવાસ કરી રહેલ છે. આપ નંદનંદનની સમાન કરૂણાનિધાન છો તેથી જીવો ઉપર કૃપા કરો છો એ જ વૈભવ અઢળક આપની પાસે છે. આપની એક જળ બુંદ, અગર એક રેતી કણની પણ મારા ઉપર કૃપા થાય તે આશાથી દાસ વલ્લભ આપની ચરણની છાંયા ચાહું છું. દીન થઇ યાચના કરૂં છું કે મને અવિચળ આપનું શરણ પ્રાપ્ત થાય.

# કાવ્ય-કુંજ

## શ્રી વલ્લભને વંદના

[ શ્રીનાથજીના ધ્વનિનો ઢાળ ]

શ્રી વલ્લભને વંદના, શ્રી વલ્લભને વંદના;
સહુ વૈષ્ણવના વહાલા ગુરુજી, શ્રી વલ્લભને વંદના (૧)
લક્ષ્મણ ભટ્ટજીના સૂતને, ઇલમ્મા ગારૂજીના પુત્રને;
ચંપારણ્યમાં પ્રગટ થનારા, શ્રી વલ્લભને વંદના (૨)
શાસ્ત્રોનાં ભણનારને શાસ્ત્રોનાં રચનારને;
શાસ્ત્રાર્થોમાં વિજયી થનારા, શ્રી વલ્લભને વંદના (૩)
વિજયનગરમાં વિજયી થઇને, કનકાભિષેક લેનારને;
પંડિતોના ગર્વહરંતા, શ્રી વલ્લભને વંદના (૪)
જીવ શરણે લેનારને, બ્રહ્મસંબંધ દેનારને;
શુદ્ધાદ્વૈતના સ્થાપક ગુરુજી, શ્રી વલ્લભને વંદના (૫)
સેવ્ય સ્વરૂપ શ્રીનાથજીના સેવાધર્મના સ્થાપકને;
દૈવી જીવોને શરણ લેનારા, શ્રી વલ્લભને વંદના (૬)
ચોરાસી બેઠકમાં કૃષ્ણકથા કહી, પાવન જે કરનાર છે;
પૃથ્વી પરિક્રમા ત્રણ કરનારા, શ્રી વલ્લભને વંદના (૭)
ષોડશ ગ્રંથ રચનારને, સુબોધિનીજી રચનારને;
પુષ્ટિ સાહિત્યના પ્રેરક ગુરુજી, શ્રી વલ્લભને વંદના (૮)
શ્રી વૈશ્વાનર રૂપને, સર્વોત્તમજી સ્વરૂપને;
કોટિ-કુસુમાયુધ રૂપ ધરતા, શ્રી વલ્લભને વંદના (૯)
શ્રીજી, શ્રી વ્રજ, શ્રી યમુનાજી, વલ્લભકુળ, ગિરિરાજજી;
પંચતત્વના સ્થાપક ગુરુજી, શ્રી વલ્લભને વંદના (૧૦)
'શ્રીકૃષ્ણઃ શરણં મમ' આ મહામંત્ર દેનારને;
પુષ્ટિમાર્ગના સ્થાપક ગુરુજી, શ્રી વલ્લભને વંદના (૧૧)
અગ્નિકુંડથી પ્રગટ થયા પ્રભુ, દૈવી જીવને કાજ જે;
ચોરાસી વૈષ્ણવને શરણે લેનારા, શ્રી વલ્લભને વંદના (૧૨)
ભૂતલનું મહાભાગ્ય જે, અખંડ ભૂમંડલાચાર્ય જે;
વલ્લભી વૈષ્ણવના બહુ પ્યારા, શ્રી વલ્લભને વંદના (૧૩)

[ શ્રી વલ્લભાધિશકી જય ]

**-જયંત જી. ગાંધી (કુસુમાયુધ) જુનાગઢ**

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

ભકિત માટે શ્રી મહાપ્રભુજીએ ભકિતવર્ધની ગ્રંથની રચના કરી છે, તેમાં ભકિતભાવ દૃઢ કેમ થાય તે વિષય યથાર્થ સમજાવ્યો છે. મહાન ભાગવત ભકતના સંગમાં રહી ભકિત કરવાનું મળે તે જ સર્વશ્રેષ્ઠ બતાવ્યું છે.

**દૃષ્ટાંત :** ઘી સહિત ભોજન તે- મહાન ભકતોના મોઢેથી સાંભળેલું- ઘી વગરનું ભોજન- તે ભોજન પરંતુ સ્વાદ વગરનું- પુરૂષોત્તમની પ્રાપ્તિ માટે વિવિધ માર્ગો બતાવ્યા છે તેમાં વેદાદિકમાં કર્મ, જ્ઞાન, ઉપાસના, આને જ યોગ કીધો છે.

એકાદશ સ્કંધમાં અધ્યાય ૨૦માં જોઇએ.

ભા. એ. અ. ૨૦-

યોગાસ્ત્રયો મયા પ્રોકતા નૃણાં શ્રેયો વિધિત્સયા
જ્ઞાનં કર્મશ્ચ, ભકિતશ્ચનો પાથોડસ્યોડસ્તિ-
કહીંચિત્ ॥

ભગવાન ઉદ્ધવજીને કહે છે કે મેં મનુષ્યોનાં કલ્યાણ માટે વેદનાં ત્રણ કાંડમાં જ્ઞાન, નિષ્કામ કર્મ અને ઉપાસનાભકિત. આવા ત્રણ ઉપાયો બતાવ્યા છે. તે સિવાય અન્ય કોઈ ઉપાય નથી, પરંતુ પુરાણોમાં ચોથો પ્રપતિ યોગ બતાવ્યો છે. તેનો પણ સમાવેશ ભકિતયોગમાં જ થાય છે. આ ત્રણ ઉપાયોમાં સર્વશ્રેષ્ઠ ભકિત જ છે. ભકિતમાર્ગ સરળ છે. અને ભકિતનો સર્વને સમાન અધિકાર છે.

બીજા વેદોકત કર્મમાં જયાં સ્ત્રી શુદ્રાદિકને અધિકાર નથી તેમજ તેનાં સાધનો, દેશ, કાળ, મંત્ર, દ્રવ્ય, કર્તા અને કરાવનાર આ બધા સાધનો શુધ્ધ હોય ત્યારે તે ફળી ભૂત થાય આ કાળમાં આ બધું અઘરૂં છે કદાચ બને તો પણ કર્મનું ફળ મળે કર્મનું ફળ ભકિતની તુલનાં કરી શકતું નથી માટે જ ભક્તિ સુલભ અને શ્રેષ્ઠ છે.

ભક્તિ વિષે ઋષિયોનાં ભીન્ન ભીન્ન મતો છે જેમકે આત્મરત્ય વિરોધેનેતિ શાંડિલ્ય.

અર્થાત સર્વથી અધિક સર્વાત્મ ભાવે પરમાત્મામાં સ્નેહ રાખવો અને પ્રેમ ભાવમાં તલ્લિન થવું તેનું નામ જ ભકિત નારદમુની સર્વકર્મો ભાગવદ અપર્ણ કરવા અને ક્ષણ માત્ર પણ ભગવાનનું વિસ્મરણ ન થવા દેવું (ભુલવું નહી) આવું બને તો વિપ્રયોગ વ્યાકુળતા થાય આનું નામ પ્રેમ લક્ષણા વળીગર્ગાચાર્ય મુનિ કહે છે કે

ભગવાનની કથા કીર્તનમાં અવિચલ પ્રિતિ રાખવી તેજ ભકિત આમ ભકિતનાં જુદા જુદા વિચારો સૌએ પોતાની મત મુજબ પ્રગટ કર્યા છે, પરંતુ સાર સર્વનો જોતાં તો પ્રેમ ભાવથી ભકિત કરવી અને સત્સંગમાં આશકિત રાખવી તેજ નીકળે છે.

માટે જ પ્રેમ ભાવ ભકિત વિના પ્રભુને પમાય નહી ભકિત કરવાં તે હવે કોપથી ડરાઈ

નહી પ્રેમ લક્ષણા ભકિત કરવી તે સિવાય પ્રભુ પ્રાપ્તિ સુલભ નથી. ભકિત વિનાં ભગવંત દુર્લભ કહત નિગમ પ્રકાર આ વાકયનો પણ એજ સાર છે કે ભકિત વિનાં પ્રભુ પ્રાપ્તિ દુર્લભ જ છે,

આ માટે શ્રી પુર્ણ પુરૂષોત્તમનાં ચરણારવિંદમાં સર્વ સમર્પણ કરીને રહેવું અને તેમનું શરણ દ્રઢતાં પુર્વક ગ્રહણ કરવું સારમાં સાર એવો શ્રીકૃષ્ણ કૃપાળ પ્રભુની સેવા કરો.

## ભકિત કોની કરવી

નહી કોઇ જેની સમોવડી,
કોઈ ઇશ ન જેને શિષ
સર્વ વસ્તુ તે થકી થઇ,
જે કોઇ કહાવે સર્વના અધીશ
સર્વાધીશ વંદે સહુ જેને,
નિગમ નેતિ નેતિ કહે છે તેને;
શેષ–મહેશ–વિધિ શ્રી–અગમ્ય,
તેને કહીયે પુર્ણ પુરૂષોત્તમ.

**વિવેચન :** બીજા ચંદ્રાવળામાં કવિશ્રીએ ભક્તિ કરવી તે બતાવ્યું, પરંતુ તે પ્રભુ કેવા કેની ભક્તિ કરવી તે આ ત્રીજામાં વિવરણ સાથે બતાવે છે કે –જેની બરોબરી કોઇ કરી શકતું નથી તેમજ જેનાં ઉપર કોઇ બીજો ઇશ્વર જ નથી. સર્વ વસ્તુ તેનાથી જ ઉત્પન્ન થઈ છે જે સર્વનાં ઇશ છે સર્વથી અધિક છે. જેને વેદો પોતાની વાણીથી વર્ણન કરતા કરતા થાકયા ત્યારે કહે છે નેતિ નઇતિ જેને શેષજી, શંકર, વિધિનામ, બ્રહ્મા અગમ્ય કહે છે સ્તુતિ કરીને કહે છે કે આગળ બુધ્ધિ ચાલતી નથી. તેનું જ નામ તે પુરૂષોત્તમ.

શ્રી. ભગ. ગીતા. અ–૧૧, શ્લોક–૧૩
"ન ત્વ ત્સોડસ્ત્યષ્યધિક કુતોડન્યો
લોકત્રયેડલ્પ પ્રતિમ પ્રભાવે"

આપનાં પ્રભાવ વાળા અતુલ્ય મહીમાવાળા સ્વર્ગ મૃત્યુ અને પાતાળ વિગેરેમાં આપનાં સમાન કોઈ નથી તો પછી અધિક તો કયાંથી જ હોય !

આ બાબતમાં – શ્વેતાશ્વેતર ઉપનિષદમાં ૬ ઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે.

નતસ્ય કાર્યં કારણું વિદ્યતે
તત્સમશ્ચાપ્યધિકશ્ચ દ્રશ્યતે

ઉપનિષદ પણ કહે છે કે તે પરબ્રહ્માની સમાન બીજો કોઈ નથી ત્યારે તેનાંથી અધિક તો કયાંથી હોઈ શકે ? અર્થાત્ નહી કોઈ સમોવડી જયાં સમાનતા કોઈ કરી ન શકે ત્યાં અધિકતાનો સંભવ નથી.

પરબ્રહ્મની વિવિધ પ્રકારની શકિતઓ છે, જે અનંત અને અદ્‌ભુત પ્રકારની છે, જેમાં અપાર જ્ઞાન બળ અને ક્રિયા બળ છે જે સર્વના અધિષ્ઠાતા, સર્વને નિયમમાં રાખવા વાળા, સ્વતંત્ર અને સ્વયં બ્રહ્મ છે.

તે વેદોથી અતિત કાળથી અતિત અક્ષરથી અતિત અને ત્રણ ગુણો (સત્વ, રજ, તમ,)થી પણ અતિત છે તેજ પુર્ણ છે તેને જ પુરૂષોત્તમ કહેવાય છે, તેનીજ સહુદેવો–બ્રહ્મા, શિવ, શેષજી, અને શ્રી લક્ષ્મીજી સહુ તેમની જ વંદનાં કરે છે પરંતુ તેઓની શકિત નથી કે તેને પરિપુર્ણ કોઇ જાણી શકે. આવા પુરૂષોત્તમનુંજ સેવન કરવું.
નહી કોઇ જેની સવોવડી.

વેદ શાસ્ત્ર વેદાંત શ્રુતિ બધાયે નિર્ણય દીધો છે કે પુર્ણ પુરૂષોત્તમની સમાન કોઈ નથી. પુષ્ટિ માર્ગીય જીવો માટે તો બધા શાસ્ત્રોનો નિચોડ કરી શ્રી મહાપ્રભુજીએ નવનીત હાથમાં દીધું છે તેને સમજાવવા શ્રી હરિરાયજી કહે છે કે કેનું સ્મરણ કરવું. આ બધા શસ્ત્રોનાં નિયમો જોઇ લીધા તે બાબતમાં શિક્ષાપત્ર ૧૫મું જોઇ.

યદંગી કૃત જીવાનાં ન દુઃખં લેશ તોડપિહિ
સદાનંદઃ સદાનંદાત્તત્સ્મૃતિક્રિયતા સદા (૧)

પુષ્ટિ માર્ગીય જીવોએ તો લેશમાત્ર પણ દુઃખને સ્થાન દેવું નહીં પ્રભુ સદાનંદ છે તેમનું જ સ્મરણ કરવું આનંદનાં નિધિ છે. આનંદ સાગર છે. જીવોને પ્રભુનો વિયોગ થયેલો છે તે જીવો તેને પ્રાપ્ત કરવા તેનું જ સ્મરણ કરવું. જે જીવોને શ્રી મહાપ્રભુજીયે અંગીકાર કર્યો છે શરણ પ્રાપ્ત કરાવી આનંદનું દાન દીધું છે તેવા જીવનું લેશમાત્ર દુઃખ પ્રભુ સહન કરી શકતા નથી.

જે પ્રભુ ભક્તોને વિરહાગ્નિથી તપેલા જોઇને વિસ્મિત થાય છે અને ભક્તનાં ભાવ મુજબ પ્રકટ થઇ દર્શન આપે છે તેની જ સ્મૃતિ કરવી શ્રીકૃષ્ણ સ્વયં જીવોને અન્યાશ્રય દુર કરાવી સ્વ ચરણે રાખશે જ પ્રભુ દયાળુ દામોદર છે તેઓ પ્રાણીમાત્રનાં હૃદયમાં સ્થિતિ કરે છે તેનું જ સ્મરણ કરવું. યશોદા પાસે દોરડાથી બંધાઈ ગયા. પ્રભુને કોણ બાંધી શકે? કોઇનું સામર્થ્ય નથી છતાં ભકત પાસે બંધાણા છે (દયાળુતાનું ઉદાહરણ ભા. તૃતીય સ્કંધ ઉદ્ધવનું કહે છે.

અહો બકીયં સ્તન કાલ કુટં,
જીઘાંસયા પાય દુષ્યપ સાધ્વી

અહો પ્રભુની દયાલુતા તો જુઓ! દુષ્ટ પુતનાં શ્રીકૃષ્ણનો વધ કરવા પોતાનાં બન્ને સ્તનો પર વિષ લગાડીને આવી અને કાલકુટ વિષનું કૃષ્ણને પાન કરાવ્યું. આવી દુષ્ટ રાક્ષસીને પણ પ્રભુએ મોક્ષ દીધો આવા પ્રભુનું સ્મરણ કરવું.

જે, ભકતોને પોતાનાં મહાતમ્યનાં બોધ કરાવે છે જેમકે ઉદ્ધવજીને ભક્ત જાણીને પોતે પોતાનું નિજસ્વરૂપ બતાવ્યું તેમજ પોતે જે નિજ ભક્તો સાથે વૃજમાં લીલા કરી તે ભાવાત્મક સ્વરૂપનો બોધ આપ્યો તે પ્રભુનું સ્મરણ સદા કરવું.

જેમનાં સ્મરણ માત્રથી સકલ દુઃખનો અંત આવે છે તેવા પ્રભુનું સ્મરણ સદા કરવું.

ઉદ્ધવજીને વૃજમાં મોકલી પ્રેમ લક્ષણા ભક્તિનું જ્ઞાન કરાવ્યું. ત્યારે જ ઉદ્ધવજીયે કહ્યું કે આવા ભક્તોની ચરણરજ મને પ્રાપ્ત થાય હુ એને વૃજમાં ગુલ્મ લતા જેવી કોઈ વનસ્પતિ થાઉં મારા શિરપર વૃજ ભકતોનાં ચરણની રજ પડે. આવા પ્રભુનું સ્મરણ કરવું પ્રભુની લીલા પ્રભુનું સ્વરૂપ પ્રભુનું ઐશ્વર્ય તે કોઇથી કળી શકાતી નથી. પ્રતિક્ષણ નવી લીલા કરવાવાળા હોય, તેનું જ સ્મરણ સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (ક્રમશઃ)

# આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૨ તા. ૧૨–૫–૯૪ ગુરુવાર, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ, વસંતઋતુ પુરી થઇ.

વૈશાખ સુદ ૩ તા. ૧૩–૫–૯૪ શુક્રવાર, અક્ષયતૃતીયા, ચંદનયાત્રા, જલકુંભદાન, ત્રેતાયુગાદિ મન્વાદિ તિથિ, શ્રી પરશુરામ જયંતિ, ભકતકવિશ્રી કૃષ્ણદાસજીનો જન્મદિન (સં. ૧૫૫૩), ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદરનો જન્મદિન, ગ્રીષ્મઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૧૪–૫–૯૪ શનિવાર, ગો. શ્રી પિતાંબરજી મહારાજશ્રી (કાંકરોલી)નો તથા ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૧૬–૫–૯૪ સોમવાર, શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧), ભકતકવિશ્રી સુરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫).

વૈશાખ સુદ ૬ તા. ૧૭–૫–૯૪ મંગળવાર, ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ શ્રી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૧૮–૫–૯૪ બુધવાર, રામરાજ્ય, શ્રી જાનકીજીનો જન્મદિન, ગંગાસપ્તમી, શ્રી સ્વામીનીજીનો વિવાહોત્સવ, ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૨૦–૫–૯૪ શુક્રવાર, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજ શ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૨૧–૫–૯૪ શનિવાર, મોહિની એકાદશી વ્રત, શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯).

વૈશાખ શુદ ૧૩ તા. ૨૩–૫–૯૪ સોમવાર, ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૨૪–૫–૯૪ મંગળવાર, શ્રી નૃસિંહ જયંતિ વ્રત, ગો. શ્રી રણછોડલાલજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૨૫–૫–૯૪ બુધવાર, પૂર્ણિમા, વૈશાખસ્નાન સમાપ્તિ, કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રી રાધારમણનું પ્રાકટય, ભકતકવિ શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા. ૨૬–૫–૯૪ ગુરુવાર, શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ (સં. ૧૯૬૭).

વૈશાખ વદ ૧૦ તા. ૩-૬-૯૪ શુક્રવાર, ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૨ તા. ૫-૬-૯૪ રવિવાર, અપરા એકાદશી વ્રત, ગો. શ્રી વૃજરમણલાલજી મહારાજ શ્રી (મથુરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૭-૬-૯૪ મંગળવાર, ગો. ચિ. વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૮-૬-૯૪ બુધવાર, ગો. ચિ. વ્રજાધિશજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોવિંદરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# શ્રી કૃષ્ણલીલામૃતપાન

**લે. પ્રો. એમ. આર. પાલેજા રાજપીપળા**

**(૨)**

## શ્રી મંગલાચરણ

ચિંતાની હર કડી હરનારી જેની કમલસુકોમલ પદરજ રે,
તે નિજ આચાર્યચરણ વંદું ફરી ફરી ધરી શીર પર રજ રે.
જીવમાત્ર કૃપા થકી જેની ખરે તરે પાર કરી દુઃખ સઘળાં રે,
નમું શ્રીમદ્ વલ્લભનંદનને દે નિજજનને નિત સુખડાં રે.
અજ્ઞાનતણા તમથી અંધ જે જન જ્ઞાનના અંજનની સળીએ,
ખોલ્યાં તેમનાં બંધ લોચનિયાં રે નમું સદ્ગુરુ તે પાયે પડી રે.
નમું હૃદયે મુજ જે શેષરૂપી કરે શયન લીલાક્ષીર સાગર રે,
જેને લક્ષ્મી સહસ્ર લીલાથી સેવે નમું કલાનિધિરૂપ નાગર રે.
જે ચાર થકી વળી ચાર થકી ફરી ચાર થકી ત્રણ થકી વળી,
વળી છથી બિરાજે પંચ ધા હૃદયે નમું તે પ્રભુને નમું લળી લળી.

## વંદના

શ્રી ગોવર્ધનનાથ પ્રભુજી યુગલ ચરણકમલોમાં વંદું,
પ્યારા પ્રભુ શ્રી નવનિતપ્રિયજી મનમોહક ઠાકોરજી વંદું.

શ્રી મથુરેશજી નિત સુખદાતા નેહભર્યા નયણે વંદું,
પ્રિય શ્રી વિઠ્ઠલરાયપ્રભુજી ભયહારી સુખકારક વંદું.
નિત શ્રી દ્વારિકેશ પ્રભુને ભાવભર્યા હૃદયે વંદું,
નમું શ્રી ગોકુલનાથ પ્રભુને નત મસ્તક ભાવે વંદું.
નિત ગોકુલચંદ્રમાજી પ્રભુને નમન કરું પ્રિતે બંદું,
પ્રિય પ્રભુ શ્રી મદમમોહનને પ્રભુશ્રી નટવરને વંદું.
શ્યામસુંદર શ્રી બલકૃષ્ણને ભાવે ભજું પ્રિતે વંદું,

કૃપાળુ કરૂણાળુ મહાપ્રભુજી પુષ્ટિપ્રદાયક વલ્લભ વંદું,
પ્રભુચરણ શ્રી વિઠ્ઠલ–ગિરિધર શ્રી ગોવિંદરાયપ્રભુને વંદું,
શ્રી બાલકૃષ્ણ શ્રી ગોકુલેશજી સુંદરવર રઘુનાથ વંદું.
ષષ્ઠ પીઠાધીશ યદુનાથજી સપ્તમ શ્રી ઘનશ્યામ વંદું,
શ્યામસુંદર યમુના મહારાણી શ્રીકૃષ્ણપ્રિતીકારિણી વંદું.
નિજગુરુ શ્રી વલ્લભ વંદું સમસ્ત શ્રી વલ્લભકુલ વંદું,
શ્રી ગોવર્ધન ગિરિરાજજી રત્નજડિત મણિમંડિત વંદું.
સ્મરૂં શ્રી ગુરુજીના ઠાકોરજી ભાવે નિજ ઠાકોરજી વંદું;
શ્રી હરિગુરુ વૈષ્ણવ પદકમલોમાં ફરી ફરી નમું ભાવે વંદું.

**–પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)**

### ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

## અંતરના ઉદ્‌ગારો

### ભાવના સાક્ષાત્કાર માટે છે

આ જેટલી સામગ્રી છે તેની ભાવના શા વાસ્તે કરવી પડી ? આ જગત બધું જ ભગવત્ સ્વરૂપાત્મક છે તો ત્યારે કહ્યું કે જે આ જીવ મંદ અધિકારી છે. માટે ભાવના કરી. સાક્ષાત્ જાણ્યા પછી ભાવના શાની ? પ્રભુ જાણ્યા પછી ભાવના નહિ, જાણ્યા તેને તો એક પ્રભુની જ ભાવના.

### ભકતની ઉદારતા

તેજ ભગવદીય કે જે ને પોતાનો સ્વાર્થ ગયો. જે સ્વાર્થી રહ્યો તે સંસારી પ્રકટ જુઓ. દધીચિ મુનિ જુઓ. પોતાનાં હાડકા દેવ માગવા આવ્યા, તે વખતે કાઢીને તરત

આપ્યાં, ને એમણે પોતાના જીવનની આશા રાખી નહિ. એ ભગવદીય છે, ને માગવા આવ્યા તે સંસારી. વૃત્રાસુરને મારવા માટે તુચ્છ સ્વર્ગનું રાજ કરવા માટે આ પ્રકટ એંધાણ છે. ભગવદીય પાસે પ્રાણ માગે તો પ્રાણની ના ન કહે. તો બીજી વસ્તુની તો શાની ના કહે ? પ્રાણ પછવાડે સર્વ છે.

## સેવામાં ચિત્ત રાખશો

આ જીવ પોતે કર્તા થયો, તેથી બંધન થયું. જો હરિ કર્તા જાણે તો બંધન નહિ. ભગવદ્ ઇચ્છાએ આવે તેથી નિર્વાહ કરી ભક્તિ તે શું ? શ્રી ઠાકોરજી વહાલા થાય. શ્રી ઠાકોરજી પર સ્નેહ આવે. પ્રભુની પોતાની ઇચ્છાએ ચાલે. ગમે તેવું કષ્ટ પડે. પણ ઠાકોરજીથી ચલાયમાન થાય નહિ. પાશેર નવટાંક વડે નિર્વાહ કરે. સેવા ઉપર સ્નેહ એવો ને એવો રાખે. કોઇની પાસે ખાસ કારણ કે અડચણ સિવાય સેવા કરાવે નહિ. તે ઉપર દૃષ્ટાંત.

શ્રી ગિરિધર લાલજીને લીલામાં પધરાવવાનું થયું, ત્યારે આંખોમાં જલ ભરાઇ આવ્યું. ત્યારે શ્રી હરિરાયજીએ પુછયું, મહારાજ ! જીવ કયાં છે ? ત્યારે કહ્યું કે શ્રી દ્વારકાનાથજીનું જલ ભરાયું નહિ. ચુનની સેવા થઇ નહિ.

ત્યારે કહ્યું કે વલ્લભકુલમાં તો ના બને. વૈષ્ણવને ઘેર અવતરો ત્યારે બને. તેમાં જીવ રહ્યો છે. જ્યારે સેવામાં ભાવ જાણે, ત્યારે કોઇની પાસે સેવા કરાવે નહિ. દિનપ્રતિદિન સેવા પર સ્નેહ વધતો જ જાય તેનું નામ સેવા જાણવી.

---

## થાનગઢના આંગણે સૌ પ્રથમ વખત પધારતા પુ. પાદ. શ્રી પ્રથમેશ લાલામણીજી મહારાજશ્રી

અત્રેના શ્રી વલ્લભાશ્રય વેદ મંદિરના સ્થાપક નિ. લી. ગો. શ્રી ૧૦૮ શ્રી પ્રથમેશજીના લાલજી પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી પ્રથમેશ લાલામણીજી મહારાજશ્રી ગો. વા. જયેન્દ્રની વિનંતી સ્વીકારી પ્રથમ વખત જ તા. ૨૧–૨–૯૪ના રોજ પધારી વૈષ્ણવોને અલૌકીક લાભ આપેલ.

સાંજે ૪ થી ૫ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંત ઉપર ગૃહસેવા તનુ વિત્તજાની વિસ્તૃત સમજ આપી વચમૃતનું પાન કરાવેલ બાદ શ્રી પુરૂષોતમ પાઠશાળા જુનાગઢની થાનગઢ કેન્દ્ર દ્વારા લેવાયેલ પરીક્ષા પ્રવેશીકા ૧–૨ ના પ્રમાણ પત્રનું થાનગઢ પાઠશાળાના બાળકોને આપશ્રીના શ્રી હસ્તથી વિતરણ કરયું અને બાળકો અભિનંદન સાથ આશીંવાદ આપ્યા.

ઉપરોકત પ્રસંગે થાનગઢ વૈષ્ણવ સમાજે ઉત્સાહભેર ભાગલીધો ડો. મેંઠા સાહેબે આપશ્રીનું કુલમાળાથી સ્વાગત કર્યું હેમુભાઇ કોટેચાએ આભાર વિધિ કરી સાથે અવાર નવાર થાનગઢ પધારી વૈષ્ણવોને સિધ્ધાંત અંગે માર્ગદર્શન આપવા વિનંતી કરેલ

# પુસ્તક પરિચય

## બાલપુષ્ટિ-ભેટ પુસ્તક-વિશેષ અંક

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક શ્રી રમેશભાઇ પરીખ દ્વારા લખાયેલ 'મધુરા મહાપ્રભુજી' સુંદર બાલશૈલીમાં લખાયેલ પુસ્તિકા છે. આ પુસ્તક બાળકોને પુષ્ટિ સંપ્રદાયના આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીનો સંક્ષિપ્તમાં સંપૂર્ણ સુરેખ જીવન પરિચય આપે છે. સાથે સાથે પુજ્ય આચાર્યશ્રીએ પ્રતિપાદિત કરેલ પુષ્ટિ સંપ્રદાયના મૂળભુત સિદ્ધાંતો પણ ટુંકમાં આવરી લેવામાં આવેલ છે.

આ પુસ્તક બાળકો તેમજ સંપ્રદાયને ટુંકમાં સમજવા ઇચ્છતા દરેક વર્ગને ખૂબ જ ઉપયોગી નીવડશે તે નિઃશંક છે.

આ પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરનાર કુ. શેફાલીબેન શાહ અભિનંદનના અધિકારી છે. પુસ્તકના લેખકના મનોભાવને સુંદર રીતે અંગ્રેજીમાં પ્રતિબિંબિત કર્યા છે.

અંગ્રેજી જાણતા દેશ-વિદેશમાં વસતા પુષ્ટિ સંપ્રદાયના બાળકો માટે આ પુસ્તક આચાર્યશ્રી વલ્લભાચાર્યજી તથા સંપ્રદાય વિશે જાણકારી માટે ખૂબજ ઉપયોગી સાબિત થશે. અંગ્રેજી આવૃત્તિના મુદ્રણ કામમાં સ્પેલીંગની ક્ષતિઓ નિવારવી અનિવાર્ય છે.

બંને આવૃત્તિ દરેક વૈષ્ણવ કુટુંબે અચુક વસાવવા જેવી છે અને જન્મદિન પ્રસંગે અનુપમ ભેટરૂપે આપવા લાયક છે.

**પ્રકાશક :**
શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા.
પીન-૩૮૪૦૦૨

**પ્રાપ્તિસ્થાન :**
શ્રી વિજયભાઇ એમ. દેસાઇ
કેમી ઇક્વીપ, પો. બો. નં. ૨૭૨૮
દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯,
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨

## કીર્તન-માધુરી

સંપાદક : શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ
પ્રકાશક : શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ, મર્સી વિલા, અશોકનગર રોડ,
કાંદીવલી (પૂર્વ) મુંબઇ-૪૦૦૧૦૧.
આઠ પેઇજી ડેમી પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ, ન્યોચ્છાવર રૂા. ૧૦/-

પ્રસ્તુત પુસ્તિકામાં વસંતપંચમીથી ડોલોત્સવ સુધીના વસંતોત્સવના કીર્તનોનો સંગ્રહ છે. તે મંગલાથી શયન સુધીના શ્રી સન્મુખ બોલવાના પદોનું સંકલન કરવામાં આવેલ છે. જે ઘરસેવામાં અત્યંત ઉપયોગી છે. આ પદો ઉપરાંત હોરીના પદ અને હોરીના રસીયાનું પણ સંકલન સુંદર રીતે કરેલ છે, ધન્યવાદ !

# સમાચાર

## ''પ્રથમેશજી સ્મૃતિ ગ્રંથના વિમોચન સમારંભો''

સોમયજ્ઞની પરંપરા પુન: ઉભી કરનાર કુંભ મેળામાં શ્રીમદ વલ્લભચાર્યના વંશજોનું અગ્રીમ સ્નાન મેળવનાર ની. લી. પૂ. ગૌ. શ્રી પ્રથમેશજી મહારાજ હતા એ પ્રકારે અમદાવાદ મુકામે તા. ૧૨ મી માર્ચના રોજ શ્રીવલ્લભ સદન હોલમાં યોજાયેલી વૈષ્ણવોની સબાને સંબોધન કરતાં પુ. ગો. શ્રી વાગીશબાવાશ્રી (કાંકરેલી વડોદરા) એ ''પ્રથમેશન સ્મૃતિ ગ્રંથ''નું વિમોચન કરતાં જણાવ્યું હતું. તેઓ પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રથમ પીઠાધીશ્વર અને વૈષ્ણવ પરિષદના તેઓ પ્રાણ હતાં એ પ્રકારે પુ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજશ્રીએ અધ્યક્ષીય પ્રવચન જણાવ્યું હતું.

સંપ્રદાયની તનમનધનપૂર્વક સેવા આપનાર ની, લીં. પુ, ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી હતા એ પ્રકારે અતિથિવિશેષપદેથી પુ ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ (કડી–કોટા) સંબોધનમાં જણાવ્યું હતું, કેન્દ્રીય મંત્રી શ્રી મુકુંદભાઈ શાહે, ગુજરાત પ્રદેશના પ્રમુખશ્રી ઈન્દ્રકાન્ત શેઠ, સંગઠ્ન મંત્રી પ્રોફે. ચિમનભાઈ શેઠ, વિશ્વહિન્દુ પરિષદના પ્રમુખશ્રી કે. કા, શાસ્રી અને શ્રી હસમુખભાઈ ખખ્ખરે તેઓશ્રીની જીવનના પ્રેરણારાથી પ્રસંગોની વિસ્તૃત સમજ આપી હતી. શ્રી જે, સી, વોરા (એડવોકેટ) શ્રી અશ્વિનભાઈ દેસાઈએ પુ. પા. આચાર્યશ્રીઓનું માળા અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

પૂ. ગો. શ્રી વાગીશીબાવાશ્રીના અધ્યક્ષ સ્થાને અને પુ. ગો. રાજેશબાવાશ્રીના (કડી–કોટા) વરદ હસ્તે ''પ્રથમેશજી સ્મૃતિ ગ્રંથ''નું વિમોચન અમદાવાદ શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી–મણીનગર ખાતે પણ યોજવામાં આવ્યું હવું વર્તમાન પરિસ્થિતિમાં તેઓશ્રીનું જીવન પ્રેરણદાયી છે એ પ્રકારના પ્રાસંગિક પ્રવચનો થયા હતા.

'શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાકટય દિન ભવ્ય રીતે ઉજવાયા  
શ્રીવલ્લભ વકતૃત્વ-નિબંધ સ્પર્ધાનું આયોજન  
પરિષદ ભવન–મહિલા ઉદ્યોગ ભવન–વલ્લભચાર્ય  
ઋષિકુળ અંગેના વૈષ્ણવ પરિષદના નિર્ણયો.''

રાષ્ટ્રીય એકતાના પ્રતિક પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રસ્થાપિત કરનાર સ્રીઓ અને શુદ્રોના ઉદ્ધારક શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાકટય ઉત્સવ ભવ્ય રીતે ઉજવવા માટે આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરોની શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અધ્યક્ષ સ્થાને મળેલી સંયુકત મીટીંગમાં સાંપ્રદાયિક બધી જ સંસ્થાઓને અપીલ કરી છે. અમદાવાદ ખાતે શ્રી બાલકૃષ્ણલાલજી મંદિર પાસે ગોરધન નગરનાં (મણીનગર, યોજાયેલ આ સંમેલનમાં કેન્દ્રીય મંત્રી શ્રી મુકુંદભાઈ આર. શાહ, મધુસુદન શાસ્રી પ્રિ. વી. પી. પરીખ પ્રોફે, ચીમનભાઈ શેઠ, પ્રિ. સી. પી. તલાટી વિગેરે અગ્રણીઓ આ સંમેલનમાં રાહભાગી બન્યા હતા.

વડોદરા ખાતે આં. પુ. વૈ. પરિષદ ભવન અંગે પુ. શ્વી પ્રદ્યુમ્ન શાસ્ત્રીએ જાણકારી આપી હતી અને ઝવેરચંદ લક્ષ્મીચ:દવાળા શ્રી અશોકભાઈ પરીખ તરફથી મળનાર તૈયાર મકાન માટે તેઓનો આભાર માનવામાં આવ્યો હતો. મહિલા ઉદ્યોગ ભવન વૈષ્ણવ પરિષદ તરફથી અમદાવાદ મણીનગર ખાતે તૈયાર થઈ રહેલા ભવન અંગે જાણકારી પ્રોફે. વીણાબહેને આપી હતી.

શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકળ અંગેની વિસ્તૃત સમાજ રાજકોટના શ્રી હસમુખભાઈએ આપી હતી અને શ્રીમદ વલ્લભાચાર્ય સંકિર્તથી ભવનનું ખાતમુર્હુત ૬ મેના રોજ રાખવામાં આવ્યાની જાણકારી તેઓએ આપી હતી. શ્રીવલ્લભ વકતૃત્વ–નિબંધ સ્પધાની જાણકારી સહ. મંત્રીશ્રી સી. પી. તલાટીએ આપી હતી. તેનું આયોજન એપ્રિલના બદલે મે મહિનામાં શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાકટ્ય દિનની આસપાસ કરવા નકકી કરવામાં આવ્યું છે.

મહાનગરની શાખાના પ્રમુખ–પુષ્ટિ પ્રચાર સેલના સંયોજક શ્રી વીજુભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું–પ્રિ. વી. પી. પરીખે છેલ્લી મીટીંગની નોંધનું વાંચન કર્યું હતું વળી યુવક પ્રવૃત્તિ–ધર્મ સંસ્કાર શિબિર અંગે શ્રી પરીખે વિસ્તૃત રજુઆત કરી તે દિક્ષામાં આગળ વધવાની શીખ આપી હતી હતી વૈષ્ણવ પરિવારના તંત્રી શ્રી રમેશભાઈ પરીખે–સંપ્રદાયના કાર્ય માટેનો સર્પિત કાર્યકરો ઉભા કરવાની સમજ આપી હતી.

કેન્દ્ર દ્વારા લેવાયેલા આઠ બિન્દુઓ વિસ્તૃત સમજ મહા–મંત્રીશ્રી મુકુંદભાઈ શાહે આપી હતી અને ગુજરાત તેમાં વધુ વ્યવસ્થિત રીતે કાર્ય કરી શકશે તેવી આશા–અપેક્ષા તેઓએ વ્યકત કરી હવી વીણાબહેન પરીખ ચંપાબહેન બક્ષી વિગેરે બહેનોએ મહિલા પ્રવૃત્તિની જાણકારી આપી હતી પ્રા. વી. પી. પરીખ, શ્રી વામનભાઈ પટેલ, ચીમનભાઈ બેન્કર, રમેશભાઈ શેઠ, વિગેરે રચનાત્મક સુચનો સાથે પ્રાસંગિક ચર્ચામાં સહભાગી બન્ય હતા.

સૂરત મહાસભાંની પરિક્ષાની વિસ્તૃત સમજ પુ. શ્રી મધુસુદન શાસ્ત્રીએ આપી હતી અને પરિષદના અગ્રણીઓને પુ. ગો. શ્રી વાગીશબાવા શ્રી એન. ગો. શ્રી રાજેશબાવાશ્રીના વરદ હસ્તે ચંદ્રકો–પ્રમાણપત્રો સન્માનપત્ર–ઉપરણ વિગેરે એનાયત કરવામાં આવ્યા હતા. પ્રોફે. રામાણભાઈ શેઠે લાતુરના ભૂકંપગ્રસ્ત વિસ્તારની મુલાકાતની વાતની વિસ્તૃત જાણકારી આયા પછી હવે છેલ્લી મુલાકાતમાં કીટ અર્પણ વિધિનો કાર્યક્રમ ગોઠવવાર્ની વાત સમજાવી હતી ગુજરાતના લગભગ ૧૫૦ કાર્યકરો આ વખતની મીટીંગમાં સહભાગી બન્યા હતા. મહાનગરના વૈષ્ણવોએ સમગ્ર આયોજન કર્યું હયું,

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશને પ. ભ. શ્રી અશોકભાઈ કૃષ્ણદાસ પરીખ–ઝવેરચંદ લક્ષ્મી ચંદ તરફથી વૈષ્ણવ પરિષદની પ્રવૃતિ માટે એક ફ્લેટ વડોદરામાં પ્રાપ્ત થતા 'પરિષદ ભવન'ની વાસ્તુ પુજા ખુબ સારી રીતે સુંદર રીતે સંપન્ન તા. ૨–૪–૯૫નાં રોજ થઈ.

આ પ્રસંગે કાંકરોલીવાળા પૂ. ગો શ્રી વૃજેશકુમારજી મહારાજ, પૂ. ગો. શ્રી દ્વારકેશજી મહોદય, વડોદરા સુરતવાળા પુ. ગો. શ્રી મથુરેશ્વરજી મહોદય, પુ. ગો. શ્રી વાગીશ બાવાશ્રી તેમજ કામવનવાળા પુ. ગો. શ્રી ગોપાલબાવા શ્રીએ ઉપસ્થીત રહી આશીર્વાદ પ્રદાન કરેલ.

વૈષ્ણવ પરિષદના પ્રદેશપ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ, શ્રી પ્રદ્યુમન શાસ્ત્રી, ચીમનભાઈ શેઠ, ગોપાલ ભાઈ શાહ, પ્રો. ચંદ્રવદન પરીખ વડોદરાની દરેક શાખાના પદાધીકારી કાર્યકરો તેમજ વૈષ્ણવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા યોજેલ વકતૃત્વ સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાની તારીખ ૧૫–૫–૯૪ સુધીમાં લંબાવવામાં આવેલ છે.

**વકતૃત્વ સ્પર્ધા :** ૧૮ વર્ષ સુધીના માટે વિષય "વૈષ્ણવ તરીકે પુષ્ટિ માર્ગ એજ મારો આધાર સ્થંભ ૧૯ થી ૪૦ વર્ષના માટે "ભારતીય સંસ્કૃતિ એજ પુષ્ટિ માર્ગ.

નિબંધ સ્પર્ધા : ૧૮ વર્ષ સુધીના માટે (૧) શ્રી વલ્લભ વિના બીજુ નામ નહિ" (૨) હું માનવ વૈષ્ણવ થાઉ તો ઘણુ (૩) ૮૪–૨૫૨ ભગવદીઓના વાર્તાપ્રસંગો ૧૯ થી ૪૦ વર્ષ માટે (૧) પુષ્ટિ સ્વાધ્યાય

એક અનોખો અભિગમ (૨) પુષ્ટિમાર્ગ–અતીત–આજ–આવતીકાલ (૩) શ્રી વલ્લભની ભારત યાત્રા અને તેની ફ્લશ્રુતી,

સ્થાનિક લેવલ સ્પર્ધા યોજી નંબર ૧ થી ૩ના નામો સી પી. તલાટી સ્ટેટ બેન્ક સામે – હાલોલનાં સરનામે મોકલવા.

જુન માસમાં અમદાવાદ કે વડોદરામાં ફાઈનલ સ્પર્ધા યોજવામાં આવશે ત્યાં ઈનામ વિતરણ પણ થશે.

**વડોદરા :** અમેરિકા જેવા ભૌતિકવાદી દેશમાં ભારતીય સંસ્કૃતિની ઉજ્જવલ પરંપરાનો પ્રારભ શ્રી દ્વારકાધીશ પ્રભુની પધરામણી દ્વારા થઈ ચુકયો છે. એ મુજબના ઉદગારો પૂ. ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રીએ બેઠક મંદિરની વિશાળ સભામાં ઉચાર્યા હતા. આ પ્રસંગે પુ. પા. ગો. શ્રી દ્વારકેશજી મહોદય તેમજ પુ. ગો. શ્રી વાગીશબાવાની પણ ઉપસ્થીત હતી.

કાર્યક્રમનું આયોજન ભકિતનિધિ ટ્રસ્ટ ન્યુ જર્સી, અમેરીકા દ્વારા કરવામાં આવ્યું હતું. ન્યુજર્સીમાં શ્રી દ્વારકાધીશ પ્રભુની હવેલી નિર્માણ કરવાના ભાગરૂપે શ્રી દ્વારકાધીશ પ્રભુના સ્વરૂપને જે પધરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તે સ્વરૂપ દર્શન કરાવવામાં આવ્યા હતા તેમજ આ પ્રસગે અમેરિકા નિવાસી આયોજનના મુખ્ય શીલ્પીઓ મનુભાઈ દેસાઇ, ગોવીંદભાઈ પારેખ, પંકજભાઇ શેઠ, ચન્દ્રકાંતભાઇ શેઠ વિગેરેએ ઉપસ્થીત રહી પ્રાસંગીક ઉદબોધન કરેલ.

વૈષ્ણવ પરિષદના સંગઠ્ઠન મંત્રી શ્રી ચીમનભાઇ શેઠે સફળ સંચાલન કરેલ.

✠ પાણીની અછતનો એક માત્ર સરલ ઉકેલ :– સૌરાષ્ટ્ર તેમજ અન્ય વિસ્તારોમાં પાણીની અછતને કારણે તકલીફ ભોગવવી પડે છે જેને કારણે ખેતીવાડી તથા પીવાના પાણીમાં અવારનવાર મુશ્કેલી ઉભી થાય છે. આ બધાનો સરલ ઉપાય દરિયામાં વહી જતું પાણી અટકાવી સામાન્ય ખર્ચમાં કુવા તથા બોરવાળી કુવા રિચાર્જ કાર્યમાં દરેક વ્યકિતએ લાગી જવું જોઈએ, જેથી ખેત ઉત્પાદને વધવાની સાથે પશુ આહાર પણ જોઈતા પ્રમાણમાં પ્રાપ્ત થશે. સાથે માનવને પણ પાણીની મુશ્કેલી નહિ પડે.

પ્રભુ સેવા–ગૌ સેવા–માનવ સેવા દરેક કાર્યમાં આ પ્રવૃતિ ઉપકારક થઇ શકે છે. આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ આધિ ભૌતિક ઉન્નતિ આવશ્યક છે આ માટે કાર્યનું ધાર્મિક મહત્વ સ્વીકારી શકાય છે તો દરેક વ્યકિત આ કાર્યોમાં પોતાના સંપુર્ણ પ્રયાસ સાથે સહભાગી થાય તેવી આજ્ઞાં જુનાગઢ બિરાજમાતા ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ તથા ગો. શ્રી પીયુષબાવાશ્રીએ કરેલ છે.

જુનાગઢવાળા ગો. શ્રી વિઠલરાયજી મહારાજ, જામનગરવાળા ગો. શ્રી હરિરાયજી મહારાજ, અમરેલી વાળા ગો. શ્રી વૃજજીવનજી મહારાજ, ગો. શ્રી દ્વારકેશજી મહોદય વિગેરે ગૌસ્વામી બાલકો તેમજ વૈષ્ણવ પરિષદના કાર્યકરો કુવા રિચાર્જમાં કાર્યક્રમની પ્રેરણા આપવા તેમજ સહાયભુત બનવા સતત પ્રયત્નશીલ રહી સૌરાષ્ટ્રને નંદનવન બનાવવાના કાર્યમાં સહભાગી બની રહેલ છે.

## ભાવાંજલી

પોરબંદરવાળા પુ. પા. ગોસ્વામી ૧૦૮ શ્રી ગોવિંદરાયજીના વહુજી પુ. શ્રી ચંદ્રપ્રભા વહુજી તા. ૨–૨–૯૪ ના નિત્યલીલામાં પધારતાં જુનાગઢ મોટી હવેલીમાં ગો. શ્રી કિશોરચંદ્રજી પુરૂષોતમલાલજીના અધ્યક્ષસ્થાને વૈષ્ણવોની એક સભામાં ભાવાજલી અર્પણ કરવામાં આવેલી આપશ્રીના ગુણગાનનું સ્મરણ કરી. કૃષ્ણાશ્રયનો પાઠ કરી ભાવાંજલી અર્પણ કરવામાં આવેલી.

પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
જયંત ચેમ્બર
રજપુતપરા મેઈન રોડ, **રાજકોટ**

# શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ

## તા. ૩૧-૩-૯૨ ના રોજનું સરવૈયું

| ફંડ તથા જવાબદારી | | રકમ રૂ. | મિલ્કત તથા લેણા | | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| આ જીવન ગ્રાહક લવાજમ | | | પુસ્તક પ્રકાશન | | |
| ગત વર્ષ | ૭૧.૩૩૪-૦૦ | | ગત વર્ષ | ૭.૭૧૯-૫૩ | |
| વધારો | ૧૬.૧૬૪-૦૦ | | ઘટાડો | ૫.૫૩૨-૦૦ | |
| | | ૮૭ ૪૯૮-૦૦ | | | ૨ ૧૮૭-૫૩ |
| એડવાન્સ લવાજમ | | | **ભગવાનદાસ વેલજી** | | |
| ૧૯૯૨-૯૩ લવાજમ | ૨૧.૦૩૨-૦૦ | | ગત વર્ષ | ૧.૧૩૧-૦૦ | |
| ૧૯૯૩-૯૪ | ૭૫-૦૦ | | વધારો | ૧૯૯-૦૦ | |
| | | ૩૧.૧૦૭-૦૦ | | | ૧.૩૩૦-૦૦ |
| અનામત ચાલુ વર્ષ | | ૨૫-૦૦ | **અમૃતલાલ સુંદરજી** | | |
| કંચનલાલ હિંમતલાલ ગત વર્ષ | | ૧૫-૦૦ | ગત વર્ષ | ૪૦-૦૦ | |
| કૃષ્ણલાલ મુળજીભાઈ ગત વર્ષ | | ૧૫-૦૦ | વધારો | ૬૯૦-૦૦ | |
| | | | | | ૭૩૦-૦૦ |
| | | | જાદવ જીવરાજ ચાલુ વર્ષ | | ૨૫-૦૦ |
| | | | મનસુખલાલ માધવજી ચાલુ વર્ષ | | ૩૭૬-૦૦ |
| | | | **રોકડ અને બેંક બેલેન્સ** | | |
| | | | સીકયોરીટી ડીપોઝીટ | | ૩૯૦-૦૦ |
| | | | રા. ના. સ. બેંક સેવિંગ | | ૭.૯૮૮-૦૭ |
| | | | સીટીઝન્સ કો. ઓ બેંક | | ૧.૫૯૮-૯૫ |
| | | | રા. ના. સ. બેંક એફ. ડી. | | ૮૫.૦૦૦-૦૦ |
| | | | પુરાંત સિલક | | ૭.૯૭૭-૫૫ |
| | | | **આવક ખર્ચ ખાતે** | | |
| | | | ગત વર્ષ | ૩.૦૩૨-૨૫ | |
| | | | વધારો | ૧.૯૭૫-૩૫ | |
| | | | | | ૧.૦૫૬-૯૦ |
| **કુલ સરવાળો** | | **૧,૦૮,૬૬૦-૦૦** | **કુલ સરવાળો રૂ.** | | **૧,૦૮,૬૬૦-૦૦** |

રાજકોટ તા. ૮-૧૨-૯૩

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
સઘી તથા સીકકો

# ભૂતલ પ્રકટયા કરુણાનીધિ વલ્લભ હો

### (શ્રીમદ્ હરિરાય મહાપ્રભુકૃત)

રતિપંથ પ્રકટ કરવાને કાજ રે
ભૂતલ પ્રકટયા કરુણાનીધિ વલ્લભ હો
સકલ દૈવી જનોનાં મન હુલસ્યાં રે
વણ સાધન પામીશું પરમ ફલ હો (૧)

કર્યો દુર તિમિર માયામતનો રે
દશર્યો વેદ વચન અનુસાર પંથ હો
આ મારગે દઢ જન તેમનાં રે
મુખે પત્ર ફુલ ફલ હરિ મેલતા હો (૨)

સિંચે વચનામૃત સેવક મહીં રે
બાળે રિપુ વચનના અનલથી હો
પ્રગટાવ્યો સેવા રસ સાગર રે
અતિ શીતલ વદન–અનલ થકી હો (૩)

તાપ પલમાં ઉપજે સાનિધ્યમહીં રે
દે કેવલ વિરહ આનંદ રસ હો
દેખો સંત વિચારી ચિત્ત સારી પેર રે
સ્વયં ગોકુલપતિ નકકી જાણજો હો (૪)

દોષ નિવારે દઈને ચરણોદક રે
કરે કલિમલજન અતિ નિર્મલ હો
ભજે નિત જે 'રસિક' વલ્લપદ રે
બડભાગી સદાય મન નિર્મલ હો (૫)

પદ્યાનુવાદ : **પ્રો. એમ. આર. પાલેજા** (રાજપીપળા)

---

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.

---

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

# શ્રી વલ્લભસુધા

## ઈન્દુરી કી ચોરી

હમારી ઇન્દુરીયા દેઉ કાન્હા,
મેરી ઇન્દુરી મેં જડ રહે મોતી, તેરી જાતિ ન જાનું ગોતી;
મેરી ઇન્દુરી મેં જડ રહે હીરા, તેરી જાતિ ન જાનું અહીરા, ૧

મેરી ઇન્દુરી મેં જડ રહે પન્ના, તુ ઘર-ઘર ડોલૈ હૈ ધન્ના,
અબ મથુરા મેં મૈં જાઊ, તોય ખુરચન પેડા લાઊં. ૨

અબ પીહર મેં મૈં જાઊં, તોય કુરતા ટોપી લાઊં,
તુ **'ચંદસખી'** કૌ પ્યારૌ, તુ સબ બ્રજ કૌ રખવારો. ૩

—ભકત કવિ ચંદ્રજુ ગોપીકાંત વ્યાસ, ઓડછા

※ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દ્રઢ બનાવો ※

વર્ષ ૧૩ : અંક-૩ જુન ૧૯૯૪
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-** * **આજીવન રૂા. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

# પુસ્તક પરિચય

**પુષ્ટિમાર્ગીય સેવારીતિ –**

**વિવેચક** – શ્રી હરેકૃષ્ણ પન્નાલાલ શાસ્ત્રી, ગોકૂલ

પ્રકાશક નિવેદન પ્રસાર મંડલ

શ્રી ગુસાંઈજીની બેઠક, શ્રી ઠકુરાની ઘાટ

**ગોકુલ** – ૨૮૧૩૦૩

આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૧૭૭, પીન બાઈન્ડીંગ. ન્યો. રૂા. ૩૫/-

પ્રસ્તુત પુસ્તક નિવેદન ગ્રન્થમાલાનું પ્રથમ પુષ્પ ગો. વા. પ. ભ. શ્રી બસંતકુમાર ચાંડક સ્મૃતિ અંક તરીકે હિંદી ભાષા અને સુવાચ્ય અક્ષરોમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની અંદર શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજીના ભૂતલ પર પ્રાકટ્યનો હેતુ દર્શાવ્યા બાદ દેવ–દ્રવ્ય, સેવારીતિ, સમર્પણ તથા અર્પણમાં ભેદ, ગુરુ–ભેટ, મંદિર. ગુરુ ઔર ગોવિંદ વગેરે પ્રશ્નોના ઉત્તરોની દાખલા–દલીલ પ્રમાણો સહશાસ્ત્રો–ગ્રન્થો અને અષ્ટ સખાની વાણીના આધારે સરળ શૈલીમાં રજુઆત કરેલ છે. જે વિસ્તૃત છણાવટ અત્યંત વિચારણીય છે,

આ પ્રકાશનને ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ, જામનગર તથા ગો, શ્રી ચન્દ્રલતા બેટીજી, કામવન વાળાના આશીર્વચન તેમજ અગ્રગણ્ય વૈષ્ણવ, વિદ્વાનોના સંમતિપત્રો સાંપડેલ છે.

## શ્રી બેટીજીનો લગ્ન પ્રસ્તાવ

સં. ૨૦૫૦ના મહા સુદ ૧૦ તા. ૨૦–૨–૯૪ રવિવારના દિવસે મથુરા–પોરબંદરવાળા ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના સૌ. કાં. શ્રી શોભા બેટીજીના લગ્ન રાજકોટ નિવાસી શ્રી શ્યામભટ્ટજીના દ્વિતીય પુત્ર શ્રી શૈલેન ભટ્ટ સાથે ખુબજ ધામધુમથી સંપન્ન થયા.

પ્રસ્તાવ વિધિ શ્રી હરિશભાઈ ઉપાધ્યાયજીએ કરાવી હતી.

પ્રસ્તાવમાં સર્વશ્રી ગો. વૃજરમણલાલજી મહારાજ (મથુરા) ગો. ગોપાલલાલજી (કોટા) ગો. કનૈયાલાલજી (પોરબંદર), ગો. શ્યામ મનોહરજી (પોરબંદર), ગો. ચંદ્રગોપાલ, ગો. વસંતકુમારજી ગો. વિશાલકુમાર, ગો. અભિષેકજી, શ્રી અક્ષયકુમારજી, ગો. વિશાલકુમાર, ગો. મિલનકુમાર (પોરબંદર) ઉપરાંત ગો. વ્રજેશકુમારજી ગો. શ્રી દ્વારકેશ બાવા (કાંકરોલી), ગો. શ્યામ મનોહરજી (પાર્લા–મુંબઈ), પ્રથમેશ ગો. લાલમણિજી ગો. વ્રજાધીશજી (મુંબઈ) ગો. વ્રજેશકુમારજી (કામવન) ગો. શ્રી હરિરાયજી (જામનગર) ગો. શ્રી રસિકરાયજી (જુનાગઢ), ગો. વ્રજેશકુમારજી, ગો. વિજયકુમારજી, ગો. વલ્લભલાલજી (કડી) ગો. શરદબાવા (માંડવી), ગો. રવિન્દ્રબાવા (રાજકોટ). ગો. ગોપીબાવા (રાજકોટ) ગો. પંકજબાવા રાજકોટ) ગો. પુરૂષોતમ લાલજી (કાંદિવલી) ગો. રઘુનાથજી (કામવન) વગેરે ઉપરાંત સજાતીય ભટ્ટ વર્ગની ઉપસ્થિતિ હતી.

આ પ્રસંગે દેશથી તેમજ વિદેશથી અનેક વૈષ્ણવો ઉપસ્થિત થઈને પ્રસ્તાવનો આનંદ લીધો હતો,

રાજકોર્ટની કીર્તનીયા મંડલીએ પ્રસ્તાવ દરમ્યાન સરાહનીય સેવા આપી હતી. શ્રી હરિવલ્લભ પંડયા પોરબંદર અને અમેરિકાના શ્રી શ્યામદાસે પણ કીર્તનમાં સાથ આપ્યો હતો.

શ્રી કાંતિભાઈ રાધનપુરાના પ્રમુખસ્થાને રાજકોટના વૈષ્ણવોની બનેલી પ્રસ્તાવ સમિતિએ બહુજ સુંદર મંડપ–મંડાણ વ્યવસ્થા તેમજ ઉતારા વ્યવસ્થા ખુબજ સુચારુ રીતે કરી હતી.

વધુ માટે જુઓ ટાઈટલ ૩જું

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૩ ※ જુન, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## 'ભગવદ્ ભાવ સે હી અમરતા'

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
**અનુવાદક :** ડૉ. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

પ્રિય શ્રોતાજનો,

અહીં આ જગતમાં દરેક માનવી પોતાને અમર બનાવવા ઇચ્છે છે. મારૂં નામ નાશ ન પામે, તો આ અમરતા કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ? અહીં એ વાત સમજવાની છે કે જગતના જેટલા પ્રાણી છે તે આવવા જવા વાળા છે તેમાં બીજી કોઇ વાત ન થઇ શકે.

છતાં પણ માણસ પોતાને અમર બનાવવા ઇચ્છે છે એ વાત સમજવાની છે. આપણને શાસ્ત્રોએ બતાવ્યું છે કે અમરતા કયાં છે ? જેની ભાવના ઉત્તમ છે તે અમર છે. જેની ભાવના નીચ થઇ ગઇ છે, હીન થઇ ગઇ છે તે મરેલ છે. જીવનમાં કર્મનું મહત્વ છે, જ્ઞાનનું પણ મહત્વ છે, પરંતુ ભાવનાનું મહત્વ બધાથી વિશેષ છે. કર્મ સારા હોય, બની શકે. પરંતુ ભાવના સારી ન હોય, ઊંચામાં ઊંચા અને પવિત્રમાં પવિત્ર જેને માનતા હોઇએ

**શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી** તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
* **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

એ કર્મ પણ ભાવના વગરના માનવીનું હિત સાધી નહીં શકે. હીન ભાવનાનું સારૂં સાધન કયું ? ઉત્તમ કર્મ પણ ભાવના વગર કયું ફળ આપી શકે ?

આ રીતે જ્ઞાનનું પણ મહત્વપુર્ણ ઉત્તમમાં ઉત્તમ સ્થાન છે. ભગવાને કહ્યું છે– 'જ્ઞાનીત્વાત્મેય મતમ્' જ્ઞાની તો સાક્ષાત્ મારો આત્મા જ છે. અહીં સુધી ભગવાને પદવી આપી. પરંતુ જ્ઞાન સર્વોત્તમ હોવા છતાં પણ પોતે ફળરૂપ નથી. જ્ઞાન પણ પોતે સ્વયં ફળરૂપ નથી. પરંતુ ફળ માટે એક સાધન, ઉપકરણ બની શકે છે. જ્ઞાન દ્વારા માનવી ફળની નિકટતા, તેનો પરિચય પ્રાપ્ત કરી શકે છે, પરંતુ આ જ્ઞાન જ ફળ હોય તો ઉત્તમ ફળને જાણ્યા પછી પોતાને લાભ થયો છે એમ માનત.

એમ સમજો કે કોઇ મનુષ્યને ઉત્તમ પદાર્થ, ખાદ્ય પદાર્થ, ખાવાની વસ્તુનો પરિચય મેળવી લે, પરંતુ પરિચય મેળવી લેવા માત્રથી તેની ભૂખ શું દુર થઇ શકે છે ? નથી થઇ શકતી. ભૂખ તો રહે જ છે. એવી રીતે જ્ઞાની મહાપુરૂષ છે, ખૂબ જ ઉચ્ચી શિક્ષાવાળી વ્યકિત છે. જ્ઞાની છે, જ્ઞન જ સાધનભકિત છે. તેનું જ્ઞાન આપણે પ્રાપ્ત કરી લીધું. તેની ઉચ્ચતા, જ્ઞાન મેળવ્યા પછી પણ અમલમાં શું આવી શકે છે ? નથી આવતી.

જ્ઞાન જાણવું ઘણું સારૂં છે. તેને જાણીને જ મનુષ્યને લાભ થાય છે. એવી વાત નથી. જાણ્યા પછી તેને જાણેલી વસ્તુને (જ્ઞાનને) આત્મસાત્ નથી કરતો એટલે કે તેનાથી લાભ પણ નથી ઉઠાવતો ત્યાં સુધી તો જ્ઞાન પણ એક પ્રકારના ભારરૂપ જ છે. જ્ઞાન પ્રાપ્ત કર્યું, પરંતુ મેળવ્યું કંઇ નહી. આવી જાણકારી શું કામની ? જાણેલી વસ્તુને પોતાની બનાવી લઇએ ત્યારે તેનો લાભ મળે છે.

ભાવના એક રીતે એવો પદાર્થ છે, તે મનુષ્યને ભાવના કરવાવાળાને પોતાનામય બનાવી દે છે. જે ભાવના કરે છે તે તદ્રૂપ બની જાય છે. જ્ઞાની બની જાય છે. પુષ્ટિમાર્ગમાં આપણને ભાવનાનું જ વિશેષ મહત્વ બતાવ્યું છે. જીવનમાં સત્ય વસ્તુ જ પ્રાપ્ત કરવી હોય, તમારે અમરતા પ્રાપ્ત કરવી છે, તો તેનો એકમાત્ર ઉપાય છે ભાવના. ભાવના વગર તમે સત્યને પ્રાપ્ત નહીં કરી શકો. સત્ય પ્રાપ્ત કર્યા વગર અમરતા પ્રાપ્ત ન થઈ શકે. જે સત્ય મેળવે છે તે અમર બને છે. તો ભાવનાનું મહત્વ આચાર્યચરણે આપણને મુખ્ય રીતે સમજાવ્યું છે

હવે એક સુંદર વાત કહેવાય છે–

'બુદ્ધિનાશાત્ પ્રણયશ્યતિ' બુદ્ધિનો નાશ થવાથી માનવીનો નાશ થઇ જાય છે. કારણ કે શરીરનો નાશ થવાથી નાશ નથી થતો, આત્મા તો અજર અમર છે, તેનો નાશ નથી થતો, બુદ્ધિનો નાશ થઇ જાય તો માનવનો અવશ્ય નાશ થઇ જાય છે. તેમાં સંદેહની કોઇ વાત નથી.

બુદ્ધિ પણ પવિત્રતા, સત્યનિષ્ઠા, અમરતા પ્રાપ્ત કરાવે છે. અમરતા પ્રાપ્ત કરાવવાનું જો કોઇ સાધન હોય તો બુદ્ધિની સત્યનિષ્ઠા અને ભાવનાશીલતા છે.

ભાવનાશીલ બુદ્ધિ અવશ્ય આપણને કૃતાર્થ બનાવે છે. અવશ્ય બનાવી લે છે. તેથી

આચાર્યચરણોએ આજ્ઞા આપી છે–

'સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિ ર્દૃઢા ભવેત્ ।
યાવત્ જીવં તસ્ય નાશો ન ક્વાપિતિ
મતિર્મમ:' ॥

ભગવાનની સેવામાં, ભગવાનની કથામાં જેની જીવનપર્યંત દૃઢ આસક્તિ છે તેનો નાશ નથી થતો, ક્યારેય પણ નથી થઇ શકતો. અહીં નાશ એટલે શું સમજવું જોઇએ ? શું માણસ મરતો નથી ? તેની અવસ્થા નથી બદલાતી ? એવી વાત તો નથી. શરીરનું પરિવર્તન થવાનું આવશ્યક છે. એક જ અવસ્થા ક્યારેય ન રહી શકે. પરંતુ તેનો નાશ નથી થતો. તેનું તાત્પર્ય એ છે કે તેની સદભાવના ભગવત્ ભાવના તેના હૃદયમાં સદૈવ બની રહે છે. આ સદભાવના હૃદયમાંથી ક્યારેય દુર નથી થતી.

જેના હૃદયમાં ભગવદ્ ભાવના છે તે અમર છે અને જેના હૃદયમાં જગત વસે છે તે અમર નથી થઇ શકતો. આચાર્યચરણોની એ સંમતિ છે કે જેની મારી કથામાં સેવામાં આસક્તિ છે તે અમર બની શકે છે. સ્થિતિ ભગવાનમાં બની રહે છે. જગતમાં તેની નિત્ય સ્થિતિ બની રહેશે એ સમજવાની આવશ્યકતા નથી, ભગવાનની સમિપતા બની રહેશે.

સેવા અને કથા બંને જ અમર બનાવવાવાળા છે. માનવીએ સેવામાર્ગ અને કથારસનું સેવન અવશ્ય કરવું જોઇએ. અમરતાનું આ અનુપમ સાધન છે. આચાર્યચરણોએ કૃપા કરીને પ્રમુખ માર્ગ બતાવ્યો છે. આટલું કહીને આજનું વક્તવ્ય સમાપ્ત કરવામાં આવે છે.

॥ શ્રી કૃષ્ણાય નમ: ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમ: ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમ: ॥

# કૃષ્ણલીલામૃત પાન

લે. પ્રો. એમ. આર. પાલેજા રાજપીપળા

(૨)

## શ્રી મંગલાચરણ

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ તથા ભગવદ્ અનુગ્રહરૂપી પુષ્ટિમાર્ગના આદ્ય સંસ્થાપક કરૂણાકર મહાપ્રભુજી શ્રી વલ્લભ પ્રકટ સ્વરૂપ ધારણ કરી ધરાતલ પરના દીન, આર્ત, દુખી જીવોને શરણમાં લઇ તેમને બ્રહ્મસંબંધ કરાવી પુષ્ટિમાર્ગમાં સ્થિત કરે છે; સંસારની ભ્રમજાળથી મુક્ત કરી તેમને બ્રહ્મસંબંધનું દાન દઈ પ્રભુના પુનિત પાદારવિંદની, પરમફળની પ્રાપ્તિ કરાવે છે.

આ બ્રહ્મસંબંધ એટલે પૃથ્વી પર જન્મ ધારણ કરી ભૂલા પડી ગયેલા, વિખૂટા પડી ગયેલા જીવોનો નિર્ગુણ નિરાકાર, સગુણ સાકાર

પરબ્રહ્મ પુર્ણ પુરુષોત્તમ પુષ્ટિ પ્રભુ શ્રી કૃષ્ણ સાથે અલૌકિક સંબંધ.

પુષ્ટિમાર્ગમાં શ્રી કૃષ્ણની બાલલીલાના દર્શન સર્વોપરિ ફલરૂપ ગણાય છે. બ્રહ્માદિ દેવો શેષ, નારદ, શારદ, સુરનર, શિવ જેવા ભલભલા દેવો, ઋષિમુનિઓ પણ આ અદ્ભૂત લીલાના દર્શન કરવા, ઝાંખી કરવા અહર્નિશ ઝંખ્યા કરે છે છતાં પાર પામી શક્તા નથી. તેઓ સદા પ્રભુના શ્રીચરણકમલની પ્રાપ્તિની ઇચ્છા રાખે છે. છતાં શ્રી બાલકૃષ્ણ પ્રભુની અનંત અપાર અલૌકિક લીલાનો પાર પામી શક્તા નથી. પ્રભુ તો અનુગ્રહશીલ છે. તેથી શ્રી મહાપ્રભુજીની કાનિથી પોતાના નીજના અંગિકૃત ભકતજનોને તે લીલાનો સાનુભવ કરાવવા પ્રભુ તે ભક્તોના તનમન પ્રાણરૂપ બની જાય છે; તેમનો સર્વથા પોતાના નિજાનંદ સ્વરૂપમાં નિરોધ કરવા પરમાનંદ પ્રભુ તેમને દિવ્યાનંદનો અનુભવ કરાવવા અલૌકિક નિગુઢ રસનું દાન કરે છે જેથી આવા ભગવદી ભકતજનોની પ્રભુભક્તિમાં પ્રેમ, આસકિત અને વ્યસન સહજ સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણપ્રભુની બાલલીલા તો પુષ્ટિ પ્રમેય બલની જ લીલા છે હૃદયપૂર્વકની પ્રભુની ભકિત થકી આવા ઉત્તમ ફલની પ્રાપ્તિ થાય છે. સામાન્ય જનોને પણ પ્રભુની લીલાના શ્રવણ, સ્મરણ, વાચન અને મનનથી આનંદની, સુખની અનુભૂતિ થાય છે.

આપણા ઠાકોરજી શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે. તે જ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમના સાક્ષાત્ સ્વરૂપ છે, ઇશ્વરેશ્વર છે, સર્વોચ્ચ દેવાધિદેવ છે, સર્વોપરિ છે, અનંન કરૂણાકર શ્રી વલ્લભ જે જીવ પર કૃપા વરસાવે છે તે જીવને આ જીવનમાં જ પ્રભુના શ્રી ચરણકમલની, પરમ ફલની પ્રાપ્તિ થાય છે. આ પરમફલરૂપ પ્રભુપદની પ્રાપ્તિ જે બ્રહ્મા, મહેશ, ઇન્દ્ર જેવા દેવોને પણ દુર્લભ છે, તે શ્રી વલ્લભની કૃપા થકી ભગવદી વૈષ્ણવોને સુલભ બને છે, દેવો પણ જે પરબ્રહ્મ સ્વરૂપનો પાર પામી શક્તા નથી એ સ્વરૂપ પરમકૃપાળુ શ્રી વલ્લભ કૃપા કરી નીજ અંગિકૃત જીવના માથે પધરાવી આપે છે.

આવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પ્રભુના અપાર મહિમાને સમજવા માટે પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમને જ્ઞાન અને ભકિત થકી પિછાણવા જરૂરી છે. આ બ્રહ્મનું સ્વરૂપ સમજાય તો જીવને પ્રભુમાં પ્રેમ થાય છે. સ્વરૂપને સમજ્યા – પિછાણ્યા વગર આપણે જ્ઞાનમાર્ગે ભકિતમાર્ગે આગળ વધીએ પણ ફલની પ્રાપ્તિ થઇ શકતી નથી, આપણે ઠેરના ઠેર રહી જઇએ છીએ.

ઉપનિષદોમાં છાન્દોગ્ય નામનો એક ઉપનિષદ્ છે. તેમાં શ્રી સનતકુમાર અને શ્રી નારદમુનિની એક સુંદર વાર્તા છે.

દેવર્ષિ નારદ અથાગ પરિશ્રમ કરી વિદ્યા સંપન્ન અને જ્ઞાનસંપન્ન બન્યા હતા. આમ છતાં તેમને એક અભાવ વર્તાઇ રહ્યો હતો, તેમને સુખ મળ્યું ન હતું. તેમણે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાનની સાધના કરી હતી. પરંતુ આટલું બધું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ તેમને આત્મજ્ઞાન મળી શકયું ન હતું. આથી તેઓ એક પ્રકારનો અજંપો અનુભવી રહ્યા હતા.

દેવર્ષિ નારદ દુઃખી હતા કારણ કે તેમને વિપુલ જ્ઞાનથી કલ્યાણની પ્રાપ્તિ થઇ શકી ન હતી. નારદજી શોકથી પીડાતા હતા કારણ કે પરમ સુખ મેળવવા તેમના જીવનમાં કઈ

વસ્તુ ખૂટતી હતી તેની તેમને કોઇ સૂઝ પડતી ન હતી.

માણસને ઉત્તમ કુળ, વિદ્યા, જ્ઞાન, આચાર અને સાધન સંપત્તિથી અભિમાન આવે છે જ્ઞાનથી હુંત્વ – અહંતા ધનુષ્યના ટંકારની જેમ પોતાનું સામર્થ્ય સિદ્ધ કરવા તત્પર બને છે પરંતુ શ્રેય સાધનની પ્રાપ્તિને માટે કલ્યાણની કામનાવાળા નારદજી અહંતા મમતાનો ત્યાગ કરી શ્રી સનતકુમારના શરણે ગયા.

એક શિષ્યની જેમ દીનભાવે નમ્રતાપૂર્વક વિનંતી કરતાં નારદજીએ કહ્યું :

ભગવન્ ! બ્રહ્મજ્ઞાન મેળવવાની ઇચ્છાથી મારૂં શ્રેય સાધવા હું આપના શરણે આવ્યો છું. મને આપશ્રી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો. બ્રહ્મ શું છે તે કૃપા કરીને મને સમજાવો'

શ્રી સનતકુમાર કહે :

'નારદજી ! તમારી જિજ્ઞાસા પ્રશંસનીય છે પરંતુ પહેલાં મને એ કહો કે બ્રહ્મજ્ઞાનના વિષયમાં તમે શું શું જાણો છો. પછી હું તમારા મનનું સમાધાન કરવા એ વિષે ઉપદેશ આપીશ.'

આ સાંભળી નારદજીના મનમાં સૂતેલી અહંતા સળવળી ઊઠી : પોતાની સિદ્ધિ અને મહત્તા બતાવવા તેમણે કહ્યું :

ભગવન્ ! હું બધી વિદ્યાઓ સંપાદન કરી ચૂકયો છું. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ મેં આત્મસાત્ કર્યા છે. ઇતિહાસ, મહાભારત આદિ પાંચે વેદોનો મેં નિતાંત અભ્યાસ કર્યો છે. વ્યાકારણ, ગણિત, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, દેવવિદ્યા, નિરૂક્ત, કલ્પ, છંદ, ભૂતવિદ્યા, ક્ષત્રવિદ્યા, ધનુર્વિદ્યા, જ્યોતિષ, સર્પવિદ્યા, નૃત્ય, ગાન, વાદ્ય અને શિલ્પાદિ વિજ્ઞાન એ બધી વિદ્યાઓનું જ્ઞાન મે સંપાદન કર્યું છે.

સનતકુમાર કહે :

નારદજી ! આ બધું તમે જાણો છો એ ખુશીની વાત છે. પરંતુ આ બધું તો નામમાત્ર જ છે. મને કહેવા દો કે વિશ્વમાં ખરેખર જે વેદ્ય છે, જ્ઞેય છે – જાણવા યોગ્ય છે, શ્રેય છે, પ્રાપ્તવ્ય છે તેમાંનું તો તમે કંઈ જ જાણતા નથી તેના વિના તમારૂં આ બધું જ્ઞાન તો એકડા વિનાના મીંડા જેવું છે; જ્ઞાનવૃક્ષના મૂળને જાણવાની પરવા કર્યા વગર તે વૃક્ષના ડાળી–ડારખાં, પાંદડાને જાણવાના પ્રયત્ન બરાબર છે. જે જ્ઞાનનું પણ જ્ઞાન છે, તત્ત્વનું પણ તત્ત્વ છે, ચરાચર સર્વનું મૂળ છે તેને જાણ્યા – પિછાણ્યા વગર તમે જે જ્ઞાન સંપાદન કર્યું છે તે તો નિરસ જ્ઞાન છે, સાર વગરનું જ્ઞાન છે, ભકિતભાવવિહોણું જ્ઞાન શુષ્ક છે. બ્રહ્મજ્ઞાન તો શુષ્ક જ્ઞાન અને ભાવ વિનાની ભકિતથી પ્રાપ્ત થઇ શકે નહીં. તમે તમારૂં પોતાનું સ્વરૂપ જાણો તો બ્રહ્મનું સ્વરૂપ અને જગતનું સ્વરૂપ તમને આપોઆપ સમજાઈ જશે. 'હું કોણ' એ જો તમને સમજાય તો 'તું કોણ' અને 'તે કોણ' પણ તમને સમજાશે નારદજી, સ્વરૂપજ્ઞાન વિનાનું જ્ઞાન અધુરૂં જ્ઞાન છે.

પછી શ્રી સનતકુમારે નારદજીને બ્રહ્મબોધ આપ્યો.

નારદજી તો ચોસઠ વિદ્યાના જાણકાર હતા. આમ છતાં આત્મજ્ઞાન – બ્રહ્મજ્ઞાન વિના તો તે પણ અજ્ઞાની જ ઠર્યા નારદજીના વિશાળ જ્ઞાન પાસે જેમનું જ્ઞાન કોઈ વિશાતમાં નથી એવા

તદ્દન અધકચરા જ્ઞાનના અને શૂન્ય જ્ઞાન ઘમંડવાળા અજ્ઞાની જ્ઞાનીજનોનો જગતમાં તોટો નથી.

એ જ રીતે આજે અનેક લોકો ભગવદ્દી ભક્તો કહેવડાવે છે. તેઓ બ્રહ્મસંબંધ લે છે પરંતુ 'બ્રહ્મ'ને જાણવાની તેમની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. તેઓ ભગવાનને ઓળખતા નથી, પ્રભુના સ્વરૂપને જાણતા નથી. અમુક જીવો ઉપરછલી રીતે માને છે કે અખિલ વિશ્વ બ્રહ્મમય છે. બીજા પ્રકારના જીવો જગતને ભ્રમમય ગણે છે તેઓ સંસારની ભ્રમજાળમાં અહીંતહીં અટવાયા કરે છે પરંતુ સાત્ત્વિકભાવવાળા જિજ્ઞાસુ જીવો બ્રહ્મના સ્વરૂપને જાણવાની ઇચ્છા રાખતા હોય છે. એ સ્વરૂપની સેવા અને ભક્તિ કરવામાં એ સ્વરૂપના દર્શન કરવામાં રાચતા હોય છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## ગંગા દશમી (ગંગાજીનું પદ)

શ્રી ગંગા પતિતન કો સુખ દેની,
સેવા કરી ભગીરથ લાએ પાપ કાટનકો પૈની ।૧।
સકલ બ્રહ્માંડ ફેરકે આવત ચાલ ચલત ગજગેની,
**'પરમાનંદ'** પ્રભુ ચરણ પરસતેં ભઇ
કમલદલ નયની ।૨।

### : ભાવાર્થ :

શ્રી ગંગાજી પતિતોનો ઉદ્ધાર કરી સ્વર્ગાદિકની પ્રાપ્તિ કરાવવાવાળા છે. ભગીરથ રાજા, પોતાના વડીલો સગર રાજાના પુત્રોનો ઉદ્ધાર કરવા શ્રી ગંગાજીને તપશ્ચર્યા કરી, પ્રસન્ન કરી સ્વર્ગમાંથી પૃથ્વી પર પધરાવી લાવ્યા. અત્રે શ્રી પરમાનંદદાસજી શ્રી ગંગાજીનું સ્વર્ગમાંથી આગમન કેમ થયું તેનું વર્ણન કરતાં કહી રહ્યાં છે કે જ્યારે બલીરાજાના યજ્ઞમાં વામનજીએ વિરાટસ્વરૂપ ધારણ કરી પૃથ્વી પરથી ચરણ ઉંચો કર્યો તે સ્વર્ગમાં પહોંચ્યો ત્યારે જે ચરણની પૂજા બ્રહ્માજીએ કરી અને ચરણ પખાળ્યા તે ચરણના અંગૂઠામાંથી જે જલની ધારા થઇ તે ચરણોદક, તે જ શ્રી ગંગાજી થયાં. શ્રી ઠાકોરજીના પ્રિયા સમાન હોવાથી કમલદલ જેવા નેત્રોની કાંતિવાળા થયા.

## (શ્રી યમુનાજીનું પદ)

નિરખત હિ મન અતિ આનંદ ભયો ।
દેખ પ્રભાત પ્રભાકર કન્યા ॥

જલ પરસત હિ સકલ અઘ ભાજે ।
જ્યોં હરિ દેખ હરણકી સન્યા ॥
ઔર જીવનકો ઔરન કી ગતિ ।
મેરી ગતિ તો તુમહી અનન્યા ॥૧॥
વ્રજપતિકી તુમ અતિ હિ પ્યારી ।
તુમ સંગમ તે જાહનવી ધન્યા ॥૨॥

### : ભાવાર્થ :

પ્રભાત અર્થાત્ સૂર્યોદય સમયે પ્રભાકર એટલે સૂર્યના કન્યા શ્રી યમુનાજીના દર્શન થતાં મનમાં અતિ આનંદ ઉત્પન્ન થાય છે. શ્રી યમુનાજલનો સ્પર્શ થતાંની સાથે જ સર્વ દોષો દુર થઈ જાય છે. જેમ, હરિ અર્થાત્ સિંહના આવવાથી હરણ, હરિણીઓ અને તેના બચ્ચાઓ ભાગી જાય છે તેમ.

શ્રી વ્રજપતિજી અત્રે કહી રહ્યાં છે કે- શ્રી યમુનાજી, શ્રી ઠાકુરજીના અતિપ્રિય અર્થાત્ ચોથા પટરાણી છો અને તેથી શ્રી ઠાકુરજીને પણ આપ વશ કરી રહ્યાં છો.

આપના પ્રયાગમાં સંગમથી જ શ્રી જાહનવી અર્થાત્ શ્રી ગંગાજી પણ ધન્ય થઇ ગયા છે.

### સ્નાનયાત્રા (જયેષ્ઠાભિષેક)

જ્યેષ્ઠ માસ સુદી પુન્યો શુભદિન
કરત સ્નાન ગોવરધનધારી ॥
શિતલ જલ હાટક ઘટ ભરિ ભરિ
રજની અધિવાસન સુખકારી ॥૧॥
વિવિધ સુગંધ પહોંપકી માલા
તુલસી દલદે સરસ સંવારી ॥
કર લે શંખ નવાવત હરિકો
શ્રી વિઠ્ઠલ પ્રભુકી બલિહારી ॥૨॥
તેસેઇ નિગમ પઢત દ્વિજ આગેં
તેસોઈ ગાન કરત વ્રજનારી ॥
જૈ જૈ શબ્દ ચારોં દિશ વ્હે રહ્યો
યહ વિધ સુખવરખા અતિ ભારી ॥૩॥
કરી સિંગાર પરમ રુચિકરી
શિતલ ભોગ ધરત ભર થારી ॥
દે બિરા આરતી ઉતારત
**'ગોવિંદ'** તન મન ધન દે વારી ॥૪॥

### : ભાવાર્થ :

જેઠ માસની સુદી પૂનમના શુભ નક્ષત્ર, જયેષ્ઠા નક્ષત્રમાં શ્રી ગોવરધનધારી શિતલજલ, કે જેનું આગલે દિવસે અધિવાસન કરેલું છે તેનાથી સ્નાન કરી રહ્યા છે.

આ જલમાં વિવિધ પુષ્પો તથા તુલસીદલ પધરાવેલાં છે. વિવિધ પ્રકારના સુગંધી પદાર્થો પધરાવેલાં છે, એવા જલને શ્રીહસ્તમાં શંખ ગ્રહણ કરી તેમાં આ જલ પધરાવી તે જલથી શંખ દ્વાર શ્રી વિઠ્ઠલ અર્થાત્ શ્રી ગુસાંઇજી શ્રીજીને સ્નાન કરાવી રહ્યા છે.

સ્નાન થયા બાદ શ્રી ગોવર્ધનનાથજીને સુંદર સિંગાર ઋતુ અનુસાર ધરાવી શિતલ ભોગ (પણો, અંકુરી, શ્રીખંડ, આમરસ ઇત્યાદિ) થાળ ભરી ભરી ધરાવી રહ્યાં છે. સવાલક્ષ આમ્રફલ (કેરી) પણ તે જ દિવસે આરોગાવે છે. જાણે કે સમસ્ત વ્રજભકતો પોતાના ભાવરૂપી અમૃત રસનું શ્રીનાથજીને પાન કરાવી રહ્યાં હોય તેમ આખું મંદિર આંબાઓથી છવાઈ ગયું છે.

ભોગ સરાવી, બીડાં આરોગાવી શ્રી ગુસાંઇજી આપ આરતી ઉતારી રહ્યાં છે. આ અલૌકિક સુખની ઝાંખી કરી શ્રી ગોવિંદસ્વામી બલીહારિ જાય છે.

### (જલક્રીડાના ભાવનું પદ)

ક્રીડત કાલિંદી જલ માંહી,
નવસત સાજ સિંગાર કીયે તહાં;
શ્રી રાધા ગલ બાંહી ॥૧॥
આસપાસ શોભિત વ્રજ વનિતા,
મધિ રાધા નંદલાલ ॥
જલ સિંકર ડારત ચહું દિશતે,
મુદિત નિરખ ગોપાલ ॥૨॥

આનંદ મગન ભયે સબ ખેલત,
કરત કુલાહલ ભારી ॥
'ગોવિંદ' પ્રભુ કી યહ લીલા,
નિરખ નિરખ બલિહારી ॥૩॥

**: ભાવાર્થ :**

શ્રી યમુનાજીના જલમાં શ્રી ઠાકોરજી, શ્રી રાધાજી સહિત તથા વ્રજભકતો સહિત જલક્રીડા કરી રહ્યા છે. મધ્યમાં શ્રી યુગલસ્વરૂપ ગલબાંહી દઇ બિરાજી રહ્યાં છે. આસપાસથી વ્રજભકતો બન્ને શ્રીહસ્તની અંજુલી ભરી ભરી શ્રી યુગલસ્વરૂપ પર ભારી જલવર્ષા વર્ષાવી રહ્યા છે.

સર્વવ્રજવાસી ભકતો આનંદમાં મગ્ન થઇ જલક્રીડા કરી રહ્યાં છે. ચારે બાજુ આનંદનો કોલાહલ થઇ રહ્યો છે. શ્રી ગોવિંદસ્વામી આ લીલાના દર્શન કરી બલિહારી જાય છે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

# શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકીનો ચતુર્થ શ્લોક

## "મમોત્તમ શ્લોક જનેષુ" ઉપર શ્રી મહાપ્રભુજીએ રચેલી વિવૃત્તિ ઉપર શ્રી વલ્લભજી નામના બીજા આચાર્યે લખેલી 'વલ્લભ ટિપ્પણી'

### અથ શ્રીમદ્ વલ્લભાનામિયં ટિપ્પણી

ભાષાંતર – **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

ભગવદીયત્વ દ્વારા સર્વ અર્થ સંપુર્ણપણે પુરા થતાં તેના પ્રકારને વર્ણવે છે "ધર્માર્થ કામ" વગેરે માયા જેવી રીતે બધા પુરુષાર્થોની સિધ્ધિ માટે જીવના દેહાદિનો અધ્યાસ કરે છે એ અધ્યાસ વિના માયાનો સંભવ જ ન હોવાથી તેવી રીતે લીલાના ઉપાયવાળી માયા પુષ્ટિમાં અંગીકૃત જનના ભગવદીયપણાને લીધે વિષયોમાં પણ તદીયત્વને જ લીધે રાગ (એટલે આકર્ષણ તો અન્યથા પણ ન થાય એમ સિધ્ધ યયું "તત્ર" એટલે ત્યાં એટલે ચાર પ્રકારના અધ્યાસોમાં એમ અર્થ છે. "પ્રસિદ્ધ" એટલે લોકોમાં પ્રસિદ્ધ છે એમ અર્થ છે. જેમ લોકમાં ઇન્દ્રિયોના અધ્યાસથી અર્થ સિધ્ધ થાય છે તેમ અહીં ભગવાનની સેવાના ઉપયુકતપણાને લીધે પુત્ર વગેરે દ્વારા તેની સિધ્ધિ થાય છે. મૂળના અર્થના નિરૂપણમાં "આત્મજ" શબ્દ વાપર્યો છે તેનો આશય (હેતુ) જણાવતાં કહે છે "પુત્રાપેક્ષયા" એટલે કે પુત્રની અપેક્ષાથી વગેરે પુત્રનો અભાવ હોય ત્યારે કોઇ જુદા અર્થનું કંઈ પ્રયોજન નથી હોતું. તે કારણે તેનાથી તેની સિદ્ધિ હોય છે એમ અર્થ છે. અને ઉત્કૃષ્ટત્વ (એટલે ઉત્તમતા) નો ભગવાનને માટે મેળવેલા અર્થ (ધન–દોલત–સંપત્તિ)ના રક્ષણને માટે અને મુખ્યત્વે તો સેવામાં ઉપયોગી થાય તેથી પોતાના વંશમાં જન્મદ્વારા એક પરંપરાને ચાલુ રાખીને સેવાને ચાલુ રાખીને, પુત્ર તો એકવીશ પેઢીને

તારે છે એવી ભાવનાથી લોકો પુત્ર માગે છે. તેની પ્રસિદ્ધિના અભાવને લીધે તેનો ઉલ્લેખ અહીં કર્યો નથી.

'સ્ત્રિયા' એટલે સ્ત્રી દ્વારા વગેરે....વગેરે. એવી જ રીતે જેમ વિષયને અર્થે કામસિદ્ધિ જાણીતી છે તેવી જ રીતે અહીં પણ સેવા કરતી વખતે (સ્ત્રી–પુરૂષ) ઉભય (એટલે બન્ને)નાં ચિત્તની ચંચળતા ન થાય તે માટે ભગવદીય પુત્રની ઉત્પત્તિથી જ એ હેતુ સિદ્ધ થાય છે, એમ કહેવાનું તાત્પર્ય છે. 'ભક્તાનાં' એટલે ભકતોના (ઘરમાં) એમ કહે છે કે જેવી રીતે સેવામાં તેમના ઉપયોગીપણાને માટે વિવિધ લીલારસના અનુભવ કરવા દ્વારા શૂન્ય સ્થિતિતુલ્ય મોક્ષની અપેક્ષાથી ગૃહ (એટલે) ઘર જ વિશેષતા ધરાવે છે તે ન્યાય (એટલે નિયમ)ને અનુસરીને આના પણ પુષ્ટિમાર્ગીયત્વને લીધે તે માર્ગના ભકતના ભાવની ભાવનાથી સેવામાં એવી જ રીતે પરમાનંદના અનુભવમાં એ તેથી વિશેષતા ધરાવે છે. આ જ 'સોશ્નુ તે સર્વાન્કામાન્સહ' એટલે સાથે રહીને એ સર્વ કામોને (ઇચ્છાઓને) ભોગવે છે. એ વાકયમાં કહ્યા પ્રમાણે અહીં મુખ્યત્વે પુષ્ટિમાર્ગીય મોક્ષનું નિરૂપણ કર્યું છે. અને નહિ કે કૈવલ્ય સ્થિતિનું.

'ચિત્તસ્ય' એટલે કે ચિત્તનું– વગેરે ચિત્ત (એટલે મનમાં) સંજ્ઞાન (એટલે સંપૂર્ણ જ્ઞાન) થાય છે જેમાં તેનું નામ 'ચિત્ત' જ્ઞાનાત્મક છે અને તે સત્વથી જન્મેલું છે. તેનો અધિષ્ઠાતા વસુદેવજીનો પુત્ર શ્રીકૃષ્ણ છે તેથી તેનું આત્મકત્વ કહ્યું છે. આની પહેલાં ત્રણ શ્લોકો દ્વારા પુષ્ટિમાર્ગીય મોક્ષનું નિરૂપણ કરવામાં આવે છે. 'જ્ઞાનાન્મોક્ષઃ' એટલે કે જ્ઞાનથી મોક્ષ (મેળવી શકાય) એ નિયમથી મૂળમાં 'ચિત્ત' શબ્દનો પ્રયોગ (કરવામાં આવ્યો) છે તેથી જેવી રીતે શુદ્ધ જ્ઞાનાત્મકતામાં જ તેનું મોક્ષસાધકત્વ રહેલું છે એવી જ રીતે શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભાવાત્મકતામાં જ તેનું (એટલે ચિત્તનું) મોક્ષસાધકત્વ રહેલું છે, એમ અર્થ જણાવેલો છે. 'ક્રીડા' એટલે લીલા–રમત વગેરે દ્વારા કહ્યું છે કે સંસારના હેતુ તરીકે રહેલા માયા–મોહ આવી પડે ત્યારે જ તેના ઘરમાં (ગૃહે) ભગવાન ક્રીડા (લીલા) કરે છે એ તેનું પ્રતિબંધત્વ છે. ચાલુ સંદર્ભમાં ક્રીડા માટે જ પ્રાર્થના કરવામાં આવે છે એવા તેના બાધ્યબાધક વિરોધના કારણે પણ તેનાથી જન્મેલી (પ્રકટેલી) આસક્તિના નિષેધને માટે પ્રાર્થના (છે) તેનાથી (તેને લીધે) તારી (હે ભગવાન ! તારી) માયામાં આસકત ચિત્તવાળો જે હું છું તેવા મારા આત્મા વગેરેમાં સખ્ય થાઓ અને નહિ કે ઇતર (એટલે બીજા) જનો જેમનું ચિત્ત માયામાં આસકત હોય છે તેમની જેમ– એવો મૂળનો અર્થ નિષ્પન્ન થાય છે. 'તથા ચ' એટલે વળી તેમ જ. લોકોમાં કર્મ સંબંધ વિના અહીં તેનો અનુભવ નથી. 'તસ્મિન્ દૃષ્ટે પરાવરે' એટલે કે તે પરાવરનું દર્શન કર્યા પછી– એ વાકયમાં કહ્યા પ્રમાણે ભગવદીયજનનો પુરૂષાર્થ સર્વ કર્મોનો નાશ કરનાર હોય છે. આગળ સ્પષ્ટ કરવામાં આવ્યું જ છે કે 'ભક્તિમાર્ગે હરેર્દાસ્ય' એટલે કે પુષ્ટિમાર્ગમાં શ્રી હરિનું દાસ્ય એ જ ચાર પ્રકારના પુરૂષાર્થોનું સુખ છે, એમ અર્થ છે–

'ઇતિ શ્રી વિઠ્ઠલરાયાત્મજ શ્રી વલ્લભકૃતા 'મમોત્તમે' ત્મસ્ય ટીપ્પણી સમાપ્તા ॥'

**અર્થ :** આ પ્રમાણે 'મમોત્તમ શ્લોકજનેષુ સખ્ય" એ શ્લોક ઉપરથી શ્રી વિઠ્ઠલરાયના આત્મજ (એટલે પુત્ર) શ્રી વલ્લભે રચેલી ટીપ્પણી (એટલે ટીકા) સંપૂર્ણ (પૂરી) થાય છે.

॥ શ્રીવલ્લભ ॥

**॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥**

**ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત**

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

**શ્રી પુરૂષોત્તમને પરહરી, જેનું અન્ય અમરે મનમોહે;**
**તે કામ દુધા મળી મૂકીને, મહિષી પુત્રનું પય દોહે**
**દોહે ગાય મૂઢ મૂકી પાડો; તરસ્યો ગંગા તીરે ખોદે ખાડો;**
**તેમ પૂર્ણ તજી અવર આરાધે, મહેનત માથે પડે કાંઈ ન લાધે.**

**શબ્દનાં અર્થો :** પરહરી – છોડીને, અન્ય – બીજા, અમરે – દેવોમાં, કામધેનું–ગાય, મહિષિપુત્રે–પાડો, પય–દુધ અવર–બીજા.

**વિવેચન :–** પરબ્રહ્મ પરમાત્મા સર્વથી શ્રેષ્ઠ એવા પુર્ણપુરૂષોત્તમ પ્રભુને છોડીને બીજા અન્ય દેવ–દેવીયોને વિષે જેઓ તુચ્છ સંસારીક સુખને માટે મોહ રાખે છે. તેઓ તો ભટકતાજ રહેવાના છે. જેઓ કેવળ સંસારી સ્વાર્થ માટે જ કોઇપણ દેવી દેવતાઓનું યજન કરે છે તેઓ સ્થિર ભાવ રાખી શકતા જ નથી, જ્યાં સ્વાર્થ જોયો ત્યાંજ લોભાયમાન થાય, આમ ભટકતા ઉમર પુરી થઇ જાય અને જ્યારે જ્યારે સાર સમજે ત્યારે પસ્તાવો થાય કે મેં વૃથાશ્રમ કર્યો આ ચંદ્રાવળામાં કવિશ્રી એજ મુદ્દા ઉપર લખે છે કે કામ કરીને પસ્તાવું ન પડે તેમ વિચાર પહેલો કરો ને કામનો આદર પછી કરો તે બદલામાં દ્રષ્ટાંતો આપીને સમજાવ્યું છે.

જેને કામધેનું ગાય પ્રાપ્ત થઇ છે તેને મુકીને દુધની ઇચ્છાથી પાડાને દોવા બેસે તો વૃથા શ્રમ થાય.

દોવી હોય ગાય તો આગળ વાછરૂં મુકો તો ગાય દુધ દેશે પરંતુ દોવી ગાયને મુકો પાડો તે કામ કેવું કહેવાય તે વિચારો કેવળ મુર્ખ જ કહેવાય તેમ પુરૂષોત્તમને પરહરિ કહેતાં

છોડીને જે બીજી જગ્યાએ ભટકે છે તે ઉપર મુજબ દ્રષ્ટાંત જેવું છે. પાડા પાસે દોણું લઇને દોવા બેસવાથી દુધ મળતું નથી તેમજ ગંગા કિનારે બેઠેલાને તરસ લાગે ને કુવો ખોદવા બેસે તે પણ મુર્ખજ કહેવાય. સરિતા નીર શુદ્ધ સુંદર વહેતી ગંગા તેનું જળપાન કરવું તેમાં શ્રમ નથી, તેવીજ રીતે પૂર્ણ રૂપને છોડીને અન્યોનું આરાધન કરવું મહેનત માથે પડે તેવું જ છે નાશવંત ફળ પ્રાપ્ત કરીને શું કરવું ?

આ બાબતમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કૃષ્ણાશ્રય ગ્રંથમાં —

**પ્રાકૃતાઃ સકલ દેવા ગણિતાનંદક બૃહત્ ।**
**પૂર્ણાનંદો હરિ સ્તસ્માત્ , કૃષ્ણ એવ ગતિર્મમ ॥**

જેઓનું ગુણ ગાન કરવાથી પાર પામી શકાય તે દેવોને ગણિતાનંદ દેવો કહેવાય છે તેવી જ રીતે જેના ગુણનો પાર કોઇ પામી શક્યું જ નથી તે અગણિતાનંદ કહેવાય જેને વેદો નેતિ નેતિ કહે છે જે પૂર્ણાનંદ છે તે પૂર્ણાનંદ હરિ શ્રી કૃષ્ણ જ મારી ગતી થાઓ આ માર્મિક વચન છે.

દરેક નાના મોટા દેવ દેવિયો પૂર્ણ રૂપ પાસેથી શકિત મેળવી તે પોતાનાં ભકતોને પ્રદાન કરે છે દેવો પોતે શકિતમાન નથી. કેમ કે તે સર્વ અપૂર્ણ છે અપુર્ણ વાપરવાથી ઓછું થાય તેમ કરતા ખાલી ખમ થઇ જાય.

પુર્ણ છે તે પુર્ણ જ રહેવાનું, પુર્ણ માંથી પુર્ણ કાઢો તો પુર્ણજ રહે છે પુર્ણમાં બીજુ ગમે તેટલું નાખો તો પુર્ણ જ રહે છે પુર્ણ કામ પ્રભુ પુર્ણ છે તેથી જ ભકતોની ભાવનાને પુર્ણ કરે છે માટે જ પુર્ણને ભજવા પરંતુ છોડવા નહી તે મર્મને જાણી લેવું.

**શ્રુંતિ વાક્ય** – એક વિજ્ઞાનેન સર્વં વિદિતં ભવતિ.

શ્રુતિ કહે છે કે સર્વ દેવો શ્રીહરિનાં અંગ રૂપો છે. માટે જ કોઇની નીંદા કરવી નહી સમય આવ્યે યોગ્ય સત્કાર કરવો સત્કાર કરવાથી અન્યાશ્રય થતો નથી અન્ય દેવ પાસે મનોભાવનાં કરી પોતાનું સુખ માગવું તે અન્યાશ્રય કહેવાય અત્રે તત્વ એ નીકળે છે કે સત્કાર કરવો પરંતુ ભજવા તો શ્રીકૃષ્ણને જ તે પણ પુર્ણ ભાવ કરીને.

### આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

જેવી રીતે કામધેનુને મુકીને પાડાને દોવે તે નકામું છે દુધ તો ગાય જ આપી શકે છે. જેવી રીતે તરસ્યો માણસ ગંગાજીને કાંઠે કુવો ખોદવા બેસે તે બંન્ને મુર્ખ જ કહેવાય નિર્મળ જળ ગંગા પહાડોમાંથી ઝરણા રૂપી પ્રવાહિત થઇ જગો જગો વહે છે તેમાંથી ખોબો ભરીને પાણી પીવું તેજ વ્યાજબી છે. તેવી જ રીતે પૂર્ણ પુરૂષોત્તમને ભજવા તેજ સર્વશ્રેષ્ઠ છે.

પાંડવ ગીતામાં ઉદ્ધવજીનું વચન છે કે –

**વાસુદેવ પરિત્યજ્ય યોન્ય દેવ મુપાસતે**
**તૃષિતો જાન્હવી તીરે કુપ ખનતિ દુર્મતિ;**

આ શ્લોકનો ભાવાર્થ પણ એજ બતાવે છે કે તરસ્યો ગંગા તીરે ખાડો ખોદે તે મુર્ખજ છે તેમ વાસુદેવ ભગવાનને છોડી અન્ય દેવોની ઉપાસનાં પણ તેવી જ સમજવી.

**ગીતા વાકય** : જે મારો ભકત છે તે મને જ ભજે છે તેનું ચિત્ મારામાં રહેશે માટે હે અર્જુન, તું મનેજ ભજ અને મારામાં જ ચિત્ત રાખવા વાળો થા.

અન્યાશ્રય બદલ શ્રી હરિરાયજી – શિક્ષાપત્રમાં

**પ્રક્ષો ધર્મોઃ શ્રુતૌ પ્રોકતાસ્તથા ભગવતેઽપિચ**
**અપ્રાકૃતાઃ સ્વરૂપૈક નિષ્ઠા ભિન્ના ન રૂપતઃ**

ઉપર મુજબ શિ. ૪ થું શ્લોક–૧ માં શ્રી હરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રુતિ તથા શ્રી ભાગવત બંન્નેના વચનોને માનવા તે પ્રમાણરૂપ જ છે જેનાં હૃદયમાં શ્રુતિ ભાગવતનાં વચનો પ્રમાણરૂપ નથી તેને આસુરી જાણવો શ્રી ઠાકુરજીનું સ્વરૂપ અપ્રાકૃત છે. પ્રાકૃત ગુણોથી રહિત છે, સદા એકરસ આનંદમય છે, જ્યાં માયાના ગુણોનો પ્રવેશ જ નથી. આ સિદ્ધાંતને સમજીને સર્વેશ્વર (સર્વના ઇશ્વર) સદાનંદ (સદા આનંદરૂપ) છે. આવા પ્રભુને ભજવા પ્રભુનું સ્વરૂપ જાણીને ભજે તેનો ભાવ સુદૃઢ રહે.

જે પ્રભુ સર્વ સામર્થ્યવાન છે, સર્વ કરવાને સમર્થ છે, સર્વ વ્યાપક છે, તેને કાળ, કર્મ. કોઇ વસ્તુ બાધા કરી શકતુ નથી. સર્વના આધારરૂપ છે. સર્વ જગે છે છતાં કયાંય

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

ગોત્યા મળે નહી, તેને શોધવા તો મહેનત કરવી પડે. ઐશ્વર્યાદી ગુણો બધા આપનાં જ છે. જે પ્રભુ નિર્ગુણ હોવા છતાં સગુણ છે. નિરાકાર હોવા છતાં આકારરૂપ છે, અજન્મા હેવા છતાં જન્મ ધારણ કરી શકે છે. સર્વ સામર્થ્યવાન હોવા છતાં ભકતોની પાસે યથાભાવ લીલા કરી ભકતને પ્રસન્ન રાખે છે. પોતાનાં ભકતો માટે તેનાં ભાવનું જ રૂપ ધારણ કરે છે, જેમકે રાસાદિ લીલામાં વધુ વધુ પ્રતિ વપુ ધરે, તે મુજબ જેટલા ગોપીજનો હતા તેટલાં જ પોતે રૂપો ધારણ કર્યા હતા. ૧૬૧૦૮ ગોપીજનો હતા તે સર્વ ચાહતા હતા કે કૃષ્ણ મારી પાસે જ રહે મને જ રમાડે. ત્યારે જેટલાં ભકતો તેટલા રૂપો ધારણ કરી ભકતોની સાથે રમ્યા.

આત્મારામ આત્મામાં રમણ કરવાવાળા ક્ષણમાં અંતરધ્યાન થઇ ભકતોના હૃદયમાં બિરાજમાન થઈ જાય, પાછા પ્રગટરૂપે દર્શન આપે. આવું પ્રભુનું સર્વશક્તિમાન રૂપ છે.

શ્રી મહાપ્રભુજીએ સર્વ સિદ્ધાંતોનો સાર જોઇને જ પુષ્ટિમાં કેવળ શ્રીકૃષ્ણની જ સેવા અને ભક્તિ બતાવી છે જેથી હવે કયાંય ખોળવાપણું નથી.

કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમઃ ઉચરે–

આ પદમાં કેવળ શ્રીકૃષ્ણનું જ શરણ બતાવ્યું છે. જીભાનથી શ્રીકૃષ્ણઃ શરણં મમ નામોઉચ્ચાર કરતાં રહો. રાત–દિવસ–પળ–ઘડી–ઘડીવાર પણ ભૂલવું નહીં, કારણ કે સર્વશાસ્ત્રોનો સાર શ્રીકૃષ્ણ જ છે.

શ્રી ભટજીએ કિર્તનમાં ગાયું છે કે–

સાંવરો મંગલ રૂપ નિધાન,
જા દિનતે હરિ ગોકુલ પ્રગટે દિન દિન હોત કલ્યાન,

બૈઠે રહું શ્યામ ગુન સુમરૂં રેન દિવસ આઠો યામ,
શ્રી ભટ કહે પ્રભુ નેન ભરી નિરખું પિતાંબર ઘનશ્યામ– સાંવરો....

આ પદમાં નિઃસાધનતા પ્રાપ્ત કરીને કેવળ પ્રભુનાં દર્શન અને સ્મરણ કરવાનું કહ્યું શ્રી ગોકુલમાં પ્રગટ થયા તે નંદનંદન તેમનું જ ધ્યાય, તેમનું જ ગાન, તેમનાં જ દર્શન કરી તૃપ્તિ થાઉં. આ પદમાં અનન્યતા છે.

આમ અનેક ઉદાહરણોથી સમજીને કેવળ શ્રીકૃષ્ણને છોડીને અન્ય જગો ભટકવું તે વૃથાશ્રમ છે.

માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૨) –ક્રમશઃ

# યમુનાજીકી વિનય

## 'ભાવાર્થ માધુરી' રાજકોટ

સબકે ઉર પ્રેરક ગિરિધરન.
હરિ સ્વભાવ ફેરનિ શ્રીયમુને જનહિત લીનો પરન. ૧
હૃદય મન તન નૈન બૈનનિ નાઇ છબિ આભરન;
પરમ કરુણા સદય સતત દાસ **'વલ્લભ'** શરન. ૨

**ભાવાર્થ** – શ્રી ગિરિરાજજીને ઉઠાવીને વ્રજ મંડલની રક્ષા કરવાવાળા, ભકતોનું હિત કરવાવાળા, તેમજ પ્રાણીમાત્રના આત્મારૂપ એવા પ્રભુ ગિરિધર સર્વ વ્યાપક રૂપે. સર્વ જગે, સર્વ કાળ બિરાજમાન રહે છે તે પ્રભુ બધાના ઉંરના પ્રેરક છે, તે પ્રભુ ચાહે તે કરી શકે છે. કર્મને આધારે સર્વને ફળ આપે છે. તેમજ ભકતોની રક્ષા અને પાપીઓને દંડ દેવાવાળા છે. એવા પ્રભુનો સ્વભાવ ફેરવવાવાળા શ્રી યમુનાજી આપજ છો. જેથી આપનું શરણ ગ્રહણ કરવાવાળા તો સદા નિર્ભયજ છે. પરંતુ બીજા પણ જીવો જેઓ કર્મને આવા ગમનના ફેરામાં ભટકતા હોઇ તેઓની પણ સંભાળ કરો છો. તેઓનો અપરાધ ક્ષમા કરાવવા પ્રભુનો સ્વભાવ આપ ફેરવી નાખો છો. અપરાધીને ભકત બનાવી મુંકિત અને ભકિત અપાવો છો.

'જીન્હે ભૂલિજાત પિય, તિન્હે સુધિ કરિ દેત'

આ મુજબ પ્રભુ જે જીવને ભૂલિ ગયા હોય તેની યાદી અપાવી સન્મુખતા પ્રાપ્ત કરાવો છો. એવા મહાન દયાના સાગર શ્રી યમુનાજી આપને હું વિનંતી કરું છું કે મને આપનું શરણ પ્રાપ્ત કરાવો કે જેથી હું ભૂલ કરી ભટકતો ન થાઉં.

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**
ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

# કાવ્ય–કુંજ

## (૧) પુષ્ટિનો રંગ

[ ઢાળ – ઓ રાજ મને લાગ્યો કસુંભીનો રંગ ]

શ્રી વલ્લભ મને લાગ્યો છે પુષ્ટિનો રંગ
પુષ્ટિ માર્ગનું સ્થાપન કર્યું છે પ્રભુ;
કીધા છે પાંચ પાંચ તત્ત્વ.... શ્રી વલ્લભ૦ ૧
પહેલા વૈષ્ણવ દામોદરદાસ કહીએ;
જેને દીધા છે બ્રહ્મસંબંધ.... શ્રી વલ્લભ૦ ૨
ભવસાગરમાં જે અથડાતા,
પકડી દીધા છે તેના હાથ.... શ્રી વલ્લભ૦ ૩
શ્રી ભાગવતનું મંથન કરીને,
પ્રભુ બતાવી દીધો છે સાર.... શ્રી વલ્લભ૦ ૪
ચોરાશી બેઠકની પરિક્રમા કીધી પ્રભુ,
સ્વરૂપ સેવા પધરાવી.... શ્રી વલ્લભ૦ ૫
આનંદકારી પ્રભુ પરમાનંદકારી,
પ્રભુ મંગળકારી કહેવાય.... શ્રી વલ્લભ૦ ૬
'**લક્ષ્મી**'ના નાથ પ્રભુ કરૂણાનિધાન,
તમને પ્રગટ પ્રણામ વખાણું.... શ્રી વલ્લભ૦ ૭

– સૌ લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

## (૨) નયન જોતા નથી કોઇને

( ઢાળ – શ્યામ રંગ સમીપે ન જાવું )

શ્યામ સુંદર વર જોઇને મન મોહ્યું
શ્યામ સુંદર વર જોઇને.
આજ સખી ગઇ'તી કુંજ સદનમાં
સુધ-બુધ આવી મારી ખોઇને – મન૦ ૧
લોક લાજ કુળ કાન વહાવી,
સ્નેહ સમુદ્રમાં ધોઇને – મન૦ ૨
'**વ્રજલત્તા**'ના પ્રભુ શ્યામ મનોહર,
હવે નયન જોતા નથી કોઇને – મન૦ ૩

– પૂ. ગો. શ્રી વ્રજલત્તા વહુજી, જામનગર

# આ માસના ઉત્સવ

જેઠ સુદ ૧ તા. ૧૦–૬–૯૪ શુક્રવાર, ગંગા દશહરા પ્રારંભ, પનઘટ–જલક્રીડા, શ્રી યમુનાજીના પદ પૂનમ સુધી બોલાય, ચંદ્ર દર્શન.

જેઠ સુદ ૨ તા. ૧૧–૬–૯૪ શનિવાર, ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

જેઠ સુદ ૪ તા. ૧૩–૬–૯૪ સોમવાર, આજથી ૧૫ દિવસ શ્રીની સીતોપચાર સેવા કરવી, ગો. ચિ. કુંજરાયજી (યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૧૪–૬–૯૪ મંગળવાર, રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્યદિન (સં. ૧૮૩૬), ગો. ચિ. શ્રી પુરૂષોત્તમ બાવાશ્રી (કાંકરોલી) તથા શ્રી હરિરાયજી મહારાજ શ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૧૭–૬–૯૪ શુક્રવાર, ગો. ચિ. શ્રી મુકુંદરાદજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૧૯–૬–૯૪ રવિવાર, ગંગા દશહરા, શ્રી યમુનાજીનો ઉત્સવ, ગો. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન. (અગીયારસનો ક્ષય હોવાથી આજે)

જેઠ સુદ ૧૨ તા. ૨૦–૬–૯૪ સોમવાર, નિર્જલા એકાદશી, ભીમ અગીયારસ.

જેઠ સુદ ૧૪ તા. ૨૨–૬–૯૪ બુધવાર, શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૪૯), તથા ગો. ચિ. વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન, સ્નાનનું જળ ભરવું, તેનું અધિવાસન કરવું.

જેઠ સુદ ૧૫ તા. ૨૩–૬–૯૪ ગુરુવાર, મન્વાદિતિથી, વટ સાવિત્રી વ્રત, જયેષ્ઠાભિષેક, સ્નાનયાત્રા.

જેઠ વદ ૪ તા. ૨૭–૬–૯૪ સોમવાર, ગો. ચિ. શ્રી ગિરધરલાલ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૨૯–૯–૯૪ બુધવાર, ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૩–૭–૯૪ રવિવાર, ગો. ચિ. શ્રી દર્શનકુમાર બાવાશ્રી (કોટા–કડી-ગોંડલ)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૪–૭–૯૪ સોમવાર, યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૭–૭–૯૪ ગુરુવાર, ગો. ચિ. શ્રી દ્વારકેશલાલ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

### ઠાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# અંતરના ઉદ્‌ગારો

## નિર્ગુણ ભકિત

તામસ ભકિત તે શું ? આખો દિવસ ક્રોધમાં ફરતો ફરે, કોઇ બોલ્યું ગમે નહિ. કરે થોડું ને કહે ઘણું, કોઇની મોટાઇ ખમાય નહિ. એટલે સર્વ ભકિત એકાશી પ્રકારની થાય. ત્યાં સુધી એને પ્રભુ પ્રાપ્તિ નહિ. બીંયાસીમી જાણે એટલે આવે. ત્યારે પ્રભુ પ્રાપ્તિ થાય, તે કેવી ?

આઠે પહોર પ્રભુના ચરણમાં ચિત્ત રહે, શ્રી ઠાકોરજીની સેવા કરે. અને સેવા કરે, પણ એમ જાણે જે હું કરતો નથી. વળી કશાની કામના જોઇએ નહિ, કર્તા હોય તો કામના રાખે એ તો અકર્તા છે. સેવા કરી એમ મનમાં થાય કે મને લીલાની પ્રાપ્તિ થાય, ત્યારે તેના પર શ્રીઠાકોરજી ખીજાય છે, કારણ કે મને કોઇ જાણે તો નહિ. તે ભગવદીય ખોટા છે.

ભગવદીય તો એમ જાણે જે આ શ્રીઠાકોરજીની સેવા જન્મો જન્મ કરાવજો. બીજા કંઇ પણ તરંગ ઉઠે નહિ. જેને શ્રીઠાકોરજી એવા વહાલા લાગે તે વળી બીજુ શું માગે ? આ પ્રાણી માત્રના હૃદયમાં મારા પ્રભુ છે, એમ જાણી સર્વે ઉપર દયા રાખે. આ પોતાના જીવની કંઇ મોટાઇ ન જાણે. મોટા તો મારા શ્રીઠાકોરજી છે. નાના ઉપર વાત્સલ્યભાવ, બરોબરીયા ઉપર મિત્રતા અને મોટાને નમવું એ વિવેક કે સર્વેને ગણવા. આવા ભગવદીય સર્વોપરી. તે ભગવદીય કયા ?

શ્રી શુકદેવજી કે જેમને પ્રભુના જશ બહુ વહાલા લાગે. જે જશ ગાયો, તે એમને પ્રાણથી પણ વહાલો છે. ભગવાનના જશ ઉપર બહુ સ્નેહ છે. તે ભગવદીયને સારસ્વત કલ્પના શ્રી ઠાકોરજી જે પૂર્ણપુરૂષોત્ત છે તેની પ્રાપ્તિ થાય. તે ભગવદીયને પ્રભુ એવા કરે કે પોતાના મિત્ર જાણે ને પોતાનો વૈભવ આપે, અષ્ટ સિદ્ધિ આપે, પણ તે ભગવદીય કશુંએ લેતા નથી. પ્રભુની સેવા પ્રભુનું ભજન, એ વિના પ્રભુ પ્રસન્ન થાય નહિ, માટે કેડ બાંધીને સેવા કરવી, ભજન કરવું, કોઇનો આશરો કરવો નહિ. જે આવી મળે તે ઉપર નિર્વાહ કરવો. કોઇનો દોષ જોવો નહિ, કોઇની વાત કરવી નહિ, કોઇની નિંદા કરવી નહિ. સંતોષ રાખવો. સેવા ભજન કરવામાં કર્તા પોતે થવું નહિ એ સર્વે પોતે પ્રભુ કરે છે, એમ જાણવું.

હાથ જોડી પ્રભુને કહેવું જે હું નીચનો નીચ છું. સદા એવો જ ભાવ રાખવો. સદા 'અધમી'નો અધમી' છું ને રાજને શરણે આવ્યો છું. જે કાંઇ ઇચ્છા હોય તે કરો. મારાં કૃત્ય સામે જોશો નહિ. ખરો દીન થઇને મનસા વાચા ને કર્મણા દીનતા રાખે, પ્રભુને ગમે અને પ્રભુને દયા આવે, ત્યારે કામ થાય. પ્રભુ દયા નિધિ છે. માટે દીન ભગવદીય પ્રભુને બહુ વહાલા છે.

# ॥ યજ્ઞો વૈ વિષ્ણુઃ ॥

**લે. ગો. શ્રી શરદકુમારજી (માંડવી-હાલોલ)**

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥

હે કૌન્તેય ! તું જે કાર્ય કરે છે, જે કોઇ વસ્તુનો ભોગ કરે છે, જે પદાર્થનો યજ્ઞમાં હોમ કરે છે, જે વસ્તુનું દાન કરે છે અને જે તપ કરે છે તે મને (શ્રીકૃષ્ણને) અર્પણ કર.

ભગવાને ગીતામાં કહેલ આ સર્વ સમર્પણનો ઉપદેશ જ આપણા માર્ગના સ્વસમર્પણનો આધાર છે. શ્રી મહાપ્રભુજી પુષ્ટિભક્ત પાસેથી એવી અપેક્ષા રાખે છે કે એના લૌકિક કે વૈદિક કોઇપણ વ્યવહારો ભગવત્સંબંધ વિનાના ન રહે, કારણ કે સેવકનું કર્તવ્ય જ સ્વામીને સમર્પણ કરવું છે. તેથી જ શ્રી મહાપ્રભુજી 'સિદ્ધાન્ત રહસ્ય' ગ્રંથમાં આજ્ઞા કરે છે–

સેવકાનાં યથા લોકે વ્યવહારપ્રસિદ્ધયતિ ।
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ॥

લોકમાં જેમ કોઇ સેવક પોતાના સ્વામીને પોતાનું બધું સમર્પિત કરે છે તે પ્રકારે પ્રભુને આપણું બધું સમર્પણ કરવું જોઇએ. આ પ્રમાણે સમર્પણ કરવાથી જ આપણી દરેક વસ્તુઓ તથા કાર્યો નિર્દોષ થાય છે.

આમ તો વસ્તુની શુદ્ધિ ધોવાથી તપાવવાથી કે છોલવાથી પણ થાય છે. વળી શાસ્ત્રમાં અભિમન્ત્રિતજળવું પ્રોક્ષણ, માર્જન, આચમન, પ્રાણાયામ, જપ, દાન, તીર્થ જેવા ઉપાયો આધ્યાત્મિક શુદ્ધિના બતાવ્યા છે. પરંતુ આ ઉપાયો પણ અંતે તો પ્રાકૃત છે. માટે આવા ઉપાયોથી વસ્તુની પૂર્ણરૂપથી શુદ્ધિ થઇ શકતી નથી. હે ગંગાજીમાં વરસાદ, ઝરણાં કે નાળાનું પાણી ભળતાં જેમ ગંગારૂપ બની જાય છે તેમ આપણા દેહેન્દ્રિય પ્રાણાન્તઃકરણ, ઘર, પરિવાર ધન આદિને જો પ્રભુસમર્પિત કરવામાં આવે તો તે પણ બ્રહ્મવત્ નિર્દોષ બની જાય છે. કોઇ પણ વસ્તુંની સાચી શુદ્ધિ તેના પ્રભુ સમર્પણથી જ છે. ભાગવતમાં પણ કહ્યું છે–

મન્નિષ્ઠં નિર્ગુણં સ્મૃતમ્ ।

પ્રભુને સમર્પિત થઇ ગયેલ વસ્તુનો ઉપભોગ દોષાવહ રહી નથી જતો.

સમર્પણ જેમ જડ–ચેતન પદાર્થોનું કરવામાં આવે છે તેમ આપણી લૌકિક–વૈદિક ક્રિયાઓનું પણ આવશ્યક છે. ગીતાના ઉપરોક્ત શ્લોકમાં ભગવાને 'યત્કરોષિ, યદશ્નાષિ' (જે કરે છે, ભોગ કરે છે) આ બે પદોથી આપણી લૌકિક ક્રિયાઓનું સમર્પણ સૂચિત કર્યું છે. જ્યારે 'યજ્જુહોસિ દદાસિ યત્' પદોથી વૈદિક ક્રિયાઓનું સમર્પણ સુચિત કર્યું છો તેથી જ શ્રી મહાપ્રભુજી 'સિદ્ધાન્તરહસ્ય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે–

તસ્માદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુ સમર્પણમ્ ।

આ શ્લોકમાં 'સર્વકાર્યે' પદ વડે શ્રી મહાપ્રભુજી આપણા લૌકિક-વૈદિક બધાં જ કાર્યોનું સમર્પણ સુચિત કરે છે. ભાગવતમાં પણ નારદજી સમર્પણના સ્વરૂપને સમજાવતાં કહે છે-

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુદ્ધ્યાત્મના વાનુસૃતસ્વભાવાત્ ।
કરોતિ યદ્યત્સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયેતત્ ॥

શરીર, વાણી, મન, ઇન્દ્રિય, બુદ્ધિ, અંતઃકરણ કે સ્વભાવથી જે કંઇપણ કરે છે તે બધું શ્રી નારાયણ માટે સમર્પિત કર.

આ શ્લોકના તાત્પર્યને સમજાવતાં શ્રી લાલુભટ્ટજી લખે છે-

કોઇપણ જાતના લૌકિક કે પારલૌકિક ફળ મેળવવાની કામના વિના માત્ર ભગવદર્થે જ્યારે શરીર, વાણી, મન આદિ દ્વારા પ્રભુનું પૂજન-કીર્તન કે સ્મરણ કરવામાં આવે ત્યારે તેને ભાગવતધર્મ કહેવામાં આવે છે. અહીં કોઇ એમ સમજતું હોય કે માત્ર શાસ્ત્રમાં બતાવેલ વૈદિક કે શાસ્ત્રીય કર્મો, જે શરીરાદિથી કરવામાં આવે છે તેને પ્રભુસમર્પિત કરવાથી જ ભાગવતધર્મ કહેવાય છે એવું નથી. લૌકિક સ્વભાવથી પ્રાપ્ત એવી ખાવું, પીવું, સુવું જેવી ક્રિયાઓ જે અત્યંત બાહ્ય ક્રિયાઓ છે તેને પણ જો પ્રભુનિમિત્તો કરવામાં આવે તો તે પણ ભગવદ્ધર્મ જ કહેવાશે. આનો ફલિતાર્થ એ જ કે લૌકિક-વૈદિક કોઇ પણ કર્મ કરો તે પ્રભુ માટે કરો પોતા માટે નહીં.

શ્રી મહાપ્રભુજી ચતુઃશ્લોકી ગ્રન્થમાં પુષ્ટિભક્તના ધર્મ પુરુષાર્થનું નિરૂપણ કરતાં આજ્ઞા કરે છે-

**સર્વદા સર્વભાવેન ભજનીયોઃ વ્રજાધિપઃ ।**
**સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥**

વ્રજાધિપ શ્રીકૃષ્ણની સર્વભાવથી સર્વદા સેવા કરવી એજ પુષ્ટિભક્તનો ધર્મ છે. આ સિવાય બીજો કોઇ પણ ધર્મ ક્યારેક પણ હોઇ નથી શકતો.

આ વચનથી, આમ જોતાં તો આત્મનિવેદી ભકતનો એકમેવ ધર્મ ભગવત્સેવા જ છે. છતાં દેહાદ્યભિમાની ભકત પ્રારંભિક અવસ્થામાં-અદઢાવસ્થામાં જ જો શાસ્ત્રીય કર્મોનો પરિત્યાગ કરે તો એનામાં પાખંડાદિ દોષો પ્રવેશી શકે છે માટે યાવદ્દેહાભિમાન શાસ્ત્રીયકર્મો પણ યથાશકિત કરવા જ જોઇએ. ભગવાને પણ કહ્યું છે.

શ્રુતિસ્મૃતિ મમૈવાજ્ઞે યસ્ત ઉલ્લંઘ્ય વર્તતે ।
આજ્ઞાચ્છેદી મમ દ્વેષી મદ્ભકતોપિ ન મે પ્રિયઃ

મારી આજ્ઞારૂપ શ્રુતિ-સ્મૃતિમાં નિરૂપિત કર્તવ્યોનું આચરણ જે નથી કરતો તે મારી આજ્ઞાનો ઉચ્છેદ કરનારો હોઇ મારો દ્વેષી છે. એ જો મારો ભકત હોય તો પણ તે મને પ્રિય

નથી ભગવાનની આવી આજ્ઞા હોવા છતાં પણ કાળબળે આજે વેદોનું અધ્યયન–અધ્યાપન લુપ્ત પ્રાય થઈ જવાથી વૈદિક માર્ગ ઉચ્છિન્ન જેવો જ થઇ ગયો છે. લોકો વેદવિરુદ્ધ આચરણમાં તત્પર થઇ ગયા છે. સ્વાધ્યાયાદિક્રિયાથી હીન તથા આચારહીન થયા છે. વળી જે સદાચાર પાળી રહ્યા છે તે પણ વિધિહીન છે. અધર્મથી વિક્ષપ્તિ થયેલ મનવાળા ભ્રાન્ત કેવલ વિષયોપભોગ પરાયણ થઈ ગયા છે. ગુરુજનો પણ —

સર્વવર્ણપ્રતિગ્રાહી સર્વેષામન્નભકક્ષઃ ।
ભોજને લમ્પટશ્ચૈવ સ વિપ્રશ્ચ બિડાલકઃ ॥
અન્નાદિહ્યપવિક્રેતા કૃષિકર્મરતઃ સદા ।
આદત્તશ્ચતપજ્ઞશ્ચ સ વિપ્ર પશુરુચ્યતે ॥
શ્વાનં ચ પાલયેદ્ વિપ્રઃ સંગ્રહઃ સર્વજન્તુષુ ।
અન્નશ્ચપાલયેદ્યસ્તુ સ વિપ્રો મ્લેચ્છ ઉચ્યતે ॥
નીલી મદ્યં ચ માંસં ચ બહુવારં ચ ભક્ષપેત્
પતિતો વૃષલીગર્ભાત્ સ વિપ્રઃ શુદ્ર ઉચ્યતે

કશ્યપસંહિતામાં વર્ણવેલ શુદ્ર, બિડાલક, પશુ, મ્લેચ્છ જેવા અધમ બ્રાહ્મણોના લક્ષણો ચરિતાર્થ કરતા દેખાઇ રહ્યા છે. વૈદિક આચાર માટે પવિત્ર દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર તથા કર્મની અનિવાર્યતા હોય છે. જે આજે અત્યન્ત દુર્લભ છે. આવી સ્થિતિમાં આચરેલ ધર્મ પણ નામ માત્રનો જ ધર્મ છે. આજ વાતનું નિરૂપણ આચાર્યચરણ નિબન્ધમાં કરે છે.

અધુના તુ કલૌ સર્વે વિરુદ્ધાચાર તત્પરાઃ
સ્વાધ્યાયાદિક્રિયાહીના સ્તથા ચાર પરાંગમુખાઃ ॥

ક્રિયમાણં તથાચારં વિધિહીનં પ્રકુર્વતે ।
વિક્ષિપ્તમનસો ભ્રાન્તા જિહ્વોપસ્થપરાયણાઃ ॥

વ્રાત્યપ્રાયાઃ સ્વતો દુંષ્ટાસ્તત્ર ધર્મઃ કથં ભવેત્ ।
ષડભિઃ સમ્પદ્યતે ધર્મસ્તે દુર્લભતરાઃ કલૌ ॥

વર્ણાશ્રમવતાં ધર્મે તુ ચે નષ્ટે છલેન તુ ।
ક્રિયમાણે ન ધર્મઃ સ્થાયતસ્તસ્માન્નમોચનમ ॥

આ જોતાં તો શાસ્ત્રીય કર્માનું અનુષ્ઠાન કલિકાલમાં નિરર્થક પ્રાય જ છે. છતાં ભગવદાજ્ઞા રૂપ શાસ્ત્રીય કર્મોના ત્યાગથી તો સર્વથા પાખંડી થઇ જવાશે માટે યથાશકિત સ્વધર્મનું આચરણ કરતા વિધર્મથી તેમજ વિષયાપભોગાથી સર્વથા દુર રહી ભાગવતમાર્ગેજા સદા ભગવદ ભજન કરવામાં આવે તો કદાપિ કલિના દોષો બંધનકારી નહીં થાય એવો શ્રીઆચાર્યચરણનો મત છે.

સ્વધર્માચરણં શકત્યા વિધર્માચ્ચનિવર્તનમ ।
ઇન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ત્રયમ ॥
અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃતગં ભજેત સદા ।
શ્રી ભાગવતમાર્ગેણ સ કથંચિત્તરિષ્યતિ ॥

પાખંડીપણાથી બચવા માટે યદ્યપિ શાસ્ત્રવિહિત કર્મોનો આગ્રહ રાખવો જોઇએ પરંતુ સ્વયં કર્મનું સ્વરૂપ જ એટલું મોહક છે કે મોટા મોટા વિદ્વાનો પણ એને સમજવામાં થાપ ખાઇ જાય છે.

શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

કર્મણા ગહના રીતિબ્રહ્મણાપિ ન બુદ્ધયતે ।

ભગવાન પણ ગીતામાં કહે છે.

કિં કર્મ કિમકર્મેત્તિ કવયોપ્યત્ર મોહિતાઃ ।
તત્તો કર્મ પ્રવક્ષ્યામિ યજજ્ઞાત્વા મોક્ષ્ય સેડશુભાત્ ।
કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણ :
અકર્મણશ્ચદ્યુ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ

વળી કર્મ પણ સાત્ત્વિક રાજસ તામસ ભેદથી અનેક પ્રકારના હોય છે. સાત્વિકાદિ કર્તાના ભેદથી તે તે કર્તા દ્વારા કરવામાં આવતા સાત્ત્વિકાદિ કર્મો પણ અનેક પ્રકારના હોય છે તેમજ તેના ફળ પણ ભિન્ન ભિન્ન હોય છે. કર્મસ્વરૂપ બોધક શ્રુતિ, લિંગ, વાકય, પ્રકરણ સ્થાન સમાખ્યા તથા અર્થવાદાદિના જ્ઞાનરહિત અને યથોકત શુદ્ધ દેશકાલાદિ કર્માંગ રહિત કર્મ નિષ્ફળ માનવામાં આવ્યું છે. આમ છતાં જો મન્ત્ર વર્ણ સ્વરાદિના પરિજ્ઞાન વિના જો કર્મ સમ્પન્ન કરવામાં આવે અને ભૂલથી પણ મન્ત્રોચ્ચારણમાં એક વર્ણ કે સ્વરની ભુલ થાય તો કર્મ ઇષ્ટની જગા પર અનિટ્ટકારક બની જાય છે દૃષ્ટઃશબ્દઃ સ્વરતો વર્ણતો વા, મિથ્યા પ્રયુકતૌ ન તમર્થમાહ સ વાગ્વજ્રો યજમાન હિનસ્તિ, યથેન્દ્રશત્રુ : સ્વરતો પરાધાત્ માટે શાસ્ત્રીય કર્મો કરવામાં કર્મ વિકર્મ તથા અકર્મના સ્વરૂપનું જ્ઞાન ખુબ જરૂરી છે. કર્માકર્મવિકર્મનું જ્ઞાન હોય પરન્તુ દુષ્ટયમનોવૃત્તિ હોય તો વિદ્વાન પણ ઠગનું કામ કરનારો થાય છે માટે અન્ત : કરણની સાત્વિકતા પણ જરૂરી છે. કેવલ ભાષા જ્ઞાનના આધારે દુનિયા જીતિ લેવાના મિથ્યા ભ્રુમમવાળા કથિત વિદ્વાનોને માટે કહેવાયું છે :

વિદ્વત્કવય : કવય : કેવલ કવયસ્તુ કવય :

ભગવાન્ ગીતામાં કર્મનું સ્વરૂપ બતાવતાં આજ્ઞા કરે છે :

કર્મ બ્રહ્મોદ્ભવ વિદ્ધિ

કર્મની ઉત્પતિ બ્રહ્મ અર્થાત્ વેદમાંથી થઇ છે. ભગવાનની વાણીરૂપ વેદોમાંથી કર્મની ઉત્પત્તિ થઇ છે.

ખરેખર જોતાં તો બ્રહ્મવાદ અનુસાર બધું ભગવદ્રુપ જ છે.
પત્ર યેન વતો યસ્ય યસ્મૈ યદ યદ યથા યદા
સ્યાદિદં ભગવાન્ સાક્ષાત્ પ્રધાન પુરુશેશ્વર : તથા
અહં ક્ર તુરહં યજ્ઞ : સ્વધાહમહમૌષધમૂ
મન્ત્રો હમહમેવા જયમહમગ્નિરંહુતમ્

વચનોથી કર્મતુ કારણ સ્વરૂપ કાર્ય તથા પ્રયોજન અન્તતો ગત્વા ભગવાન્ સિદ્ધ થાય છે. માટે ગીતાના યુકત વચનમાં ભગવાનના નામાત્મક સ્વરૂપ વેદમાંથી કર્મની ઉત્પત્તિ બતાવી છે શ્રીમહાપ્રભુજીએ પણ નિબન્ધમાં કર્મને કાર્યકોટિમાં ન રાખી સ્વરૂપકોટિમાં રાખ્યું છે.

સ્વરૂપે તુ ત્રયો ભેદા : ક્રિયાજ્ઞાન વિભેદઃ
વિધિષેધપ્રકારેણ ય : ક્રિયા શકિતસ્તદ્દૂતઃ
તત્કર્મ પ્રકટં તાવદ્ર યાવત્ ફલસમાપનમ્ ॥

કર્મસ્વરૂપઃ કર્મનું સ્વરૂપ લક્ષણ આપતાં શ્રુતિમાં કહેવાયું છે–
'યજ્ઞો વૈ વિષ્ણુઃ ।' 'યજ્ઞ સ્વયં વિષ્ણુ છે'

**ગીતામાં–**
અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્ ।
મન્ત્રોહમહમેવાજ્યમહમગ્નિમહં હુતમ્ ॥

હું કતું છું, હું યજ્ઞ છું, હું સ્વધા છું, હું ઔષધ (અન્ન ઇત્યાદિ) છું, હું મંત્ર, ઘી તેમજ અગ્નિ છું અને હું જ હોમ છું. ભાગવતમાં પણ કર્મયજ્ઞની ભગવદ્રુપતા બતાવી છે.

દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ સ્વભાવો જીવ એવ ચ ।
વાસુદેવાત્પરો બ્રહ્મન્ નચાન્યોર્થોસ્તિ તત્વતઃ ॥
કાલં કર્મ સ્વભાવં ચ માયેશો માયયા સ્વયા ।
આત્મન્ પદચ્છયા પ્રાપ્તં વિબુભૂષુરૂપાદદ ॥

હે બ્રહ્મન્ ! કાલ, કર્મ, સ્વભાવ, દ્રવ્ય અને જીવ એ વાસુદેવ શ્રીકૃષ્ણથી જુદા નથી. માયાપતિ ભગવાને એકમાંથી અનેક થવાની ઇચ્છા છતાં પોતાની ઇચ્છાશક્તિરૂપા માયાને કરણ બનાવી કાલ, કર્મ, સ્વભાવને પોતાના રૂપમાં સ્વીકાર કર્યા, અર્થાતૂ પોતામાં તિરોહિત કાલ, કર્મ સ્વભાવને આવિર્ભૂત કર્યા.

ત્વં ક્રતુંસ્ત્વં હવિસ્ત્વં હુતાશઃ ત્વં હિ મન્ત્રા સમિદર્ભપાત્રાણિ ચ ।
ત્વં સદસ્યર્ત્વિંજો દમ્પતિ દેવતા અગ્નિહોત્રં સ્વધા સોમ આજેય પશુઃ ॥

આપ જ યજ્ઞ, હવિ, અગ્નિ, મન્ત્ર, સમિધ, દર્ભ, યજ્ઞપાત્રો છો. આપ જ સદસ્ય, ઋત્વિગ, વજમાન, દેવતા, અગ્નિહોત્ર, સ્વધા, સોમ અને પશુ છો.

ત્વં યજ્ઞિયં પંચવિધં ચ પંચભિઃ સ્વિષ્ટઃ યજુર્ભિઃ પ્રણતોસ્મિ– આપ યજ્ઞપુરુષ છો, આપ જ (અગ્નિહોત્ર, દર્શપુર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય તથા સોમ) યજ્ઞસ્વરૂપ છો. વેદના મન્ત્રોથી પણ આપનું જ પૂજન કરવામાં આવે છે.

આમ શ્રુતિ ગીતા તેમજ ભાગવતમાં ભગવાનને યજ્ઞરૂપ બતાવવામાં આવ્યા છે. માટે શ્રી મહાપ્રભુજી પણ યજ્ઞનું સ્વરૂપલક્ષણ ભગવત્પરક ઘટાવે છે.

અગ્નિહોત્રં તથા દર્શપૂર્ણમાસ પશુસ્તથા ।
ચાતુર્માસ્યાનિ હોમશ્ચ ક્રમાત્પંચવિધો હરિઃ ॥

**કાર્યલક્ષણ :** ભગવદારાધન જેમ શિલા, ધાતુ, પાષાણ કે ચિત્ર, મૂર્તિમાં થાય છે, તેમ યજ્ઞાત્મક ભગવાનના આરાધનનો પણ પ્રકાર છે. આ યજન કયા પ્રકારે કરવું એનો પ્રકાર બતાવતાં ભાગવતમાં કહેવાયું છે–

કર્મણા કર્મનિર્હાર એષ સાધુ નિરૂપિતઃ ।
યચ્છ્રદ્ધયા યજેદ્વિષ્ણું સર્વયજ્ઞેશ્વરં મખૈઃ ॥
ચિત્તસ્યોપશમેઽયં વૈ કવિભિઃ શાસ્ત્રચક્ષુશા ।
દર્શિતા સુગમો યોગો ધર્મશ્ચાત્મમુદાવહઃ ॥
અયં સ્વસ્ત્યયનઃ પન્થાઃ દ્વિજાતેર્ગૃહમેધિનઃ ।
યચ્છ્રદ્ધઽઽયાત્તવિત્તેન શુકલેનેજ્યેત પુરૂષઃ ॥
વિત્તૈષણાં યજ્ઞદાનૈઃ

ભાવાર્થ : જેઓને કર્મ દ્વારા કર્મફળ–બન્ધનથી છુટકારો મેળવવો છે તેમના માટે ઉત્તમ ઉપાય છે : શ્રદ્ધા પુર્વક યજ્ઞેશ્વર વિષ્ણુનું યજ્ઞ દ્વારા પુજન.

જ્ઞાનિઓએ શાસ્ત્રોનું અધ્યયન કરી યજ્ઞને જ આત્મસુખ આપનાર (ચિત્ત શુદ્ધ કરનાર) સુગમ ઉપાય તેમજ ધર્મરૂપ બતાવ્યો છે. યજ્ઞ કેવા પ્રકારે કરવા જોઇએ તેનો પ્રકાર બતાવે છે:

પોત પોતાના વર્ણાશ્રમધર્મથી પ્રાપ્ત વૃત્તિ (આજીવિકા)થી કમાવેલ ધન દ્વારા દ્વિજો (બ્રાહ્મ, ક્ષત્રિય, વૈશ્ય) એ શ્રદ્ધાપુર્વક પરપુરૂષ શ્રીકૃષ્ણનું યજ્ઞ દ્વારા યજન કરવું જોઇએ. અર્થાત્ બ્રાહ્મણે અધ્યાપન, યાજન, સત્પ્રતિગ્રહ દ્વારા, ક્ષત્રિએ કર દણ્ડાદિ દ્વારા વૈશ્યે ખેતી વેપાર, ગોપલનાદિ દ્વારા પ્રાપ્ત દ્રવ્યથી યજ્ઞ કરવા જોઇએ. (અસત્પ્રતિગ્રહ, ફંડ–ફાળા કે દેવલકવૃત્તિથી નહીં)

નિષ્કામભાવે તેમજ ભગવદારાધન બુદ્ધિથી થતા યજ્ઞો ચિત્ત શુદ્ધ કરી ભગવત્સેવાયોગ્ય બનાવે છે. માટે વિત્તૈષણા વાળાએ યજ્ઞ તેમજ દાન દ્વારા ધનનો વ્યય કરી ચિત્ત શુદ્ધ કરવું જોઇએ.

**યાજન લક્ષણ :**

ભાગવત અનુસાર યજ્ઞ કરવા પાછળના હેતુઓ નીચે પ્રમાણે છે.

- કર્મવાસના તેમજ કર્મફળનો ત્યાગ.
- યજ્ઞ વડે ભગવદારાધન
- મોક્ષપ્રાપ્તિ
- ચિત્તશુદ્ધિ દ્વારા ભગવદ્ભક્તિ યોગ્ય બનવું.
- વિત્તૈષણાનો ત્યાગ
- અર્પણતા (દેવઋણથી મુક્તિ)
- કામક્રોધાદિ પર વિજય મેળવવો.

ક્રમશઃ

---

# સમાચાર

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ દ્વારા પ્રકાશિત
કીર્તન માધુરીનો ૩ પુસ્તિકાનો સેટ રૂ. ૩૦/-ના ન્યોછાવર
વૈષ્ણવોની સેવામાં માત્ર રૂ: ૧૫/-માં

અષ્ટછાપના કવિઓ મહાન કવિઓ, સિદ્ધ સંગીતકારો અને પરમભક્તો છે. પ્રભુની નીત્યલીલાના સાક્ષાત દર્શન કરી એમણે તિત્યક્રમ અને ઉત્સવોના લાખો કીર્તન રચ્યા છે. સેવા સમયે અવશર અનુસાર કીર્તન કરવાથી વ્રજભક્તોનાં જે ભાવો કીર્તનમાં મુર્તિમંત સ્વરૂપે સ્થાપિત થવો છે તેનો આનંદ વૈષ્ણવોને મળે છે. ઘરે સેવા રરતા વૈષ્ણવો પણ કીર્તન સેવાનો આનંદ લઇ શકે તે માટે પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા સમાજ તરફથી કીર્તન માધુરી ત્રણ પુસ્તિકાઓ પ્રકટ કરવામાં આવી છે.

કીર્તનમાધુરી-નિત્યક્રમના કીર્તનમા ઘરે સેવા કરતા વૈષ્ણવો સેવા સમયે ગાઇ શકે એવા નિત્યક્રમના કીર્તનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કીર્તનમાધુરી–વસંતોત્સવની પુસ્તિકામાં વસંતપંચમીથી ડોલોત્સવ સુધીના વસંત–ધમારના કીર્તન દ્વારા રસિયા તેમજ ડોલના પદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કીર્તનમાધુરી વર્ષોત્સવની પુસ્તિકામાં જન્માષ્ટમીથી લઇ રક્ષાબંધન સુધીના ઉત્સવો તેમજ શ્રી મહાપ્રભુજી અને ગુંસાઈજીની વધાઈના કીર્તનનો સમાવેશ કરવામાં આવ્યો છે. સામાન્ય વૈષ્ણવો પણ કીર્તન સેવાનો આનંદ લઇ શકે માટે સહજ અને પ્રચલિત કીર્તનોને પસંદગી આપવામાં આવી છે. તેમજ કીર્તન કરવા અંગે યોગ્ય માર્ગ દર્શન આપવામાં આવ્યું છે ૩૦૦ થી વધુ કીર્તનાનો આ સેટ દરેક વૈષ્ણવ પરિવાદમાં વસાવવા જેવો છે.

વધુને વધુ વૈષ્ણવો પુષ્ટિમાર્ગના કીર્તન–સાહિત્યના અમુલ્ય ખજાનાથી પરિચિત થાય અને કીર્તન સેવાનો આનંદ લઈ શકે તે માટે રૂા. ૩૦/–ના ન્યોછાવરનો આ સેટ માત્ર રૂા. ૧૫-૦૦માં આપવાનું સંસ્થા તરફથી નકકી કરવામાં આવ્યું છે. મુંબઈમાં વસતા વૈષ્ણવોએ ન્યોછાવરના રૂા. ૧૫–૦૦ ઉપરાંત પોષ્ટ ખર્ચના રૂા. ૫ મળી કુલ રૂા. ૨૦–૦૦ મનીઓર્ડરથી મોકલવાથી સેટ બુક પોષ્ટ દ્વારા મોકલવામાં આવશે.

સંપર્ક શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ
C/o. શાહ રમેશચંદ્ર નાથાલાલ. મર્સી વિલા, અશોકનગર રોડ
કાંદીવલી મુંબઈ ૪૦૦૧૦૧
**Tel. : ૮૮૭૫૭૨૯ – ૮૮૭૭૨૦૮**

(બીજા ટાઈટલ ચાલુ)

સ્થાનિક અખબારોમાં પ્રસ્તાવનાના સમાચારોનું સંકલન કરી પ્રસિદ્ધિ અપાવવાની સેવા પ્રસ્તાવ સમિતિના મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે સરાહનીય રીતે કરી હતી.

આ પ્રસ્તાવ અન્તર્ગત સામગ્રી સ્પર્ધાનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ હતો. તેમાં ભાગ લેનાર વૈષ્ણવ બહેનોને આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ ધોરાજી દ્વારા પ્રકાશિત "પુષ્ટિ પથ મર્મ" (પ્રથમ સોપાન–આશ્રય) પુસ્તકનું પ્રોત્સાહિત ઈનામનું વિતરણ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના વરદ હસ્તકમલથી કરવામાં આવ્યું હતું.

## નિ. લી. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનો ૯૪મો જન્મોત્સવ

પ્રતિ વર્ષની માફક શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ (રાજકોટ) દ્વારા ગો. શ્રી રસિકરાયજીની અધ્યક્ષતામાં ત્રણ દિવસ ઉજવવામાં આવ્યો.

પ્રથમ તા. ૨૫-૫-૯૪ના રોજ મહારાજ નિવાસ માં ગો. શ્રી રસિકરાયજી "હાર્મોનિયમ" નિતાઈ ચક્રવર્તી "તબલા" તથા શ્રી હરિકાન્ત સેવક અને ચન્દ્રકાન્ત શેઠનું શાસ્ત્રીય ગાયન થયેલ.

તા. ૨૬-૪-૯૪ શ્રી ના પલના તથા જશુબા મંડાણમાં વધાઈ કીર્તન તથા હીંચ હમચી, જેમાં ગો. શ્રી રસિકરાયજી, વ્રજદાસ કંસારા અને રાજકોટ મંડળીના કીર્તનકારોના કીર્તન, ગાન હીંચહમચીની રમઝટ બોલાવી હતી.

તા. ૨૭-૪-૯૪ રાષ્ટ્રીયશાળામાં જયપુર નિવાસી સિતાર નવાઝ પં. શશિમોહન ભટ્ટનું સિતારવાદન અને ઉ. નિસાર હુસેનખાં (જયપુર)નું તબલાવાદન થયું હતું.

કાર્યક્રમનું સંચાલન ભરત મઘડીયાએ સુંદર રીતે કર્યું હતું.

અંતમાં ગો. શ્રી રસિકરાયજીએ કલાકારોનો આભાર માન્યો હતો અને શ્રી હસમુખભાઈ ખખ્ખરે સમિતિની ટૂંકી માહિતી આપી હતી.

## સન્માન સમારંભ

**રાજકોટ** – મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ મહેતા હીંગનઘાટવાળા લેખક, કવિ, વિવેચક, સંગીતકાર તેમજ પાક કલા, સેવા–શૃંગાર–સજાવટમાં પારંગત છે અને તેમના ગદ્ય–પદ્ય પુસ્તકો તથા સાંપ્રદાયિક માસિકોમાં લેખો–કાવ્યો વર્ષોથી પ્રસિદ્ધ થતાં રહયા છે આ કલાકારની કલાથી જાગનાથ પ્લોટ ૨૫ના લતાવાસીઓ પ્રભાવિત થતાં તા. ૨-૪-૯૪ના રોજ જાહેર સન્માન સમારંભનો કાર્યક્રમ શ્રી રતિલાલ મુગટલાલ ઠાકરના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ હતો. તેમાં નાળીયેર, સાકરનો પંડો અને ફુલહાર રાજકોટ મ્યુ. કોર્પો. શ્રી નટવરભાઈ રાઠોડે અર્પણ કરેલ અને એન્જી. એસો. પ્રમુખ શ્રી વજુભાઈ માવાણીએ સાલ ઓઢાડી સન્માન કરેલ.

મ્યુ. કોર્પો. શ્રી નટવરભાઈ રાઠોડે તથા શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી રવજીભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચન કરેલ. મુખીયાજીએ આ સન્માનનો પ્રતિભાવ દર્શાવતા જણાવેલ કે આ મારું સન્માન નહિ પરંતુ જગત નિયંતા કલાધરશ્રી પૂર્ણ પુરુષોત્તમને વિનિયોગ થતી કલાનું સન્માન આપ સૌ લતાવાસીઓએ કરેલ છે તેથી આભાર સહ અભિનંદન વ્યક્ત કરું છું.

છેલ્લે મ્યુઝીકલ કાર્યક્રમ યોજાયેલ હતો તેમાં લતાવાસી બહેનો અને ભાઈઓએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લઈ આનંદ માણ્યો હતો. અને શ્રી દીપકભાઈ તથા પ્રભુદાસભાઈ પોબારૂએ આનંદ સહ શુભેચ્છા વ્યક્ત કરી સૌનો આભાર માન્યો હતો.

॥ શ્રીહરિ: ॥

# શ્રીજી દર્શન

[સાચા સગા તે શ્રીનાથજી....એ ઢાળમાં]

સામે બિરાજે શ્રીનાથજી, સોહાગી મારે સામે બિરાજે શ્રીનાથજી.
ઊંચો ધરીને વામ હસ્તજી, સોહાગી મારે સામે બિરાજે શ્રીનાથજી.
વાંકી વેણી અને મોર મુગટ તે.
ભાલે તીલક ત્યાં સોહાયજી, સોહાગી મારે
કાને કુંડળ અને નાસિકા મોતી,
નમણાં નયનોનું ઘણું તેજ જી, સોહાગી મારે.
વદન કમળની શોભા તો નીરખો,
હડપચીએ હીરલાનું તેજ જી, સોહાગી મારે.
જમણો તે હસ્ત ધર્યો કટિ મધ્ય ભાગ છે,
વેણુ, કમળ પુષ્પ સાથ જી, સોહાગી મારે.
પંચરંગી વાગોને જરકશી જામા.
નીરખતાં તૃપ્તિ નવ થાય જી સોહાગી મારે.
હેમ આભુષણને ગુંજાની માળા,
બાંહે બાજુબંધ સોહાય જી, સોહાની મારે.
ચરણ કમળમાં હેમનેપુર છે.
બલિહારી વૈષ્ણવ જાય જી, સોહાગી મારે.
કોટિ-કુસુમાયુધ લાવણ્ય રૂપથી,
દિવ્ય સ્વરૂપ આ સોહાયજી, સોહાગી મારે.
વલ્લભ પ્રભુ તણી કૃપા કલિ મહીં,
પુષ્ટિ-જનો ન્યાલ થાય જી, સોહાગી મારે.
સામે બિરાજે શ્રીનાથજી, સોહાગી મારે સામે બિરાજે શ્રીનાથજી.

રચપિતા **જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'**

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

# શ્રી વલ્લભસુધા

## વર્ષાઋતુકે પદ, રાગ--મલ્હાર

બ્રજપર મેઘ ઘટા જુરિ આઇ,
મધુંર-મધુર ગર્જંત નીલાકૃતિ, વર્ષંત અતિ સરસાઈ. ૧
સુક્રત નીર શ્રવિ શ્રીવન ઉપર, હરિત ભૂમિ છબિ છાઇ,
ઇન્દ્રવધુ રંજિતઋણ સંકુલ; ઇતબગ પાંતિ ઉડાઇ. ૨
દાદુર ધુનિ ચાતક ઇત કેકી, કોકિલ, કુંક મચાઇ,
ઇત ભૃંગાવલિ ભ્રમતિ ગંધલે, ઇતિ યમુના વિપુલાઇ ૩
ઇત ગોવિંદ ગ્વાલ ગૌસંગલે, ગોવર્ધન તર જાઇ,
**'બલ્લભ'** રાગ મલ્હાર અલાપત, ભીંજત કુંવર કન્હાઈ. ૪

—**શ્રીવલ્લદાસ બાજીલાલ શર્મા, દેવરી** (ગ્વાલીયર)

---

**✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✻**

---

**વર્ષ ૧૩ : અંક-૪** **જુલાઇ ૧૯૮૪**

**શ્રી વલ્લભાબ્દ ૫૧૬**

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-** ✻ **આજીવન રૂા. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

# ભગવદિય શ્રી નંદદાસજી (રામચંદ્રજી) વર્માનો ગોલોકવાસ

અખીલ ભારતીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના પાયાના કાર્યકર. પ્રારંભથી સહાયક મંત્રી અને બાદમાં મહામંત્રી પદે સેવા આપનાર, પરિષદના મુખપત્ર "પરિષત્સંદેશ" ના સંપાદક, શ્રી સુબોધિની પ્રકાશન મંડલના આજીવન માનદસચિવ પ. ભ. શ્રીનંદદાસજી વર્મા (શ્રીરામચંદ્રજી) વૈસાખ સુદ ૧૨ રવીવાર તા. ૨૨–૫–૯૪ ના દિને ભૌતિક દેહનો ત્યાગ કરી ભગવત્ચરણાર્વિદને પ્રાપ્ત થયાં.

અ. ભા. પુ. વૈ. પરિષદની સ્થાપનાના સમયથીજ પરિષદના મહામંત્રી પ. ભ. શ્રી દ્વારકાદાસ પરિખની સાથે સહમંત્રી તરીકે જોડાયેલા પ. ભ. શ્રી નંદદાસજી જોધપુર (રાજસ્થાન) નિતિવાસી હતાં પરંતુ ઉત્તર રેલ્વેના વાણીજ્ય વિભાગના ઉચ્ચ હોદાઓ ઉપર કાર્યરત હોઈ લાંબો સમય પંજાબ તથા દિલ્તીમાં વસવાટ કરેલ. બી. એ. તથા રાષ્ટ્રભાષામાં કોવિદની ઉચ્ચ શૈક્ષણિક પદવીઓ અને ઉત્તર રેલ્વેના ઉચ્ચ અધિકારી પદે આસિન હોવા છતાં વૈષ્ણવોચિત સહજ દીનતા, સાદાઈ, મીતભાષી અને સરલ વ્યવહારથી તેમના સંપર્કમાં આવનારને સ્વાભાવિકજ વૈષ્ણવતાનું દર્શન કરાવી ભગવત્ કાર્યો પ્રતિ આકર્ષીત કરતાં.

રેલ્વેની ઉચ્ચ હોદાની નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ અનેકાનેક જગ્યાએ ઉચ્ચ લાભ અપાવતા વ્યવસા વગેરેની ઓફરોને નમ્રતાપૂર્વક પાછીવાળી પોતાનું શેષજીવન સંપ્રદાયની સેવામાં સમર્પિત કરી પોતાના વતન જોધપુરમાં સ્થાયિ નિવાસ કરી પૂ. પા. નિ. લી. ગો. શ્રી વ્રજભૂષણ લાલજી મહારાજશ્રી (જામનગર–ચાપાસેની) ની આજ્ઞાથી "શ્રીસુબોધિની પ્રકાશન મંડલ (રજી.)" સંસ્થાના સ્થાપના કાળથીજ માનદ સચિવ પદે રહી. આજીવન શ્રી સુબોધીનીજીનું (હિન્દી ભાષાન્તરના) વિવિધ શાસ્ત્રીજીઓ દ્વારા અનુવાદ કાર્ય કરાવી પ્રકાશન કરનાર પ્રાય: એકલે હાથે ગ્રંથ પ્રકાશનની જવાબદારી શ્રીમહાપ્રભુજીની અસીમ કૃપાથી તેમણે નિભાવીજાણી.

સંપ્રદાયના પ્રકાશના ઈતિહાસમાં શ્રી સુબોધિનીજીના સંપૂર્ણ ગ્રંથોનું (૨૩ ખંડો) એકજ સંસ્થા અને એકજ વ્યકિતના સંચાલનમાં પ્રકાશન એ અજોડ કાર્ય છે.

તેમના પર તેમના ગુરૂ ઘર (પ્રધાન પીઠ ધિશ્વર શ્રી તીલકાયત મહારાજશ્રી)ના સર્વે બાલકોની તેમજ નિ. લી. પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલ:લજી મહારાજ (જામનગર–ચાંપાસેની) તથા સર્વે બાલકોની તથા પુ. પા. નિ. લી. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજી, નિ. લી. પુ, પા. ગો. શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (કોટા) પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોરબંદર) (જેમના અધ્યક્ષપદ સમયમાં પરિષદના મહામંત્રી પદે તેઓ હતાં) તેમજ બીજા અનેકો ગો. આચાર્યોની પરમકૃપા હતી.

તેમના જીવનના મુખ્ય ગુણોમાં સાદાઈ અને કરકસરયુકત સંચાલન અને અત્યન્ત ચોકસાઈ દ્વારા તેમણે જે જે કાર્યો સંભાળ્યા તેમાં તેઓની અમીટ છાપ દેખાઈ આવે છે.

દિલ્હીના મુલતાની વૈષ્ણવ સમાજમાં અને કલકત્તાના મારવાડી વૈષ્ણવ સમાજમાં તેઓ ખુબ આદર પાત્ર હતાંજ સૌરાષ્ટ્રમાં પણ 'પરિષદ'ના અને શ્રી સુ. પ્ર. મંડલના કાર્યો અંગે અવારનવાર તેઓ આવતાં અને રાજકોટમાં પ. ભ. ગગુભાબાપા મરજાદી અને તેમના પરિવાર સાથે તેમના અત્યંન સ્નેહ યુકત સંબંધો હતાં.

કાને બહુજ ઓછું સાંભળતાં અને નેત્રોની પણ ખુબજ નભળાઈ હોવા છતાં પ્રકાશનનું કાર્ય અને તે અંગે અર્થ સહાય મેળવવી, વૈષ્ણવોમાં ગ્રંથવાંચન પ્રતિ અભિરૂચી ઉત્પન્ન કરવી એવા હેતુઓથી નિરંતર તેઓ પ્રવાસશીલ રહેતાં અને પોતાના મૃદુ વ્યવહારથી અનેકોને ભગવત્સન્મુખ કરાવનાર ખરા અર્થમાં તેઓ તાદશી ભગવદિય હતાં.

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજુ)

**શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૪ * જુલાઈ, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## ધર્મ કા મૂલ– 'પ્રેમ'

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આદરણીય રાજમાતા આદણીય મુની વિદ્વાન તથા આંખના સર્જન, રાજકોટ જિજ્ઞાસુ શ્રોતાઓ,

આજના આ પવિત્ર પ્રસંગ પર પહેલાની જેમ એ મહાન આત્માનું અહીં આગમન, આ ખૂબ જ શુભ નિશાની બની આપણા રાજમાતા કહેવા યોગ્ય છે. આમ તો રાજમાતાઓ ઘણી હોય છે. જે રાજ્યની માતા હોય તેને જ રાજમાતા કહેવાય છે. પરંતુ પ્રજા પ્રત્યે જેના હૃદયમાં માતા જેવો સ્નેહ હોય, વાત્સલ્ય હોય, વાસ્તવમાં સાર્થક રાજમાતા તેને જ કહી શકાય. અમને દેખાય છે કે આપમાં આ ગુણ યોગ્ય પ્રમાણમાં વિદ્યમાન છે.

પ્રજાના પ્રસંગમાં, અછતના પ્રસંગમાં આપે અનેક વખત આપની ઉદારતાથી પ્રજાને સહયોગ આપીને દુઃખમાંથી ઉગારવાનો પ્રયત્ન કર્યો છે અને સાથે જ હવે રાજનીતિમાં પ્રવેશ કરીને જનતાનો દુઃખ–દર્દમાંથી છુટકારો અને સરકાર સામે રજુ કરવાનો સાહસપૂર્ણ પ્રયાસ

કર્યો છે તે પણ એક આદર્શ છે. હાલનું જનજીવન કેટલું અશાંત છે. આ વાતથી આપણે બધા લોકો સારી રીતે પરિચિત છીએ, એક રીતે નહીં અનેક રીતે, અનેક બાજુએથી. નીત નવા અશાંતિના કારણો બનતા જાય છે. આવી સ્થિતિમાં જનતા પોતાના પ્રાણ માટે, પોતાના સુખ સુવિધાઓ માટે લલચાય એ એક સ્વાભાવિક વાત છે. પૈસો પુષ્કળ હોય કે ન હોય, અનાજ, વસ્ત્રની જરૂરીયાત તો રહેવાની જ. તેના વગર માનવજીવન કયારેય પણ સુખી અને શાંત ન થઇ શકે અને તેની અછત, મોંઘવારી હરરોજ વધતી જ જાય છે. આમાં ઉપાય શું હોય ? ઇન્સાનને કોણ કહે ? આ સમસ્યાનું સમાધાન થઈ શકે છે ? આ વિચાર સ્વાભાવિક રીતે આપણા લોકોના હૃદયમાં આવે છે. આપણા રાજનેતા, સમાજશાસ્ત્રી અનેક મુખ્ય સજ્જનો તેના અનેક ઉપાય બતાવે છે. પરંતુ આ ઉપાયો પર આધાર કોણ રાખે ? આ ઉપાયો સ્વીકારે કોણ? તેનો વિચાર બહુ ઓછો કરવામાં આવે છે. કહેવા ખાતર આપણે કહી દઇએ છીએ, પરંતુ આપણા જીવનમાં, આપણા વ્યવહારમાં ઘણા માણસો એવા પ્રકારે આવ્યા જેમને માર્ગ બતાવવાનો પ્રયત્ન ઘણી વખત નથી થતો. હમણા આપણા મુનિજીએ ઘણી સુંદર વાત કરી કે આપણે એવા સાધન જોઇએ કે જે વ્યવહારમાં, આચારમાં આપણને ઉપયોગી થાય: ઘણી સારી વાત છે. પવિત્ર સાધનનો ઉદ્દેશ એ છે કે માનવ જીવનના નીચે ગયેલા આચારોને ઊંચા ઉઠાવે. આપણી દૃષ્ટિ એવી સંકુચિત બની ગઇ છે કે પ્રકાશ આપણા હૃદયની અંદર જોઇએ છીએ. બીજાની અંદર પ્રકાશ છે એ વાતને ભૂલી જઇએ છીએ.

પ્રકાશનો અર્થ અહીં અજવાળું નહીં સમજતા, અહીં પ્રકાશનો અર્થ છે આત્મા. આત્મા જે આપણામાં છે. આપણને તેમાં જો સુખ થાય છે તો સુખી થઇએ છીએ. દુઃખ થાય છે તો દુઃખી થઇએ છીએ. આ રીતે બીજી વ્યક્તિ પણ સુખી કે દુઃખી થાય છે કે નથી થતા ? આ વાતનો વિચાર આજે આપણા લોકોના હૃદયમાંથી લગભગ નહિવત્ થતો જાય છે. ભારતીય સંસ્કૃતિની વિશેષતા એ રહી છે કે તે 'આત્મવત્ સર્વ ભૂતેષુ' આ સિદ્ધાંત જનતા સામે પ્રસ્તુત કરવામાં આવે છે અને આ વાતને આપણા શ્રી વલ્લભાચાર્યજીએ પણ પ્રતિપાદિત કરી છે.

આ જગતમાં જે કંઇ આપણે જોઇએ છીએ, સાંભળીએ છીએ એ સર્વ એક જ શક્તિનો પ્રકાશ છે, અર્થાત્ સર્વત્ર બ્રહ્મ છે જે આપ છો તે હું છું, હું છું તે આપ છો અને આપ અને હું બંને મળીને જે છે તે આખું વિશ્વ છે. આ પ્રકારની ભાવના બ્રહ્મ માર્ગની છે. આ બ્રહ્મમાર્ગ દ્વારા આચાર્યચરણોએ આપણને સમજાવ્યું કે જગતમાં પદાર્થરૂપે, પ્રાણીરૂપે, ક્રિયારૂપે પરમાત્મા જ કાળરૂપ થઇને ઊભેલા છે. તેને માટે એક આધાર આપણે બનાવવો પડશે. આધાર વગર આ કાર્ય દિલમાં ચરિતાર્થ ન થઇ શકે. આ આધાર કયો છે ? પ્રેમનો.

જ્ઞાનથી આપણે ઘણા આગળ વધી જઇએ, સારી સારી વાતો કરીએ, સારી સારી વાતો સાંભળીએ. પરંતુ હૃદયમાં જો પ્રેમ ન હોય,

અરમાન ન હોય તો તે જ્ઞાન કહેવા અથવા સાંભળવાનું જ્ઞાન, કોઇ જગ્યાએ જીવનમાં સરળતા, એક બીજા પ્રતિ સહાનુભૂતિની ભાવના થાય તે જ્ઞાન નહીં લાવી શકે. એકબીજા પ્રતિ સહાનુભૂતિ હોવી જોઇએ, ત્યારે કોઈ સમસ્યાનું સમાધાન થઇ શકે અને પ્રેમમાર્ગ એક એવો અમૂલ્ય ભાવ છે કે જેના દ્વારા માનવી બીજા માનવી પ્રતિ સહાનુભૂતિ રાખી શકે છે અને એક માનવ બીજા માનવ પ્રતિ સહાનુભૂતિ ક્યારે રાખશે ? જ્યારે બીજાને તે પોતાનો સમજશે ત્યારે. દુનિયામાં આપણે જોઇએ છીએ કે મનુષ્ય સહાનુભુતિ રાખે છે. સહાનુભુતિ વગર શું કાર્ય ચાલે છે ? ન ચાલી શકે.

આ રીતે ભાઇ હોય, માતા હોય, પિતા હોય, પત્ની હોય કે પતિ હોય, જેના પ્રતિ સાધારણ સહાનુભુતિ આપણા હૃદયમાં હોય તો સુખ થાય છે, ન હોય તો, તો આપણા હૃદયમાં ઠેસ લાગે છે. જેને આપણે આપણાં પણ માનતા નથી, બીજા માનીએ છીએ તેના પ્રતિ સહાનુભુતિની ભાવના આપણા હૃદયમાં ક્યાંથી આવી શકે ? આપણું ઘર અસ્વચ્છ હોય તેને આપણે સાફ કરવાનો પ્રયત્ન કરીશું. પડોશીના ઘરને સાફ કરવા કોણ જાય છે ? આપણા ઘરમાં અનાજ ન હોય તો આપણે ગમે ત્યાંથી પણ પ્રયત્ન કરીને અનાજ લાવવાની કોશિષ કરીશું, પરંતુ આપણા પડોશીના ઘરમાં અનાજ છે કે નહીં ? તેની પાસે પણ અનાજ હોવું જોઇએ. તે લાવવાનો પ્રયત્ન આપણે કરીએ છીએ કે ? લૌકિક કામ જરૂરી હોય છે, એ બીજી વાત છે, પરંતુ વાસ્તવિક પ્રયત્ન આપણે ક્યાં કરીએ છીએ ? આપણી જે પ્રવૃત્તિ છે તે સિમીત થઈ ગઈ છે અને ભારતીય સંસ્કૃતિ, આ આચાર્યચરણની વૃત્તિ, તે માનવીની વૃત્તિ છે, જેમાં માનવીની દૃષ્ટિનો સંદેશ આચાર્યચરણોએ આપ્યો છે. આ સમયે જેટલા માનવ છે તે બધા એક છે. માનવ માનવમાં ભેદ ન હોઇ શકે, એ યોગ્ય છે.

દરેક માનવીની આચાર ભાવના અલગ અલગ હોય એ વાત સાચી છે. પરંતુ માનવતાના સંબંધે બધા માનવ માનવ છે અને એટલું જ નહીં, જેટલા પણ જીવ છે, પ્રાણી છે, ચેતન પ્રાણી છે તે બધામાં પણ એક જ આત્મા છે.

—ક્રમશઃ

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભક્તિવર્ધિની

## ગ્રન્થ – પરિચય

### લેખક – **ગોસ્વામી શ્યામ મનોહર**

ભાષાન્તર – પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. (કોવિદ) મુંબઈ

ચોરાશી વૈષ્ણવોની વાર્તામાં ભાવપ્રકાશ અનુસાર (જણાય છે કે) ભક્તિવર્ધિની ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ સાંચોરા પુરૂષોત્તમ જોશીને માટે રચ્યો હતો. એક લોક વાયકા પ્રમાણે આ ગ્રન્થનો રચના કાળ વિ. સં. ૧૫૫૨ ગણવામાં આવે છે અને રચના સ્થળ પ્રયાગ, પરંતુ ભાવ પ્રકાશનું અધ્યયન (બારીક અભ્યાસ) કરવાથી એમ લાગે છે કે આ ગ્રન્થની રચના ગુજરાતના કોઈ એક ગામમાં થઇ હોવી જોઇએ.

"ત્યારે એક સમયે શ્રી આચાર્યજી ગુજરાત પધાર્યા ત્યારે પુરુષોત્તમ જોશી મધ્યાન્હને સમયે એક તળાવના કાંઠે સંધ્યા કરતા હતા ત્યારે શ્રી આચાર્યજી તળાવને કાંઠે પધાર્યા અને સંધ્યાવંદન કરવા લાગ્યા. ત્યારે દૈવી જીવ જાણીને શ્રી આચાર્યજીએ પુરૂષોત્તમ જોશીની તરફ દૃષ્ટિ કરી. ત્યારે પુરુષોત્તમ જોશીએ શ્રી આચાર્યજીની પાસે આવીને નમસ્કાર કરીને પુછયું. –

"મહારાજ ! આ કર્મ માર્ગ મોટો કે જ્ઞાન માર્ગ મોટો !"

ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું – "જેના મનમાં જે માર્ગ દૃઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ (શ્રદ્ધા) હોય, તેને ગમતો એવો એ જ માર્ગ મોટો, અને મોટો તો ભક્તિમાર્ગ છે, જેમાં જીવ કૃતાર્થ થાય છે અને જ્ઞાન માર્ગમાં કૃતાર્થી થવું, કર્મમાર્ગ કરતાં અઘરૂં (કઠિન) છે. તેથી કોઇનાથી નિર્વાહ (આચરણ) થાય નહિ. તેનું કારણ શું ? એ કષ્ટ સાધ્ય (મુશ્કેલીથી સિદ્ધ થાય એવા) છે. તેથી આ કાળમાં (આ સમયમાં) શરીરમાં કષ્ટ આપી શકાતું નથી. જો કોઈ શરીરનું કષ્ટ સહન કરે તો મન ઠેકાણે રહે. તેથી ભક્તિ માર્ગમાં જીવ કૃતાર્થી થાય. એ સિવાય બીજો કોઇ આશ્રય (માર્ગ=રસ્તો) નથી.

ત્યારે પુરૂષોત્તમ જોશીએ કહ્યું (પુછયું) કે મહારાજ ! ભક્તિનું સ્વરૂપ કેવું છે તે કૃપા કરીને કહો ?"

ત્યારે શ્રી આચાર્યજીએ ઉત્તર આપ્યો "ભક્તિના સ્વરૂપનું વર્ણન કરવા બેસીએ (એટલે પ્રયત્ન કરીએ) તો પાર જ ન આવે. પરંતુ તને કંઇક (થોડુંક) કહું છું"

ત્યારે ભક્તિવર્ધિની ગ્રન્થની રચના કરી અને અગ્યાર શ્લોક પુરુષોત્તમ જોશીને સંભળાવ્યાં. તેથી એ ઉત્તમ અધિકારી હોવાથી તેમને બધો બોધ થઇ ગયો.

આ પ્રમાણે પુરુષોત્તમ જોશીના હૃદયમાં ભક્તિના વર્ધન (વધારો કરવા) માટે ભક્તિવર્ધિની ગ્રન્થ લખવામાં આવ્યો હતો. ગુજરાતમાં જ પુરુષોત્તમ જોશીના કોઇ એક ગામમાં. એ ગ્રન્થના ઉપદેશ પછી પુરુષોત્તમ

જોશી, પોતાની પત્નીની સાથે, શ્રી મહાપ્રભુજીના અનુયાયી થયા, અને બીજી કોઇ પ્રવૃત્તિમાં મન રાખ્યા વિના પોતાના ઘરમાં કૃષ્ણ સેવામાં મગ્ન થઇ ગયા –

“એમ બન્ને જણ પ્રેમથી સેવા કરવા લાગ્યા. પછી શ્રી આચાર્યજી દ્વારિકા પધાર્યા. આ પ્રમાણે પુરુષોત્તમ જોશીએ ઘણા દિવસો સુધી ભગવદ્ભાવમાં મગ્ન રહીને બીજી કોઇ પ્રવૃત્તિમાં મન રાખ્યા વિના, સેવા કરી તેઓ કોઇની પાસે પોતાના હૃદયનો ભાવ પ્રગટ ન કરતા.”

ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુન પણ ભગવાનને એજ પ્રશ્ન કરી બેઠો હતો કે જ્ઞાનયોગ જો શ્રેષ્ઠ હોય તો પછી કર્મની શી જરૂર છે? અને કર્મ જો આવશ્યક હોય તો પછી જ્ઞાનયોગ કયા અર્થમાં શ્રેષ્ઠ છે?

અહીં ભગવાને અર્જુનને સમજાવ્યું છે કે કર્મોના અનારંભ (શરૂ ન કરવું તે) યા તો કર્મોના ત્યાગના કારણે જ્ઞાનયોગ શ્રેષ્ઠ નથી બની જતો, કારણ કે ફલની આસકિત વગર કરેલું કર્મ, અથવા નિષ્કામ કર્મ પણ જ્ઞાનયોગથી મળી શક્તા લાભોને મેળવી આપવા શક્તિમાન છે. કર્મના ફલોમાં આસકિત ચાલુ રહે તો જ્ઞાનમાર્ગના સાધકને નૈષ્કર્મ્ય (કર્મ ન કરવારૂપી માર્ગ અપનાવવાનું પણ) નૈષ્કર્મ્યનું સ્વયંમા રહેલું કોઇ પણ મૂલ્ય (કિંમત) નથી. જો કર્મના ફળો મેળવવાનું આકર્ષણ (મોહ – આસક્તિ) ચાલુ રહે તો કર્મનો ત્યાગ એ નર્યો (ચોકખો) પાખંડ–છળ–દંભ બની જાય છે.

ભગવાન કહે છે પોતે આત્મારામ – આત્મકામ (જેમને કોઇ પણ ઇચ્છા પ્રાપ્ત કરવાની રહેતી નથી) એવા હોવા છતાં, કર્મત્યાગને બદલે લોકોના કલ્યાણને માટે (જનસમુદાયને ઉદાહરણ થવા માટે) ભલેને હોય પણ કર્મ કરવા એ વધારે શોભાસ્પદ છે. કોઇ પણ જ્ઞાની પોતે કંઇ પરમાત્મા કરતા વધુ નિષ્કામ યા તો આપ્તકામ હોઈ શકતો નથી. જો આમ છે તો પછી જ્ઞાનયોગના નામે (બહાને) કર્મત્યાગની શી આવશ્યકતા છે?

જ્ઞાનમાર્ગી હોય કે કર્મમાર્ગી હોય પરંતુ એ બન્નેએ સ્વધર્મનું–સ્વકર્મનું–અનુષ્ઠાન–આચરણ ફલાસક્તિ વિના જ કરવું જોઇએ, કારણ કે પરધર્મનું સારી રીતે કરેલું અનુષ્ઠાન પણ પોતાના ધર્મના સારી રીતે ન કરવામાં આવેલા અનુષ્ઠાનથી શ્રેષ્ઠ નથી.

અર્જુને આ સંબંધમાં એક મહત્વપૂર્ણ પ્રશ્ન ભગવાનની સમક્ષ રજુ કર્યો છે. અર્જુન પૂછે છે કે સ્વધર્મના પાલનની જો આટલી વધારે (અધિક) મહત્તા હોય તો પછી વ્યર્થ (નકામા), લોકો કયારેક સ્વધર્મના ત્યાગ દ્વારા તો કયારેક પરધર્મોના અનુષ્ઠાન (આચરણ–સ્વીકાર) દ્વારા પાપાચરણ શા માટે કરતા હોય છે?

ભગવાને આ પ્રશ્નનો વિલક્ષણ (અજાયબ) ઉત્તર આપ્યો છે કે સ્વધર્મના ત્યાગ દ્વારા અથવા પરધર્મના આચરણ દ્વારા મનુષ્ય પોતાના પાપોમાં વધારો (ઉમેરો) કરતો રહે છે. પોતાના કામ અથવા ક્રોધને વશ થઇને જ્ઞાનીઓનો જ્ઞાનાગ્નિ પણ બહુધા (મોટે ભાગે) કામના ધુમાડાથી ઘેરાઇ જાય છે. કામ જ જ્ઞાનીઓનો ચિરશત્રુ હોય છે.

–ક્રમશઃ

# કાવ્ય-કુંજ

## મહામંત્રની મીઠી છાંયડી

[ ઢાળ – કપરા સાસરીયામાં જીવવું રે લોલ ]

મહા મંત્રની મીઠી છાંયડી રે લોલ
લેવું અષ્ટાક્ષર નામ જો .... .... .... મહા મંત્રની૦ ૧

વલ્લભ પ્રભુએ મને આપીઓ રે લોલ
આપ્યા છે અભય વરદાન જો .... .... મહા મંત્રની૦ ૨

કંઠી બાંધી છે મને પ્રેમથી રે લોલ
આપ્યાં છે બ્રહ્મ સંબંધ જો — .... .... મહા મંત્રની૦ ૩

સેવા શિખવી છે રૂડી રીતથી રે લોલ
ચાહીં પૂર્યા છે ભકિત કેરા ભાવ જો .... .... મહા મંત્રની૦ ૪

ચંપારણ્યમાં વ્હાલો પ્રગટીયા રે લોલ
ગોવર્ધનને ભેટયા બાથો બાથ જો .... .... મહા મંત્રની૦ ૫

સેવાથી જીવન ધન્ય થાય છે રે લોલ
જપવા મહામંત્ર સદાય જો .... .... .... મહા મંત્રની ૬

સેવાને સતસંગ સદા કરો રે લોલ
સાંભળવી પ્રભુની કથાય જો .... .... .... મહા મંત્રની૦ ૭

વૈષ્ણની સેવા સદા કરે રે લોલ .... ....
રાખવો એમાં વિશ્વાસ જો .... .... .... મહા મંત્રની ૮

શ્રી કહેવાથી સૌભાગ્ય સાંપડે રે લોલ
કૃષ્ણ કહેવાથી કૃપા થાય જો .... .... .... મહા મંત્રની ૬

,**લક્ષ્મી**’ એ મંત્ર સદા જપે રે લોલ
મારું જીવન ધન્ય બની જાય જો .... .... .... મહા મંત્રની૦ ૧૦

**પ. ભ. સૌ. લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ અમદાવાદ**

# કૃષ્ણલીલામૃત પાન

લે. પ્રો. એમ. આર. પાલેજા રાજપીપળા

## આતમ ઝંખે પરમાતમને

આજે સમાજમાં સંપત્તિ અને સત્તાની લાલસા વધતી જાય છે. લોકો સાચાખોટા માર્ગે તે મેળવવા માટે ઝઝુમે છે વળી પેટને ખાતર આજે માણસને ગમે તેવી વેઠ કરવી પડતી હોય છે,

જીવનમાંથી ઉચ્ચ મુલ્યો અદૃશ્ય થતાં જાય છે અને જીવનના કલ્યાણકારક પાસાં અતિ ગૌણ બનતાં જાય છે તેમ વૈયક્તિ, સામાજિક અને ધાર્મિક પર્યાવરણો વધુ ને વધુ પ્રદુષિત બનતાં જાય છે, આજનો માણસ તેમાં ખરડાયા વિનાનો રહી શકતો નથી.

જીવને જન્મ વખતે પ્રભુનું સ્મરણ આછું આછું પણ હોય છે. પરંતુ જેમ જેમ તે મોટો થતો જાય છે, બાળકમાંથી કિશોર, જુવાન, પ્રૌઢ અને વૃદ્ધ બનતો જાય છે તેમ તેમ તે ઇશ્વરથી દુર થતો જાય છે. પ્રભુને વિસ્મરનો જાય છે. અને સંસારની મોહમાયાના પાશમાં વધુ ને વધુ બંધાતો જાય છે. ભૌતિક સુખોની સપાટી નીચેના કીચડમાં ખૂંચતો જાય છે.

જીવ જ્યારે બ્રહ્મસંબંધી જીવ પોતાતી જાતનું પોતાના સર્વસ્વ સાંથે ધનદોલત, સ્ત્રી પુત્ર, દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને આત્મા સાથે ગુરુની સાક્ષીએ પ્રભુને સમર્પણ કરે છે.

પરમાત્મા તો પરમકૃપાળુ છે. તે શ્રી વલ્લભ દ્વારા દિક્ષિત જીવનો અંગિકાર કરે છે પરંતુ આપણામાંથી કેટલા જીવ પોતાના હૃદયના પાચા ભાવથી પ્રેમથી સમર્પણ કરે છે ? પુષ્ટિમાર્ગ તો ભાવનો-પ્રેમનો માર્ગ છે પ્રેમભાવ વગરનું સમર્પણ ફળની પ્રાપ્તિ કયાંથી કરાવી શકે ?

જીવ પર માયાની એટલી તો પ્રબળ અસર હોય છે કે ધનદોલત, સ્ત્રીપુત્ર, ઘરબાર, ઇન્દ્રિયો, પ્રાણ અને આત્મા પ્રત્યે પોતાના મોહ અને અહંતા-મમતાને દુર કરી શકતો નથી. એમના માટે તેના મનમાં એટલો બધો રાગ હોય છે કે તેમને દુર કરવા માટે તે કોઇ પ્રવૃત્તિ કરી શકતો નથી, મનમાં વૃત્તિ જ ન હોય તો પ્રવૃત્તિ કયાંથી કરી શકે ? નાશવંત વસ્તુઓ માટે મન મોહથી ભર્યું હોય તો એના મનમાં અવિનાશી મોહન કયાંથી વસે ?

માનવ જીવ ધનસંપત્તિને પ્રિય ગણે છે. સંપત્તિ મેળવવા જીવનભર તે મથામણ કરે છે સરળતાથી ન મળે તો સાચાખોટા માર્ગે, એન કેન પ્રકારે તે ધન મેળવવા અચકાતો નથી. વળી મેળવેલા ધનને સાચવવા તે દ્રવ્યનો વ્યય કરે છે અને મનમાં ચિંતાગ્રસ્ત રહેતો હોય છે.

ધન-સંપત્તિ કરતાં માણસર સ્ત્રીપુત્રાદિ સગાંસંબંધીને વધારે પ્રિય ગણે છે. તેમના આનંદ-પ્રમોદ-સુખ માટે તે ધન ખર્ચે છે. કુટુંબના આરોગ્ય માટે અને સંતાનોના શિક્ષણ-લગ્ન પાછળ તે ગજા બહારનો ખર્ચ કરતાં પણ અચકાતો નથી.

સ્ત્રીપુત્ર કરતા પણ પોતાના દેહ પ્રતિ જીવને વધારે મમતા હોય છો દેહના સુખ માટે તે ધન ખર્ચે છે વોતાના દેહની આળપંપાળમાં તે સ્ત્રીપુત્રાદિનો ત્યાગ પણ કરતો હોય છે.

મારામારીમાં–ઝગડામાં સામેલ હોય ત્યારે શરીરના અંગોને ઇજા ન પહોંચે તેની જીવ સંભાળ રાખે છે. રોગના ઉપદ્રવમાં ડોકટરની સલાહ હોય તો પોતાના દેહને કોઇ પણ રીતે ટકાવી રાખવા તે પોતાના હાથ પગ કે આંખ નાક જતા કરવામાં પણ અચકાતો નથી આથી સ્ત્રીપુત્રાદિ કરતા જીવને દેહ અને ઇન્દ્રિયો પ્રિય હોય છે.

દેહ–ઇન્દ્રિયાદિ કરતાં પણ જીવને પોતાના પ્રાણ વધુ વહાલા હોય છે. તેની જીજીવિષા એટલી તો પ્રબળ હોય છે કે તે પોતાના પ્રાણ બચાવવાની લાલસામાં દિવસો અને મહિનાઓ પર્યંત ઓકિસજન પર રહેવા પણ તત્પર બને છે.

'આ તો મારો પ્રાણ છે' એવું પોતાના પ્રિય પાત્ર માટે બોલતા લોકોને આપણે સાંભળીએ છીએ. આ દર્શાવે છે કે પ્રાણ ધન-દોલત, દેહ-ઇન્દ્રિય કરતાં વધુ વહાલા લાગે છે.

વળી અતિ દુઃખથી જ્યારે જીવ રીબાતો હોય છે ત્યારે તેનાથી બોલાઇ જાય છે : 'હવે તો નથી સહેવાતું હે પ્રભુ ! હવે તું મને ઉઠાવી લે, હવે તો પ્રાણ જાય તો છુટું.'

આવા સમયે જીવને પોતાના પ્રાણ રહે તે પણ દુખકર લાગે છે. પ્રાણ જાય એટલે મૃત્યુ આવે અને મૃત્યુ આવે ત્યારે માનવદેહ-રૂપી પીંજરમાં પુરાયેલો તેનો આત્મા મુક્ત બને છે. આથી એ સાબિત થાય છે કે જીવને પ્રાણથી પોતાનો આત્મા વધુ પ્રિય હોય છે.

સૂક્ષ્મ એવા આ આત્મા કરતાં પણ જીવને પરમાત્મા–પૂર્ણ પુરુષોત્તમ વધુ પ્રિય હોય છે. પરંતુ પરમાર્થની પરવાહ નહિ કરનાર સ્વાર્થમાં રચ્યા–પચ્યા રહેનાર જીવને, માયાથી લપટાયેલા બધ્ય જીવને આ વસ્તુ સરળતાથી સમજમાં આવતી નથી.

જીવ ભૌતિક સાધનોના નશ્વર સુખની પાછળ પોતાનું જીવન વેડફી નાખે છે. પોતાની અને પરમાત્મા વચ્ચે જે માયાનો પરદો છે તેને તે દુર કરી શકતો નથી. અને તેથી તે શાશ્વત સુખ–શાંતિથી વંચિત રહે છે.

ઉપનિષદ શ્રુતિમાં ઉચિત કહેલું છે : **યદંશઃ સ તં ભજતે- 'જેનો અંશ તે ભજે તેને'** જે જેનો અંશ હોય તેણે તેના અંશીનું ભજન કરવું જોઇએ. આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે.

'જે બ્રહ્મ સંબંધી જીવની ચેતના જાગેલી છે, ભકિતભાવથી જેનું હૃદય ભીંજાયેલું છે તેનો આત્મા સદા પરમાત્માને ઝંખતો હોય છે. આત્માને ઝરૂખે બેસી જીવ પરમાત્માની ઝાંખી કરવા–સાચું સુખ મેળવવા ઇચ્છતો હોય છે. ભકિતભાવ હૃદયમાં એવા સ્પંદન ઉત્પન્ન કરે છે કે જેનાથી આત્મા અને પરમાત્મા વચ્ચેનો બ્રહ્મસંબંધીરૂપી તાર ઝંકૃત બની

## સુધારીને વાંચવા વિનંતિ

જુન ૯૪ અંક ૩ ના પૃષ્ઠ ત્રીજામાં

'કૃષ્ણ લીલામૃત પાન (૨) શ્રી મંગલાચરણ' ને બદલે 'શ્રીકૃષ્ણ લીલામૃત પાન (૩) પર બ્રહ્મ પુર્ણ પુરુષોત્તમ તો પિછાણીએ રે' વાંચવું.

ઊઠે છે ! તનની પુષ્ટિ અન્ન કરે છે તેમ આત્માની પુષ્ટિ ભગવદ્ભજનથી–સત્સંગથી થાય છે. જે બ્રહ્મસંબંધી જીવનું હૃદય શ્રી વલ્લભ નિર્દિષ્ટ ભક્તિભાવ અને સેવાથી પરિપુષ્ટ બને છે. તે જ પુષ્ટિ પ્રભુને–પરમ ફલને પામી શકે છે.'

પરંતુ રે માનવ ! તું તારા દેહના પોષણ માટે અન્નજળ અતિ ચહાવથી લે છે પણ આત્મા કે જે સર્વથી અધિક પ્રિય છે તેની પુષ્ટિ માટે ભજનરૂપી ખોરાક તું લેતો નથી. ખાન–પાન, આનંદ–પ્રમોદ, ભોગ–વિલાસાદિથી દેહ–મન પુષ્ટ–સંતુષ્ટ બનશે પણ આત્મા તેનાથી સંતુષ્ટ નહિ બને. નશ્વર ભૌતિક સુખની પાછળ તું જીવનભર દોડતો રહે છે પણ શાશ્વત સુખ–શાંતિ મેળવવા, આત્માને પરમાત્માથી જોડવા તું કાંઈ કરતાં કાંઇ પણ કરતો નથી.

તું જ્યારે વૃદ્ધાવસ્થાને આરે આવી ઊભો રહેશે ત્યારે તને આ વસ્તુ સમજાશે. પરંતુ તે વખતે અતિ મોડું થઇ ગયું હશે ત્યારે તને જરૂર અફસોસ થશે કે જીવનભર સુખના મૃગજળ પાછળ ભમી તે જીવન વેડફી નાખ્યું અને ભક્તિનું ભાથું ખાલી રાખ્યું તે વખતે પશ્ચાતાપ, બળાપો અને વિલાપ કર્યા સિવાય બીજું થઈ પણ શું શકે ? તું જ કહે, પાણી વહી ગયા પછી પાળ બાંધવી શું કામની ?

આ કારણે જ આપણા મહાપ્રભુજી બ્રહ્મસંબંધ લઈ પુષ્ટિમાં પ્રવેશ કરનાર દરેક જીવને ઉપદેશ છે–

## 'કૃષ્ણસેવા સદા કાર્યા'

અખિલ બ્રહ્માંડમાં જે સર્વથી ઉત્તમ છે, જે સર્વથી પર છે, જે સર્વથી સુંદર છે, જે સર્વથી પ્રિય છે, જે પરમ આનંદના સ્વરૂપ છે, કૃપાના સાગર છે તે પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ પરમાત્મા છે. તેમની સદા સેવા કરવી એ બ્રહ્મસંબંધિત જીવનો આત્મધર્મ છે.

બ્રહ્મસંબંધમાં જે 'બ્રહ્મ' શબ્દ છે તેને બ્રહ્મસંબંધ લેનારા વૈષ્ણવોમાંના ઘણા બધા વૈષ્ણવો યથાર્થ રીતે સમજી શકતા નથી. તેમને એક જાતની વિસામણ થઈ પડે છે કે આપણા પ્રભુ 'શ્રીકૃષ્ણ' છે, 'શ્રીનાથજી' છે કે 'બ્રહ્મ' છે ? આ તે વળી કેવું કે આપણા પ્રભુ શ્રીનાથજી અને સંબંધ બ્રહ્મ સાથે બાંધવો ?

પરંતુ જે બ્રહ્મસંબંધી જીવ જિજ્ઞાસુ છે તેને 'બ્રહ્મ' શું છે તે જાણવાની ઇચ્છા થાય છે. તેથી નિરાકાર પરબ્રહ્મને અને પરબ્રહ્મ પુરુષોત્તમના સાકાર સ્વરૂપને જાણવું જરૂરી છે.

વૈષ્ણવો જ્યારે જાણવા પામે છે કે 'બ્રહ્મસંબંધ'માં જે બ્રહ્મ છે તે જ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અને જે શ્રીકૃષ્ણ છે તે જ શ્રીનાથજી ત્યારે તેમના મનમાં શંકા કે દ્વિધાભાવને સ્થાન રહેતું નથી.

આપણા શ્રીકૃષ્ણ પ્રભુ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ છે, તે સર્વોપરી છે, સર્વોત્તમ છે, પરમ પ્રેમસ્વરૂપ છે, પરમાનંદ સ્વરૂપ છે અને પરમકૃપાળુ પરમાત્મા છે.

વેદો અને ઉપનિષદોના અને આપણા પુષ્ટિમાર્ગીય ગ્રંથોના સારનો આ સાર છે, જે વૈષ્ણવો આ સારને પામે છે તે અહોભાવ અનુભવે છે. **મહતો મહિયાન** એટલે કે જે પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ છે, મોટામાં મોટા ઇશ્વર છે તે શ્રી વલ્લભની કૃપાથી **અણોરણિયાન** એટલે બાલસ્વરૂપે આપણાં ઘરને નંદાલય બનાવે છે. શ્રી બાલકૃષ્ણ પ્રભુનો આવો મહિમા જાણી વૈષ્ણવ એ સ્વરૂપ પ્રતિ ભાવભાવિત-ગદ્‌ગદિત બની જાય છે અને જીવનના અંત પર્યંત પોતાના પ્રિય પ્રભુની નિષ્કામ સેવા કરે છે.

પુષ્ટિધર્મ તો પ્રભુના ચિન્મય નામસ્મરથી, પ્રભુના સ્વરૂપની નિષ્કામ ભકિત અને સેવાથી ચિન્મય ગોલોકધામ સુધી પહોંચવાનો માર્ગ છે.

પ્રિય વાચકગણ ! આવતા પ્રકરણમાં મહાનુભાવોએ નિર્દિષ્ટ કરેલા પગલે ચાલી, આતમના ઝરુખે બેસી પરમાતમની-નિરાકાર, નિર્ગુણ પરબ્રહ્મની અને પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમના સાકાર સગુણ સ્વરૂપની ઝાંખી કરવા પ્રયત્ન કરીશું.

॥ શ્રીવલ્લભ ॥

**॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥**

**ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત**

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

રાખી ભરોસો અન્યનો ન કરે આશ્રય અવિનાશ
ઇચ્છે અખિલ દુઃખ વામવા વળી શ્રેય થવા મન આશ
આશ કરે તરવા દધિપુર શ્વાનનું હાથ ગૃહી લંગુર,
તે જેવો પામશે સાગર પાર, તરશે તેવો હરિ વિમુખ સંસાર.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫)

**વિવેચન :-**

સંસારમાં આવી માનવ દેહથી જો આત્મકલ્યાણ ન થાય તો પછી બીજી યોનિમાં તો કોઇ આશાજ રાખવી નકામી છે. દરેક મનુષ્ય સુખી થવા માટે પ્રયત્ન કરે છે છતાં મન માન્યુ મળતું નથી. દરેકને સુખ અને દુઃખ બંન્નેનો અનુભવ મળે છે કોઇને શરીરનું તો કોઇને ધનનું તો કોઇને કૌટુંબિક તો કોઇને માનસિક ત્રાસ આમ કાંઇને કાંઇ દુઃખ તો રહે છે. ઘણું ઘણું ઐશ્વર્ય મળે ને શરીરનું સુખ ન હોય તો તે બધું નકામું છે. માનવ જીવન

આમ સુખ દુઃખમાં જ પુરૂં થાય છે સંસારનું પુરૂં કામ કોઈ પરવારીને ગયા નથી ત્યાં અચાનક જાવું પડે છે જાવું કોઇને ગમતું નથી છતાં ઇચ્છા કામ દેતી નથી. માટે જ બુદ્ધિમાનો સંસારીક કાર્યો કરતાં સાથો સાથ આત્મકલ્યાણ પણ થાય તે તરફ અવશ્ય ધ્યાન દોરે છે.

ઉપરનાં ચંદ્રાવાળામાં પ્રભુ કેવા છે કેને ભજવા આ નિર્ણય બતાવ્યો છે. હવે આવા પ્રભુમાં વિશ્વાસ રાખી આશ્રય રાખી રહેવું તે ધ્યેય બતાવ્યું છે.

પરંતુ બીજાનો-ભરોસો રાખે પ્રભુનો આશ્રય રાખે નહી અને ચાહનાં રાખે કે મને સર્વ સુખની પ્રાપ્તિ થાય અને પરલોક પણ સુધરે તેનાં માટે કવિશ્રી દ્રષ્ટાંતો આપી સમજાવે છે.

આશ કરે દધિ પુર શ્વાનનું હાથ ગૃહી લંગુર

કેવું સરસ દ્રષ્ટાંત દીધું છે : સાગર પાર કરવા માટે કુતરાની પુછડી પકડી લીધી છે તે તો ડુબવાનો જ તેનો શ્રમ વૃથા છે અંધ વિશ્વાસ છે સાગર પાર કરવા માટે તો હરિ નામ રૂપી નૌકાની જરૂર હોય છે. પુષ્ટિ માર્ગીય વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીને શરણે આવીને વિશ્વાસ વગરનાં રહે તો અન્ય જીવો ભટકવા માંડે તેની હાલત કુતરાનાં પુછડા પકડવા જેવી થાય.

**ગીતા વાકય :-** અનન્યા શ્ચિંતયન્તોમાં યેજનાં : પર્યુપાસતે
તેષાં નિત્યાભિયુકતાનાં યોગક્ષેમં વહામ્યમ્

**ભાવાર્થ :** જેઓ અનન્ય ભાવે મારૂં ચિંતન કરે છે, ઉપાસના કરે છે. તેમનાં યોગ અને ક્ષેમનું હું નિત્ય વહન કરૂં છું અનન્ય કહેતા એકને છોડી બીજાને આશ્રય નહી. કેવળ ભગવાન શ્રીકૃષ્ણનો જ આશ્રય અને તેનું જ ચિંતન તેનું જ મનન, તેનું જ ધ્યાન, ભજન, સ્મરણ વિગેરે જે કરે છે તેનો ભાર (બોજો) યોગક્ષેમ બધું પ્રભુજ વહન કરે છે. આવા ભકતોનું પ્રભુ આલોક અને પરલોક બંનેનું સુધારે છે.

“શ્રી મહાપ્રભુજી ચતુર્શ્લોકીમાં”

સર્વદા સર્વ ભાવેન ભજનિયો વૃજાધિપઃ
સ્વસ્યાય મેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન.

**ભાવાર્થ :-** સર્વદા (હંમેશા) સર્વાત્મ ભાવથી વૃજનાં અધિપતિ શ્રીકૃષ્ણચંદ્રનું સ્વધર્મ સમજીને આશ્રય સહિત ભજન કરવું કદાપિ અન્યનો આશ્રય કરવો નહી લૌકિક તુચ્છ સુખ માટે જગો જગો અન્યાશ્રય કરીને ભટકયા કરે તે કદી પણ સ્થિરતા પ્રાપ્ત કરી નહી શકે જ્યાં જશે ત્યાં ભગવાન ઉપર શ્રદ્ધા રાખવી પડશે તો ત્યાં છે તો અત્રે કેમ નથી ! ઇશ્વર તો એક જ છે પોતાનો સ્વધર્મ મુકીને ભટકયા કરે તેઓનું, આશ કહે તરવા દધિપુર શ્વાનનું હાથગૃહી લંગુર આનાં જેવું થાય.

જો કોઇ એકાગ્ર ચિત્ત વાળો હોય અનન્ય ભકિતવાળો હોય અને તે જો સર્વેશ્વર સુખદાતા ભકતવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનું જ ભજન સ્મરણ કરતો હાથ તેને સાગર પાર કરવો તે તો સરળ વાત છે અનન્ય ભકિત કરવાથી બધુ પ્રાપ્ત થાય છે.

(શ્રી ભ. ગીતા. ૧૧મો અધ્યાય શ્લોક ૫૪ મો.)

ભકત્યા ત્વનન્યથા શકય અહમેવં વિધોર્જુન
જ્ઞાતુ દ્રષ્ટુંચ તત્વેન પ્રવેષ્ટુંચ પરંતપ

**આભાર્થ :** હે પરંતપ, હે અર્જુન મારા અનન્ય ભકતો જ મારા સ્વરૂપને જાણે છે નિહાળી શકે છે. તેમજ મારા સ્વરૂપમાં પ્રવેશ કરી શકે છે.

આ બધાં દૃષ્ટાંતો જોતાં અનન્ય આશ્રય સાધક છે ને અન્યાશ્રય મહાન બાધક છે પ્રભુ તો અનન્ય ભકતોનાં પ્રેમી છે ભકતોને વશ થઇને રહે છે માટે જ એક જ આશ્રય કરે તે સર્વ કાંઇ પ્રાપ્ત કરી શકશે. બાકીનાને સંસારનું ફળ સંસારજ રહેવાનું.

વર્ષા ઋતુ આવી ચોમાસુ ખુબ જામ્યું બધા નાના મોટા જીવો પંખીયો સૌ પોત પોતાનાં માળામાં ચુપચાપ બેસી ગયા પણ લંગુર વાંદરો હતો તે ઝાડ પર બેસી થર થર ધ્રુજતો હતો તેણે પોતાનાં માટે કાંઇ ઘર કે સ્થળ મુકરર કર્યું જ નોતું સદાને માટે આ ડાળેથી બીજી ડાળે એકવન થી બીજુ વન આમ કુદા કુદી જ કરી હતી ત્યાં જ વરસાદ લગાતાર વરસતા થર થર કાંપતો રહ્યો, પરંતુ તેને તો: પણ શુદ્ધિ ન આવી કે જુઓ બીજા પ્રાણીઓ સૌ સૌનાં આશ્રય સ્થાનમાં પહોંચી ગયા હું જ આશ્રય વગરનો છું.

આ ઉપરથી જે જગો જગો ભટકયા કરે છે એક આશ્રયસ્થાન બતાવતા નથી તેની હાલત આ વાંદરા જેવી સમજવી તેણે પોતાની બુદ્ધિનો સદ્ઉપયોગ કરી આશ્રય સ્થાન બનાવ્યું જ નહી માટે જ કવિશ્રી કહે છે કે સિદ્ધાંત સાર સમજીને

સેવોને શ્રીકૃષ્ણ કૃપાળ

(ક્રમશઃ)

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

### ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# અંતરના ઉદ્ગારો

## પ્રભુમાં જ પ્રેમ રાખવો

સેવા કીર્તન કરશે, પણ લોકમાં મન રાખશે, તો લોક રીઝશે, ને પ્રભુમાં મન રાખશે તો પ્રભુ રીઝશે. પ્રભુ પ્રસન્ન કરવા હશે તો તે સેવા તથા ભજન કીર્તન કામના રહિત કરશે તથા લોક રહિત કરશે ત્યારે પ્રભુ રીઝશે. લોકોમાં ડાહ્યા ગણાઇએ તેથી પ્રભુ પ્રસન્ન થાય નહિ. લોકોના મોઢા સામું જોવાથી પ્રભુ પ્રસન્ન થાય નહિ. કેવળ પ્રભુને આશરે પ્રભુ પ્રસન્ન થાય.

## નિરુપાધિ ભક્તિ

ભક્તિમાર્ગ ઘણો દુર્લભ છે, ભક્તિ ક્યાં સુધી નથી, તો કહે છે કે, હાથીને કાજે પોતે આવ્યા તે ભક્તિ નહિ, દ્રૌપદીજીને માટે આવી ચીર પુર્યા તે ભક્તિ નહિ, જશોદાજીએ ઉખળે બાંધ્યા તથા સોટી દેખાડી તે ભક્તિ નહિ. વળી ગોપીજને કહ્યું કે અમને ઉપદ્રવમાંથી બચાવો, ત્યારે ગોવર્ધન ધાર્યો ને પત્થર ઉંચકી રાખ્યો તે ભક્તિ નહિ. શ્રી જમનાજીને ચરણ સ્પર્શ કરવાનું મન થયું, ત્યારે પોતે ઊંચા આવ્યાં ત્યારે શ્રી વસુદેવજી બીન્યા, તે વખતે માર્ગ દેવો જોઇએ પણ ચરણ સ્પર્શ કર્યા પછી માર્ગ આપ્યો તે ભક્તિ નહિ. શ્રી ગોપીજનો વનોવન ફર્યા તે ભક્તિ નહિ. જ્યાં સુધી કેવળ નિરુપાધિ ભક્તિ નથી, ત્યાં સુધી ભક્તિ નથી. ત્યારે કહયું કે ભક્તિનું સ્વરૂપ શું ?

એક તો અહંતા મમતા જાય, વળી હું ને મારું મટે, ત્યાર પછી નિરુપાધિ ભક્તિ કરે ત્યારે પોતે પ્રસન્ન થાય. કશી કામના રાખવી નહિ, પોતાને કશો મનોરથ કરવો નહિ, એમનાં ચરણારવિંદની પણ કામના રાખવી નહિ અને ભગવત્સેવાને ભગવન્નામ લીધા કરવું કશી લીલાને પામવાની પણ ઇચ્છા જોઇએ નહિ અને દેહ ધર્યાનું કાર્ય કરે, બીજી કશીવાત હૈયામાં આવે નહિ, વાસના રહિત કરે, ઉપાધિ વિના કરે એ ભક્તિનું રૂપ છે,

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણ: શરણં મમ ॥

# શ્રી દ્વારિકા લીલા

### રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

[આ દ્વારકાલીલાના રચયિતા શ્રી પ્રવીણચંદ્રભાઇ દેસાઇ એક સારા કવિ છે. હાલમાં તેઓનો "પ્રેમ-સુધારસ" નામથી ભકિત કાવ્યોનો સંગ્રહ પ્રસિદ્ધ થયેલ છે. પ્રસ્તુત શ્રી દ્વારિકાલીલા ગર્ગસંહિતાના આધારે થયેલ પદ્યરચના આ અંકથી ક્રમશઃ પ્રસિધ્ધ થતી રહેશે જે શ્રીવલ્લભ સુધાના વાચક વર્ગને આનંદ પ્રદ થશે. સંપાદક ]

## ૧ શ્રી ગોમતી પ્રાકટ્ય

### રાગ–બિહાગ

ગોમતી નયન કમલ સેં બહીં ।
ચક્રપાની શ્યામ અનુરાગી, દ્વારકાપુરી પ્રગટી ॥૧॥

રૈવત રાજન, પરમ ઉપાસી, હરિદર્શન વિરહી ।
પ્રેમ મગન, આકુલ વ્યાકુલી, ઢુંઢત શ્યામ તહીં ॥૨॥

દીન ભકતનકી. દશા વિલોકી, અસુંઅન ધાર બહી ।
પ્રગટ ભયે તહીં, સુદર્શન ધારી, પ્રેમસેં લિયો ઉઠાઇ ॥૩॥

ગોમતી રજ ભયી, પાવનકારી, પૂન્ય ઉદય ભય હારી ।
બ્રહ્મહત્યા–દુરી પાપ વિમોચની, સ્નાન કરે જન ભાવભરી ॥૪॥

સૂર્ય કી ગતિ રાશિ મકરમેં ઉત્તમ ગતિ કરે બડભાગી ।
**'ચરનદાસી'** ભઇ તીરથ સ્થાનસેં ચરનકમલ અનુરાગી ॥૫॥

**ભાવાર્થ** – શ્રી ગોમતીજી શ્રી ચક્રપાણી શ્યામ સુંદરજીના અનુરાગમાંથી નેત્રકમલ દ્વારા આંસુઓની ધારા બની દ્વારિકાપુરીમાં પ્રગટ થયાં છે. રૈવત રાજાની અતિશય વિરહી દશાની ભકિતથી સ્વયં ભાવ વિભોર બની અનુકંપા જાગતાં આપશ્રીનાં નેત્રોમાંથી આંસુ સરી પડયાં અને આવી ઉત્તમ ભકિતના ફળસ્વરૂપ ગોમતીજીરૂપે શ્રી દ્વારિકામાં સદાને માટે બિરાજમાન થયાં.

– ક્રમશઃ

### રૂા. ૫૧/ માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પટેલ ગોવિંદભાઇ નાથાભાઇ અઘેરા મોટી વાવડીવાળાની સુપુત્રી ચિ. જિજ્ઞાના તા. ૪–૬–૯૪ ના શુભ લગ્ન પ્રસંગે હ. પ. ભ. સૌ ઇન્દિરાબેન રસિકલાલ ઝાવિયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

# ॥ યજ્ઞો વૈ વિષ્ણુઃ ॥

લે. ગો. શ્રી શરદકુમારજી માંડવી-હાલોલ)

(ગતાંકથી)

યજ્ઞ કર્મના આવા ઉચ્ચ પ્રયોજનો બતાવેલ હોવા છતાં લોકો મૂઢ થઇ પોતાની ક્ષુદ્ર કામનાઓની પૂર્તિ માટે કર્મ કરતા જોવા મળે છે. કેટલાક લોકો પોતાના નામ આગળ મોટી મોટી પદવીઓ લખાય, માન–પાન પ્રાપ્ત થાય તેમજ ધન પ્રાપ્ત થાય માટે યજ્ઞો કરતા હોય છે. સંગઠિત હિન્દુ સાધુ–સંતોને વિભાજીત કરવા અયોધ્યામાં થયેલ 'સોમયજ્ઞ' બહુ પ્રચલિત છે. શાસ્ત્રદૃષ્ટિથી આવા યજ્ઞો ભસ્મહોમ તુલ્ય જ છે. પરંતુ જો કોઇ શાસ્ત્રનિર્દિષ્ટ સ્વર્ગ-ધનાદિની પ્રાપ્તિ માટે યજ્ઞ કરે તો તે પણ જીવને બંધનકારી તેમજ સંસાર વધારનારો થાય છે.

**અધિકાર લક્ષણ :** મનુષ્યમાં જ્યારે સત્વગુણ પ્રબળ થાય છે ત્યારે એને બુદ્ધિમાં જ્ઞાન થાય છે. રજોગુણથી પાપમૂલક લોભ જાગે છે તથા તમોગુણથી પ્રમાદ (આલસ્ય, ઉપેક્ષા) તેમજ મોહ થાય છે જેના કારણે અજ્ઞાન થાય છે.

સત્ત્વાત્સંજાયતે જ્ઞાનમ્ રજસો લોભ એવ ચ ।
પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ॥

વૈષ્ણવે તો ફલાશા કે દંભ રહિત થઇને કેવલ ભગવદાજ્ઞા સમજી સમર્પણ બુદ્ધિથી નિત્ય–નૈમિત્તક કર્મો કરવા જોઇએ. તેમાં પણ 'હું કરૂં છું' એવા કર્તાપણાના અભિમાનનો ત્યાગ અનિવાર્ય છે, તેથી શ્રી મહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથમાં આજ્ઞા કરે છે–

લૌકિકત્ત્વં વૈદિકત્ત્વં કાપટ્યાત્તેષુ નાન્યથા । તેમજ
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાઽઽખિલાઃ ॥

**ફલ લક્ષણ :** પરંતુ કેટલાક આસુરાવેશી, સહજ આસુરી, ચર્ષણી કે અજ્ઞ જીવ વેદની લલચાવનારી પુષ્પિત વાણીથી આકર્ષાઇ ભોગૈશ્વર્યની પ્રાપ્તિ માટે કર્મ કરવા લાગે છે. આવા લોકો ભોગેશ્વર્યમાં આસક્ત હોવાથી એમની બુદ્ધિ ભગવદ્ભજનમાં કયારે પણ લાગતી નથી. આવી બુદ્ધિવાળાઓની ગણના ભગવાને આસુરી જીવોમાં કરી છે. ભગવાન કહે છે–

કામમાશ્રિત્ય દુષ્પૂરં.... અન્યાયેનાર્થસંચયાન્ ।
ઇદમદ્ય મયા લબ્ધમ્.... પતન્તિ નરકેઽશુચૌ ।
આત્મસંભાવિતાઃ સ્તબ્ધા.... તતો યાન્ત્યધમાંગતિમ્ ॥

બહુ કષ્ટથી પણ જે કામનાઓ પૂર્ણ ન થઇ શકે એવી કામનાઓવાળા, વેષભાષાદિ દ્વારા મહાન ધર્માત્મા હોવાનો ડોળ કરનારા, લોકમાં માન–પાનની અપેક્ષા રાખનારા, જીવ સ્વ-

રૂપનું વિસ્મરણ થઈ જવાથી કામૈકપરાયણ, ક્ષુદ્ર દેવો તેમજ મંત્રોને ભ્રમવશ સકલકાર્યસાધક માનનારા, અપેય (દારુ) પાન કરનારા, અપરિમેય તથા પ્રલયાન્ત (ઐહિક) ચિંતામાં પડેલા, કામોપભોગને જ ફળ જાણનારા, આશાપાશથી બંધાયેલા, કામક્રોધ પરાયણ, વિષયોપભોગ માટે (દેવદ્રવ્ય દેવલકવૃત્તિથી, છપ્પનભોગ, રાજભોગ, પલના જેવા મનોરથોથી, થર્મોકોલના બેઠકજી બનાવી વેંચીને, શ્રી યમુનાજીની લોટી વેંચીને, જપની માળાની માલા પહેરામણીમાં નીલામી કરીને) અન્યાયપૂર્વક ધનસંચયની ઇચ્છા રાખનાર, 'આજે મેં આ મેળવ્યું', આવું કરી હું આ પ્રાપ્ત કરીશ, એ શત્રુને મેં માર્યો, બીજાઓને પણ મારીશ, હું સામર્થ્યવાન છું, મારા જેવો બીજો કોણ છે ? હું પ્રતિષ્ઠા માટે યજ્ઞ કરીશ, દાન કરીશ, મોજ-મઝા કરીશ.' અહંકારવશ આવા પ્રકારના અજ્ઞાનથી મોહિત મનુષ્યો નરકમાં પડે છે.

આત્મપ્રશંસા કરનારા, પોતાની પ્રશંસા બધા સામે કરી મિથ્યામાન મેળવી અવિવેકી બનેલા, ધનના મદવાળા, અહંકાર, બળ, ગર્વ અને ક્રોધથી ઘેરાયેલા, મારી (ભગવાનની) સેવા-ભકિતની નિંદા કરતા, નિર્દોષો પર દોષારોપણ કરતા, યથોકત ભગવદ્ભજન છોડી (તનુજા, વિત્તજા સેવા અલગ અલગ કરવી એવા મિથ્યા સિદ્ધાંતનું નિરૂપણ કરી દેવલકવૃત્તિ પરાયણ થઇ) અવિધિપૂર્વક (ફંડ-ફાળો ભેગો કરી લાભ પૂજા માટે) યજ્ઞો કરે છે. આવા દુર્ગુણોવાળા, મારા-દ્વેષી, ક્રુર નરાધમોને હું વારંવાર આસુરી યોનીમાં નાખું છું. આસુરી યોનીમાં જન્મેલા મૂઢ મને (ભગવાનને) પ્રાપ્ત કર્યા વિના જ ઘોર નરકમાં પડે છે. માટે ભગવત્સંબંધનું અનુસંધાન કરીને કર્મફળની કામના છોડીને જે કર્મ કરે છે તે જેમ કમળપત્ર પાણીમાં રહેવા છતાં પાણીથી અસ્પૃષ્ટ રહે છે તેમ, પાપથી લેપાતો નથી. માટે યોગીઓ સાધનાવસ્થામાં ભગવદિચ્છા જાણી કર્મફળમાં કામના ત્યજી માત્ર ચિત્તશુદ્ધિ માટે કાયા, મન, બુદ્ધિ તેમજ ઇન્દ્રિયોથી કર્મ કરે છે. આવા ભગવન્નિષ્ઠ ભકતો કર્મફળનો મન-બુદ્ધિથી ત્યાગ કરી ભગવદાજ્ઞા સમજી કર્મ કરે છે. અને તે વાટે ભગવત્પ્રસન્નતારૂપ શાંતિને પ્રાપ્ત કરે છે પરંતુ જે ભગવદીય નથી તે તેમજ જેનો ભગવત્સંબંધ કયારે પણ થવાનો નથી તેવા મનુષ્યો (પદવી, ધનલાભ, પ્રતિષ્ઠાદિ) ફળોની આશાથી કર્મ કરે છે અને સંસારબંધનથી જકડાઇ જાય છે. આ જ વાતનું નિરૂપણ ભગવાને નીચેના શ્લોકમાં કર્યું છે-

બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગ ત્યકત્વા કરોતિ યઃ ।
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા ॥

કાયેન મનસા બુદ્ધયા કેવલૈરિન્દ્રિયૈરપિ ।
યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગં ત્યકત્વાડડત્મશુદ્ધયે ॥

યુકતઃ કર્મફલં ત્યકત્વા શાંતિમાપ્નોતિ નૈષ્ઠિકિમ્ ।
અયુકતઃ કામકારેણ ફલે સકતો નિબદ્ધયતે ॥

અંતમાં, ભગવાન પોતે બતાવેલ સિદ્ધાન્તનુસાર કર્મ કરનારને તેમજ એથી વિપરીત કર્મ કરનારને મળતા ફળનું નિરૂપણ કરે છે–

મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥

યે મે મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવાઃ ।
શ્રદ્ધાવન્તોડનસૂયંતો મુચ્યંતે તેડપિ કર્મભિઃ ॥

યે ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મે મતમ્ ।
સર્વજ્ઞાનવિમૂઢાસ્તાન્વિદ્ધિ નષ્ટાનચેતસઃ ॥

ભગવદાજ્ઞા હોવાથી કર્મ કરવા જોઇએ એવા અધ્યાત્મ ચિત્તથી બધા કર્મો–કર્મફળો પ્રભુને અર્પણ કરી, ફળની ચિન્તા તથા મમતા છોડી કર્તાપણાના અભિમાન વિના યુદ્ધ (કર્મ) કરવા જોઇએ.

જે ભગવાનની આ આજ્ઞામાં શ્રદ્ધાવાળા, ઇર્ષ્યા–દ્વેષ, અભિમાન રહિત લોકો ભગવાનના આ (ઉપરોક્ત શ્લોકમાં કહેલ) મત પ્રમાણે જે હંમેશા કર્મ કરે છે તેઓ કર્મબંધનથી મુક્ત થઇ જાય છે.

પરંતુ જે સર્વજ્ઞાન રહિત, ઇર્ષાદિ દુર્ગુણોવાળા ભગવાનની આ (ઉપરોકત) આજ્ઞા પ્રમાણે કર્મો કરતા નથી. (પદવી, પ્રતિષ્ઠા, ધન, શિષ્યની લાલસાથી કર્મો કરે છે) તેઓનો નાશ થાય છે.

જેઓ ભગવાનની આજ્ઞાનુસાર નિષ્કામભાવથી કર્મ કરે છે તેઓને પ્રાપ્ત થતું ફળ ભગવાન ગીતામાં બતાવે છે–

સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।
મત્પ્રશાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયં ॥ (ક્રમશઃ)

---

## મુંબઇથી શ્રીનાથદ્વારા જતી પદયાત્રાનું વડોદરામાં ભવ્ય સ્વાગત

મુંબઇના અગ્રણી વૈષ્ણવ શ્રી હીરાલાલ મહેતાના સંગમાં જોડાએલ બાલક, યુવાન, પ્રૌઢ, વૃદ્ધો આદિ વૈષ્ણવ પદયાત્રીઓ વડોદરા પહોંચતા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સન્માન સમારોહ પૂ. પા. ગો. શ્રી મથુરેશ્વરજી મહોદયના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

આ સમારંભમાં આં. પુ. વૈ. પરિષદના પદાધિકારીઓ સર્વ શ્રી ચિમનભાઇ શેઠ, હસુભાઇ ખખ્ખર તથા શ્રી ગોવર્ધનનાથજી હવેલીના મેનેજીંગ ટ્રસ્ટી મણીભાઇ વાસણવાળા, વ્રજધામ કાર્ય માટે સમર્પિત હેમતભાઇ શાહ વડોદરા શહેર ઉત્સવ સમિતિના હર્ષદભાઇ મજમુદાર વગેરેએ પદયાત્રીઓનો ઉત્સાહ વધે તે માટે તેમને બિરદાવતા પ્રવચનો કરેલ.

પૂ. પા. ગો. શ્રી મથુરેશ્વરજી દ્વારા આશીર્વચન અપાયેલ.

# આ માસના ઉત્સવ

અષાડ સુદ ૨ તા. ૧૦–૭–૯૪ રવિવાર, ચંદ્રદર્શન, રથયાત્રા, (પુષ્ય નક્ષત્ર આજે છે તેથી).

અષાડ સુદ ૩ તા. ૧૧–૭–૯૪ સોમવાર, ગો. ચિ. શ્રી અભિષેકકુમાર બાવા (મથુરા-ધોરાજી)નો તથા ગો. ચિ. કૃષ્ણકાંતબાવા (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૫ તા. ૧૩–૭–૯૪ બુધવાર, ગ્રીષ્મઋતુ પુરી થઇ, શ્રી દ્વારકાધીશ (કાંકરોલીનો પાટોત્સવ, ગો. ચિ. શ્રી દામોદરરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૧૪–૭–૯૪ ગુરુવાર, કસુંબા છઠ્ઠ, શ્રી લક્ષ્મણ ભટ્ટજીનો ઉત્સવ, દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ, વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૧૫–૭–૯૪ શુક્રવાર, ગો. ચિ. શ્રી મિલનકુમાર બાવા (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૧૬–૭–૯૪ શનિવાર, ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ (ચાંપાસેની-જામનગર)નો તથા ચિ. ગો. શ્રી પ્રમેયકુમાર બાવા (કોટા)નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૧૮–૭–૯૪ સોમવાર, બેંગણ દશમ.

અષાડ શુદ ૧૧ તા. ૧૯–૭–૯૪ મંગળવાર, દેવશયની એકાદશી વ્રત, ચાતુમાંસના વ્રતના નિયમનો પ્રારંભ, ધારણા પારણા વ્રત, ગો. ચિ. શ્રી વ્રજેશકુમાર બાવા (કામવન-રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી લલિતત્રિભંગી બાવા (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૨૧–૭–૯૪ ગુરુવાર, ગો. શ્રી દેવકીનંદનજી મહારાજ (શ્રીનાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૨૨–૭–૯૪ શુક્રવાર, કચોરી પૂનમ, વ્યાસ પૂર્ણિમા, મન્વાદિ તિથિ, ચાતુર્માસના નિયમનો આરંભ, જો એકાદશીએ ન થયો તો આજે કરવો, ગો. ચિ. શ્રી મુકુટલાલ બાવા (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

અષાડ વદ ૧ તા. ૨૩–૭–૯૪ શનિવાર, હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨૬–૭–૯૪ મંગળવાર, શ્રી ગોકુલનાથજી (ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ, અહીંયા આજથી હિંડોળા પ્રારંભ, ગો. ચિ. શ્રી શરદકુમારજી બાવાશ્રી (કોટા) તથા ગો. ચિ. શ્રી ગોપેશ્વરજી બાવા (સુરત) તથા ગો. ચિ. શ્રી મુરલીધર બાવા (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨૭–૭–૯૪ બુધવાર, ગો. ચિ. શ્રી દેવકીનંદનજી બાવા (બોરીવલી–રાજકોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાદ વદ ૬ તા. ૨૮–૭–૯૪ ગુરુવાર, ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવા (માંડવી)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૩૦–૭–૯૪ શનિવાર, જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૧–૮–૯૪ સોમવાર, ગો. ચિ. શ્રી કન્હૈયાલાલજી બાવા (કામવન)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૨–૮–૯૪ મંગળવાર, શ્રીનાથજીનો હોડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૩–૮–૯૪ બુધવાર, કામિની એકાદશી વ્રત, કુંજમાં હિંડોળા, ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ઇન્દોર), તથા ગો. ચિ. શ્રી બાલકૃષ્ણલાલજી બાવા (સુરત) તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવા (જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૫–૮–૯૪ શુક્રવાર, ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (નાથદ્વારા)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૬–૮–૯૪ શનિવાર, ગો. શ્રી શરદકુમારજી મહારાજ (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ (અમાસ) તા. ૭–૮–૯૪ રવિવાર, હરિયાળી અમાસ, દિવાસો, ગો. ચિ. હિરણ્યગર્ભજી બાવા (મુંબઇ)નો જન્મદિન.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## * રથયાત્રા *

( શ્રી જગન્નાથજીની ભાવનાનું પદ )

જૈ શ્રી જગન્નાથ હરિ દેવા ॥
રથ બૈઠે પ્રભુ અધિક બિરાજત, જગત કરત સબ સેવા ॥ ૧ ॥
સનક સનંદન ઔર બ્રહ્માદિક ઈન્દ્રાદિક જુરી આએ ॥
અપની અપની ભેટ સબે લે ગગન વિમાન છાયે ॥ ૨ ॥
રત્ન જડિત રથ નિકો લાગત ચંચલ અશ્વ લગાએ ॥
નર નારી આનંદ ભયે અતિ પ્રમુદિત મંગલ ગાયે ॥ ૩ ॥
ગારી દેત દિવાવત અપનપેં યહ વિધિ રથ હિ ચલાયે ॥
રામરાય શ્રી ગોવર્ધન વાસી નગર ઉડીસા આયે ॥ ૪ ॥

**ભાવાર્થ :–** શ્રી જગદિશની જય જયકાર કરતાં શ્રી જગદિશની રથયાત્રાનું વર્ણન કરી રહ્યાં છે. જે રથયાત્રાના દર્શન કરવા સનંદન ઇત્યાદિ ઋષિમુનીએ તથા બ્રહ્મા, ઇન્દ્રાદિક દેવતાઓ પોતપોતાની ભેટ લઇને હાજર થઈ ગયા છે. એ સર્વે પોતપોતાના વિમાનમાં બેસીને આ અલૌકિક રથયાત્રાના દર્શન કરી રહ્યાં છે.

શ્રી જગદિશ પ્રભુનો સુંદર રત્ન જડીત રથ અત્યંત શોભી રહ્યો છે. જેમાં વાયુથી પણ વિશેષ વેગવાળા એવા ભક્તજનો રૂપી ચંચળ અશ્વો લાગી રહ્યા છે. સર્વે આબાલ વૃદ્ધ પ્રસન્નતાથી મંગલગીતો ઉડીયા ભાષામાં ગાઇ રહ્યાં છે.

પરસ્પર એકબીજાને ગારી ગવડાવી રહ્યા છે. (જેમ વ્રજમાં મીઠી ગાળો ફાગણમાં આવે છે તેવી રીતે અહીંના પંડાઓ ઉડીયા તેમજ સંસ્કૃત ભાષામાં એકબીજાને વ્યંગમાં ગાળો આપી રહ્યા છે.) આ રીતે સર્વે ભક્તજનો શ્રી જગદિશપ્રભુનો વિશાળ રથ ખેંચી રહ્યા છે.

રામરાયજી જેઓ શ્રીગોવર્ધન ગામમાં વસી રહ્યા છે તેઓ આ સુંદર રથયાત્રાનું વર્ણન કરતાં પોતે ઉડીસા નગરમાં આવ્યા છે તેમ કહી આ પદનું સમાપન કરે છે.

## કસુંબા છઠ

લાલ માઇ બાંધે કસુંભી પાગ ॥
કસુંભી છડી હાથમે લીએ ભીંજ રહે અનુરાગ ॥ ૧ ॥

કસુંભો હી કટી બન્યોહે પીછોરા કસુંભી ઉપરેના ॥
કસુંભી બાત કહત રાધાસોં કસુંભે બને દોઉનૈના ॥ ૨ ॥

હરિત ભૂમી યમુનાતટ ઠાડે ગાવત રાગ મલ્હાર ॥
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબિલો શ્યામ ઘટા અનુહાર ॥ ૩ ॥

**ભાવાર્થ** :– શ્રી ઠાકોરજી ચટક રંગની પાગ બાંધી તેવી જ રીતે લાલ કમલની છડી શ્રી હસ્તમાં લઈ, તેવોજ પીછોડો કટીપર ધારણ કરી શ્રી સ્વામીનીજીના પ્રેમરંગમાં રંગાઇને બિરાજમાન થઇ રહ્યાં છે. શ્રી અંગે કસુંભી ઉપરણો શોભે છે, શ્રીરાધાજીને સાનમાં નિકુંજમાં પધારવાની વાત કરતાં શ્રી રાધાજીના નેત્રો શરમથી લાલ બની ઝુંકી ગયાં છે.

ચારે બાજુ હરિયાળી છવાઇ રહી છે શ્રી યમુનાજીનો તટ શોભી રહ્યો છે. શ્રી ઠાકોરજી સ્વયં વર્ષાઋતુના શ્યામ વાદળ સમાન શોભી રહ્યાં છે.

## હિંડોળા

### (શ્રાવણ ઝુલા)

ઝુલત મદન મોહન રાધા સંગ ગિરિવરપર લાગત છબી ભારી ॥
પાન ખાત મુસકાત પરસ્પર, અરૂણ અધર કુંતલ સટકારી ॥ ૧ ॥

મંદમંદ સૂર ગાવત દોઉ, માલવરાગ મધુરસુર ભારી ॥
રસીકદાસ પ્રભુકી યા છબી પર કોટી કામ દીજે બલીહારી ॥ ૨ ॥

**ભાવાર્થ** :– શ્રી મદનમોહનલાલજી શ્રી ગિરિરાજજી ઉપર સુંદર વૃક્ષાવલીઓ વચ્ચે હિંડોળામાં ઝુલી રહ્યા છે. શ્રી સ્વામીનીજી પણ સાથે જ ઝુલે છે. આ મનોહર લીલાના દર્શન કરતાં આગળ વર્ણન કરે છે કે બન્ને સ્વરૂપો આનંદથી પરસ્પર પાનના બીડા આરોગાવી મુસકાઈ રહ્યાં છે. બન્ને સ્વરૂપોની વાંકડીયાળી લટો શોભી રહી છે.

શ્રીઠાકોરજી મુરલીમાં તેમજ શ્રી સ્વામીનીજી મંદ સ્વરે માલવ રાગ (આ રાગ પર્વત પરથી કે ખુલ્લા ચોગાનમાં વધુ સુંદર રીતે ગાઈ શકાય છે.) ગાઇ રહ્યા છે.

શ્રી હરિરાયજી આ પદનું સમાપન કરતાં આ સ્વરૂપ ઉપર કોટી કામદેવની છબી ન્યોછાવર કરી રહ્યાં છે.

## હિંડોળા-૨)

આ પદમાં શ્રી વ્રજભક્તોના અંગોને હિંડોળાના વિવિધ અંગ સ્વરૂપે વર્ણવ્યા છે.)

ઝુલત તેરે નયન હિન્ડોરે ॥

શ્રવણ ખંભ, ભૃભઇ મયાર દૃષ્ટિ કરણ ડાંડી ચહુ ઓરે ॥ ૧ ॥
પટુલી અધર કપોલ સિંઘાસન બૈઠે યુગલ રૂપ રતિ જોરે ॥
કચ ઘન આડ દામીની દમકત, ઇન્દ્રધનુષ માનો અનુહારે ॥ ૨ ॥
દુર દેખત અલકાવલી અલિકુલ લેત સુગંધન પવન ઝંકોરે ॥
વરૂણી ચમર ઢુરત ચહું દિશતે લટનકો ચિત્ત ચોરે ॥ ૩ ॥
થકીત ભયે મંડલ યુવતિન કે યુગ તાટંક લાજ મુખ મોરે ॥
રસિક પ્રીતમ રસભાવ ઝુલાવત રીઝરીઝકારત તૃન તોરેં ॥ ૪ ॥

**ભાવાર્થ** :– ઠાકોરજી આધિ દૈવિક અલૌકિક હિંડોળામાં ઝુલી રહ્યાં છે. વ્રજભક્તો શ્રી સ્વામીનીજીને કહી રહ્યાં છે કે હે પ્યારીજી ! આપના નયનરૂપી હિંડોરામાં પ્રભુ ઝુલી રહ્યાં છે, શ્રવણરૂપી જેના ખંભ છે. ભ્રમર રૂપી જેની મયાર છે પાંપણ રૂપી જેની ચાર ડાંડી છે. અધર રૂપ જેની પાટલી છે. બન્ને કપોલ (ગાલ) રૂપી સીંઘાસન પર બન્ને સ્વરૂપો એકબીજાનાં પ્રેમમાં ઓતપ્રોત થઈ બિરાજી રહ્યાં છે.

આગળ વર્ણન કરે છે : શ્રીમસ્તકના શ્યામ કેશ એ વર્ષાઋતુના વાદળ પેઠે શોભે છે. ભાલપ્રદેશ પર કરેલ કેશરની ત્રણ રેખા જેને આડ કહેવાય તે જાણે વાદળમાં વિજળી ઝબુકતી હોય અને સપ્તરંગી લહેરીયાની સાડી જાણે ઇન્દ્રધનુષ પેઠે શોભી રહી છે.

આ લહેરીયા સાડીમાં અલકાવલીના રત્નો જાણે ભ્રમરો પેઠે વૃક્ષાવલીમાંથી છુપાઇને આ લીલાના દર્શન કરી રહ્યાં છે.

શ્રી સ્વામીનીજીના શ્રીઅંગના વસ્રો જાણે શ્રી ઠાકોરજીને ચમર ઢોળી રહ્યાં છે. શ્રીમસ્તક પર ધારણ કરેલ આડીલર (જેને ચીંચ પટી કહે છે.) તેના જે લટકણો તથા વેણીના જે ફોંદના તે જાણે હિંડોળાના લટકણ હોય તેમ શોભે છે.

આ અલૌકિક ઝાંખીની ઝલક લેવા દેવાંગનાઓ ગગનમંડલમાં સ્થગિત થઇ ગયાં છે. અને યુગો સુધી જાણે દરશન કરતાં તૃપ્ત ન થતાં હોય તેમ એકીટશે દરશન કરી રહ્યાં છે. પણ દેવતાઓ સાથે હોવાથી લજજા પામી મોઢું ફેરવી મંદહાસ્ય કરી રહ્યાં છે.

શ્રી હરિરાયજી આપદના સમાપનમાં આજ્ઞા કરી રહ્યાં છે કે આજે તો વ્રજભક્તો પોતાના ભાવરૂપી હિંડોળામાં યુગલ સ્વરૂપને ઝુલાવી પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી રહ્યાં છે.

# પુસ્તક પરિચય

## (૧) 'કર્મ'નુ રહસ્ય, ભાગ-૧

લેખક – ગો. શ્રી ચન્દ્ર ગોપાલજી, વડોદરા
પ્રકાશક – શ્રી વલ્લભ વિઠ્ઠલ પ્રકાશન મંડલ ટ્રસ્ટ
C/o જીતેન્દ્ર મગનલાલ વજીર
ભાવના સી–૯, ચોથા માળે, એસ વી. રોડ, કાંદીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૬૭
ડેમી સાઈઝ ૮ પેઈજી પૃષ્ઠ ૯૭+૯=૧૦૬
ઓફસેટ પ્રિન્ટીંગ, સેકશન સિલાઈ, ન્યોછાવર રૂા. ૧૦/– દશ

શ્રીમદ ભગવદ ગીતાજીમાં કર્મયોગનું જે નિરૂપણ થયેલ છે તેનું પુષ્ટિ સિદ્ધાંતોને અનુકુળ સરળ ભાષામાં રજુ કરવાનો સફળ પ્રયાસ છે.

પુસ્તકમાં સાત પ્રકરણ છે. કર્મ એટલે શું ? અકર્મ કરતા કર્મ શા માટે શ્રેષ્ઠ શુભ–અશુભ કર્મ કયાં કયાં તેમજ તેમાં મનુષ્યની પ્રવૃત્તિના કારણો વિગેરે સુંદર ચર્ચા પ્રથમ પાંચ પ્રકરણમાં છે છઠ્ઠા પ્રકરણમાં સકામ કર્મની ચર્ચા છે. સાતમા અને છેલ્લા પ્રકરણમાં નિષ્કામ કર્મ કરવાથી જીવનમાં શ્રેષ્ઠ સિદ્ધિ પામી શકાય છે. તે સુંદર રીતે નિરૂપણ કરાયું છે.

આખા પુસ્તકમાં સુંદર, સચોટ, દાખલા–દલીલો સાથે કર્મ વિશે સરળ સમજુતી આપવામાં આવી છે શ્રીમદ ભાગવત શ્રીમદ ભગવદ ગીતા તેમજ અન્ય સાંપ્રદાયિક ગ્રંથોનો સંદર્ભ ખુબજ લેવામાં આવ્યો છે. વર્તમાન સમાજના દષ્ટાંતો આપી પુસ્તકને લોકભોગ્ય બનાવેલ છે.

વિદ્વાન તેમજ સામાન્ય વૈષ્ણવી સૃષ્ટિ તેમજ અન્ય વિદ્વાનોને પણ ઉપયોગી થાય તે રીતનું આ સર્વોપયોગી પુસ્તક છે. સર્વે વૈષ્ણવોએ વસાવવા યોગ્ય પુસ્તક છે.

આ પ્રથમ ભાગ છે અને ટુંક સમયમાં બીજો ભાગ પ્રકાશિત થશે. જેમાં નિષ્કામ કર્મ વિશે ચર્ચા તેમજ ગીતામાં કર્મની પાછળ ભગવાનનું મુળ તાત્પર્ય શું છે તે ચર્ચવામાં આવશે.

## (૨) કીર્તન માધુરી – (વર્ષોત્સવના પદ)

સંપાદક – શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ
પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ
મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પુર્વ), મુંબઈ–૪૦૦૧૦૧ આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ન્યોંછાવર રૂા. ૧૦/– દશ

પ્રસ્તુત પુસ્તકમાં વર્ષ દરમ્યાન આવતા ઉત્સવોના પદો તથા વધાઈઓ મળી લગભગ ૧૦૦નો સંગ્રહ કરી સંકલન કરેલ છે. જે ઘર સેવામાં અત્યંત ઉપયોગી પ્રકાશન કરવા બદલ ધન્યવાદ.

## (૩) સ્મરણાંજલિકા

પ્રકાશક – શ્રી પરીખ પરિવાર, વિલે પાર્લે (પુર્વ) પ્રાપ્તિસ્થાન : શ્રી ન. કે. પરીખ
એફ–૭૮, ગુજરાત સોસાયટી
નહેરુ રોડ, વિલે પાર્લે (પુર્વ), મુંબઈ–૪૦૦૦૫૭
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૦ ઓફસેટ પ્રીન્ટીંગ, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂા. ૩–૦૦, પોસ્ટેજ રૂા. ૦–૫૦ (ત્રણસો પચાસ પૈસાની પોષ્ટની ટીકીટ મોકલવાથી મળી શકશે,

શ્રી પરીખ પરિવારે તેમના માતા–પિતાશ્રીને સ્મરણાંજલિ રૂપે પ્રસ્તુત પુસ્તિકામાં પ્રાત: સ્મરણ, શ્રી સર્વોત્તમ સ્તોત્ર અને ષોડષગ્રંથ પૈકી શ્રીયમુનાષ્ટક, ચતુ: શ્લોકી, શ્રીકૃષ્ણાશ્રય, નવરત્નમ, સિદ્ધાન્તરહસ્ય તેમજ બ્રહ્મ સંબંધનો ભાવાર્થ શ્રીગિરિરાજ ધાર્યાષ્ટકમ, શ્રી મધુરાષ્ટકમ, શ્રીયમુનાજીના ધોળ, અષ્ટાક્ષર

તથા શ્રીનાથજી ધ્વનિ તે ઉપરાંત ભકિત ગીતોનો પુનર્મુદ્રિત (સુધારા સાથેનો) ઉમદા સંગ્રહ છે તેની બે કેસેટ (જેવી કે ઈ એફ ૯૦ સોની) માં રેકર્ડ કરાવવામાં આવી છે. વસાવવા ઈચ્છતિ વ્યકિતઓને યોગ્ય કિંમતે મોકલાવાશે. અન્ય પ્રાપ્ય કેસેટો- પુસ્તિકાઓની યાદી તેમજ વધુ માહિતી વિસ્તૃત સૂચિપત્ર રૂા. ૧-૦૦ એકની ટપાલ ટીકીટ ઉપરના સરનામે. મોકલી મગાવો,

(૪) **પ્રથમ વલ્લભાખ્યાન**-(વિવરણ)
લેખક અને પ્રકાશક-બાબુભાઈ નાયક અને કિરણબેન શાહ.
માંડવીની પોળ, કડી-૩૮૨૭૧૫
ડેમી સાઈઝ ૮ પેઇજી પૃષ્ઠ ૧૭૬, ઓફશેટ પ્રિન્ટીંગ, પીન
બાઈન્ડીંગ, ન્યોછાવર રૂા. ૩૩/- પોસ્ટેજ રૂા. ૫/-

શ્રીવલ્લભાખ્યાનની વાણી પુષ્ટિમાર્ગમાં ઘેદ મૂલ્ય ગણાય છે. ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણના કુલ ૨૮ તત્ત્વોનું રહસ્ય આ નવ આખ્યાનમાં સમાયેવ છે. તેમજ પ્રભુની ચાર લીલાનું નિરૂપણ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ દ્વારા આ વલ્લભાખ્યાનમાં કરવામાં આવ્યું છે. નવધા ભકિત અને ચાર પુરુષાર્થ શ્રી વલ્લભાલયાનમાં બાલ કવિ દ્વારા નિરૂપણ કરવામાં આવેલ છે.

આ નવ વલ્લભાખ્યાનમાંના પ્રથમ વલ્લભાખ્યાનનું સવિસ્તર, સુંદર, લોકભોગ્ય સરળ ભાષામાં વિવરણ લેખક દ્વારા અભિનંદનીય રીતે કરવામાં આવ્યું છે.

પ્રથમ વલ્લભાખ્યાન જ્ઞાન ગંભીર છે. સમગ્ર વેદ, ઉપનિષદ અને બ્રહ્મ સૂત્રોના સારરૂપે છે. શ્રીમહાપ્રભુજીના શુદ્ધદ્વૈત બ્રહ્મવાદ પણ સમાવિષ્દ છે, આ બધુ સરળ અને સમજી શકાય તે રીતે રજુ કરવામાં આવ્યું છે:

દરેક વૈષ્ણવ તેમજ પુષ્ટિમાર્ગના અભ્યાસીઓએ આ આખ્યાનનો તલસ્વર્શી અભ્યાસ કરવામાં ખૂબજ ઉપયોગી પુસ્તક છે.

દરેક વૈષ્ણવે કુટુંબમાં તેમજ ભગવદ મંડલી કે જ્યાં શ્રીવલ્લભાખ્થાન ગવાય છે, ત્યાં ગાવાની સાથે આ અર્થ સભર વિવરણ પણ નિયમિત વંચાવું જોઈએ. તો જ વલ્લભાખ્યાનનો સાચો ભાવાર્થ પુષ્ટિ સૃષ્ટિ સમજી શકશે.

આ પુસ્તક દરેક વૈષ્ણવ કુટુંબ, પાઠશાળા, ભગવદ મંડલી તથા પુસ્તકાલયમાં વસાવવું જોઈએ.

ટુંક સમયમાં લેખક બેલડી બીજા આઠ આખ્યાનોનું વિવરણ પણ પ્રકાશિત કરશે તેમને હાર્દિક શુભેચ્છાઓ સાથે અભિનંદન,

○ ○ ○

## વૈષ્ણવ પરિષદ સમાચાર

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રકાશિત પુષ્ટિ સ્વાધ્યાય ગ્રંથ ત્રીજી આવૃતી છપાઈને આવી ગઈ છે.

શ્રી મહાપ્રભુજીના મલ્ટીકલર ચિત્ર સાથે આશરે ૩૮૦ પાનાનો કેશરી રંગમાં પાકા બાઈન્ડીંગવાળો ઓફસેટ પ્રીન્ટીંગમાં તૈયાર કરાએલ ઉપરાંત દશ આકર્ષક રંગીન ચિત્રો સાથે આ ગ્રંથ પરિષદને આશરે ૧૨૦/- એકસો વીસમાં પડતર થયેલ છે પરંતુ દાતાઓના સહયોગથી આ અંક ફકત રૂા. ૫૦/- પચાસ પુરામાં વિતરણ કરવાનું નિશ્ચીત થયેલ છે. આપના ગામ માટે કેટલા અંકની આવશ્યકતા છે તે અગાઉથી જણાવશો તે પ્રમાણે જ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ નિર્માણ કાર્યમાં સંકિર્તન ભવનના નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવેલ છે. નિર્માણ ફંડના કુપનોનો હિસાબ સત્વરે કાર્યાલયે મોકલવા વિનંતિ.

(બીજા ટાઈટલથી ચાલુ)

તેઓનું લૌકિક નામ રામચંદ્ર વમાં હતું પરંતુ એક વિશેષ પ્રસંગે વિશેષ આજ્ઞા થતાં તેઓનું નામ ''નંદદાસ'' થયેલ અને વૈષ્ણવોમાં એજ નામથી પરિચિત હતાં. નિઃશંક તેઓ શ્રી મહાપ્રભુજીની મહત્કૃપાના અધિકારી હતાં અને ભગવદ્લીલામાં તેમનો પ્રવેશ એ એમના જીવનનું પરમ ફલ છે. પરંતુ ભૂતલપર જે આંગળીના ટેરવે ગણાય તેવા નિસ્પૃહી ભગવદિયના સંગથી વંચીત થવાનું વૈષ્ણવ સમાજ માટે તો ખૂબજ ખોટનો વિષય છે.

ભગવદકૃપાથી તેમના જેવા સહજ સરલ વૈષ્ણવતાના ગુણોની સુવાસ આપણને સહુને પ્રાપ્ત થાય અને તેમના જીવન કાર્યોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીએ.

આ ભૌતિક વિયોગના દોહ્યલા પ્રસંગે તેમના પરિવારજનો પ્રતિ હાર્દિક સમવેદના સહ.

– શ્રી વલ્લભ સુધા. – સંપાદક – વ્યવસ્થાપક મંડલ.

## ૧૦૮ સર્વજ્ઞાતીય વૈષ્ણવ સમૂહ લગ્નોત્સવ

ભારતમાં સર્વ પ્રથમ વખત રાજકોટ શાખાના ઉપક્રમે આપણાં આચાર્યચરણો ગોસ્વામી બાલકોની ઉપસ્થિતિમાં તા. ૧૯–૧–૯૫ ના રોજ સર્વજ્ઞાતીય વૈષ્ણવ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા માટે આપણાં સંપ્રદાયના સર્વ અનુયાયીઓને સહભાગી થવા અમારુ જાહેર આમંત્રણ છે.

(૧) સમૂહ લગ્નમાં જોડાનાર નવદંપતિ આપણાં સંપ્રદાયની પ્રણાલિકાનુસાર બ્રહ્મસંબંધી જ હોવા જોઈએ તેમજ સરકારી વારા ધોરણ મુજબ કન્યાની ઉંમર ૧૮ વર્ષ વરરાજાની ઉંમર ૨૧ વર્ષ પુર્ણ થઈ હોવી જોઈએ.

(૨) વર તથા કન્યા પક્ષે વ્યવસ્થા ખર્ચનાં રૂા. ૪૧૧/– ચારસો અગિયાર આપવાના રહેશે.

(૩) સમૂહ લગ્નમાં જોડાનાર નવદંપતિના બન્ને પક્ષના ૨૦/૨૦ મહેમાનોને આમંત્રીત કરી શકાશે તેઓને મહાપ્રસાદ લેવડાવવાની વ્યવસ્થા રાજકોટ શાખા તરફથી કરવામાં આવશે.

(૪) આ સમૂહ લગ્નોત્સવ રાજકોટ શહેરના શાસ્ત્રીમેદાનમાં યોજાશે.

(૫) લગ્ન પ્રસંગે કન્યાને રાજકોટ શાખા તરફથી દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ પાનેતર--કોઠી (મામટ) કન્યાદાનના વાસણો મંગલસુત્ર અમેરીકન ડાયમંડની માળા એરીંગ તથા સોનાના એરીંગ આપવામાં આવશે.

(૬) વર–કન્યાની ઉંમરના સાચા પ્રમાણપત્ર સાથેની ઝેરોક્ષ નકલ સાથે પત્ર વ્યવહાર કરવા વિનંતી અથવા રૂબરૂ મળી જવું.

–: સંપર્ક સ્થળ :–

**ચીમનભાઈ શેઠ**
બી–૧૬૨, શ્રેણીક પાર્ક,
અકોટા સ્ટેડીયમ
વડોદરા.

**હસુભાઇ ખખ્ખર**
રજની બીલ્ડીંગ વાળી શેરી,
ભુપેન્દ્ર રોડ–રાજકોટ.

**SHREE VALLABH SUDHA** **Regd.No.G/RJ.212-L.P.W.P43·**

॥ શ્રીહરિઃ ॥

# શિક્ષા-પદ

(સાખી-દુહા)

અમુલક અવસર જાયે, ગિરિવરધારી ગા રે.
ક્ષણે ક્ષણે મહાહાનિ થાયે, ગિરિવરધારી ગા રે. (ટેક.)
મુરખ ! તું સમજે નહીં, આયુષ ઓછું થાય;
જેમ સરોવરની માછલી, સમઝેના સલિલ સુકાય—ગિરિ૦ ૧
તેનું તે ભાસે તું ને, ભોર બપોર શરીર;
વહ્યું જાય જાણે નહીં, જેમ નદિયોનું નીર—ગિરિ૦ ૨
અમુલક લટકું લાભનું, ચેત્યા પામે પાર;
ચાર દિવસની ચાંદની જાતાં નૈં લાગે વાર—ગિરિ૦ ૩
માયાની મધલાળથી, કો ધરાયું તું ધરાશ;
દુગ્ધામાં બંને જશે, પાછળથી તું પસ્તાશ—ગિરિ૦ ૪
અંત અધોપળના મળે, કોટિ યત્ન જે થાય;
વિચાર, વિઠ્ઠલ વણભજ્યે, વ્યર્થ વહ્યું તે જાય—ગિરિ૦ ૫
ઠાલાં થોથાં કુટતાં ખૂટ્યું દીપક-તેલ.
મન-મનોરથ રહી જશે, ઓચિંતો તુટી જાશે ખેલ—ગિરિ૦ ૬
પ્રભુ પાખે હે પ્રાણિયા ! કયહું મા પ્રીત કરેશ:
તારું ઢાંક્યું અંતર ધીકશે, ટટળીને તલખીને મરશ—ગિરિ૦ ૭
વૈભવ તું જને મુકશે કે તું મુકી જાશ;
જુઠા કેરા સંગથી, સાચાં ગોથાં ખાશ—ગિરિ૦ ૮
માયા મેવો મીઠડો, પણ જેમ જ્વરમાં ઘી જ;
હરિ રસાયણ ગુણ ઘણો, ઓસડ જાણી પણ પીજ—ગિરિ૦ ૯
લક્ષ વાતની એક કહું, સમ ખાઈ મા બાપ;
"દયા" ! નામ—શ્રીકૃષ્ણથી, શમશે સહુ પરિતાપ—ગિરિ૦ ૧૦

ભક્ત કવિ શ્રી દયારામભાઇ

---

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

# શ્રી વલ્લભસુધા

## બાલલીલાનું પદ (રાગ-કાન્હરા)

ચલો મેરે લાડિલે હો પાયન પેંજની કે ચાય,
રતન જટિત કી ગઢાઇ યાહી લાલચકોં પહરાઇ;
ઠુમકિ ઠુમકિ પગ ધરૌ મનમોહન લેહુ બલાય. ૧

આજકો દિન સુહાવનો બલિ જાઉં,
લલા મેરે આંગન ખેલિયે ધાય;
વારોંગી સર્બસ **'નારાયન'** વિપ્રન દેહુંગી ગાય. ૨

**✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✱**

**વર્ષ ૧૩ : અંક-૫** **ઓગષ્ટ, ૧૯૯૪**

**શ્રી વલ્લભાબ્દ ૫૧૬**

**વાર્ષિક લવાજમ રૂ. ૩૦/-** * **આજીવન રૂ. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**

**કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧**

# પુસ્તક પરિચય

**(૧) સેવો શ્રીકૃષ્ણકૃપાળ – (પરિચય પુસ્તિકા–૩)**

સંપાદક – શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ મર્સી વિલા, અશોકનગર રોડ,
કાંદીવલી (પુર્વ) મુંબઈ–૪૦૦૧૦૧

સાઈઝ આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ. ૫/– પાંચ.

પ્રસ્તુત પુસ્તિકામાં ભકત કવિ શ્રી દયારામભાઈ રચિત 'ભકિત પોષણ' ગ્રંથમાં શ્રીમદવલ્લભાચાર્ય રચિત ષોડશગ્રંથોના પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતની ભાવનાના આલેખનનું સંશોધન કરી ભાવાર્થ દાખલા દષ્ટાંત પ્રમાણો સાથે સુંદર શૈલીમાં આલેખન કરવામાં આવેલ છે જે મનનીય છે.

**(૨) નવ વિજ્ઞપ્તિઓ –**

પ્રકાશક – શ્રી ગોવિંદ પ્રભુ ટ્રસ્ટ,
શ્રી ગોવિન્દ પ્રભુ હોલ, ૫, વ્રજરત્ન એપાર્ટમેન્ટ
ષષ્ઠપીઠ, ચૌટા બજાર, સુરત–૩૯૫૦૦૩

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી ગુસાંઈજી કૃત 'નવવિજ્ઞપ્તિઓ" મુળ સંસ્કૃત શ્લોકો સરળ ગુજરાતી ભાષામાં ભાવાર્થ આપેલ છે. તેના પ્રારંભમાં આ વિજ્ઞપ્તિનો પ્રાદુર્ભાવ કયારે કેવા સંજોગોમાં શ્રી ગુસાંઈજી દ્વારા કરવામાં આવ્યો તે બાબતના ઈતિહાસનો ઉલ્લેખ જિજ્ઞાસુને અતિ ઉપયોગી નિવડત.

સદરહુ પુસ્તક કાઉન સોળ પેઈજી પૃષ્ઠ ૭૦ પીન બાઈન્ડીંગ કાર્ડ બોર્ડ લેમીનેશન પુંઠાવાળું વૈષ્ણવવાણીનું ૧૯૯૪ના વર્ષનું ભેટ પુસ્તક છે. પ્રકાશક સંસ્થા તથા પ્રકાશનના મનોરથીને અભિનંદન,

**(૩) ઉત્સવ તથા વ્રતન કી ટીપ**

સંપાદન – શ્રી વાસુદેવજી મોહનલાલ પુરાણી
પ્રકાશક – મહા પ્રભુ શ્રી યદુનાથ ગ્રંથ પ્રકાશન
૧૦/૧૩૭ ષષ્ઠ પીઠ, ચૌટા બજાર, સુરત–૩૯૫૦૦૩

પ્રસ્તુત ટીપમાં ચાલુ વર્ષમાં આવતા ષષ્ઠગૃહના ઉત્સવ વ્રતનું નિર્દેશન છે તથા ગોસ્વામી બાલકોના જન્મદિન અને શ્રી ગોકુલનાથજીના વચનામૃતનો કોઠો આપેલ છે. પ્રકાશનને આવકારીએ છીએ.

---

**વડોદરા** આં. પુ. વૈ. પરિષદ હરણી શાખા વડોદરાના ઉપક્રમે તા ૯–૭–૯૪ના રોજ યોજાએલ કાર્યક્રમમાં પુ. પા શ્રી દ્વારકેશ બાવાશ્રીએ પુષ્ટિમાર્ગિય નિબંધ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર સૌને અભિનંદન આપ્યાં હતાં અને પુષ્ટિમાર્ગની લાક્ષણિકતાઓ દર્શાવી હતી. શાખાના પ્રમુખ શ્રી પી. ટી. શાહ તથા સંગઠન મંત્રી શ્રી ચિમનભાઈ શેઠે પ્રાસંગિક પ્રવચન કરેલ.

## વ્રજભૂમીના પર્યાવરણની રક્ષા કરો

**જયપુર** શ્રીમદવલ્લભાચાર્ય સંપ્રદાય ષષ્ઠપીઠ સુરતના ગો. શ્રી વલ્લભરાયજી મહોદયે અત્રે વ્રજના બગડતાં જતાં પર્યાવરણ પર ઘેરી ચિન્તા વ્યકત કરી કેન્દ્રીય સરકારને અનુરોધ કરેલ કે આ અંગે શિઘ્ર, સમુચિત કાર્યવાહી કરે.

ગો. શ્રી વલ્લભરાયજીએ જણાવ્યું કે શ્રી ગોકુલમાં શ્રી યમુનાજી હાલ ઘાટ ઉપર નથી બસ્સો ફુટ દુર વહેતા શ્રી યમુનાજીમાં પણ પુરતું જલ નથી. આનું કારણ બંધ બંધાવાથી યમુનાજીના જલ રોકાઈ

(જુઓ ટાઈટલ ત્રીજું)

**શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ** આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૫ ※ ઓગષ્ટ, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## ધર્મકા મૂલ– 'પ્રેમ'

**પ્રવક્તા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ

[ ગતાંકથી ચાલુ ]

જે આત્મા આપણામાં છે તે બીજામાં છે. આપણો આત્મા અલગ પ્રકારનો હોય, બીજામાં જુદા પ્રકારનો હોય એવી વાત કયાં છે ? જે રીતનો અનુભવ આપણને થાય છે એવા જ પ્રકારનો અનુભવ બીજાને પણ થાય છે. આ જાતનું પરિજ્ઞાન માનવીને કયારે પ્રાપ્ત થાય છે ? જ્યારે તે સમજે કે બધા ભગવાને બનાવેલા જીવ છે. ભગવાનની સૃષ્ટિ છે. જે ભગવાને મને બનાવ્યો તેવી જ રીતે બીજાને પણ બનાવ્યો. મને જેવી અલગ ભાવનાથી બનાવ્યો છે, બીજાને અલગ ભાવનાથી બનાવ્યો હોય એવી વાત કયાં છે ? અધિકાર પણ ભગવાને બધાને સમાન આપ્યા છે, શરીર, ઇન્દ્રિયો અને કામ કરવાની શક્તિ આ બધાને

બધામાં સમાન જોવામાં આવે છે, છતાં પણ જે વૈરભાવની કલ્પના છે. તે કંઈ આજની નથી અનાદિ કાળથી ચાલી આવે છે. એ ઠીક છે કે કોઇ યુગમાં તો ભિન્નભાવના ઓછી હોય છે અને કોઈ યુગમાં વિશેષ થઇ જાય છે. આ ભેદભાવનાને દૂર કરવા માટે જન-સમાજમાંથી ભેદભાવનાનું ઉલ્લંઘન કરવા માટે ભગવાન સમય સમય પર યુગ યુગમાં અવતાર ધારણ કરે છે, સ્વયં આવે છે, તેમની કળા, વિભૂતિઓ આ સમયે આવે છે અને ધર્મનો સંદેશ સંભળાવે છે. પરંતુ આ સંદેશાથી લાભ શું થાય છે એ ખાસ સમજવાની વાત છે.

સદાચાર અને સદ્ભાવના એ જીવનના એ મુખ્ય અંગ છે સદાચાર બાહ્ય અંગ છે અને સદ્ભાવના એ અભ્યંતર અંગ છે. બંનેનો સંગમ હોવો જોઇએ. સદાચાર હોય અને ભદ્ભાવના ન હોય તો તે કર્મ ક્યારેય પણ પોતાનું અંતિમ કલ્યાણ ઠીક ન કરી શકે. ભગવાન આ યુગોમાં અવતાર લઇને શું કરે ? છે ? આ વાતનો સંદેશ આપે છે કે, ધર્મની હાનિ થાય છે, અધર્મની ચઢતી થાય છે, ત્યારે હું અવતાર લઇ રક્ષા માટે આવું છું. આ ભગવાનની સનાતન પ્રતિજ્ઞા છે, તો ધ્યાન આપવાની વાત એ છે કે ધર્મની ગ્લાનિ આ પદનો અર્થ શું છે ? ધર્મ તો હિત કરનાર વસ્તુ છે. માનવ માત્ર માટે અત્યંત હિતકર્તા છે. તો પછી તેના પ્રતિ માનવાના હૃદયમાં ગ્લાનિ ઉત્પન્ન શા માટે થાય છે ? હિતકરનાર વસ્તુઓ બધા ચાહે છે કોણ નથી ચાહતું ? અને અહિત કરનારી વસ્તુને કોઇ નથી ચાહતું. જેમાં આપણું અહિત થાય તેનો આદર કોણ કરે ? અને જે હિત કરનારી વાત છે તેનો આદર બધા કરશે. ધીરે ધીરે ધર્મમાં ગ્લાનિ શા માટે થાય છે ? આ એક સમજવાની વાત છે. ધર્મ ગ્લાનિનું કારણ શું છે ? આચાર્યોએ એ બતાવ્યું છે કે ધર્મનું બાહ્ય ચરિત્ર કોઇને કોઈ રૂપે દરેક યુગમાં વિદ્યમાન રહે છે જે સિમિત છે જેને આજે ભૂલીને તે બધું નિષ્પક્ષરૂપે હૃદયમાં નથી રહેતું, તેને આપણે ભૂલી જઇએ છીએ. ચોક્કસ રહે છે. ગ્રંથોમાં અને શાસ્ત્રોમાં પરંતુ આપણા લોકોના હૃદયમાં તેનો તિરોભાવ થઇ જ જાય છે. ધર્મની ગ્લાનિને ભગવાન કેવી રીતે મિટાવે છે ? આ સમજવાની વાત છે. ધર્મ પ્રતિ ગ્લાનિ ક્યારે ઉત્પન્ન થાય છે. જ્યારે તેમાંથી અંદરની વસ્તુ તિરોધાન થઇ જાય છે અર્થાત્ સદ્ભાવના, ત્યારે ધર્મ ભાવનાનું સંવિધાન હૃદયમાં હટી જાય છે. ત્યારે ધર્મ પ્રતિ જન સાધારણમાં ગ્લાનિ ઉત્પન્ન થાય છે. આપણે જોઇએ છીએ કે બધા પ્રાણી બની શકે ત્યાં સુધી તેનો અર્થાત્ શરીરનો આદર કરે છે. બધા પ્રાણીનો આદર થાય છે અને કલ્પના કરી લો કે આજ જે સજીવ છે કઈ ક્ષણો બાદ કે કઈ દિવસો બાદ તેનો જીવાત્માં તેમાંથી નીકળી જાય, જીવન સ્થાન ન રહે, નીકળીને ભાગી જાય ત્યારે બાકી શું રહેશે ? બાકી રહેશે શરીરનો ઢાંચો સંત મહાત્માનું આજે શરીર છે, એ તો રહેશે અને પેલા પાંચ મહાભુતોથી બનેલ શરીર રૂપી ઢાંચામાં જ્યારે આત્મા વિલીન થઈ જાય છે. જ્યારે આત્માનું વિસર્જન થઇ જાય છે, ત્યારે તેના પ્રતિ કોણ આદર કરે ?

કોઇ ન કરે તેને ચાહવાવાળા છે ? તેનો આદર કરીને પોતાના ઘરમાં સંતુષ્ટ કરીને રાખશે ? ક્યારે ય નહીં રાખે અને શું થશે

તેના પ્રતિ હૃદયમાં ગ્લાનિ થઇ જશે બધા કહેશે કે હવે તો સંસ્કાર થઇ જાય તો સારુ થાય હવે તેને રાખવાથી શું લાભ ? જ્યારે તેને રાખવાથી આજ કે કેટલાક દિવસો બાદ પણ કોઇ લાભ થવાનો નથી.

આજે લાભ નહીં પરંતુ બાદમાં લાભ થવાનો હોય તો વળી તે તેનો સંચય કરીને રાખી શકે છે તો આ વાત ધર્મ પ્રતિ પણ થાય છે, સમજી ગયા તેના હૃદયમાંથી પ્રેમ ભાવ જ્યારે વિસર્જન થાય છે, ધર્મના હૃદયમાંથી, ત્યારે તેના પ્રતિભાવના થશે ? જેવી રીતે નિર્જીવ શરીર પ્રતિ ઘરના લોકોની અને સમાજની, બધાની ગ્લાનિ થઈ જાય છે તો રીતે બહારના કર્મકાંડ જે છે, સદાચારના જે નિયમ છે તેનું પાલન આપણે કરતાં રહિએ પરંતુ હૃદયમાં પ્રેમભાવ ન હોય એક બીજા પ્રતિ સંવેદનશીલતા ન હોય ત્યારે તો ધર્મ પ્રતિ ગ્લાનિ થઇ જવી એ સહજ વાત છે હમણાં જ ગુરૂજીએ કહ્યું કે આ પ્રકારનો ધર્મ આપણે સમજીએ છીએ કે જેમાં પ્રેમ ભાવ નથી એક બીજા પ્રતિ સદભાવના નથી, પ્રેમની ભાવના નથી વાસ્તવમાં તેને ધર્મ કહેવો એ એક ઢોંગ છે.

ફરીથી સજીવ અને નિર્જીવની વાત આવી ગઇ સજીવ પ્રતિ જ આદર થાય છે એ સમજી લો અને સજીવતા લાવે છે પ્રેમ ધર્મમાં જો પ્રેમભાવના હોય તો તો ધર્મને સમજો અને ધર્મ છે યજ્ઞ, દાન, તપ બધું આપણે કરતા રહીએ અને ફકત આપણો સ્વાર્થ જ સિદ્ધ થતો રહે, આ ભાવના રાખીએ તો આવી ગમે તેટલી સદાચારી વ્યકિત હોય, જ્ઞાનિ હોય, સમાજમાં તેના પ્રતિ કયારેય આદરના ભાવના ન હોઇ શકે અને જે સામાન્ય સદાચારી હોય, ખુબ ઉંચા આચાર વિચાર ન રાખતો હોય મોટો તપસ્વી ન હોય, મોટો ત્યાગી ન હોય, સામાન્ય ગૃહસ્થ હોય તેમાં પણ જો પ્રેમ ભાવના, સહાનુભુતિ હોય તો સમાજમાં તેનો જરૂર આદર થશે. તો કહેવાનો આશય એ છે કે આચાર્યચરણોનો સંદેશ એ છે કે તમે આ વાત બરોબર સમજી લો કે તમે બધા ભગવાનના છો ભગવાન સિવાય બીજું કોઈ નથી એ વાત ભુલી જાવ "મમૈવાંશો જીવલોકે જીવો ભુતઃ સનાતઃ" ભગવાનને ગીતામાં કહ્યું છે આ લોકમાં જીવ નામધારી જે પદાર્થ છે તે મારો સનાતન અંશ છે તો આપણે બધા ભગવાનના અંશ છીએ અને અંશ હોવાના નાતે આપણે બધા ભગવાનના છીએ અને ભગવાનના છીએ તો ભગવાનની ઇચ્છા એવી કદાપિ ન હોઇ શકે કે એક અંશ તેનો સુખી રહે અવે બીજો અંશ દુઃખી થઇ જાય, પોતાના અંશીને ભુલી જાય તો દુખી થઇ જાય, પોતાના અંશીને ભુલી જાય તો દુઃખી થવાનું કારણ એ છે કે અંશીને ભુલી ગયા અંશ જ્યારે અંશીને ભુલી જાય છે ત્યારે દુઃખોની શરૂઆત થાય છે. જ્યાં સુધી અંશીને અંશ સ્મરણ કરે છે, યાદ રાખે છે. ત્યાં સુધી તેના હૃદયમાં અહંકાર, મિથ્યા અહંકાર કયારેય નથી આવતો જીવનનું વાસ્તવિક લક્ષ્ય પરમાત્મા તેને પ્રાપ્ત થઇ જાય છે.

બસ આટલું કહી આજનું પ્રવચન સમાપ્ત થાય છે.

# ॥ યજ્ઞો વૈ વિષ્ણુઃ ॥

લે. ગો. શ્રી શરદકુમારજી માંડવી-હાલોલ)

(ગતાંકથી ચાલુ)

યોગસ્થ કુરુ કર્માણિ સંગંત્યકત્વા ધનંજય ।
સિદ્ધયસિદ્ધયાઃ સમો ભૂત્વા સમત્વયોગ ઉચ્યતે ॥

ચેતસા સર્વકર્માણિ મયિ સન્યસ્ય મત્પરઃ ।
બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિત્તઃ સતતં ભવ ॥

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્તા ઉપાસતે ॥

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ ન ચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥

મત્કર્મકૃન્મતાસ્મો મદ્ભક્તઃ સંગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ ચ સ મામેતિ પાંડવ ॥

બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગં ત્યાકત્વા કરોતિ ચ ।
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા ॥

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નો બ્રહ્મણાહુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥

ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદર્થવ્યપાશ્રયઃ ।
તસ્માદ્સકતઃ સતતં કાર્યં કર્મ સમાચરઃ ॥

અસકતો હ્યાગરુકર્મ પરમાપ્નોતિ પુરુષઃ ।
યજ્ઞાર્થાત્કર્મણોડન્યત્ર લોકોડયં કર્મબંધનઃ ॥

તદર્થં કર્મ કૌન્તેય મુક્તસંગ સમાચરઃ ।
કર્મજં બુદ્ધિયુકત્વા હિ કૃતં ત્યકત્વા મનીષિણઃ ॥

જન્મબન્ધવિનિર્મુકતાઃ પદગચ્છન્ત્યમામયમ્ ।
વિહાય કામાન્યઃ સર્વાન્પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।
નિર્મમો નિરહંકારઃ સ શાંતિમધિગચ્છતિ ॥

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષું કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોડસ્ત્વકર્મણિ ॥

વિસ્તારભયથી ઉલ્લિખિત વચનોનો ભાવાનુવાદ ન કરતાં તાત્પર્ય જોઇએ.

— યજ્ઞ-કર્મ ભગવદ્રૂપ હોવાથી.
— યજ્ઞ-કર્મ ભગવદારાધન બુદ્ધિથી કરવા.
— યજ્ઞ-કર્મ પ્રભુની પ્રસન્નતા માટે સમર્પણ બુદ્ધિથી કરવા.
— યજ્ઞ-કર્મ કરવામાં પોતાના કર્તૃત્વાભિમાનનો ત્યાગ કરવો.
— યજ્ઞ-કર્મ કરતાં ફલાસકત ન થવું.
— યજ્ઞ-કર્મમાં કામ્ય કર્મનો ત્યાગ કરવો.
— યજ્ઞ-કર્મ જે નિત્ય-નૈમિત્તિક હોય તે જ કરવા.

ફલાસંગ થઇ ભગવદર્થ કર્મ કરવાથી જીવ અવિનાશી, શાશ્વત, અનામય, શાંત ગતિને પ્રાપ્ત થાય છે. પછી જીવને મૃત્યુસંસારસાગરનો ભય રહી નથી જતો. પાપ એનો સ્પર્શ કરી નથી શકતા. કર્મમાર્ગની કર્મ કથાનો સંક્ષેપ અથવા સાર-સર્વસ્વ સમજાવતા ભાગવતમાં કહેવાયું છે :

ષડ્વર્ગસંયમૈકાન્તાઃ સર્વા નિયમચોદનાઃ ।
તદૂન્તાઃ યદિ નો યોગાનાવહેયુઃ શ્રમાવહાઃ ॥
યથા વાર્તાદયો દયર્થા યોગસ્યાર્થં ન બિભ્રતિ ।
અનર્થાય ભવેયુસ્તે પૂર્તમિષ્ટં તથા સતઃ ॥

શાસ્ત્રીય વિધિ-નિષેધોનું તાત્પર્ય એ જ છે કે જ્ઞાનેન્દ્રિયો તેમજ મન અથવા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર પર અંકુશ મેળવી શકાય. (અર્થાત્ ચિત્ત શુદ્ધ કરી શકાય) પરંતુ તેમ છતાં જો ભગવાનમાં ભકિતયોગ ન થાય તો તે બધું કેવલ શ્રમ (મજુરી) રૂપ જ છે. જેમ ખેતી, વહેપાર આદિ કાર્યો યોગના ફળને (ચિત્તવૃત્તિનો નિરોધ) આપી નથી શકતા તેમ યજ્ઞાદિ ઇષ્ટ તેમજ પરોપકારાદિ પૂર્ત કર્મો પણ જો દુષ્ટ પુરુષના દ્વારા થાય તો અનર્થકારી જ બને છે.

મહાભારતના અનુશાસનપર્વમાં પણ કહેવાયું છે :

યો યજેદશ્વમેધેન વાજપેયશતેન હ ।
અવાકશિરા વા લમ્બેત સત્રં વા સ્કીતમાહરેત્ ।
ન યસ્ય હૃદયં શુદ્ધં નરકં સ ધ્રુવં વ્રજેત્ ॥

કોઇ અશ્વમેધ યજ્ઞ કરે કે સો સો વાજપેય યજ્ઞ કરે, લાંબા સમય સુધી ચાલતા યજ્ઞ કરે પરંતુ જેનું હૃદય શુદ્ધ નથી (આ બધું પદ, પ્રતિષ્ઠા કે ધનલાલસાથી કરે) તે નિશ્ચિત નરકમાં જ પડે છે.

વેદ, ગીતા, ભગવતાદિ શાસ્ત્રોનો તત્વવિચાર કરી કર્મમાર્ગનું રહસ્ય શ્રી મહાપ્રભુજી નિબંધમાં આ પ્રમાણે બતાવે છે :

કર્મનિષ્ઠા તદા જ્ઞેય યદા ચિત્તં પ્રસીદતિ ।
નિષ્ઠાભાવે ફલં તસ્માન્નાસ્ત્યેવેતિ વિનિશ્ચયઃ ।
નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા ॥

નાપિ તદુક્તપ્રકારેણ કર્માણિ ફલં પ્રયચ્છતિ, યજધતોર્ભગવત્પૂજાર્થસ્ય સ્વરૂપજ્ઞાનેન વૃથાકરણાત્... અતો યાગાદિકમપિ કૃત્વા લુબ્ધા એવ ભવન્તિ, ન ચિત્તશુદ્ધિં લભન્તે.... વેદોક્તેરૈવ ન તુ પ્રતિષ્ઠાર્થં વ્યાખ્યાનમનોરથવાર્તયા ।

વેદમાં જે પ્રકારે કર્મ કરવાનું કહ્યું હોય તે જ પ્રકારે કર્મ કરવાથી ફળ પ્રાપ્ત થાય છે. તેમજ વેદમાં યજ્ઞને ભગવાનની પૂજા બતાવવામાં આવ્યા છે. માટે યજ્ઞના સ્વરૂપજ્ઞાન વિના પ્રતિષ્ઠા માટે મન ફાવે તેમ યજ્ઞ-કર્મ કરવાથી ચિત્તશુદ્ધિ થતી નથી લોભ જ વધે છે. કર્મમાં સાચી નિષ્ઠા ત્યારે થઇ જાણવી જ્યારે ચિત્ત શુદ્ધ થઇને પ્રસન્ન થાય.

કર્મયોગમાં યજ્ઞ દ્વારા દેવોનું ભગવાનની વિભૂતિરૂપે પૂજન-યજન કરવામાં આવે છે. આથી યજ્ઞ દ્વારા પણ ભગવાનનું પરોક્ષ પૂજન છે, સાક્ષાત્ નહીં. આ કારણે ગીતામાં કર્મનું ફળ ભગવત્પ્રાપ્તિ ન બતાવી પાપનાશ ચિત્તશુદ્ધિ આદિ ફળો બતાવ્યા છે. ભાગવતમાં કહેવામાં આવ્યું છે :

જન્માન્તરસહસ્રેષુ તપોધ્યાન સમાધિભિઃ ।
નરાણાં ક્ષીણપાપાનાં કૃષ્ણે ભકિતઃ પ્રજાયતે ॥

અનેક જન્મો સુધી તપ, ધ્યાન, સમાધિ (યજ્ઞાદિ)થી પાપોનો નાશ થતાં મનુષ્યોને (ભગવત્કૃપા, બલ) કૃષ્ણમાં ભકિત ઉત્પન્ન થાય છે. આથી શ્રી મહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે–
સમર્પણાત્ કર્મણાં ચ ભકિતર્ભવતિ નૈષ્ઠિકી ।
યોગસાંખ્યકર્માણિ ભગવદિચ્છયા કૃતાનિ ભકિતં જનયન્તીત્યર્થઃ ॥

પ્રભુની આજ્ઞા સમજી પ્રભુને કર્મસમર્પણથી પાપાભાવ થાય છે.

આ પ્રકારે ભાગવત તથા શ્રી મહાપ્રભુજીના વચનોથી આપણે સમજ્યા કે કર્મ જો ભકિતના અંગરૂપે કરવામાં આવે તો જ તે સાર્થક છે, અન્યથા નિરર્થક છે. જ્યારે યથોક્ત પ્રકારે કરવામાં આવતા યજ્ઞાદિકર્મો ચિત્તશુદ્ધિ કે ભગવદ્ભકિત પ્રાપ્તિના અભાવમાં નિરર્થક

માનવામાં આવ્યા હોય ત્યારે કેવલ પદવી, પ્રતિષ્ઠા કે ધનપ્રાપ્તિ માટે કરવામાં આવતા યજ્ઞો કે અનધિકારી દ્વારા થતા યજ્ઞોની નિરર્થકતા તેમજ દોષાવહતામાં તો પૂછવું જ શું ?

શ્રુતિમાં કહેવાયું છે–

'યસ્ય પિતા પિતામહો વા સોમં ન પિબેત્ સ વ્રાત્યઃ' જેના પિતા કે દાદાએ સોમનું પાન નથી કર્યું એ 'વ્રાત્ય' છે. વ્રાત્ય જો પ્રાયશ્ચિત ન કરે તો એને સર્વકર્મ બહિસ્કૃત માનવામાં આવે છે એને યજ્ઞાદિ કર્મોનો અધિકાર નથી.

નૈતૈરપૂતૈર્વિધિવદાપદ્યપિ હિ કર્હિચિત્ ।
બ્રાહ્માન્યૌનાંશ્ચ સમ્બન્ધાનાચરેદ્બ્રાહ્મણાં સહ ॥

હાલમાં જ અયોધ્યામાં સોમયજ્ઞ થયાનું સાંભળ્યું. પહેલી વાત તો એ કે વેદને પ્રમાણ ન માનનારા નાસ્તિક બિનહિન્દુ એવા જૈનને તો શાસ્ત્રીય કર્મનો અધિકાર જ નથી. વળી સોમયજ્ઞકર્તા સ્વામીના પિતા કે પિતામહે સોમપાન કર્યું ન હોય તો તે પ્રાયશ્ચિત 'વ્રત્ય' બને છે. આવા સ્વામી કે સ્વામી સદૃશ સોમયજ્ઞ કરનારા અનધિકારી લોકો યજ્ઞ પહેલા કૃચ્છ્રચાન્દ્રાયણાદિ વ્રત પ્રાયશ્ચિત કરતા સાંભળવામાં આવ્યા નથી. આ સ્થિતિમાં રાજનૈતિક સ્વાર્થ માટે કે સાંપ્રદાયિક પદવી–પ્રતિષ્ઠા કે ધનલાભ માટે કરવામાં આવતા સોમયજ્ઞો અનધિકાર ચેષ્ટારૂપ હોઇ કેવલ દોષજનક જ બને છે વળી મોટાભાઇની આજ્ઞા વિના જો નાનો ભાઈ અગ્નિહોત્ર કરે છે તો એને પરિવેત્તા કહેવામાં આવે છે. જો નાનોભાઈ જ્ઞાનપૂર્વક આ પ્રમાણે કરે છે તો શાસ્ત્રીયકર્મો કરવા એને એક વર્ષ પર્યંત કૃચ્છ્ર વ્રત કરવું જોઇએ (જે કલીયુગમાં કોઇ પણ ના માટે શકય હોય તેવું દેખાતું નથી) આટલું કરવા છતાં કાલબળે દેશ, દ્રવ્યાદિની અશુદ્ધિના કારણે તેમજ પાખંડાદિને કારણે વિપરીત ફળ મળે છે.

આપણે અનેક શાસ્ત્રવચનોના આધારે સમજ્યા કે યજ્ઞ ભગવદ્રુપ છે. માટે જેમ ભગવત્સ્વરૂપ શ્રીમદ્ ભાગવતને પ્રતિષ્ઠા–પ્રસિદ્ધિ કે આજીવિકાનું સાધન બનાવવું પાપ છે, પ્રભુસ્વરૂપ સેવાને (મનોરથો દ્વારા કે ભગવાનના નામે ભેટ–સામગ્રી લઇ તે દ્વારા) આજીવિકાનું સાધન બનાવવું પાપ છે તેમ યજ્ઞોને પણ જો સાંપ્રદાયિક પદવી–પ્રતિષ્ઠા, ધનપ્રાપ્તિ કે ઈર્ષ્યા-પ્રતિસ્પર્ધા માટે કરવામાં આવે તો તે પણ એટલું જ જઘન્ય પાપપૂર્ણ ગણાય આજે આપણી એ અવસ્થા છે કે ભારતીય સંસ્કૃતિમાં સર્વથા આદરને સ્થાન પામેલ સાધન–વ્યવહાર કે સંબંધોને આપણે પોતાની દુર્વૃત્તિઓને કારણ તેના ગરિમાપુર્ણ સ્થાન પરથી ઉતારી અત્યંત ઉતરતી કક્ષાપર લાવી દીધા છે. એ પછી ભગવત્સેવા હોય કે ભગવત્કથા, યજ્ઞ હોય કે જપ-વ્રત, ગુરુ–શિષ્ય સંબંધ હોય કે વૈષ્ણવ–વૈષ્ણવ સંબંધ.

સોમયજ્ઞ યદ્યપિ બ્રાહ્મણ માટે અવશ્ય કર્તવ્યરૂપ છે પરંતુ તે માટે પણ શાસ્ત્રે અધિકારીનો નિર્ણય કર્યો છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે–

યસ્ય ત્રૈવાર્ષિકં ભક્તં પર્યાપ્તં ભૃત્યવૃત્તયે ।
અધિકં વાપિ વિદ્યેત સ સોમં પાતુમર્હતિ ॥

અતઃ સ્વલ્પીયસિ દ્રવ્યે યઃ સોમં પિબતિ દ્વિજઃ ।
સ પીતસોમપૂર્વોપિ ન તસ્યાપ્નોતિ તત્ફલમ્ ॥

**અર્થ :** જે બ્રાહ્મણ પાસે પોષ્યવર્ગના ભરણ પોષણ માટે ત્રણ વર્ષ સુધી ચાલે તેટલું અથવા તેથી વધુ ધન હોય તે બ્રાહ્મણે સોમયજ્ઞ કરવો. (આનાથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણે પોતાના પૈસે જ સોમયજ્ઞ કરવો જોઇએ, ફંડફાળા ભેગા કરીને નહીં)

**અર્થ :** પરંતુ તે કરતા જો ઓછું ધન હોય છતાં જે બ્રાહ્મણ સોમયજ્ઞ કરે છે તો તેને પુર્વે કરેલા સોમયજ્ઞોનું ફળ પણ મળતું નથી.

આ સાથે શાસ્ત્રકારોએ કેટલીક આપતકાલીન વ્યવસ્થા પણ બતાવી છે. બ્રાહ્મણે આમ તો પોતાના પૈસે જ યજ્ઞ કરવા જોઇએ પરંતુ કોઇ કારણે અપર્યાપ્ત ધનથી જો તે યજ્ઞનો પ્રારંભ કરે અને ધનાભાવમાં યજ્ઞ અધુરો રહી જાય તો બ્રાહ્મણે યજ્ઞાર્થે ભિક્ષા માગવાની શાસ્ત્ર અનુમતિ આપે છે. પરંતુ યજ્ઞ માટે માગેલ ભિક્ષાનો ઉપયોગ તેણે માત્ર યજ્ઞમાં જ કરવો જોઇએ. મહર્ષિ મનુ કહે છે–

યજ્ઞાર્થમર્થં ભિક્ષિત્વા ન સર્વં યો પ્રયચ્છતિ ।
સ યાતિ ભાસતાં વિપ્રઃ કાકતાં વા શતં સમાઃ ॥

**અર્થ :** જે બ્રાહ્મણ યજ્ઞ માટે ધન એકઠું કરીને તે ધનને યજ્ઞમાં વાપરતો નથી (તે ધનને પોતાના માટે કે અન્ય કાર્ય માટે સંગ્રહે છે) તે મર્યા પછી સો વર્ષ પર્યંત ભાસ અથવા કાગડો બને છે.

આજ કરવામાં આવતા મોટા મોટા યજ્ઞો તો કેવલ દેખાવના જ યજ્ઞો હોય છે. યજ્ઞકર્તાઓ ધનસંપન્ન હોવા છતાં પત્રિકાઓ દ્વારા કે કમિટીઓ દ્વારા જનતા પાસેથી યજ્ઞાર્થે ધન ઉઘરાવતા ઠેર–ઠેર જોવા મળે છે. આ ધનનો ઉપયોગ પણ પુર્ણપણે યજ્ઞમાં ન કરી પોતાની લાભ–પુજામાં જ મોટે ભાગે થતો હોય છે. અજ્ઞાની પુરુષ જો કોઇ નિષિધ્ધ પાપ કર્મ કરે છે તો એનું પ્રાયશ્ચિત હોય છે, પરંતુ જાણકાર માણસ બુદ્ધિપુર્વ વિપરિત્યાચરણ કરે તો એણે અજ્ઞાનીને બતાવેલ પ્રાયશ્ચિત કરતા બમણું પ્રાયશ્ચિત કરવું જોઇએ.

વિહિતં યદકામાનાં કામાત્તદ્વિગુણં ભવેત્ ।

ગુરુ અથવા ગુરુસ્થાનાપન્નનું એ કર્તવ્ય છે કે એ સદાચારનું પાલન કરી કઠિન કાલમાં પણ ધર્માચરણ કેમ કરી શકાય તેનું ઉદાહરણ સ્થાપિત કરે. કારણ કે જો ગુરુ જઘન્ય–નિન્દિત

કે નિષિદ્ધ કલ્પનો આશ્રય લે છે તો એ કલ્પો પણ ધર્મ્ય છે તથા અનુકરણીય છે એવી છાપ અનુગામીના મનપર ઉભી થાય છે. અનુગામીને નિન્દિત કે નિષિદ્ધ કલ્પમાં સૂગ રહી જતી નથી.

યદ્યપિ શાસ્ત્રમાં બ્રાહ્મણને અવધ્ય ગણ્યો છે પરંતુ અદંડનીય નહીં. રામાયણના અયોધ્યાકાંડમાં લક્ષ્મણજીએ કહ્યું છે–

ગુરોરપ્યવલિપ્તસ્ય કાર્યાકાર્યમજાનતઃ ।
ઉત્પથપ્રતિપન્નસ્ય કાર્યં ભવતિ શાસનમ્ ॥

ગુરુ (બ્રાહ્મણ) પણ જો ઉદ્ધત થઈ જાય (સ્વેચ્છાચારી) કાર્ય–અકાર્યને સમજે નહીં (અર્થાત્ પ્રતિષ્ઠા, પદવી, ધનાદિ માટે સેવા કથા કે યજ્ઞાદિ કરે વિગેરે), અવળે માર્ગે ચાલે (અર્થાત્ સ્વગૃહમાં સેવાને ઠેકાણે જાહેર મંદિરમાં કરે, ભગવદાશ્રયનો ઉપદેશ કરવાને ઠેકાણે અઘોરીની માફક મન્ત્ર, તંત્ર, જપ, ગ્રહ પુજન દોરા–ધાગા, તીર્થ આદીનો આશ્રય કરે સ્વધર્મ-રૂપ સેવાને ફલરૂપ જાણી કરવાને ઠેકાણે પૈસા કમાવવા કરે, શિષ્યગણ સાથે ઉપદેશક સંબંધ રાખવાને ઠેકાણે વહેપારી અને ગ્રાહક જેવા લૌકિક સંબંધો બાંધે, શિષ્યોના દ્રવ્યને ધર્મકાર્યમાં વાપરવાને બદલે પોતાના વૈભવ, મોજ–શોખમાં વાપરે, શિષ્યોને સ્વસેવા પ્રભુમાં ભકિત વધારવાને ઠેકાણે ગુરુ ખુદ ભગવાન કે ભગવાન સમકક્ષ છે એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે) તો ગુરુને પણ દંડ કરવો જોઇએ.

ગુરુ ને 'ગુરુ' તે માટે જ કહેવામાં આવે છે કારણ કે તેનું આચરણ, વિચાર, વાણી, આહાર બધું જ શ્રેષ્ઠ છે. સર્વશ્રેષ્ઠ હોવાને કારણે જ લોકો તેને ગુરુ માને છે. એવો ગુરુ પણ જો અવળે માર્ગે ચાલે તો એને સાધારણ માણસને આપવામાં આવતા દંડ કરતાં બમણો દંડ આપવો જોઇએ. શાસ્ત્ર પણ એજ વાત કહે છે. માટે, ગુરુ એ તો સર્વથા ઉત્તમ આચરણ કરવું જોઇએ.

અને એક વાતનું સ્મરણ હમેશાં રાખવું જોઇએ કે જેમ અધર્માચરણ કરનારને પાપ લાગે છે તેમ અધર્માચારીને સહયોગ આપનારાઓને પણ પાપ લાગે જ છે. માટે શિષ્યવર્ગે ગુરુના અધર્માચરણમાં સહભાગી ન બનવું જોય.

ધર્મં ચર ધર્માન્ન પ્રમદિતવ્યમ્ યાન્યનવદ્યાનિ કર્માણિ તાનિ સેવિતવ્યાનિ નો ઇતરાણિ યાન્યસ્માકં સુચરિતાનિ તાનિ ત્વયોપાસ્યાનિ નો ઇતિરાણિ.

તૈતરીય ઉપનિષદમાં આચાર્ય શિષ્યને અધ્યયન સમાપ્તિ પર આ પ્રમાણે ઉપદેશ આપે છે–

ધર્મનું આચરણ કર, ધર્મમાં આળસ ન કર, અનિન્દિત કર્મો કરવા, નિન્દિત ન કરવા. જે અમારા (ગુરુના) સારા આચરણ હોય તો તારે અનુસરવા, બીજા (અધર્મ કે નિન્દિત) નહીં.

॥ શ્રી કૃષ્ણાય નમ: શ્રી ગોપીજન વલ્લભાય નમ: ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ: ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## * શ્રી ઠકુરાની ત્રીજ *

સારી મેરી ભીંજત હે જુ નઇ ।
અબ હિ પ્રથમ પહેરી હોં આઈ, પિતા વૃષભાન દઇ ॥૧॥

અપનો પીતાંબર મોહિ ઉઢાવો, બરખા ઉદિત ભઈ ।
સુંદર શ્યામ જાયગો યહ રંગ, બહુ વિધ ચિત્ર ઠઇ ॥૨॥

કહી હોં કહા જાય ઘર, મોહન ડરપત હોં અત હિ ।
'કુંભનદાસ' પ્રભુ ગોવરધનધર મુદિત ઉછંગ લઇ ॥૩॥

### : ભાવાર્થ :

શ્રી વૃષભાન નંદિની શ્રી રાધાજી આજે નવીન સાડી રંગબેરંગી ચિત્રોવારી (બાંધણીની ચૂંદડી) ધરી શ્યામસુંદરને મલવા વનમાં પધાર્યા છે અને શ્યામસુંદરને વિનવી રહ્યાં છે કે, હે શ્યામસુંદર ! આ વર્ષાની મોટી મોટી બુંદો પડવા લાગી છે. આ નવીન સાડી જે પિતાશ્રી તરફથી ભેટમાં મલી છે અને આજે પ્રથમ વખત જ પહેરી છે તે જો ભીંજાશે તો ઘેર જઇને શું જવાબ આપીશ ? માટે આપનું પિતાંબર આ સાડીની ઉપર મને છત્રીની જેમ ઓઢાડી ઘો, કે જેથી મારી સાડી ભીંજાય નહિં, મને બહુ જ ડર લાગે છે. કુંભનદાસજી આ પદના સમાપનમાં કહે છે જે શ્રી સ્વામિનીજીની વિનતિને માન આપી પોતે શ્રી ગોવર્ધનધર એમને પોતાની ગોદમાં અર્થાત્ ખોળામાં બેસાડે છે. આ કિર્તન શ્રી ઠકુરાની ત્રીજના દિવસે ભોગના સમયમાં શ્રીજી સન્મુખ બોલાય છે. અને તે ભાવની પીછવાઇ તે દિવસે શ્રીજીને અંગિકાર થાય છે.

## * નાગ પંચમી * (હિંડોળાનું પદ)

નીલાંબર પહેરે તન ગોરે, ઝુલત સુરંગ હિંડોરે ।
મની–માનિક હીરા રતન મુક્તાફલ શોભિત હે તન ગોરે ॥૧॥

સુદ તિથી નાગ પંચમી દીન દયાલ દરસ દિયો જોરે ।
જન્મદિવસ જાન બલદાઉકો મદન મોહન કૃપા કરી અતિ રે ॥૨॥

ઝુલત રંગ બઢયો જુ પરસ્પર ઝુલાવન મીલ આયે ચહુ ઓરે ।
'હરિદાસ' પ્રભુકી યહ શોભા ચિત્ત ચોર્યો ઇન નયનકી કોરે ॥૩॥

### : ભાવાર્થ :

શ્રી સ્વામીનીજી નીલાંબર (વાદળી) રંગની સાડી ધરી શ્રી શ્યામ સુંદર સાથે ઝુલી રહ્યાં છે. આપે મણીમાણેક, હીરા, મોતી વગેરેના આભરણો ધર્યા છે જે અતિશય શોભી રહ્યા છે.

આજે નાગપંચમી હોવાથી શ્રી શેષાવતાર શ્રી બલદેવજીનો જન્મદિવસ મનાવી રહ્યાં છે. આજે શ્રીજીબાવાની વામભૂજાનું પ્રાકટય થયું હોવાથી બંને તરફ આનંદ મનાવી રહ્યાં છે. ચારે બાજુથી વ્રજભકતોના યૂથ, શ્રી યુગલ સ્વરૂપને ઝુલાવવા માટે ઉમટી પડયાં છે. શ્રી હરિદાસજી આ લીલાના દર્શન કરતા કહી રહ્યાં છે કે તેમનું ચિત્ત શ્રી ઠાકોરજીના નયન કટાક્ષ વડે ચોરાઇ ગયું છે.

### * પવિત્રા * (એકાદશી–દ્વાદશી)

શ્રી વલ્લભ પ્રભુ કરત વિચાર ।
દૈવી જીવનકોં કયોં ઉદ્ધાર, અબ કિહીં વિધ ઇનકો નિસ્તાર ॥૧॥
તત છિત પ્રગટ કૃષ્ણ અવતાર, શ્રીમુખ વચન કહેં ઉચ્ચાર ॥૨॥
અબ તુમ કરોં બ્રહ્મ સંબંધ, પંચદોષકો રહે નહીં ગંધ ॥૩॥
વચન સુનત મન હરખ બઢાય, અર્પે પવિત્રા ભોગ ધરાય ॥૪॥
તબ તે સેવા રીત જનાઇ, પ્રભુ પ્રસાદ પરમ ફલ કહાઇ ॥૫॥
પુષ્ટિ ભજન રસ રીત દિખાઇ નિજજન તે તજ અનત ન જાઇ ॥૬॥
ભવ જલનિધિ તેં લીયે ઉતરાઇ, જીવ જંત જન પાજ બંધાઇ ॥૭॥
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલરાય, દ્વારકેશ અનુચર પદ ગાય ॥૮॥

### : ભાવાર્થ :

શ્રીમદાચાર્યજી શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ગોકુલ ઠકુરાની ઘાટ પર બ્રહ્મ છોંકર નીચે, શ્રાવણ શુકલ એકાદશીના અરધી રાત્રે, દૈવીજીવોના ઉદ્ધાર અને દૈવી સૃષ્ટિના નિસ્તાર માટે ચિંતામગ્ન બિરાજી રહ્યાં છે.

આપશ્રીને ચિંતામગ્ન જોઇ શ્રી ગોકુલચંદ્રમાજી સાક્ષાત્ પ્રગટ થઇ બ્રહ્મસંબંધનો મંત્ર પ્રગટ કરી જીવોના સ્વભાવગત પાંચદોષ દૂર કરવા આજ્ઞા આપી. આપશ્રીના આ સહજ,

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

સુલભ માર્ગ નિર્દેશથી શ્રી વલ્લભ પ્રભુ અત્યંત પ્રસન્ન થઇ, શ્રી ચંદ્રમાજી સ્વરૂપે પધારેલ શ્રીજીને કેસરથી રંગેલ પવિત્રુ ધરાવી ધોતી ઉપરણા ધરાવી મીશ્રી ભોગ ધરાવ્યો.

ત્યારથી શ્રી વલ્લભ પ્રભુએ સેવામાર્ગ શ્રીજીની આજ્ઞાનુસાર પ્રગટ કર્યો. શ્રી ઠાકોરજીની કૃપારૂપી પરમફલની પ્રાપ્તિથી જીવ કૃતાર્થ થઇ ગયો.

ખાસ કરીને પુષ્ટિમાર્ગીય રીતે નિત્ય સેવા તથા ઉત્સવનો સેવા પ્રકાર પ્રગટ કર્યો.

શ્રી ઠાકોરજી, શ્રી વલ્લભ પ્રભુને વચનબદ્ધ થયાં છે જે શરણે આવેલા જીવને ક્યારે પણ છોડશે નહીં. ભવસાગર પાર કરાવી જીવ, જંતુ, પશુ, પક્ષી સુદ્ધાંનો ઉદ્ધાર શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ પ્રભુએ કર્યો. એવા પરમ દયાળુ પ્રભુના સેવક થવા માટે વારંવાર પોતાના અહોભાગ્ય માનતાં શ્રી દ્વારકેશજી મહારાજ આ પદનું સમાપન કરે છે.

## * (૧) રક્ષા બંધન *

બહેન સુભદ્રા રાખી બાંધત, બલ ઔર શ્રી ગોપાલ કેં ।
કનકથાર અક્ષત ભર, કુમકુમ તિલક કરત નંદલાલ કેં ॥૧॥
આરતી કરત દેત ન્યોછાવર, વારત મુક્તા માલ કેં ।
'આસકરણ' પ્રભુ મોહન નાગર, પ્રેમ પુંજ બ્રજ બાલ કેં ॥૨॥

### : ભાવાર્થ :

આજે રાખડી પૂનમનો સુંદર મોટો પર્વ હોવાથી સુભદ્રાબહેન શ્રી બલરામજી (શ્રી દાઊજી) તથા શ્રી ઠાકોરજીના શ્રી હસ્તમાં રાખડી બાંધી રહ્યાં છે.

પાંસે સુવર્ણના થાળમાં હળદરથી પીળાં કરેલા અક્ષત ચાવલ, (આખા, તુટયા વિનાના ચોખા) તથા કુમકુમ ઇત્યાદિ મંગલ પદાર્થો સજાવીને પધરાવેલાં છે. તેમાંથી સુંદર કુમકુમનું તિલક કરી અક્ષત લગાડી બહેન સુભદ્રાજી બન્ને ભાઇઓની આરતી ઉતારે છે.

આશકરણજી પોતાના સેવ્ય સ્વરૂપનું ધ્યાન હૃદયમાં રાખી વર્ણન કરતાં કહી રહ્યા છે. સુભદ્રાજી આરતી ઉતારી ન્યોછાવરમાં પોતાના ગળામાંથી સુંદર મોતીની માળા ઉતારી વ્રજભકતોને આપી રહ્યાં છે.

## * (૨) રક્ષાબંધન *

રાખી બાંધત ગર્ગ શ્યામ કર ।
હિરા રત્ન બિચ બિચ માણિક બિચ બિચ મુકતાહર ॥૧॥
દક્ષિના દેત નંદ પાય લાગત અસિસ દેત ગુરુજન સબદ્વિજ વર ।
'નંદદાસ' પ્રભુ જિયોતહાંલોં જ્યો લોં ચંદ સુરજ મારુત ધર ॥૨॥

### : ભાવાર્થ :

શ્રી ગર્ગાચાર્યજીને આજે રક્ષાબંધન નિમિત્તે શ્રી ઠાકોરજીને રક્ષા બાંધવા તથા આશિષ

આપવા શ્રી નંદરાયજીએ બોલાવ્યાં છે. યદુકુલના કુલ પુરોહિત તેમજ મહાન ઋષિ હોવાથી શ્રીલાલન તેમજ શ્રી દાઊજીનું રક્ષાબંધન તેઓ પાસે કરાવી રહ્યાં છે. શ્રી નંદરાયજી પોતે પણ તેઓને પ્રણામ કરી દક્ષિણા આપી રહ્યાં છે. શ્રી ગર્ગાચાર્યજી સુંદર રત્નજડિત રાખી બાંધી, તિલક કરી હવે આશિષ આપી રહ્યાં છે જે શ્રીકૃષ્ણ બલદેવ યાવત્ ચંદ્રદિવાકરૌ ભૂતલને અલંકૃત કરો, અર્થાત્ ચિરંજીવ થાય.

### * જન્માષ્ટમી * (મંગલા, પંચામૃત)

આપુનિ મંગલ ગાવે જશોદાની ।
આજ લાલ કો જન્મ દિવસ હે, મોતિન ચોક પુરાવે ॥૧॥
ગામ ગામ તે જાતિ અપની, ગોપીન ન્યોતી બુલાવે ।
અન્વાચાર્ય મુની ગર્ગ, પરાસર તિનમેં વેદ પઢાવે ॥૨॥
હરદિ તેલ સુગંધ સુવાસિત, લાલેં ઉબટ નહવાવેં ।
હરિ તન ઉપર વારિ ન્યોછાવર, જન 'પરમાનંદ' પાવેં ॥૩॥

### : ભાવાર્થ :

શ્રી યશોદાજી પોતે આજે શ્રી લાલનનો જન્મદિવસ મનાવી રહ્યાં છે. મોતીના સાથીયા આંગણામાં પુરી રહ્યાં છે વળી ગામો ગામથી વ્રજભક્તો ન્યોતી રહ્યાં છે, (નોતરા આપી બોલાવ્યાં છે) અને વંશ પરંપરાથી યદુકુલના કુલગુરુ ગર્ગાચાર્ય અને પરાશર મુનિ પાસે વેદગાન દ્વારા સ્વસ્તિવાચન કરાવી રહ્યાં છે.

લાલનને રત્તજડિત બાજોઠ પર બિરાજમાન કરીને હરિદ્રા, દુધ, દહીં, ઘી, બુરો, સુગંધિત ફુલો ઇત્યાદિથી મંગલ સ્નાન કરાવી રહ્યાં છે. તેમજ શ્રી ઠાકોરજી ઉપર અમૂલ્ય રત્નો, વસ્ત્રો ઇત્યાદિ બહુમૂલ્ય વસ્તુઓ ન્યોછાવર વારી પરમાનંદદાસજીને આપી રહ્યાં છે.

### * (૨) જન્માષ્ટમી તિલક * (શ્રૃંગાર)

આજ બધાઇ કો દિન નીકો ।
નંદ ઘરની જસોમતી જાયો હે, લાલ ભામતો જીકો ॥૧॥
પંચશબ્દ બાજે બાજત હૈ, ઘર ઘર તેં આયો ટીકો ।
મંગલ કલશ લીયો વ્રજ સુંદરી, ગ્વાલ બનાવત છિકો ॥૨॥
દેત અસિસ સકલ ગોપીજન, ચિરજીયો કોટી વરીસો ।
'પરમાનંદદાસ' કો ઠાકુર ગોપ ભેષ જગદિશો ॥૩॥

### : ભાવાર્થ :

શ્રી યશોદાજી પુત્ર જન્મદિન મનાવી રહ્યાં છે. શ્રી નંદરાયજીના પત્ની શ્રી યશોદાજીએ બધાંના લાડકા એવા પુત્રનો જન્મ આપ્યો છે.

પાંચ મંગલવાદ્ય, શંખ, ભેરી, શહનાઇ, દુંદુભી અને ઝાલર વાગી રહ્યાં છે. દરેક મોટા નાના વ્રજવાસી ગોપોને ત્યાંથી લાલન માટે મંગલ તિલકની ભેટો આવી રહી છે. તો વળી ગોપીજનો અતિ ઉલ્લાસથી મંગલ કલશ મસ્તક પર લઇ નંદાલયમાં પધારી રહ્યાં છે. તેમ ગ્વાલબાલ દૂધ, દહીં, માખણ ઇત્યાદિ કાવડોમાં ભરી નંદાલય પ્રતિ જઇ રહ્યાં છે.

સર્વે ગોપીજનો શ્રી લાલનને આશીર્વાદ આપે છે કે અમારા પ્રાણપ્રિય લાલન કરોડ વર્ષના થાય, પરમાનંદદાસજી આ પરમ મંગલ લીલાનું વર્ણન કરે છે કે મારા પ્રભુ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ, જગદીશ્વર આજે ગોપસ્વરૂપ અર્થાત્ ગોવાળીયાનું રૂપ ધારણ કરી વ્રજમાં પ્રકટયાં છે.

### * (૩) જન્માષ્ટમી * (શયન, શ્રી દેવકીજીના ભાવનું પદ)

અહો પીય સો ઉપાય કછુ કીજે ।
જા ઉપાયતે યા બાલકકો રાખ કંસ તે લીજે ॥૧॥
મનસા વાચા ઔર કર્મણા નૃપ કો કૌન પતિજે ।
છલ બલ કર ઉપાય કૈસે હું કાહુ અનતહીં દીજે ॥૨॥
નાહિન ઐસો ભાગ્ય હમારો પુટ લોચન સુખ પીજે ।
'સુરદાસ' ઐસે સુતકોં સુખ શ્રવણન સુન સુન જીજે ॥૩॥

### : ભાવાર્થ :

શ્રી દેવકીજી શ્રી વસુદેવજીને વિનવી રહ્યાં છે કે હે પ્રિયતમ ! આપ કંઇક પણ ઉપાય કરો કે જેથી આપણા આ બાલકને કંસની દુષ્ટ નજરથી બચાવી લેવાય. કાયિક, વાચિક કે માનસિક કોઇપણ રીતે આ રાજા કંસને સમજાવી શકાય તેમ છે જ નહીં માટે છલથી કે બળ વાપરીને ગમેતેમ, આ સુંદર અલૌકિક બાળકને અહીં કારાગારમાંથી દૂર કયાંય પણ સુરક્ષિત સ્થળે લઇ જાવ.

હે સ્વામી ! આપણા ભાગ્યમાં બાળકની નિર્દોષ બાલસહજ આનંદભરી લીલાના નેત્રો દ્વારા દર્શન કરવાનું નથી.

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

સુરદાસજી આ પદના સમાપનમાં કહે છે કે શ્રી દેવકીજી શ્રી વસુદેવજીને સમજાવી રહ્યાં છે કે આ અલૌકિક બાલકની અલૌકિક લીલાનું વર્ણન સાંભળીને ફકત કાન પવિત્ર કરવાનું જ આપણા નશીબમાં લખ્યું છે.

### * (૪) જન્માષ્ટમી * (નંદ મહોત્સવ પાલના)

નંદ મહોત્સવ હો બડ કીજે ।
અપને લાલ પર વારી ન્યોછાવર સબ કાહુ કો દીજે ॥૧॥
વિપ્રન દેહુ ગાય ઔર સોના, ભાટન રૂપો દામ ।
વ્રજ યુવતીન પાટાંબર ભૂષણ, પૂજે મનકે કામ ॥૨॥
નાચો ગાવો કરો વધાઇ અજન જન્મ હરિ લીનો ।
યહ અવતાર બાલ લીલા રસ 'પરમાનંદ' ઉર ભીનો ॥૩॥

### : ભાવાર્થ :

વ્રજવાસીઓ નંદબાબાને મહોત્સવ કરવા માટે જબરજસ્તીથી ખેંચી જઇ નચાવી રહ્યાં છે. અને કહી રહ્યાં છે કે આપના આ અલૌકિક અદ્‌ભુત બાલક ઉપર સર્વસ્વ ન્યોછાવર કરી લૂંટાવી દ્યો. બ્રાહ્મણોને ગાયો અને સોનું દ્યો. ચારણ, ભાટ, બંદીજન ઇત્યાદિને રૂપાના આભૂષણો અને પાત્રો આપો, રોકડ આપો, વળી વ્રજ યુવતીઓને પણ આભરણ વસ્ત્ર ઇત્યાદિ આપી સંતુષ્ટ કરો. આપ અમારા બધા સાથે નાચી ગાઇ અને વધાઇ વાંટો. કારણ કે સાક્ષાત્ અજન્મા હરિ એટલે પુરુષોત્તમ જન્મ લઇ વ્રજમાં પધાર્યા છે. પરમાનંદદાસજી આ વધાઇ સમાપનમાં કહી રહ્યાં છે કે આ પ્રભુનો અવતાર શ્રી નંદ, યશોદા, ગોપી, ગ્વાલ વગેરેને બાલલીલાના રસનો અનુભવ કરાવવા માટે જ થયો છે.

### * જન્માષ્ટમી * (પાલના)

બેઠી રાની યશોમતિ લાલ ઝુલાવે । લાલ ઝુલાવે અરૂ નૈન સિરાવે ॥૧॥
સીસ કુલેહ અરૂ મોતિન માલા । છગન મગન મેરે નૈન વિશાલા ॥૨॥
નેતિ નેતિ નિગમ જાહી ભાખે । સો જસુમતિકો પય પાન ચાખે ॥૩॥
ચિતે દૃષ્ટિ મન અતિ સચુ પાવે । ભાલ કપોલ દીઠોના લાવે ॥૪॥
વ્રજ મેં નહીં કોઉ બડભાગિન ઐસી । 'સુર' પ્રભુકિ મૈયા જૈસી ॥૫॥

**રૂા. ૫૧/ માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

### : ભાવાર્થ :

રાણી જશોદાજીના ભવનમાં પાલનું બંધાણું છે. પોતે બેઠાં બેઠાં શ્રી લાલનને ઝુલાવે છે અને આંખો ઠારે છે. શ્રી લાલનના શ્રી મસ્તકે કુલ્હે ધરાવી છે. શ્રી કંઠમાં મોતીઓની માળાઓ ધરાવી છે. છગન મગન શ્રી લાલનના સુંદર વિશાળ નયનો શોભાયમાન થઇ રહ્યાં છે. જેને વેદો નેતિ નેતિ કહી વખાણે છે તે સ્વયં શ્રી યશોદાજીનું સ્તનપાન કરી રહ્યાં છે.

જ્યારે એકચિત્તથી શ્રી લાલનની ઝાંખી કરવાથી મન અને ચિત્તવૃત્તિ બન્ને શાંતિ અનુભવે છે. શ્રી ઠાકોરજીના ભાલપ્રદેશ પર તથા બન્ને કપોલ (ગાલ) પર, નજર ન લાગે તે માટે માતા યશોદાજીએ કાજળના ટપકાં-દિઠૌના કર્યાં છે. સમસ્ત વ્રજમાં શ્રી યશોદાજી જેવાં ભાગ્યશાળી કોઈ પણ માતા નથી. સુરદાસજી શ્રી યશોદાજી તથા શ્રી લાલનની પ્રસંશા કરી પદ સમાપ્ત કરે છે.

॥ શ્રીહરિઃ ॥

# કલિયુગનાં દોષપ્રભાવથી કેમ બચાય?

**પ્રસ્તુતિ : ચિ. ગો. શ્રી ગોકુલેશજી મહોદય (જૂનાગઢ)**

પુંસા કલિકૃતાન દોષાન્ દ્રવ્યદેશાત્મસમ્ભવાન ।
સર્વાન્ હરતિ ચિત્તસ્થો ભગવાન્ પુરુષોત્તમઃ ॥
શ્રુતઃ સંકીર્તિતો ધ્યાનઃ પૂજિતશ્ચાદૃતોઽપિવા ।
નૃણાંધુનોતિ ભગવાન હૃત્સ્થો જન્માયુતા શુભમ્ ॥
યથાહેમ્નિ સ્થિતો વન્હિ દુર્વર્ણં હન્તિ ધાતુજમ્ ।
એવમાત્મગતો વિષ્ણુયોગિનામ શુભાશયમ્ ॥
વિદ્યાતપઃ પ્રાણનિરોધ મૈત્રીતીર્થાભિષેક વ્રતા
દાનજપ્યૈઃ ॥
નાત્યન્ત શુદ્ધિં લભતેઽન્તરાત્માયથા હૃદિસ્થે
ભગવત્યનન્તે ॥

(શ્રીમદ્ ભાગવત ૧૨-૩-૪૫/૪૮)

કલિયુગમાં અનેક દોષ છે. સર્વ કંઇ દૂષિત થઇ જાય છે. સ્થાનોમાં પણ દોષોનું પ્રધાનત્વ હોય છે. પણ જો સર્વેશ્વર પ્રભુને હૃદયમાં ધારણ કરવામાં આવે તો આપના સાન્નિધ્ય માત્રથી સર્વ દોષો નષ્ટ થઇ જાય છે. પ્રભુના રૂપ, ગુણ, લીલા, ધામ અને નામ શ્રવણ સંકીર્તન, પૂજન ધ્યાન અને આદરથી આપ મનુષ્યોનાં હૃદયમાં આવી બિરાજમાન થાય છે. અને આપની કૃપાથી એક-બે જન્મ તો શું હજારો જન્મોના પાપના ડુંગરના ડુંગરો ક્ષણભરમાં નષ્ટ થઇ જાય છે. જેમ સોનાની સાથે રહી અગ્નિ તેની ધાતુ સંબંધી મલિનતા આદિ દોષો નષ્ટ કરી દે છે તેજ રીતે હૃદયમાં સ્થિત શ્રીહરિ તે જીવના અશુભ સંસ્કારો સદા માટે દૂર કરે છે. વિદ્યા, તપસ્યા, પ્રાણાયામ, સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મિત્રભાવ, તીર્થસ્નાન, વ્રત, દાન, તપ આદિ કોઇપણ સાધનથી મનુષ્યની એવી વાસ્તવિક શુદ્ધિ નથી થતી જેવી શુદ્ધિ પ્રભુ શ્રીહરિના હૃદયમાં આરૂઢ થવા પર એટલે કે સતત પ્રભુના ચિંતન સ્મરણથી થાય છે.

– કૃષ્ણ એવ ગતિર્મમ

# આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧ તા. ૮-૮-૯૪ સોમવાર ચંદ્રદર્શન ગો. ચિ. શ્રી મનમોહનજી બાવા (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી રાજીવ લોચનજી બાવા (મુંબઇ-ધોરાજી)નો જન્મદિના

શ્રાવણ સુદ ૨ તા. ૯-૮-૯૪ મંગળવાર ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧૦-૮-૯૪ બુધવાર ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, ગો. ચિ. શ્રી લાડીલેશરાયજી બાવાશ્રી (વેરાવળ-પોરબંદર) તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૪ તા. ૧૧-૮-૯૪ ગુરુવાર (પાંચમનો ક્ષય છે) નાગપંચમી શ્રીનાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫)

શ્રાવણ સુદ ૭ તા. ૧૩-૮-૯૪ શનિવાર ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજશ્રી (કોટાનો) જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૧૫-૮-૯૪ સોમવાર બગીચાનોમ શ્રી ગોવિંદલાલજી તિલકાયત કૃત સાતસ્વરૂપ ઉત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૭-૮-૯૪ બુધવાર પવિત્રા પુત્રદા એકાદશી વ્રત. પવિત્રા ભોગ સંધ્યામાં ધરવા. (ભદ્રા ૪/૪૫ પછી નથી) સંયોગાત્મક મહા રાત્રી ગો. ચિ. ગિરધરલાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૮-૮-૯૪ ગુરુવાર. પવિત્રા બારસ ગુરુને પવિત્રા ધરાવવા ગો. શ્રી મધુરેશજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર) તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨૧-૮-૯૪ રવિવાર. રક્ષાબંધન શૃંગારમાં. ઋક્ શ્રાવણી, નાળીયેરી પૂર્ણિમા, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૧ તા. ૨૨-૮-૯૪ સોમવાર હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૨૪-૮-૯૪ બુધવાર કજ્જલી ત્રીજ. ગો. શ્રી ગોપાલલાલજી બાવા શ્રી (કામવન)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨૮-૮-૯૪ રવિવાર શયનમાં છઠ્ઠીનો ઉત્સવ. વિષ્ણુસ્વામી પ્રાકટ્ય. શ્રાવણ વદ-૮ તા. ૨૯-૮-૯૪ સોમવાર શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. જન્માષ્ટમી વ્રત. ભાવાત્મક મહારાત્રી ચિ. ગો. શ્રી ગોકુલેશજી (વીરમગામ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૩૦-૮-૯૪ મંગળવાર નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૩૧-૮-૯૪ બુધવાર આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૧-૯-૯૪ ગુરુવાર ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી (વીરમગામ) નો જન્મદિન.

શ્રાવણ વદ-૧૨ તા. ૨-૯-૯૪ શુક્રવાર અજા એકાદશી વ્રત. શ્રી રણછોડજી (ડાકોર)ના પલનાવિજય ગો. ચિ. શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા-ગોંડલ)નો જન્મદિન.

શ્રાવણ વદ-૧૩ તા. ૩-૯-૯૪ શનિવાર. દ્વાપર યુગાદિ તિથિ. ગો. શ્રી. રાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૪-૯-૯૪ રવિવાર શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રી ગોપાલજીનો ઉત્સવ (સં. ૧૯૧૦)

ભાદરવા સુદ ૨ તા. ૭-૯-૯૪ બુધવાર ચંદ્રદર્શન. રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૮-૯-૯૪ ગુરુવાર હરિતાલિકા-હરિયાળી-કેવડાત્રીજ.

## શ્રી યમુનાજીના પદ

### ભાવાર્થ : 'માધુરી' રાજકોટ

શ્રી હરિ વરન નીર નિકાઇ ।
નાભિ કી છબિ ભ્રમર જગમગ બરનિ કાપે જાઇ ॥૧॥

તાતકી પ્રતિબિંબ ચંચલ મુકુટ મંડલ ભાંતિ ।
તટનિ પંકજ મનહુ ઉર પૈ લલિત માલા પાંતિ ॥૨॥

મીન લોચન ચપલ કર બહુ બીચિ ગુડરી કટક ।
ઝલક સિકતા મનહુ મુક્તા નાહ મન રહ્યો અટક ॥૩॥

લત્તા તરુ પ્રતિબિંબ કછની શબ્દ નૂપુર નાદ ।
શ્યામ શ્યામા વદન બિંબે ભરે મૈન પ્રમાદ ॥૪॥

મનહુ શ્રીમુખ ભાનુજા કે નીર સીકર હાસ ।
મનહુ સતત ભાવ રસ ભરિ હોત રાસ વિલાસ ॥૫॥

ભરી કરુણા સુધા સરિવર દિવ્ય પ્રણતનિ કાજ ।
દાસ **'વલ્લભ'** ભીખ માગે રાખિ યમુને લાજ ॥૬॥

**ભાવાર્થ :** આ પદમાં શ્રી યમુનાજીના સ્વરૂપની સુંદરતા અને ભલાઇનું વર્ણન છે. આપના જળનો વર્ણ શ્રી હરિના વર્ણની સમાનતા ધરાવે છે. જળમાં ઘૂમરીઓ દેખાય છે તે

ગોળ ગોળ ફરતી ઉપરથી સૂર્ય પ્રકાશથી શોભામાં અભિવૃદ્ધિ થાય છે જાણે મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો હોય તેવી છટા દશ્યમાન થાય છે. આપનામાં ખીલેલા કમલોની હાર જોતાં માનો ઉર પર સુંદર કમળોની માળાની પંકિત જેવી દર્શાય છે.

આપમાં વસેલા માછલાઓની ચપલતાથી જળ ઉછળતા રહે છે તેનાથી તરંગોની હારમાળા ઉભી કરે છે. ચપલતારૂપી આપના નેત્રની ભાવના દર્શાય છે.

આપની રેતી મોતી સમાન ઝળકતી શોભી રહી છે. તેનાં દર્શન કરતાં જ મન ત્યાં જ અટકી જાય છે. જળમાં પડતાં કિનારા ઉપરનાં પ્રતિબિંબો માનો કે શ્રીઅંગમાં કાછની ધારણ કરી છે. તેમજ તરંગોની ઉછાળનાં શબ્દ જાણે કે ચરણાવિંદ નૂપુરની ધ્વનિની સ્મૃતિ કરાવે છે.

શ્યામ શ્રી ઠાકોરજી તેના પ્રતિબિંબરૂપ આપ શ્યામ છો. તેના ભાવરૂપે આપના કિનારા પર ઉભેલાં વૃક્ષોના પ્રતિબિંબ જળમાં પડતાં શ્યામલત્તામાં વૃદ્ધિ કરે છે. હવાના ચલણથી ખડ ખડ થતો અવાજ તે વૃક્ષોની શાખા અને પાંદડાંમાં કરે છે તે અતિ મનોહર લાગે છે, તેમજ ઉછળતાં જલતરંગોને જલકણ એવો ઉત્સાહિત રસ ઉત્પન્ન કરતા હોય છે. તે જોઇને કોટિ કામ લજાયમાન થઇ જાય છે.

આપ કરુણાની નિધિ છો, કરુણાના સાગર છો. જે જીવ આપને શરણે આવે છે તેના ઉપર આપની દિવ્ય કૃપા રહે છે. તેથી ભકતોનાં સર્વ કાર્ય સિદ્ધ કરો છો. એવા શ્રી યમુનાજી આ આપનો દાસ વલ્લભ ભીખ માગે છે કે મારી પણ લાજ આપનાં હાથમાં છે માટે મને આપના શરણમાં જ રાખજો.

### ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

## આંતર ઉદ્ગારો

### વિરહ તાપ

એક દિવસે દીક્ષિતજીએ પૂછયું કે, મહારાજ ! આ જીવ સેવા કરે છે, સ્મરણ પણ કરે છે તો પણ હું ને મારૂં તો રહ્યું, એ જીવને પ્રભુની પ્રાપ્તિ કેમ થતી નથી ?

ત્યારે કહ્યું કે જેણે સ્વરૂપ સેવા કરી તેને પ્રાપ્તિ તો થશે પણ આ માર્ગમાં તાપ મુખ્ય છે. તે ઉપર દ્દષ્ટાંત કહ્યું કે ધણી પરદેશ ગયો હોય, ત્યારે બાયડી કહે કે મારો ધણી કયારે આવશે ? પણ ધણી આવ્યા પછી બોલે નહિ. ત્યારે સ્ત્રી કહે કે ગામ ગયા ત્યારે તો શું કરીએ, પણ આવ્યા ત્યારે બોલ્યા વિના કેમ રહેવાય ? એ દુઃખ કોને કહીએ ? એ જીવ્યાથી મૂવાં ભલાં. મારા અંતઃકરણની વાત કોને કહુ ? મને તો ખાધું પીધું કાંઇ ગમતું નથી. મારા હાથમાં આવ્યા પણ મને કંઈ ભોગાનંદ મળ્યો નહિ. લોક તો કહેશે કે હવે તો સારૂં થયું, પણ ધણી ના બોલે તે કંઈ કોઈ જાણે છે ? મારા જીવની મને પડી છે. હું એમ જાણું છું કે આ જીવ્યાથી મૂઆં ભલા.

સ્ત્રીનો લૌકિક ધણી પર આ ખોળીઆના સંબંધને લીધે આવો છે, તો આપણે તો ચૌદ લોકનો નાથ જેના એક રોમના ભાગમાંથી શત કરોડો બ્રહ્માંડો ઉત્પન્ન થાય, એવા મોટા મારા પ્રભુ છે તે ધણી બોલે ચાલે નહિ, એનો આ જીવને તાપ નહિ, એ ખોટું છે, માટે તાપ સર્વથા જોઈએ. તાપ વિના કામ થાય નહિ. આ માર્ગમાં તાપ મુખ્ય છે, જેને શ્રી વલ્લભ પ્રસન્ન થાય, તેને તાપનું દાન કરે. તાપ વિના દાન છે નહિ.

॥ શ્રીકૃષ્ણઃ શરણંમમ ॥

# શ્રી દ્વારિકા લીલા

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

–ગતાંકથી ચાલુ

## ૨. ઓખા મંડલ – શ્રી દ્વારિકા નગરી પ્રાગટ્ય

રાગ : ધનાશ્રી

હરિ નૂતન ભૂતલ શ્યામ બનાઇ,
વૈકુંઠ લોકસેં લલિત નિર્મલ, સો યોજનકી ધરા ઉઠાઈ. ૧
શ્રી મનુ પુત્ર રાજન્ સર્યાતિ, પૃથ્વી પતિ ભઇ કરત બટાઇ;
તીન લરિકામેં રાજ સબ બાંટી, અપનેં બલપેં જોર લગાઇ. ૨
પૂરવ દિશા મિલિ ઉત્તાન બર્હિન, ભૂરિષેન દખ્ખન દિશા પાઇ;
પશ્ચિમ દિશા આનર્ત કો દેઇ, ગર્વ કરત લલકાર સુનાઈ. ૩
તબ મૃદુ બચનસેં આનર્ત ઉચરે, જલ–સ્થલ બલ તુમ્હારેં નાહી;
પિતા પરબ્રહ્મ, એક હી સમરથ, સર્જન પોસન હરે જગ તાંહી. ૪
ઇનકે તેજ સેં ભાનુ તપત હૈ, ઇન્દ્ર કરત બરખા જગ માંહી;
ઇનકે ભયસેં કાલ ફીરત રહે, વાયુ બહત રાજન ભજ તાંહી. ૫
કઠોર બાનીસેં ઘાયલ રાજન, ક્રોધ કરત અપને લરકાઇ;
યે ભૂમિ ન બાસા, સબકો મેં રાજા, દૂરી ચલાજા ન લેઉ પરછાઇ. ૬
આનર્ત આયે સાગર તટપેં, જલમેં બસી તપ કરે કઠીનાઇ;
રીઝી પ્રસન્ન ભયે શ્રીહરિ પ્રેમસેં, લેત હેં શરન દેત વરદાયિ. ૭
ચક્ર સુદર્શન ધરત સાગરપેં, વૈકુંઠ ભૂમિ કો વાહીં પધરાઇ;
આનર્ત દેશ ઓખા મંડલ ભયે, રાજ કરન લગે અતિ સુખ તાઇ. ૮
રૈવત પુત્રકી રૈવતિ પુત્રી, બલભદ્રજીસેં કરત સગાઈ;
**‘ચરનદાસ’** તહાં દ્વારિકા નગરી, રત્ન કનકમયિ શ્યામે બસાઇ. ૯

–ક્રમશઃ

# સમાચાર

## ભુકંપગ્રસ્ત લાતુર વિસ્તારના ખેડુતોને વૈષ્ણવ પરિષદ દ્વારા બળદ અર્પણ

ભૂકંપગ્રસ્ત વિસ્તાર લાતુર જીલ્લાના માગરૂળ ખાતે વિવેકાનંદ હોસ્પીટલ અને જનકલ્યાણ સમિતિના ઉપક્રમે "ભારત માતાનું મંદિર" અને આરોગ્ય કેન્દ્ર"ના ખાત મુહુર્તના સમયે આં. પુ. વૈષ્ણવ પરિષદ તરફથી ભાગવતં કથાકાર અને વૈષ્ણવ પરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રદ્યુમન શાસ્ત્રીના વરદ હસ્તે તા, ૪-૭-૯૪ એકાદશીના દિવસે અને વિવેકાનંદની પુણ્યતીથીના દિને ખેડુતોને બળદ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આવા મંગળ કાર્ય વખતે મહારાષ્ટ્રના ભાગવત કથાંકાર પુ. શ્રાં કિશોરજી વ્યાસ (શાસ્ત્રી) અને વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ એમ. શેઠ તથા પરિષદના કાર્યકરો શ્રી વામનભાઇ પટેલ અને શ્રી સુર્કાન્ત કે. શાહ તેમજ મુંબઇના મહેશ્વરી સમાજના અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત હતા.

કાળની કરામત સામે માનવીની કરૂણાપૂર્ણ માનવતાની મહાનનાના કાર્યો દર્શાવી શ્રી પ્રદ્યુમન શાસ્ત્રીએ જણાવ્યું કે વૈષ્ણવ પરિષદ પીડીત સમાજની સેવા એ પણ ભગવાનની સેવા છે. એવું સ્ત્રીકારીને ખેડુતોને બળદ અર્પણ કરવામાં આવ્યા છે. બળદ માટે વૃષભ શબ્દ સંસ્કૃતમાં છે અને વૃષભનો અર્થ ધર્મ છે. ધર્મ જ માનવીની કામનાઓ પુર્ણ કરે છે. ધર્મ દ્વારા સમાજનું પુનરૂત્થાન થાય છે. તેથી વૈષ્ણવ પરિષદ બળદરૂપી ધર્મ દ્વારા સમાજનું પુનરૂત્થાન ઈચ્છે છે,

પુ. શ્રી પ્રદ્યુમન શાસ્ત્રી તરફથી ૫૧ ધોતી ખેડુતોને આપવામાં આવી છે એ પ્રકારે સંગઠ્ન. મંત્રી શ્રી શેઠે નિવેદનમાં જણાવ્યું છે.

## "વૈષ્ણવ પરિષદના સરકારને અભિનંદન કારોબારીના મહત્વના નિર્ણયો"

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા અને પ્રવર્તક શ્રીમદ વલ્લભાચાર્યજીનો પાઠ ચાલુ વર્ષે ગુજરાતી વિષયર્મા દાખલ થવાથી સમગ્ર વૈષ્ણવ સમાજમાં આનંદની લાગણી વ્યાપી ગઇ છે એવા પ્રકારનો આં. પુ, વૈધ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશની શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અધ્યક્ષસ્થાંને ગુજરાતની પાટનગર ગાંધીનગર ખાતે મળેલી કારોબારી અને કાર્યકરોની સંયુકત મીટીંગે ઠરાવ દ્વારા ગુજરાત સરકારને અને ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળને હાર્દિક ધન્યવાદ સહ અભિનંદન આપ્યા છે.

હરિ ગુરૂ વૈષ્ણવની સેવા માટે આં. પુ. વૈ. પ. ના પ્રોત્સાહનથી શ્રી વલ્લભ વિઠલ કે આનંદ પરમાનંદની પેઢીતો વિચાર શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠે રજુ કર્યો હતો. શ્રી પ્રદ્યુમન શાસ્ત્રી અને શ્રી યોગેશભાઈ શાસ્ત્રીએ એ વિચારને વધાવી સૌને કાર્યરત બનવા અપીલ કરી હતી. પ્રિ. વી. પી. પરીખે છેવ્લી મીટીંગની મીનીટસનું વાંચન કર્યુ હતું અને શ્રીમદ વલ્લભાચાર્યજીના પાઠ અંગેનો ઠરાવ રજુ કર્યો હતો.

ગુજરાત પ્રાંતનું અધિવેશન વડોદરા ખાતે રાખવા અને તેની કાર્યવાહી માટે શ્રી મુકુંદભાઈ પટેલને (વડોદરા) સયોજક તરીકે, પંચમહાલ જીલ્લાના શ્રી સી. પી. તલાટી અને વડોદરા જીલ્લાના શ્રી આર. એમ. શાહને સંગઠ્ન મંત્રી તરીકેની પ્રોફે. ચીમનભાઇ શેઠે જાહેરાત કરી હતી હરિગુરૂ વૈષ્ણવની સેવા માટેના પ્રોજેકટના સંયોજક તરીકે શ્રી ઈન્દ્રકાન્ત શેઠને નિયુકત કરવામાં આવ્યાની જાહેરાત પણ સંગઠન મંત્રીએ કરી હતી.

## પૂ. પા. ગો. શ્રી પંકજબાવાની શ્રી ચરણારવિંદથી ભારત પરિક્રમા

પુ. પા. ગો. શ્રી પુરૂષોતમલાલજી (શ્રી પંકજબાવા) મુંબઈ–રાજકોટવાળા તા. ૧૪ માર્ચથી શુભારંભ કરી રાજકોટથી ચરણારવિંદથી ચાલી સમગ્ર ભારતમાં આવેલ જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ચોરાસી બેઠકજીના દર્શન કરી રહયાં છે.

આપશ્રીએ શ્રી વ્રંજની બેઠકોની પરિક્રમા કરી બદ્રિકાશ્રમ અને ત્યાંથી આળગના બેઠકોના દર્શન માટે આગળ પધારેલ છે.

જે વૈષ્ણવોએ આપશ્રીની આ અલૌકિક યાત્રાના દર્શનનો લાભ લેવો હોય તેઓ તેમજ યાત્રા માર્ગમાં આવતાં ગામોના વૈષ્ણવોએ આપશ્રીનો નિશ્ચીત કાર્યક્રમ જાણવા નીચેના સ્થળોએ સંપર્ક કરી માહિતિ મેળવવી.

(૧) ગો. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી 'લલિતા કુંજ' ૪, પુજારા પ્લોટ, **રાજકોટ** ફોન નં. ૨૨૨૧૮

(૨) ગો. શ્રી લલિતનાથજી બાવાશ્રી પગથીયા શેરી **બીલખા** (જી જુનાગઢ)

# શ્રી વ્રજયાત્રા લીલી પરિક્રમા

ભગવદ લીલા ભૂમી મહાન આધિદૈવિક વ્રંજચોરાશી કોશની લીલી પરિક્રમા જે જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના સમયથી નિયમીત પ્રતિવર્ષે શ્રી વલ્લભકુલના બાળકોની અધ્યક્ષતામાં યોજાય છે. આ વર્ષે ત્રણ ગોસ્વામી આચાર્યશ્રીઓ દ્વારા આ વ્રંજયાત્રાનુ આયોજન થયેલ છે.

(૧) **પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી તથા ચિ. ગો. શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી** (રાજકોટ–બોરીવલી–શ્રીમદ ગોકુલ)ની આજ્ઞા અને આશિર્વાદથી ચિ. ગો. **શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી તથા ચિ. ગો. શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રીના** અધ્યક્ષસ્થાને સં. ૨૦૫૦ ભાદરવા સુદ ૫ શનિવાર તા. ૧૦–૯–૯૪ના શ્રી મથુરાજી વિશ્રામઘાટે નિયમ લઈ પ્રારંભ થશે. શ્રી ગિરિરાજજીનો કુનવારો ભાદરવા વદ ૨ બુધવારના ૨૧–૯–૯૪ના થશે. શ્રી વૃજયાત્રા પુર્ણ કરી નિયમ વિસર્જન તા. ૨૧–૧૦–૯૪ના છે.

આ યાત્રામાં યાત્રા બેન્ક, પોલીસ હોમગાર્ડની, ટપાલની તથા પીવાના મીઠાં જલ માટે ટેન્કરની સુવિધા રાખેલ છે. લાઈન દોરીના મોટા પાલ રૂ. ૭૧૦૧ અને નાના છોલદારી પાલના રૂ. ૩૧૦૧ સમિતિએ નકકી કરેલ છે તો સત્વરે પાલ નોંધાવવા તથા વિગતવાર કાર્યક્રમ માહિતિ મેળવવા નિચેના સરનામે સંપર્ક કરવો.

**શ્રી વ્રજયાત્રા સમિતિ – રાજકોટ**

૧૫, પંચનાથ પ્લોટ 'શ્રી મદનમોહન કુંજ' **રાજકોટ** ફોન ૪૧૬૩૬

કોટાવાળા **પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રીની** અધ્યક્ષતામાં શ્રી વૃજચોરાશી કોશની પરિક્રમાનું આયોજન થયેલ છે. આપશ્રીના પીતૃચરણ પૂ. પા. ગો શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રીએ અનેક વૃજયાત્રાઓ કરી વૈષ્ણવોને પરમ ફલરૂપ વૃજભુમીનું સાન્નિધ્ય પ્રદાન કરેલ. અને અત્યંત સુવ્યવસ્થિત પ્રાચિન પરિપાટી મુજબ યાત્રાઓ કરેલ.

વિશેષ માહિતિ અને વૃજયાત્રાના વિગતવાર કાર્યક્રમ માટે

**શ્રી વૃજયાત્રા સમિતિ**

**પુ. પા. ગો. ગોપાલલાલજી મહારાજ**

શ્રી બડે મહાપ્રભુજીકા મંદિર પાટનપોલ **કોટા** (રાજસ્થાન) પીન ૩૨૪ ૦૦૬

સુરતના ષષ્ઠ પીઠાધિશ્વર પૂ. પા. ગો **શ્રી વૃજરત્નલાલજી મહારાજશ્રીની** પવિત્ર આજ્ઞા તથા આશિર્વાદથી પુ. પા. ગો શ્રી બાલકૃષ્ણલાલજી મહોદય પુ. પા. શ્રી કલ્યાણ રાયજી મહોદય તથા પુ. પા. શ્રી વલ્લભરાયજી મહોદય શ્રીએ વૃજયાત્રા કરવાનો શુભ નિશ્ચય કર્યો છે. પૂ. પૂ. પિતામહચરણ અને પ. પૂ. ભ્રાતૃચરણદ્વયની આજ્ઞાનુસાર પ. પુ. **સોમયાજી ગો. શ્રી વલ્લભરાયજી મહોદય** વ્રજની સંપુર્ણ પદયાત્રા કરશે.

સં. ૨૦૫૦ના ભાદરવા સુદ ૧ મંગળવાર તા. ૬–૯–૯૪ના શ્રી વિશ્રામઘાટ પર નિયમ લઈ વ્રજયાત્રાનો શુભારંભ થશે.

શ્રી જતીપુરાના મુકામપર તા. ૧૭–૯–૯૪ના શ્રી ગિરિરાજજીનો કુનવારો તથા તા. ૨૦–૯–૯૪ના શ્રીબડો મનોરથ (છપ્પન ભોગ) થશે. આં. પુ. વૈ. પરિષદનું વિશેષ અધિવેશન તા. ૧૯–૯–૯૪ના દિને પુ. પા. શ્રી વલ્લભરાયજી મહોદયશ્રીની યાત્રાના જતીપુરાના મુકામ પર થશે.

લાઈનદોરીના મોટાપાલ માટે રૂા. ૮૦૦૧/– તથા નાનાપાલ માટે રૂ ૩૫૦૧/– છે. તથા ભોજનની વ્યવસ્થા પણ યોજેલ છે. વિશેષ માહિતિ, સંપુર્ણ કાર્યક્રમ તથા અત્યંત મનનિય એવી શ્રી વ્રજયાત્રાની પત્રિકા મેળવવા સંપર્ક :

(૧) આજ્ઞાનુંવર્તિની વ્રજયાત્રા સમિતિ ષષ્ઠ પીઠ, ૧૦/૧૩૭ ચોટા બજાર સુરત પીન ૩૯૫૦૦૩
રાજકોટમાં પં. ભ. મનસુખભાઈ માવજીભાઈ રાણપરાનો સંપર્ક કરવો.
ઠે. 'શ્યામ' ૩૨/૩૬ પ્રહલાદ પ્લોટ રાજકોટ.

**આં. પુ. વૈ. પરિષદનું વિશેષ અધિવેશન પુ. પા. સોમયાજી દીક્ષિત ગો. શ્રી વલ્લભરાયજી મહારાજશ્રીની યાત્રાના જતીપુરા મુકામપર તા. ૧૯–૯–૯૪ ના થશે 'પરિષદ'ના સર્વે કાર્યકરો ઉપસ્થિત રહેવા વિનંતી.**

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગંજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

# કેસેટ પરિચય

## શ્રી મહાપ્રભુજીની વધાઈ –

હવેલી સંગીતમાં શ્રી મહાપ્રભુજીની વધાઈના પદોનું વિશિષ્ઠ સ્થાન છે. તે પૈકીના ૧૦ પદની કેસેટ કિર્તનકાર–સંગીતકાર શ્રી ઘનશ્યામભાઈ ચંપકલાલ નાયકે પોતાના સ્વર તથા સંગીતમાં જુદા જુદા દશ રાગમાં સુંદર રીતે રેકોર્ડ કરીને પુષ્ટિ સૃષ્ટિ સમક્ષ મુકી છે. સંગીત માટે તાનપુરો, ઝાંઝ પખાવજ, સિવાર તથા ફ્લ્યુટનો સુંદર રીતે ઉપયોગ કર્યો છે.

પ્રારંભમાં પૂ. પા. ગો. શ્રી નટવર ગોપાલજી મહારાજશ્રી (અમદાવાદ)ના પ્રોત્સાહિત આશિર્વચનામૃત અને છેલ્લે આશ્રયનું ભરોસો દઢ ઈન ચરણન કેરો' પદનું રેકોર્ડ થયેલ છે.

શાસ્ત્રીય રાગોમાં છતાં લોક ભોગ્ય રીતે ગવાયેલ આ પદો શ્રી વલ્લભ સૃષ્ટિને જરૂર સાંભળવા અને માણવા ગમશે.

કેસેટ સાથેની પત્રિકામાં બધા પદ આપેલા છે. પદની સાથે તેમના અર્થ પણ આપવામાં આવ્યા હોત તો વિશેષ આનંદ આપત.

**કેસેટની વિગત** – લોકલ મેઈક સી. ૬૦ ન્યોછાવર રૂા. ૨૫/– રવાનગી ખર્ચ અલગ.

**પ્રાપ્તિસ્થાન** – શ્રી ઘનશ્યામજી ચંપકલાલ નાયક ૪૧, નાયકનગર, નવજીવન પોસ્ટ,
અમદાવાદ – ૩૮૦૦૧૪

# અલૌકિક પુસ્તકોના વાચનથી કૃતાર્થ બનો

**'શ્રી વલ્લભ સુધા'** કાર્યાલય દ્વારા પાછલા વર્ષોમાં પ્રકાશિત નિચે મુજબ પુસ્તકોની જુજ પ્રતો સિલકમાં છે. તો તુરત મંગાવી વસાવો.

- **'પ્રથમેશ ચરિત્તામૃત'** ન્યો. રૂા. ૨૦
  (શ્રી પ્રથમેશજી મહારાજના જીવન ચરિત્ર અને વચનામૃતનો સંગ્રહ પૃ. ૨૦૦ પાકું પુઠું)
- **શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યવલી** ન્યો. રૂા. ૫૦
  (શ્રીગુસાંઇજીના સ્તવનનયાવત્પ્રાપ્ય સ્તોત્રો, નામાવલિ,નો બૃહદ્ સંગ્રહ દરેકના ગુજરાતી ભાષાંતર સાથે પૃષ્ઠ ૪૦૦)
- **ભ્રમર ગીત** ન્યો. રૂા. ૮
  (પરમ રસિક ઉધ્ધવ લીલાનો પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ દ્વારાલિખિત મનનિય ગ્રંથ)

શ્રી ભ્રમર ગીત તથા શ્રી વિઠ્ઠલેશ સ્તત્યાવલીની માત્ર આંગળીના વેઢે ગણાય તેટલી જ પ્રતો છે વહેલો તે પહેલો તુરત મંગાવો

પોષ્ટેજ ખર્ચ દરેકમાં અલગ તુરત લખો.

**શ્રીવલ્લભ સુધા** કંસારા મવાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા રાજકોટ ૩૬૦૦૦૧

(બીજા ટાઈટલથી ચાલુ)

જવાનું છે. આંપશ્રીએ જણાવ્યું કે, બંધોના નિર્માણ પર અસારી નારાજગી નથી, પણ પૌરાણિક સ્થળોન
મહત્વને અક્ષુણ્ણ રાખવું જોઈએ.

આપશ્રીએ કહયું કે શ્રી યમુનાજીનું પ્રદુપણ દુર થવું જોઈએ. કારખાનાઓનું ગંદુ પાણી તથ
શહેરોનો કચરો જવાથી જલપ્રદુષીત થાય છે. આપશ્રીએ કહયું કે 'યમુના પવિત્ર નદી છે. પણ અમને ખે
થાય છે કે પ્રદુષણથી યમુના જલપાનમાં પણ અસુવિધા થાય છે.'

વ્રંજના પૌરાણિક કુંડો ખાલી છે. વન પ્રદેશ નષ્ટ થઈ રહયા છે. વૃક્ષો કપાઈ રહયાં છે. અને નવુ
વૃક્ષારોપણ થતું નથી. વૃજના પ્રાકૃતિક વાતાવરણને સુંદર બનેલું રાખવા માટે શ્રી વિહીન થઈ રહેલ પર્વતે
પર પણ વિશેષ ધ્યાન આપવું જોઇએ.

૬–૯–૯૪થી વ્રજચોરાશીકોશની યાત્રા પ્રારંભ થય છે. સોમયાજી દીક્ષિત શ્રી વલ્લભરાયજી મહોદય
સંપુણ પદયાત્રા કરશે. આપશ્રીએ આધુનિક સમયમાં પણ પરિક્રમાને ઉપયોગી બતાવી વૈજ્ઞાનિક દષ્ટિએ પણ
મહત્વપુર્ણ દર્શાવેલ.

આપશ્રીએ કહ્યું કે 'આ દેશની મૌલિકતા તથા અસ્મિતાની રક્ષા માટે આપણું નૈતિક દાયિત્વ દે
કે પરિક્રમા જેવા આયોજનોને યથાવત રાખીએ,'

(નોંધ । ઉપરોકત બાબત પરિપદની દરેક શાખાઓએ ખાસ ઠરાવો કરી કેન્દ્ર સરકારના પર્યાવરણ
અધિકારીઓને મોકલવા જોઈએ)

## 'શ્રીવલ્લભ સુધા' ના સભ્યોને ભેટ પુસ્તક

'શ્રીવલ્લભ સુધા'ના ચાલુ વર્ષના બધાંજ સામાન્ય તથા આજીવન સભ્યોને લગભગ
દિવાળી સુધીમાં નિ. લી. ગો. **શ્રી પ્રથમેશજી મહારાજના** વચનામૃતોના સંગ્રહનું
પુસ્તક લગભગ ૨૦૦ પૃષ્ઠનું જેની ન્યોછાવર ૨૫ રૂ. થાય તે ભેટ અપાશે.

આગામી માસ, નવેમ્બરની ૩૦ તારીખ સુધી નવા બનનાર દરેક સામાન્ય તથા આજીવન
સભ્યોને પણ આ ભેટ પુસ્તકનો લાભ મળશે. તો જેઓ શ્રી વલ્લભ સુધાના ચાહકો છે તે
વિશેષ પ્રચાર કરી વધુને વધુ વૈષ્ણવોને આ સમાચાર પહોંચાડી શ્રીવલ્લભ સુધા અને ભેટ
પુસ્તકના વાચનથી શ્રીમદ્‌વલ્લભાધિશના દિવ્ય અલૌકિક ગ્રંથ, વચનામૃતનો પ્રચાર કરવામ
સહાય કરે.

**લવાજમ, વાર્ષિ[illegible] ૩૦ આજીવન રૂા. ૩૦૧**

**શ્રી વલ્લભ સુધા**

કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણા પરા રાજકોટ ચેક ડ્રાફ્ટ "**શ્રીવલ્લભ વિજ્ઞાન**
એ નામથી લખવા વિ.

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P43·

॥ શ્રીહરિઃ ॥

# પાલનાનું ઘોળ

[ શ્રી છીતસ્વામી રચિત 'પ્રિય નવનીત પાલને ઝુલે' પદનો ગુજરાતી ઘોળમાં ભાવાનુવાદ ]

( ઢાળ – સુખ કહ્યા ન જાય સતસંગના રે.... )

પ્રિય નવનીત ઝુલે છે પારણે રે....
ઝુલાવે છે શ્રી વિઠ્ઠલ દયાલ.... પ્રિય નવનીત૦ ૧
કયારેક ઝુલે છે બેઉ મળી સંગમાં રે....
કયારેક ઝુલાવે શ્રી ગોપાલ.... પ્રિય નવનીત૦ ૨
કયારેક લઇ ખિલોના રંગ રંગના રે....
ખેલાવે છે વિવિધ પ્રકાર.... પ્રિય નવનીત૦ ૩
ચકરી વંકી ને ફીરકની ફેરવે રે....
ઝુન ઝુના બજાવે દઈ તાલ.... પ્રિય નવનીત૦ ૪
કોર ઘો છે પરસ્પર મુખમાં રે....
બન્ને ભોજન કરે છે એક થાલ.... પ્રિય નવનીત૦ ૫
રસ પ્રકટ કરે છે નિજ હૃદયનો રે....
ઉપજે છે અંતર અતિ વ્હાલ.... પ્રિય નવનીત૦ ૬
જેને દર્શન થયા છે આ લીલા તણા રે....
તેનાં ભાગ્ય તણો નહીં પાર.... પ્રિય નવનીત૦ ૭
'છીત સ્વામી' દર્શન કરી ગાય છે રે....
લીલા નીરખે પ્રભુની રસાલ.... પ્રિય નવનીત૦ ૮
શ્રી વિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ રે....
ગાય નિગમ એક કરી **'લાલ'**.... પ્રિય નવનીત૦ ૯

રચયિતા : **કિર્ત[illegible]યા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

---

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

# શ્રી વલ્લભસુધા

## શ્રી ચન્દ્રાવલીજી કી વધાઈ

ચન્દ્રભાન ઘર બજત બધાઇ;
શોભા કી પરિમિતિ ચંદ્રાવલી.
સુખમા ગોદ ખિલાઇ ૧
શ્રી વૃષભાનુ સુતા મનુ હ્વે વપુ,
મોહન કે હિત આઇ;
જન 'બલ્લભી' કરી મન ઇચ્છા,
સો ન્યોછાવરિ પાઇ. ૨

– મહા કવિ શ્રી બલ્લભદાસ શર્મા, દેવરી

* આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો *

વર્ષ ૧૩ : અંક–૬ સપ્ટેમ્બર, ૧૯૯૪
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * આજીવન રૂા. ૩૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧

## પૂ. અ. સૌ. શ્રી દિવ્યાંગના વહુજીને રાજકોટના વૈષ્ણવોની

# ભાવાંજલિ

બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ–શ્રીમદ્ ગોકુલવાળા પૂ. પા. ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના વહૂજી **અ.સૌ. ગો, શ્રી દિવ્યાંગના વહુજી** શ્રાવણ સુદ ૧૩ને શુક્રવારે નિત્ય લીલામાં પધાર્યા. પૂ. પા. ગો. શ્રીવલ્લભ લાલજી મહારાજશ્રીએ રાજકોટમાં ત્રીસ વર્ષથી સ્થાયી નિવાસ કર્યો ત્યારથી નિ. લી. શ્રી ભાભીજીએ રાજકોટના સમગ્ર પુષ્ટિમાર્ગિય વૈષ્ણવ સૃષ્ટિને પોતાના સંતાનવત્ વાત્સલ્ય અને પ્રેમ આપી કૃતાર્થ કરેલ.

આપશ્રી પ્રાચિન પરિપાટીના; આચાર, વિચાર મેંડ–મર્યાદાના આગ્રહી હોઈ સમગ્ર વૈષ્ણવ સમાજને ખાસ કરીને મહીલા વૈષ્ણવોને સેવાની રીત–ભાત, સામગ્રી આદિનું ખુબ સુંદર રીતે માર્ગદર્શન આપી કૃપા પૂર્વક ભગવત્સેવામાં સન્મુખ કરેલ.

પ્રાતઃસ્મરણીય નિ. લી. શ્રી ભાભીજી, એ નિજભર્તા પૂ. પા. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના છાયાવત રહી માત્ર રાજકોટના જ નહીં. સમગ્ર સૌરાષ્ટ્ર અને મુંબઇ તેમજ વિવિધ સ્થળોની વૈષ્ણવ સૃષ્ટિને પોતાના મધુર વાત્સલ્યથી અનુપ્રાણીત કરેલ.

આપશ્રી, સેવા, શૃંગાર, સામગ્રી આદિમાં અત્યંત નિપુણતા ધરાવતાં. અને નિજભર્તા પુ. પા. શ્રી વલ્લભલાલજી મહારાજ તથા આપશ્રીના ત્રણ લાલ બાવાશ્રી, પાંચ પૌત્ર રત્નો વહૂજીઓ, બેટીજીઓ સહિત નિજ સેવ્ય સ્વરૂપોને નિત્ય નૌતમ મનોરથો દ્વારા ખૂબ જ લાડ લડાવતાં.

જેવો આપનો સેવાનો આગ્રહ હતો તેવોજ ગ્રંથ–પાઠ ધોળ આદિમાં પણ આગ્રહ હતો. નિત્ય તેમજ ઉત્સવોમાં મહિલાવૃંદને રાસ–ગરબાના આયોજનો યોજી તેમજ નિત્ય સાંજના ફુલઘરીઆ બહેનો દ્વારા સ્તોત્રપાઠ શ્રીવલ્લભાખ્યાન અને વિવિધ ધોળ પદોનું અવગાહન કરાવી અનિર્વચનિય આનંદ આપતાં.

પૂ. પા. શ્રીવલ્લભ લાલજી મહારાજશ્રીએ બે વ્રજ પરિક્રમાઓ કરેલ તેમાં પણ સેવા પરાયણ પૂ. શ્રી ભાભીજીએ અત્યંત ભાવ પૂર્વક સમગ્ર વ્યવસ્થાની દેખરેખ રાખી નિજ પરિકરને મહાઅલૌકિક આનંદના સહભાગી બનાવેલ.

આપશ્રીના બાલકોના તથા પૌત્રોના યજ્ઞોપવિત પ્રસ્તાવો તેમજ લગ્ન પ્રસ્તાવ આદિમાં પણ આપશ્રી વિલક્ષણ પ્રતિભાથી એવી સુંદર વ્યવસ્થા–યોજના કરવાતાં કે તેમાં માર્ગની પ્રાચિન પરંપરાઓ વીશેષ ઉજાગરથઇ મહાઅલૌકિક આનંદ પ્રાપ્ત થતો.

આવા પરમ કૃપાળુ પુજયશ્રી ભાભિજી; નિકુંજનાયક, રશસે શ્રીગોવર્ધનધરની નિત્ય લીલામાં પધારતાં સમગ્ર વલ્લભિય વૈષ્ણવ સૃષ્ટિને આપશ્રીનું અમુલ્ય વાત્સલ્ય ગુમાવ્યાનું ખુજબ દુઃખ થાય છે.

**શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ,** સંચાલિત શ્રીવલ્લભ સુધાના **સંપાદક વ્યવસ્થાપક મંડળ** આપશ્રીના અલૌકિક ગુણોનું ગદગદ હૃદયે સ્મરણ કરી. શ્રદ્ધા સુમન અર્પણ કરે છે.

વિયોગની આ દુઃખદ ઘડીમાં પુ. પા. શ્રીવલ્લભલાલજી મહારાજ તથા સમગ્ર પરિવાર સન્મુખ અમો દીનતા પુર્વક દંડવત્ કરીએ છીએ.

**શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

---

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૬ ☼ સપ્ટેમ્બર, ૧૯૯૪

---

॥ શ્રી હરિઃ ॥

## ॥ સતસંગ એક ઉત્પ્રેરણ ॥

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડૉ. ચુનીલાલ રવજી બાલધા; આંખના સર્જન, રાજકોટ.

ભાગ્યવાન ઉપસ્થિત વૈષ્ણવજનો !

મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીના સેવકોના પ્રસંગ બહુજ મહત્વપૂર્ણ છે. આપણે જેમ બીજા ચરિત્રો વાંચીએ છીએ, ઐતિહાસિક પુરુષોના ચરિત્રો વાંચીએ છીએ. એવી રીતના ચરિત્રો ભગવદ્ ભકતોના નથી હોતા. ઐતિહાસિક પુરુષો મહાપુરુષ હોય છે. પરંતુ કોઇ ખાસ વિષયમાં જ તેમની મહાનતા હોય છે. મહાનુભાવોમાં મહાનતા ન હોય તો ઇતિહાસમાં તેમનો ઉલ્લેખ જ શા માટે હોય ? મહાનતા હોય છે ત્યારે તો તેમાંથી પ્રેરણા મળે છે કે આપણે પણ એવા આદર્શ અને સારા કાર્ય કરીએ, પરંતુ ભગવદ્ ભકતોના જે ચરિત્ર હોય છે, તે તેનાથી જુદા પ્રકારના હોય છે. તેમને સાંભળવાથી પ્રેરણા તો મળે છે, એતો નિશ્ચિત વાત છે. પરંતુ સાથે હૃદયમાં ભગવદ્ સંબંધ પણ થાય છે એ વિશેષતા છે.

પ્રેરણા સાથે ભગવદ્ સંબંધ પણ હૃદયમાં થાય છે. ભગવદ્ ભક્તોના ચરિત્ર સાંભળવાથી એ સમજી લો, મુખ્ય ઉદ્દેશ છે તે સાંભળવાનો નથી. સાંભળવા ખાતર સાંભળવા એ પણ બીજી લૌકિક વાર્તાઓ સાંભળવા કરતાં સારૂં છે (ઘણું સારૂં છે). પરંતુ સાંભળવા માત્રથી જ આપણે એમ માની લઇએ કે આપણું કાર્ય પુરૂં થઇ ગયું, તો આ વાત ઠીક નહિ કહેવાય. સાંભળવાનું અને સારી વાત સાંભળવાનું ઘણું ઓછું મળે છે.

દુનિયાની વાતો આપણે રાત દિવસ સાંભળીએ છીએ, કહીએ પણ છીએ અને તેનાથી લૌકિક આશય પણ ક્યારેક ક્યારેક સિદ્ધ થઇ જાય છે. લૌકિક આશય પણ ક્યારેક ક્યારેક દુનિયાની વાતો સાંભળવાથી સિદ્ધ થઇ જાય છે. પરંતુ જે આશય હોય છે તે સમયાનુસાર હોય છે, થોડા સમય માટે હોય છે. પરંતુ ભગવદ્ સંબંધ થવો એ સાંભળવાનું ફળ છે. આપણે સાંભળ્યું, ઘણું સાંભળ્યું, સાંભળતાં જ રહ્યાં, જીંદગીભર સાંભળતા રહ્યા.

પરંતુ હૃદયમાં ભગવદ્ સંબંધ થયો નહિં, આવા સાંભળવાથી આપણે પોતે લાભ ઉઠાવી શકયા નહીં. [જ્ઞાનવૃદ્ધિ કરવી એ સારૂં છે, પરંતુ જ્ઞાન પોતે તો કોઇ ફળ નથી. જ્ઞાન આપણને માર્ગ બતાવે છે, દિશા સૂચન કરે છે. આ બાજુ જાઓ. ભૂલા પડેલા લોકોને જ્ઞાન જ સાચો રસ્તો બતાવે છે. જ્ઞાનનું એટલું પ્રયોજન, જે આદમી ભૂલો પડી ગયો છે, ભટકી રહ્યો છે, જેણે કદી રસ્તો નથી જાણ્યો, નહીં પહેચાન્યો અને અહીં તહીં તે ધક્કા ખાઇ રહ્યો છે. તેને માટે જ્ઞાન સારૂં છે. જ્ઞાન થવાથી તેને લાભ થાય છે. લાભ એ થાય છે કે તે સાચા માર્ગની દિશા પ્રાપ્ત કરી લે છે.

અહીં સુધી તો આપણે જ્ઞાનનું ફળ સમજી શકીએ છીએ. ફક્ત જ્ઞાન પ્રાપ્ત કરવાથી સંતોષ થઇ જાય, પરમ ફળ પ્રાપ્ત જાય એવું નથી થતું. ઘણા જાણકારો છે. દુનિયામાં જાણકાર ઘણાં છે, શું ઓછા છે ? ઘણાં જાણકાર છે. પરંતુ એમનામાં એ ક્ષમતા છે કે તે બીજાને માર્ગ બતાવી શકે છે. જ્ઞાની પુરૂષ બીજાને માર્ગ બતાવી શકે છે. પરંતુ તેનાથી ‘બીજાને માર્ગ બતાવવા માત્રથી’ તેનું હિત સાધન નથી થતું. પોતાનું હિત સાધન ક્યારે થાય છે કે જ્યારે જે દિશાને તેમણે જાણી છે, પહેચાણી છે, તે દિશા તરફ ચાલીએ ત્યારે આપણને લાભ થશે, એ નિશ્ચિત વાત છે,. જ્યાં ઉભા હતા ત્યાંને ત્યાં જ ઉભા રહીએ અને એ સમજીએ કે ક્યાંય કોઇ સ્થાન એવું છે કે જ્યાં આપણે પહોંચી ગયા અને ત્યાં દુર્ગંધ આવી રહી છે જે આપણને અપ્રિય છે. દુર્ગંધ કોને પ્રિય લાગે ? સુગંધ તો બધા ચાહે છે. દુર્ગંધ કોણ ચાહે છે ? એવા સ્થાન પર પહોંચીને હર એક મનુષ્ય એ ઇચ્છશે કે દુર્ગંધ મારાથી દુર થઈ જાય. આવું તો દરેક આદમી ઇચ્છશે અને ફક્ત ઇચ્છતા રહે, ઇચ્છતા રહે કે દુર્ગંધ મારાથી દુર થઇ જાય અને પોતે તે સ્થળ છોડે નહીં, ત્યાંને ત્યાં જ ઉભો રહે. તે સ્થાનથી જરા પણ ટસ કે મસ ન થાય તો તે દુર્ગંધથી દુર કેવી રીતે થઇ શક ? ન થઈ શકે.

ત્યાંથી તે કંઇપણ આગળ વધવાનો પ્રયત્ન કરશે, તે સ્થાન છોડીને જવાની કોશિષ કરશે, ત્યારે દુર્ગંધથી તેનો પીછો છુટી શકશે એવું કર્યા વગર ફક્ત દુર્ગંધને જાણી લેવાથી, તેનાથી દુઃખી થઇ જવા માત્રથી કામ નહીં ચાલે. તેણે છુટકારો મેળવવો હોય તો તે સ્થાનને છોડવું પડશે તેને છોડયા વગર કામ ચાલશે નહીં તો જ્ઞાન શું કરે છે ? સારા અને ખરાબનો પરિચય કરાવે છે. 'જ્ઞાન આ કરે છે, આ સારૂં છે, આ ખરાબ છે, એ જ તો જ્ઞાનનો લાભ છે.' જ્ઞાનનો લાભ એ છે કે તે સારા અને ખરાબની જાણકારી પ્રાપ્ત કરાવે. જ્ઞાન પોતે હૃદયમાં સારી વાતને તો સમજાવી શકે છે. આ સારૂં છે, આ ખરાબ છે, આટલું જ્ઞાનનું કામ છે.

—ક્રમશઃ

# કૃષ્ણલીલામૃત પાન

લે. પ્રો. **એમ. આર. પાલેજા** રાજપીપળા

## — પૂરણ બ્રહ્મ અનંત અનાદિ :—

### (૫)

જે બધી વસ્તુઓના કારણરૂપ હોય, સૌથી ઉત્તમ હોય એવો કોઇ તત્વ ખરો ?

જેને 'કારણં કારણાનામ્' કહે છે, બધા કારણ કહે છે તે એક જ તત્ત્વ છે અને તે છે 'પર બ્રહ્મ.'

જ્ઞાન–વિજ્ઞાનના ભંડારરૂપ આપણા વેદો અને ઉપનિષદો, આપણી મહાન વિભૂતિઓ અને આપણા ઋષિમુનિઓ આ પરબ્રહ્મને એક જ, અદ્વિતીય, અનાદિ, અનંત, નિરાકાર, નિર્ગુણ તત્ત્વ તરીકે વર્ણવે છે અને તેના યશોગાન ગાય છે.

આ બ્રહ્મથી પર, તેનાથી વિશેષ કે તેના સમાન કોઇ તત્ત્વ અખિલ બ્રહ્માંડમાં નથી તેથી તો તેને 'પર બ્રહ્મ કહે છે

જ્યારે આપણી દૃશ્યમાન સૃષ્ટિનું નામો નિશાન પણ નહીં હતું, જ્યારે સૂર્ય, ચંદ્ર, તારાઓ, દિવસ, રાત, મૃત્યુ કે જીવન કંઇ કરતાં કંઇ જ નહીં હતું ત્યારે પણ આ બ્રહ્મ તો હતા જ. બ્રહ્મ વિના બીજું કંઇ પણ ન હતું.

આ અનાદિ, અનંત, અખંડ, પૂર્ણ પર બ્રહ્મ સૃષ્ટિના નિર્માણ પહેલાં પણ હતા, સૃષ્ટિની સ્થિતિ દરમ્યાન પણ છે અને સૃષ્ટિના વિલય પછી પણ હશે.

અતિ ગૂઢ અને રહસ્યમય છે આ પરમ તત્ત્વ.

વેદો અને ઉપનિષદો તેને અનાદિ, અનંત, અખંડ, અક્ષર, અજર, અમર, અજન્મા, અચ્છેદ્ય, અભેદ્ય, અચિન્ત્ય, અગ્રાહ્ય, અનિર્વચનીય, અવ્યય, અંતર્યામિ, અનન્ય, અનુપમેય, અદૃશ્ય, નિત્ય, નિરંતર, નિરપેક્ષ, નિષ્ક્રિય, નિરુપાધિક, નિર્વિકાર, નિર્ગુણ, નિરાકાર, શાશ્વત, દિવ્ય અને અલૌકિક તત્ત્વ તરીકે નવાજે છે.

એટલો અગમ્ય અને અદ્ભૂત છે આ

તત્ત્વ કે જ્ઞાનના ભંડારરૂપ વેદો પણ તેનું વર્ણન કરતાં પાર પામી શકયા નથી અને તેથી તો 'નેતિ નેતિ' કહી પરબ્રહ્મને હાથ જોડી નમસ્કાર કરે છે.

આપણા એક કવિ આ ભાવને કેટલી સુંદર રીતે પોતાના કાવ્યમાં પ્રતિધ્વનિત કરે છે!

ઋષિયો હાર્યા મુનિઓ હાર્યા
હાર્યા સંત મહંત
વેદપુરણો પાર ન પામ્યા
તે છે બ્રહ્મ અનંત!

ઋષિમુનિઓ પણ જેનો પાર પામી શકયા નથી એવા અનંત બ્રહ્મનો તાગ આપણા જેવા પામર માનવો કેવી રીતે લઇ શકે? જો અમાપ છે તેને માપવા માટે આપણી ફુટપટ્ટી અતિ નાની પડે, આપણાં દોરી–દોરડાં અત્યંત ટુંકાં પડે.

આપણે આપણા સિમિત જ્ઞાનથી, બિંદુ સમાન નહિવત જ્ઞાનેથી અસીમ બ્રહ્મને, સિંધુથી પણ મહાન બ્રહ્મને સમજવા, જાણવા પિછાણવા તદ્દન અસમર્થ છીએ.

પણ આપણા દેશની મહાન વિભુતિઓએ, આપણા આર્ષદષ્ય ઋષિમુનિઓએ, જેમણે આ પદબ્રહ્મને પામવાની સાધના કરી છે, ખોજ કરી છે, તેમણે આ પરમ તત્વને પિછાણ્યો છે, જાણ્યો છે, માણ્યો છે.

આ પરમ તત્વ સાથે એકતાર થઇ જેમનાં હૃદયના તાર ઝંકૃત બનેલા છે, જેમનાં આત્મા જયોતિર્મય બનેલાં છે એવા મહાનુભાવી ઋષિમુનિઓએ આપણા જેવા જીવો પર કૃપા કરી આ પરમ તત્ત્વને સમજાવવા પ્રયત્ન કરેલ છે. જેમ બીજના ચંદ્રના દર્શન કરનાર અન્ય વ્યકિતઓને અંગુલિ નિર્દેશ કરી ચંદ્ર બતાવવાનો પ્રયત્ન કરે છે તેમ આ ઋષિમુનિઓએ પણ સૃષ્ટિના માનવોના કલ્યાણાર્થે પરબ્રહ્મની ઝાંખી કરાવવા પ્રયત્ન કરેલ છે, અંગુલિનિર્દેશ કરેલ છે.

આમ તો આ પરમાત્વ તત્ત્વ અગમ્ય અગોચર અને તર્કાતીત છે.

પરંતુ લાખો–કરોડો જીવોમાં થોડાક જીવો એવા પણ હોય કે જેમના અનેક જન્મોના પુણ્યનો ઉદય થયો હોય અને જેમના ઉપર ભગવદ્ કૃપા થઇ હોય, આવા ભગવદીય જીવોને જ બ્રહ્મ એટલે શું તે જાણવાની જિજ્ઞાસા થાય.

જે જીવનું હૃદય 'ઢુંઢું તો ઢુંઢું કહાં' એવા વિચારે પરિતાપ અનુભવે છે, બ્રહ્મ તત્ત્વને જાણવા અનુભવવા મથામણ અનુભવે છે એવા જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરૂ સાંપડે અને જો તે પરમ શ્રધ્ધેય ગુરૂ પર શ્રધ્ધા રાખી, એકાગ્રચિત્ત બની ગુરુ–ચિંધ્યા માર્ગે બ્રહ્મને ઢૂંઢવા પ્રયત્ન કરે, સાધના કરે, ઊંડા ઉતરી ખોજ કરે તો ગુરુકૃપાના ફળ રૂપે તેને પરમાત્વ તત્વની આત્માનુભૂતિ થઇ શકે – પરબ્રહ્મની ઝાંખી થઇ શકે.

આ વસ્તુને અનુરૂપ ભારતના એક સંત-મહાત્માના જીવનનો એક પ્રસંગ આપણા અંતરમાં આ તત્ત્વનો એક ઝબકારો જગાવી જાય છે.

શહેનશાહ સિકન્દર દુનિયાના દેશો પર વિજય મેળવતો આગેકૂચ કરતો ભારત દેશમાં આવી પહોંચ્યો.

દુનિયાના બીજા દેશો કરતાં ભારત દેશે તેને અનોખો લાગ્યો, અહીં ભૌતિક સમૃદ્ધિની વિપુલતા કરતાં પણ ભારતની આધ્યાત્મિક સમૃદ્ધિની વિપુલતાથી તે વધુ પ્રભાવિત થયો.

સિકન્દરે ભારતના સંત–મહાત્માઓ, તત્વવેતાઓ અને જ્ઞાનીજનોને મળવા ઇચ્છા વ્યક્ત કરી સિન્ધુ નદીના કિનારે એક સાધુ–મહાત્મા સાથે તેનો મિલાપ થયો.

કેવું ગજબનું મિલન ! એક સારા બિશ્વનો સમ્રાટ અને બીજા પાસે એક લંગોટી પણ નહીં ! સિકન્દર મહાન પ્રતાપી શહેનશાહ હતો તો આ મહાત્મા પણ મસ્તરામ હતા. તેનો બુલંદી અવાજ નદી કિનારે પડઘો પાડી રહ્યો.

શાહોં કો રોબ ઔર હસીનોં કો હુસ્નો–નાજ ।
દેતા હૂં, જબ કિ દેખૂં ઉઠાકર નજરકો ॥

સિકન્દર પર મસ્તરામ મહાત્માનો રોબ છવાઇ ગયો, હીરાને ચિંથરામાં લપેટી રાખે છે. પશ્ચિમમાં તો નાનામાં નાની વસ્તુની પણ કદર કરવામાં આવે છે. આપ મારી સાથે ચાલો હું આપને ધન–દોલત, હીરા ઝવેરાત આપ જે ઇચ્છો તે બધું આપીશ પણ આપ મારી સાથે ચાલો !

મહાત્માએ હસતાં હસતાં કહ્યું : હું તો દરેક જગાએ છું. મારી દષ્ટિમાં તો કોઇ જગા જ નથી.'

સિકન્દર મહાત્માની તાત્વિક વાતનો દોર પકડી શકયો નહીં. તેણે કહ્યું : 'અવશ્ય ચાલો મહારાજ' આવું કહી તેણે ફરી એ જ લાલચ બતાવી.

મસ્તરામે કહ્યું : 'મને કોઇ વસ્તુની તમા નથી. હું મારી ફેંકેલી થુંક ચાટવાવાળો નથી.'

સિકન્દરને ગુસ્સો આવ્યો. તેણે પોતાની તલવાર ખેંચી.

આ જોઇ મહાત્મા ખડખડાટ હસી પડયા અને બોલ્યા : 'આવું જુઠું તો તું કયારેય બોલ્યો ન હતો. મને કાપી શકે – મારી શકે એવી તલવાર કયાં છે ?'

'પ્યારે બાલક, રેતી પર બેસી તું તારા પોતાના પગ પર જ રેતી ઢાળી રહ્યો છે. તું ખુદ ઘર બનાવે છે અને તું પોતે જ તેને ધરાશાયી બનાવે છે ; આમાં રેતીનું શું ગયું ? એ તો પહેલાં પણ હતી અને હમણાં પણ છે ?'

'દેખ બચ્ચે, આ નશ્વર શરીર તો રેતીના ઘર સમાન છે. માત્ર લોકોની કલ્પાનામાં ઘર બન્યું હતું. હું તો રેતીની રેતી જ છું, ઘર કયારે ય પણ હતો નહીં. જો તું કે બીજી કોઇ વ્યકિત આ ઘરને મિટાવી દે તો તે પોતાના ઘરને જ નુકશાન કરે છે."

તારે કયા રોશની સે ન્યારે હૈં ।
તુમ હમારો હો હમ તુમ્હારે હૈં ॥

મહાત્માનો ઉત્તર સાંભળી સિકન્દરના હૃદયમાં એક ઝબકારો થયો અને તેના હાથમાંથી તલવાર છુટી નીચે પડી ગઇ.

આ સંતમહાત્માએ પોતાના આત્માના ઝરુખે બેસી પરમ તત્વની ઝાંખી કરેલી હતી. તેનો અંતરાત્મા જ્યોતિર્મય બની ગયો હતો. તેનામાં અભેદબુદ્ધિ આવી હતી. તેથી તો તે દરેક સ્થળે એક જ આત્મતત્વને વિલસી રહેલો જોઇ શકતા હતા. (ક્રમશઃ)

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભક્તિવર્ધિની

## ગ્રન્થ – પરિચય

લેખક – **ગોસ્વામી શ્યામ મનોહર**

ભાષાન્તર – પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. (કોવિદ) મુંબઈ (ગતાંકથી ચાલુ)

ભગવાનની વાત ઘણી અટપટી (ગુંચવણભરી અને ન સમજાય તેવી) લાગે છે કે શા માટે કેવલ જ્ઞાનમાર્ગીય સાધક જ કામનાઓનો શિકાર બને છે અને કર્મમાર્ગીય યા તો ભક્તિમાર્ગીય સાધક શા માટે નહીં ? કામનાઓનું આકર્ષણ તો બધા માર્ગોના સાધકોમાં પ્રારંભમાં તો રહેતું જ હોય છે યા તો એમ કહી શકાય કે રહી શકે છે, પરંતુ થોડા ધ્યાનપૂર્વક જોવાથી સમજાઇ જશે કે આપણી મમતા અને અહંતાનો જ અદમ્ય (એટલે કાબુમાં રાખી ન શકાય એવો) (વિસ્ફોટ જોરદાર પ્રગટીકરણ) ક્રમશઃ કામ અથવા ક્રોધના રૂપમાં થાય છે. એટલા માટે જ ભગવાન કહે છે કે–

કામ એષ ક્રોધ એષ રજોગુણ સમુદ્ભવઃ ।
મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમિહ વૈરિણમ્ ॥

આપણી અહંતા આપણામાં રહેલા રજોગુણનો સાથ મેળવીને આપણા ભીતરમાં (હૃદયમાં) ક્રોધરૂપી મમતા આપણામાં રહેલા રજોગુણનો સાથ મેળવીને આપણા હૃદયમાં કામરૂપી રોગનું રૂપ ધારણ કરી લેતી હોય છે.

આ કામ તથા ક્રોધના રૂપોમાં આપણી મમતા તથા અહંતાના રાજસ વિસ્ફોટથી નાશ પામતી સાધકોની સાધનાની સુરક્ષાના ઉપાય તરીકે અનેક માર્ગો પ્રવૃત્ત થયા છે.

(૧) ભગવાને બુદ્ધે આત્મચેતનાને કામ-ક્રોધના આવેગોથી બચાવવા માટે તેના બીજરૂપે રહેલ અહંતા તથા મમતાને જ તોડી નાખવાના ઉપાયો સુઝાડયા (સૂચવ્યા) હતા. એ હેતુથી જ અનાત્મવાદ પર આધારિત 'નાહમ્'ની ભાવના તથા વિજ્ઞાનવાદ પર આધારિત 'ન મમ'ની ભાવનાને જગાડવા ઉપર ભાર દેવામાં આવ્યો. એમ સમજીને કે આપણી ચેતનામાં અહંતા તથા મમતાની ગ્રંથીઓમાં જો ક્રોધ તથા કામના વૃણ (ઘા) લાગ્યા હોય તો એ ઘાને રૂઝવવાને બદલે એ ગ્રંથીઓની જ શલ્ય ચિકિત્સા (એટલે કાપી નાખવાનું જ ઓપરેશન–શસ્ત્રક્રિયા) કરી નાખવામાં આવી. વૈદિક શાસ્ત્રોને આ શલ્યકર્મ (ઓપરેશન) બધી સ્થિતિઓમાં માન્ય ન હતું. તેથી જ બુદ્ધની પહેલાં જ કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગની પ્રણાલીઓમાં (ઉપદેશાયેલી પદ્ધતિઓમાં) બીજી અઘોર તથા અક્લિષ્ટ (એટલે દુઃખ વગરની) ચિકિત્સા (ઉપાય યોજના) વિચારવામાં આવી.

(૨) કર્મયોગની પ્રણાલીમાં. અહંતાને તોડવા પરવા (ચિંતા) કર્યા વિના, મમતાને જુદા જુદા દેવતાઓની સાથે જોડવાની ચિકિત્સા પ્રણાલી અપનાવવામાં આવી છે– 'અગ્નયે સ્વાહા, અગ્નયે ઇદમ્ ન મમ' (અર્થ : અગ્નિને આ

સમર્પણ કરું છું– મારું કંઇ નથી). 'સૂર્યાય સ્વાહા, સૂર્યાય ઇદં ન મમ' ઇત્યાદિ (અર્થ– સૂર્યને આ સમર્પણ કરૂં છું, મારૂં કંઇ નથી, વગેરે). 'વિત્તમ્ મે પુત્રં ચ મે પશું ન મમે (અર્થ : મારૂં ધન તથા મારો પુત્ર તથા મારાં પશુઓ'ની મમતામયી, સકામ–કર્મ–વૃત્તિવાળા સાધકોની મમતાને– 'દેવતાયૈ ન મમ' (અર્થ – આ બધું દેવતાને સમર્પણ કરૂં છું, તેમાં મારૂં કંઇ નથી) એવી પ્રણાલી દ્વારા કર્મયોગ નિષ્કામ–કર્મની દિશામાં આગળ વધારવા માગે (ઇચ્છે) છે. પોતાના ઉપભોગની પહેલાં દેવતાઓના યજનની આવશ્યકતા છે. આ જ કારણથી કર્મયોગના નિરૂપણમાં ગીતા આપણને સમજાવે છે કે–

'કર્મ કર્યા વિના કોઇ મનુષ્ય રહી નહીં શકે, આપણા સ્વભાવને અનુરૂપ, વિવશ બનીને, કંઇક કર્મ તો બધા મનુષ્યોએ કરવાં જ પડશે. આવી સ્થિતિમાં કર્મેન્દ્રિયોને સંયમમાં રાખવાના પાખંડમાં (ઢોંગમાં) વિમૂઢ સાધક પોતાના કાબુ વગરના મનને, ઇન્દ્રિયાર્થોના ચિંતનમાં ડૂબાડી (એટલે મગ્ન કરી) દે છે જ્યારે સાચી વિશિષ્ટતા તો, મનથી ઇન્દ્રિયોને સંયમમાં રાખીને, કર્મેન્દ્રિયો દ્વારા, આસક્તિ રહિત કર્મયોગને કરતા રહેવામાં છે. આટલા માટે જ, નિયત કર્મોનો ત્યાગ કરવાને બદલે, નિયત કર્મોને કરતા રહેવું એ જ ઉત્તમ છે. સર્વથા કર્મત્યાગ કરવાથી તો શરીર યાત્રા પણ નભી (એટલે ચાલુ રહી) નહીં શકે, અને પછી આ લોકમાં એ જ કર્મો બંધનરૂપ માન્યાં ગયા છે, જેમનું અનુષ્ઠાન યજ્ઞકર્મના રૂપમાં નથી હોતું. આ કારણને લીધે યથાર્થ કરવામાં આવતું કર્મ તો અસંગભાવથી કરતાં જ રહેવું જોઇએ. પ્રજાપતિ (બ્રહ્મા) એ પણ, પ્રજાની સૃષ્ટિ (રચના) યજ્ઞની સાથે જ કરી છે. તેથી યજ્ઞ જ આપણી સર્વ કામનાઓને સારી રીતે પૂર્ણ કરે છે. આપણે યજ્ઞ દ્વારા દેવતાઓને આપવાની વસ્તુ તેમને આપવી જોઇએ અને યજ્ઞભાવિત (એટલે યજ્ઞની ભાવનાથી સંતુષ્ટ) થયેલ દેવતાઓ, આપણને જે મળવું જોઇએ તે આપણને દેશે.

આ જ આદાન–પ્રદાનનાં (એટલે પરસ્પર આપવા–લેવાની ક્રિયામાં) આપણું પરમ શ્રેય રહેલું છે. જે દેવતાઓએ આપણને (કંઇક) આપ્યું છે તેને આપ્યા વિના જ્યારે આપણે આપણા ઉપભોગમાં લઇએ છીએ ત્યારે આપણે ચોર બની જઇએ છીએ. આ જ કારણને લીધે, યજ્ઞ કર્યા પછી બાકી રહેલી વસ્તુઓનો ઉપભોગ કરવાની પ્રણાલિકામાં પાપનો સ્પર્શ થતો નથી. તો પણ જે મનુષ્યો ફક્ત પોતાને માટે જ પાક સિદ્ધ કરે છે (રસોઈ બનાવે છે) અને ખાય છે, તેઓ અન્નનું નહીં પરંતુ પાપનું જ ભક્ષણ કરે છે.

ગીતામાંથી વિસ્તારપૂર્વક કરેલા આ ઉલ્લેખના અધ્યયનથી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે કર્મયોગ આપણી અહંતાની પરવા અધિક કરવા ઇચ્છતો નથી, પરંતુ મમતા વિષે માર્ગદર્શન કરવા માગે છે. મમતામાં રચ્યાપચ્યા મનુષ્યો પોતાના ઉપભોગ પહેલાં જો થોડીક ધીરજ ધારણ કરીને, દેવતાઓને માટે 'ઇદં ન મમ' (એટલે આ મારૂં નથી) એમ કહેવાનું શીખી જાય તો નિષ્કામતાના માર્ગ પર તે આગળ વધી શકશે. આ જ નિષ્કામ કર્મ અંતમાં (છેવટે) આત્મસુખ યાને શાશ્વત સ્વ-

ર્ગના સુખનું પ્રદાન કરશે. પરંતુ અહંતાની અહંતાની ઉપેક્ષા કરવાને કારણે આ કર્મમાર્ગમાં પ્રારંભિક સાધનાની વ્યવસ્થામાં અહંતા તથા રાજસ ગુણના સાહચર્ય (એટલે ભેગા થવા)ને લીધે મનમાં ક્રોધની સંભાવના પદે-પદે (ડગલેને પગલે) રહેતી હોય છે. કર્મયોગ મમત્વને જ સ્વસ્થ બનાવે છે.

(૩) આ કારણને લીધે જ્ઞાનમાર્ગએ અહંતાની ચિકિત્સા (એટલે ઉપાય) કરવાનો અહંતાને સ્વસ્થ બનાવવાનો પ્રયાસ છે. કર્મયોગમાં જેવી રીતે મમતાને દેવતાઓની સાથે જોડી દેવામાં આવી હતી. એ જ રીતે જ્ઞાનયોગમાં આપણી અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ કરવો પડે છે– 'યોહમસ્મિ બ્રહ્માહમસ્મિ, અહમસ્મિ બ્રહ્મ અહં અસ્મિ અહમ્ એવ) અહં મા જુહીભિસ્વાહા' (અર્થ : હું જે છું તે બ્રહ્મ જ છું, હું છું, બ્રહ્મ હું છું, હું જ હું મને યજ્ઞમાં અર્ધ્ય આપું છું. સ્વાહા (યજ્ઞને અર્પણ થાઓ) અર્થ : હું જે કંઇ છું, હું બ્રહ્મ જ છું. હા, મારૂં અસ્તિત્વ છે– હું બ્રહ્મ છું, હું જ પોતે મારો હોમ (બ્રહ્મમાં) કરૂં છું.

કર્મયોગ જેવી રીતે પ્રારંભમાં-'પુત્રં ચ મે વિત્તં ચ મે'ની કામનાઓથી ઘેરાયેલા સકામ કર્મના કર્તાને નિષ્કામ-કર્મની ઉંચાંઇ પર ચડાવવાને માટે 'ઇદં ન મમ' (અર્થ-આ મારૂં નથી) એવી ભાવનામાં પ્રશિક્ષિત કરે છે (એટલે કે ઉંડી સમજ આપે છે) ત્યાં યજ્ઞાગ્નિમાં આપણી મમતાની આહુતિ આપવી પડે છે. એવી જ રીતે જ્ઞાનયોગ બ્રહ્માગ્નિમાં આપણી અહંતાની આહુતિ આપવાનું શીખવાડે છે. જ્ઞાનયોગ એ આપણા અહંકારવી ચિકિત્સા (એટલે રોગને દુર કરવાનો ઉપાય) છે. એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે આહુતિ બ્રહ્માગ્નિમાં આપવાની છે. આપણા અહંકારની ધગધગતી (એટલે ભભૂકતી) જ્વાલાઓમાં બ્રહ્મની આહુતિ આપવી એ જ્ઞાનયોગ નથી.

–ક્રમશઃ

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

**॥ શ્રી ગુરૂભ્યેનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥**

**ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત**

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી)

## પૂર્ણ અને અપૂર્ણ

કોડી ઉપાસન મલીનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો,
રૂપૈયો સુર–સેવનાં વ્યૂહ કંચન મોહોર પ્રમાણો.
કંચન મોહોર વ્યૂહ હરિ હીરો, એમ અંશ અંશી સમજી રહો;
સર્વ દ્રવ્ય એ હીરાથી થાય, હીરો કર્યો કોઇએ નવ કહેવાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.......(૬)

**વિવેચન :–** આ ચંદ્રાવળમાં કવિશ્રી અંશ કળા અને વિભુતિ દરેક પૃથક દૃષ્ટાંત આપી સમજાવે છે કે હીરામાંથી બધું થાય પણ કોડી રૂપૈયા હીરા સમાન થઇ શકતા નથી. અંશકળા એ ઇશ્વરી મુળ રૂપમાંથી થાય પરંતુ તેમાંથી મુળરૂપ ન થાય.

જેમ કે આકાશમાં બીજનો ચંદ્ર ઉગે પરંતુ લબક જબક દેખાણો ત્યાં અદ્રશ્ય થઇ જાય વિશેષ પ્રકાશ તે આપી શકતો નથી તે ચંદ્રની એક કળાનું રૂપ છે પૂર્ણિમાંએ ચંદ્ર પૂર્ણ પ્રકાશ આપી પોતાનાં શિતળ મધુર પ્રકાશથી પૃથ્વીને શાન્તિ અને આલ્હાદ આપે છે. પૂર્ણિમાને દિવસે સાંજે સૂર્ય અસ્ત થાય ત્યાં જ સામેથી ચંદ્ર દેખાય છે એટલે દિવસે સૂર્યનો પ્રકાશ મલ્યો તેમ રાતનાં ચંદ્રનો પ્રકાશ મલ્યો આમ પૂર્ણિમાંનો દિવસ તે પૂર્ણ પ્રકાશી છે તે દિવસે કે રાત્રે અંધકારનું કામજ નથી ચંદ્રમાંથી અંશકળા થાય અંશકળામાંથી ચંદ્ર ન થાય. તેમ પ્રભુ પૂર્ણ છે તે પુર્ણમાંથી નાના મોટા અવતારો થાય છે.

### કોડી ઉપાસન મલીનનું

જેમ કોડીની કિંમત તેમ મલીન દેવોની ઉપાસના કરવી તે અર્થ નીકળે છે. જનની સેવા, જગતની સેવા તે તાંબાનાં પૈસા સમાન જાણવી. રૂપૈયો સુર સેવતા, અન્ય ગણિતાનંદ દેવોની ઉપાસના તે એક રૂપૈયા સમાન જાણવી આમ ગણતરીથી આગળ વધતાં કંચન મહોર (સોનું) કંચન મહોર = તે વ્યુહ રૂપની સેવા કરવી તેવો આશય ઉદાહરણથી બતાવ્યો હરિ હીરો = સોનાં કરતાં હીરાની કિંમત અનેકગણી વધી જાય. આવી રીતે અંશ અને અંશીના

ભેદો બતાવ્યા છે ઇશ્વર અંશી છે બાકી બધા ઉપર બતાવેલા બધા અંશ છે. પ્રભુ તો અંશી છે. એક પલવારમાં અનેકો જીવો ઉત્પન્ન કરી શકે છે. હીરો એક જ પાસે હોય તેમાંથી સોનું તાંબુ, કોડી બધું ખરીદી શકાય. પરંતુ હીરો તેમાંથી ખરીદી ન શકાય.

ગીતા વાકય – અધ્યાય ૧૫ શ્લોક ૧૫.

સર્વસ્વ ચાહં હૃદિ સન્નિવિષ્ટો મતઃ સ્મૃતિર્જ્ઞાન પહિનં ચ
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાંત કૃદ્વેદવિદેવ ચાહમ્

**અર્થ** : હું સર્વનાં હૃદયમાં અંતર્યામિ રૂપે રહેલો છું અને મારે લીધે સ્મૃતિ–જ્ઞાન અને તેનો અભાવ (વિસ્મરણ તથા અજ્ઞાન) થાય છે. હું સર્વ વેદો વડે જાણવા યોગ્ય છું તથા વેદાંત શાસ્ત્રનો કર્તા અને વેદોને જાણવાવાળો પણ હુંજ છું તથા ક્ષર અને અક્ષર બંન્નેથી ઉત્તમ પુરૂષ તો બીજો જ છે. તે પરમાત્મા કહેવાય છે, તે પરમાત્મા અવિનાશી ઇશ્વર ત્રણે લોકમાં પ્રવેશ કરીને સર્વનું ધારણ–પોષણ કરે છે. હું ક્ષર અને અક્ષરથી ઉત્તમ છું. જગતમાં પુરૂષોત્તમ નામથી પ્રસિદ્ધ છું = ઉપર મુજબ સ્વયં ભગવાન શ્રી કૃષ્ણનાં વાકયો સમજાવે છે કે પ્રભુ સર્વેશ્વર છે તેને સમાન બીજો કોઈ આવી ન શકે. પ્રભુ સ્વતંત્ર છે, સર્વવ્યાપક છે, પોતાની ઇચ્છા મુજબ દરેક કાર્ય કરે છે, જેની શકિતનું માપ કાઢવાની શકિત કોઇનામાં નથી.

**શ્રી મહાપ્રભુજી નવરત્નમાં –**

સર્વેશ્વરશ્વ સર્વાત્મા નિજેચ્છાત : કરિષ્યતિ.

પ્રભુ સર્વેશ્વર છે સર્વનાં આત્મા છે પરંતુ પોતાની ઇચ્છા મુજબ કરે છે. આ વસ્તુનો સાર સમજી પ્રભુ સમાન બીજાને માની શકાય નહી.

અર્જુનને જ્યારે વિરાટ રૂપ બતાવ્યું ત્યારે તે દરશન કરતાં જ હર્ષ અને ભયભીત બની ગયા. વિશ્વરૂપ દર્શનથી હર્ષ થયો પરંતુ તેમાં કાળનું સ્વરૂપ જોયું ત્યારે ભયભીત બન્યા.

અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું તેનાં ભાવનું કીર્તન નંદદાસજીયે ગાયું છે.
( રાગ બિલાવલ )

નંદભુવનકો ભુષણ માઇ
યશોદાકો લાલ વિર હલધરકો રાધારમન સદા સુખદાઇ ॥ ૧ ॥

ઇંદ્રકો ઇંદ્ર દેવ દેવનકો બ્રહ્મકો બ્રહ્મ અધિક અધિકાઇ
કાલ કો કાલ ઇશિ ઇશન કો વરણુ કો વરણુ મહા વરદાઇ ॥ ૨ ॥
શિવ કો ધન સંતન કો સર્વસ્વ મહિમાં વેદ પુરાણન ગાઇ
નંદદાસકી જીવન ગીરધર ગોકુલ મંડન કુંવર કન્હાઇ

અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું હતું તેમાં કાળરૂપ જોતાં જ ભયભીત થઇ જવાણું હતું કાળરૂપમાં હજારો જીવો કાળનાં મુખમાં જોયા. તેમ અત્રે નંદદાસજી કહે છે કે જેની મહીમાં વેદપુરાણો ગાય છે જે સર્વશ્વ છે. તેજ પ્રભુ સર્વથી શ્રેષ્ઠ છે છતાં ભકતને આધિન છે.

યશોદાજીનો લાલો, બલરામનો ભૈયો રાધા રમણ સર્વ રીતે સુખદાતા તે જ પ્રભુ ઇંદ્રનો ઇંદ્ર છે બ્રહ્મનો પણ બ્રહ્મ છે. બ્રહ્માથી અધિક છે કાળનો પણ કાળ છે. શિવજી જેમનું રાત દિવસ ધ્યાન ધરે છે જેણે પોતાનું સર્વસ્વ ધન માન્યું છે તે પ્રભુ ભકતોનું સર્વસ્વ છે. નંદદાસજી કહે છે કે મારું તો જીવન ગીરધર છે જે અજન્મા, અનન્ત, સર્વેશ્વર, સર્વવ્યાપક આવા રૂપો વેદોમાં ગવાય છે તેજ જશોદોત્સંગ લલિત છે. માટે જ કવિશ્રી કહે છે ક્ષણિક ચમત્કારોમાં લોભાવું નહીં.

અને ઉપર બતાવેલાં નંદદાસજીનાં જીવન એવા પ્રભુની જ સેવા કરો.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ........૬

(ક્રમશઃ)

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

# યમુનાજીકી વિનય

### ભાવાર્થ : 'માધુરી' રાજકોટ

### ૮

શોભિત જલ કણ ધ્રુતિ અતિ નીલી;
મનુ ગિરિધર સંગમ શ્રમ સાની સ્વકીય દેહ ભઇ ગીલી. ૧

જલ પરિમલ મધુ પુષ્પ સહિત છબિ નાહ બરસીલી;
જન '**વલ્લભ**' કૃપા કી આકર યમુને ભાવ ભરીલી. ૨

**ભાવાર્થ :** જલ તરંગોથી ઉછળતી જલકણ પણ નીલા રંગની પ્રગટભાવ બતાવે છે કે પિય ગિરિધરન સંગ આપનો સમાગમ થયો છે તેથી પ્રત્યેક કણ શ્યામમયી દેખાય છે.

શ્યામ સંગ શ્યામ બન્યા છો તેમજ પરિશ્રમથી આપની દેહ ત્રિભંગી થયેલ છે. શ્યામ સંગ ક્રિડા કરતા તન્મયતાનો ભાવ બતાવે છે. ઉછળતા જલકણો પાછી જલમાં જ લય પ્રાપ્ત થાય છે.

જલમાં ઉગેલા કમળ પુષ્પો એવા ખીલ્યા છે કે તે પણ પ્રગટ ભાવ બતાવે છે કે આજ તો ખૂબ કૃપા વરસી છે. પિય સંગમના અતિ આવેશ અને પ્રસન્નતા તેનામાં ઝળકી રહી છે. આવા અનેક ભાવથી ભરેલા જલ તરંગો સદા ઉછળતા રહે છે.

આવા જલકણો ભકતો (વલ્લભી વૈષ્ણવો) ઉપર કૃપા કરી છે, તેવો ભાવ ખીલેલા કમળો બતાવે છે એવી એકાદી જલતરંગની કૃપા મારા ઉપર થાય તેવું દાસ વલ્લભ કહે છે.

**શ્રી વલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધિ**

પ. ભ. શ્રી વિઠ્ઠલભાઇ એસ. લાખાણી
૮/શિવલીલા, તિલકનગર, ગોપાલનગર રોડ-૧, ડોમ્બીવલી (ઇસ્ટ)
આ પ્રતિનિધિને લવાજમ ભરી શ્રી વલ્લભ સુધાના
ગ્રાહક થઇ શકાશે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# આંતર ઉદ્‌ગારો

## મર્યાદા પ્રેમ અને પુષ્ટિ પ્રેમ

એક દિવસે પૂછયું કે પુષ્ટિ ઠાકોર ને મર્યાદા ઠાકોરનું શું સ્વરૂપ ?

ત્યારે જવાબ આપ્યો કે, ઘરમાં છોકરાંને રમાડે તે વેળા તેને કશી વાતની શુદ્ધિ રહેતી નથી. પોતે છે પિતા પણ પિતાપણું ભૂલી જાય છે, એ તો પુષ્ટિ ઠાકોર.

વળી તે મનુષ્ય રાજાની કચેરીમાં જાય છે, ત્યાં કોઈ છોકરાને લઇને આવે છે, તે છોકરાં સામે બાપ જોતો એ નથી, ને કહે છે કે એને અહીં શું કરવા લાવ્યા છો ?

આ મર્યાદાનું સ્વરૂપ છે.

# આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૪ તા. ૯-૯-૯૪ શુક્રવાર, ગણેશ ચતુર્થી, ગો. ચિ. શ્રી રસિક વલ્લભજી બાવા (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૧૦-૯-૯૪ શનિવાર, ઋષિપંચમી, દ્વિતીય સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનો ઉત્સવ.

ભાદરવા સુદ ૬ તા. ૧૧-૯-૯૪ રવિવાર, શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન, ગો. ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ શ્રી (સુરત)નો જન્મદિન, (સાતમનો ક્ષય હોવાથી આજે).

ભાદરવા સુદ ૮ તા. ૧૨-૯-૯૪ સોમવાર, શ્રી રાધાષ્ટમી. ગો. શ્રી બ્રજજીવનજી મહારાજ શ્રી (કાંદીવલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૧૩-૯-૯૪ મંગળવાર, શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૦ તા. ૧૪-૯-૯૪ બુધવાર, નવનાગરીના પદ બોલાય, વર્ષાઋતુ પુરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૧૫-૯-૯૪ ગુરૂવાર, પરિવર્તનિ-દાન એકાદશી વ્રત, લેખવાળા ગો. શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૭૧૪). દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે, શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ, શરદઋતુની શરૂઆત થઇ, કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૧૬–૯–૯૪ શુક્રવાર, વામન જયંતિ.

ભાદરવા સુદ ૧૪ તા. ૧૮–૯–૯૪ રવિવાર, અનંત ચતુર્દશી.

ભાદરવા સુદ ૧૫ તા. ૧૯–૯–૯૪ સોમવાર, પૂર્ણિમા, શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્તિ, સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૨૦–૯–૯૪ મંગળવાર, મુંબઇ લાડુબેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુન્દજીનો પાટોત્સવ તથાશ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ, આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખના પદ વિજયાદશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૪ તા. ૨૪–૯–૯૪ શનિવાર, ગો. શ્રી ચંદ્રગોપાલ બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૨૫–૯–૯૪ રવિવાર, શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭).

ભાદરવા વદ ૮ તા. ૨૮–૯–૯૪ બુધવાર, શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૮૭).

ભાદરવા વદ ૯ તા. ૨૯–૯–૯૪ ગુરુવાર, ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૧–૧૦–૯૪ શનિવાર, ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૨–૧૦–૯૪ રવિવાર, શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭).

ભાદરવા વદ ૧૩ તા. ૩–૧૦–૯૪ સોમવાર, શ્રી ગુસાંઇજીના ત્રીજા બાલાજી શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ (સં. ૧૬૦૬), ગો. શ્રી શિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૪ તા. ૪–૧૦–૯૪ મંગળવાર, સર્વપિત્રી અમાવાસ્યા, કોટની આરતી, સાંઝીની સમાપ્તિ.

ભાદરવા વદ અમાસ તા. ૫–૧૦–૯૪ બુધવાર, નવ વિલાસ, નવરાત્રિ આરંભ, અંકુરારોપણ, રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા રાસ પંચાધ્યાય, ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય, ગો. ચિ. પ્રણયકુમારજી (મથુરા)નો જન્મદિન.

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

# દ્વારિકા લીલા

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

–ગતાંકથી ચાલુ

## ૩. સિદ્ધાશ્રમેં રાધાગમન

રાગ – ધનાશ્રી / સારંગ

અહો સિદ્ધાશ્રમ મુકિત ફલદાઇ;
આનર્ત દેશમેં મહાતિરથરૂપ, સાયુજ્ય મુકિત બસત દેઇ. ૧

રજકન કરત હૈ કૃષ્ણ સંયોગી, સ્નાન કરતસેં બને સમરૂપી;
સિદ્ધાશ્રમકી યહમહિમા જાની, રાધા મિલન કરન લલચાઇ. ૨

શત વર્ષ બિતત શ્રીદામા શાપતેં, કૃષ્ણ વિરહસેં અબ તડપાઇ;
પ્રેમ પિયુષકે દર્શન કારન, આજ્ઞા કરત હૈ ભાવ અનુસારી. ૩

કદલી બનસેં નિકસી રાધાજી, ગોપ ગોપી સબ યુથ સમુદાયિ;
કનક પાલખીમેં છત્રચમર બીચ, અદ્‌ભુત ઠાઠસેં સ્નાનમેં ઉમગી. ૪

કોટિ ગોપમિલિ રક્ષા કરત હૈ, બન ઉપબનસેં ચલે અનુરાગી;
ભિતર કોટિ ગોપી અંતરંગી, સેવા કરત ફૂલ દંડકો ધારી. ૫

તા અવસર પ્રભુ તિરથ પધારત, સોલા હજાર પરિવારકો લાઈ;
**'ચરનદાસી'** શ્યામે રાધા પ્રિયાકી, માનસહિત પહેચાન કરાઇ. ૬

## ૪. અષ્ટ પટરાની – રાધા મિલન

રાગ – ધનાશ્રી / સારંગ

બ્રજકી શિરોમની રાધા દુલારી;
કૃષ્ણ કૃષ્ણ મુખે રટત અવિરત, ધન્ય ધન્ય ઐસે દૂજી ન ગોરી. ૧

સત્ય ભામાજી સુની મૃદુબાની, આઇ સિદ્ધાશ્રમ વદે ગર્વીલી;
મમ રૂપ કારન નાસે કૃત વર્મા, શતધન્વા કો મોત મિલિ. ૨

રૂપ ગુનવંતી મેં વૈભવવંતી, સ્યમંતક મની પહેરામની લાઇ;
ભૌમાસુર વધ છત્ર ઇન્દ્ર દઇ, સંગે કરત રહી ગરૂડ સવારી. ૩

પ્રિય મનુહારી મોહિત વશભઇ, પ્રીતસેં કુંડલ દેત અદિતિ;
મમ હિત કાજ ઐરાવત જીતી, નરકાસુરકી લાયે સમૃદ્ધિ. ૪

પતિવ્રતા રૂપસેં કૃષ્ણ વશ કીનો, પારિજાત કો મમઘર બોઈ;
પ્રભુ પટરાની સબનતેં ન્યારી, માનધરી રૂકમિનિ પાસ જાઇ. ૫

સૂનો સબરાની તુમ રાજકુમારી, સખી યહ તો હૈ ગોપકુમારી;
શિલ રૂધ ધારી અષ્ટ પટરાની, કુલ કુશલમની શ્યામ સેં બોલી. ૬

અબ રાધા રસિલી રૂપ રંગીલી, પ્રીતકી ભૌરી કો દેખન જાઇ;
વો પ્રેમસે ભીગી પ્રિય વિયોગી, બ્રજકે બાસી યહાં આઇ અકેલી. ૭

તબ સોલા હજાર નારી સંગલીની, રાધે દર્શન ચલત મોરારી;
બિરાજીત દેખે કનકમની ડોલી; મોતીસી ચદૂર માલતી મ્હેંકી. ૮

સુકોમલ દેહી કોટિચંદ્ર લજાની, મકરંદ ગુંજી ચલે હંસ ગામી;
ઇન ચરન કમલસેં ધરા લજવાઇ, કૃષ્ણ નારી સબ મૂર્છાહી પામી. ૯

અદ્દભૂત સ્વરૂપ ત્રીલોકે નાહી, નિજરૂપ ગર્વમેં સબ પછતાઇ;
**'ચરનદાસી'** મિલિ રાધા ચૂડામની, તેજ પૂંજ અધિક પગટાઇ ૧૦

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

કાંદીવદી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીહરિ ॥

# સંસ્કૃત સંરક્ષક–વલ્લભવંશ

### ગો. વા. પ. શ્રી મગનભાઈ લા. તન્ના, બી. એ. કોવિદ રાજકોટ

સૃષ્ટિની પ્રાચિનમાં પ્રાચીન, છતાં નિયમબદ્ધ અને દૈવી કહેવાય છે તે ભાષા વૈદિક ભાષા છે અને તે પછી કેટલાક સંતકાર પામીને થયેલી ભાષા તે સંસ્કૃત ભાષા છે. સંસ્કૃત ભાષાએ સૃષ્ટિને અનેક પ્રકારના અમુલ્ય ગ્રંથો આપીને હજારો વર્ષ પર્યંત સ્થિર રહીને અમૂલ્ય સેવા કરી છો એવી સંસ્કૃત ભાષા જેવી અન્ય કોઇ ભાષા પૃથ્વી પર નથી કે જેના દ્વારા આટલા બધા લાંબા સમય સુધી અને આટલું બધું વિપુલ, આટલું બંધુ વૈવિધ્ય પૂર્ણ, સંસારના બધા જ વિષયોને આવરી લેતું, નકકર. અતિ ઉપયોગી સાહિત્ય મળ્યું હોય તેમ છતાં, હજારો વર્ષ પછી પણ હવે આ ભાષા પણ અદશ્ય થઇ જવાની અણી ઉપર આવી પહોંચી છે. પરંતુ એમ કહી શકાય કે મોગલ સમય સુધી તો આ ભાષા પૃથ્વીની સર્વોપરી ભાષા રહી છે અને પછી ગંભીર રીતે તેનો હ્રાસ શરૂ થઇ ગયો છે.

આવા પ્રતિદિન થતા જતા ક્ષયના સમયમાં પણ ભારતનો એક મહાન વંશ સંસ્કૃત ભાષાનું ઉત્તમ રીતે સંરક્ષણ કરી રહ્યો છે. બધા જ ધાર્મિક પંથો અને અધ્યાત્મપ્રેમીઓ તેમજ ભકતો, કવિઓ, લેખકો કે રાજદ્વારી તેમજ ધંધાદારીઓ પણ પોતપોતાની પસંદગીની ભાષાને ઉપયોગ કરવા માંડયા અને પરિણામે અનેક ભાષાઓ ખિલવા લાગી, એવા સમયે પણ સંસ્કૃત ભાષાને વળગી રહીને એક માત્ર વલ્લભવંશે જ પોતાનું સાહિત્ય સંસ્કૃતમાં જ આપવાનું ચાલુ રાખ્યું. આજે પણ શુદ્ધાદ્વૈત સંપ્રદાયના આચાર્યશ્રીઓ પોતાના સંપ્રદાયને ઉપયોગી સાહિત્ય સંસ્કૃતમાં લખી રહ્યા છે અને પ્રકાશિત કરી રહ્યા છે એટલે વિના સંકોચે એમ કહી શકાય કે પૃથ્વી પર એવો એક જ વંશ, વલ્લભી વંશ છે કે જેઓએ સંસ્કૃત ભાષાને અદશ્ય થતી અટકાવી છે, સંરક્ષી છે, જીવંત રાખી છે.

આમ તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પૂર્વજો પણ સમર્થ વિદ્વાન, લેખકો અને કવિઓ હતા, એટલે કે વલ્લભાચાર્યજીના પહેલાં પણ તેમના પૂર્વજોએ અનેક અમૂલ્ય ગ્રંથો લખ્યા

છે, જે બધા જ સંસ્કૃતમાં લખાયેલા હતા. તેઓશ્રીની વિદ્વતા બહુજનમાન્ય, રાજામહારાજાઓથી વંદાયેલી અને પૂજાયેલી હતી.

પરંતુ વલ્લભાચાર્યજીએ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની સ્થાપના કરી અને તેનું થોકબંધ સાહિત્ય તેઓશ્રીએ સંસ્કૃતમાં જ લખેલું છે, જે પરંપરા તેમના વંશજોએ પણ જાળવી રાખી અને પરિણામે આજે પણ શુદ્ધાદ્વૈત સાહિત્ય સંસ્કૃતમાં જ લખાતું રહ્યું છે, છપાતું રહ્યું છે, પ્રસિદ્ધ થતું રહ્યું છે. આજે તો અન્ય જનોથી, અપવાદરૂપે, બહુ અલ્પ પ્રમાણમાં સંસ્કૃતમાં લખાયેલું સાહિત્ય પ્રકટ થાય છે, એવે સમયે શુદ્ધાદ્વૈત નવું સાહિત્ય પણ સંસ્કૃતમાં લખાયેલું અને છપાઇ રહેલું જોવામાં આવે છે એ વલ્લભી વંશની સંસ્કૃત પ્રત્યેની મમતા, દીર્ઘદૃષ્ટિ અને સંરક્ષકપણું સ્પષ્ટ કરે છે.

મોગલ સમય આવતાં આવતાં તો કેટલાય જ્ઞાન અને વિજ્ઞાનના અમૂલ્ય ગ્રંથો નષ્ટ થઇ ચૂકયા હતા. નવા ગ્રંથો સંસ્કૃતમાં તો અલ્પ પ્રમાણમાં જ લખાતા હતા અને લોકોની પણ સંસ્કૃત ભાષા પ્રત્યેની ઉદાસીનતા વધતી જતી હતી. એવા સમયે સંસ્કૃત સંરક્ષક વંશના આદિ પુરુષ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રાકટય ઇ.સ. ૧૪૭૯માં થયું. શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટયની સાથોસાથ સંસ્કૃત ભાષાને પણ થોડો વેગ મળ્યો.

સૌ પ્રથમ જોઇએ તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પોતાનું પોતાનું જ સંસ્કૃત સાહિત્ય કોઇ પણ એક વ્યકિત જીવનભર તેનો જ માત્ર અભ્યાસ કર્યા કરે તોયે પાર પામી શકે નહિ એટલું બહોળું છે, અને તે કારણે તેઓશ્રીનું હસ્તલિખિત ઘણુંયે સાહિત્ય આજેય વણછાપ્યું પડયું છે અને ઘણુંયે નષ્ટ પણ થઇ ગયું છે.

તેઓશ્રીની વિદ્વત્તા અજોડ હતી. વેદોથી માંડીને બધા જ પૌરાણિક ગ્રંથો, બ્રહ્મસૂત્ર આદિ એમનાથી અછૂત રહ્યા નહોતા એવા સર્વજ્ઞ, લેખક, કવિ, ભકત અને આચાર્ય વલ્લભાચાર્યજીએ એક પુરાણો છતાં નવું સ્વરૂપ પામેલ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો તે સંબંધી તેઓશ્રીએ એટલું બધું લખ્યું છે કે તે દરેકનો ઉલ્લેખ કરવાનો કે તે સંબંધે કંઇને કંઇ કહેવાનો આ સમય નથી. તેથી માત્ર આજના કથનનો હેતુ સરે તેટલા પુરતું લક્ષ રાખીને હું કહીશ.

ખરેખર કહેવાયું છે કે, 'વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા' એટલે વિદ્વાનોની પરીક્ષા ભાગવતમાં થઇ જાય છે. કહેવાનો આશય એ છે કે, ભાગવતજીને યથાર્થ રીતે સમજવાનું અને

તેનું ખરૂં રહસ્ય જાણવાનું ઘણું કઠિન છે. આવા ગૂઢ રહસ્યમય ભાગવતજી ઉપર શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તેના સાત પ્રકારે અર્થો કર્યા છે, અને તેમાં જ તેઓશ્રીની વિદ્વત્તા દેખાઇ આવે છે. પ્રથમ અર્થ તે સમગ્ર ગ્રંથનો અર્થ છે. પછી સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને પછી અધ્યાયાર્થ કર્યો છે અને શ્લોકાર્થ, શબ્દાર્થ અને અક્ષરાર્થ એ ત્રણ અર્થ ભાગવતજી ઉપર લખાયેલ સુબોધિનીજીમાં અપાયેલ છે. પોતાના અનુયાયીઓ સુધી પહોંચાડીને સંસ્કૃત ભાષાને જીવંત રાખવાનો ઉત્કૃષ્ટ પ્રયાસ કર્યો છે, પુષ્ટિમાર્ગના અનુયાયીઓ આજે પણ ષોડશગ્રંથ વગેરેનો સંસ્કૃતમાં જ પાઠ કરે છે એટલે વૈષ્ણવજનો પણ સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ અને આદર રાખીને તેઓશ્રીને અનુસર્યા છે.

પુષ્ટિ સાહિત્ય સંસ્કૃતમાં એટલું બધું લખાયું છે કે જે પ્રસિદ્ધ થયેલ છે તે કરતાં અપ્રસિદ્ધ સાહિત્ય ઘણું જ છે અને ઘણું તો લુપ્ત પણ થયું છે. આજેય વૈષ્ણવો પોતાના ધર્મગ્રંથોનો સંસ્કૃતમાં જ પાઠ કરે છે. એ રીતે સંસ્કૃત ભાષાને જીવંત રાખવામાં વલ્લભવંશીય આચાર્યશ્રીઓનો ઘણો મોટો ફાળો છે.

# પુષ્ટિતત્ત્વવિચાર

## મર્યાદા ભક્તિ અને પુષ્ટિ ભક્તિ

લે. **શ્રી ચુનીલાલ પરીખ**

**તસ્માન્ મચ્છરણં ગોષ્ઠં, મન્નાથં મત્પરિ ગ્રહમ્ ।**
**ગોપાયે સ્વાત્મયોગેન, સોયં મે વ્રત આહિત ॥**

પુષ્ટિમાર્ગીય ભક્તિ–શરણ મર્યાદા માર્ગીય ભક્તિ કરતાં જુદી છે તેમ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે ભગવાન્ કહે છે કે "હું જ જેનું શરણ અથવા આશ્રય છું તે (ગોકુલ વાસીઓ) એમનો આશ્રય જ્ઞાન નથી, અથવા ભક્તિ પણ નથી. જો જ્ઞાનનો અને ભક્તિનો આશ્રય કરવાનું એમને કહું તો મારે અવતાર ધરવાનું પ્રયોજન શું ? જ્ઞાન અને ભક્તિ વિના પણ જે મારો આશ્રય લે છે, તેને હું મારા સ્વરૂપ બળથી જ ઇચ્છિત ફળ આપું છું તેમાં પણ આ તો 'ગોષ્ઠ' ગાયોનું સ્થાન છે. ગાયો કાંઇ ઉપદેશને યોગ્ય હોય જ નહિ. હમણાં જો મુક્તિ આપું તો તે ભક્તિ માર્ગથી વિરોધી થાય તે 'મન્નાથં' હું જ જેનો નાથ અથવા સ્વામી છું એ પદથી કહે છે. મુક્તિથી સ્વામી સેવક ભાવનો નાશ થાય.

વળી મેં એમનો પરિગ્રહ કરેલો છે. તેમનું સ્વાત્મ યોગથી હું રક્ષણ કરીશ કેમ કે પહેલાંથી જ મેં વ્રતનો (શરણાતની રક્ષાનો) સ્વીકાર કર્યો છે.

આ વ્રત કયું ? શરણાગતની સારી રીતે રક્ષા સર્વ ભાવથી અને સર્વથા કરવી 'હે અર્જુન ! મારો ભકત નાશ પામતો નથી' યુદ્ધમાં અને શરણે આવેલાઓમાં હું તારો છું એમ જે કોઇ કહે તે સર્વ પ્રાણીયોને હું અભય આપું છું એ મારૂં વ્રત છે.

આથી પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજી 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં ફકત આશ્રય જ મુખ્ય જણવો છે અને નિવેદન મંત્રમાં 'હે કૃષ્ણ હું તારો છુ' પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે તેમને પુષ્ટિમાર્ગીય જ સિદ્ધાંત લાગુ પાડી શકાય પછી તે અજ્ઞાની હોય કે ગમે તેવા હોય તેનો વિચાર પ્રભુ કરતા નથી તે માટે આગળ કહે છે કે ',સર્વથા(' મારૂં વ્રત મારે પાળવું જોઇએ, મારૂં વ્રત પાળવું એ મારો ધર્મ હોવાથી તે ધર્મના નિર્વાહને માટે પણ હું એમનું રક્ષણ કરીશ આ વ્રત પહેલેથી જ ગ્રહણ કરેલું છે.

શ્રી ગુસાંઇજી આ પર પ્રકાશ પાડે છે જે "અહીં ભગવાનના પરિગ્રહથી જ સર્વ સિદ્ધિ છે. એ પરિગ્રહ પણ કોઇ બીજા સાધનથી સિદ્ધ થાય છે એમ નથી શ્રુતિએ પણ કહ્યું છે કે 'ભગવાન બીજા કોઈ સાધનથી સિદ્ધ થતાં નથી પણ જે જીવને ભગવાન્ વરે છે તેને જ ભગવાન પ્રાપ્ત થાય છે' ભકિત માર્ગીય મર્યાદા એ છે કે ભગવાને જેમનો પરિગ્રહ કરેલો છે તેઓ આ લોકની અને પરલોકની સિધિને માટે ભગવાનની જ પ્રાર્થના કરે છે, બીજા કોઇની પ્રાર્થના કરતા નથી.

આજકાલ લૌકિક ક્રિયાઓ-રિવાજો તેમજ વૈદિક ચાલુ રિવાજોનો ત્યાગ થઇ શકે નહિ, એમ જેઓ કહે છે અને તેનાથી જે ફળ બતાવે છે તે માટે શ્રી મહાપ્રભુજી ભા. ૧૦-૨૨-૨૩ માં કહે છે કે "પ્રાણીને સાત અંગ હોય છે. ૧. દેવ ૨. ઋષિ ૩. પિતૃઓ ૪. પોતે પણ પોતાનઃ સામર્થ્યથી પોતાનું કલ્યાણ કરે છે તેથી આત્મા ૫. આત્મીય પુત્ર વગેરે ૬. ઐહિક પોતાના દેહ સંબંધી પોતે કરેલો ઉપકાર ૭. પાર લૌકિક યાગ વગેરે ધર્મ જો આ સાતમાંથી કોઇ પણ આ વ્રજવાસીઓનું રક્ષણ કરત, તો તેઓ તેમના થઇને રહેત, પણ જ્યારે તે સર્વ અશકત થઇ ગયાં અથવા સામા પક્ષના થઇ ગયાં ત્યારે પછી તેમની સાથે વ્રજવાસીઓનો કાંઇ પણ સંબંધ રહયો નહિ. આ રક્ષણનો હેતુ કેવલ ભગવાનને આધીનપણું છે એથી સમજાવ્યું

કેમ કે પરંપરાથી ચાલતો આવેલો ઇન્દ્રયાગ પણ ભગવાનના વચન માત્રથી પહેલાં તેમણે તજી દીધો હતો.

આથી આપણને સ્પષ્ટ થશે જે પુષ્ટિ–અનુગ્રહશરણમાર્ગ જુદો છે અને તેનું ફળ પ્રાપ્ત કરવામાં જે મર્યાદામાર્ગી સાત અંગો છે તે બિલકુલ ઉપયોગી નથી, જેથી તેની આવશ્યકતા કેમ કહેવાય 'આવશ્યકતા' ફક્ત પ્રભુને શરણે જ જવું તે કહેવાય કદાચ શંકા થાય જે કાંઈ આધુનિક જીવો માટે આ શરણમાર્ગ નથી તો વિચાર કરશો જે શ્રી મહાપ્રભુજીએ કલિયુગમાં શા માટે આજ માર્ગ પ્રકટ કર્યો ? આ માર્ગે જવાનો ઉપદેશ શા માટે કર્યો ? કૃષ્ણાશ્રય ગ્રંથમાં શરણ જ શા માટે ઉપદેશ્યું ? અનન્યતાનો આગ્રહ સંપ્રદાયમાં શા માટે છે ? તે સર્વનો વિચાર થાય અને પ્રમેય માર્ગ એટલે 'ભગવાનના જ બળથી તરવાનું' એટલું સમજાય તો શંકા રહેતી જ નથી. ગમે તેવાને પણ તારવાનું સામર્થ્ય પ્રભુ ફલાત્મક શ્રીકૃષ્ણમાં છે જ અને તેનો સંબંધ કરવો એજ પુષ્ટિમાર્ગીય જીઓએ 'આવશ્યક' છે.

[શુદ્ધ દ્વૈત અને ભકિત માર્તંડ વર્ષ ૧૧ સં. ૧૯૯૨ અંક ૪ માંથી સાભાર]

॥ શ્રી હરિ: ॥

# આં. પુ. વૈ. પરિષદ, કાર્યકર્તા પ્રશિક્ષણ શિબીર

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય સમિતિ–દરેક રાજ્યોના પદાધિકારી–સંયોજકોની ચર્ચા સભા દિનાંક ૧૩–૧૪–૧૫ ઓગષ્ટ ૧૯૯૪નાં અમદાવાદ મુકામે સોલા "શ્રી ભાગવત વિદ્યાપીઠ" માં મળી.

જેમાં શ્રી વિઠ્ઠલનાથજી પંચ શતાબ્દી મહોત્સવ માટેની ચર્ચા–સેવા પ્રશિક્ષણ આરતી, શ્રૃંગાર, વસ્ત્રાદિ, ચોક, પિછવાઇ, સામગ્રી–સેવા પ્રશિક્ષણ નિત્ય સેવા–સેવા પ્રશિક્ષણ આચાર વિચાર–સેવા પ્રશિક્ષણ કિર્તન–માનવ સેવા મેડીકલ–માનવ સેવા નોન મેડીકલ–ગૌ સેવા–સત્સંગ ગૃહ, પુસ્તકાલય, વિડીયો કેસેટ, ઓ.ડી.ઓ. કેસેટ, વાંચનાલય, પુસ્તક વિક્રી કેન્દ્ર, સુરત પરિક્ષા, પાઠશાળા–સાહિત્ય પ્રકાશન–બુલેટીન પ્રકાશન–ધર્મ સંસ્કાર શિબિર–કાર્યકર્તા શિબિર–કાર્યકર્તા નિર્માણ–ઋષિકુલ–સંવિધાનની કાનુની વ્યવસ્થા–કોષ–વિદ્વાન શાસ્ત્રી સંગઠન તથા નિર્માણ–પુષ્ટિમાર્ગીય શોધ તેમજ વિકાસ પરિષદ–પરિષદની વર્તમાન સમસ્યા–જન સંપર્ક.........આદિ વિષયો ઉપર તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી.

કેન્દ્રીય પ્રમુખ પ. ભ. મનુભાઈ શેઠ, ભૂતપૂર્વ પ્રમુખ પ. ભ. વિઠ્ઠલદાસ કારાણી, કાર્યાધ્યક્ષ પ. ભ. ડૉ. ગજાનન શર્મા–ઉપાધ્યક્ષ પ. ભ. શ્રી કુંભનદાસ ઝાલાની, પ. ભ. શ્રી વૃજમોહનદાસજી વિજય વર્ગીય, પ. ભ. શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ–મહામંત્રી મુકુન્દભાઈ શાહ–મંત્રીઓ વિનોદ દિક્ષીત, ચંદ્રહાસ દલાલ, વી પી. પરિખ ઉપરાંત પ. ભ. શ્રી દ્વારકાદાસ પાટોડીયા, રમણભાઈ શાહ, જીતેન્દ્રભાઈ શાહ, મનોહરભાઈ, શ્રોફ, ચીમનભાઈ, શેઠ, હસમુખભાઈ ખખ્ખર, બાબુભાઈ કાણકિયા, પ્રેમચંદભાઈ, રાજકોટીયા, મદનલાલ શાસ્ત્રી, શ્રીમતિ ગીતાબેન શાહ, રેખાબેન, વીણાબેન, ડાયાભાઈ ડેલાવાળા તેમજ અનેક કાર્યકર્તાઓ ચર્ચામાં રસભેર ભાગ લીધો.

આદરણીય કેન્દ્રિય પ્રમુખ શ્રી મનુભાઈ શેઠે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે આપણે વૈષ્ણવોનાં દૈવી દ્રવ્યનો ઉપયોગ સમજી વિચારીને યોગ્ય ઠેકાણે સાંપ્રદાયીક હિતમાં કરવો જોઈએ. સેવાનાં નામે દ્રવ્ય ખોટી રીતે વેડફાઈ ન જાય તે કાર્યકર્તાઓએ ખાસ કાળજી રાખવી જોઈએ. તેમજ આચાર્યચરણો તેમજ વૈષ્ણવોની ગરિમા જળવાય તે માટે દરેક વૈષ્ણવ પરિષદનાં કાર્યકર્તાઓએ જાગૃત રહેવું જોઈએ.

કાર્યાદયક્ષ શ્રી ગજાનન શર્માએ કાર્યકર્તાઓને શીખ આપતા જણાવ્યું કે આપણે પુષ્ટિ સંપ્રદાયનાં સિદ્ધાંતોનું સંરક્ષણ કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. વિવેક, ધૈર્ય અને આશ્રયનાં ગુણ સાથે પોતાના જીવનમાં સદાચાર તેમજ સદ્‌વિચાર એ કાર્યકર્તાઓનો ગુણ હોવો જોઈએ. તેમજ પુષ્ટિ સંપ્રદાયમાં જાગૃતિ આવે તે માટે આપણા સંપ્રદાયનું વિપુલ સાહિત્ય પડેલ છે તેને સંરક્ષિત રાખવા અને ફરી પ્રકાશિત કરી વૈષ્ણવો સુધી સામાન્ય એવા દરથી પહોંચાડવા પ્રવૃત બનવું જોઈએ.

તેમજ આપણા સેવા પ્રકાર આચાર વિચાર, કિર્તન સેવા, આરતી, શ્રૃંગાર, સામગ્રી, વાઘા વસ્ત્રોની સમજ......વિગેરે સેવા પ્રકારમાં જાગૃતિ આવે તે માટે સાંપ્રદાયિક જે તે વિષયમાં જાણકારી ધરાવતા તજજ્ઞો દ્વારા ઠેર ઠેર શિબીરો યોજી વૈષ્ણવત્તાનાં ગુણ સૌ જનો પ્રાપ્ત કરે તે માટે આપણે દરેકે સાથે મળી પ્રયત્ન કરવા જોઈએ.

ગૌ સેવાનાં ચર્ચા વિચાર સમયે વૃજની ગાયો સુરક્ષિત રહે તે માટે વૃજમાં ગૌશાળા નિર્માણ કરવાનો સંકલ્પ કરતાં સ્થળ પર જ ૬ થી ૭ લાખ રૂપિયા જેવી સેવાનાં વચનો પ્રાપ્ત થયા. આ ચર્ચા સમયે શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિનાં પ્રમુખ શ્રી ડાયાભાઈ ડેલાવાળા એ ગૌ સેવા વિષે બોલતાં જણાવ્યું કે મારે સેવા વિષે બોલવાનો અધિકાર નથી કારણ કે હું જે કહેવા માગું છું તે મારા આચરણમાં નથી પરંતુ સત્ય સ્વીકારવું જ રહ્યું જો આપણે સાચી ગૌ સેવા કરવી હોય તો જન જાગરણ દ્વારા સમગ્ર સમાજમાં જાગૃતિ લાવી દરેક ઘરોમાં ગાય માતાના દુધો અને તેમાંથી બનતી વસ્તુઓનો ઉપયોગ શરૂ કરાવવો જોઈએ.

જે દુધ આપણી તંદુરસ્તી વધારવાની સાથે જ્ઞાન અને બુદ્ધિ નિર્મલ બનાવે છે. જ્યારે ભેંસના દુધના ઉપયોગથી આપણે આપણામાં રહેલી વૈષ્ણવતા, વિવેક–બુદ્ધિ ગુમાવેલ છે.)

વિશેષમાં બોલતા જણાવેલ કે પશુના શરીરના અંશોનો જે વસ્તુમાં ઉપયોગ થાય છે તેવી ચીજો દા. ત. નામી ટુથપેસ્ટમાં ટેલોનો ઉપયોગ–નામી સાબુમાં પણ ટેલોનો ઉપયોગ તેમજ સનમાઈકા, ફોરમાઈકા જેવી બીજી અનેક ચીજોમાં પશુના હાડકા કે અન્ય વસ્તુઓનો જેમાં ઉપયોગ થઇ રહ્યો છે તેવી વસ્તુઓનો બહિસ્કાર કરવા માટે આપણે જનજાગરણ અભિયાન શરૂ કરવું જોઇએ જેથી આપણો ધર્મ પણ સચવાશે અને જરૂરીયાતની અન્ય વસ્તુઓ ઘર આંગણે શુદ્ધ વસ્તુ નિર્માણ કરવાથી અનેક પરિવારોની રોજી રોટી વધશે. જેથી ગૌ સેવા સાથે સમગ્ર સમાજની સેવા કરેલી ગણાશે.

ઋષિકુલ નિર્માણ પ્રવૃત્તિ અંગે શ્રી ડાહ્યાભાઇ ડેલાવાળાએ બોલતા જણાતેલ કે સને ૧૯૮૧ માં પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી (ગો. શ્રી રણછોડાચાર્ય મહારાજ શ્રી) દ્વારા રાજકોટમાં સોમયજ્ઞનું આયોજન થયેલ તેમજ વૈષ્ણવ ધરિષદના હિરક મહોત્સવ પણ ઉજવાયેલ તે પ્રસંગ પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી ની પ્રેરણાથી ત્રણ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા.

(૧) શ્રી વલ્લભ સુદ્ધા માસિક પ્રકાશન જેમાં આચાર્ય ચરણોના ગ્રંથોનું વિવરણ બીરાજમાન આચાર્યશ્રીઓ તેમજ તાદશી વૈષ્ણવોનાં લેખોનો સમાવેશ કરવો તેવી આપશ્રીની આજ્ઞા થયેલ તેમજ તે સમયે સમિતિની સ્થાપના કરવામાં આવેલ તેના દ્વારા આચાર્યશ્રીઓની કૃપા અને માર્ગદર્શન વડે છેલ્લા ૧૩ વરસથી રાજકોટમાંથી પ્રકાશન કાર્ય ચાલી રહ્યું છે, જેમાં કોઈ ક્ષતિ હોય તો અમારા સંચાલકોની છે તેમ ગણી તેમાં દરેકને સહાયભુત બનવા અપીલ કરેલ.

(૨) બીજો નિર્ણય "સંત શ્રી મોહનાનગર" નિર્માણ કરવાનો લીધેલ જે કેવા પ્રકારનું હોવું જોઈએ તે રાજકોટથી પ્રકાશિત થયેલ "શ્રી પ્રથમેશ ચરિતામૃત"નાં પુસ્તકમાંથી પ્રાપ્ત થઇ શકે છે. તે સંકલ્પને આપણે કાર્યકર્તાઓ સાકાર કરી શકયા નથી જે આપણા સૌની નબળાઇ ગણાય.

(૩) "શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકુલ" નિર્માણ કરવા માટેનો મહત્વનો ઠરાવ કરેલ જે અંગે વિશેષ પ્રકાશ "શ્રી પ્રથમેશ ચરિતામૃત" રાજકોટથી પ્રકાશિત થયેલ છે તેમાંથી પ્રાપ્ત થઈ શકે છે.

વિશેષમાં ઋષિકુલ નિર્માણ અંગે ડાહ્યાભાઇ ડેલાવાંળાએ જણાવેલ કે સમાજમાં જાગૃતિ આવે અને સંસ્કારશીલ તેમજ ચારિત્ર્યવાન ભાવી પેઢી નિર્માણ થાય તે હેતુથી દરેક જીલ્લે જીલ્લે અરે શકય બને તો તાલુકા મથકે ઋષીકુલ નિર્માણ કરવાનાં પ્રયત્નો થવા જોઇએ પરંતુ તે ત્યારે જ નિર્માણ થઇ શકે કે આપણે સર્વ પ્રથમ ઋષીકુલમાં અપાનાર કેળવણી અંગેની માર્ગદર્શિકા તૈયાર કરવી જોઇએ સાથે આપણે નિર્ધારીત કરેલ અભ્યાસ માટે યોગ્ય આચાર્યો (શિક્ષકો) નિર્માણ કરવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

દાખલો આપતા જણાવેલ કે વિદ્યા ભારતી સંસ્થા દ્વારા સારાયે ભારત વર્ષમાં બે હજારથી વધુ આવી સ્કુલો નિર્માણ થઈ રહી છે તે સંગઠીત બની રાજયે રાજયે પ્રશિક્ષણ વર્ગો ખોલેલ છે. તેમાથી પ્રેરણા લઈ આપણે સૌએ સાથે મળી નક્કર કામ કરવું જોઈએ,

ફકત રાજકોટમાં ઋષીકુલ ભવન નિર્માણ માટે હસુભાઈ ખખ્ખર દ્વારા જે પ્રયત્નો થઈ રહયા છે તે એટલા પુરતા નથી આપણે શિક્ષણનું હાટડું નિર્માણ કરવું નથી પણ ચોકકસ વિચારને લઈને આપણે સંસ્કૃતિનાં રક્ષણ માટે ઋષીકુલો નિર્માણ કરવા છે જેથી દરેક કાર્યકર્તાઓ જાગૃત બની યોગ્ય વ્યકિતઓનો સાથ સહકાર લઈ આપણે સૌ સાથે મળી પ્રયત્ન કરીશું તો ચોકકસ ધ્યેયને સાકાર કરી શકશું.

આ સિવાય અનેક ભગવદીય કાર્યકર વૈષ્ણવો એ જે તે વિષયમાં પોતાના તલસ્પર્શી વિચારો રજુ કર્યા એકંદરે ભાગવત વિદ્યાપીઠની પાવન ભૂમીમાં કાર્યકર્તાઓ પોત પોતાના રાજયમાં જઈને સાંપ્રદાયિક પ્રવૃત્તિ માટેનું ભાથુ મળી રહે તે વિચાર થોડે અંશે સફળ થયો ગણાય.

ઈન્દ્રકાન્તભાઈ શેઠ કે જેઓ ભાગવત વિદ્યાપીઠનો પણ ટ્રસ્ટી છે તેમનાં માર્ગદર્શન સાથે ત્યાંના વ્યવસ્થાપકોએ કાર્યકર્તાઓને રહેવા, ઉતરવા તેમજ પ્રસાદ લેવાની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.

---

# 'શ્રી વલ્લભ સુધા' ના સભ્યોને ભેટ પુસ્તક

'શ્રીવલ્લભ સુધા'ના ચાલુ વર્ષના બધાજ સામાન્ય તથા આજીવન. સભ્યોને લગભગ દિવાળી સુધીમાં **નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી મહારાજના** વચનામૃતોના સંગ્રહનું પુસ્તક લગભગ ૨૦૦ પૃષ્ઠનું જેની ન્યોછાવર ૨૫ રૂા. થાય તે ભેટ અપાશે.

આગામી માસ, નવેમ્બરની ૩૦ તારીખ સુધી નવા બનનાર દરેક સામાન્ય તથા આજીવન સભ્યોને પણ આ ભેટ પુંસ્તકનો લાભ મળશે. તો જેઓ શ્રી વલ્લભ સુધાના ચાહકો છે તે વિશેષ પ્રચાર કરીને વધુ વૈષ્ણવોને આ સમાચાર પહોંચાડી શ્રીવલ્લભ સુધા અને ભેટ પુસ્તકના વાચનથી શ્રીવલ્લભભાધિશના દિવ્ય અલૌકિક ગ્રંથ, વચનામૃતનો પ્રચાર કરવામાં સહાય કરે.

**લવાજમ, વાર્ષિક રૂા. ૩૦ આજીવન રૂા. ૩૦૧**

**શ્રી વલ્લભ સુધા**

કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણા પરા **રાજકોટ** ચેક-ડ્રાફ્ટ **''શ્રીવલ્લભ વિચાન'** એ નામથી લખવા વિ.

# પુસ્તક પરિચય

**શ્રી વિઠ્ઠલ સુધા મુકતાવલી :** લેખક, સંપાદક, પ્રકાશક : પ ભ. શ્રી પોપટલાલ રામજીભાઈ
બગડાઈ (મરજાદી)

પાણી શેરી ઝવેરીના મકાનમાં **જેતપુર** ૩૬૦૩૭૦
પૃષ્ઠ ૨૦૮+૧૪ પેપરબેક, પીન બાઈન્ડીંગ

ન્યો, રૂ઼ા. ૨૦/– પ્રાપ્તિસ્થાન પ. ભ. શ્રી મનસુખભાઈ રાણપુરા
શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી ખત્રીવાડ, રાજકોટમાં સાંજના સમયે, પુસ્તક વિતરણ
વિભાગમાં માત્ર રૂબરૂ મેળવી શકાશે.

પ. ભ. પોપટબાપા મરજાદી, આપણા સંપ્રદાયતા એક બહુશ્રૂત, અનુભવી ભગવદીય છે. આ પહેલાં શ્રી વલ્લભાખ્યાન ટીકા, તથ. કીર્તનકુંજ સેવા પ્રકાર સહિતના નાના મોટા ધણા પુસ્તકો તેમણે લખ્યાં છે, પ્રસ્તુત પુસ્તકમાં મુખ્ય વિષય છે શ્રીમહાપ્રભુજીના શ્રી સર્વોત્તમ સ્તોત્ર અંતર્ગત ૧૦૮ અલૌકિક નામોની વિશદ્ વ્યાખ્યા. આ ઉપરાંત શ્રી પોપટબાપા રચિત, શ્રી વલ્લભાષ્ટક, અને શ્રી સપ્ત શ્લોકીના ધોળના રૂપમાં અનુવાદ, વગેરે ખુબજ ફલદાયક સાહિત્ય આ પુસ્તકના પ્રથમ તથા દ્વિતિય ખંડમાં સમાવિષ્ટ થયેલ છે.

આ પુસ્તકના ત્રીજા ખંડમાં, પોરબંદરવાળા વિદ્વદવર્ય પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી દ્વારા પ્રકાશીત ‘માલા પહેરામણી શા માટે અને કેમ ?’ એ પુસ્તિકાનું પુન: પ્રકાશન થયેલ છે. તેમજ પ. ભ. શ્રી પ્રેમલાલ મેવચા લિખિત ‘આશૌચ દર્પણ અને દ્રવ્ય શુદ્ધિ નામના ઉપયોગી પુસ્તકનું પણ પુન: પ્રકાશન થયેલ છે જે પુષ્ટિમાર્ગમાં જે સદાચારના આગ્રહી વૈષ્ણવો છે. એમને આચાર–વિચાર અને સૂતક–પીડરૂના નિર્ણયમાં સંપુર્ણ માર્ગદર્શન આપે છે.

આ ઉપરાંત પ. ભ શ્રી મોટાભાઈ કૃત ‘પુષ્ટિ માર્ગીય શિક્ષા’ના દોહાઓમાંથી અતી ઉપયોગી લગભગ ૧૦૦ દોહાઓનો પ. ભ. શ્રીવ્રંજરત્નદાસ પરિખ, પાટણવાળાએ સરળ સુબોધ ભાવાનુવાદ કરેલ તે આ પુસ્તકમાં પ્રકાશિત થયેલ છે.

ચોથા ખંડમાં સામાન્યથી લઈને ભગવદિય વૈષ્ણવ સુધીનાને ખૂબજ ઉપયોગી સોનેરી સુવાકયોનો સંગ્રહ છે. આ ઉપરાંત પણ કેટલાંક પ્રકિર્ણ વિષયોના સંગ્રહથી આ પુસ્તક અત્યંત મનનિય અને સંગ્રહ કરવા યોગ્ય બન્યું છે. આ પુસ્તકના પ્રકાશનમાં દ્રવ્ય સહાયક ભગવદિઓને જ કેટલાંક પુસ્તકો ભાગે પડતાં અપાના. બાકી રહેતાં એકસોમાં થોડા ઓછા પુસ્તકો શ્રી વલ્લભ સુધા કાર્યાલયને પ્રકાશન સહાયતા રૂપે પ્રાપ્ત થયાં છે જે ઉપરોકત શરનામેથી વહેલો તે પહેલોના ધોરણે મળી શકશે,

---

## ભાવાંજલિ સભા

**રાજકોટ** પૂ, ગો, શ્રી વલ્લભલાલજી મહારાજના વહુજી શ્રી દિવ્યાંગના વહુજીને ભાવાંજલી અર્પવા રાજકોટ વૈષ્ણવ સમાજ અને આં. પુ. વૈ. પરિષદ તથા શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના ઉપક્રમે એક સભા તા. ૨૨–૮–૯૪ના રોજ જશુભાઈ મંડાણમાં મળેલ.

રાજકોટ તથા બહારગામના અનેક વૈષ્ણવોએ ગદગદ હૃદયે પુ. શ્રી વહુજીને ભાવ સુમન અર્પણ કરેલ. મુખ્ય ભાવાંજલી ઠરાવ સભાના પ્રમુખ શ્રી વૃજલાલભાઈ રાણપરા દ્વારા રજુ થયેલ ઉપરાંત રાજકોટની વિવિધ દશ સંસ્થાઓના ઠરાવો પણ રજુ થયેલ પ્રારંભમા તથા અન્તમાં સ્તોત્રપાઠ ભગવદ નામની ધુન કરી કાર્યક્રમ સમાપ્ત થયેલ.

**SHREE VALLABH SUDHA** Monthly Magazing. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43·

॥ શ્રીહરિઃ ॥

[ શ્રી હરિરાયજી રચિત 'પલના ફુલન ગુંથ બનાયો' પદનો ગુજરાતી ધોળમાં ભાવાનુવાદ ]

( ઢાળ – ઉભા કદંબ વન વેલીમાં, છબીલો લાલ )

ફુલથી ભર્યું નંદરાણી પલનાને, ફુલથી ભર્યું નંદરાણી,
સરખી સાહેલી મળી શાણી,
પલનાને ફુલથી ભર્યું નંદરાણી. ૧

જાઇ જૂઇને ચંપો ચમેલી,
રાયવેલીને રાતરાણી – પલનાને ફુલથી૦ ૨

કેવડો કુંજો ને માધુરી મોગરો,
વિવિધ ગુલાબ ફુલ આણી – પલનાને ફુલથી૦ ૩

પ્રેમે પધરાવ્યા પલનામાં શ્યામને,
માતા ઝુલાવે દોરી તાણી – પલનાને ફુલથી૦ ૪

કિલકી કિલકી ઝુલે નંદલાલા,
બોલે છે તોતડી વાણી – પલનાને ફુલથી૦ ૫

વ્રજનારી મળી દર્શને આવી.
ફૂલી અંતર ન સમાણી – પલનાને ફુલથી૦ ૬

**'લાલ'** પ્રભુના દર્શન કરીને,
ગાય યશ **'રસિક'** વખાણી – પલનાને ફુલથી૦ ૭

રચયિતા – કિર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ.

**આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.**

**શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮**

॥ શ્રી હરિઃ ॥



## બંસી-વાદન, રાગ-જંગાલ

જબ મોહન મુરલિ અધર ધરિયા,
સિલા સલિલ, સરિતા જ્યુ થકિત ભઈ,
        ગોપી જનનિ ચિત-બિત હરિયા;
બંસીબટ કાલિંદી કે તટ,
        બાજિ ઉઠી રસ-રંગ ભરિયા. ૧
લોક-લાજ તજિ ઉઠિ-ઉઠિ ધાઈ,
      તનક ભનક સ્ત્રવનન પરિયા;
**'ચંદ્રસખી'** હિત બાલકૃષ્ણ પ્રભુ,
      તન-મન-ધન વારનૈ કરિયા. ૨

—ભકત કવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ***

**વર્ષ ૧૩ : અંક-૭** **ઓકટોમ્બર, ૧૯૯૪**
**શ્રી વલ્લભાબ્દ ૫૧૬**

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-** * **આજીવન રૂા. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

(ત્રીજા ટાઈટલથી ચાલુ)

## 'શ્રી ગોવર્ધનનાથકી જય', શ્રી ગિરિરાજ મહારાજકી જય'

## ભાઇબીજ (યમ દ્વિતીયા)

કાર્તિક સુદી દ્વિતીયા કે દિન હરિ હલધર સહિત સુભદ્રાકે ઘર આયે ।
તિલક કરાય બૈઠે દોઉ જેંવન, વિવિધ ભાંતકે ભોગ લગાએ ॥૧॥
બીરા દે કરત આરતી તબ યુવતીજન મંગલ ગાયે ।
વ્રજપતિ પ્રભુ પર કર ન્યોચ્છાવર દેત સબનકોં અતિ હરખાયે ॥૨॥

**ભાવાર્થ :** કાર્તિક સુદી બીજના દિવસે શ્રી ઠાકોરજી શ્રી બલરામજી સહિત બહેન સુભદ્રાજીને ત્યાં ભોજન કરવા પધારે છે. પ્રથમ બહેન સુભદ્રા પાસે તિલક કરાવીને પછી પોતે વિવિધ ભાતની સામગ્રી આરોગે છે. બહેન સુભદ્રાજી આરતી ઉતારી અને ન્યોચ્છાવર કરી બધાં વ્રજવાસીઓને વાંટે છે.

## પુસ્તક પરિચય

**(૧) બ્રહ્મ સબંધ :–** લેખક-પૂ. ગો. શ્રીચંન્દ્રગોપાલજી મહોદય, વડોદરા.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીગ, પીન બાઈન્ડીંગ
ન્યોછાવર રૂા. ૩–૮૦ પોસ્ટેજ રૂા, ૧–૦૦.

પુષ્ટિ સંપ્રદાયના ગોસ્વામી અને પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા લખાયેલ આ પુસ્તક હિન્દી મોટા અક્ષરોમાં હિંદીમાં છે

બ્રહ્મ સબંધનો અર્થ તથા તેને લગતા પ્રશ્નોનું સુંદર રીતે વિવેચન કરવામાં આવ્યું છે. પુષ્ટિ સંપ્રદાયના આચાર્યો તેમજ પુસ્તકોનો સંદર્ભ લઈને લેખટશ્રીએ બ્રહ્મ સબંધ વિશે તલસ્પર્શી ચર્ચા કરી છે. દરેક વૈષ્ણવ તેમજ પુષ્ટિ સાહિત્યના વિદ્વાનોને ઉપયોગી નીવડે તેવું આ નાનકડું પુસ્તક છે.

**(૨) શૃંગાર સેવા :–** સંપાદક–શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રકાશક–શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ; મર્સીવાલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઇ–૪૬૦૦૦૧

પ્રસ્તુત પુસ્તિકામાં વર્ષના દરરોજના શૃંગાર-સેવાની સંક્ષિપ્ત માહિતી દર્શાવેલ છે, શ્રીમસ્તકના શૃંગાર તેમજ શ્રીઅંગના વસ્ત્રના શૃંગારના ફોટા પ્રસિદ્ધ કરેલા છે. ઘર સેવા કરનારને દરરોજના શૃંગાર વસ્ત્ર ધરાવવાની માર્ગદર્શિકા અતિ ઉપયોગી પ્રકાશન કરવા બદલ ધન્યવાદ.

સદરહુ પુસ્તિકા આઠ પેઈજી ડેમી સાઈઝના પૃષ્ઠ ૩૬, પીન બાઈન્ડીગ ઓફસેટ પ્રિન્ટીંગ, ન્યોછાવર રૂા. ૧૦/– દશ,

**નોંધ :–** કીર્તન માધુરીની ત્રણ પુસ્તકના સેટની બીજી આવૃતિ સદરહુ સંસ્થા તરફથી પ્રકાશિત થયેલ છે જેનું ન્યોછાવર ૧૫/– પંદર અને પોસ્ટેજ રૂા, ૫/– થી મળી શકશે,

## "વૈષ્ણવ પરિષદ દ્વારા ગુજરાત વ્યાપી યોજાયેલી નિબંધ સ્પર્ધાનુ પરિણામ"

**વડોદરા** આ, પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ અને પૂ. ગો શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટના ઉપક્રમે યોજવામાં આવેલી નિબંધ સ્પર્ધાના વિજેતાઓ દરેક શાખાના પ્રથમ વિજેતાના નિબંધોમાંથી વિજયી ઉમેદવારોના નામોની યાદી પ્રસ્તુત છે, પ્રો઼ફે. ભગવતી પ્રસાદ પંડયા, પ્રિ. પી. ટી. શાહ, પ્રોફે. ચંદ્રવદન પરીખની સમિતિએ ચકાસણી કરીને તેના સંયોજક શ્રી શી. પી. તલાટીએ પ્રસ્તુત નામોની જાહેરાત કરી છે.

**જુથ–૧** (૧) શાહ સૌરભકુમાર અતુલભાઈ–જસેદ (૨) ધનેશા વીશા એન.–જામનગર
(૩) શેઠ કૃતિકાબહેન કિર્તીકુમાર–ગાંધીનગર (૪) સોની અવની પ્રકાશચંદ્ર–ગોધરા
(૫) લાલાણી શીતલ ભરતભાઈ–આણંદ

**જુથ–૨** (૧) ઉતડકટ અશ્વિનભાઈ ડી.–જામનગર (૨) ગાંધી શિલ્પાબહેન શૈલેષકુમાર–ગોસી શાખા (વડોદરા)
(૩) શાહ હીનાબહેન બંસીલાલ–મોડલી શાખા (વડોદરા) (૪) મહેતા પ્રશાંત ડી.–હાલોલ
(૫) કોઠારી હંસાબહેન પ્રવિણચંદ્ર–માલપુર

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૭ ※ ઓકટોબર, ૧૯૯૪

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા** જરૂરી છે.
- * **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો તરફથી **આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

## ॥ સતસંગ એક ઉત્પ્રેરણ ॥

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

પરંતુ જ્ઞાન પોતે તેને ખરાબથી દુર નહીં કરી શકે. પોતે ખરાબને દુર કરી દે, આ ક્ષમતા જ્ઞાનમાં નથી. તે સારા અને ખરાબનો પરિચય કરાવી દેશે. જ્યારે તેને દુર્ગંધનું જ્ઞાન થયું કે દુર્ગંધનું સ્થાન છે, દુર્ગંધ આવે છે તેનાથી તે દુઃખી પણ હતો. તે દુર્ગંધથી તે છૂટવા પણ ઇચ્છતો હતો તો આ જ્ઞાનનું એક લક્ષણ છે અને સુગંધનું પણ જ્ઞાન, સુગંધનો અનુભવ પણ જ્ઞાન દ્વારા જ થાય છે. જ્ઞાન ન હોય, ચેતના ન હોય, બુદ્ધિ ન હોય, સમજવાની શક્તિ ન હોય તો સુગંધ–દુર્ગંધનો ભેદ તે કેવી રીતે જાણી શકે ? જ્ઞાન બુદ્ધિનો વિષય છે. "જ્ઞાન અને બુદ્ધિ જે છે તે નિર્ણય આપી શકે છે." નિર્ણય કરી આપવો એટલું બુદ્ધિનું કામ છે તેથી આગળ બુદ્ધિનું કાર્ય નથી ચાલતું. બુદ્ધિનું કાર્ય સમાપ્ત થઇ જાય છે.

જ્ઞાનનો લાભ એ છે કે સારા અને ખરાબ બંનેને ઓળખી સારા તરફ આપણે આગળ વધીએ અને ખરાબને છોડીએ એ જ્ઞાનનો લાભ છે. તે સિવાય જ્ઞાનનું બીજું કોઇ ફળ ન હોઇ શકે, તો પ્રેરણા હોવી જોઇએ. જ્ઞાનની સાથે સાથ જો પ્રેરણા ન થાય, ફકત જાણકારી પ્રાપ્ત થઇ જાય તો તેનાથી કામ નહીં ચાલે. 'ફકત જાણકારીથી કામ નહીં ચાલે.' સાથે સાથે પ્રેરણા વગર કામ નહીં ચાલે તો પ્રેરણા કોણ આપે છે ? પ્રેરણા ભગવદ્ ભકતોના જે ચરિત્ર છે તે પ્રેરણા આપવાવાળા છે. 'નહીં તો આપણે ભટકી રહ્યા છીએ' આપણે બધા અહીં તહીં ભટકી રહયાં છીએ, જયાં જે દિશામાં આપણી પ્રવૃત્તિ આપણને લઇ જાય છે ત્યાં ચાલ્યા જઇએ છીએ. "જયાં પણ આપણી પ્રવૃત્તિ આપણને લઈ જાય ત્યાં આપણે ચાલ્યા જઇએ છીએ.' તો આ સ્થિતિ સારી નથી. 'આ સ્થિતિ લાભ આપવાવાળી નથી.' આપણે પ્રેરણા લેવી જોઇએ.

સત્સંગ દ્વારા ભગવત્ ભકતોના ચરિત્રો સાંભળી તેમાંથી પ્રેરણા લઇએ. પ્રેરણા લીધા વગર, શ્રવણપાન આપણું તે કાર્ય સિદ્ધ નહીં કરે. હૃદયમાં પ્રેરણા આવવી જોઇએ. પ્રેરણા આપવાવાળા ભગવદ્ભકતોના ચરિત્ર હોય છે.

ભગવાનના ભકતોના ચરિત્રો એટલા દિવ્ય હોય છે, એટલા અલૌકિક હોય છે ભગવદ સંબંધવાળા હોય છે કે તેમનાં દ્વારા આપણને સહજ રીતે પ્રેરણા પ્રાપ્ત થઇ જાય છે. પ્રેરણા માટે હંમેશા આપણા હૃદયમાં ઇન્તેજારી રાખવી જોઇએ. ઇન્તેજારી વગર પ્રેરણા નહીં મળે તે સમજી લો. તમે સાંભળતા રહેશો, સાંભળતા જ રહેશો. વર્ષો સુધી સાંભળતા રહેશો. હૃદયમાં ઇન્તેજારી નહીં હોય તો પ્રેરણા કયાંથી મળશે ? ન જ મળી શકે. તેથી આપણે સત્સંગ તો અવશ્ય કરવો જોઇએ, હંમેશા કરવો જોઇએ. પરંતુ સાથે સાથે એ ઉદ્દેશથી કરવો જોઇએ કે આપણને તેનાથી પ્રેરણા લેવાની છે. આ લક્ષને હૃદયમાં રાખીને પછી સત્સંગ કરવો જોઇએ. સત્સંગનો લાભ શું છે ? એ સમજી લો કે સાંભળવું એ લાભ નથી, પરંતુ તેનાથી પ્રેરણા મેળવવી એ લાભ છે.

આપણે માત્ર સાંભળી લઇએ તે લાભ નથી. તેનાથી તેટલો સમય સારા કાર્યમાં ગયો એટલો લાભ ચોક્કસ થશે. ખરાબીથી આપણે બચ્યા, આ સમયમાં આપણે ખરાબ કામ કરત. ખરાબ વાત સાંભળત તો હૃદયમાં ખરાબી આવત, તેનાથી આપણે બચી ગયા, એટલો લાભ તો પ્રત્યક્ષ છે. સત્સંગમાં સારી વાતો સાંભળવાનો, પરંતુ પ્રેરણા વગર તેનાથી વિશેષ લાભ આપણે પ્રાપ્ત ન કરી શકીએ. તેથી હૃદયમાં પ્રેરણા પ્રાપ્ત કરવાનો ઉત્સાહ હોવો જોઇએ. ઉત્સાહ વગર પ્રેરણા પણ નથી મળતી. જયારે કોઇ પણ વ્યકિતને લાભ પ્રાપ્ત થાય, ત્યારે જ તેની પ્રેરણા ઉત્સાહિત થાય છે. લાભ ન મળે અને માત્ર કરતા જ રહે, કરતાં જ રહે. તે પ્રેરણા કયાંથી મળે ? પહેલાં કોઈ પાસેથી તેના વિશે સારૂં સાંભળી તે કામમાં લાગી રહે અને તેનાથી લાભ કંઇ ન મળે તો થોડા દિવસોમાં તેનો જે ઉત્સાહ છે તે આપોઆપ શાંત થઇ જશે. તે વધારે સમય હૃદયમાં નહીં રહી શકે. તેથી આપણે પ્રેરણા મેળવવા માટે સત્સંગ કરવો જોઇએ અને ભગવદ્ ભકતોના ચરિત્ર દ્વારા નિશ્ચિતરૂપે

પ્રેરણા પ્રાપ્ત થાય છે તેમાં શંકા કરવાની કોઈ જરૂર નથી, પરંતુ ઉત્સાહ રાખીને આપણે સાંભળીએ ત્યારે આ કાર્ય આપણે આપણા જીવનમાં સિદ્ધ કરી શકીશું.

# કૃષ્ણલીલામૃત પાન

લે. પ્રો. એમ. આર. પાલેજા રાજપીપળા

## (૬) પરબ્રહ્મ પુરૂષોત્તમ એક જ રે
## યશોદોત્સંગ બાલિત કૃષ્ણ ખરે

બ્રહ્મના શું બે સ્વરૂપ છે ? એક મોટા બ્રહ્મ અને બીજા નાના બ્રહ્મ ? એક ઉચ્ચતર બ્રહ્મ (Higher Brahma) અને બીજા નિમ્નતર બ્રહ્મ ? (Lower Brahma)

ના, એવું નથી. બ્રહ્મ એક જ છે. કેટલાક લોકો માને છે કે બ્રહ્મ બે છે પણ તે બ્રહ્મના સ્વરૂપને ઓળખી શકયા નથી.

'પરબ્રહ્મ' શબ્દ સ્વયં આ વસ્તુનું સ્પષ્ટપણે સુચન કરે છે, જે સૌથી પર છે, જે સૌથી વિશેષ છે, જે સૌથી પરમ છે, જેની ઉપર કોઇ જ નથી તે 'પરબ્રહ્મ' અને તે એક જ છે, અદ્વિતીય છે.

પરંતુ નિર્ગુણ નિરાકાર બ્રહ્મ અને સગુણ સાકાર બ્રહ્મ એ તો બે બ્રહ્મ હોવાનું સુચન કરે છે, તો પછી બ્રહ્મ એક જ છે એમ કેવી રીતે સમજી શકાય ?

સિકકાની બે બાજુ હોય છે પણ તેને આપણે બે સિકકા નથી ગણતા, એક જ સિકકો ગણીએ છીએ, તેમ બ્રહ્મને બે બાજુ-બે પાસાં છે: એક નિર્ગુણ નિરાકાર અને બીજુ સગુણ સાકાર આમ બ્રહ્મને તમે નિર્ગુણ-નિરાકાર કહો કે સગુણ-સાકાર કહો પણ તે એક જ બ્રહ્મ છે, બે જુદા જુદા બ્રહ્મ નથી.

આપણા મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યચરણ આ વસ્તુ સરળતાથી મનમાં ઉતરી જાય તેવી સુંદર અને સચોટ રીતે સમજાવે છે.

નિર્ગુણ એટલે સત્વ, રજસ અને તમસાત્મક પ્રાકૃત ગુણોથી-ધર્મોથી રહિત છે તેવા અને નિરાકાર એટલે જે લૌકિક અંગોથી રહિત છે તે.

સગુણ એટલે જે અલૌકિક ધર્મેથી-ગુણોથી સંપન્ન છે, જે ઐશ્વર્યાદિ છ ગુણોથી યુકત છે તે અને સાકાર એટલે જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને જેમનો રસાત્મક-આનંદમય આકાર છે એમ બ્રહ્મ 'આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ' છે એટલે બ્રહ્મના સર્વ અવયવ-હાથ, પગ, મુખ, ઉદર આદિ સમગ્ર અવયવ આનંદ માત્ર છે, અલૌકિક છે આ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ નિર્ગુણ-નિરાકાર અને સગુણ-સાકાર છે.

જેમ બીજા દેવોનાં નામ છે તેમ આ પરબ્રહ્મનું પણ કોઇ નામ તો હશે ને ?

અનંત-અપાર નામો છે આ પરબ્રહ્મનાં પણ વેદ-ઉપનિષદ-ગીતા અને પુરાણ પ્રસિદ્ધ નામ શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણ છે. એ જ પરબ્રહ્મ છે, ઇશ્વરોના ઇશ્વર એના ઇશ્વરેશ્વર-સર્વેશ્વર

છે અને સર્વ જીવાત્માઓનાં પણ પરમ આત્મા એવા પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન છે.

મહાપ્રભુજી શ્રીયશોદોત્સિંગ લલિત શ્રીકૃષ્ણ એ જ પરબ્રહ્મ છે એમ કહી શ્રીકૃષ્ણની પરબ્રહ્મ તરીકે આપણી સાથે ઓળખાણ કરાવે છે એટલું જ નહીં પરંતુ દીન જીવોને બ્રહ્મ સબંધનું દાન કરી શ્રીકૃષ્ણચરણ શરણ અપાવે છે.

'બ્રહ્મ સંબંધ' શબ્દને યથાર્થ રીતે જાણીએ તો એ 'જગતના જીવોનોપર બ્રહ્મ સાથે સંબંધ' એવા અર્થનો સુચક છે.

પ્રભુના આદેશથી મહાપ્રભુજી વ્રજમાં પધારે છે. રાત્રીના સમયે શ્રી યમુનાજીના ઘાટ પર મહાપ્રભુજી બિરાજમાન છે, બાજુમાં આપશ્રીના પરમ સેવક શ્રી દામોદરદાસ હરસાનીજી જાગતા સુતેલા છે. જીવોના ચિંતિત મુખમુદ્રા છે શ્રી મહાપ્રભુજીની આપશ્રીના મનમાં એક માત્ર ચિંતા છે ઉદ્ધાર અર્થે પ્રભુની આજ્ઞાથી હું આ ધરાતસલ પર પ્રકટ તો થયો પરંતુ માયાના પાશમાં બંધાયેલા, અનેક દોષોથી ભરેલા આ જીવોનો સંબંધ પરમ નિર્દોષ અને પરમ વિશુદ્ધિ એવા શ્રી કૃષ્ણપ્રભુ સાથે કેવી રીતે કરી શકાય ? કયાં નિર્દોષતાના અતિ ઉચ્ચતમ શિખર એવા પ્રભુ અને કયાં અનેક દોષથી ભરેલ ખાઇ સ્વરૂપ અતિ નિકૃષ્ટ એવા આ અધમ જીવો ! આ આ બંનેનો સંબંધ કેવી રીતે શકય બને ?

આવા ચિંતનથી મહાપ્રભુજીની મુખમુદ્રા અતિ ગંભીર બની છે. પોતાના નીજના વદનાવતાર શ્રી મહાપ્રભુજીના હૃદયનો તાપ જીરવાયો નહીં. સ્વયં પ્રભુ આપશ્રી સન્મુખ પ્રકટ થયા, કોઇ અનેરી દૈવી આભાવી શ્રી યમુનાજીનો કિનારો ઝળહળી ઊઠયો.

પ્રભુ બોલ્યા : 'પ્રિય વલ્લભ' આપ તો મારા અભિન્ન સ્વરૂપ છો, દૈવી પ્રતાપથી યુકત છો તો આવી શંકા – આવી ચિંતા શા માટે ?

શ્રીવલ્લભ કહે : 'પ્રભુ, અનેક પ્રકારનાં દોષોથી ભરેલા આ જીવોને આપશ્રીની સાથે જોડવામાં હું વ્યથા અનુભવું છું.

'વલ્લભ, ચિંતામુક્ત બનો, આપ મને અતિ પ્રિત છો. આપ આપના કૃપાભાજન જે જીવોને શરણે લેશો તે જીવોને હું પ્રિય ગણી તેમના દોષ દુર કરી તેમના સહર્ષ અંગિકાર કરીશ અને કદી પણ એ જીવોનો હું ત્યાગ કરીશ નહીં, આમ કહી પ્રભુએ મહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્ર કહી બતાવ્યો.

પ્રભુની કૃપાથી કરુણાસાગર મહાપ્રભુજીના શ્રીમુખની ગંભીરતા પલટાઈ ગઈ આપશ્રી કહે : 'પ્રભુ, આ બ્રહ્મસંબંધ મંત્ર આપી આપશ્રીએ મને ચિંતામુક્ત કર્યા છે, મારું ભૂતળ પરનું કાર્ય સરળ બનાવી આપ્યું છે.

શ્રી યમુનાજીના રમણિય ઘાટ પર આથી કેવું સુભગ સુંદર દર્શન સર્જાયું અહીં આનંદ સ્વરૂપ પ્રભુ છે, અહીં પરમાનંદ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી અહીં પરમકૃપાળુ શ્રી યમુના મહારાણી છે અને અહીં સર્વોત્કૃષ્ટ જીવ–પરમ ઉત્કૃષ્ટ જીવાત્મા રૂપે શ્રી દામોદરદાસ હરસાનીજી છે, વૈષ્ણવોના હૃદયમાં આ અલૌકિક ચિત્ર આરુઢ થયેલું છે.

કરૂણાસાગર શ્રી મહાપ્રભુજીની કૃપાથી આ સુંદર દર્શન પ્રાપ્ય થયેલ છે. જ્યારે

આરક્ત ભક્તના હૃદયને આ કરુણા સ્પર્શે છે ત્યારે તે જીવનું હૃદય એટલું તો આર્દ્ર બને છે કે તેના હૃદયરૂપી સરિતાના લોચનરૂપી બંને કિનારા અશ્રુજલથી છલછલ બની જાય છે !

પરમકૃપાળુ શ્રી મહાપ્રભુજી પોતાના જીવનના આ અલૌકિક પ્રસંગ દ્વારા આપણને જે સરળ રીતે, સુંદર રીતે 'બ્રહ્મ'ની સાથે ઓળખાણ કરાવે છે, 'પરબ્રહ્મ'ની પિછાણ કરાવે છે, પરબ્રહ્મ'ની પિછાણ કરાવે છે, પરબ્રહ્મના દર્શન કરાવે છે તે રીતે બીજા કોઇ કરાવી શકયા નથી, અન્યત્ર આવું જોવા મળતું નથી

સામાન્ય જીવ પણ સમજી શકે કે શ્રીકૃષ્ણ એ જ પરબ્રહ્મ છે તેવી એક બીજી વેદોપનિષદ્‌પ્રસિદ્ધ વાત છે.

આપણા પ્રભુ શ્રીકૃષ્ણના 'અનેક મનોહર નામો છે તેમાં એક નામ છે. રમણબિહારી રણલાલ કે રમણબિહારી કહેતાં વાર બીજા કોઇ દેવ કે ઇશ્વરનું આપણને સ્મરણ થતું નથી. શ્રીકૃષ્ણ પ્રભુનું જ સ્મરણ થાય છે. નામ બોલતાંની સાથે જ શ્રી બાલકૃષ્ણ પ્રભુનું ચૌદ ભુવન મનમોહન સ્વરૂપ શ્રીકૃષ્ણ પ્રભુનું નામ આપણા હોઠ પર આવે છે, સુંદર સ્વરૂપ શ્રી કૃષ્ણપ્રભુનું નામ આપણા હોઠ પર આવે છે, સ્વરૂપ આપણા હૃદયપર પર અંકિત બને છે.

વેદો દર્શાવે છે કે એકાકી એવા 'પરબ્રહ્મ'ને રમણ કરવાની ઇચ્છા થઈ "એકાકી ન રમતે સ દ્વિતીયમૈચ્છત" "એકોઽહં બહુસ્યામ" એ ઉક્તિઓ દર્શાવે છે કે પોતાની ક્રીડા અર્થે બ્રહ્મ એકમાંથી બે અને બે માંથી અનેક રૂપ થયા આ વાત ગોલોકધામના રમણબિહારી પરબ્રહ્મને સારસ્વત કલ્પના યશોદોત્સંગ લલિત શ્રી કૃષ્ણ સાથે જોડે છે – બંનેનો સીધો સંબંધ દર્શાવે છે પરબ્રહ્મ અને શ્રીકૃષ્ણ એક જ છે, અભિન્ન સ્વરૂપ છે તે સ્પષ્ટ થાય છે.

## આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભક્તિવર્ધિની

## ગ્રન્થ – પરિચય

લેખક – **ગોસ્વામીજી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

ભાષાન્તર – પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. (કોવિદ) મુંબઈ (ગતાંકથી ચાલુ)

કોઇપણ વાકય ઉદ્દેશ્ય એટલે કે વિધેયભાવ (જેનું વિધાન કરવાનું છે એ વસ્તુના ભાવ)થી યુક્ત (એટલે કે ભરેલું) હોવું જોઇએ. જેમકે 'ગાય પ્રાણી છે' એ વાકયમાં 'ગાય' શબ્દ ઉદ્દેશ્ય છે અને 'પ્રાણી' શબ્દ વિધેય છે. આ જ પ્રમાણે 'અહં બ્રહ્માસ્મિ' વાકયમાં 'અહં' શબ્દ ઉદ્દેશ્ય છે અને 'બ્રહ્મ' શબ્દ વિધેય છે. એ જ કારણથી અહંની જેને ઉપમા (સ્થાન) આપી શકાય એવા જીવાત્માને બ્રહ્મ (રૂપ) માનવું એ વાસ્તવિક–સાચો–બ્રહ્મબોધ છે, તથા વ્યાપક અંશી પરમાત્માની સાથે અંશરૂપ એવા જીવાત્માની અહંતાને સાચા પરિપ્રેક્ષ્યમાં (એટલે કે સાચી દષ્ટિના વિસ્તારમાં દર્શન છે. 'બ્રહ્મ'ને ઉદ્દેશ્ય માની 'અહંકાર'ને વિધેય બનાવવું એ (પેલા 'ગાય પ્રાણી છે' એ વાકયમાં) બધા પ્રાણીઓને ગાય માની લેવાની ત્રુટી-ભૂલ–ખોટી માન્યતા જેવી છે. બ્રહ્મ તો ત્વંકારાસ્પદ પણ છે– 'તત્વમસિ' વાકયમાં પ્રાણી તો ગાય, હાથી તથા ઘોડા વગેરે અનેક પ્રકારના હોય છે. તેથી બધાં પ્રાણીઓને ગાય માનવાની ભૂલ–ખોટી માન્યતા–જેવી ભૂલ, બ્રહ્મને અહમાસ્પદ (અહં જેવું) માનનાર, કરી બેસે છે. અંશીને અહં કહી શકાય નહીં, કારણ કે 'ત્વં' પણ છે અને ઇદં (આ) પણ છે. પરંતુ અંશ હોવાના કારણે 'અહં'ને અંશી બ્રહ્મ કહી શકાય છે. બાપના જેવો ચહેરો બેટાનો હોય છે–હોય શકે છે–પરંતુ બેટાના ચહેરા જેવો બાપનો ચહેરો નહીં !

આ જ કારણને લીધે શ્રી શંકરાચાર્યજી કહે છે કે, મોજાં એટલે 'સમુદ્રનાં મોજા' કહેવા જોઇએ, પરંતુ સમુદ્રને 'મોજાં (લહેરો)વાળો સમુદ્ર' નહી. ('સામુદ્રો હિ તરંગઃ કવચ ન સમુદ્રસ્તરંગઃ') એમ. કિનારા પર પહોંચીને મોજાં (લહેરો) પોતાની આહુતિ સમુદ્રમાં આપી દે છે, પરંતુ શું કયારેય સમુદ્રની આહુતિ કોઇ લહરમાં–મોજામાં આપી શકાતી હોય છે કે ? ના, નહીં જ !

જ્ઞાનીમાર્ગી અહંતાની ચિકિત્સા (ઉપાય, યોજના) ઉપર ભાર મૂકે છે– બ્રહ્મની સાથે પોતાની અહંતાને જોડી દઇને તેને સ્વસ્થ (રોગ મુક્ત) બનાવવાની ઇચ્છા રાખે છે. પરંતુ આ પ્રણાલીમાં મમતાની ઉપેક્ષા થઇ જતી હોય છે, અને એ જ મમતા વિકૃત બની જાય ત્યારે જ્ઞાનીના જ્ઞાનમાં કામના વ્રણ–ઘા–પ્રગટી ઉઠે છે ! મમતાને છોડી દઇને (મૂકી દઇને) કેવલ અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ એ જ્ઞાનમાર્ગ છે. એ પ્રયાસ સફળ થાય ત્યારે

બ્રહ્માનંદની પ્રાપ્તિ થતી હોય છે અને એ પ્રયાસ વિફળ થાય ત્યારે 'અહં બ્રહ્માસ્મિ'ના જપમાં 'બ્રહ્મ'ને બદલે 'અહં' ઉપર ભાર આવી જાય છે– અને આ મહાવાકય ('અહં બ્રહ્માસ્મિ' વાકયનો) અર્થ બદલાઇ જાય છે.

કયારેક વિફળ જ્ઞાનમાર્ગીય સાધકની ઉપેક્ષિત મમતા, જ્ઞાનમાર્ગ પર દોડતી વખતે સાધકને રજોગુણની ગોધુલીની વેળાએ (એટલે કે સાંજ ઢળે ત્યારે ગાયના ચરણથી ઊડતી રજના ઘેરાવામાં થતાં અસ્પષ્ટ દર્શનની) વેળાએ શિષ્યેષણા (શિષ્યની ઇચ્છા)ની જેમ કામનાઓનું રૂપ ધારણ કરીને (જ્ઞાનમાર્ગ ઉપર દોડતા સાધકને) મોહપાશમાં બાંધી લે છે. આ જ કારણથી ભગવાન કહે છે–

'સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતિર્જ્ઞાનવાનપિ, પ્રકૃતિંયાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ?'

આ બંને માર્ગો– (કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગની યાત્રા સફળ થતાં મુકિત સુધી પહોંચાડનારા માર્ગ છે, પરંતુ અહંતા તથા મમતામાંથી કોઇપણ એકને સ્વસ્થ કરવાના આ બધા અપૂર્ણ પ્રયાસ (પ્રયત્નો) હોવાથી (યા થવાથી) આપણા કામ તથા ક્રોધના રોગોની પૂર્ણ ચિકિત્સા કરતા નથી, કેવલ ભકિતયોગ જ આપણી અહંતા–મમતાને પૂર્ણ રીતે (સંપૂર્ણ માત્રામાં) સ્વસ્થ રાખવાની એક માત્ર ચિકિત્સા પ્રણાલી (રોગને દુર કરવાના ઉપાયોની રીત) છે. અકઠોર (ક્રુર નહીં એવા), મૃદુ (કોમળ), પૂર્ણ અને ભય રહિત !

(૪) 'ભકિત' શબ્દ ભજ+ક્તિન્ એ બંને જોડવાથી બને છે. 'ભજ' ધાતુનો મૂળ અર્થ છે– સેવા. 'ક્તિન્' પ્રત્યયનો અર્થ છે પ્રેમ. આમ 'ભક્તિ' શબ્દનો એકંદરે અર્થ થાય છે પ્રેમ સહિત કરવામાં આવતી સેવા.

આ ભકિત આપણી અહંતા–મમતાની પૂર્ણ ચિકિત્સા છે. શરણાગત પુષ્ટિજીવને ભગવત્સેવામાં લગાડી (જોડી) દઇને એ (ભકિત) જીવની અહંતાને ભગવાનની સાથે જોડી દે છે. 'સોહમ્'ની પ્રક્રિયાથી નહીં પરંતુ 'દાસોહમ્'ની પ્રક્રિયા દ્વારા સચ્ચાઇપૂર્વકની સેવા આપણે એની જ કરી શકીએ છીએ જેની સામે આપણે અહંકાર ઝૂકી જાય–નમી પડે. પુષ્ટિ પ્રભુ વ્રજાધિપ શ્રીકૃષ્ણની સમક્ષ આપણા અહંકારને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' કહીને અથવા 'દાસોહં કૃષ્ણ તવ' એમ કહીને ઝૂકી પડવું–નમી પડવું. એ પુષ્ટિભકત અથવા તો પુષ્ટિભકિતની પ્રકૃતિમાં નિહિત–ચોક્કસપણે નિરૂપિત અર્થ છે. અહંકાર ઝૂકી પડે એટલે તરત શરીરને પણ ઝૂકવું પડશે. આ જ કારણથી સિદ્ધાંત મુકતાવલી ગ્રંથમાં તનુવિત્તજા સેવાની તથા સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં સર્વસમર્પણની વાત સમજાવીને ચતુઃશ્લોકી નામના ગ્રંથમાં વ્રજાધિપના ભજનનેજ સ્વધર્મ માનવામાં આવ્યો છે.

સંસ્કૃત ભાષાનો એક નિયમ છે કે પ્રત્યેક શબ્દના ઘટક (એટલે બનાવનાર) મૂળ શબ્દ તથા પ્રત્યય, પોતપોતાના અર્થના બોધ એક સાથે જ પેદા કરે છે, જુદા જુદા નહીં. તે

છતાં પ્રત્યયના અર્થની કંઇક (થોડીક) પ્રધાનતા હોય તો છે જ. 'ક્તિન' પ્રત્યયનો અર્થ પ્રેમ પણ 'ભક્તિ' શબ્દની સાથે બીજા ઘટક 'ભજ' ધાતુના અર્થ 'સેવા'ની તુલનામાં કંઇક પ્રધાનતા ધારણ કરે છે. કોઇકના તરફ મન ઝુકી પડે ત્યારે મન જ્યાં ઝુકે એટલે મમતા પણ તે તરફ વળવા માંડશે. આપણી મમતા શ્રીકૃષ્ણની તરફ (એટલે સાથે) જોડવાની વાત, ચિત્તની કૃષ્ણ તરફ ઝુકવાના રૂપમાં સિદ્ધાંત મુક્તાવલીમાં (ચિત્તઃ તત્પ્રવણં સેવા- એ સૂત્ર દ્વારા સમજાવવામાં આવેલી છે. ચતુઃશ્લોકી ગ્રંથમાં, શ્રીકૃષ્ણના તરફ આપણી મમતાને વાળવાની ક્રિયાને જ પુષ્ટિમાર્ગીય 'કામ' કહેવામાં આવેલ છે. એ જ 'કામ', એ જ કૃષ્ણ દર્શન- કામના 'ભક્તિ' શબ્દમાં 'ક્તિન્' પ્રત્યયનો અર્થ છે.

ચતુઃશ્લોકીમાં ભજન તથા સ્મરણની નિરંતર ચક્રની જેમ ચાલુ રહેવાની ક્રિયાને મોક્ષ માનવામાં આવેલ છે. 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં ઇતિ મે મતિઃ'- વચનમાં. અપરોક્ષમાં ભજન અથવા કાયિકી (શરીર દ્વારા થતી) સેવા કૃષ્ણ સાથે આપણી અહન્તાને જોડવાની નિશાની છે. પુષ્ટિભકત ન તો પોતાની અહન્તાને યા મમતાને દેહ યા વિષયોમાં મુકત (સંયમ રહિત) રૂપે છોડી મૂકે છે, અને તેને તોડતો પણ નથી, કારણ કે તોડવાની જરૂર જ નથી. પુષ્ટિભક્ત પોતાની અહન્તા તથા મમતાને વ્રજાધિપ શ્રીકૃષ્ણની સાથે જોડી દીયે છે. જે દિવસે જે ક્ષણે એ બન્ને સારી રીતે શ્રીકૃષ્ણની સાથે જોડાઇ જાય છે, એ જ દિવસે પુષ્ટિ જીવ મુકત બની જાય છે. આથી અધિક બીજી કોઇ મતલબ (એટલે જરૂર) પુષ્ઠિ જીવને માટે બાકી રહેતી નથી.

—ક્રમશઃ

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. ૫. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

### ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભકિત પોષણ

### વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

(ગતાંકથી)

જગત વૃક્ષ તેહનું મૂળ હરિ,
મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિ શાખા જળ સીંચીયે,
તેથી તરૂવર તૃપ્તિ ન થાય.
તૃપ્તિ ન થાય, વૃથા શ્રમ પહુંચે
સમજણ આવે ત્યારે પછી શોચે;
મુખદ્વારા સહુ ઇંદ્રિયો સંતોષે
ભોજન અંગે લેપ્યું કોઇને ન પોષે
સેવો શ્રી કૃષ્ણ કૃપાળુ (૭)

**વિવેચન :** અત્રે પોષણની વિધિ બતાવી છે પોષણનાં અભાવમાં રોપ, વૃક્ષ, સુકાઇ જાય તેવીજ રીતે ભક્તિ કરવા ભાવનું પણ પોષણ કરવાનું કહ્યુ છે.

જેવી રીતે વૃક્ષને પોષણ આપવા મૂળમાંજ પાણી રેડાય તોજ તેને પોષણ મળે પરંતુ મૂળ મુકીને પાંદડે પાંદડે પાણી લગાડવાથી પોષણ મળી શકતું નથી. કેવળ વૃથાશ્રમજ થાય. જે કોઇ સમજ્યા વિનાં કામનો આરંભ કરે તેને જ્યારે પોતાની ભૂલ દેખાય ત્યારે પશ્ચાતાપ જ બાકી રહે. પછી પોતે જે મૂર્ખાઇ કરી છે તેનું ભાન થાય માટે વિચારીને સમજીને જે કામ કરે તેને પસ્તાવો થાય જ નહી.

આ જગતનું મૂળ રૂપ હરિ છે. ભગવાનથી જ સર્વની ઉત્પત્તિ છે. તે સંસારરૂપી વૃક્ષનું મૂળ હરિ અને ડાળો ને પાંદડા તેમાં તો દેવો મનુષ્યો ત્યાં પશુ પક્ષિયો વિગેરે આવી ગયા. મુળ રૂપ પ્રભુને ભજવાથી કાર્ય સિદ્ધ થશે પાંદડે પાંદડે ન પહોંચી શકાય આખરમાં વૃથાશ્રમ થાય.

(ગીતા અધ્યાય ૧૫ મો શ્લોક ૧)

ઉર્ધ્વમૂલ મધઃશાખ મશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ,
છંદાસી યસ્ય પર્ણાની યસ્તં વેદસવેદવિત્.

**ભાવાર્થ :** જેનું આદી પુરૂષ પરમાત્મારૂપ ઉર્ધ્વ (ઉંચે) અને બ્રહ્મમાંથી લઈ સ્થાવર જંગમ સૃષ્ટિરૂપ નીચે વિસ્તરેલી શાખાઓ છે. છંદો જેમનાં પાંદડા છે. એવા આ સંસારને અશ્વત્થ વૃક્ષ રૂપે કહેલો છે. જે આ ભેદને જાણે તે વેદને જાણનારો છે.

આ સંસાર રૂપી વૃક્ષની ત્રણ ગુણોથી વૃદ્ધિ પામેલી વિષયોરૂપી કુંપળોવાળી શાખાઓ (દેવો, મનુષ્યો, અને પશુ પક્ષિયો રૂપે) નીચે મનુષ્ય લોકમાં ફેલાયેલી છે.

ઉપર મુજબ સંસારરૂપ વૃક્ષની વિગત બનાવી તે સર્વનું મૂળ હરિ છે. વિષયોની ઇચ્છારૂપ કર્મબંધનવાળા એનાં મૂળ (અહંતા મમતા અને તૃષ્ણારૂપે છે.) માટે જ ડાળે ડાળે પાંદડે પાંદડે પાણી પાવા જતાં અહંતા મમતા તણાઇ જવાશે વૃથા શ્રમ થાશે માટે જ મૂળ હરિ શ્રીહરિનું જ ભજન સ્મરણ આશ્રય કરવું તે મૂળને પાણી પાવા જેવું છે. ઉપર મુજબ

પોષણની વિધિ બતાવી છે હવે દષ્ટાંત મુખ દ્વારા સહુ ઇન્દ્રીયો સંતોષે.

અત્રે પોષણનું બીજુ દષ્ટાંત બતાવે છે કે આ માનવ દેહનું પોષણ કરવું જરૂરી છે તેને પોષણ કરવા માટે મુખદ્વારા આહાર લેવાથી સર્વ ઇન્દ્રીયો સંતોષાય છે. મુખદ્વારા ખોરાક ઉદરમાં જઇ ત્યાંથી જ દરેક રસો સપ્ત ધાતુઓ હાડ, માંસ, લોહી, શરીરની વૃદ્ધિ આવું બધું બને છે, પરંતુ દરેક ઇન્દ્રીયોને નોખું નોખું પોષણ કરવું પડતું નથી. ઉદર દ્વારા બધાનું પોષણ છે. ઘી તથા ખાદ્ય પદાર્થો લઇને બીજા કોઇપણ અવયવોમાં ચોપડવાથી પોષણ મળતું નથી. દૂધ, ફળ, પ્રવાહી જેમ કે ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય, લેહય, આમ ચાર પ્રકારનાં ભોજન લેવાય છે. ભક્ષ્ય જે ચાવીને ખાવાનું ભોજ્ય, નરમ પદાર્થ જેમકે શીરો, ચોષ્ય જેમકે શેરડી, સંતરા, વિગેરે, પેય – દુધ, અને બીજા રસો તે પીવાનાં પદાર્થો છે.

આ દષ્ટાંત આપી કવિશ્રી કહે છે કે મૂળ હરિને છોડીને અન્ય જે ગણિતાનંદ દેવોનું યજન કરવું તે આના જેવું નથી. આ વસ્તુનો સાર સમજીને એક સાધે, સબ સધ જાય – સધ સાધે સબ જાય, એકમાં મૂળ રૂપે પોષણ કરવાથી બધાનું જુદુ જુદુ કરવાની જરૂર નથી માટે જ સાર સમજીને સાર રૂપ શ્રીકૃષ્ણની જ સેવા કરવી જે પ્રભુ પરમ કૃપાળુ છે કૃપા કરવી તેનો સહજ સ્વભાવ છે.

જુઓ શ્રીમદ્ ભાગવત ચતુર્થ સ્કંધ
અધ્યાય ૩૧, શ્લોક ૧૪ નો સાર

પરબ્રહ્મ શ્રીકૃષ્ણનાં સેવનથી સમગ્ર વિશ્વનું પૂજન થાય છે અન્ય દેવો કોઇ અંશ, કળા, કોઇ વિભૂતી રૂપ છે તેમની ઉપાસના કરવી તે વૃક્ષની ડાળીયો ઉપર પાણી રેડવા બરોબર છે ભક્ત ગણે ગાયું છે :

“એક વર્યો ગોપીજન વલ્લભ
નહી સ્વામી બીજો.”

આ કીર્તનનો ભાવાર્થ એજ નીકળે છે કે ભલે કોઈ દેવ, મનુષ્ય રાજી થાઓ કે નારાજ થાય મેં તો એક ગોપીજન વલ્લભને જ પ્રાણ પ્રિય માનેલ છે અનેક અવતારો થયા છે તેનાથી મારે શું મતલબ છે.

વળી હું સેવું ગીરીધરન છબીલો,
મોહનલાલ રંગીલો શ્યામ”

આનો પણ ભાવાર્થ એજ નિકળે છે હું તો મારા મનને મોહિત કરવાવાળા રંગ રગીલ શ્યામ કે જેણે ગીરીરાજ ધારણ કરી વૃજની રક્ષા કરી છે. તેને સેવું છું.

(ગીતા અ. ૯, શ્લોક–૩ નો ભાવાર્થ)

જે કોઇ પુરૂષ દુરાચારી હોઇ છતાં જો જો અનન્ય ભાવથી મને ભજે તેને સાધું માનવો, કારણ કે તે દ્રઢ નિશ્ચયવાળો છે. તેથી શિઘ્ર ધર્માત્મા બને છે અને નિત્ય શાન્તિ પ્રાપ્ત કરે છે માટે તું પણ મારો જ ભક્ત થા.

(શ્લોક–૧) જે જે વસ્તુ ઐશ્વર્ય વાળી, સંપત્તિવાળી, ભાવ તથા બળ આદિક ગુણોવાળી હોય તે વસ્તુ માત્રને તારે મારા તેજથી અંશ માત્રથી ઉત્પન્ન થયેલ તેમ માનવું. હે અર્જુન તું મારા વિષે મનવાળો થા, મારો ભકત બની મારાજ પરાયણ બનીને રહે મારે પરાયણ રહેવાથી તું મનેજ પામીશ આ સર્વ દષ્ટાંતો જોતાં મૂળ શ્રીકૃષ્ણને જ ભજવા આ સાર નીકળે છે.

# યમુનાજીકી વિનય

## ભાવાર્થ : 'માધુરી' રાજકોટ

દેખ્યો લીલા રસ કૌ સાર;
મધુ મકરંદ પુષ્પ મિલિ સોહૈં શ્યામ માધુરી ધાર. ૧

ઉઠતિ તરંગ ઉમંગ નેહ ભરિ નાહ મિલન ભુજ બેલિ;
મનહુ નવલ બ્રજ મૈનસંગ મિલિ કરતિ રંગીલી કેલિ ૨

વૃન્દાવન ધ્યુતિ દિપતિ નીર મધિ પરમ મનોહર ધામ:
જલક્રીડા ગોવિંદ ગોપિ ગણ મનુ દુજો આરામ. ૩

કનક લતા તરુણી તમાલ હરિ ભરિ લાવનિ ઉલહીસી:
મનહુ બ્યાહ વેલા જલ મંડપ સંગ ફિરતિ દુલહીસી. ૪

ભ્રમત ભ્રમર દમ્પતિ હું ભ્રમત સંગ મનુ ભાવંરી ફિરાવત;
મધુપ મુનીશ સુગંધ દાન લૈ સાખોચ્ચાર પઢાવત, ૫

વદન ચંદ્ર ભાજત જલ મેલત દુપકત કચ ઉતરાત:
મનહુ રાહુ સંગહી સંગ ડોલૈ ભુધનુ લખિ સકુચાત ૬

મનુ દોરતિ ઘન મેં ઘન દામિનિ શોભા સુધા સમાજ,
દુહું ચકોર ચંદ્રમા ચારુ ચિત છિન-છિન નવ સુખ સાજ. ૭

તીર ભીર દુજગર શ્રુતિ માનો ગુણ ગાહત સરસાતિ;
**'વલ્લભ'** પ્રણત ભાનુજા દ્વારેં પાવત વાંછિત દાતિ. ૮

**ભાવાર્થ** :- જળમાં ઉઠતી પ્રત્યેક તરંગો નિહાળતા લીલારસનો સાર જોવા મળ્યો. પ્રત્યેક તરંગ ઉછાળ લેતી જુદી જુદી લીલાનું ભાન કરાવે છે. આપના જળમાં સુગંધી કમલ પુષ્પોની મધુ મકરંદ વહેતી ધાર સાથે ઉછળી રહી છે જાણે કે પ્રિયતમ શ્રી ઠાઠોરજીને મળવા માટે આનંદ આવેશમાં આવી તરંગરૂપી ભુજાથી મિલન પાપ્ત કરે છે. માનો બાંહ પસારીને આગળ વધી રહી છે, સામેથી પ્રિતમ પધારી રહયા છે તેને મળીને રંગ કેલી કરે છે.

દિવસે અને રાત્રે સૂર્ય અને ચંદ્ર પ્રકાશથી વૃંદાવન શોભી રહયું છે. શ્રીયમુનાજીમાં પ્રતિબિંબ પડવાથી પરમ મનોહર વૃંદાવન ધામની શોભા અવર્ણનીય બને છે. શ્રી ઠાકોરજી ગોપીજન સાતે સ્થળક્રીડા કરી અને જળક્રીડા કરી શ્રમ નિવારણ કરે છે. આવી લીલાનો આનંદ જાણે કે હમણાં જ પ્રાપ્ત કર્યો હોય તેવી શોભા તરંગોની ઉછાળ અને ચમકથી પ્રાપ્ત થાય છે.

તટપર નિત નવી લીલાનાં સ્થાનો કુંજ નિકુંજો અનેક લીલાનું ભાન કરાવે છે, શ્યામ તમાલ અને કંચનવેલી, શ્રીઠાકોરજી અને શ્રી સ્વામિજી રૂપે અતિ ઉત્સાહ પુર્વક ક્રીડા કરી લગ્નની વેળાએ જળરૂપી મંડપમાં દુલ્હન જેવી ફર્યા કરતી હોય. લગ્ન મંડપમાં જેમ ગીતો ગવાતા હોય તેમ અત્રે પુષ્પો ઉપર ભ્રમરના ટોળા ઉભરાયને ગુંજાર કરી રહયા છે.

લગ્ન વખતે જેમ ચાર ફેરા ફરાય છે તેમ આપના જળની ભ્રમરો ભમે છે માનો પ્રિયા-પ્રિયતમ ફેરા ફરે છે અને સાથોસાથ પોતે પણ ભાવર લઇ રહી છે મધુપરૂપી મુનિગણ તે સુગંધીરૂપી દાન લીએ છે અને ગુંજાર કરી વિધિ કરાવી રહયા છે.

યુગલ સ્વરૂપ આપનાં તટ ઉપર બિરાજમાન હોય બન્ને સ્વરૂપ એકી સાથે શ્રીયમુના જળમાં દૃષ્ટિ કરતાં અરસપરસ બન્ને મુખ નિરખતા રહયા હોય તે સાથે વદનરૂપી ચંદ્રમાનને કેશકલારૂપી રાહુને સાથોસાથે રાખી શોભામાં વૃદ્ધિ કરતાં હોય છે ચંદ્ર અને રાહુને વેર છે પરંતુ અત્રે સાથો સાથ રહેલું મિલન ઓપી રહ્યું છે ચંદ્ર રાહુ વિરોધ હોય તેમ, નેત્ર કટાક્ષરૂપી બાણુથી બીએ છે, તેથી સંકોચ અનુભવે છે. અત્રે યુગલ સ્વરૂપ બિરાજયાન હોય પરસ્પર નયનચકોર વદનરૂપી ચંદ્રમાને નેત્ર કટાક્ષથી એક બીજાને નિરખી રહયા છે. તે જ વખતે શ્યામઘન વાદળ વચ્ચેથી વિજળીનો ચમકારો કરીને સુખ સુધાનો અનુભવ કરીને છે. તેમજ આ દરેક લીલાનાં આનંદનો અનુભવ કરીને પ્રતિક્ષણ નવા ઉઠતા જલતરંગો પ્રત્યેક ઉછાળમાં નવીન ભાવ પ્રગટ કરે છે, તેમજ બન્ને તટ પર વૃક્ષો પર નિવાસ કરીને રહેલા પક્ષી ગણો જેઓ મુનિઓ બનીને ગાન કરે છે. મુનિઓ જેમ વેદનું ગાન કરે છે તેમ આ પક્ષીઓ લીલાનું ગાન કરે છે.

કવિશ્રી વલ્લભદાસ કહે છે કે હે સૂર્યપુત્રી આપનાં તટ ઉપર બેસીને પ્રાર્થના કરું છું કે આવી રીતનું લીલા રસનું જ્ઞાન, દાન મને પ્રાપ્ત થાય તે કેવળ આપની કૃપાનું જ કારણુ છે. તેથી જ હું આપને કિનારે જ સદા પ્રમાણુ કરીને પડયો રહું.

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

# આ માસના ઉત્સવ

આસો સુદ ૩ તા. ૭–૧૦–૯૪ શુક્રવાર, ગો. શ્રી રસિકવલ્લભજી મહારાજ (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૧૧–૧૦–૯૪ મંગળવાર, ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપસેની–જામનગર)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૧૩–૧૦–૯૪ ગુરુવાર, સરસ્વતી વિસર્જન, વિજ્યાદશમી, દશહરા, અંકુરાર્પણ.

આસો સુદ ૧૧ તા. ૧૫–૧૦–૯૪ શનિવાર, પાશાંકુશા એકાદશી વ્રત, ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન)નો તથા ગો. ચિ. શ્રી ગોપિકાલંકારજી (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૧૭–૧૦–૯૪ સોમવાર, શ્રી બાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ, ગો. ચિ. શિશિરકુમારજી (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૪ તા. ૧૮–૧૦–૯૪ મંગળવાર, શરદપૂર્ણિમા, રાસોત્સવ.

આસો સુદ ૧૫ તા. ૧૯–૧૦–૯૪ બુધવાર, શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો, કાર્તિક સ્નાન આરંભ.

આસો વદ ૧ તા. ૨૦–૧૦–૯૪ ગુરુવાર, શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

આસો વદ ૩ તા. ૨૨–૧૦–૯૪ શનિવાર, ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા)નો તથા ગો. ચિ. શ્રી હરિરાયજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૨૭–૧૦–૯૪ ગુરુવાર, શ્રી રણછોડજીનો ષોડશોપચાર (ડાકોર) ગો. શ્રી વ્રજવલ્લભજી (માંડવી)નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૨૯–૧૦–૯૪ શનિવાર, ગો. ચિ. વ્રજેશકુમારજી (વીરમગામ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૩૦–૧૦–૯૪ રવિવાર, શ્રીટીકૈતના શૃંગારનો પ્રારંભ, ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–મુંબઇ)નો તથા ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)નો તથા ગો. ચિ. શ્રી મધુસૂદનલાલજી (અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૩૧–૧૦–૯૪ સોમવાર, રમા એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી મુરલીધરલાલજી (કામવન)નો જન્મદિન, વાઘ બારસ, ગોવત્સ દ્વાદશી, ગો. ચિ. શ્રી કલ્યાણરાયજી (કામવન)નો જન્મદિન, (બારસનો ક્ષય હોવાથી આજે).

આસો વદ ૧૩ તા. ૧-૧૧-૯૪ મંગળવાર, ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૨-૧૧-૯૪ બુધવાર, રૂપ ચૌદશ, અભ્યંગ સ્નાન, ગો. શ્રી જયદેવલાલજી મહારાજશ્રી (વીરમગામ)નો જન્મદિન.

આસો વદ અમાસ તા. ૩-૧૧-૯૪ ગુરુવાર, દિવાળી, હટડી, કાન જગાવન, લક્ષ્મીપૂજન, દીપદાન, વિક્રમ સંવત ૨૦૫૦ની સમાપ્તિ.

સંવંત ૨૦૫૧ કારતક સુદ ૧ તા. ૪-૧૧-૯૪ શુક્રવાર, નૂતન વર્ષારંભ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ, ગો. ચિ. શ્રી ગોકુલેશજી (કામવન)નો જન્મદિન, ચંદ્રદર્શન.

કારતક સુદ ૨ તા. ૫-૧૧-૯૪ શનિવાર, યમ દ્વિતીયા, ભાઇબીજ.

કારતક સુદ ૩ તા. ૬-૧૧-૯૪ રવિવાર, ગો. ચિ. શ્રી યમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન અને ગો. ચિ. શ્રી ભૂષણજી (માંડવી)નો જન્મદિન, (ચોથનો ક્ષય હોવાથી આજે).

કારતક સુદ ૫ તા. ૭-૧૧-૯૪ સોમવાર, લાભ પાંચમ, ગો. ચિ. વ્રજભૂષણલાલજી (મથુરા)નો તથા ગો. ચિ. પુરુષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

## વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

# દ્વારકા લીલા

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

–ગતાંકથી ચાલુ

## ૫. સિદ્ધાશ્રમમાં શ્રી રાધા લીલા

રાગ – ધનાશ્રી / સારંગ

દેખો સિદ્ધાશ્રમકી લીલા ન્યારી;
કૃષ્ણ પધારત રાની સંગ વેગે, રાધાકે મનકે મનુહારી. ૧

જય જય ઘોષ કરત હૈ ગોપી, ભીંજી નયન કમલ કર જોરી;
સિંહાસન ઢારી કરત પરિક્રમા, માન સહિત હરિસંગ પધરાઇ ૨

સ્યંમંતક મનીસેં જટિતકિયા પાયા, છત્ર ઝરત હૈ અમૃત ધારા
હીરા ચિંતામની જડે બેઠકમેં પદ્મરાગ મની મધ્યહી ભાગા. ૩

કૌસ્તુભ મનીસેં સુશોભન કરિયો, પારિજાત કુસુમન પધરાઇ;
હૃદયકમલ સમ સોહે સિંહાસન, જૈસે ચાંદ કોટિ ઉગપાઇ. ૪

ધરમ સુફલ ભયે તાપ સુફલ ભયે, જનમ સુફલ કહે રાધા સયાની;
સુફલ ભયો વ્રજ રાધા શ્યામસેં અબ સુફલ ભઇ સિદ્ધા શ્રમ અવની ૫

પ્રેમે પરસ્પર મિલિ સબરાની, આદર દેઇ ભૂલે રૂપ – ભ્રાંતિ;
વદે રાધે પ્યારી અહોં ચંદ્ર ચકોરી, શ્યામ સે કરો સબ ઐસી પ્રીતિ. ૬

ધન્ય ધન્ય રાધે રુકમિની બોલી, ભકિત ભાવસોં હરિ વશ કીની.
તીનો લોક જીન કથા અનુરાગી, વોહી કરત તેરી અગવાની. ૭

સન્માની ધરે માલા ભૂષન, કનક બિછોના મેં પુષ્પ તલાઇ;
સુગંધી રેલાઇ શુભ સુખકારી, શયન કરાવત રાધા રાની. ૮

કૃષ્ણ ભુવનમેં લોટી રુકમિની, પૂછત વિવેકી શ્યામ નહીં પોઢી;
પ્રભુ કહે શુભ્રુ શયન સેં પહેલે, રાધા પિબત નિત દૂધ કટોરી. ૯

કનક કટોરો ભરલાઇ રુકમિની, આરોગાવત દૂધ ઔર બીરી;
શ્યામસેં મિલિ કરે અપની બઢાઇ, ચરનકમલ અરુ ચાંપી ધીરી. ૧૦

વિસ્મિત ભઈ હૈ લાડ લડાવત, છાલે દેખત ચરનન ભિતરી;
મનાવત કહે હમ જાને નહીં, કો સેવા ચૂકસે છાલે પે હોઈ. ૧૧

પ્રભુ કહે ચરન રાધા હૃદયમેં, પ્રેમ પાશ મેં સદા બિરાજત;
ગરમ ગરમ દૂધ પાન કરત હી, ચરનન ચોંટી છાલે ઉપજત. ૧૨
આનંદદાયક બચન સુની કે, **'ચરનદાસ'** સબ શરનમેં જાઇ;
દ્વારિકા બોલી રાધે કી પ્રીતી, જગતમેં ઐસી જનમી નાહી. ૧૩

(ક્રમશઃ)

## ઠાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# આંતર ઉદ્‌ગારો

### સર્વાત્મભાવ

શ્રી ઠાકોરજીને બીજાનું ભજન ગમતું નથી તથા વૈષ્ણવનો દ્રોહ ગમતો નથી. બીજાનું ભજન ને વૈષ્ણવોનો દ્રોહ, એ બે વડે ખિજાય છે. અન્ય પુરુષનું ભજન તે શું ? શ્રી ઠાકોરજી વિના કોઇનો આશ્રય રાખવો તે અન્યાશ્રય. અન્યાશ્રય પ્રભુને ગમતો નથી.

રામજીએ પૂછ્યું કે મહારાજ ! આ તમોએ કહ્યું કે અન્ય ભજન ન કરવું, અન્યાશ્રય ન કરવો અને વૈષ્ણવનો દ્રોહ ન કરવો, તે કહો ને ? જે પ્રભુ વિના કોઇ જોતો ન હોય, તેને અન્યાશ્રય કયો ? ને વૈષ્ણવનો દ્રોહ કેવો ?

ત્યારે કહ્યું કે એવી રીતે પ્રભુને કોણ જુએ ? શિવજી, નારદજી, ભરતજી, ભરતજી, સનકાદિક, શુકદેવજી આ કંઇક સર્વાત્મભાવવાળા મોટા છે, તેમણે તેમજ ત્રિમંગળ સરખાએ સર્વ આત્માને પ્રભુ જાણતા નથી તો બીજાની શી વાત ?

કોઇ વખત શિવજી ઘડી બેઘડી સમાધિમાં બેસે છે, ત્યારે સર્વાત્મભાવ પેસે છે. બીજા કોઇએ છે નહિ. એક પોતે છે કે શ્રી સ્વામિનીજી છે. બીજું કોઈ છે નહિ, ઘણું તો શું કહીએ ? સર્વાત્મભાવ એવો મોટો છે.

અનુગમરામજીએ શ્રીનાથજીની આટલી સેવા કરી, પણ સેવા માની હોય તો શ્રી વલ્લભકુલની કાનીથી. વળી એમ કહે છે કે, 'રાઇ જીતની સેવાકો ફળ માનત મેરુ સમાન' ત્યારે કહ્યું કે એમની રાઇ જેટલી સેવા કઇ છે તે કંઇ આપણે જાણતા નથી. સર્વે પ્રભુના હાથમાં છે. રાઇનો પર્વત પોતે કર્તા થાય તો થાય. ના કરતા થાય તો મેરુની રાઇએ ન કરે, એવા પ્રભુ છે, માટે એમને સેવવાને ભજવા એ પ્રસન્ન થાય ત્યાર પછીની વાત પછી છે, ત્યાં સુધી સેવા ભજન કરવું.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદ્દાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## શ્રી રાધાષ્ટમી ( વધાઇ )

શોભા પ્રગટ ભઇ રાધેજુ શોભાપ્રગટભાઇ ।
વૃન્દાવન ગોકુલ ગલીયનમેં સુખ લતા છઇ ॥ ૧ ॥
પ્રતિ પદ ગોપુર કુંજન મેં ઉપજી ઉપમા નઈ ।
**‘કુંભનદાસ’** ગિરધર આવેંગે આગે પઠઇ દઇ ॥ ૨ ॥

**ભાવાર્થ :** શ્રી રાધાજીના પ્રાગટયથી વ્રજની શોભામાં અભિવૃદ્ધિ થઇ છે. વૃન્દાવન અને ગોકુલની ગલીએ – ગલીએ સુખની વેલી છાઇ રહી છે. પ્રત્યેક કુંજમાં અને કુંજ ભવનમાં અનેક નવીન ઉપમાં પ્રગટ થઇ છે. કે જે કોઇપણ સંસારની શોભાયમાન વસ્તુને ન આપી શકાય. કોઈ અલૌકિક ઉપમાં, કે જેનો ઉપમેય પણ અલૌકિક ચંદ્રમાં, શ્રીકૃષ્ણચંદ્ર છે. કુંભનદાસજી આ પદની સમાપ્તિમાં ભવિષ્યવાણી કહી રહ્યાં છે કે, શ્રી ઠાકોરજીનું પ્રાગટય હવે થશે. પણ શ્રી ઠાકોરજીના આગમનની પૂર્વ તૈયારી સ્વરૂપે પોતે (શ્રી રાધાજી) પહેલાં પધારી શ્રી ઠાકોરજીનું ભૂમી પર સ્વાગત કરશે.

## ઢાઢિ લીલા

યદુવંશી જજમાન તિહારો ઢાઢિ આયો હો ।
કુંવરી જન્મ સુનિકે હોં આયો રાખ હમારો માન ॥ ૧ ॥
એકબાર હોં પહલે આયો દેન વધાઇ તાકી ।
નંદિ સૂર વ્રજરાજ ઘરની ઘર કૂંખ સિરાની જાકી ॥ ૨ ॥
અબલોં મેરે મનકો ભાયો દોઉ નેગ ચુકાવૌ ।
નંદરાની, કીરતીદે રાની ઢાઢિનકો પહિરાવૌ ॥ ૩ ॥
બહોત ભાંત ઢાઢિન પહેરાઇ ગોપરાય બડ દાની ।
**‘કિશોરીદાસ’** કો નિરભય કરકે બ્રજ રાખો બ્રજરાની । ૪ ॥

મોટા મોટા રાજા–મહારાજાઓના ઘરમાં જેમ શુભ અવસર પર બ્રાહ્મણો તથા સગા-સંબંધી આવતાં, તેમ ભાટ – ચારણ, બંદીજન ઢાઢિ ઇત્યાદિ પણ યજમાનને ત્યાં; તેમના પૂર્વજોની કિર્તીનું ગુણગાન કરીને, તથા તેમના વંશની વૃદ્ધિની શુભકામના કરીને યાચના કરતાં, અત્રે કિશોરીદાસજી ઢાઢિ સ્વરૂપે શ્રી યશોદાજી તથા શ્રી કિરતીજી પાસે શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામીનીજીના પ્રાગટયની વધામણી માંગી રહ્યાં છે.

તેઓ કહી રહ્યાં છે કે : ‘હે યદુવંશી યજમાનો આપના બન્ને ઘરોમાં પુત્રરત્ન તથા કન્યા રત્ન પ્રગટ થવાથી, બન્ને મહારાણીઓ પાંસે યાચના કરવા આવ્યો છું.

એક વખત પહેલાં જ્યારે શ્રી યશોદાજીને ત્યાં લાલનનું પ્રાગટ્ય થયું ત્યારે વધાઇ માંગવા નંદીસૂર ગયો, હજી તો ત્યાં મારી યાચના પુરી થાય તે પહેલાં આપને ત્યાં પણ કન્યા રત્ન પ્રગટ થવાથી હું બન્ને યજમાનોને વિનવી રહ્યો છું કે હવે તો તમો બન્ને યજમાનો મારો 'નેગ' ચુકાવો. અને બન્ને યજમાનો, મારી પત્ની અર્થાત્ તમારી ઢાઢણને પણ સોળ પ્રકારના આભૂષણ અને બહુમૂલ્ય વસ્ત્રોથી સુસજ્જ કરીને વિદાય આપો.

આ વિનંતી સાંભળતા જ બન્ને મોટા ગોપ, શ્રી નંદરાયજી તથા શ્રી વૃષભાનજીએ અનેક વસ્ત્રાલંકારથી ઢાઢણને સુશોભિત કરીને વિદાય કરી પણ શ્રી કિશોરીદાસરૂપી ઢાઢિને તો વ્રજમાંથી વિદાય ન થવા દીધાં – અખંડ વ્રજ વાસ કરાવ્યો.

## દાન એકાદશી

કૃપા અવલોકન દાન દેરી, મહા દાની વૃષભાન કુમારી ।
તૃષિત લોચન ચકોર મેરે તુવ વદન ઇન્દુ કિરન પાન દેરી ॥૧॥
સબ વિધ સુઘર સુજાન સુંદરી સુન વિનંતી તું કાન દેરી ।
'ગોવિંદ' પ્રભુ પિય ચરણ પરસ કહ્યો યાચક કો તું માન દેરી ॥૨॥

### : ભાવાર્થ :

હે શ્રી વૃષભાનકુમારી ! આપ આપના કૃપા કટાક્ષરૂપી અવલોકનનું દાન આપો. એમ શ્રી નંદનંદન વિનવી રહ્યાં છે. જે મારા તૃષાતુર (તરસ્યા) નેત્રોને, આપના મુખરૂપી ચંદ્રમાના અમૃત કિરણોનું પાન કરાવી તૃપ્ત કરો.

આપ સર્વ રીતે ચતુર અને સુજ્ઞ છો. માટે હે સુંદરી ! આપ મારી આટલી વિનંતિને માન આપો. ગોવિંદસ્વામી; ચરણસ્પર્શ કરી શ્રી સ્વામિનીજીને મનાવતાં એવા પ્રભુને વિનવતા કહી રહેલાં વર્ણવી રહ્યાં છે કે, હે વ્રજસુંદરી ! યાચકજનને માન આપી સર્વસ્વ દાન આપો, આપ તો મહાદાની છો.

## શ્રી વામન જયંતિ

બલિરાજા કો સમર્પન સાંચો ।
બહોત કહ્યો ગુરુ શુકદેવતા મન દઢ આપ નહીં કાચો ॥૧॥
યજ્ઞ કરત હે જાકે કારણ સો પ્રભુ આપહી જાચ્યો ।
'પરમાનંદ' પ્રસન્ન ભયે હરિ જો જનકો જાનત હે સાંચો ॥૨॥

### : ભાવાર્થ :

બલિરાજા દૈત્યોના રાજા હતા, દેવાસુર સંગ્રામમાં જ્યારે દૈત્યો જીતી જઇને સ્વર્ગનું રાજ્ય મેળવી; અને ઇન્દ્રાસન પ્રાપ્ત કરીને વર્ચસ્વ જમાવી બેઠા ત્યારે ભગવાન વામનજીએ કશ્યપ મુનિ તથા અદિતિ માતાને ત્યાં પ્રગટ થઈ અને દેવતાઓને સહાય કરવા બલિરાજાના દરબારમાં યાચક બનીને પધાર્યા.

બલિરાજા પાસે ભૂમિ, પોતાના ત્રણ પગલાં જેટલી જ માગી. હવે ભૂમિ માપતી વખતે વિરાટ સ્વરૂપ ધારણ કરીને માપી, ચૌદ ભુવનનું રાજ્ય બલિરાજા પાસેથી મેળવી લીધું.

વામન સ્વરૂપે યાચના કરી, વિરાટ સ્વરૂપે દાન લીધું. આવા છલ-કપટની જાણ છતાં પણ મનમાં અભાવ લાવ્યા સિવાય સર્વ સમર્પણ કર્યું. કુલગુરુ શુક્રાચાર્યને ન ગણકારતા, પોતાના વચન અને સંકલ્પનું પાલન કર્યું. એવા દઢ નિશ્ચયવાળા ભકત બલિરાજાના સમર્પણની લીલાનું વર્ણન આવેલું છે.

શ્રી પરમાનંદદાસજી આ પદમાં બલીરાજાની પ્રસંશા કરતાં કહી રહ્યાં છે કે બલિરાજાએ પોતાનું સર્વ સમર્પણ કરી નવધા ભકિતના છેલ્લાં પગથીઆ રૂપ આત્મ નિવેદનને સાર્થક કર્યું.

ગુરુના ચેતવ્યાં છતાં, મન દઢ રાખી પોતાના નિશ્ચય પર અટલ રહયાં. જે યજ્ઞના અંતે વેદોના મૂર્તિમંત સ્વરૂપ શ્રી નારાયણ ભગવાનની પ્રાપ્તિ કરી અમરત્વ પ્રાપ્ત કરવું હતું તે પ્રભુ પોતે સ્વયં, સ્વ ઇચ્છાથી પ્રગટ થઇ માગી રહયા છે, તો એનાથી વિશેષ ફલપ્રાપ્તિ બીજી કઇ હોઇ શકે ? શ્રી પરમાનંદદાસજી આ પદની સમાપ્તિમાં શ્રી ઠાકોરજીની અત્યંત પ્રસન્નતા બતાવી રહ્યાં છે.

### સાંજી

અરિ તુમ કોન હૌરી બનમેં ફુલવા વિનનહારી ।
નેહ લગન કો બન્યો બગીચા ફુલ રહી ફુલવારી ॥૧॥
મદનમોહન પીય યોં બૂઝત હૈ તું કો હે સુકુમારી ।
લલિતા બોલી લાલ સોં યહ વૃષભાન દુલારી ॥૨॥
યા વનમેં હમ સદા બસત હૈ હમહી કરત રખવારી ।
બિન બૂઝે તુમ ફુલવા બિનત જોબન મદ મતવારી ॥૩॥
રહી લલિત વચન સુન લાલ કે સબ રીઝત વ્રજનારી ।
'સુરદાસ' પ્રભુ રસ બસ કીની વિરહ વેદના ટારી ॥૪॥

### : ભાવાર્થ :

શ્રી રાધાજી સખીઓની સાથે વનમાં સાંજી (વનદેવી)ની પૂજા માટે, માળા ગૂંથવા તથા ફુલો ચડાવવા માટે ફુલો વીણવા પધાર્યા છે.

વનમાં ગાયો ચરવતાં શ્રી ઠાકોરજી વિચરી રહયાં છે. ત્યાં બધાંનો ભેટો થયો, ત્યારે શ્રી ઠાકોરજી વ્રજભકતોને પુછી રહયાં છે, અરે ! આ બધી સખીઓ કોણ ચાલ્યાં આવે છે ? આ સ્નેહરૂપી લગનીના બગીચામાં કે જ્યાં અનેક સુગંધિત પુષ્પો તથા કલીઓ ખીલી રહી છે.

વળી, શ્રીમદનમોહનલાલજી શ્રી રાધાજીને અજાણ્યા થઇ પુછી રહયાં છે કે : 'હે સુંદરી ! તું કોણ છો ?' શ્રી રાધાજી શરમથી નીચું જોઇ જવાબ નથી આપતાં પણ લલિતા સખી પ્રતિઉત્તર આપી રહ્યાં છે. હે શ્યામસુંદર ! આ તો શ્રીવૃષભાન રાજાના કુંવરી છે.

હવે શ્રી શ્યામસુંદર મીઠો રોષ પ્રકટ કરે છે, આ વનમાં તેઓ જ સદા વસી રહ્યાં છે, અને વનમાળી બની વનની દેખભાળ કરે છે. તેથી મીઠો ઠપકો આપે છે કે : 'યૌવન

મદમાં આવી જઇ વગર રજાએ ફુલો કેમ તોડી રહ્યાં છો ? સુરદાસજી આ સુંદર લીલાના અંતિમ ચરણમાં કહી રહયાં છે કે સહુ અતિ પ્રસન્ન થઇ શ્યામસુંદરના રસમાં વશ થઇ વિરહ વેદના દુર કરી રહયાં છે.

## નવ વિલાસ (નવરાત્રિ)

નવમો વિલાસ કીયૌજુ લડેતી નવધા ભકત બુલાયે ।
અપને અપને સિંગાર સાજ સબેં સજ બહુ ઉપહાર લીવાયે ॥ ૧ ॥
સબ શ્યામા જુર ચલી રંગ ભીની જયોં કરીણી ઘન ઘોરેં ।
જયોં સરિતા જલ કલ છાંડકે ઉઠત પ્રવાહ હિલોરે ॥ ૨ ॥
બંસીબટ સંકેત સઘન વનં કામ કલા દરશાયે ।
મોહન મૂરત વેણુ મુગુટ મણિ કુંડલ તિમિર નસાયે ॥ ૩ ॥
કાછની કટિતટ પીત પિછૌરી પગ નૂપુર ઝનકાર કરેં ।
કંકણ વલય હાર મણિમુકતા, તીન ગ્રામ સ્વર મોદ ભરેં ॥ ૪ ॥
સબ સખિયન અવલોક શ્યામ છબી અપનો સરસ્વ વારેં ।
કુંજ દ્વાર બૈંઠે પિય પ્યારી અદ્ભુત રૂપ નિહારેં ॥ ૫ ॥
પૂવા ખોવા મિઠાઈ મેવા નવધા ભોજન આનેં ।
તહાં સતકાર કીયૌ પુરૂષોત્તમ અપનો જનમ ફલ માનેં ॥ ૬ ॥
ભોગસરાય અચવાય બીરા ધર નીરાંજન ઉતારે ।
જય જય શબ્દ હોત તિંહુપુરમેં ગુરૂજન લાજ નિવારે ॥ ૭ ॥
સઘનકુંજ રસપુંજ અલિગુંજત કુસુમન સેજ સંવારી ।
રતિરણ સુભટ જુરે પિય પ્યારી કામવેદના ટારી ॥ ૮ ॥
નવરસ રાસ વિલાસ હુલાસ વ્રજયુવતિન મીલ કીનો ।
શ્રીવલ્લભ ચરણ કમલ કૃપાતેં **'રસિકદાસ'** રસ પીનો ॥ ૯ ॥

**ભાવાર્થ :** નવરાત્રિમાં શ્રી વ્રજભકતો પોતે શ્રી સ્વામીનીજીને પધરાવીને રોજ જુદા જુદા વન તથા ઉપવનમાં દેવીપુજાનું નિમિત્ત બનાવી, વિવિધ પકવાનો બનાવી શ્રી શ્યામસુંદરને આરોગાવવા પધારે છે. વનમાં શ્રી ઠાકોરજી ગૌચારણ માટે પધારતાં હોય જ છે. તેથી વ્રજ ભકતો અને શ્રી ઠાકોરજીના મીલનનું અદ્ભૂત દશ્ય, અલૌકિક છબીનું વર્ણન શ્રી હરિરાયજી મહાપ્રભુ કીર્તનો દ્વારા કરી રહ્યાં છે.

નવમાં વિલાસના દિવસે શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામીનીજીએ નવધા ભકિત એટલે સાત્વિક, રાજસ, તામસ, એમ ત્રણ મુખ્ય પ્રકાર તથા દરેક પ્રકારમાં પાછા ત્રણ-ત્રણ પેટા વિભાગ એમ કુલ નવ પ્રકારના ભકતો થયાં, તેમણે દરેકે નવધાભકિત સિદ્ધ કરી હોવાથી, નવધા ભકત કહેવાયાં. અને દશમાં ભકતગણ તે નિર્ગુણ ભકતો કે જે શ્રી....ના યૂથના હતાં તે દશરાને દિવસે પધારી શ્રી ઠાકોરજીને માટ (મોટાં ઠોર)ની સામગ્રી આરોગાવી.

આ કીર્તનમાં શ્રી હરિરાયજી અત્યંત ગુપ્ત લીલાનું વર્ણન સાંકેતિક ભાષામાં વર્ણવતા આજ્ઞા કરી રહ્યાં છે જે શ્રી શ્યામસુંદર તથા શ્રી સ્વામીનીજી વ્રજભકતના યુથના મધ્યમાં બિરાજી રહ્યાં છે. સુંદર મુકુટ, કાછની, પિતાંબર, નુપૂર, ઇત્યાદિ આભરણો ધરી બંસીબટ પર શ્રી શ્યામા શ્યામા બિરાજી વેણુનાદ કરી રહ્યાં છે. શ્રી સ્વામીનીજી કંકણ, ચૂડીઓ, હાર ઇત્યાદિ ધરીને બિરાજી રહ્યાં છે.

સર્વ સખીજનો કુંજદ્વારા પર ઠાડા છે. અને વિવિધ સામગ્રી પૂવા, ખોવા, પકવાન, ફળફળાદિ વિગેરે અંગીકાર કરાવી રહ્યાં છે. શ્રી પૂર્ણપુષ્ટિ પુરૂષોત્તમનો સત્કાર કરી પોતાના અહોભાગ્ય માની, જન્મ સફળ કરી રહ્યાં છે. ભોજન કરાવ્યા બાદ આચમન કરાવી, બીડા ઇત્યાદિ આરોગાવી આરતી ઉતારી ધન્ય બની રહ્યાં છે.

સર્વત્ર શ્રી શ્યામનો જય – જય કાર થઈ રહ્યો છે. સુંદર ફુલોની શૈયા સજાવી તૈયાર કરી છે, જ્યાં શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામીનીજી પોતાના મનોરથ પૂર્ણ કરી રહ્યાં છે. આવી રીતે નવ વિલાસનો આનંદ વ્રજભકતો લઇ રહ્યા છે, તથા શ્રીવલ્લભ પ્રભુની કૃપાથી શ્રી હરિરાય ચરણ પણ આ રસનું પાન કરી રહ્યાં છે.

**દશેરા :** આજ દશહેરા શુભ દિન નીકો ।
ગિરિધરલાલ જવારે બાંધત બન્યો હે ભાલ કુમ કુમ કોટીકો ॥ ૧ ॥
આરતી કરત દેત ન્યોછાવર ચિરજીયો લાલ ભામતો જીકો ।
**આસ કરણ** પ્રભુ મોહન નાગર સુખ ત્રિભુવનકો લાગત ફીકો ॥ ૨ ॥

**ભાવાર્થ :** આજે દશહેરાના શુભ દિવસે શ્રી ગિરિધરલાલ અર્થાત્ શ્રીનાથજીના શ્રીમસ્તક પર વ્રજભકતો મંગળ સુચક તીલક કરી જવાંકુર (જવારા)ની કલંગી ધરાવી રહ્યાં છે.

ત્યારબાદ શ્રીનાથજીની મંગળ આરતી ઉતારી સુંદર શોભા નિરખી રહ્યા છે. અનેક અમૂલ્ય આભૂષણો ન્યોછાવર કરી રહ્યાં છે. જે અમારા આ શ્યામસુંદર શ્રી મોહનનાગર યુગ – યુગ સુધી બિરાજી અમને અનંત સુખોનો અનુભવ કરાવો. રાજા આશકરણજી પોતાનાં સેવ્ય-સ્વરૂપને હૃદયમાં પધરાવીને કહી રહ્યાં છે જે આ સુખ પાસે તો ત્રિભુવનનું રાજ્ય પણ મળે તો ફીકું લાગે. અર્થાત અલૌકિક સુખની તુલનામાં સ્વર્ગાદિનું સુખ પણ તુચ્છ છે.

### લંકા વિજય–રાવણ સંહાર લીલા (કરખા)

આજ રઘુપતિ ચલે લંક ગઢ લેનકો ।
અવનિ ચંચલ ભઇ શેષ સુધ બુધ ગઇ કમઠ કી પીઠ ફટે મીલા ગઇ ઇનકો ॥ ૧ ॥
હોત અંદોલા સપ્ત સાગર દિગપાલ, ભયે ભયભીત અતિ ઉડ ચલે ગેનકો ।
કહત મંદોદરી સૂનહું દશકંધ પિય સે મીલો સિય રાજીવદલ નેનકો ॥ ૨ ॥
વે તો જગદિશ તો ઇશ કો બલ કહા, એક વનચર આય નીર ગયો એનકો ।
**હરિનારાયણ – શ્યામદાસ** કે પ્રભુમાઇ વૈર કંત પાવૈન સુખ ચૈનકો ॥ ૩ ॥

**ભાવાર્થ :** આજે શ્રી રઘુનાથજી શમીવૃક્ષની તથા અસ્ત્ર, શસ્ત્રની પૂજા કરી, સૈન્ય

લઇ લંકા ઉપર ચડાઈ કરી રહ્યાં છે. આજે ધરણી ધ્રુજી ઉઠે છે સાત સમુદ્રો આકાશ પર્યન્ત ઉછાળા મારી રહ્યાં છે. શ્રી રામચંદ્રજીની સેનાને સિંધુપાર કરાવતાં – કરાવતાં તો કચ્છપ ભગવાનની પીઠ પણ છિન્ન ભિન્ન થઇ છે. અને રાત્રીના અંધકારમાં વિલીન થઇ રહી છે. શેષજી તો સ્તબ્ધ થઇ ગયાં છે. દિગ્પાલોપણ થર–થર કાંપી રહ્યાં છે, ભયભીત થઇ દિશા શૂન્ય જેવાં થઇ રહ્યાં છે.

મહારાણી મંદોદરી, રાવણ, મંદમતિને સમજાવે છે કે હજી પણ મોડુ નથી થયું. શ્રી રામચંદ્રજી ચડાઇ લઈ લંકા પર યુદ્ધનો આરંભ કરે તે પહેલાં દીનતાપૂર્વક સતી શ્રી સીતામાતાને શ્રીરામના શ્રી ચરણોમાં સમર્પિત કરી આવો.

આ તો સાક્ષાત્ જગદીશ્વર પોતે શ્રી નારાયણ પ્રગટ થયાં છે. તમારા આધિન દેવતાઓની કંઈ પણ શકિત કામ આવવાની નથી. અરે ! એક મહાબલી શ્રી હનુમાનજી જેવાં સાધારણ વાનરને પણ તમે લંકાદહન કરતાં રોકી શકતા નથી માટે હે લંકેશ ! શ્રી રામચંદ્રજીથી વૈર કરીને સુખ–શાંતિનો ભંગ ન કરો.

આ લીલાને કરખા કહેવાય છે અને આસો સુદ પાંચમથી દશેરા સુધી આ લીલાના કીર્તન થાય છે. જેમાં સંપૂર્ણ રામ–રાવણ યુદ્ધનું વર્ણન આવે છે. તથા થોડે અંશે શ્રીરામ-ભરતના પ્રેમની ઝાંખી પણ થાય છે. આ કીર્તનો વીરરસથી ભરપૂર છે.

### શરદપૂર્ણિમા (રાસ)

પિય કો નચવન સિખવત પ્યારી ।
વૃંદાવન મેં રાસ રચ્યો હૈ શરદ રેન ઉજિયારી ॥૧॥
તાલ મૃદંગ ઉપંગ બજાવત અતિ પ્રવિન લલિતારી ।
રૂપ ભરી ગુણ હાથ છડી લીયે, ડરપતલાલ બિહારી ॥૨॥
વીણા વેણુ નુપૂર ધ્વનિ બાજત, ખગ મૃગ બુદ્ધિ વિસારી ।
'વ્યાસ' સ્વામિની છબી નિરખત રીઝ દેત કર તારી ॥૩॥

**ભાવાર્થ :** શ્રી વૃન્દાવનમાં રાસલીલામા વ્રજભકતો પધાર્યા છે. શ્રી સ્વામિનીજી નૃત્યની શિક્ષા શ્રી ઠાકોરજીને આપી રહયાં છે. તાલ, મૃદંગ, ઉપંગ ઇત્યાદી વાજીંત્રો વાગી રહ્યાં છે. શ્રી લલિતાજી જેવાં પ્રવિણ કલાકાર વાજીંત્રોનો સાઝ સાંભળી રહ્યાં છે. શ્રી સ્વામિનીજીને નૃત્યના હાવ–ભાવ 'તાથેઇ તત્ તા તાથેઇ ત ત તા' ઇત્યાદિ સ્વરો સાથે શીખવી રહયાં છે. એમના શ્રીહસ્તમાં લાલ કોમલ રેશમની છડી જોઇ શ્રી ઠાકોરજી ડરી રહયાં છે કે, એમને કયાંક છડીનો માર તો નહીં પડે ને ? તેથી અત્યંત સાવધાનીપૂર્વક નૃત્ય કરે છે. વીણાના તાલ સાથે શ્રી ઠાકોરજી પોતાના નુપુરનો તાલ મિલાવી રહયાં છે. સાથે મંદ મંદ મુરલીગાન પણ કરી રહયાં છે. આ લીલાના દર્શન કરતાં ખગ, મૃગ ઇત્યાદિ પશુ, પક્ષીઓ સ્થગિત થઇ ધૂન સાંભળી રહયાં છે. નૃત્યમાં બરોબર સફળતા પ્રાપ્ત થતાં શ્રી સ્વામિનીજી શ્રી ઠાકોરજી પર રીઝી જઇ શ્રી હસ્તમાં તાળી આપે છે.

**ધનતેરસ** આજ માઇ ધન ધોવત નંદ રાની ।
કાર્તિક વદી તેરસ દિન ઉત્તમ ગાવત મધુરી બાની ॥૧॥
નવ સત સાજ સિંગાર અનૂપમ કરત આપ મનમાની ।
'કુંભનદાસ' લાલ ગિરધર પ્રભુ દેખત હિયો સિરાની ॥૨॥

**ભાવાર્થ** : આજે ધન તેરસનો મંગળ અવસર હોવાથી શાસ્ત્રના નિયમ મુજબ સહુ કોઇ પોતાના ધનની પૂજા તથા અર્ચના કરે છે. શ્રી યશોદાજી પોતાના સર્વસ્વ; પ્રાણજીવન ધન શ્રીઠાકોરજીને અભ્યંગ, સ્નાન કરાવી નવીન વસ્ત્ર આભરણોથી સુશોભિત કરી નીરખીને પ્રસન્ન થાય છે. કુંભનદાસજી આ પદ સમાપ્ત કરતાં કહી રહયાં છે જે શ્રીયશોદાજી પોતાની દરેક હોંસ લાલનને લાડ લડાવવાની પુરી કરે છે.

**રૂપ ચૌદશ :** દીપ દાન દે હટરી બૈઠે નવલલાલ શ્રી ગોવર્ધન ધારી ।
દોહરી પાંત બની દીપનકી વ્રજ શોભા લાગત અતિ ભારી ॥૧॥
તૈસે હી બને નંદકે નંદન તેસેહી બની રાધિકા રાની ।
ગૃહ ગૃહતેં આઇ વ્રજ સુંદરી માત જશોદા દેખ સિહાની ॥૨॥
ભાંત ભાંત પકવાન મીઠાઇ લે લે ગોદ સબન કી નાંવત ।
આરતિ કરત દેત ન્યોછાવર ફીર ફીર મંગલ ગીત ગાવત ॥૩॥
ઉઠકર લાલ ખિરકમેં આયે ટેર ટેર સબ સખા બુલાયે ।
શ્રી વિઠ્ઠલ ગિરિધરન લાલને સબ ગાયન કે કાન જગાયે ॥૪॥

**ભાવાર્થ** : આજે દીપદાનનું માહાત્મ્ય શાસ્ત્રમાં બતાવેલું છે. એટલે શ્રી નંદરાયજી દીપદાન, શ્રીલાલનના શ્રીહસ્તથી કરાવી રહયાં છે. ત્યાર બાદ શ્રીલાલન હટરી (હાટડી–દુકાન) સજાવીને વ્રજભકતો સાથે વેપાર કરવા બિરાજમાન થઇ રહયાં છે. શ્રી ઠાકોરજી તથા વ્રજભકતોના આભરણો અસંખ્ય દીવાઓની જેમ ઝગમગી રહયાં છે તથા દીપમાલિકાના દીવાઓ પણ ઝગમગે છે. જાણે કે બેવડી દીપમાલિકા થઇ હોય તેમ વ્રજની શોભા ભારી છે. વળી ઘરઘરથી ગોપીજનોના યૂથના યૂથ શ્રી ઠાકોરજી પાસેથી મેવા–મીઠાઇની ખરીદી કરવા પધાર્યા છે. આ બધાં સુંદર પકવાન, મીઠાઇ મેવા ઇત્યાદિ બધાં વ્રજભકતોની ગોદમાં પધરાવીને ગોદભરીને વિદાય કરી રહયાં છે. શ્રીયશોદાજી વ્રજભકતો પાસે મંગલ ગીત ગવડાવીને પોતે શ્રી લાલનની મંગલ આરતી ઉતારી રહયાં છે. ત્યારબાદ શ્રીલાલન ગૌશાળામાં પધારી બધાં ગ્વાલબાલોને બોલાવી અને ગાયના કાનમાં કુરૂર કુરૂર એમ કહી ગાયોને સચેત કરી (કાન જગાવ્યા).

ગાયોમાં તેત્રીસ કોટી દેવતા બિરાજમાન હોવાથી એમને ગોવર્ધનપૂજા વખતે પધારવાનું નિમંત્રણ સાંકેતિક ભાષામાં અપાય છે. તેને કાન જગાઇ કહે છે જેના કીર્તન શ્રી ઠાકોરજી હટડીમાં બિરાજે ત્યારથી દિપાપલીના દિવસ સુધી દરરોજ સંધ્યા આરતીથી શયનમાં ગવાય છે.

**દીપાવલી (દિવાળી)** આજ કુહૂ કી રાત્ર માધો દીપમાલિકા મંગલ ચાર ।
ખેલો દ્યુત સહિત સંકરણન મોહનમૂરત નંદકુમાર ॥૧॥

કહત યશોદા સુનો મનમોહન ચંદન લેપ શરીર કરો ।
પાન ફુલ ચોખા દિવ્ય અંબર મણી માલા લે કંઠ ધરો ॥૨॥
ગો. ક્રીડન પુન કાલ હોયગો નંદાદિક દેખેંગે આય ।
**પરમાનંદદાસ** સંગલીને ખિરક ખિરક ખિલાવત ધૌરી ગાય ॥૩॥

**ભાવાર્થ :** આજે અમાસની અંધકારમયી રાત્રીમાં શ્રીનંદરાયજીએ અગણીત દિવાઓ પ્રગટાવીને અંધકારને દુર કર્યો છે. વ્રજ આખું દિપ મલિકાથી ઝળવળી ઉઠયું છે. જાણે કોટી સુર્ય, ચંદ્રો વડે વ્રજ પ્રકાશમાન થઇ રહયું છે.

શ્રી યશોદાજી લાલનને ગૌશાળામાંથી ઘરે પધરાવી શ્રી બલદેવજી સાથે ચોપાટ પાસાનો રાજસી ખેલ ખેલવા માટે સમજાવી રહયાં છે. ધુત ક્રિડા આમતો શાસ્ત્ર વર્જિત છે પણ ફકત દિવાળીની રાત્રે ધુત ક્રિડા માટે શાસ્ત્ર છુટ આપે છે.

વિવિધ વસ્ત્રો આભુષણો તથા ફુલમાલા, ચંદન ઇત્યાદિ ધારણ કરી સુંદર વાતાવરણમાં શ્રી બલદેવજી સાથે ધુત ક્રિડા કરો. ગાયોનું પુજન સવારે કરજો એમ, સમજાવતાં કહી રહ્ય, છે. શ્રી નંદરાયજી સાથે મોટા ગોપ ગ્વાલ પણ સવારે ગૌશાળામા ગાયનું પૂજન તથા ગાય ખિલાવવા પધારશે. પણ, ઠાકોરજી તો એટલા બધા ગાયો માં મસ્ત બનીને ખેલી રહ્યાં છે, અને સાથમાં સખા રૂપે પરમાનંદદાસજીને લીધાં છે.

**અન્નકુટ :** અન્નકુટ કોટિક ભાંત નસો ભોજન કરત ગોપાલ ।
આપહી કહત તાત અપને સોં ગિરિ સુરત દેખો તત કાલ ॥ ૧ ॥
સુરપતિ સેવક હે ઇનકે શિવ વિરંચિ ગુણ ગાવેં ઇનિહિકે ।
અષ્ટ મહા સિદ્ધિ નવ નિધિ પરમ પદારથ પાવેં ॥ ૨ ॥
હમ ગૃહ બસત ગોધન વન ચારત ગોધન હીં કુલદેવ ।
ઇન છાંડ જો કરત યજ્ઞ વિધિ માનો ભીત કો લેવ ॥ ૩ ॥
યહસુન આનંદે વ્રજવાસી આનંદ દુંદભી બાજે ।
ઘરઘર ગોપી મંગલગાવેં ગોકુલ આન બિરાજે ॥ ૪ ॥
એક નાચત એક કરત કુલાહલ એક દેત કર તારી ।
વનિતાવૃંદ વાયનો વાંટત ગુંજા પુવા સુંહારી ॥ ૫ ॥
તબહીં ઇન્દ્ર આયુસ દીયો મેઘન જાય પ્રલય વરખો ।
યહ અપમાન કિયો ઘોં કોને તાઇ પ્રગટ વ્હે પરખો ॥ ૬ ॥
સાત ઘોસ જલ સિલા સહસ્રન મહાઉપદ્રવ કીનો ।
નંદાદિક વિસ્મિત ચિતવન અબતબ ગિરિવર કરલીનો ॥ ૭ ॥
શક્ર સકુચ સુરભી સંગલાયો તજી આપનો ટેક ।
ગહે ચરણ ગોવિંદ નામ કહી કિયો આપ અભિષેક ॥ ૮ ॥
મહરિ મુદિત વર વસન મગાયે બોલ બોલ સબ ગ્વાલિત દીને ।
પ્રભુ કલ્યાન ગિરિધર યુગ યુગ યોં અભય પદ દીને ॥ ૯ ॥

(અનુસંધાન પાના ૪ ઉપર)

**ભાવાર્થ :** શ્રી કૃષ્ણ ભગવાન નંદબાવાને શ્રી ગિરિરાજજીના દર્શન કરાવતાં કહી રહ્યા છે, બાબા જુઓ શ્રી ગિરિરાજજી કેવા આનંદથી આરોગી રહ્યાં છે. આશ્ચર્યની વાત તો એ છે કે, પોતે શ્રી નંદબાવાથી છુપાવી રહ્યા છે કે, શ્રી ગિરિરાજજીનું રૂપ ધારણ કરી હું જ પોતે બધી સામગ્રી આરોગું છું.

વળી આગળ ચાલતાં ભગવાન કહી રહ્યાં છે કે, હે નંદબાબા, ઇન્દ્ર અર્થાત્ સુરપતી જેવા તો એમના સેવકો છે. અને મહાદેવ અને બ્રહ્માજી જેના ગુણગાન કરે છે. વળી આ જ શ્રી ગિરિરાજબાવા અષ્ટ સિદ્ધી તથા નવ નિધિના દાતા છે. એટલું જ નહીં પણ પૂર્ણ પુરૂષોત્તમરૂપી પરમ તત્વની પ્રાપ્તિ કરાવવાવાળા પણ એજ છે. વળી આપણો તો સહુ ગ્વાલ, ગોપ એમની તળેટીમાં જ ઘર કરીને રહેવાવાળા છઇએ અને એમની છત્ર છાયામાં જ આવેલ વન, ઉપવનમાં જ ગાયો ચારીએ છીએ અને એ ગોધન જ આપણા કુળની રક્ષા-પાલન કરવાવાળા દેવ છે માટે આ ગોધનનું પાલન તથા રક્ષણ કરવાવાળા, જે શ્રી ગોવર્ધન પર્વતરૂપી દેવ છે તેમને મૂર્કને બીજા જે કોઇ દેવનો યજ્ઞ કરશો તો એ તો ભીંત લીંપવા જેનું જ થશે.

આ અત્યંત મહત્વની સૈદ્ધાન્તિક વાત સાંભળી બધાં જ વ્રજવાસી આનંદમાં આવી જઇ દુંદુભી (મોટા નગારા) વગાડી આનંદ વ્યક્ત કરવા લાગ્યાં તથા વ્રજવાસી સ્ત્રીઓ શ્રી ગિરિરાજજીના અન્નકુટના પ્રસાદમાંથી ગોળના ગુંજા, પુવા, સુહારી (મેંદાની ગોળની પુરી) વધામણી રૂપે વાંટી રહ્યા છે. કોઇ નાચે છે-ગાય છે, આમ આનંદ કરતાં ગોકુલ આવ્યા પણ આ બધું જોતાં ઇન્દ્રરાજાએ બારે મેઘને વ્રજ ઉપર વરસી પ્રલય કરવાની આજ્ઞા આપી કે, 'જેણે આ યજ્ઞ કરી મારી વર્ષોથી થતી પૂજા બંધ કરી છે તેને પરચો આપો આ આજ્ઞા સાંભળી સાત દિવસ સુધી સતત મોટી પર્વતની શીલાઓ જાણે પડતી હોય એવી ધારથી મેઘ વરસવા માંડતા બધાં વ્રજવાસીઓ વિસ્મય પામ્યા અને રક્ષા માટે શ્રી ઠાકોરજીની સામે જોતાં જ તુરત શ્રી ઠાકોરજીએ ગોવર્ધન ધારણ કરી, વ્રજવાસીઓને તેમની છત્રછાયા નીચે આવી જઈ રક્ષણ લેવા કહ્યું. વ્રજવાસીઓએ શ્રી ગોવર્ધનનાથની આ અદ્ભુત લીલાના દર્શન વિસ્મિત થઇ સાતે દિવસ સુધી કર્યા.

હવે આ બાજુ વ્રજવાસીઓની રક્ષા કરી રહેલ શ્રી ગોવર્ધનનાથને પરમાત્મા છે એમ ઓળખતાં ઇન્દ્ર પોતાના અપરાધને નિવારવા સંકોચના સંકોચતા કામધેનુ ગાયને આગળ કરીને વ્રજમાં જઇ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ કરતાં શ્રી ઠાકોરજીના ચરણ પકડી લઈ, શરણ ગ્રહણ કર્યું તથા કામધેનુ ગાયના દૂધથી તેમજ માનસી ગંગાના જલથી ગોવિંદાભિષેક કર્યો, અને શ્રી ઠાકોરએનું નામ પણ ગોવિંદ એટલે ગાયોની રક્ષા કરનારા-પાલન કરનારા એવું નામ પણ પ્રદાન કર્યું. અર્થાત્ શ્રી ગોવિંદ એવું નામ શ્રી ઠાકોરજીને આપ્યું. આ બધી લીલાઓના દર્શન કરી માતાજી શ્રી યશોદાજી જાત-જાતના રંગબેરંગી વસ્ત્રો મંગાવી વ્રજવાસીઓને બાલકૃષ્ણલાલ શ્રી ગોવર્ધનધારી ઉપર ન્યોચ્છાવર વારીને વાંટી રહ્યા છે. આ લીલાનું ગાન કરતા છેવટમાં શ્રી કલ્યાણ પ્રભુ શ્રી ગિરિધર શ્રી ઠાકોરજી પોતાના ભકતોને યુગ-યુગ સુધી અભય-પદ-અભયદાન અનંતકાળ સુધી આપીને નિર્ભય કર્યા તે માટે પ્રભુના પ્રસંશા કરી વંદન કરે છે.'

(જુઓ ટાયટલ બીજું)

**SHREE VALLABH SUDHA** Monthly Magazing. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43.

## વેણુગીત ધોળ

(વેણુગીતના શ્લોક ૧ થી ૬નો ભાવાનુવાદ)

(ઢાળ – તાદશીજન તેને જાણીએ રે જેમાં એવા ગુણ હોય)

ગોવિંદ ચાલ્યા ગાયો ચારવા રે, ગયા વૃંદાવન ધામ (૨)
ગોપ સખાઓ લીધા સંગમાં, સાથે ભૈયા બલરામ (૨) – ગોવિંદ૦ ૧
ઋતુ શરદ સોહામણી રે, સ્વચ્છ થયા નદી નીર (૨)
વાયુ સુગંધી વાય છે, આવ્યા જમુનાજીને તીર (૨) – ગોવિંદ૦ ૨
ફુલી વનરાજી વૃંદાવનમાં રે. ભ્રમર કરે ગુંજાર (૨)
પક્ષી ગણો કલરવ કરે, કરે કોયલ ટહુકાર (૨) – ગોવિંદ૦ ૩
વેણુ બજાવી મન મોહને રે, સૂણી વ્યાકુળ વ્રજનાર (૨)
અનંગ વાધ્યો અંગઅંગમાં, વિરહ વેદના અપાર (૨) – ગોવિંદ૦ ૪
સરખી સાહેલી ટોળે મળી રે, ગુણ ગાવાની આશ (૨)
કૃષ્ણલીલાનું સ્મરણ થયું, મન ગયું પ્રભુ પાસ (૨) – ગોવિંદ૦ ૫
વિહવળ બની કામવેગથી રે. ભૂલી સાનને ભાન (૨)
કરી શકી ન વ્રજ સુંદરી, વેણુ ગીત તણું ગાન (૨) – ગોવિંદ૦ ૬
સ્વરૂપ હદય પધરાવવા રે, શુક મુનિ બોલ્યો શ્લોક (૨)
પ્રગટ્યુ સ્વરૂપ સૂણી અંતરે, ગોપી રહી વિલોક (૨) – ગોવિંદ૦ ૭
મોર મુકુટ મસ્તક ધર્યા રે, રૂપ નટવર ધરાય (૨)
કાને કર્ણિકાના ફુલ છે, પીત અંબર સોહાય (૨) – ગોવિંદ૦ ૮
વૈજયંતી માલ ઉર ઉપરે રે, છેડે મુરલીની તાન (૨)
અધર સુધારંધ્રે પૂરી, કરવા ગોપીઓને દાન (૨) – ગોવિંદ૦ ૯
વૃંદા તે વનમાં વિહરે રે, સંગ ગોપને ગાય (૨)
ચરણની છાપ ઉપસી રહી, યશ ગ્વાલ બાલ ગાય (૨) – ગોવિંદ૦ ૧૦
શુક કહે પરિક્ષીતને રે, વેણુગીતની કથાય (૨)
સૂણી 'વેણુરવ' ગોપીઓ, 'લાલ' વેણુ ગીત ગાય (૨) ગોવિંદ૦ ૧૧

– કીર્તનીયા લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ.

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

# શ્રી વલ્લભસુધા

## વ્રતચર્યાનું પદ રાગ-રામકલી

અતિ તપ કરત ઘોષ કુમારી;
કૃષ્ણ પતિ હમ તુરત પાવેં, કામ આતુર નારી. ૧
નયન મૂંદત દરસ કારણ. શ્રવણ શબ્દ વિચાર;
ભૂજા જોરત અંકભર, હરિ ધ્યાન ધર અંકવાર. ૨
સરદ ગ્રીષ્મ નાહિં દેખત, કરત તપ તન ગાર;
'સૂર' પ્રભુ સર્વજ્ઞ સ્વામી દેખ રીઝે નાર. ૩

— ભકત કવિ શ્રી સૂરદાસજી

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ***

વર્ષ ૧૩ : અંક-૮ નવેમ્બર, ૧૯૯૪
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * આજીવન રૂા. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

# પુસ્તક પરિચય

## ભજનીય વ્રજાધિપ

લેખકો–ગો. વા. વ્રજરત્નદાસ ચિમનલાલ પરીખ
પ્રા. રમેશભાઇ વિઠ્ઠલદાસ પરીખ

૮ પેઈજી ડેમી સાઈઝના પૃષ્ઠ ૨૯૬ ઓફસેટ પ્રિન્ટીંગ, દર્શનીય સુંદર ચિત્રવાળું લેમીનેશન કરેલું બોક્ષ બોર્ડનું ટાઈટલ.

ન્યોચ્છાવર રૂા. ૩૦/–ત્રીસ.

પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ.
c/o 'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, **મહેસાણા**–૩૮૪૦૦૨

પુષ્ટિ સાહિત્ય સિદ્ધ હસ્ત લેખક દ્વારા લિખિત આ પુસ્તકમાં બે ભાગ છે. પહેલા ભાગમાં–પુષ્ટિ સંપ્રદાયના આચાર અને વિચાર પ્રણાલિક, ભાવના અને સિદ્ધાંતનું લોકભોગ્ય શૈલીમાં સુંદર અને સરળ નિરૂપણ કર્યું છે જે દરેક વૈષ્ણવે બરોબર સમજી આત્મસાત કરવું આવશ્યક છે. પુષ્ટિ સંપ્રદાયના વિવિધ વ્રત ઉત્સવો અને તે દરેક પ્રસંગના સેવા પ્રકાર તેમજ સેવામાં વપરાતા વિવિધ શબ્દોની સરળ સમજુતિનો પણ સમાવેશ કરાયો છે.

બીજા ભાગમાં–નિત્ય લીલા ભાવનાનું સુંદર રસમય વર્ણન છે જે વાચકને ભાવ વિભોર બનાવે છે. રસરાજ પુર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણનું અને તેમની લીલાઓનું ચિંતન અને મનન, અધિકાર અને અનુભવનું સરળ નિરૂપણ છે.

દરેક વૈષ્ણવ પરિવાર, પાઠશાળા અને પુસ્તકાલય વસાવવા લાયક આ પુસ્તક પુષ્ટિ સંપ્રદાયની ભાવ ભાવના, સેવા પ્રકાર આદિની સીધી સાદી સરળ સમજુતિ ભાવિ પેઢીને તથા દરેક વૈષ્ણવને આપવા સમર્થ છે. પુષ્ટિ સાહિત્યનું આ અમૂલ્ય રત્ન છે.

પુષ્ટિ સાહિત્યના અભ્યાસીને પણ ખૂબ જ ઉપયોગી નીવડનાર આ પુસ્તકના લેખક કોટિ કોટિ અભિનંદનના અધિકારી છેર

## ગદ્ય ટીકા

શ્રીગુસાંઈજીના ચતુર્થકુમાર શ્રી ગોકુલેશ પ્રભુ કૃત ગદ્યમંત્ર પરની સંસ્કૃત ટીકાનો પ. ભ. શ્રી નાગરદાસ કા. બાંભણીઆએ કરેલ ગુજ. અનુવાદ પૃષ્ઠ ૪૦ પાકું બાઈન્ડીંગ સુંદર ઓફસેટ પ્રીન્ટીંગ. અમુલ્ય : પ્રકાશક શ્રીદ્વારકેશ પુષ્ટિ સેવા સમિતિ રાજકોટ.

પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર રાજકોટ)ની પ્રેરણાથી, શ્રીદ્વા. પુ. સે. સ. દ્વારા પુષ્ટિમાર્ગની સમર્પણ દીક્ષાનો પરમ રહસ્ય યુકત ગદ્યમંત્ર પર શ્રી ગોકુલેશ પ્રભુએ જે વિશદ ટીકા કરી પ્રત્યેક પુષ્ટિમાર્ગીય જીવો પર પરમ અનુગ્રહ કર્યો છે. આ પાયાના પુષ્ટિમાર્ગીય ગદ્યમંત્રનું સરહસ્ય જ્ઞાન સમજ હોવી પ્રત્યેક વૈષ્ણવ માટે અનિવાર્ય છે. તેવી આ ટીકાનો સરલ ગુજરાતી અનુવાદ વર્ષો પહેલા ગો વા. પ. ભ. શ્રીનાગરદાસભાઇ બાંભણીઆ એ કરેલ અને 'વૈશ્વાનર' માસિક તથા 'અનુગ્રહ' માસિક માં છપાએલ અને પુસ્તક રૂપે સન ૧૯૮૦ માં નિ. લી. માધવરાયજી મહારાજ (મથુરા–પોરબંદર) દ્વારા 'નવ પ્રકાશ'ના ભેટ પુસ્તકરૂપે પ્રકટ કરેલ જે હાલ અપ્રાપ્ય હતું તેનું સુંદર સ્વરૂપે નવું પ્રકાશન પુષ્ટિ સૃષ્ટિ પર પૂ. પા. શ્રી રસિકરાયજી મહારાજના પરમ અનુગ્રહથી થયું છે. જેનો સર્વે વૈષ્ણવોએ અચુક લાભ લેવો જોઈએ.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૮ ※ નવેમ્બર, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્ય કા સન્દેશ

**પ્રવક્તા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
**અનુવાદક :** ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિ યોયતઃ ॥

સત્સંગ પ્રેમી શ્રોતાઓ,

સર્વોત્તમ સ્તોત્રના પાઠનો રવિવારનો ક્રમ ચાલે છે તે ઘણો જ સુંદર છે, કારણ કે આપણે વૈષ્ણવ છીએ. પુષ્ટિમાર્ગના અનુયાયી છીએ. આચાર્ય ચરણની કૃપાથી આપણને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. છતાં પણ આપણે આપણા પોતાના સ્વરૂપથી એક રીતે અજાણ રહીએ છીએ. સ્વરૂપનું જ્ઞાન આપણને છે એવું આપણે નહી કહી શકીએ, કારણ એ છે કે, લૌકિક કાર્ય, લૌકિક વ્યવહાર, લૌકિક કારણો એટલા વધારે છે કે તે કરતાં કરતાં આપણે મોટા ભાગનો સમય પસાર થઇ જાય છે. મોટા ભાગનો સમય લૌકિક વ્યવહારોમાં જાય છે.

ભગવત્ સંબંધી કાર્ય આપણે આપણા જીવનમાં જરૂર કરીએ છીએ, પરંતુ ઘણાં ઓછા પ્રમાણમાં.

જીવનનો જે મુખ્ય ઉદ્દેશ છે તે તો ગૌણ બની જાય છે અને જે ગૌણ ઉદ્દેશ છે તે મુખ્ય બની ગયો છે. જીવનયાત્રા માટે આ વ્યવહાર આવશ્યક છે. એ ઠીક છે ચોક્કસ કરવો જોઇએ. પરંતુ જીવન પણ એક ઉદ્દેશ માટે આપણે જીવવાનું છે. કેવળ ખાલી જીવવા માટે નથી જીવવાનું જીવે તો બધા છે પશુ, પક્ષી, પણ જીવે છે જીવવા માટે જ ન જીવવું જોઇએ, પરંતુ એક ઉદ્દેશને લઇને જીવવું જોઇએ. સફળ જીવન બનાવવા માટેની આ ચાવી છે.

ઉદ્દેશ વગર જ્યાં કંઇ વિચાર આવ્યો, ત્યાંલી નીકળ્યા, જે કંઇ કહેવાનો મનમાં વિચાર આવ્યો તે કહી દીધું. જે પ્રકારની ભાવના હૃદયમાં આવી, તે પ્રમાણે કરી લીધું. આ બધા કાર્ય એક રીતે સાર્થક જીવન માટે બાધક છે. સમજીને કાર્ય કરવામાં આવે તો જીવન સાર્થક બને છે. જે કાર્ય કરીએ, સમજીને કરીએ તો જીબનમાં સફળતા મળશે. એક ઉદ્દેશ હશે તો પૂરો થશે. અનેક ઉદ્દેશ હશે તો બધા અધૂરા રહી જશે. એક ઉદ્દેશ હશે તો ધીરે ધીરે પૂરો થશે. તેમાં લાંબો સમય લાગી શકે. આજે જ તે સિદ્ધ થઇ જાય તેવી કોઇ વાત નથી. પરંતુ ધીરે ધીરે સિદ્ધ થશે. જરૂર સિદ્ધ થશે. જો કોઈ દિશા જ જીવનની ન હોય, જે બાજુ મન થયું ત્યાં ચાલી નીકળ્યા, તો પછી સફળતાની આશા ન રાખી શકાય.

શ્રી મહાપ્રભુજીએ આપણને જીવનને સફળ બનાવવા માટે જે માર્ગ બતાવેલ છે, સમજાવ્યો છે, તેનું હૃદયમાં સ્મરણ રાખવું જોઇએ.

શ્રી મહાપ્રભુજીએ આપણને કયો માર્ગ બતાવેલ છે? કયા માર્ગ પર ચાલવાથી આપણું જીવન ભગવદીય બની શકે? જે જીવનનો પરમ ઉદ્દેશ છે. ભગવદીય જીવન બની જાય એ જીવનનું એક પરમ ફળ છે. લૌકિક જીવન તો આપણું ચાલે જ છે. તેમાં તો કહેવાની કોઇ વાત જ નથી. લૌકિતામાંથી અલૌકિક તરફ આપણી ગતિ થાય તેમ થવું જોઇએ. મહાપ્રભુજીએ તેને માટે એક વાત આપણને સમજાવી છે. તે એ છે કે માનવીએ સારો પ્રયત્ન કરવો જોઇએ. જેટલો બની શકે તેટલો સારો પ્રયત્ન કરવો જોઇએ. જીવનભર કરતા રહેવું કેટલાક લોકો કહે છે કે પુષ્ટિ માર્ગમાં તો પ્રયત્નપૂર્વક સારૂ કાર્ય કરવાની કોઇ જરૂરત નથી. ભગવાન બધું કરશે, કેટલાક લોકો ભ્રમવશ આવું માને છે. પુષ્ટિ માર્ગનો એવો આશય કે તમે સારા કાર્ય કરવાનું છોડી દો એવું કેમ બની શકે? કારણ કે સારા કાર્ય છોડી દેશો તો બાકી શું રહેશે? ઉલટું કાર્ય ખરાબ કામ એ જ તો બાકી રહેશે? સારા કાર્ય છોડયા અને ઉલટા કામમાં આપણી પ્રવૃત્તિ થઇ. આ તો સારુ નથી. સારા કામમાં જીવન જાય, એ તો ઘણું ઉપયોગી છે.

મહાપ્રભુજીએ સમજાવ્યું કે સારા કાર્ય કરવા માટે પ્રયત્ન કરો. "યથા બુદ્ધિ બલોદય" પ્રયત્ન કરો. પરંતુ પોતાના કાર્ય પર આધાર ન રાખો. આશ્રય ભગવાનનો લો. ભગવાનનો આશ્રય રાખીને જેટલા પણ સારા કાર્ય તમારાથી

થઇ શકે તે બધા કરો. પરંતુ હૃદયમાં ભાવના એ હોય કે મારો આશ્રય તો ફક્ત ભગવાન છે. અને તેની કૃપા છે. ભગવાન અને ભગવાનની કૃપા એક મારો આધાર છે. આ પ્રકારની ભાવના આપણે જીવનમાં અપનાવવી જોઇએ. આ શ્રી મહાપ્રભુજીનો સંદેશ છે. સારા કાર્ય જરૂર કરો. જ્યાં સુધી શકિત હોય. તમારી બુદ્ધિ ચાલે ત્યાં સુધી કરો, પરંતુ તેનો આશ્રય નહી લો. આશ્રય ભગવાનનો કરો. મનમાં એવી ભાવના હોય કે ભગવાન જ કૃપા કરીને મને પોતાનો માર્ગનું પ્રદાન કરશે. ભગવદીયતાનો માર્ગ ભગવાન જ બતાવશે. એવી ભાવના રાખવી. તેને માટે પ્રયત્ન અવશ્ય કરવો, પ્રયત્ન નહીં છોડવાનો. પ્રયત્ન કરતા રહો અને હૃદયમાં ભગવાનનો આશ્રય રાખવો. તેને શરણ માર્ગ કહે છે. ભગવત્ શરણ માર્ગ એનું નામ છે.

આ શરણમાગનો જે આધાર રાખે છે, આશ્રય લે છે ભગવાન પોતે જ તેના માર્ગદર્શક બની જાય છે. સારી બુદ્ધિ પ્રદાન કરીને તેને પોતાની તરફ લગાવે છે. ભગવાને ગીતામાં કહ્યું છે "દદામિ બુદ્ધિયોગંતં, યેન મામ્ ઉપયાંતિ તે" જે વ્યકિત મારો આશ્રય કરે છે, મારામય બનીને રહી છે તેને હું આપું છું, શું આપું છું ? કે બુદ્ધિયોગ આપું છું. બુદ્ધિયોગ તેને આપુ છું, પ્રદાન કરું છું, "યેન મામ્ ઉપયાન્તિ તે" જે બુદ્ધિયોગ પ્રાપ્ત કરીને તે જીવ મારી તરફ આગળ વધે છે અને અંતે મને જ પ્રાપ્ત કરે છે. ભગવાને ગીતામાં આપણને આ આજ્ઞા આપી છે. તો સારી બુદ્ધિ બને એ જીવનનો એક મોટો લાભ છે. સારી સંપત્તિ મળી જાય, સારું ઘર મળી જાય, સારું સ્વાસ્થ્ય મળી જાય અને પરિક્ષામાં, કેસમાં સફળતા મળી જાય, એ પણ લાભ છે. પરંતુ સારી બુદ્ધિની બરોબર તેની સરખાણીમાં આ કંઇ પણ મહત્ત્વપૂર્ણ નથી. જેટલા પણ લાભ છે તે તુચ્છ છે.

જ્ઞાની હોય, ખૂબ ભણેલ હોય, ગણેલ હોય એવા લોકો બધા સારા કામમાં લાગી છે એવી વાત કયાં છે ? જ્ઞાની લોકો, ભણેલ, ગણેલ લોકો પણ ઉલટા કામ કરે છે મુખ્ય વાત એ છે કે સારી બુદ્ધિ હોવી જોઇએ સારી બુદ્ધિ હશે તો બધું સારું બનશે. ધનનો પણ સદુપયોગ કરશે, બળનો પણ સદુપયોગ કરશે, જ્ઞાનનો પણ સદુપયોગ કરશે, સારી બુદ્ધિ હશે તો. જો સારી બુદ્ધિ ન હોય, તો આ જેટલા પણ સારા ગુણ છે તે બધા ઉલટા માર્ગમાં લાગી જશે. આપણું અહિત કરશે. ભલું કરવું જોઇએ તેને બદલે અહિત કરી નાખશે.

(ક્રમશઃ)

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભકિતવર્ધિની

## ગ્રન્થ - પરિચય

લેખક - **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

(ગતાંકથી ચાલુ)

આપણી અસ્વસ્થ–રોગમયી–અહંતા–મમતાના કલેશ રહિત, સંપૂર્ણ તથા શુભચિકિત્સા (એટલે રોગ દુર કરવાની પ્રણાલી–રીત) ભક્તિ છે. એ જ કારણથી શ્રી મહાપ્રભુજીએ પુરૂષોત્તમ જોશીએ સમજાવ્યું હતું કે 'જ્ઞાનમાર્ગ તથા કર્મમાર્ગ દ્વારા કૃતાર્થ મુશ્કેલીથી–કઠિનતાથી થવાય છે. તેથી ભક્તિમાર્ગમાં જીવ કૃતાર્થ થાય છે. એ વિના બીજો કોઇ આશરો માર્ગ નથી.

જ્યારે ભક્તિથી જ આપણા સંસાર-રોગની પૂર્ણ ચિકિત્સા છે, ત્યારે (તો પછી) ભકિત રસાયણના અનુપાન (સેવન)ને જ શા માટે વધારવામાં ન આવે ! ખરૂં જોતાં તો ભકિતને ઓસડ માનવું એ પણ ભકિતની પૂર્ણ મહત્તાનું વર્ણન નથી. કારણ કે ભકિત પુષ્ટિ જીવને માટે ઓસડથી ઘણી વધુ જાતે જ સ્વાસ્થ્યરૂપ છે. પરમાત્મા તરફ જીવાત્માની ભકિત ન હોવી એ અસ્વાસ્થ્યનું–રોગીપણાનું લક્ષણ છે. પુષ્ટિ પ્રભુ વ્રજાધિપ શ્રીકૃષ્ણના તરફ પુષ્ટિજીવનું, પુષ્ટિભકિતના ભાવથી રહિત હોવું એ પણ તેની અસ્વસ્થતાનું લક્ષણ છે. ગીતાના છઠ્ઠા અધ્યાયની સમાપ્તિ વેળાએ એ જ કારણથી શ્રીકૃષ્ણ કહે છે– 'મને તો કર્મમાર્ગીય જ્ઞાનમાર્ગીય તપસ્વી સાધકોમાં જે યોગી છે એ અધિક માન્ય લાગે છે. યોગીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક જેઓ પોતાના અંતરાત્માને મારી સાથે જોડી દઇને મારૂં ભજન કરે છે એ લોકો મને બધામાં યુકતત્તમ લાગે છે.

આ જગતમાં આહાર–વિહારની જે અનિયમિતતાઓના કારણે આપણે આપણી અહંતા-મમતાને અસ્વસ્થ બનાવી રાખીએ છીએ, તેનાથી બચવા માટે શ્રી મહાપ્રભુનો સ્વાસ્થ્ય-વર્ધક ઉપદેશ 'ભકિતવર્ધિની'ને સાંભળવું, સમજવું તથા હૃદયમાં ધારણ કરવું એ અતિ આવશ્યક છે.

ભગવાનના અનુગ્રહરૂપી કલ્પતરૂમાં લપટાઇને (લુપ્ત બનીને) ઉપર પ્રગટતી ભકિતલત્તાની વૃદ્ધિના ઉપાયોને જાણવાએ વિષે જ્ઞાન મેળવવું– એ આ કારણને લીધે આવશ્યક છે.

ભકિત એ જીવાત્મામાં પ્રગટ થાય છે જેનું ભકિતને માટે વરણ (પસંદગી) પ્રભુ કરે છે. પોતાની ભકિતને માટે પરમાત્મા દ્વારા કરાયેલું જીવાત્માનું વરણ જીવાત્મામાં બીજ-ભાવને રૂપે સર્વદા વિદ્યમાન (એટલે સ્થિત–હાજર) રહે છે. સત્સંગ, ગુરુકૃપા યા શાસ્ત્ર તાત્પર્ય સંબંધી નિર્ણયના અનુકુલ વાતાવરણમાં કયારેક એ અંકુરિત (પ્રગટિત) થઇ શકે છે અને કયારેક નહીં. શ્રી પ્રભુચરણ કહે છે કે સ્વયં પરમાત્મા આ એકાન્ત ભકિત યા વ્રજ ભકિતના બીજનું આરોપણ કરે છે.

સત્સંગ તથા ગુરૂકૃપાના જલથી તેને સીંચે છે (અભિષેક કરે છે) પોતાના અનુગ્રહ કલ્પરૂનો આશ્રય આપીને તેને ઉપર લાવે છે. તેના પર ઉગવાવાળાં પુષ્પ-ફ્લોની રક્ષા પણ એક કાળજીભર્યા માળીની જેમ (પ્રભુ) પોતે જ કરે છે, આમ છે તો આ ભકિત કલ્પલત્તાનું નષ્ટ થવું યા તો કરમાઇ-સૂકાઇ જવું, તેને કેમ પસંદ આવે- ગમે ? આ કારણને લીધે પુષ્ટિભકિતનો બીજ ભાવ નાશવંત નહીં એવો બીજભાવ છે. જન્મ-જન્માન્તો સુધી એ બીજ ભાવનો નાશ થતો નથી. એક પછી એક જન્મ ઋતુચક્રની માફક આવતો તથા જતો રહે છે, કોઇક ઋતુમાં કોઇક લત્તા પર ફુલ ખીલે છે, કોઇ ઋતુમાં નહીં. આવી જ રીતે ભકિતનો બીજભાવ પણ કોઇક જન્મમાં પ્રેમના રૂપમાં અંકુરિત થઇ શકે છે તથા કોઇક જન્મમાં નહીં.

ભકિતની આ કલ્પલત્તા વધીને એટલી સઘન-ગાઢ થઇ જાય, પુષ્ટિના કલ્પતરૂના લતા પતાદિક તથા ડાળીઓનો વિસ્તાર એટલો ફેલાઇ જાય કે એ બન્નેને જુદા પાડવાનું કાર્ય કઠિન બની જાય-પુષ્ટિ કલ્પતરુ તથા ભકિત કલ્પલતાના પલ્લવ પરસ્પર મળી જઇને-લીન થઇ જઇંને-પુષ્ટિ ભકિતના રૂપમાં દેખાવા લાગે-એવો ઉપાય શ્રીમહાપ્રભુજી આપણને દર્શાવવા લાગે છે. લતા-વેલ-જ્યારે વૃક્ષ ઉપર ઘણી દૃઢતાથી લપટાઇ જાય છે-ફેલાય જાય છે-ત્યારે તેના નાશ પામવા યા તો સૂકાઇ જવાનો ભય ઘણો ઓછો થઇ જાય છે. આને જ બીજ ભાવની દૃઢતા કહેવામાં આવી છે.

દૃઢ બીજ ભાવ તથા અદૃઢ બીજ ભાવ વાળા જીવોને માટે ફલાત્મિકા વૃદ્ધિના ઉપાય-

પોતાની પ્રેમ સેવાત્મિકા ભક્તિના હેતુથી પરમાત્મા દ્વારા સારી રીતે વાવવામાં આવેલા વરણ (પસંદગી) નો બીજ ભાવ જે જીવાત્માઓમાં દૃઢ થઇ જાય છે તેઓતો નિઃશંક શ્રવણ કીર્તનની પ્રણાલિકા દ્વારા પણ ભગવાનની માનસી સેવામાં સર્વદા મગ્ન રહી શકે છે. તેથી એવા ભક્તો-ગૃહ ત્યાગ પણ કરી શકે છે. પરંતુ જે ભકતોનો બીજ ભાવ જ દૃઢ ન થયો હોય તેમણે ગૃહત્યાગ ન કરવો જોઇએ. પરંતુ પોતાના ઘરમાં રહીને જ ભગવત્સેવા તથા ભગવત્કથામાં પોતાની જાતને તત્પર બનાવવી જોઇએ. ત્યારે જ બીજ ભાવ દૃઢ થશે.

ભકિતના ત્રણ ભેદ હોય છે.

૧. ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન

૨. ભગવત્સ્વરૂપનું આંતર ભજંન

૩. ભગવન્નામાત્મક ભાગવતનું શ્રવણ ચિન્તન-કીર્તન-

બાહ્યાભ્યન્તર ભેદેન રૂપે ભેદ દ્વયં મતમ્ ।
નામ્નિયૈક તતસ્ત્રેધા ભકિતમાર્ગો નિરૂપિત : ।।

જેનો બીજ ભાવ દૃઢ થઇ ગયો હોય અર્થાત પુષ્ટિ ભકિત ભગવત્પ્રેમના રૂપમાં અંકુરિત, ભગવદાસકિતના રૂપમાં પલ્લવિત તથા ભગવદ્ વ્યસનના રૂપમાં ફલિત થવા લાગી ગઇ હોય તો એવા ભકતને ભગવદ્-વ્યસનના સ્વભાવને લીધે જ ભગવાનના વિરહની તીવ્ર અનુભૂતિમાં, સિદ્ધાંત મુકતાવલીમાં વર્ણવેલી માનસી સેવા અર્થાત ભગવત્સ્વરૂપનું આન્તર ભજન સિદ્ધ થઇ જાય છે. અને એક ડગલું આગળ વધે એટલે સર્વાત્મ ભાવ સિધ્ધ થઇ જાય ત્યારે "આસકિત-ભ્રમ" ના નિયમ પ્રમાણે સર્વે ઇન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ (વિશેષ

પ્રકારની ધારણા) પણ સિદ્ધ થઇ જાય છે. એવા ભકતોને માટે સર્વત્ર ભગવદ્ ભાવ પ્રગટ થઇ જાય છે. ઘર અને બહારનો ભેદ લુપ્ત થઈ જાય છે. તેઓ ઘરમાં બેઠા હોય યા બહાર તેમના મન તથા બધી ઇન્દ્રિયો દ્વારા નિરન્તર ભગવાનની અનુભૂતિ ચાલુ જ રહે છે. ફળ સ્વરૂપે આસકરણદાસજી જુઓ ૨૫૨ વૈષ્ણવોની વાર્તા માં આવે છે. તેમ આસકરણદાસની જેમ ઘરમાં રહેવાનું અનિવાર્ય નથી રહી જતું. તેઓ ગૃહ ત્યાગ કરી શકે છે. ભગવલ્લીલાઓનું શ્રવણ, ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓની ભાવના તથા તેમના કીર્તનની મસ્તીમાં, યાતો કયારેક ભગવાનના વિરહના તીવ્ર તાપમાં એવા ભકતો કયારે ઘરનો ત્યાગ કરીને ઘરની બહાર નીકળી પડે છે એની એમને પોતાને પણ ખબર પડતી નથી ! (“વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે–સન્યાસ નિર્ણય.)

# સ્કન્ધ પુરાણમાં વર્ણવેલ વૈષ્ણવનાં લક્ષણો

પ્રસ્તુતિ : **ચિ. ગો. શ્રી ગોકુલેશજી મહોદય**

(બોરીવલી – જૂનાગઢ – જામખંભાલીયા)

પ્રશાન્તચિત્તાઃ સર્વેષાં સૌમ્યાઃ કામજિતેન્દ્રિયાઃ ।
કર્મણા મનસા વાચા પરદ્રોહમનિચ્છવઃ ॥
દયાર્દ્રમનસો નિત્યં સ્તેયહિંસાપરાઙ્મુખાઃ ।
ગુણેષું પરકાર્યેષુ પક્ષપાતમુદાન્વિતાઃ ॥
સદાચારાવદાતાશ્ચ પરોત્સવનિજોત્સવાઃ ।
પશ્યન્ત સર્વભૂતસ્થં વાસુદેવમમત્સરાઃ ॥
દીનાનુકમ્પિનો નિત્યં ભ્રશં પરહિતૈષિણઃ ।
વિષયેષ્વવિવેકાનાં યા પ્રીતિરુપજાયતે ॥
વિતન્વતે તુ તાં પ્રીતિં શતકોટિગુણાં હરૌ ।
નિત્યકર્તવ્યતાબુદ્ધયા યજન્તઃ શંકરાદિકાન ।
વિષ્ણોરન્યં ન પશ્યન્તિ વિષ્ણું નાન્યત્પૃથગ્ગતમ્ ॥
પાર્થક્યં ન ચ પાર્થક્યં સમીષ્ટવ્યષ્ટિરૂપિણઃ ।
જગન્નાથ તવાસ્મીવિ દાસસ્ત્વં ચાસ્મિનો પૃથક ॥
અન્તર્યામી યદા દેવઃ સર્વેષાં હૃદિ સંસ્થિતઃ ।
સેવ્યો વા સેવકો વાપિ ત્વત્તો નાન્યોઽસ્તિ કશ્ચન ॥
ઇતિ ભાવનયા કૃતાવધાનાઃ પ્રણમન્તઃ સતતં ચ કીર્તયન્તઃ ।
હરિમબ્જજવન્દ્યપાદપદ્યં પ્રભજન્તસ્તૃણવજ્જગજ્જનેષું ॥

ઉપકૃતિકુશલા જગત્સ્વજસ્રં પરકુશલાનિ નિજાનિ મન્યમાનાઃ ।
અપિ પરપરિભાવને દયાર્દ્રાઃ શિવમાનસઃ ખલુ વૈષ્ણવાઃ પ્રસિદ્ધાઃ ॥

દૃષદિ પરધને ચ લોષ્ટખણ્ડે પરવનિતાસુ ચ કૂટશાલ્મલીષુ ।
સખિરિપુસહજેષુ બન્ધુવર્ગે સમમતયઃ ખલુ વૈષ્ણવોઃ પ્રસિદ્ધઃ ॥

ગુણગણસુમુખાઃ પરસ્ય મર્મચ્છદનપરાઃ પરિણામસૌખ્યદા હિં ।
ભગવતિ સતતં પ્રદત્તચિત્રાઃ પ્રિયવચસઃ ખલુ વૈષ્ણવાઃ પ્રસિદ્ધાઃ ॥

સ્ફુટમધુરપદં હિ કંસહન્તુઃ કલુષમુષં શુભનામ ચામનન્તઃ ।
જયજય પરિઘોષણાં રટન્તઃ કિમુ વિભવાઃ ખલુ વૈષ્ણવાઃ પ્રસિદ્ધાઃ ॥

હરિચરણસરોજયુગ્મચિત્તા જડિમધિયઃ સુખદુઃખસામ્યરુપાઃ ।
અપચિતિચતુરા હરૌ નિજાભન્નતવચસઃ ખલુ વૈષ્ણવાઃ પ્રસિદ્ધાઃ ॥

વિગલિતમદમાન શુદ્ધિચિત્તાઃ પ્રસભવિનશ્યદહંકૃતિપ્રશાન્તાઃ ।
નરહરિમમરાપ્તબન્ધુમિષ્ટ્વા ક્ષપિતશુચઃ ખલુ વૈષ્ણવા જયન્તિ ॥

(સ્કન્ધપુરાણ, વૈષ્ણવખંડ–ઉત્કલખંડ–૧૦/૧૦૧–૧૧૫, ૧૧૭)

**અર્થાત્ :** જેમનું ચિત્ત અત્યંત શાંત છે, જે સર્વ પ્રત્યે કોમળ ભાવ રાખે છે, જેમણે પોતાની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી લીધો છે તથા જે મન, વાણી અને ક્રિયાદ્વારા ક્યારે ય પણ બીજાનો દ્રોહ કરવાની! ઇચ્છા નથી રાખતા, જેમનું ચિત્ત દયાથી દ્રવીભૂત રહે છે, જેઓ ચોરી અને હિંસાથી સદા માટે અલિપ્ત હોય છે, સદ્‌ગુણોના સંગ્રહ તથા બીજાને મદદ કરવા જે સદા આતુર રહે છે, સદાચરણથી જેમનું જીવન સદા ઉજ્જવલ અને નિષ્કલંક હોય છે, સમસ્ત પ્રાણીઓમાં ભગવદ્‌ભાવ બિરાજમાન જાણી ક્યારે ય કોઇથી ઇર્ષા–દ્વૈષ કરતા નથી, દીન પર દયા જેમનો સહજ સ્વભાવ છે અને જે સદા બીજાના હિતમાં વિશેષ આનંદ અનુભવે છે. અવિવેકી મનુષ્યોમાં વિષય–ભોગમાં જેવો પ્રેમ હોય છે તેનાથી સો કરોડ ગણો વધારે સ્નેહભાવ તેઓને પ્રભુ શ્રીકૃષ્ણ પ્રતિ હોય છે. નિત્યનૈમિતિક વિધિવિધાનાર્થે આસક્તિ વિના માત્ર વિધિપૂર્ણાર્થે શંકર આદિ દેવતાઓનું પૂજન કરતા હોય છે, પિતૃઓમાં પણ પ્રભુની બુદ્ધિ રાખે છે એટલે કે આદરભાવ રાખે છે. પ્રભુ શ્રી કૃષ્ણથી ભિન્ન કોઇપણને નથી જોતાં, સમષ્ટિ અને વ્યષ્ટિ સર્વ કંઇને પ્રભુની લીલા જ સમજે છે, “જે હે સર્વેશ્વર, હું આપનો દાસ છું.” આવી ભાવનાથી સર્વદા પ્રભુના ચરણારવિંદમાં સદા પ્રણમ્ય કીર્તનમાં પ્રવૃત્તિ, આપનાથી ગુણ-

ગાથામાં તત્પર અને સાંસારિક લોકો સમક્ષ પોતાને તુચ્છ ગણાવી વિનયપૂર્ણ વર્તાવ કરે છે, કોઇને તિરસ્કૃત જોઇને તેમના પ્રત્યે અત્યંત કરૂણામય થઈ જાય છે, તથા સર્વ પ્રત્યે મનમાં કલ્યાણમય ભાવના રાખે છે, તે જ વૈષ્ણવ તરીકે પ્રસિધ્ધ છે. જેઓ પત્થર, પરધન, અને માટીના ઢેફામાં, પરાઈ સ્ત્રી અને કૂટશાલ્મલી નામના નરકમાં, મિત્ર, શત્રુ, બંધુવર્ગમાં સમાન બુધ્ધિ રાખે છે, તે જ નિશ્ચય જ વૈષ્ણવ તરીકે પ્રસિધ્ધ છે. જે બીજાના ગુણો જોઇ પ્રસન્ન થાય છે અને તેમની ખામીઓ ઢાકવા પ્રયત્ન કરે છે, વિશેષતાય તો પ્રભુમાં જ મન લગાડી રાખે છે તથા પ્રિયવચન બોલે છે, તે જ વૈષ્ણવ છે. જે પ્રભુના નામોનો મહિમા સદા વિચાર્યા કરે છે, પ્રભુના જયજયકારમાં ભાવવિભોર થઇ જાય છે, તે જ અકિંચન વૈષ્ણવ તરીકે પ્રસિધ્ધ છે, જેમનું ચિત્ત શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં નિરંતર લાગેલું રહે છે, સુખદુઃખ બંને જેની માટે સમાન છે, જે પોતાનું મન તથા વિનયયુક્ત વાણી પ્રભુની સેવામાં સમર્પિત કરી ચૂકયા છે, તે જ વૈષ્ણવ છે, મદ અને અહંકાર ગળી જવાને કારણે તેમનું અંતઃકરણ અત્યંત શુધ્ધ થઇ ગયું છે, અહંકારના ક્રમશઃ નાશ થવાથી જે પરમ શાન્ત રહે છે. તેવા વૈષ્ણવની જય હો !

॥ શ્રીવલ્લભ ॥

**॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥**

**ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત**

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી)

### (શ્રીકૃષ્ણનો સ્વભાવ)

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનનાં અવગુણ પણ ગુણ જાણે;
અવળું પડે અન્ય દેવને, સામું દુઃખ દે શત્રુ પ્રમાણે.
પ્રમાણ નહીં, ફળ દે તો પણ જાય,
હરિનું આપ્યું, કદી નાશ ન થાય;
અમર અલ્પ વર, અધિક પ્રયત્ન,
પ્રભુ કોડી સાટે દે રત્ન—
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૮)

**વિવેચન :** પ્રભુ દયાળુ છે, જીવના અવગુણ સામુ જોતા નથી, અવળાને પણ સવળુ કરી માને છે. બીજા દેવ-દેવીયોની ઉપાસના-ભજન-પૂજન કરતા જો ભૂલ પડે તો પરિણામ વિપરીત આવે, માગે સુખ પણ મળે દુઃખ. વળી અન્ય દેવોનું દીધેલું સ્થિર નથી, આવેલું પણ જાય.

પરંતુ ભગવાનનું આપેલું કોઇથી લઈ શકાય નહીં. વળી પ્રભુને ભજવામાં શ્રમ નથી. અન્ય વૈદિક કાર્યોમાં શ્રમ ઘણો છે. કદાચ

ઘણો શ્રમ કર્યા પછી કદાચ કોઇ દેવ રીઝે તો પણ ફળ તેનું દીધેલું અલ્પ અગર નાશવંત મળે છે. પ્રભુ તો કોડીના બદલામાં રત્ન આપે છે.

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો—

પ્રભુનો સ્વભાવ દયા કરવાનો છે, તેથી જીવના નાના મોટા અવગુણો તે જોતા નથી; પરંતુ કૃપારૂપી પોતાના ધર્મનું પાલન કરે છે. અધર્મને પણ ઉંચુ પદ આપી શકે છે, તો ભકતને શું ખામી રહે! ભોળે ભાવે જેઓ આપનું સ્મરણ કરે છે તેને ઉત્તમ ફળ આપે છે, આવો પ્રભુનો સ્વભાવ છે.

### અવળું પડે અન્ય દેવને :

અન્ય દેવનું યજન કરતાં વિધિમાં ભુલ થાય તો તેનું તેને ઉલટું પરિણામ ભોગવવું પડે છે. અગાઉ એવા અનેક પડીને ભ્રષ્ટ થયા છે. તેની મર્યાદા ભંગ થઇ કે પરિણામ ઉલટું જ આવ્યું છે. દક્ષ પ્રજાપતિ જેવાનો યજ્ઞ વિપરીત ફળ દેવાવાળો થયો.

એક દેવી ભકત બ્રાહ્મણ હતો, તેના લગ્ન થયા, સ્ત્રી બિમાર રહેતી તેથી રક્ષા કરવા દેવીની શપ્ત સતીનો પાઠ કરતો. તેમાં તે ભુલથી દેવી રક્ષિતાનાં બદલામાં દેવી ભક્ષિતા બોલતો. દેવી તો માગેલું આપે, તેણે તેની સ્ત્રીનું ભક્ષણ કરી લીધું. આમ ત્રણ સ્ત્રીઓ એક પછી એક નાશ પામી. પાછી દેવીની આરાધના કરીને પુછયું ત્યારે દેવીને કહ્યું કે તેં જે માગ્યું તે મેં દીધું, અમે ફકત 'તથાસ્તુ' કહીએ કે માગ્યુ તે દઉં છું. આ સાંભળીને બ્રાહ્મણને પોતાની ભૂલની ખબર પડી.

આ દૃષ્ટાંત બતાવે છે કે સારૂં કરવા જતાં નરસુ થયું. દેવતાઓ માગેલું વરદાન આપે, તેમાં તેનાં ભલા-બુરાનો વિચાર કરે નહીં. ફળમાં ગમે તે આવે. આ છે દેવોની ઉપાસનાનું ફળ. માગે કાંઇ ને મળે કાંઇ, સુલટાનું ઉલટું પડયું. સમજયો ત્યારે પછતાયો. કુંભકર્ણ ઇંદ્રાસન માટે તપશ્ચર્યા કરતો હતો વર્ષો બાદ શિવજી રીઝયા અને વરદાન માંગવાનું કહ્યું, ત્યારે તેનાં મોમાંથી તે વખતે નીકળ્યું નિંદ્રાસન, તથાસ્તુ કરી મહાદેવજી વિદાય થયા. જોતું તું ઇંદ્રાસન અને મલ્યું નિંદ્રાસન મહેનત માથે પડી આખરમાં ફળ વિપરીત મલ્યું.

સકામ કર્મો પણ ભય વાળા છે અનેક વૃત, તપ, દાન, યજ્ઞકરીને સ્વર્ગ મળે તો પણ તેનો ક્ષય છે ક્ષીણે કર્મે મૃત્યુ લોકે આ મુજબ પુણ્ય પરવાર્યા ત્યારે પાછા મૃત્યુ લોકમાં આવ્યા. આવી રીતે ફળ મળે છે, પરંતુ પરિપુર્ણ નથી ઘણાં ફળો આખરમાં દુઃખદાયી હોય છે સુખ ભોગવ્યા પછી દુઃખ ભોગવવું ભારે પડે છે. આવું ફળ શું કામનું?

### “હરિનું આપ્યું તે કદી નાશ થાય”

પ્રભુનું આપેલું તે અક્ષય છે. તેમજ તે કોઇથી લઇ શકાતું નથી બીજા દેવોનાં આપેલા વરદાનો મિથ્યા થાય જુઓ મહાદેવજીની ભકિત કરવાવાળા ઘણા ખરા ભૌતિક સુખ (સકામ ફળ) નેજ ઇચ્છવાવાળા થયા છે.

ભસ્માસુરે મહાન તપશ્ચર્યા કરી માગ્યું કે હું જેને માથે હાથ મુકું તે બળીને ભસ્મ થઇ જાય બ્રહ્માજીયે તથાસ્તુ કહ્યું બીજો કાંઇ વિચાર ન કર્યો કે આનું પરિણામ શું આવશે! તેથી

સ્વયં ભગવાન વિષ્ણુએ તેનોજ હાથ તેનાં માથા ઉપર મુકાવી તેનો નાશ કર્યો નહીં તો તે ન માલુમ કેટલાનો સંહાર કરી નાખતા આ તપ, આ વરદાન શું કામ આવ્યું.

પરંતુ પ્રભુ જેને વરદાન આપે છે તે પરિપુર્ણ અને સુખદાયી હોય છે. તેને મિથ્યા કરવાની શકિત કોઇમાં નથી, કારણ કે પ્રભુ માગવાથી આપતા નથી, પોતે તેનું ભલુ શેમાં છે તેવું સમજીને આપે છે.

નારદમુનિયે કામને પરાજય કર્યો હતો હવે તે એ ફીકર હતા કે હું તો નિષ્કામ છું આવું સમજીયે અભિમાનમાં આવી બ્રહ્માજી પાસે ગયા કે હું નિષ્કામ છું ત્યારે બ્રહ્માજીયે કીધું બડાઇ કરીશમાં તું તો નારાયણ, નારાયણનું ભજન કર તેમાં જ તારૂં ભલું છે.

નારદમુનિ શિવજી પાસે ગયા ત્યારે શિવજીએ પણ એમ જ કીધું કે મારી પાસે ભલે આવ્યો વિષ્ણુ પાસે જઈ આવું અહંકાર બતાવીશ તહી, પરંતુ નારદમુનિ વિષ્ણુ પાસે જઇને પણ એમ જ બોલ્યા ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું કે વાહ નારદમુનિ તમારી શી વાત ! તમે તો હવે ચાહો તે કરી શકો પણ નારદમુનિ સમજ્યા નહી.

નારદમુનિ પ્રસન્ન થઇને આગળ ચાલ્યા ત્યાં સુંદર દ્રષ્ય જોયું એક રાજકુંવરીનો સ્વયંવર હતો બધા રાજાઓ એકઠા થયા હતા રાજકુંવરી માળા પહેરાવે તે તેનાં પતિ થાય આ જોઇ નારદમુનિ તુરત ભગવાન વિષ્ણુ પાસે આવ્યા અને માગ્યું કે મેં કોઇ દિવસ કાંઈ માગ્યું નથી આજે મને તમારૂં રૂપ આપો તમારૂ રૂપ સર્વેશ્રેષ્ઠ છે તેથી થોડો સમય માટે જ માગણી કરૂં છું. પ્રભુએ હસીને કહ્યું કે મારૂં રૂપ તમને દીધું, બોલો બીજું કાંઇ ! ત્યારે નારદ મુનીએ કહ્યું : ભગવાન ! મારૂં ભલું થાય તેમ કરજો. પ્રભુએ હસીને વરદાન દીધું કે ભલે તેમજ કરીશ. પ્રભુએ તેને વાંદરાનું મુખ દીધું. નારદ મુની હવે તો હર્ષમાં આવી ગયા કે મારા જેવો સુંદર રાજકુમાર હવે કોઈ નથી. વરમાળા મારી જ ડોકમાં પડશે. સ્વયંવરમાં આવી નારદ મુની બેઠા, પરંતુ રાજકુમારી તેનાથી આગળ નીકળી ગઇ ત્યારે પાછળ પાછળ ફરતા જાય ને પોતાનું મોઢું રાજકુંવરીને બતાવે. એટલી વારમાં પ્રભુ સ્વયં ત્યાં આવી બીરાજ્યા. રાજકુંવરીએ તેને જ વરમાળા પહેરાવી.

આ જોઇ બીજા રાજા હસવા લાગ્યા કે, શું જોઇને કુંવરીની પાછળ પાછળ ભમો છો, મોઢું તો જુઓ, વાંદરા જેવું મોઢું છે. આ સાંભતાં જ નારદ મૂની ત્યાંથી નીકળી પોતાનું મોઢું પાણીમાં જુએ છે તો વાંદરાનું મોઢું હતું, જોઇને ગુસ્સે થયા. આગળ જુએ છે તો સ્વયં વિષ્ણુ તે કન્યાની સાથે ચાલ્યા જાય છે. ત્યાં જઇને કહ્યું તમે મને વાંદરાનું મોઢું આપ્યું ? ત્યારે પ્રભુએ કહ્યું કે તારૂં ભલું કરવું હતું. વાંદરો પણ મારૂં રૂપ જ છે ને? નારદમુની ! થોડીવાર પહેલાં જ તમે કહેતા કે મેં કામને જીત્યો તો પછી લગ્ન શા માટે કરવા ? આ તો મેં માયા રચાવેલી હતી, બતાવો ક્યાં છે રાજકુંવરી ! તમારા જેવા ભગવદ્ ભકતોને માયામાં લપેટવા યોગ્ય ન હોવાથી આ માયા મેં રચી હતી.

આમ પ્રભુ વરદાન આપે તો પણ તેના ભલાનો જ વિચાર કરીને આપે. પ્રભુ દયાળુ

છે, કૃપાળુ છે, અંતર્યામી છે; બધાના મનની ભાવના જાણે છે. જેથી ભકતનું ભલું થાય તેમ જ કરે છે.

### અવગુણને પણ ગુણ માને :

ઇંદ્રે જ્યારે કોપ કરી બારેય મેઘને વૃજ ઉપર મોકલ્યા ત્યારે પ્રભુએ ગીરીરાજ ધારણ કરી વૃજની રક્ષા કરી ઇંદ્ર પોતાના અભિમાનમાં ચકચુર હતો તેને ભાન ન રહી કે સામે કોણ છે ! પરંતુ ઇંદ્ર આવીને જુએ છે તો વૃજ મંડલ આખું ગીરીની છાયામાં રહી આનંદ કરે છે. ઇંદ્રને પશ્ચાતાપ થયો તેથી ક્ષમા માગવા; આગળ સુરભી (ગાય)ને કરી પોતે પાછળ દંડવત કરતો આવ્યો ભગવાનની ક્ષમા માગીને સ્તુતિ કરી ત્યારે ભગવાને તેને કહયું કે તે ભલે કોપ કર્યો પણ મેં તો તારી સેવા માની છે આ ચોરાસી કોષમાંથી વૃજવાસીઓ બધા મારા માટે અન્નની વિવિધ ભાંતના પકવાન બનાવી લાવ્યા હતા પરંતુ જળ તેનાં પ્રમાણમાં ઓછું હતું તેમજ મારૂં જે ચક્ર છે તે પણ તરસ્યું હતું તેની પણ પ્યાસ બુઝાવી છે તે તારી સેવા મેં માની છે. આવા છે પ્રભુ અપરાધને પણ ક્ષમા કરી તેનો ગુણ માને.

વાલ્મિકિ મરા મરા કરતા હતા તે ઉલટાને સુલટું માન્યું રામ રામ નામનો સ્વિકાર કર્યો આમ પ્રભુ ઉલટાનું પણ સુલટું કરી માને છે. માટેજ ભકત શિરોમણિ સુરદાસજીએ ગાયું છે કે –

### રાગ–બિહાગ

ભજ સખી ભાવ ભાવિક દેવ,
કોટી સાધન કરો કોઉ, તોઉ ન માનૈ સેવા (૧)
ધુમકેતુ કુમાર માંગ્યો, કોન મારગ પ્રીત;
પુરૂષ તે ત્રય ભાવ ઉપજ્યો,
સખૈ ઉલટી રીત (૨)
વસન ભૂષન પલટ પહેરે, ભાવ સૌં સંજોઇ;
ઉલટી મુદ્રા દઇ અંકન, વરન સુધે હોય (૩)
વેદ વિધિકો નેમ નાહીં, પ્રેમકી પહિચાન;
વ્રજ વધુ વશ કીયે મોહન,
સૂર ચતુર સુજાન.... ભજ સખી (૪)

**ભાવાર્થ** : પ્રભુ ભકતનું હિત જ કરે છે કૃતિ સામુ જોતા નથી. ભકતની ઇચ્છાને જાણીને યોગ્ય ફળ આપે છે. ઉલટું કરે તો પણ સુલટું થઇ જાય છે. અંક છાપવા મુદ્રા ઉલટી હોય પરંતુ છાપતાં જ સીધું છપાય છે. ગોપીજનો ભગવાન પાસે ગયા ત્યારે ફક્ત વેણુનાદ સાંભળતાં જ તેઓ જે સ્થિતિમાં પ્રભુ પાસે પહોંચ્યા ત્યારે તેના શરીરનાં વસ્ત્રો, આભૂષણો ઉલટા–સુલટા હતા પરંતુ સન્મુખ થાતા થઇ ગયા સવળા. આવી ગોપીજનોએ પ્રભુને પોતાનાં ભાવથી જ પ્રભુને વશમાં કરી લીધા. પ્રભુએ તેના ઉલટા તે સીધા કર્યા. નહીં તો પ્રભુ પાસે જવા માટે યોગ્ય વસ્ત્રાભૂષણથી દેહ સજાવી જાવું જોઇએ, પરંતુ ભાવનાં આવેશમાં તેઓને કોઇ શુદ્ધિ જ રહી નહીં. પ્રભુ ચતુર સુજાન છે. છતાં ભકતોની પાસે ભોળા છે. કોઇપણ સાધન બળથી રીઝતા નથી.

### ધુમકેતુ :

રામા અવતાર વખતે ઋષિઓ તપશ્ચર્યા કરતા હતા. તેમણે રામચંદ્રજી પાસે સીતાજીને પાછળ પાછળ ચાલતા જોયા. મનથી જ તેમને ભાગ્યશાળી માનવા લાગ્યા પોતે પુરૂષ છતાં

સ્રી ભાવનું વરદાન માંગ્યું, વાસ્તવમાં તો ઉલટી રીત છે. પરંતુ પ્રભુએ કૃષ્ણાવતારમાં કુમારિકા રૂપથી તેમનો સ્વીકાર કર્યો.

## પ્રભુ કોડી સાટે દે રત્ન :

સુદામા બ્રાહ્મણ કૃષ્ણની સાથે સાંદીપની ઋષિની પાસે વિદ્યા ભણવા ગયા હતા ત્યારથી મિત્ર હતા. તેમની સ્રીના કહેવાથી દ્વારકા શ્રી કૃષ્ણ પાસે આવ્યા. (કાંઇક દાળદર ઓછું થાય) સ્રીએ આપેલા તાંદુલ પ્રભુએ પ્રેમથી લીધા અને અદ્ભુત સ્વાદ બતાવ્યો. લક્ષ્મીજી (રૂક્ષ્મણીજી) કહે અમારા માટે તો કંઇક રાખો ? પ્રભુએ કોડી સમાન તાંદુલ લઇને અઢળક સંપત્તિ આપી.

એકવાર કૃષ્ણના હાથમાં ચપ્પુ વાગી ગયું ત્યારે દ્રૌપદીએ પોતાની સાડી ફાડી તુરતમાં પાટો બાંધી દીધો હતો. ચીરહરણ વખતે પ્રભુએ તેને નવસોને નવ્વાણું ચીર પૂર્યા હતા.

એક વાર એક ફળ વેચવાવાળી નંદબાબાને ઘેર આવી. પ્રભુ થોડાક દાણા લઇને ગયા, ફળના બદલામાં તેને દાણા ખોળામાં દીધા તે બધા રત્ન થયા.

આમ પ્રભુ કોડી સાટે દે રત્ન.

માટે જ કવિશ્રી કહે છે, આવા પ્રભુની સેવા કરવી, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

# યમુનાજીકી વિનય

### ભાવાર્થ : 'માધુરી' રાજકોટ

રાસ રસ સબ કૌ સુખ સાજ;
મદન મોદ માધુરી પગૈ નિત બ્રીજદેવી બ્રજરાજ....૧

તા ફલ કૌ ફલ સાર મનોહર સુધા અનુપમ ઝેલિ;
દમ્પતિ ચોપિ ઔર રસમૂલિત કરિયત યમુના કેલિ....૨

અખિલ દાન દાની ઉદાર હરિ યાચત તેરી દયા;
મહારસાત્મક પુષ્ટિ પુષ્ટિ વપુ નંદનંદન કી જાયા.....૩

કૃષ્ણ કૃપા અવતારનિ કી મિલિ સબનિ ઉપાવ ઉપાયો;
તેરી દયા પૂજિ દૈ ટીકો સબ દયાનિ શિર નાયો.....૪

મહા મહોત્સવ તટનિ નિરંતર વાગધીશ પ્રભુ ગાવત;
**'વલ્લભ'** ભિક્ષુક રજકણ ગોતેં મનવાંછિત ફલ પાવત....૫

**ભાવાર્થ :** પુષ્ટિરસ સાર તે સર્વશ્રેષ્ઠ રાસ રસ છે. આ અલૌકિક લીલામાં મદન પણ હાર માનીને મૂર્છિત થયો હતો.

રાસ રસ સાગર શ્રી યમુનાજી દેની – આ પદ મુજબ યુગલ સ્વરૂપ તથા અનેકો ભક્તગણ જ્યાં નિત્ય રાસ રસનું સુખ લઇ રહ્યા છે. તેનાં ફલનો પણ સાર મનોહર સુધા જેને શ્રમજલ કહે છે. તે રસને મેલવાની શકિત તો કેવળ શ્રી યમુનાજી આપમાં જ છે.

વળી દાન આપે તે દાનેશ્વરી કહેવાય. સમૃદ્ધિ ઘણી ઘણી હોય પણ જો યોગ્યતા મુજબ દાનમાં ન વાપરે તો તે સમૃદ્ધિ શું કામની ? આપની તે સમૃદ્ધિનો યોગ આપ દાતાર બનીને બરોબર કરો છો. પુષ્ટિ પુષ્ટિ પુરુષોત્તમ નંદનંદન છે. જેમના શ્રીઅંગેથી શ્રમ જલરૂપી પ્રવાહીત થઇ આપ પ્રગટ થયા છો.

પુષ્ટિમાર્ગ રસાત્મક છે, તે પુષ્ટિ પુરુષોત્તમનાં આપ પત્નિરૂપ છો. ચતુર્થપ્રિયા હોવા છતાં અભય દાનેશ્વરી તો સર્વશ્રેષ્ઠ આપ જ છો.

અવતાર દશામાં પણ જાણવા મલ્યું છે કે આપનાં સમાન દયાના સાગર દાનેશ્વરી બીજું કોઇ નથી અને તે દાનેશ્વરીનું રાજતિલક તો આપનાં ભાલમાં સદાને માટે સુશોભિત રહ્યું જ છે.

વળી જે કોઈ દયા કરવાવાળા છે, નાના કે મોટા દરેકે દરેક આપને નમન કરે છે. વધારે તો શું રાસરસિક યુગલ સ્વરૂપ તથા ગોપીજનો પણ આપની કૃપાની ઇચ્છા રાખે છે, તેમજ ભકતગણ પણ કહે છે કે ‘તિહારે પાયે તે સકલ નિધિ પાવહી’ સારાંશમાં યાચકને એક જ ઠેકાણેથી મનગમતું બધુ મળી જાય, તો પછી બીજે યાચના કરવા જાય શું કામ ? તેમ ભકતગણ આપની પાસેથી ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી આપનાં ગુણો ગાતાં થાકતા નથી.

શ્રીમદ્ વલ્લભ પ્રભુ (વાગ્ધીશજી)એ પણ આપનાં તટ ઉપર બેસીને જે સ્તવન કર્યું છે તેમાં પ્રારંભમાં ‘નમામિ’ શબ્દ પ્રયોગ કર્યો છે અને કહ્યું છે કે સકલ સિદ્ધિની દાતાર રાજતિલક આપને શિરે અવિચળ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

કવિ શ્રી વલ્લભદાસ કહે છે કે યાચક, ભિક્ષુક ગણ, આપનો પ્રતાપ બળને જાણીને જ આપની રજકણમાં ગોતા લગાવી મનવાંછિત ફલ પામે છે.

### આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

# દ્વારકા લીલા

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

–ગતાંકથી ચાલુ

## ૬. પટરાણી રાસ માનભંગ લીલા

રાગ – **બિહાગ**

દ્વારકા ભઇ રાસકી અભિલાષી;
દેખી રાસેશ્વરી રાસનાયકી, નાચી ગોપી પ્રેમ પિયાસી. ૧
વ્રજ પરમાનંદી રાસવૃંદાવની, મોહિત કરત હૈ પટરાની;
માંગત શ્યામસેં ક્રીડા મનોહર, સિધ્ધાશ્રમમેં વ્રજભીની. ૨
તબ હરિ બોલે સૂનો પટરાની, રાસકી રાધા પરમ હે નિધિ.
રાસ રમન જબ કરે મન રાધા, તબ રચ પાઉ વ્રજ કી વિધિ. ૩
(સબ) ચલે મનાવન વ્રજસુંદરીકો, પ્રિયકરન વધુ રાધારીકી;
કામનાધારી પ્રભુપ્રિયસો કહી, હે પ્રિય પ્રિયા મેં પ્રિય વસી. ૪
પુનિત બૈસાખી ઉગે નભે ચંદા, સિધ્ધાશ્રમમેં પૂરન ખીલી;
સિંગારત રાની કૃષ્ણ રતિમર્દન, લીલારત રાધા ચંદ્રમુખી. ૫
વિવિધ કલારૂપ ગોપી સંગમિલિ, ઝાંઝર તાલ મૃદંગહી લાઇ;
દો દો નારી કે બીચ બીચ માધવ, ખેલે રાસ પિતાંબર ધારી. ૬
સીર મુગટ ધરી બંસી બજાવત, રાધા ગાન કરન સિંગારી;
રાસ મંડલસોં મગનભઈ રાની, રાસરંગ મેં નિજરૂપ ખોઇ. ૭
મુકતાનંદસેં બ્રહ્માનંદ પાઇ, અધિક યુથોમેં રાસ રચાઇ;
રાસ ભયો ઉત્તમ ગર્વકર બોલી, વૃંદાવન સેં અધિક બતલાઈ. ૮
રાધે સૂનત હી કહેત સખીરી, વૃંદાવનકી હી શોભા ન્યારી;
દિવ્ય લતાવન પ્રેમ મધુરી, કલકલ બ્હેની યમુના પ્યારી. ૯
પુષ્પ પરાગમેં ગૂંજત ભંવરા, મોહે મન ગોધન રજ ઉડી.
શોભે ગોવર્ધન ગિરિકંદરામેં, કુંજ – નિકુંજે શ્યામ મઢી. ૧૦
જડચેતન ડોલે બેનુ નાદમેં, રાસ રસિકવર રચે નિત રાસી;
વ્રજસે અધિક લીલાભૂમિ નાહી, પદ–રજ કમલ મિલે સુખદાયી ૧૧
પટરાની સબ અંગો અંગ ફુલી, મૃદુબાની આનંદભરી સૂની;
**'ચરનદાસ'** પ્રભુ મોદ બઢાવી, દ્વારિકા ચલે રાસ માન ઉતારી. ૧૨

(ક્રમશઃ)

# ભાવભરી ભેટ

### શ્રી વલ્લભ પદરેણુ

પ્રભુને પ્રસન્ન કરવામાં માન, મોટાઇ, યશ, ધનસંપત્તિ કે આવા બીજા સાધનો ખપ લાગતા નથી. આપણી પાસે ભલેને અખૂટ સમૃદ્ધિ હોય પણ ભાવની દરિદ્રતા હોય તો પ્રભુકૃપાની પ્રાપ્તિ થઇ શકતી નથી. ભાવશૂન્ય અપાર સંપત્તિશાળી વ્યક્તિ કરતાં હૃદયમાં ઉત્કટ ભાવ ધરાવનાર નિષ્કિંચનને પ્રભુનો સાક્ષાત્કાર–અનુભવ થાય છે. ભાવમાર્ગ એવા પુષ્ટિમાર્ગનો ઇતિહાસ આવા અનેક સુભગ પ્રસંગોથી અલંકૃત બનેલો છે.

સિંધ પ્રદેશનું એક નાનું સરખું ગામ. આ ગામમાં એક અતિ ગરીબ વૈષ્ણવ રહે. મજુરી કરી પેટીયું રળતા, ઘરમાં ભલે કાંઇ સાધન–સંપત્તિ ન મળે પણ હૃદય ભાવસભર. વૈષ્ણવ પોતાના ઠાકોરજીને પરમધન ગણી ભાવથી ભોગ ધરતા અને સેવા કરતા.

એક વાર આ ગામના સદ્ભાગ્ય શ્રી હરિરાય મહાપ્રભુજી ત્યાં પધાર્યા. શ્રી હરિરાયજી તો દીનતાના સાગર અને ભાવ-વિહરના સાક્ષાત્ સ્વરૂપ, આપશ્રીના સરલ અને મર્મગ્રાહી વચનામૃતના શ્રવણથી વૈષ્ણવો ભાવ-વિભોર બની જતા.

શ્રી હરિરાય મહાપ્રભુજીને વૈષ્ણવો અત્યંત પ્રિય. તેમના આગ્રહને માન આપી આપશ્રી ઘેર ઘેર પધરામણી કરી રહ્યા હતા. શ્રી મહાપ્રભુજીના દર્શન અને વચનામૃતનો લાભ લેવા આ ગરીબ વૈષ્ણવ પણ વૈષ્ણવ સમુદાયમાં ભળી જઈ સાથે સાથે ચાલી રહ્યા હતા.

આ વૈષ્ણવના હૃદયમાં એક વિચાર આવ્યો 'શ્રી મહાપ્રભુજી મારે ઘેર પધરામણી કરે તો કેવું સારૂં ?' તેમણે વૈષ્ણવોને ઘેર મોટી મોટી ભેટો ધરાવવામાં આવતી જોઇ ત્યારે તેમને એક પ્રકારની ખિન્નતા થઇ. 'ક્યાં આ મોટી મોટી ભેટો અને ક્યાં જીવનભર પાઇ પાઈ કરી બચાવેલી મારી આ માત્ર બે રૂપિયાની મૂડી !' પહેલાં કદી આ વૈષ્ણવને પોતાની નિષ્કિંચનતા માટે ખેદ થયેલો નહીં, પરંતુ આજે તેમને પોતાની દરિદ્રતા સાલી. તેમને થયું. 'રે જીવ ! તારે ત્યાં શ્રી મહાપ્રભુજી ક્યાંથી પધારે ? તારી પાસે ભેટ ધરવા માટે એવું કોઇ સાધન તો છે નહીં !'

આમ છતાં થોડી હિંમત એકઠી કરી આ વૈષ્ણવે સંચાલક મહાશયને વિનમ્રભાવે વિનંતી કરી. 'મારે ત્યાં શ્રી મહાપ્રભુજીની પધરામણી કરાવશો ?'

સંચાલક તો તેમના સામું જોઇ હસી પડયા. તેમણે કહ્યું : 'અરે ભલા માણસ ! તમે તમારી સ્થિતિનો તો જરા વિચાર કરો, તમે તો તદ્દન અશક્ય વાત કરી રહ્યા છો, પણ તમે એમ કરો, માહારાજ હવે જે વૈષ્ણવને ઘેર પધારે તેમને ત્યાં જ તમારે જે નાની સરખી ભેટ ધરવી હોય તે ધરી દેજો.'

સર્વ કાર્યમાં સ્થૂલ સંપત્તિને મહત્વ આપનાર આ સ્થૂલકાય સંચાલક મહાશય પોતાની સ્થૂલ લૌકિક દૃષ્ટિથી ભાવસંપત્તિના આ મહાધનીને ક્યાંથી ઓળખી શકે ? માન-

મોટાઈ અને પ્રતિષ્ઠામાં રાચતા અહંભાવી માનવો ભાવુક વૈષ્ણવના આંતરિક સ્વરૂપને કયાથી પિછાણી શકે ?

રસ્તા પર પોતાનું ઘર નજીક આવતાં આ વૈષ્ણવ સમુદાયથી જુદા પડી આગળ ચાલીને પોતાના ઘરના બારણે ઊભા રહ્યા. શ્રી હરિરાય મહાપ્રભુજી નજીક પધારતાં વૈષ્ણને નમ્રપણે વિનવણી કરી :' કૃપાનાથ !' મારે ત્યાં પધારશો ?

ભકતના હૃદયના ભાવનો પડઘો ભગવાનના હૃદયમાં પડયો. આપશ્રીએ કરૂણાભરી દૃષ્ટિથી કહ્યું : 'હા વૈષ્ણવ ! ચાલો.'

આ સાંભળી વૈષ્ણવ એટલા તો પ્રેમઘેલા બની ગયા કે નાચવા મંડી પડયા ! તેમને દેહાનુસંધાન પણ ન રહ્યું.

વૈષ્ણવનો ઉમદા ભાવ જોઇ શ્રી હરિરાયજી પ્રસન્ન થયા અને કંતાનના થેલા પર બિરાજી ગયા.

આપશ્રીએ આજ્ઞા કરી : 'વૈષ્ણવ ! તમારી ભેટ લાવો.'

શ્રી મહાપ્રભુજીના આ વચનામૃત સાંભળી વૈષ્ણવ ભાવથી ગદ્‌ગદ્‌ બની ગયા ! તેમણે પોતાના જીવનની સમસ્ત મૂડી શ્રીચરણે ધરી ભાવથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

આ ગરીબ વૈષ્ણવના સર્વસ્વનો અંગીકાર કર્યા પછી તે દિવસે શ્રી હરિરાયજી બીજા કોઇ વૈષ્ણવને ત્યાં નહિં પધારતાં સીધા પોતાના મુકામ પર પધાર્યા.

આપશ્રીએ ગૈષ્ણવની ભેટના બે રૂપિયાની સામગ્રી મંગાવી સિદ્ધ કરાવી, શ્રી ઠાકોરજીને અંગીકાર કરાવી અને રાત્રે ભગવન્મંડળીમાં મહાપ્રસાદ વંટાવ્યો.

જે જે ગૈષ્ણવોએ આ મહાપ્રસાદ લીધો તેમણે તેનો અનેરો સ્વાદ માણ્યો અને તે બધાયને સ્વપ્નમાં અલૌકિક અનુભવ થયો.

## શ્રદ્ધાંજલી

અ. ભા. પુ. વૈ. પરિષદ, તથા આં. પુ. વૈ. પરિષદની રાજકોટ શાખાના પ્રમુખ તેમ જ પરિષદના યાદગાર હિરક મહોત્સવ—અને સોમયજ્ઞ આયોજન (સને ૧૯૮૦)ની સમીતિના પ્રમુખ પ. ભ. શ્રી જીવનલાલજી લાલજીભાઈ રાણપુરા રાજકોટ ખાતે હરિ શરણ થયાં. તેઓ ખૂબ જ સરળ સ્વભાવના, મીતભાષી અને સંપ્રદાયની સેવામાં સદા તન, મન, ધનથી, સહયોગ આપનાર અગ્રણી હતાં.

રાજકોટ ખાતે પરિષદનું સંગઠ્ઠન દઢ કરવામાં તેમનું અમૂલ્ય યોગદાન રહેલ. પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ તથા તેમના ગુરૂદેવ પુ. પા. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) ના તેઓ વિશેષ કૃપાપાત્ર હતાં તેમનો નિકુંજ નાયક શ્રી ગોવર્ધન ધર પ્રભુના ચરણોમાં અચલ વાસ થાય એવી વિનંતિ. શોક સંતપ્ત પરિવાર પ્રતિ હાર્દિક સમવેદના.

(**શ્રી વલ્લભ સુધા** સંપાદક–વ્યવસ્થાપક મંડલ)

## ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# આંતર ઉદ્‌ગારો

### ૨૬. પ્રભુ જ્ઞાન વશ નથી પ્રેમવશ છે

એક દિવસ નારદજી બ્રહ્માજીને કહે છે, કે તમે તો પ્રભુ છો ત્યારે બ્રહ્માજી કહે છે કે પ્રભુ તો હું નથી, પ્રભુ બીજા છે. ત્યારે નારદજી કહે છે કે બીજા તે કયા ?

બ્રહ્માજી કહે છે કે પ્રથમ એક ઇંડું પ્રકટ થયું. તે ઇંડામાંથી વિરાટ પ્રકટ થયું. તે બિરાટ તે જ તે પોતે. જેના નાભિ કમળમાંથી હુ પ્રગટ થયો, તે પોતે સાક્ષી થઇને જોનારા છે. તે વૈરાટમાંથી આ જગત પેદા થયું, પણ આ જગતમાં પોતે નચાવે તેમ નાચે. કર્તા પોતે છતાં પોતાને કાંઈ લાગે નહિ. જો આકાશ વિના આ ચૌદ લોક હોય તો પ્રભુ વિના કોઇ ચીજ હોય. પણ એવા છે કે આ સૂરજનાં કિરણ બધે પ્રસરી રહ્યાં છે, તેથી બધે કિરણનું અજવાળું દીસે છે.

વહાણુ વાય ત્યારે સૂરજના પ્રકાશથી અજવાળું થાય, પ્રકાશ વિના કાંઇ સૂઝે નહીં. કોઇને પાપ કરવું હોય તો પ્રકાશ વિના થાય નહીં, ને પુણ્ય કરવું હોય તો તે પણ પ્રકાશ વિના થાય નહીં. પ્રકાશ થયો તેથી પાપ થયું, ને તેથી પુણ્ય થયું, પણ સૂરજને કાંઇ લાગતું નથી. તેમ પ્રભુ આ જગતમાં છે, પણ પુણ્ય કામ કરશો, તો સારૂ ફળ પામશો, ને પાપ કરશો, તો ખરાબ ફળ મળશે. પણ પ્રભુને કંઇ વળગતું નથી.

આ જગતમાં પ્રભુ કહ્યા ત્યારે હવે સેવાના ને ભજનના કયા ? ભજનના તો પ્રભુ ન્યારા છે, તે તો સર્વોપરી છે તે પ્રભુ કશાથી હાથમાં આવે એવા નથી. ત્યારે કેમ પ્રસન્ન થાય ?

રાતદહાડો વિહ્‌વળતા ને વિહવળતા રહે તો પ્રભુ પ્રસન્ન થાય. અહો રાત ચમકો ને ચમકો રહે. તાપ ચાલ્યો જાય ને વળી આવે એમ કરતાં કરતાં પ્રભુ કૃપા કરે. તાપ ના થાય તો કૃપા ન કરે.

કોઇ એમ જાણે કે હું સમજીને, સાંભળીને તથા જ્ઞાની થઇને પ્રભુને પ્રસન્ન કરૂં ને પ્રભુને પામું, પણ તેથી પ્રભુ પ્રસન્ન થતા નથી, તેમ મળતા પણ નથી. ત્યારે કોને કૃપા કરો ?

મૂરખનો મૂરખ, અણસમજુનો અણસમજુ તેવાને પણ મનમાં તાપ કરે ને હૈયામાં હાય, હાય કરે તો કૃપા કરશે. હું કાંઇ સમજું નહિ ને પ્રભુને જાણું નહિ. ભાઇ મોટાને તો બીજી આશા, પણુ મારે તો પ્રભુ વિના શી આશા ? એવો જે જીવ નિરાશ થાય ને નિરંતર વિહવળ રહે તેને પ્રભુ પ્રસન્ન થાય. એવા રાંકડા જીવ ઉપર પ્રભુને દયા આવે, ત્યારે તેનું કામ થાય,

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## ગોપાષ્ટમી

પ્રથમ ગો ચારન ચલે કન્હાઇ ।
માથે મુકુટ પીતાંબરકી છબી વનમાલા પહેરાઇ ॥ ૧ ॥

કુંડલ લોલ કપોલ બિરાજત સુંદરતા બનિ આઇ ।
ઘર ઘર તે સબ છાક લેત હૈં સંગ સખા સુખદાઈ ॥ ૨ ॥

આગેં ધેનુ હાંક સબ લીની પાછેં મુરલી બજાઇ ।
'પરમાનંદ' પ્રભુ મનમોહન વ્રજવાસીન સુખ કરાઇ ॥ ૩ ॥

**ભાવાર્થ :** આજે પહેલીવાર શ્રી ઠાકોરજી ગાયો ચરાવવા પધારે છે. શ્રી મસ્તકપર મુકુટ તથા શ્રીઅંગ પર પીતાંબર-કાછની તથા પટકો તેમજ વિવિધ ફૂલોની વનમાલા ( મોટી ચરણો સુધી પહોંચતી લાંબી વનમાલા ) ધરી છે.

સુંદર કુંડલો શ્રી મુખારવિંદ પર ઝલકી રહ્યાં છે, વળી દરેક ગોપ બાલકો પોતપોતાના ઘરેથી છાક-ભાતું (વનમાં લેવાનો અલ્પાહાર)ના ટોપલાં અર્થાત ટોકરા બાંધીને સાથે જઇ રહ્યાં છે. ધેનું અર્થાત્ ગાયોનું ધણ આગળ કરીને પાછળ બંસી બજાવતાં પધારે છે આ પદની સમાપ્તી કરતાં શ્રી પરમાનંદદાસજી કહી રહ્યાં છે કે શ્રી ઠાકોરજી વ્રજવાસીઓની સર્વ રીતે સાર સંભાળ લેતાં લેતાં વનમાં વિચરી રહ્યાં છે.

## ગૌચારણ લીલા

આગેં ગાય પાછેં ગાય, ઇત ગાય ઉત ગાય,
ગોવિંદ કો ગાયન મેં બસવો હિ ભાવેં ।

ગાયન કે સંગ ધાવે ગાયન મેં સચુ પાવેં
ગાયનકી ખુર રેણુ અંગ લપટાવેં ॥ ૧ ॥

ગાયન સોં વ્રજ છાયો વૈકુંઠ વિસરાયો,
ગાયનકે હેત ગિરિ કરલેં ઉઠાવેં ।

'છીત સ્વામી' ગિરધારી વિઠ્ઠલેશ વપુધારી
ગ્વારીયાકે ભેષ ધરે ગાયન મેં આવેં ॥ ૨ ॥

**ભાવાર્થ :** છીતસ્વામી શ્રી ઠાકોરજીની ગૌચારણ લીલાનું સુંદર વર્ણન કરતાં કહે છે, શ્રી ઠાકોરજીની ચારે દિશામાં ગાયો વિચરણ કરી રહી છે. શ્રી ઠાકોરજીને નિત્ય ગાયોમાં જ વાસ કરવાનું પ્રિય લાગે છે.

શ્રી ઠાકોરજી ગાયોની સાથે સાથે દોડે છે ગાયોના મધુર-મધુર રંભન નાદથી પ્રસન્ન થાય છે. અર્થાત્ ગાયોના હુંકાર ભર્યા સ્વરથી પ્રસન્ન થઇ સંતોષ પામે છે. તેમજ ગાયોની ખરીની ઉપર ચરણરજની જેમ ચોટેલી વ્રજરજ પોતાના સર્વ શ્રીઅંગે લગાવે છે. શ્રીનંદરાયજીને ત્યાં નવલક્ષ ગાયો છે, તેમજ અન્ય ગોપોની પણ અનેક ગાયો છે તેથી આખું વ્રજ જાણે ગાયોથી જ છવાઇ ગયેલું છે. અને આ અલૌકિક કામધેનુ ગાયોથી તો જાણે શ્રીકાકોરજી વૈકુંઠ પણ ભૂલી ગયાં છે. એટલું જ નહીં પણ ગાયોના રક્ષણ માટે શ્રીગોવર્ધનનાથજીએ શ્રી ગિરિરાજજીને ધારણ કર્યા તેનું વર્ણન કરતાં શ્રી છીતસ્વામીજી કહે છે કે જે શ્રી ઠાકોરજી સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ છે. તેણે પણ ગોવાળીઆનો વેષ ધારણ કર્યો છે અને દરરોજ સંધ્યા સમયે ગ્વાલ બાલ સાથે ગાયો લઇને ગ્વાલ સ્વરૂપ ધારણ કરી ગાયો ચરાવીને વ્રજમાં પધારે છે.

## દેવ દિવાળી

જાગે જગજીવન જગનાયક ।
કીયો પ્રબોધ દેવગણ જબહી, ઉઠે જગત સુખદાયક ॥ ૧ ॥

જા પ્રભુકી પ્રભુતાઇ ભારી શિવ બ્રહ્માદિક પાયક ।
કમલા દાસી પાય પલોંટે નિપુણ નિગમ સે ગાયક ॥ ૨ ॥

જહાં જહાં ભીર પરે ભકતન પેં તહાં તહાં હોત સહાયક ।
'પરમાનંદ' પ્રભુ ભકતવત્સલ હરિ જિનકે મનવચ કાયક ॥ ૩ ॥

**ભાવાર્થ :** પદમાનંદદાસજી આ પદમાં વેદ-પુરાણાંતરની જે આખ્યાયિકા છે તેને સ્મરીને ગાન કરતાં કહી રહ્યાં છે. જે જગત આખાના નાયક છે. શ્રી ગોવધનધરણ તેમને સ્મરણમાં રાખતાં ગાઇ રહ્યાં છે જે આજના પુનિત દિવસે શ્રી ગોવર્ધન ધારીને સમસ્ત દેવગણ શંખ-ઝાલર ઘંટા ઇત્યાદિના મધુર ધ્વની વડે જગાડે છે.

જે પ્રભુ, પ્રભુત્વ દ્વારા શિવ, બ્રહ્મા ઇત્યાદિના પણ કાર્યો સિદ્ધ કરે છે, જેમના ચરણની સેવા સાક્ષાત્ લક્ષ્મીજી કરી રહ્યાં છે. જેમનું ગુણગાન ચારે વેદો દ્વારા બ્રહ્માજી તથા વિવિધ ઋષિમુનીઓ ગાઇ રહ્યાં છે રાજા અંબરીષ જેવાં ભકતને દુર્વાસા ઋષિના ક્રોધથી બચાવવા માટે સુદર્શન ચક્રદ્વારા રક્ષણ આપ્યું છે. એવા પ્રભુ પોતાના ભકતોની વાત્સલ્યતા પૂર્વક મન-વચન અને કર્મથી રક્ષા કરી રહ્યાં છે.

# આ માસના ઉત્સવ

કારતક સુદ ૬ તા. ૮-૧૧-૯૪ મંગળવાર. ગો. શ્રી વ્રજોત્સવજી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી વિશાલકુમારજી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૯-૧૧-૯૪ બુધવાર. ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી જયદેવજી (કોટા)નો તથા ગો. ચિ. શ્રીપુરૂષોત્તમજી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૧૦-૧૧-૯૪ ગુરૂવાર. ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૧૧-૧૧-૯૪ શુક્રવાર. અક્ષયનવમી, કુષ્માંડ નવમી, સત્યુગાદિ તિથિ, ગોવિંદાભિષેક, વિવાહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય, ગો. ચિ. અક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૧૨-૧૧-૯૪ શનિવાર. શરદઋતુ પુરી થઇ, ગો. ચિ. દ્વારકેશજી (કોટા)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૧૩-૧૧-૯૪ રવિવાર. પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ સવારે શૃંગારમાં, રસાત્મક મહારાત્રિ, તુલસી વિવાહ, હેમંતઋતુ શરૂ થઇ, પોષ સુદ ૮ સુધી, ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૧૪-૧૧-૯૪ સોમવાર. શ્રી ગુસાંઇજીના પ્રથમલાલજી શ્રી ગિરિધરજીનો ઉત્સવ (સં. ૧૫૯૭), શ્રી ગુસાંઇજીના પાંચમાલાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો ઉત્સવ, ગો. ચિ. વ્રજેન્દ્રકુમારજી (અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૧૮-૧૧-૯૪ શુક્રવાર. પૂર્ણિમા, ચાતુર્માસ નિયમ સમાપ્તિ, ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૧૯-૧૧-૯૪ શનિવાર. ગોપમાસ આરંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૨૦-૧૧-૯૪ રવિવાર. ગો. ચિ. વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૨૨-૧૧-૯૪ મંગળવાર. શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. કમલેશબાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રબાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૭ તા. ૨૫-૧૧-૯૪ શુક્રવાર. ટીકેટ શ્રી ગોવિંદલાલજીનો જન્મદિન (નાથદ્વારા).

કારતક વદ ૮ તા. ૨૬-૧૧-૯૪ શનિવાર. શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

કારતક વદ ૧૦ તા. ૨૮-૧૧-૯૪ સોમવાર. ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજશ્રી મુંબઇનો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૨૯-૧૧-૯૪ મંગળવાર, ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૧-૧૨-૯૪ ગુરુવાર. શ્રી ગુસાંઇજીના સાતમાલાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮), ગો. શ્રી રમેશચંદ્રજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૪-૧૨-૯૪ રવિવાર. ચંદ્રદર્શન, ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ)નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૬-૧૨-૯૪ મંગળવાર. ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૭-૧૨-૯૪ બુધવાર, શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન).

# શ્રી નવરત્ન ગ્રંથનો ભાવાનુવાદ

**– જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' જુનાગઢ**

ભગવાન શ્રીકૃષ્ણથી વિખુટા પડેલા આપણે સર્વે જીવો અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાવાથી આપણા મૂળ સ્થાન અને સ્વરૂપને ભૂલીને સંસારના મોહમાયા અને મમત્વમાં સબડીએ છીએ. આ બધા જીવોમાં જે દૈવીજીવો છે તેમનો ઉદ્ધાર કરવા અને કળિયુગના જીવોને શ્રીકૃષ્ણ સન્મુખ લાવીને શ્રીકૃષ્ણભકિતનું પ્રદાન કરવા માટે પરમકૃપાળુ જગતગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ જીવને આત્મનિવેદન દ્વારા શ્રી કૃષ્ણ સાથે બ્રહ્મસંબંધ કરાવ્યો.

શ્રી કૃષ્ણકૃપા દ્વારા જ જીવને પ્રાપ્ત થયેલ તન, મન, ધન અને પુત્રપરિવાર વગેરે, જેને આપણે અજ્ઞાનને લીધે પોતાનું જ માની બેઠાં છીએ તે પુનઃ પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્રના ચરણમાં સમર્પિત કરીને પછી માત્ર સાક્ષીરૂપે ભગવદ્ ઇચ્છા અનુસારનું જીવન વ્યતિત કરવાનું

અને સદાસર્વદા પ્રત્યેક પથે શ્રીકૃષ્ણ સાથે મન જોડી રાખીને આપણો જીવન વ્યવહાર પ્રભુ પ્રીત્યર્થે જ ચલાવવાનો છે.

આમ જ્યારે સર્વસ્વ શ્રી ઠાકોરજીને સમર્પણ કરી દીધું છે તો પછી કોઇપણ પ્રકારની કશી ચિંતા કે ઉદ્વેગ જીવને કયારેય હોવો જ ન જોઇએ.... આમ છતાં અશાંતિના મૂળ જેવા સંસાર સાથે અનિચ્છાએ પણ સંકળાયેલા રહેવાનું હોવાથી જીવને કયારેય પણ જો તન, મન, ધનથી આધિ વ્યાધિ કે ઉપાધીનું વળગણ થાય. અને જો જીવને માનસિક ઉદ્વેગ કે ચિંતા ઘેરી વળે તો તેનાં નિવારણ માટે આપણાં આચાર્ય શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિજનો પર પરમકૃપા વિચારીને "નવરત્ન" ગ્રંથનું નિર્માણ કર્યું છે જેના શ્રદ્ધા–ભકિત સહ સ્મરણ પઠન – મનનથી પુષ્ટિજનો સદૈવ ચિંતામુકત રહી શકે છે.

આવા એ નવલખા હાર જેવા નવરત્નગ્રંથનાં નવશ્લોકોનો ભાવાનુવાદ શાર્દૂલ વિક્રીડિત છંદમાં ગુજરાતીમાં કરીને પ્રસ્તુત કાવ્યરચના શ્રીજીકૃપા–પ્રેરણાથી કરેલ છે, અલબત્ત સર્વસમર્થ આચાર્યશ્રી મહાપ્રભુજીનાં શબ્દોને સમગ્ર તયા સમજવાનું મારા જેવા અલ્પમતિ માટે સમજવાનું ખુબજ દુષ્કર છે તેવી આ પ્રમાણમાં રહેલી ક્ષતિ માટે શ્રી હરિગુરુ વૈષ્ણવની ક્ષમાયાચના માગી લઉં છું.

### આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

# ચિત્ત તું શીદને ચિંતા કરે ?

[ 'શ્રી નવરત્ન ગ્રંથ'ના ભાવનુવાદ'નું કાવ્ય ]

( છંદ – શાર્દૂલ વિક્રીડિત )

ચિંતા કોઇ કદી અહીં નવ કરે, પુષ્ટિજનો સર્વદા,
જેઓ આત્મનિવેદને શરણમાં, શ્રીકૃષ્ણનાં તો રહ્યાં.
જાણે છે પુષ્ટિજનો ગતિ પ્રભુ, લૌકિક એ ના કરે,
એ છે સર્વ સમર્થ ઇશ સહુના, કૃપા સદા જે કરે. [૧]

સેવા ને સત્સંગ ને સ્મરણમાં, પુષ્ટિજનો આ રહે,
જાણે કે ભગવાન તે નિજતણી, ઇચ્છા વડે સૌ કરે. [૨]

સર્વે આ સંસારનાં સગપણો, સંબંધ જે સૌ થયા,
એ ઇચ્છા ભગવાનની સમજીને, ચિંતા બધી છોડતા. [૩]

કીધાં આત્મનિવેદનો પ્રભુકને છો જ્ઞાન–અજ્ઞાનથી,
જોડયા પ્રાણ–શ્રીકૃષ્ણથી સહુ પછી, ના હોય ચિંતા કશી. [૪]

એ છે સર્વસમર્થ શ્રી હરિ સદા, પોતે પુરુષોત્તમા,
તેને સર્વ સમર્પતાં જગતની, ચિંતા નહીં કે તમા. [૫]

ના એ લૌકિક કાર્યમાં હરિ કદી, વૈદિકમાં યે વળી,
જોડે પુષ્ટિજનો સદા જગતથી, સાક્ષીરૂપે શ્રી હરિ. [૬]

આજ્ઞા જે મળતી અહીં ગુરુ થકી, સેવા સદા એ રીતે,
જોડી દે પુષ્ટિજનો ચિત્ત સદા, શ્રીકૃષ્ણમાં તો પ્રીતે. [૭]

થાયે જો ઉદ્વેગ ત્યાં મન મહીં, તો સ્વસ્થ વેગે બનો,
આતો સર્વ લીલા જગે હરિ તણી, ચિંતા બધીયે ત્યજો. [૮]

"શ્રી કૃષ્ણઃ શરણં મમ" રટણ આ, તેથી કરો સર્વદા,
ચિંતા તો સઘળી મટે મન તણી, તેવી વધે સ્થિરતા. [૯]

આવો આ 'નવરત્ન'નો સરળ ને, શાંતિ ભર્યો પાઠ આ,
શ્રી વલ્લભમુખથી કહ્યો હૃદયમાં, પુષ્ટિજનો ધારતા;
તેથી દુર થતી બધી જગતની, ચિંતા પ્રીતિ યાચતા,
જેણે ગર્વ હર્યો 'કુસુમાયુધનો, તે કૃષ્ણમાં સદા સર્વદા. [૧૦]

## ૮૪/૨૫૨ ભગવદીય વાર્તા નવાન્હ જ્ઞાન સત્ર :

"આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ" અને "દહીંસર વૈષ્ણવ સમાજ"ના ઉપક્રમે આપણા સંપ્રદાયના ૮૪/૨૫૨ ભગવદી વાર્તા નવાન્હ જ્ઞાન સત્રનું આયોજન પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજાધિશજી મહારાજશ્રીના અધ્યક્ષશ્રી સ્થાને કરવામાં આવ્યું છે વ્યાસાસને પુ, શ્રી રમણલાલ શાસ્ત્રી ઉમરેઠવાળા

પ્રારંભ તા. ૯-૧૧-૯૪ બુધવાર પુર્ણાહુતિ તા. ૧૮-૧૧-૯૪ શુક્રવાર

સ્થળ : રાજેશ્રી સીનેમા કમ્પાઉન્ડ રામકુવર ઠાકુર રોડ દહિંસર (ઈસ્ટ) દરરોજ સવારે ૯ થી ૧૨
સાંજે ૩ થી ૬-૩૦

બૃહદ મુંબઈનાં દહીંસરના આંગણે યોજાતા આપણા સંપ્રદાયના આ ભવ્ય આયોજનનો અલૌકિક લાભ લેવા સકળ વૈષ્ણવજનોને અમારૂં ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.

નિવેદક : હીરાલાલ સી. મહેતા, પ્રમુખ : આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ દહીંસર (શાખા)
આ પ્રસંગે શ્રી વલ્લભાચાર્યજી રૂષિકુલ, રાજકોટ માટે ફંડ એકત્ર થશે

### વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

## સમાચાર

## શ્રી જનાર્દનજી (વર્કલા–કેરલ) માં શ્રીમહાપ્રભુજીના બેઠકજીનો જીર્ણોદ્ધાર

શ્રીમહાપ્રભુજીના ૮૪ બેઠકજી પૈકી ૫૬ મા બેઠકજી કેરલ રાજયમાં કવીલોન અને તીરૂઅનન્તપુરમ (ત્રીવેન્દ્રમ) વચ્ચે વર્કલા ગામ કે જયાં પુરાતન શ્રી જનાર્દન ભગવાનનું ભવ્ય મંદિર છે અને વર્કલા ગામ જનાર્દન તરીકે પણ ઓળખાય છે. ત્યાં આવેલ છે. આ બેઠકજીનો જીર્ણોદ્ધાર શ્રીસનાત વૈષ્ણવ મહાજન–એલેપ્પીના સંચાલમાં હાલમાં નિજમંદિરનું સમારકામ પુર્ણ થતાં શ્રાવણ સુદ ૧૨ ના શુભ દિને શ્રીમહાપ્રભુજી ને ધામધુમથી નવા નિજર્મંદિરમાં પધરાવેલ.

આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા, તથા રાસલીલા આદિ વિવિધ કાર્યક્રમો થયેલ જેમાં અલપઈ (એલેપ્પી). કોચીન, કવીલોન, કોઈમ્બુતર, ત્રીચુર તેમજ ત્રીવેન્દ્રમ (તીરૂઅન્તપુરમ) થી ૩૫૦ થી વધુ વૈષ્ણવોએ હાજર રહી મહોત્સવનો લાભ લીધેલ.

આ દક્ષીણ ભારતના સુરમ્ય વિસ્તારના પ્રાચિન તિર્થ સ્થળે આવેલ બેઠકજીના દર્શન–સેવા–ઝારી ચર્ણસ્પર્શનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને ભાવ ભર્યું આમંત્રણ બેઠકજીના સંચાલન સેવા કરતાં શ્રીઅલપાઈ સનાતન વૈષ્ણવ મહાજને આપેલ છે. બેઠકજીના બહારના ભાગોનું સમારકામ હજી ચાલુ છે. અને તેમાં સેવા અર્પવા ઈચ્છુક વૈષ્ણવોએ.

મે. રામચરણ કંપની
બીચ રોડ,
અલપાઈ (કેરલ)
પીન કોડ, ૬૮૮ ૦૧૨
નો સંપર્ક કરવો

## લંડન, (યુ.કે.) માં આં. પુ. વૈ. પરિષદનું પ્રચાર અધિવેશન.

તા ૧–૨ જુલાઈ' ૯૪ના ગેટેન હાઈસ્કુલ લંડન ખાતે આ. પુ. વૈ. પરિષદનું પ્રચાર અધિવેશન તથા કીર્તન સંમેલન યોજાએલ. જેમાં પુ. પા. ગો. શ્રી રસિક વલ્લભજી મહારાજ (વેરાવળ–લંડન) તથા તેમના લાલ બાવા શ્રી શિશિરકુમારજી, પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–મુંબઈ) પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામનગર) પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટ) પુ. પા. ગો. શ્રી યોગેશકુમારજી મહારાજ (કાંદીવલી) પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય (અમરેલી–કાંદીવલી) વગેરે પુ. આચાર્યશ્રીઓ પધારેલ અને વિશાળ વૈષ્ણવ વૃન્દને પ્રેરક વચનામૃતપાન કરાવેલ.

આ ઉપરાંત લંડન ખાતે પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી) તથા તેમના લાલબાવા પુ. શ્રી વાગીશકુમારજી તથા પુ. શ્રી દ્વારકેશલાલજી, પુ. પા. ગો. દ્રુમીલકુમારજી (વડોદરા–સુરત) તથા પુ. પા. શ્રી ગો. ગોકુલોત્સવજી મહારાજ (ઈન્દોર–નાથદ્વારા) વગેરે આચાર્યશ્રીઓ પણ લંડન પધારેલ. લંડનમાં નિ. લી. પુ. શ્રી પ્રથમેશજી સ્મૃતિ હોલનું નિર્માણ કરવા યોજના છે. શાખાના પ્રમુખ તરીકે શ્રી સુરેશભાઈ કોટેચા સેવા આપે છે. પુ. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર) નો લગભગ અઢી માસનો ઈંગ્લેન્ડનો પ્રચાર પ્રવાસ યોજાયો જેમાં પ્રત્યેક સ્થળે વસતાં વૈષ્ણવોના અલૌકિક ભાવનું આપશ્રીએ પોષણ કરી મહતકૃપા વર્ષાવેલ.

જુદા જુદા પુ. ગો. આચાર્યશ્રીઓની સાનિધ્યમાં અનેકવિધ કાર્યક્રમો યોજાએલાં. જેમાં લંડનમાં શ્રી ગોવર્ધનનાથજીનો છપ્પન ભોગ મહોત્સવ રાઉન્ડ વુડ પાર્કમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ, લેસ્ટરમાં શ્રીવલ્લભ ખ્યાન શિબિર લંડનમાં શ્રી યમુના કુંજનો મનોરથ વગેરે કાર્યક્રમો મુખ્ય હતાં.

**SHREE VALLABH SUDHA** Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43·**

॥ શ્રી હરિઃ ॥

# વેણુ ગીત ધોળ

(વેણુ ગીતના શ્લોક–૭ ધોળ–૨)

(ઢાળ – તને સાંચવે સીતા સતી અખંડ સૌભાગ્ય)

ફલ કોને કહેવું નિરધાર, સખી આવો કરીએ વિચાર;
સકળ શાસ્ત્ર તણો છે શું સાર, સખી આવો કરીએ વિચાર. ૧

સદા નીરખવું હરિનું મુખકમલ. આંખો વાળાઓનું એ જ છે ફલ;
ચારૂ ચિત્ત વનની શોભા અપાર, સખી આવો કરીએ વિચાર. ૨

નયન કટાક્ષ કરી મોહન મનને હરે, પશુઓની પાછળ વનમાં ફરે;
વેણુનાદ કરે વારમ વાર, સખી આવો કરીએ વિચાર. ૩

ભોગ કરવો એકાદશ ઇન્દ્રિયથી, સ્વરૂપાનંદ ભોગવવો તનમનથી;
સદા શ્યામ સંગ કરવો વિહાર, સખી આવો કરીએ વિચાર ૪

મોક્ષ ફલ તણું સુખ છે કેવું, છતી આંખે અંધારામાં રહેવા જેવું
નથી એ ફલમાં કંઇ સાર, સખી આવો કરીએ બિચાર ૫

સુખ આંખો તણું હરિ દરશનમાં અમને મળતું નથી વાલો વસે વનમાં;
ક્યારે નિરખશું નંદકુમાર, સખી આવો કરીએ વિચાર. ૬

શ્રુતિ રૂપ ગોપીજન વેદતણા, એનાં જ્ઞાનમાં હોય ન જરીએ મણા;
**‘લાલ’** તેનાં વચનો ઉરમાં ઉતાર, સખી આવો કરીએ વિચાર ૭

– કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ.

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ–૫**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮



## ગૈંદ ખેલ

દેખો સખિ મોહન મદન ગોપાલ,
બાગો ઘેરદાર સિર ટોપા. પહિરે મોજા લાલ. ૧

પચરંગ કવા છીંટ કી ફરગુલ ઓઢિ ધરૈ બનમાલ;
લૈ ચોગાન ગૈંદ ખેલન ચલે; સંગ લિયે બ્રજ બાલ, ૨

કરતિ આરતી માત જસોદા, ગાવત ગીત રસાલ.
'કૃષ્ણદાસ' પ્રભુ પર ન્યોછાવરિ. વારત મુકતા માલ. ૩

– ભકત કવિ શ્રી કૃષ્ણદાસ અધિકારી

---

❊ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❊

વર્ષ ૧૩ : અંક-૯ ડીસેમ્બર, ૧૯૯૪
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✲ આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

# શ્રી વલ્લભસુધા

## ગેંદ ખેલ

દેખો સખિ મોહન મદન ગોપાલ,
બાગો ઘેરદાર સિર ટોપા. પહિરે મોજા લાલ. ૧

પચરંગ કવા છીંટ કી ફરગુલ ઓઢિ ધરૈ બનમાલ;
લૈ ચોગાન ગેંદ ખેલન ચલે; સંગ લિયે બ્રજ બાલ, ૨

કરતિ આરતી માત જસોદા, ગાવત ગીત રસાલ.
'કૃષ્ણદાસ' પ્રભુ પર ન્યોછાવરિ. વારત મુકતા માલ. ૩

– ભકત કવિ શ્રી કૃષ્ણદાસ અધિકારી

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૩ : અંક–૯ ડીસેમ્બર, ૧૯૯૪
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/– ✻ આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

## અ. ભા. પુ. વૈ. પરિષદ આયોજીત રાજકોટના શાસ્ત્રી મેદાનમાં
## તા. ૮-૧-૧૯૯૫ થી ૧૯-૧-૯૫ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમો

| | |
|---|---|
| તા. ૮-૧-૯૫ થી ૧૬-૧-૯૫<br>: કથા સમય :<br>સવારે ૯ થી ૧૨<br>સાંજના - ૩ થી ૭ | પ. ભ. શ્રી હીરાલાલ સી. મહેતા<br>(દહીંસર-મુંબઇ) પરિવાર આયોજીત<br>૧૦૮ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ<br>વ્યાસાસને : શ્રી બટુકભાઇ શાસ્ત્રીજી<br>(જામનગરવાલા) |
| તા. ૧૫-૧-૯૫ | પ્રશ્નોતરી (આપના સવાલ આચાર્યશ્રીના જવાબ) |
| તા. ૮-૧-૯૫ થી ૧૬-૧-૯૫ | દરરોજ સાંજના ૬ થી ૭<br>પુ. ગોસ્વામી બાલકોના વચનામૃત |
| તા. ૧૭-૧-૯૫ સવારે ૯ થી ૧૨<br>સાંજના ૩ થી ૬ | સૌરાષ્ટ્ર વૈષ્ણવોનું ખુલ્લું પ્રચાર<br>અધિવેશન<br>૧. પુ. ગો. બાળકોના પ્રવચન.<br>૨. વૈષ્ણવ ગુરૂકુલ કાર્યકર્તાઓનું સન્માન. |
| તા. ૧૭-૧-૯૫ રાતના ૯ થી ૧૨ | હવેલી સંગીત - કિર્તન સંમેલન. |
| તા. ૧૮-૧-૯૫ સવારે ૧૦ થી ૧<br>સાંજે ૩ થી ૬ | સૌરાષ્ટ્ર ઓપન વૈષ્ણવ વકતૃત્વ સ્પર્ધા<br>(વિષય - વહાલા મને ગમે છે) |

(સ્થળ :- જશુબાઈ મંડાણ, ખત્રીવાડ, રાજકોટ)

| | |
|---|---|
| તા. ૧૯-૧-૯૫ સવારે ૮ થી સાંજના ૪ સુધી. | ૧૦૮ સર્વજ્ઞાતિય વૈષ્ણવ સમુહ લગ્નોત્સવ |

ખાસ નોંધ :- (૧) શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ નિમિતે કોઈ સેવા લેવાતી નથી.

(૨) આયોજન દરમ્યાન મહાપ્રસાદ લેવડાવવાની સગવડતા સ્થળ ઉપર કરવામાં આવી છે.

સંપર્ક કરો ; શ્રી હસમુખભાઇ ઝખ્ખર
C/o સંજય ગેસ સર્વિસ, ભુપેન્દ્ર રોડ, રજની બીલ્ડીંગ શેરી, રાજકોટ.
શ્રી કાન્તીભાઈ રાધનપુરા,
કે. ડી. જવેલર્સ, દેરા શેરી, સોની બજાર, રાજકોટ.

---

શ્રી ગોકુલેન્દુ જંયતિ ॥ ॥ વિજય તે શ્રીનવનીત પ્રભુ ॥

## પૂ. પા. ગોસ્વામી શ્રી મુરલીધરલાલજી મહારાજશ્રી (શ્રી મિલન બાવા)
## શ્રીના મનોરથ સ્વરૂપે ત્રીવીધ મહોત્સવનું આયોજન

શ્રી ધ્વજાજી મહોત્સવ તા. ૨૩-૧૨-૧૯૯૪ થી ૨૬-૧૨-૧૯૯૪

શ્રી...નો છપ્પન ભોગ મનોરથ તા. ૨૭-૧૨-૧૯૯૪

અષ્ટોત્તરશત (૧૦૮) શ્રીમદ ભાગવત સપ્તાહ તા. ૨૬-૧૨-૧૯૯૪ થી તા. ૧-૧-૧૯૯૫

શ્રી જીતુભાઇ શાસ્ત્રીજીના વ્યાસપદે

અન્ય કાર્યક્રમ : પુષ્ટી માર્ગીય હવેલી કીર્તનોનો કેસેટ સેટ ૪ નંગ કીર્તનકાર પ. ભ. શ્રી વ્રજકિશોરભાઈ શર્મા કીર્તનીયાજી (જતીપુરા) "દેખોરી સુંદર શ્યામ" સ્વરૂપ પુસ્તીકાનું વિમોચન શ્રીજી ચીત્રજી ઝાંખી વર્ષભરના ઉત્સવોના ચિત્રજીના દર્શન આ અલૌકિક ઉત્સવોનો આનંદ અને દર્શન લાભ લેવા સર્વે વૈષ્ણવ સૃષ્ટિને આમંત્રણ છે.

શુભ સ્થળ : શ્રી ગોવર્ધન ચોક (ફુટબોલ ગ્રાઉન્ડ) ૯૦ ફીટ રોડ ઇન્ડીઅન ઓવરશીઝ બેંક સામે,
ગારોડીયા નગર ઘાટકોપર (ઇસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૭૭

## આં. રા. પુ. વૈ. પરિષદ આયોજીત રાજકોટના શાસ્ત્રી મેદાનમાં
## તા. ૮-૧-૧૯૯૫ થી ૧૯-૧-૯૫ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમો

| | |
|---|---|
| તા. ૮-૧-૯૫ થી ૧૬-૧-૯૫<br>: કથા સમય :<br>સવારે ૯ થી ૧૨<br>સાંજના - ૩ થી ૭ | પ. ભ. શ્રી હીરાલાલ સી. મહેતા<br>(દહીંસર-મુંબઈ) પરિવાર આયોજીત<br>૧૦૮ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ<br>વ્યાસાસને : શ્રી બટુકભાઈ શાસ્ત્રીજી<br>(જામનગરવાળા) |
| તા. ૧૫-૧-૯૫ | પ્રશ્નોત્તરી (આપના સવાલ આચાર્યશ્રીના જવાબ) |
| તા. ૮-૧-૯૫ થી ૧૬-૧-૯૫ | દરરોજ સાંજના ૬ થી ૭<br>પુ. ગોસ્વામી બાલકોના વચનામૃત |
| તા. ૧૭-૧-૯૫ સવારે ૯ થી ૧૨<br>સાંજના ૩ થી ૬ | સૌરાષ્ટ્ર વૈષ્ણવોનું ખુલ્લું પ્રચાર<br>અધિવેશન<br>૧. પુ. ગો. બાળકોના પ્રવચન.<br>૨. વૈષ્ણવ ગુરૂકુલ કાર્યકર્તાઓનું સન્માન. |
| તા. ૧૭-૧-૯૫ રાતના ૯ થી ૧૨ | હવેલી સંગીત – કિર્તન સંમેલન. |
| તા. ૧૮-૧-૯૫ સવારે ૧૦ થી ૧<br>સાંજે ૩ થી ૬ | સૌરાષ્ટ્ર ઓપન વૈષ્ણવ વકતૃત્વ સ્પર્ધા<br>(વિષય – વલ્લભ મને ગમે છે) |

(સ્થળ :– જશુબાઈ મંડાણ. ખત્રીવાડ, રાજકોટ)

તા. ૧૯-૧-૯૫ સવારે ૮ થી સાંજના ૪ સુધી. ૧૦૮ સર્વજ્ઞાતિય વૈષ્ણવ સમુહ લગ્નોત્સવ

ખાસ નોંધ :– (૧) શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ નિમિતે કોઈ સેવા લેવાતી નથી.
(૨) આયોજન દરમ્યાન મહાપ્રસાદ લેવડાવવાની સગવડતા સ્થળ ઉપર કરવામાં આવી છે.

સંપર્ક કરો ; શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o સંજય ગેસ સર્વિસ, ભુપેન્દ્ર રોડ, રજની બીલ્ડીંગ શેરી, રાજકોટ.
શ્રી કાન્તીભાઈ રાધનપુરા,
કે. ડી. જવેલર્સ, દેરા શેરી, સોની બજાર, રાજકોટ.

---

શ્રી ગોકુલેન્દુ જંયતિ ॥ ॥ વિજય તે શ્રીનવનીત પ્રભુ ॥

## પૂ. પા. ગોસ્વામી શ્રી મુરલીધરલાલજી મહારાજશ્રી (શ્રી મિલન બાવા)
## શ્રીના મનોરથ સ્વરૂપે ત્રીવીધ મહોત્સવનું આયોજન

શ્રી ધ્વજાજી મહોત્સવ તા. ૨૩-૧૨-૧૯૯૪ થી ૨૬-૧૨--૧૯૯૪

શ્રી...નો છપ્પન ભોગ મનોરથ તા. ૨૭-૧૨--૧૯૯૪

અષ્ટોત્તરશત (૧૦૮) શ્રીમદ ભાગવત સપ્તાહ તા. ૨૬-૧૨-૧૯૯૪ થી તા. ૧-૧-૧૯૯૫

શ્રી જીતુભાઈ શાસ્ત્રીજીના વ્યાસપદે

અન્ય કાર્યક્રમ : પુષ્ટી માર્ગીય હવેલી કીર્તનોનો કેસેટ સેટ ૪ નંગ કીર્તનકાર પ. ભ. શ્રી વ્રજકિશોરભાઈ શર્મા કીર્તનીયાજી (જતીપુરા) "દેખોરી સુંદર શ્યામ" સ્વરૂપ પુસ્તીકાનું વિમોચન શ્રીજી ચીત્રજી ઝાંખી વર્ષભરના ઉત્સવોના ચીત્રજીના દર્શન આ અલૌકિક ઉત્સવોનો આનંદ અને દર્શન લાભ લેવા સર્વે વૈષ્ણવ સૃષ્ટિને આમંત્રણ છે.

શુભ સ્થળ : શ્રી ગોવર્ધન ચોક (ફુટબોલ ગ્રાઉન્ડ) ૯૦ ફીટ રોડ ઈન્ડીઅન ઓવરશીઝ બેંક સામે,
ગારોડીયા નગર ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૭૭

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

# શ્રીવલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૯ ✻ ડીસેમ્બર, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

## શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્ય કા સન્દેશ

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

(ગતાંકથી ચાલુ)

સારી બુદ્ધિ હોવી જોઇએ. સારી બુદ્ધિ મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ, પરંતુ સારી બુદ્ધિ આપણા પ્રયત્નથી જ પ્રાપ્ત થઇ જશે એવી વાત નથી. આપણો પ્રયત્ન હોય અને ભગવાનની કૃપા હોય, બન્નેની આવશ્યકતા છે, ત્યારે સારી બુદ્ધિ મળે છે.

આપણે આપણી બુદ્ધિ પર ધ્યાન ન આપીએ, તેની ઉપેક્ષા કરીએ, તો પણ સારી બુદ્ધિ નથી મળી શકતી અને આપણે ખૂબ જ ધ્યાન તો આપવું જ જોઇએ અને સાથમાં ભગવાનની કૃપા પણ હોય, બન્નેનો જ્યારે સંયોગ થાય છે, ત્યારે સારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે. જેમ બન્ને પૈડાથી રથ ચાલે છે, ગાડી ચાલે છે. એક પૈડાથી ગાડી નહીં ચાલી શકે, ઊભી રહી જશે. એક પૈડું

**શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૯ ※ ડીસેમ્બર, ૧૯૯૪

**શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.**
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

## શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્ય કા સન્દેશ

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

(ગતાંકથી ચાલુ)

સારી બુદ્ધિ હોવી જોઇએ. સારી બુદ્ધિ મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ, પરંતુ સારી બુદ્ધિ આપણા પ્રયત્નથી જ પ્રાપ્ત થઇ જશે એવી વાત નથી. આપણો પ્રયત્ન હોય અને ભગવાનની કૃપા હોય, બન્નેની આવશ્યકતા છે, ત્યારે સારી બુદ્ધિ મળે છે.

આપણે આપણી બુદ્ધિ પર ધ્યાન ન આપીએ, તેની ઉપેક્ષા કરીએ, તો પણ સારી બુદ્ધિ નથી મળી શકતી અને આપણે ખૂબ જ ધ્યાન તો આપવું જ જોઇએ અને સાથમાં ભગવાનની કૃપા પણ હોય, બન્નેનો જ્યારે સંયોગ થાય છે, ત્યારે સારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે. જેમ બન્ને પૈડાથી રથ ચાલે છે, ગાડી ચાલે છે. એક પૈડાથી ગાડી નહીં ચાલી શકે, ઊભી રહી જશે. એક પૈડું

નીકળી જાય તો એક પૈડાથી શું ગાડી ચાલશે? બન્ને પૈડા હશે ત્યારે ગાડી ચાલશે, આગળ વધશે. અહીં બન્ને પૈડા કયા છે ? એક તો આપણી ભાવના કે આપણે સારી બુદ્ધિ પ્રાપ્ત કરવી છે. પહેલા તો આ ઇચ્છા હોવી જોઇએ. ઇચ્છા જ ન હોય તો વસ્તુ કયાંથી મળવાની ?

કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવા માટે પહેલા ઇચ્છા હોવી જોઇએ, ત્યારે વસ્તુ પ્રાપ્ત થાય છે. ઇચ્છા વગર ઉત્તમ વસ્તુ નથી મળતી. ઇચ્છા થયા પછી તેમાં કોઇ મદદ હોવી જોઇએ. આપણી જે શકિત છે તે ઘણી સિમિત છે. ફકત આપણી શકિતથી આપણે બધું પ્રાપ્ત કરી લેશું એવું અભિમાન આપણે ન કરવું જોઇએ.

શકિતથી તો પ્રયત્ન થાય, ફળ નથી મળતું. નહિતર બધા શકિતશાળી લોકો ફળ પ્રાપ્ત કરી લેત. જો શકિતથી જ ફળ મળી જતું હોય તો ! પરંતુ એવું કયાં થાય છે ? શકિતશાળી બેઠા રહે છે, ઘરે રહે છે અને ઓછી શકિતવાળા ફળ પ્રાપ્ત કરી લે છે, આવું થાય છે. લોકો જેને મોટી આશાથી જોતાં હતા કે આને તો ઘણું સારૂં ફળ મળશે, ઘણી શકિતવાળા છે, જ્ઞાનવાળા છે. એ જલ્દી ફળ પ્રાપ્ત કરી લેશે. પરંતુ ઘણી વખત એવું બને છે કે તેઓ પાછળ રહી જાય છે. જે ઓછા જ્ઞાનવાળા છે, ભગવદ્ આશ્રય રાખવાવાળા છે. તે આગળ વધી જાય છે. આવું બની જાય છે. અનેકવાર બની જાય છે. આ કોઇ અપવાદની વાત નથી. આપણે આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો સંદેશ આપણા માટે આ છે કે હૃદયમાં ભગવાનનો આશ્રય રાખવો.

ભગવાનનો આશ્રય રાખવાવાળાને ભગવાન ધન આપી દે છે. સારૂં કુટુંબ આપે છે, સારૂં મકાન આપે છે, સારૂં સ્વાસ્થ્ય આપે છે એ માનવું જોઇએ. આ બધું ભગવાનની કૃપાનું શ્રેષ્ઠ ફળ નથી, ભગવાનની કૃપાનું ફળ તો છે સારી બુદ્ધિ મળવી. ઘણા લોકો કહે છે આના પર ભગવાનની ઘણી કૃપા છે, કેટલું ધન તેને આપ્યું છે. તેણે કૃપાનું આ જ એક લક્ષણ માની લીધું છે. ઘણું ધન મળી જાય તો કૃપા થઇ ગઇ સમજો, પરંતુ આવી વાત નથી. અધિક ધન ભગવાનની કૃપાથી મળતું હોય એવી વાત નથી. અધિક જ્ઞાન, અધિક બળ પણ ભગવાન આપી દે છે એવી વાત પણ નથી.

એ વાત ઠીક છે કે જે કંઇ થાય છે, ભગવાનની ઇચ્છાથી થાય છે, પરંતુ ભગવાનની કૃપા એક અલગ વાત છે. ઇચ્છા એક બીજી વાત છે. બન્નેમાં ભેદ છે. કૃપા એક વાત છે, ઇચ્છા બીજી વાત છે. અહીં આચાર્ય ચરણનો જે આશય છે તે કૃપા ઉપર છે. બધું ભગવાનની ઇચ્છાથી થાય છે. પરંતુ ઉલટા તેમજ અસંભવ જે કાર્ય થતા દેખાય છે તેતો ભગવાનની કૃપા જ માનવી જોઇએ. જે વાત આપણી સમજમાં ન આવે, એવી વાત થઇ ગઇ, જેની આપણે આશા નહોતા રાખતા, તે ફળ આપણને મળી ગયું. એ ભગવાનની કૃપા છે.

ભગવાન ફળ શું આપે છે, સારી બુદ્ધિ આપે છે. ભગવાનની કૃપા ત્યારે સમજવી જોઇએ જ્યારે સારી બુદ્ધિ મળી જાય. બધું મળી જાય. પરંતુ સારી બુદ્ધિ ન મળે

નીકળી જાય તો એક પૈડાથી શું ગાડી ચાલશે? બન્ને પૈડા હશે ત્યારે ગાડી ચાલશે, આગળ વધશે. અહીં બન્ને પૈડા કયા છે ? એક તો આપણી ભાવના કે આપણે સારી બુદ્ધિ પ્રાપ્ત કરવી છે. પહેલા તો આ ઇચ્છા હોવી જોઇએ. ઇચ્છા જ ન હોય તો વસ્તુ કયાંથી મળવાની ?

કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવા માટે પહેલા ઇચ્છા હોવી જોઇએ, ત્યારે વસ્તુ પ્રાપ્ત થાય છે. ઇચ્છા વગર ઉત્તમ વસ્તુ નથી મળતી. ઇચ્છા થયા પછી તેમાં કોઇ મદદ હોવી જોઇએ. આપણી જે શકિત છે તે ઘણી સિમિત છે. ફકત આપણી શકિતથી આપણે બધું પ્રાપ્ત કરી લેશું એવું અભિમાન આપણે ન કરવું જોઇએ.

શકિતથી તો પ્રયત્ન થાય, ફળ નથી મળતું. નહિતર બધા શકિતશાળી લોકો ફળ પ્રાપ્ત કરી લેત. જો શકિતથી જ ફળ મળી જતું હોય તો ! પરંતુ એવું કયાં થાય છે ? શકિતશાળી બેઠા રહે છે, ઘરે રહે છે અને ઓછી શકિતવાળા ફળ પ્રાપ્ત કરી લે છે, આવું થાય છે. લોકો જેને મોટી આશાથી જોતાં હતા કે આને તો ઘણું સારૂં ફળ મળશે, ઘણી શકિતવાળા છે, જ્ઞાનવાળા છે. એ જલ્દી ફળ પ્રાપ્ત કરી લેશે. પરંતુ ઘણી વખત એવું બને છે કે તેઓ પાછળ રહી જાય છે. જે ઓછા જ્ઞાનવાળા છે, ભગવદ્ આશ્રય રાખવાવાળા છે. તે આગળ વધી જાય છે. આવું બની જાય છે. અનેકવાર બની જાય છે. આ કોઇ અપવાદની વાત નથી. આપણે આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો સંદેશ આપણા માટે આ છે કે હ્રદયમાં ભગવાનનો આશ્રય રાખવો.

ભગવાનનો આશ્રય રાખવાવાળાને ભગવાન ધન આપી દે છે. સારૂં કુટુંબ આપે છે, સારૂં મકાન આપે છે, સારૂં સ્વાસ્થ્ય આપે છે એ માનવું જોઇએ. આ બધું ભગવાનની કૃપાનું શ્રેષ્ઠ ફળ નથી, ભગવાનની કૃપાનું ફળ તો છે સારી બુદ્ધિ મળવી. ઘણા લોકો કહે છે આના પર ભગવાનની ઘણી કૃપા છે, કેટલું ધન તેને આપ્યું છે. તેણે કૃપાનું આ જ એક લક્ષણ માની લીધું છે. ઘણું ધન મળી જાય તો કૃપા થઇ ગઇ સમજો, પરંતુ આવી વાત નથી. અધિક ધન ભગવાનની કૃપાથી મળતું હોય એવી વાત નથી. અધિક જ્ઞાન, અધિક બળ પણ ભગવાન આપી દે છે એવી વાત પણ નથી.

એ વાત ઠીક છે કે જે કંઇ થાય છે, ભગવાનની ઇચ્છાથી થાય છે, પરંતુ ભગવાનની કૃપા એક અલગ વાત છે. ઇચ્છા એક બીજી વાત છે. બન્નેમાં ભેદ છે. કૃપા એક વાત છે, ઇચ્છા બીજી વાત છે. અહીં આચાર્ય ચરણનો જે આશય છે તે કૃપા ઉપર છે. બધું ભગવાનની ઇચ્છાથી થાય છે. પરંતુ ઉલટા તેમજ અસંભવ જે કાર્ય થતા દેખાય છે તેતો ભગવાનની કૃપા જ માનવી જોઇએ. જે વાત આપણી સમજમાં ન આવે, એવી વાત થઇ ગઇ, જેની આપણે આશા નહોતા રાખતા, તે ફળ આપણને મળી ગયું. એ ભગવાનની કૃપા છે.

ભગવાન ફળ શું આપે છે, સારી બુદ્ધિ આપે છે. ભગવાનની કૃપા ત્યારે સમજવી જોઇએ જ્યારે સારી બુદ્ધિ મળી જાય. બધું મળી જાય. પરંતુ સારી બુદ્ધિ ન મળે

તો તેને ભગવાનની કૃપા ન સંભવે. ગમે તેટલું ધન મળી જાય તે આસુરી છે. સારી બુદ્ધિ વગર તમે ધનનો સદુપયોગ નહીં કરી શકો, તે ધન ખરાબ માર્ગે જશે અને તમને પણ ખરાબ માર્ગે લઇ જશે. ખરાબ માર્ગ તરફ લઇ જનાર જે ધન છે તે સાચું ધન છે? સુબુદ્ધિ, સારી બુદ્ધિ હશે તો દરેક સારા ગુણ તમને લાભ પહોંચાડશે. સારી બુદ્ધિ ન હોય અને બધું હોય તો બધુ નિરર્થક છે, તેથી સારી બુદ્ધિ પ્રાપ્ત કરવા માટે ભગવાનનો આશ્રય ભગવાન કૃપા કરીને મને સારી બુદ્ધિ આપશે એવો દૃઢ વિશ્વાસ હોવો જોઇએ·

જેનાથી હું સારા માર્ગ પર ચાલી ભગવાન તરફ જઇ શકીશ આવી ભાવના રાખો. મને ભગવાન એવી પ્રેરણા આપે જેનાથી મારી ગતિ તેના તરફ જાય. આ ઇચ્છા થાય અને ઇચ્છા પણ સામાન્ય નહિ, તીવ્ર ઇચ્છા હોવી જોઇએ. તો કામ ચાલશે. આમ તો દિવસમાં પચાસ ઇચ્છા થાય છે. એ રીતે આ ઇચ્છા પણ કયારેક થઇ જાય, તેનાથી કામ નહીં ચાલે. ઇચ્છા થાય અને તીવ્ર ઇચ્છા થાય ત્યાં સુધી તે વસ્તુ ન મળે ત્યાં સુધી હૃદયમાં શાંતિ ન થાય, નિરંતર થયાં કરે એવી ભાવના હોવી જોઇએ.

એવી ભાવના રાખીને જો આપણે ભગવાનનો આશ્રય રાખીએ તો ભગવાન ઘણા કૃપાળુ છે. કૃપા કરવી તેમનો સહજ સ્વભાવ છે. આપણે જ તેનાથી વિમુખ રહીએ છીએ. લોકો કહે છે કે ભગવાન અમને મળતા નથી, ભગવાનને ખૂબ પુકારીએ છીએ, ભગવાન અમને મળતા નથી, ભગવાનને ખુબ પુકારીએ છીએ, ભગવાન અમને મળી જાય, પરંતુ ભગવાન તો મળતા જ નથી. એવું ઘણા લોકો કહે છે. **પરંતુ આ આપણું અજ્ઞાન છે, ભ્રમ છે.** ભગવાનને આપણે ચાહીએ, તેને પોકારીએ અને આપણને ન મળે એ કેવી રીતે બને? આજ સુધી એવું નથી બન્યું. પરંતુ ખામી અહીં રહેલી છે કે આપણે સાચા હૃદયથી તેને નથી પોકારતા જરૂર કહીએ છીએ કે ભગવાન મળી જાય, ઇચ્છીએ પણ છીએ, પરંતુ તેથી વિશેષ ઇચ્છા ઘરની અને ધનની છે. ભગવાનથી વિશેષ ચાહના તેની છે ધન મળી જાય, સારું ઘર મળી જાય તેવી ચાહના ઘણી વધારે છે. અને ભગવાનની ચાહના ઘણી થોડી છે. તો આનાથી કામ ચાલે? કામ ન ચાલી શકે. જેની ચાહના તમને વધારે હોય, તે તમને મળશે. હૃદયમાં તમે જેની ચાહના રાખતા હશો તો મળશે. જે તરફ તમે કદમ ઉઠાવશો ત્યાં તો પહોંચશો. કદમ તમે આબાજુ ઉઠાવો અને પેલી તરફ જવાની આશા કરો તે કેવી રીતે બની શકે? કદમ તો તમારા આ બાજુ જઇ રહ્યા છે અને આશા રાખો છો આપણે ત્યાં પહોંચી જઇએ, કેવી રીતે પહોંચી શકાય? જે તરફ તમારા કદમ ઉઠશે ત્યાં જ તો પહોંચશો.

ઇચ્છા પણ એક કદમ છે, એ પણ એક પગ છે. ઇચ્છા રાખવી એ પણ એક કદમ ઉઠાવવું છે. જ્યાં તમારી ઇચ્છા નહીં હોય, ત્યાં તમે નહીં પહોંચી શકો. આ વાત સમજીલો.

ઇચ્છા હશે તો બધું મળી જશે. તેથી આચાર્યચરણોએ બતાવ્યું છે કે ઇચ્છા રાખો ભગવદ્ આશ્રયની. ભગવાનનો આશ્રય તમારા હૃદયમાં આવી જશે તો ભગવાન બધું જ કરવા સમર્થ છે. ભગવાન માટે કંઇ પણ આપવાનું દુર્લભ નથી. બધું આપી શકે છે. એ વાતની આવશ્યકતા છે કે આપણી ઇચ્છા હોય, તીવ્ર ઇચ્છા હોય, ભગવાનનો આશ્રય હોય, ત્યારે આપણે જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકશું.

ઇતિ

તો તેને ભગવાનની કૃપા ન સાંપડે. ગમે તેટલું ધન મળી જાય તે આસુરી છે. સારી બુદ્ધિ વગર તમે ધનનો સદુપયોગ નહીં કરી શકો, તે ધન ખરાબ માર્ગે જશે અને તમને પણ ખરાબ માર્ગે લઇ જશે. ખરાબ માર્ગ તરફ લઇ જનાર જે ધન છે તે સાચું ધન છે? સુબુદ્ધિ, સારી બુદ્ધિ હશે તો દરેક સારા ગુણ તમને લાભ પહોંચાડશે. સારી બુદ્ધિ ન હોય અને બધું હોય તો બધુ નિરર્થક છે, તેથી સારી બુદ્ધિ પ્રાપ્ત કરવા માટે ભગવાનનો આશ્રય ભગવાન કૃપા કરીને મને સારી બુદ્ધિ આપશે એવો દઢ વિશ્વાસ હોવો જોઇએ.

જેનાથી હું સારા માર્ગ પર ચાલી ભગવાન તરફ જઇ શકીશ આવી ભાવના રાખો. મને ભગવાન એવી પ્રેરણા આપે જેનાથી મારી ગતિ તેના તરફ જાય. આ ઇચ્છા થાય અને ઇચ્છા પણ સામાન્ય નહિ, તીવ્ર ઇચ્છા હોવી જોઇએ. તો કામ ચાલશે. આમ તો દિવસમાં પચાસ ઇચ્છા થાય છે. એ રીતે આ ઇચ્છા પણ કયારેક થઇ જાય, તેનાથી કામ નહીં ચાલે. ઇચ્છા થાય અને તીવ્ર ઇચ્છા થાય ત્યાં સુધી તે વસ્તુ ન મળે ત્યાં સુધી હૃદયમાં શાંતિ ન થાય, નિરંતર થયાં કરે એવી ભાવના હોવી જોઇએ.

એવી ભાવના રાખીને જો આપણે ભગવાનનો આશ્રય રાખીએ તો ભગવાન ઘણા કૃપાળુ છે. કૃપા કરવી તેમનો સહજ સ્વભાવ છે. આપણે જ તેનાથી વિમુખ રહીએ છીએ. લોકો કહે છે કે ભગવાન અમને મળતા નથી, ભગવાનને ખૂબ પુકારીએ છીએ, ભગવાન અમને મળતા નથી, ભગવાનને ખુબ પુકારીએ છીએ, ભગવાન અમને મળી જાય, પરંતુ ભગવાન તો મળતા જ નથી. એવું ઘણા લોકો કહે છે. **પરંતુ આ આપણું અજ્ઞાન છે, ભ્રમ છે.** ભગવાનને આપણે ચાહીએ, તેને પોકારીએ અને આપણને ન મળે એ કેવી રીતે બને? આજ સુધી એવું નથી બન્યું. પરંતુ ખામી અહીં રહેલી છે કે આપણે સાચા હૃદયથી તેને નથી પોકારતા જરૂર કહીએ છીએ કે ભગવાન મળી જાય, ઇચ્છીએ પણ છીએ, પરંતુ તેથી વિશેષ ઇચ્છા ઘરની અને ધનની છે. ભગવાનથી વિશેષ ચાહના તેની છે ધન મળી જાય, સારું ઘર મળી જાય તેવી ચાહના ઘણી વધારે છે. અને ભગવાનની ચાહના ઘણી થોડી છે. તો આનાથી કામ ચાલે? કામ ન ચાલી શકે. જેની ચાહના તમને વધારે હોય, તે તમને મળશે. હૃદયમાં તમે જેની ચાહના રાખતા હશો તો મળશે. જે તરફ તમે કદમ ઉઠાવશો ત્યાં તો પહોંચશો. કદમ તમે આબાજુ ઉઠાવો અને પેલી તરફ જવાની આશા કરો તે કેવી રીતે બની શકે? કદમ તો તમારા આ બાજુ જઇ રહ્યા છે અને આશા રાખો છો આપણે ત્યાં પહોંચી જઇએ, કેવી રીતે પહોંચી શકાય? જે તરફ તમારા કદમ ઉઠશે ત્યાં જ તો પહોંચશો.

ઇચ્છા પણ એક કદમ છે, એ પણ એક પગ છે. ઇચ્છા રાખવી એ પણ એક કદમ ઉઠાવવું છે. જ્યાં તમારી ઇચ્છા નહીં હોય, ત્યાં તમે નહીં પહોંચી શકો. આ વાત સમજીલો.

ઇચ્છા હશે તો બધું મળી જશે. તેથી આચાર્યચરણોએ બતાવ્યું છે કે ઇચ્છા રાખો ભગવદ્ આશ્રયની. ભગવાનનો આશ્રય તમારા હૃદયમાં આવી જશે તો ભગવાન બધું જ કરવા સમર્થ છે. ભગવાન માટે કંઇ પણ આપવાનું દુર્લભ નથી. બધું આપી શકે છે. એ વાતની આવશ્યકતા છે કે આપણી ઇચ્છા હોય, તીવ્ર ઇચ્છા હોય, ભગવાનનો આશ્રય હોય, ત્યારે આપણે જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકશું.

ઇતિ

# વ્રજરજની મહત્તા

## લે. પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર રાજકોટ)

કૃપાબળથી જ જેનું સિંચન કર્યું છે એવા પુષ્ટિસ્થ પ્રભુની ભાવપૂર્વક સેવા કરવી એ જ પુષ્ટિસ્થ જીવોનો સ્વધર્મ છે. એ સ્પષ્ટતા ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકમાં શ્રીમદ્ વલ્લભપ્રભુએ કરી. એ પુષ્ટિસ્થ પ્રભુનું સ્વરૂપ કેવું છે અને તેમનો સાક્ષાત્ અનુભવ કેમ થાય ? આ વસ્તુ જાણવાની જીજ્ઞાસા પ્રામાણિકપણે અનુસરણ કરતાં સેવકોને અવશ્ય થાય છે.

શ્રી મહાપ્રભુજી કહે છે કે, "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ" અહીં સેવા સ્મરણરૂપ ભજન કોનું કરવું તેમનું સ્વરૂપ વ્રજાધિપઃ પદથી કહેવામાં આવ્યું છે.

વ્રજભૂમીમાં પ્રભુનું પ્રાકટ્ય–ભક્તોનાં દુઃખોનો નાશ કરવાને માટે તથા નિઃસાધન ભક્તોને અપ્રાકૃત ફલદાન કરવાને માટે થયું છે. એટલે ભાવ જ જેને માટે સાધન છે, ભાવાત્મક સ્વરૂપામૃતનો નિરંતર અનુભવ કરવો જેનું લક્ષ્ય યા ફલ છે એવા ભક્તોની વિરહ પીડા તથા પ્રભુની સ્નેહપૂર્વક સેવા કરીને પ્રસન્ન કરવાની અભિલાષા જ પ્રભુને પોતાના પુર્ણ રસાત્મક સ્વરૂપે પ્રગટ થવા વિવશ કરે છે.

જન્મ પ્રકરણ (શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ) પરની સુબોધિનીજીને સમજવાની ચાવીરૂપ કારિકાઓમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, "ભક્તાનાં દુઃખનાશાય કૃષ્ણાવતરણં મતમ્" ભક્તોનું દુઃખ એ તો પ્રભુનો વિરહ, માટે જ મથુરામાં શ્રીકૃષ્ણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ્યા એટલે કે ચાર વ્યુહ સાથે પ્રદ્યુમ્ન વ્યુહ વડે વંશવૃદ્ધિ, સંકર્ષણ વ્યુહ દ્વારા અસુર સંહાર, અનિરુદ્ધ વ્યુહ દ્વારા ધર્મ રક્ષા અને વાસુદેવ વ્યુહદ્વારા મોક્ષનું દાન, પરંતુ શ્રી ગોકુલમાં નંદ-યશોદાને ત્યાં પ્રાકટ્ય દ્વિભુજ સ્વરૂપનું છે. કારણ કે ત્યાં જે પ્રાકટ્ય છે તેનો મુખ્ય હેતુ ભક્તોના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખોને કરૂણા–વરૂણાલય પ્રભુ સ્વયં અવતરિત થાય ત્યારે જ દૂર થાય. વ્રજનો અર્થ નિઃસાધન પણ થાય છે. આવા નિઃસાધન ભક્તોને ઉત્તમોત્તમ રસાત્મક સ્વરૂપ વડે, ફલદાન કરવા માટે જ આપનું વ્રજમાં પ્રાગટ્ય છે. "નિઃસાધન ફલાત્માડયં પ્રાદુર્ભૂતોડસ્તિ ગોકુલે" આ અલૌકિક ફલનું દાન પણ અલૌકિક વ્રજભૂમિમાં જ કર્યું હોવાથી વ્રજની મહત્તા વધી જાય છે.

ગોપિકાઓએ પણ 'ગોપીગીત'માં "જયતિતેધિકં જન્મના વ્રજઃ" કે આપના પ્રાકટ્યથી વ્રજભૂમિ વિશેષ જયને પામે છે. આ રીતે વ્રજભૂમિનો ઉત્કર્ષ બતાવ્યો છે. શ્રી મહાપ્રભુજીના પણ "વ્રજપ્રિયઃ" અને "પ્રિયવ્રજઃ-સ્થિતિ" આ બન્ને નામોથી આપશ્રીને વ્રજ વ્હાલું છે. કારણ કે લીલા નાયક રસેશ્વરની જન્મભૂમિ અને ક્રીડાસ્થલી છે. શ્રી ગુસાંઇજી (પ્રભુચરણે) એ પણ 'વિદ્વન્મન્ડન' ગ્રંથમાં લીલાનિત્યત્વ સિદ્ધ કર્યું છે કે વ્રજમાં પ્રભુ નિત્ય લીલા કરે છે. જેનો અનુભવ, ક્વચિત્ કોઇ ભાગ્યવાન્ શ્રી વલ્લભની કૃપાથી કરે છે.

પરમભક્ત ઉદ્ધવજી પણ આ વ્રજભૂમિમાં ગુલ્મ, લત્તા, ઔષધી થવાનો મનોરથ કરે છે. રસખાનજીએ પણ "પાહુન હોતો વહી ગિરિકો" એ પદમાં પણ વ્રજમાં જ પોતાની રતિ

# વ્રજરજની મહત્તા

## લે. પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર રાજકોટ)

કૃપાબળથી જ જેનું સિંચન કર્યું છે એવા પુષ્ટિસ્થ પ્રભુની ભાવપૂર્વક સેવા કરવી એ જ પુષ્ટિસ્થ જીવોનો સ્વધર્મ છે. એ સ્પષ્ટતા ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકમાં શ્રીમદ્ વલ્લભપ્રભુએ કરી. એ પુષ્ટિસ્થ પ્રભુનું સ્વરૂપ કેવું છે અને તેમનો સાક્ષાત્ અનુભવ કેમ થાય ? આ વસ્તુ જાણવાની જીજ્ઞાસા પ્રામાણિકપણે અનુસરણ કરતાં સેવકોને અવશ્ય થાય છે.

શ્રી મહાપ્રભુજી કહે છે કે, "સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ" અહીં સેવા સ્મરણરૂપ ભજન કોનું કરવું તેમનું સ્વરૂપ વ્રજાધિપઃ પદથી કહેવામાં આવ્યું છે.

વ્રજભૂમીમાં પ્રભુનું પ્રાકટ્ય–ભકતોનાં દુઃખોનો નાશ કરવાને માટે તથા નિઃસાધન ભકતોને અપ્રાકૃત ફલદાન કરવાને માટે થયું છે. એટલે ભાવ જ જેને માટે સાધન છે, ભાવાત્મક સ્વરૂપામૃતનો નિરંતર અનુભવ કરવો જેનું લક્ષ્ય યા ફલ છે એવા ભકતોની વિરહ પીડા તથા પ્રભુની સ્નેહપૂર્વક સેવા કરીને પ્રસન્ન કરવાની અભિલાષા જ પ્રભુને પોતાના પુર્ણ રસાત્મક સ્વરૂપે પ્રગટ થવા વિવશ કરે છે.

જન્મ પ્રકરણ (શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ) પરની સુબોધિનીજીને સમજવાની ચાવીરૂપ કારિકાઓમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, "ભકતાનાં દુઃખનાશાય કૃષ્ણાવતરણં મતમ્" ભકતોનું દુઃખ એ તો પ્રભુનો વિરહ, માટે જ મથુરામાં શ્રીકૃષ્ણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ્યા એટલે કે ચાર વ્યુહ સાથે પ્રદ્યુમ્ન વ્યુહ વડે વંશવૃદ્ધિ, સંકર્ષણ વ્યુહ દ્વારા અસુર સંહાર, અનિરુદ્ધ વ્યુહ દ્વારા ધર્મ રક્ષા અને વાસુદેવ વ્યુહદ્વારા મોક્ષનું દાન, પરંતુ શ્રી ગોકુલમાં નંદ-યશોદાને ત્યાં પ્રાકટ્ય દ્વિભુજ સ્વરૂપનું છે. કારણ કે ત્યાં જે પ્રાકટ્ય છે તેનો મુખ્ય હેતુ ભકતોના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખોને કરૂણા–વરૂણાલય પ્રભુ સ્વયં અવતરિત થાય ત્યારે જ દૂર થાય. વ્રજનો અર્થ નિઃસાધન પણ થાય છે. આવા નિઃસાધન ભકતોને ઉત્તમોત્તમ રસાત્મક સ્વરૂપ વડે, ફલદાન કરવા માટે જ આપનું વ્રજમાં પ્રાગટ્ય છે. "નિઃસાધન ફલાત્માઽયં પ્રાદુર્ભૂતોઽસ્તિ ગોકુલે" આ અલૌકિક ફલનું દાન પણ અલૌકિક વ્રજભૂમિમાં જ કર્યું હોવાથી વ્રજની મહત્તા વધી જાય છે.

ગોપિકાઓએ પણ 'ગોપીગીત'માં "જયતિતેધિકં જન્મના વ્રજઃ" કે આપના પ્રાકટ્યથી વ્રજભૂમિ વિશેષ જયને પામે છે. આ રીતે વ્રજભૂમિનો ઉત્કર્ષ બતાવ્યો છે. શ્રી મહાપ્રભુજીના પણ "વ્રજપ્રિયઃ" અને "પ્રિયવ્રજઃ–સ્થિતિ" આ બન્ને નામોથી આપશ્રીને વ્રજ વ્હાલું છે. કારણ કે લીલા નાયક રસેશ્વરની જન્મભૂમિ અને ક્રીડાસ્થલી છે. શ્રી ગુસાંઇજી (પ્રભુચરણે) એ પણ 'વિદ્વન્મન્ડન' ગ્રંથમાં લીલાનિત્યત્વ સિદ્ધ કર્યું છે કે વ્રજમાં પ્રભુ નિત્ય લીલા કરે છે. જેનો અનુભવ, કવચિત્ કોઇ ભાગ્યવાન્ શ્રી વલ્લભની કૃપાથી કરે છે.

પરમભકત ઉદ્ધવજી પણ આ વ્રજભૂમિમાં ગુલ્મ, લત્તા, ઔષધી થવાનો મનોરથ કરે છે. રસખાનજીએ પણ "પાહુન હોતો વહી ગિરિકો" એ પદમાં પણ વ્રજમાં જ પોતાની રતિ

પ્રગટ કરી, દયારામભાઇએ ત્યારે જ ગાયું કે "વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું" કારણ કે ત્યાં વૈકુંઠમાં તો પ્રભુ અખિલ બ્રહ્માંડના નિયામક, રાજાના રાજા તરીકે નિત્ય બિરાજે છે, પરંતુ નંદના સુકુમાર, યશોદાના ઉત્સંગમાં ખેલનાર વ્રજભકતો દ્વારા લાલિત, પાલિત સ્વરૂપ વૈકુંઠમાં નહીં વ્રજમાં જ પ્રાપ્ત થાય છે. એટલે જ કવિ આગળ કહે છે, "નંદકુંવર કયાંથી લાવું."

આ વ્રજમાં કયે કયે સ્થાને પ્રભુએ પુષ્ટિ લીલા કરી છે જેનું સંશોધન ભારતવર્ષની ત્રણ વખત પ્રદક્ષિણા કરતાં કરતાં શ્રી વલ્લભાચાર્યે કર્યું હતું, અને વ્રજ ૮૪ કોસ (ગાઉ) ની પરિક્રમાનું પણ પ્રચલન કર્યું.

શ્રી યમુનાજી તથા શ્રી ગિરિરાજજીના આધિદૈવિક સ્વરૂપનું પણ પુષ્ટિ જીવોને ભાન કરાવ્યું.

વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત તથા અન્ય પુરાણોમાં પણ વ્રજમંડલ અથવા મથુરા મંડલનું માહાત્મ્ય વિસ્તારપુર્વક બતાવ્યું છે.

વ્રજભૂમિના દર્શન કરવાથી તો અલૌકિક ભાવની પ્રાપ્તિ થાય જ, કેવલ સ્મરણ કરતાં માત્ર પણ હૃદયમાં પ્રભુપ્રાપ્તિ માટેની ઉત્કંઠા પ્રાપ્ત થાય છે.

સંસારરૂપી દાવાનલથી સંતપ્ત જીવ, વ્રજ રજમાં લોટીને તાપથી મુકત થાય છે તો ભગવદ્ભાવ સભર હૃદયવાળા મહાનુભાવો વ્રજ રજને અંગેઅંગમાં લગાવીને કૃતકૃત્યતાનો અનુભવ કરે છે.

અન્ય તીર્થોમાં જીવને મોક્ષ આપવાનું સામર્થ્ય છે, પરંતુ વ્રજભૂમિ તો પોતાની અલૌકિક (અપ્રાકૃત) શ્રી સમૃદ્ધિથી સમૃદ્ધ બનાવે છે. વ્રજભૂમિમાં શું પ્રાપ્ત થાય છે ? રામદાસજીના એક પદમાં કહ્યું છે કે, 'ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ લગી જહાં બિકાત હરિ પ્રેમ" એક ગોપી પોતાની સખીને કહે છે કે, ચાલ સખી વજમાં બજાર ભરાણી છે. ત્યારે સાહેલી પૂછે છે, શેની બજાર ભરાણી છે ? ત્યાં શું વ્હેંચાય છે ? ત્યારે કહે છે કે, 'ત્યાં હરિપ્રેમ વ્હેંચાય છે' સંસારની બજારમાં તો અનેક તુચ્છ પદાર્થો મળે પરંતુ રસેશ શ્રીકૃષ્ણની ક્રીડાસ્થળીમાં તો અપ્રાકૃત પ્રેમનું વિતરણ થાય છે.

પ્રેમની પરિપુર્ણતા તો વૃજેશનંદન શ્રી કૃષ્ણમાં હોય તો જ થાય છે. કહ્યું છે કે, 'ગૃહ પતિ માત, પિત, સુત–દારા રતિ ન નિભત એક સાર, સદા એક રસ તુમહિ નિબાહો રસિક પ્રીતમ પ્રતિપાલ" રાસ પંચાધ્યાયીમાં પણ "નિત્ય પ્રિયે પતિસુતાદિભિઃ" એ શ્લોક અત્ર વિચારવા યોગ્ય છે. સંસારમાં પ્રીતિ તો થાય છે. પરંતુ સદા એકરસ પ્રીતિના દર્શન દુર્લભ છે. વ્રજભૂમિમાં રસાત્મક પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ અને લીલા, ભકતોના સ્નેહભાવનું પોષણ કરવા માટે જ થયો હતો. ધન્ય છે એ વજભુમિને, ધન્ય છે એ વૃજ–રજને જેના એક એક કણમાં પ્રભુપ્રેમની અલૌકિક આભા પ્રાપ્ત થાય છે, ત્યારે જ તો મહાનુભાવો કહે છે, "વૃજરજ અંગલપટાઉ" વૃજ–રજનું સ્મરણ કરવા માત્રથી હૃદયમાં રહેલી મલિનતા દૂર થાય છે અને પુરુષોત્તમમાં પ્રીતિ થાય છે.

પ્રગટ કરી, દયારામભાઇએ ત્યારે જ ગાયું કે “વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું” કારણ કે ત્યાં વૈકુંઠમાં તો પ્રભુ અખિલ બ્રહ્માંડના નિયામક, રાજાના રાજા તરીકે નિત્ય બિરાજે છે, પરંતુ નંદના સુકુમાર, યશોદાના ઉત્સંગમાં ખેલનાર વ્રજભકતો દ્વારા લાલિત, પાલિત સ્વરૂપ વૈકુંઠમાં નહીં વ્રજમાં જ પ્રાપ્ત થાય છે. એટલે જ કવિ આગળ કહે છે, “નંદકુંવર કયાંથી લાવું.”

આ વ્રજમાં કયે કયે સ્થાને પ્રભુએ પુષ્ટિ લીલા કરી છે જેનું સંશોધન ભારતવર્ષની ત્રણ વખત પ્રદક્ષિણા કરતાં કરતાં શ્રી વલ્લભાચાર્યે કર્યું હતું, અને વ્રજ ૮૪ કોસ (ગાઉ) ની પરિક્રમાનું પણ પ્રચલન કર્યું.

શ્રી યમુનાજી તથા શ્રી ગિરિરાજજીના આધિદૈવિક સ્વરૂપનું પણ પુષ્ટિ જીવોને ભાન કરાવ્યું.

વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત તથા અન્ય પુરાણોમાં પણ વ્રજમંડલ અથવા મથુરા મંડલનું માહાત્મ્ય વિસ્તારપુર્વક બતાવ્યું છે.

વ્રજભૂમિના દર્શન કરવાથી તો અલૌકિક ભાવની પ્રાપ્તિ થાય જ, કેવલ સ્મરણ કરતાં માત્ર પણ હૃદયમાં પ્રભુપ્રાપ્તિ માટેની ઉત્કંઠા પ્રાપ્ત થાય છે.

સંસારરૂપી દાવાનલથી સંતપ્ત જીવ, વ્રજ રજમાં લોટીને તાપથી મુકત થાય છે તો ભગવદ્‌ભાવ સભર હૃદયવાળા મહાનુભાવો વ્રજ રજને અંગેઅંગમાં લગાવીને કૃતકૃત્યતાનો અનુભવ કરે છે.

અન્ય તીર્થોમાં જીવને મોક્ષ આપવાનું સામર્થ્ય છે, પરંતુ વ્રજભૂમિ તો પોતાની અલૌકિક (અપ્રાકૃત) શ્રી સમૃદ્ધિથી સમૃદ્ધ બનાવે છે. વ્રજભૂમિમાં શું પ્રાપ્ત થાય છે ? રામદાસજીના એક પદમાં કહ્યું છે કે, ‘ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ લગી જહાં બિકાત હરિ પ્રેમ” એક ગોપી પોતાની સખીને કહે છે કે, ચાલ સખી વજમાં બજાર ભરાણી છે. ત્યારે સાહેલી પૂછે છે, શેની બજાર ભરાણી છે ? ત્યાં શું વ્હેંચાય છે ? ત્યારે કહે છે કે, ‘ત્યાં હરિપ્રેમ વ્હેંચાય છે’ સંસારની બજારમાં તો અનેક તુચ્છ પદાર્થો મળે પરંતુ રસેશ શ્રીકૃષ્ણની ક્રીડાસ્થળીમાં તો અપ્રાકૃત પ્રેમનું વિતરણ થાય છે.

પ્રેમની પરિપુર્ણતા તો વૃજેશનંદન શ્રી કૃષ્ણમાં હોય તો જ થાય છે. કહ્યું છે કે, ‘ગૃહ પતિ માત, પિત, સુત–દારા રતિ ન નિભત એક સાર, સદા એક રસ તુમહિ નિબાહો રસિક પ્રીતમ પ્રતિપાલ” રાસ પંચાધ્યાયીમાં પણ “નિત્ય પ્રિયે પતિસુતાદિભિઃ” એ શ્લોક અત્ર વિચારવા યોગ્ય છે. સંસારમાં પ્રીતિ તો થાય છે. પરંતુ સદા એકરસ પ્રીતિના દર્શન દુર્લભ છે. વ્રજભૂમિમાં રસાત્મક પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ અને લીલા, ભકતોના સ્નેહભાવનું પોષણ કરવા માટે જ થયો હતો. ધન્ય છે એ વજભુમિને, ધન્ય છે એ વૃજ–રજને જેના એક એક કણમાં પ્રભુપ્રેમની અલૌકિક આભા પ્રાપ્ત થાય છે, ત્યારે જ તો મહાનુભાવો કહે છે, “વૃજરજ અંગલપટાઉ” વૃજ–રજનું સ્મરણ કરવા માત્રથી હૃદયમાં રહેલી મલિનતા દૂર થાય છે અને પુરુષોત્તમમાં પ્રીતિ થાય છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભક્તિવર્ધિની

## ગ્રન્થ - પરિચય

લેખક -: **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

ભાષાન્તર -: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

[ ગતાંકથી ચાલુ ]

સર્વ નિર્ણય- નિબંધમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે કેવળ શ્રીકૃષ્ણને જ પોતાના સ્વામી માનીને - આન્તર તથા બાહ્ય રૂપમાં બધી બાબતોનો ત્યાગ કરીને - શ્રીકૃષ્ણની વિભૂતિરૂપ બધા દેવતાઓનું સન્માન કરતાં કરતાં દેહ પડે ત્યાં સુધી કેવળ શ્રીકૃષ્ણમાં જ પોતાના મનને જેઓ એકાગ્ર કરી શકે છે તેમની વાણીનો તથા કાયાનો - શરીરનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ થઇ જાય યા નહીં - તેમના મનની એકાગ્રતા સ્નેહમયી બની જાય યા નહીં - તેમને શ્રી કૃષ્ણમાં સાયુજ્યનો લાભ ચોક્કસ મળી જ જાય છે. પણ ભગવત્પ્રેમના પ્રબલ પ્રવાહને કારણે સ્રી, ઘર, પુત્ર, સ્વજન, પ્રાણ, વિત્ત - આદિમાં રહેલી જેમની મમતાની દીવાલ તૂટી જાય છે અને જે પોતે પણ એ પ્રબળ પ્રવાહના વેગને લીધે ઘરની બહાર ફેંકાય જાય છે. એવા ભક્તો વ્યસનદશાના પરમ ભાવોના વમળોમાં ઘેરાઇ જવાની પુનઃ પુનઃ ડૂબત તથા ઉપર આવતા રહે છે! કરોડો ભકતોમાં કયારેક જ એકાદ ભકત જ એવો કૃષ્ણ વ્યસની બની જતો હોય છે!!

બીજ ભાવની આવી દઢતાના અભાવમાં ગૃહત્યાગ શ્રેયસ્કર ( એટલે હિતકારી ) નથી હોતો. તેથી પહેલાં બીજભાવ દઢ થાય ત્યાં સુધી ધીરજ રાખવી જોઇએ.

ત્યાગ તથા વૈરાગ્ય ભગવત્પ્રેમની તીવ્રતાને કારણે પ્રગટ થતાં હોય તો તેમને સ્વસ્થ તથા રસયુકત માનવા જોઇએ. અન્યથા (એટલે જો એમ ન હોય તો) સંસારમાં કેવળ દોષ નજરે પડવાને કારણે જે વૈરાગ્ય જાગી ઉઠે છે તે નીરસ તથા શુષ્ક, અને એજ કારણને લીધે અસ્વસ્થ પણ હોય છે એવા અસ્વસ્થ વૈરાગ્યને વશ બનીને વ્યર્થ જ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવાને બદલે એ વસ્તુ ભગવાનને સમર્પિત કરી દેવી જોઇએ. આપણી અહન્તા તથા મમતાના વિષયોનો ત્યાગ કરવાને બદલે તેમને શ્રીકૃષ્ણને સમર્પિત કરીને શ્રીકૃષ્ણની સેવામાં વિનિયોગ કરવાવાળાનો બીજભાવ દઢ બની શકે છે તેથી શ્રી મહાપ્રભુજી કહે છે કે અવ્યાવૃત્ત બનીને બધા વિષયોમાંથી વૃત્તિઓને પાછી ખેંચી લઇને પોતાના ઘરમાં સ્વધર્મ - ભગવત્સેવા તથા ભગવત્કથામય જીવન વીતાવનારનો બીજભાવ દઢ હોય છે (થાય છે)

"બીજ દાઢર્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ"

પોતાના ઘરમાં ભગવત્સેવાના વિષયમાં શાસ્રાર્થ પ્રકરણમાં એક વિલક્ષણ વાત શ્રી મહા-

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભકિતવર્ધિની

## ગ્રન્થ – પરિચય

લેખક –: **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

ભાષાન્તર –: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

[ ગતાંકથી ચાલુ ]

સર્વ નિર્ણય– નિબંધમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે કેવળ શ્રીકૃષ્ણને જ પોતાના સ્વામી માનીને – આન્તર તથા બાહ્ય રૂપમાં બધી બાબતોનો ત્યાગ કરીને – શ્રીકૃષ્ણની વિભૂતિરૂપ બધા દેવતાઓનું સન્માન કરતાં કરતાં દેહ પડે ત્યાં સુધી કેવળ શ્રીકૃષ્ણમાં જ પોતાના મનને જેઓ એકાગ્ર કરી શકે છે તેમની વાણીનો તથા કાયાનો – શરીરનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ થઇ જાય યા નહીં – તેમના મનની એકાગ્રતા સ્નેહમયી બની જાય યા નહીં – તેમને શ્રી કૃષ્ણમાં સાયુજ્યનો લાભ ચોક્કસ મળી જ જાય છે. પણ ભગવત્પ્રેમના પ્રબલ પ્રવાહને કારણે સ્ત્રી, ઘર, પુત્ર, સ્વજન, પ્રાણ, વિત્ત – આદિમાં રહેલી જેમની મમતાની દીવાલ તૂટી જાય છે અને જે પોતે પણ એ પ્રબળ પ્રવાહના વેગને લીધે ઘરની બહાર ફેંકાય જાય છે. એવા ભક્તો વ્યસનદશાના પરમ ભાવોના વમળોમાં ઘેરાઇ જવાની પુનઃ પુનઃ ડૂબત તથા ઉપર આવતા રહે છે ! કરોડો ભકતોમાં કયારેક જ એકાદ ભકત જ એવો કૃષ્ણ વ્યસની બની જતો હોય છે ! !

બીજ ભાવની આવી દ્રઢતાના અભાવમાં ગૃહત્યાગ શ્રેયસ્કર ( એટલે હિતકારી ) નથી હોતો. તેથી પહેલાં બીજભાવ દ્રઢ થાય ત્યાં સુધી ધીરજ રાખવી જોઇએ.

ત્યાગ તથા વૈરાગ્ય ભગવત્પ્રેમની તીવ્રતાને કારણે પ્રગટ થતાં હોય તો તેમને સ્વસ્થ તથા રસયુકત માનવા જોઇએ. અન્યથા (એટલે જો એમ ન હોય તો) સંસારમાં કેવળ દોષ નજરે પડવાને કારણે જે વૈરાગ્ય જાગી ઉઠે છે તે નીરસ તથા શુષ્ક, અને એજ કારણને લીધે અસ્વસ્થ પણ હોય છે એવા અસ્વસ્થ વૈરાગ્યને વશ બનીને વ્યર્થ જ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવાને બદલે એ વસ્તુ ભગવાનને સમર્પિત કરી દેવી જોઇએ. આપણી અહન્તા તથા મમતાના વિષયોનો ત્યાગ કરવાને બદલે તેમને શ્રીકૃષ્ણને સમર્પિત કરીને શ્રીકૃષ્ણની સેવામાં વિનિયોગ કરવાવાળાનો બીજભાવ દ્રઢ બની શકે છે તેથી શ્રી મહાપ્રભુજી કહે છે કે અવ્યાવૃત્ત બનીને બધા વિષયોમાંથી વૃત્તિઓને પાછી ખેંચી લઇને પોતાના ઘરમાં સ્વધર્મ – ભગવત્સેવા તથા ભગવત્કથામય જીવન વીતાવનારનો બીજભાવ દ્રઢ હોય છે (થાય છે)

"બીજ દાર્ઢ્યં પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ"

પોતાના ઘરમાં ભગવત્સેવાના વિષયમાં શાસ્ત્રાર્થ પ્રકરણમાં એક વિલક્ષણ વાત શ્રી મહા-

પ્રભુજીએ સમજાવી છે કે બ્રહ્માનંદની પ્રાપ્તિને માટે મોક્ષની ઇચ્છાથી ભકિત કરવાવાળા લોકોએ આ વાત સમજવી જોઇએ કે સાધ્ય મોક્ષને બદલે સાધનભકિત અધિક શ્રેષ્ઠ છે. જે જીવો મુકત થાય છે – બને છે – હોય છે તે ઇન્દ્રિયાદિકના સંઘાતને છોડીને જ – ત્યાગ કરીને જ મુકત થઇ શકે છે જ્યારે ભકતોને તો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ ગૃહ, પરિવાર, આદિ સર્વ કંઇ તેમના ઘરમાં બિરાજતા પ્રભુની સેવામાં ઉપયોગમાં આવે છે કામ લાગે છે છે. ભકતોનો તો સંસાર પણ બ્રહ્માત્મક બની જાય છે. ફલની દૃષ્ટિએ જીવ મુકિતને બદલે ભકતને માટે તો ભગવત્કૃપાની સાથે ગાર્હસ્થ્ય (ઘરમાં રહેવુ તે) શ્રેષ્ઠતર હોય છે. તેથી બીજ ભાવ દઢ કરવાને માટે એ વસ્તુ આવશ્યક છે કે ઘરમાં સ્વધર્માચરણને નિભાવતાં નિભાવતાં અવ્યાવૃત્ત થઇને ઇન્દ્રિઓના વિષયોથી મનને દુર રાખીને ભગવદ ભજન કરવું જોઇએ.

ઘરમાં રહેવું હોય તો સ્વધર્માચરણના ત્યાગનો સંભવ નથી એટલું જ નહીં પરંતુ સ્વધર્મની વ્યાખ્યા પણ સરળ નથી "સ્વધર્મ" નો પ્રથમ અર્થ થાય છે પોતાના વર્ણ તથા આશ્રમને અનુરૂપ યથાશકિત શાસ્ત્રમાં કહેલું આચરણ કરવું તે શકિત રહે ત્યારે સ્વધર્માચરણમાં સંકોચન રાખવો જોઇએ કારણ કે જ્યાં સુધી આ દેહ છે, અને આ દેહની સાથે આપણી અહન્તા મમતા જોડાયેલી છે ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે. ભગવદ ધર્મ પણ વિધર્મ યા પર ધર્મના જેવો બની જાય છે જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે ત્યારે જ ભગવદ્ દાસ્ય યા તો ભગવત્સેવા આત્મદૃષ્ટિથી જોતાં સ્વધર્મ બની જાય છે. ત્યારે વર્ણાશ્રમ ધર્મ પણ પર ધર્મ બની જાય છે. (સુબો ૩–૨૮–૨) તેથી આ દેહાભિમાન તથ. જટિલ વિવેકની સાથે વર્ણાશ્રમ ધર્મ ચાલુ રાખીને કૃષ્ણ ભજનમાં તત્પર રહેવું જોઇએ કૃષ્ણભકિતમાં, આપણે જોઇ ગયા તેમ, અહંતાને સ્વસ્થ કરવાનો ઉપાય કાયિકી–દેહદ્વારા થતી સેવા છે જે "ભજ" ધાતુનો અર્થ છે, છે અને મમતાને સ્વસ્થ કરવાનો ઉપાય ચિત્તને કૃષ્ણપ્રેમ પરાયણ બનાવવું એ છે તેને અનુરૂપ અપરોક્ષમાં પૂજા એ કાયાને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે અને પરોક્ષમાં શ્રવણ–ચિન્તન કીર્તન મનને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે.

સ્નેહની દઢતા વિના કાયાથી પ્રેમસેવા નભી ન પણ શકે પણ માહાત્મ્ય જ્ઞાનને નિભાવતા રહેતાં પૂજાતો નભાવી શકાય છે. પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રન્થમાં આ પૂજાને 'પ્રવાહેણ ક્રિયારતા:" કહીને વર્ણવવામાં આવી છે. સર્વ નિર્ણયમાં ૨૨૭મી કારિકાથી લઇને ૨૪૬ મી કારિકા સુધી ભજનના આ જ ક્રિયા પક્ષનું નિરૂપણ કરવામાં આવેલું છે. અહીં " એ તત્સર્વ પ્રયત્નેન ગૃહસ્થ્ય"માં આની આવશ્યકતા દર્શાવી છે, આજ ૨૪૦ મી કારિકામાં શ્રી મહાપ્રભુજી કહે છે કે શ્રવણ–કીર્તન આદિ દ્વારા જ્યારે હરિ હૃદયમાં નિવિષ્ટ (ઊંડે સુધી પ્રવેશ પામેલો) બની જાય છે, ત્યારે જ પૂજાનો નિર્વાહ (એટલે ચાલુ રહેવું તે) નિર્વ્યગ્ર પણે (જરા પણ વિક્ષેપ વગર) સંભવિત બની શકે છે. આ જ કારણને લીધે પૂજાને કેવલ ક્રિયારૂપ જ રહેવા દેવી ન હોય તો, શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાઓના શ્રવણ ભાવન કીર્તનની પ્રણાલી દ્વારા

પ્રભુજીએ સમજાવી છે કે બ્રહ્માનંદની પ્રાપ્તિને માટે મોક્ષની ઇચ્છાથી ભક્તિ કરવાવાળા લોકોએ આ વાત સમજવી જોઇએ કે સાધ્ય મોક્ષને બદલે સાધનભક્તિ અધિક શ્રેષ્ઠ છે. જે જીવો મુક્ત થાય છે – બને છે – હોય છે તે ઇન્દ્રિયાદિકના સંઘાતને છોડીને જ – ત્યાગ કરીને જ મુક્ત થઇ શકે છે જ્યારે ભક્તોને તો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ ગૃહ, પરિવાર, આદિ સર્વ કંઇ તેમના ઘરમાં બિરાજતા પ્રભુની સેવામાં ઉપયોગમાં આવે છે કામ લાગે છે છે. ભક્તોનો તો સંસાર પણ બ્રહ્માત્મક બની જાય છે. ફલની દૃષ્ટિએ જીવ મુક્તિને બદલે ભક્તને માટે તો ભગવત્કૃપાની સાથે ગાર્હસ્થ્ય (ઘરમાં રહેવુ તે) શ્રેષ્ઠતર હોય છે. તેથી બીજ ભાવ દઢ કરવાને માટે એ વસ્તુ આવશ્યક છે કે ઘરમાં સ્વધર્માચરણને નિભાવતાં નિભાવતાં અવ્યાવૃત્ત થઇને ઇન્દ્રિઓના વિષયોથી મનને દુર રાખીને ભગવદ ભજન કરવું જોઇએ.

ઘરમાં રહેવું હોય તો સ્વધર્માચરણના ત્યાગનો સંભવ નથી એટલું જ નહીં પરંતુ સ્વધર્મની વ્યાખ્યા પણ સરળ નથી "સ્વધર્મ" નો પ્રથમ અર્થ થાય છે પોતાના વર્ણ તથા આશ્રમને અનુરૂપ યથાશક્તિ શાસ્ત્રમાં કહેલું આચરણ કરવું તે શક્તિ રહે ત્યારે સ્વધર્માચરણમાં સંકોચન રાખવો જોઇએ કારણ કે જ્યાં સુધી આ દેહ છે, અને આ દેહની સાથે આપણી અહન્તા મમતા જોડાયેલી છે ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે. ભગવદ ધર્મ પણ વિધર્મ યા પર ધર્મના જેવો બની જાય છે જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે ત્યારે જ ભગવદ્ દાસ્ય યા તો ભગવત્સેવા આત્મદૃષ્ટિથી જોતાં સ્વધર્મ બની જાય છે. ત્યારે વર્ણાશ્રમ ધર્મ પણ પર ધર્મ બની જાય છે. (સુબો ૩–૨૮–૨) તેથી આ દેહાભિમાન તથ. જટિલ વિવેકની સાથે વર્ણાશ્રમ ધર્મ ચાલુ રાખીને કૃષ્ણ ભજનમાં તત્પર રહેવું જોઇએ કૃષ્ણભક્તિમાં, આપણે જોઇ ગયા તેમ, અહંતાને સ્વસ્થ કરવાનો ઉપાય કાયિકી–દેહદ્વારા થતી સેવા છે જે "ભજ" ધાતુનો અર્થ છે, છે અને મમતાને સ્વસ્થ કરવાનો ઉપાય ચિત્તને કૃષ્ણપ્રેમ પરાયણ બનાવવું એ છે તેને અનુરૂપ અપરોક્ષમાં પૂજા એ કાયાને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે અને પરોક્ષમાં શ્રવણ–ચિન્તન કીર્તન મનને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે.

સ્નેહની દઢતા વિના કાયાથી પ્રેમસેવા નભી ન પણ શકે પણ માહાત્મ્ય જ્ઞાનને નિભાવતા રહેતાં પૂજા તો નભાવી શકાય છે. પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રન્થમાં આ પૂજાને 'પ્રવાહેણ ક્રિયારતાઃ" કહીને વર્ણવવામાં આવી છે. સર્વ નિર્ણયમાં ૨૨૭મી કારિકાથી લઇને ૨૪૬ મી કારિકા સુધી ભજનના આ જ ક્રિયા પક્ષનું નિરૂપણ કરવામાં આવેલું છે. અહીં " એ તત્સર્વં પ્રયત્ને ન ગૃહસ્થ્ય"માં આની આવશ્યકતા દર્શાવી છે, આજ ૨૪૦ મી કારિકામાં શ્રી મહાપ્રભુજી કહે છે કે શ્રવણ–કીર્તન આદિ દ્વારા જ્યારે હરિ હૃદયમાં નિવિષ્ટ (ઊંડે સુધી પ્રવેશ પામેલો) બની જાય છે, ત્યારે જ પૂજાનો નિર્વાહ (એટલે ચાલુ રહેવું તે) નિર્વ્યગ્ર પણે (જરા પણ વિક્ષેપ વગર) સંભવિત બની શકે છે. આ જ કારણને લીધે પૂજાને કેવલ ક્રિયારૂપ જ રહેવા દેવી ન હોય તો, શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાઓના શ્રવણ ભાવન કીર્તનની પ્રણાલી દ્વારા

તેને પ્રેમમય બનાવવી પડશે (પ્રેમ્ણોન્યત્સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્ – શ્રી ભાગવત મેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્ – સર્વનિર્ણય) અન્યથા પ્રેમ રહિત ક્રિયાથી બહુધા વ્યગ્રતા ઉત્પન્ન થતી જ હોય છે. શ્રી મહાપ્રભુજી તેથી જ કહે છે "સપ્રેમ ઇત્યનુદ્વેગાર્થમ્–સર્વનિર્ણય ૨૩૦)" એટલે કે ઉદ્વેગ ન થાય એટલા માટે (સપ્રેમ) પ્રેમ સહિત એમ કહ્યું છે. ભગવાનની પૂજા કરતી વખતે જો અનન્ય ભાવ જાગે નહીં તો આપણે અવ્યાવૃત્ત (બીજી કોઇ વસ્તુમાં ચિત્તને લગાડયા વિના) ભજન નહીં કરી શકીએ – ભકિતને બદલે નકામી માનસિક વ્યગ્રતાને વધારી બેસશું.

– ક્રમશઃ

# છપ્પન ભોગ

(દર વર્ષે માગશર સુદ ૧૫ના દિને શ્રી નાથજીને છપ્પન ભોગ આરોગાવવામાં આવે છે અને ઉત્સવ શ્રી નવનીતપ્રિયાજીના ઘરમાં મનાય છે. આવા છપ્પન ભોગ શ્રી ગુસાંઇજીથી લઇ અત્યાર સુધીમાં ગોસ્વામી બાલકોએ જુદા જુદા નિધિ સ્વરૂપોને આરોગાવવામાં આવેલા છે તેનો સંક્ષેપ પ્રકાર પ્રસ્તુત છે.

–સંપાદક

મહાનમાં મહાન આ મનોરથ વિષે સારસ્વત કલ્પની એવી ગાથા છે કે છપ્પન ભોગ સારસ્વત કલ્પમાં શ્રી ગોપીજનોએ શ્રી નંદકુમારને શ્રી ગિરિરાજજીની નિકુંજમાં આરોગાવ્યો હતો.

આ છપ્પન ભોગ આરોગાવવાના મૂળમાં ઇન્દ્ર યાગ બંધ કરાવી શ્રી ગિરિરાજજીને અન્નકુટ ધરાવવાનાં મિષે શ્રી નંદકુમાર પોતે જ બધી સામગ્રી આરોગ્યા તેવા દર્શન વ્રજ ભકતોને થયા. આ રીતે આ મહોત્સવ મુખ્યત્વે પુરુષ વર્ગનો જ થયો તે ઉપરાંત વ્રજ ભકતોએ જયારે શ્રી વ્રજરાજકુમારને અન્નકુટ આરોગતા નિરખ્યા ત્યારે તેમના હ્રદયમાં કાંઇ કાંઇ તરંગો ઉછળવા લાગ્યા અને શ્રી નંદકુમારને વિનવવા લાગ્યા કે કૃપાસાગર ! આપ જ જો અન્નકુટ આરોગવાના હતા તો પ્રથમથી અમને કેમ ન જણાવ્યું ? અમે આનાથીયે અધિક કંઇ કંઇ સામગ્રીઓ આપને માટે સિદ્ધ કરી લાવત. અમારા એ કોડ મનમાં જ રહી ગયા. હવે એ કયારે પુર્ણ કરશો ?

શ્યામશુંદરે વચન આપ્યું કે તમારા હાથથી અન્નકુટથીયે અદકેરો છપ્પન ભોગ હું અવશ્ય આરોગીશ.

તે બાદ શ્રી ગિરિરાજજીની નિકુંજમાં મુખ્ય વ્રજ સીમંતિનીઓ સખીજનોએ પોતાના જ હસ્તે આ છપ્પન ભોગ શ્યામ સુંદરજીને આરોગાવ્યો. આ મનોરથ માત્ર ૫૬ મુખ્ય સખીજનોએ કરેલો છે અને તેમણે તે સમયે જુદા જુદા રૂપ ધારણ કરેલા છે.

૫૬ સખીમાંથી ૯ નંદ, ૯ ઉપનંદ, ૬ વૃષભાનુ અને ૮ સખા મળી ૩૨ સ્વરૂપ થયાં અને બાકીના ૨૪માં ૯ નંદ, ૯ ઉપનંદ તથા ૬ વૃષભાનની કુલ ૨૪ પટરાણીઓ બન્યાં. આ રીતે ૫૬ સખીજનોએ એકત્ર થઇ આ છપ્પન ભોગ પ્રભુને આરોગંવ્યો.

તેને પ્રેમમય બનાવવી પડશે (પ્રેમ્ણોન્યત્સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્ - શ્રી ભાગવત મેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્ - સર્વનિર્ણય) અન્યથા પ્રેમ રહિત ક્રિયાથી બહુધા વ્યગ્રતા ઉત્પન્ન થતી જ હોય છે. શ્રી મહાપ્રભુજી તેથી જ કહે છે "સપ્રેમ ઇત્યનુદ્વેગાર્થમ્-સર્વનિર્ણય ૨૩૦)" એટલે કે ઉદ્વેગ ન થાય એટલા માટે (સપ્રેમ) પ્રેમ સહિત એમ કહ્યું છે. ભગવાનની પૂજા કરતી વખતે જો અનન્ય ભાવ જાગે નહીં તો આપણે અવ્યાવૃત્ત (બીજી કોઇ વસ્તુમાં ચિત્તને લગાડયા વિના) ભજન નહીં કરી શકીએ - ભક્તિને બદલે નકામી માનસિક વ્યગ્રતાને વધારી બેસશું.

– ક્રમશઃ

# છપ્પન ભોગ

(દર વર્ષ માગશર સુદ ૧૫ના દિને શ્રી નાથજીને છપ્પન ભોગ આરોગાવવામાં આવે છે અને ઉત્સવ શ્રી નવનીતપ્રિયાજીના ઘરમાં મનાય છે. આવા છપ્પન ભોગ શ્રી ગુસાંઇજીથી લઇ અત્યાર સુધીમાં ગોસ્વામી બાલકોએ જુદા જુદા નિધિ સ્વરૂપોને આરોગાવવામાં આવેલા છે તેનો સંક્ષેપ પ્રકાર પ્રસ્તુત છે.

–સંપાદક

મહાનમાં મહાન આ મનોરથ વિષે સારસ્વત કલ્પની એવી ગાથા છે કે છપ્પન ભોગ સારસ્વત કલ્પમાં શ્રી ગોપીજનોએ શ્રી નંદકુમારને શ્રી ગિરિરાજજીની નિકુંજમાં આરોગાવ્યો હતો.

આ છપ્પન ભોગ આરોગાવવાના મૂળમાં ઇન્દ્ર યાગ બંધ કરાવી શ્રી ગિરિરાજજીને અન્નકુટ ધરાવવાનાં મિષે શ્રી નંદકુમાર પોતે જ બધી સામગ્રી આરોગ્યા તેવા દર્શન વ્રજ ભક્તોને થયા. આ રીતે આ મહોત્સવ મુખ્યત્વે પુરુષ વર્ગનો જ થયો તે ઉપરાંત વ્રજ ભક્તોએ જયારે શ્રી વ્રજરાજકુમારને અન્નકુટ આરોગતા નિરખ્યા ત્યારે તેમના હૃદયમાં કાંઇ કાંઇ તરંગો ઉછળવા લાગ્યા અને શ્રી નંદકુમારને વિનવવા લાગ્યા કે કૃપાસાગર! આપ જ જો અન્નકુટ આરોગવાના હતા તો પ્રથમથી અમને કેમ ન જણાવ્યું? અમે આનાથીયે અધિક કંઇ કંઇ સામગ્રીઓ આપને માટે સિદ્ધ કરી લાવત. અમારા એ કોડ મનમાં જ રહી ગયા. હવે એ કયારે પુર્ણ કરશો?

શ્યામસુંદરે વચન આપ્યું કે તમારા હાથથી અન્નકુટથીયે અદકેરો છપ્પન ભોગ હું અવશ્ય આરોગીશ.

તે બાદ શ્રી ગિરિરાજજીની નિકુંજમાં મુખ્ય વ્રજ સીમંતિનીઓ સખીજનોએ પોતાના જ હસ્તે આ છપ્પન ભોગ શ્યામ સુંદરજીને આરોગાવ્યો. આ મનોરથ માત્ર ૫૬ મુખ્ય સખીજનોએ કરેલો છે અને તેમણે તે સમયે જુદા જુદા રૂપ ધારણ કરેલા છે.

૫૬ સખીમાંથી ૯ નંદ, ૯ ઉપનંદ, ૬ વૃષભાનુ અને ૮ સખા મળી ૩૨ સ્વરૂપ થયાં અને બાકીના ૨૪માં ૯ નંદ, ૯ ઉપનંદ તથા ૬ વૃષભાનની કુલ ૨૪ પટરાણીઓ બન્યાં. આ રીતે ૫૬ સખીજનોએ એકત્ર થઇ આ છપ્પન ભોગ પ્રભુને આરોગાવ્યો.

છપ્પન જ સખીઓએ એકત્ર થઈ આ છપ્પન ભોગ આરોગાવ્યો તે વિષે એવી ભાવના પ્રાપ્ત થાય છે કે પ્રભુ હંમેશાં કમળનાં સિંહાસન ઉપર બિરાજે છે. કોમળતાની દૃષ્ટિએ એને ટપી જાય એવી બીજી કોઇ વસ્તુ નથી.

આ કમળમાં ત્રણ પડ હોય છે. પ્રથમ પડમાં ૮, બીજામાં ૧૬ અને ત્રીજામાં ૩૨ પાખંડીઓ હોય છે. એમ કુલ ૫૬ પાખંડીઓનુ કમળ છે. કમળની મધ્યમાં પ્રભુ પોતે બિરાજે છે અને દરેક દલ ઉપર એક એક સખીજન હોય છે. એમ ૫૬ દલ ૫૬ સખીજનોના સ્વરૂપો છે અને તે બધા સહિત આપ બિરાજે છે.

શ્રીવ્રજમંડળની કમલાકાર ભાવનામાં પણ શ્રી વ્રજકમળના ૫૬ દલ દર્શાવેલા છે. આ દૃષ્ટિબિંદુથી પણ એ જ ફલિત થાય છે કે આ છપ્પન ભોગ ૫૬ સખીજનોનો જ મનોરથ છે અને તેમણે એકત્ર થઇ તે આપને શ્રી ગિરિરાજજીની કંદરામાં આરોગાવ્યો છે.

અન્નકૂટમાં અમુક સામગ્રી અમુક પ્રમાણમાં જ આરોગાવાય છે. જયારે છપ્પનભોગમાં સામગ્રીનું કાંઇ પ્રમાણ જ હોતું નથી. બને તેટલી વધારેમાં વધારે અને વધુમાં વધુ પ્રકારની ધરવાની હોય છે.

અન્નકુટમાં સખડીનું પ્રાધાન્ય છે એટલે સખડી સામગ્રી બહુ મોટા પ્રમાણમાં ધરાય છે, સખડીનો કોટ–ઢગલો કરવામાં આવે છે ત્યારે છપ્પન ભોગમાં અનસખડી સામગ્રીનો ઢગ થાય છે ને સખડી તો માત્ર થાળ જ ધરાય છે.

અન્નકુટ કારતક સુદ ૧ના રોજ કે તે દિવસ પછીના થોડાજ દિવસોમા થાય છે. જયારે છપ્પનભોગનો મનોરથ ગમે ત્યારે થઈ શકે છે.

છપ્પનભોગ સમયે પ્રભુની સાન્નિધ્યમાં મુખ્યત્વે મહાનુભાવ શ્રી ગદાધરજીનું "શ્રી વૃષભાન સદન ભોજનકોં, નંદાદિક સબ આયે હો" પદ ગવાય છે. તે અનુસાર શ્રી વૃષભાનજીને ત્યાં પણ છપ્પન ભોગ થયાનું જણાય છે. તે પદનો સારાંશ આ પ્રમાણે છે.

શ્રી નંદરાયજીના કુંવર શ્રી કૃષ્ણચંદ્રનું લગ્ન વ્રજના રાજા શ્રી વૃષભાષનજીનાં કુંવરી શ્રી રાધિકાજી સાથે થયું, ત્યારે તેની જાન લઇ શ્રી નંદરાયજી બરસાના પધાર્યા રૂડી રીતે લગ્ન કાર્ય સંપન્ન થયું. શ્રી વૃષભાનજીએ લગ્ન નિર્વિઘ્ન પુર્ણ થયા બાદ શ્રી નંદરાયજીની જાનને ગૌરવ આપી જમાડવાનો મનસુબો કર્યો અને વરને ગૌરવ દેવામાં આ છપ્પન ભોગના મનોરથની યોજના કરી.

જાનનો મુકામ ભાનોખર કુંડ ઉપર પડયો હતો. આ કુંડ ઘણો વિશાળ છે તથા કુંડની આસપાસની છુટી જગામાં હજારો માણસોનો ઉતારો થઇ શકે તેમ છે. આજ સ્થળે શ્રી વૃષભાનજીએ છપ્પન્ન ભોગ શ્રી નંદરાયજીની જાનને આરોગાપ્યો. તેમાં શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી, વરકન્યા શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામિનીજી, શ્રી બળદેવજી, શ્રી રેવતીજી, શ્રી વૃષભાનજી અને શ્રી કીર્તિજી મળી આઠ, નવ નંદ, તથા નવ ઉપનંદ મળી અઢાર, તેમની રાણીઓ, છ વૃષભાનુ અને છ રાણીઓ મળી કુલ છપ્પનની સંખ્યા થાય છે. એ બધાને ગૌરવ જમવામાં નોતર્યાં હતા. તેથી પણ છપ્પન ભોગ મનાય છે. શ્રી નંદરાયજી અને શ્રી વૃષભાનજી સહકુટુંબ જ્યારે પ્રસાદ લેવા બેઠા ત્યારે સમસ્ત વ્રજભુમિને ભોજન અપાયું હતું. વ્રજ એ શ્રી નંદરાયજીનું ધામ, તેથી

છપ્પન જ સખીઓએ એકત્ર થઈ આ છપ્પન ભોગ આરોગાવ્યો તે વિષે એવી ભાવના પ્રાપ્ત થાય છે કે પ્રભુ હંમેશાં કમળનાં સિંહાસન ઉપર બિરાજે છે. કોમળતાની દૃષ્ટિએ એને ટપી જાય એવી બીજી કોઇ વસ્તુ નથી.

આ કમળમાં ત્રણ પડ હોય છે. પ્રથમ પડમાં ૮, બીજામાં ૧૬ અને ત્રીજામાં ૩૨ પાખંડીઓ હોય છે. એમ કુલ ૫૬ પાખંડીઓનુ કમળ છે. કમળની મધ્યમાં પ્રભુ પોતે બિરાજે છે અને દરેક દલ ઉપર એક એક સખીજન હોય છે. એમ ૫૬ દલ ૫૬ સખીજનોના સ્વરૂપો છે અને તે બધા સહિત આપ બિરાજે છે.

શ્રીવ્રજમંડળની કમલાકાર ભાવનામાં પણ શ્રી વ્રજકમળના ૫૬ દલ દર્શાવેલા છે. આ દૃષ્ટિબિંદુથી પણ એ જ ફલિત થાય છે કે આ છપ્પન ભોગ ૫૬ સખીજનોનો જ મનોરથ છે અને તેમણે એકત્ર થઇ તે આપને શ્રી ગિરિરાજજીની કંદરામાં આરોગાવ્યો છે.

અન્નકૂટમાં અમુક સામગ્રી અમુંક પ્રમાણમાં જ આરોગાવાય છે. જયારે છપ્પનભોગમાં સામગ્રીનું કાંઇ પ્રમાણ જ હોતું નથી. બને તેટલી વધારેમાં વધારે અને વધુમાં વધુ પ્રકારની ધરવાની હોય છે.

અન્નકુટમાં સખડીનું પ્રાધાન્ય છે એટલે સખડી સામગ્રી બહુ મોટા પ્રમાણમાં ધરાય છે, સખડીનો કોટ–ઢગલો કરવામાં આવે છે ત્યારે છપ્પન ભોગમાં અનસખડી સામગ્રીનો ઢગ થાય છે ને સખડી તો માત્ર થાળ જ ધરાય છે.

અન્નકુટ કારતક સુદ ૧ના રોજ કે તે દિવસ પછીના થોડાજ દિવસોમા થાય છે. જયારે છપ્પનભોગનો મનોરથ ગમે ત્યારે થઈ શકે છે.

છપ્પનભોગ સમયે પ્રભુની સાન્નિધ્યમાં મુખ્યત્વે મહાનુભાવ શ્રી ગદાધરજીનું “શ્રી વૃષભાન સદન ભોજનકોં, નંદાદિક સબ આયે હો” પદ ગવાય છે. તે અનુસાર શ્રી વૃષભાનજીને ત્યાં પણ છપ્પન ભોગ થયાનું જણાય છે. તે પદનો સારાંશ આ પ્રમાણે છે.

શ્રી નંદરાયજીના કુંવર શ્રી કૃષ્ણચંદ્રનું લગ્ન વ્રજના રાજા શ્રી વૃષભાષનજીનાં કુંવરી શ્રી રાધિકાજી સાથે થયું, ત્યારે તેની જાન લઇ શ્રી નંદરાયજી બરસાના પધાર્યા રૂડી રીતે લગ્ન કાર્ય સંપન્ન થયું. શ્રી વૃષભાનજીએ લગ્ન નિર્વિઘ્ન પુર્ણ થયા બાદ શ્રી નંદરાયજીની જાનને ગોરવ આપી જમાડવાનો મનસુબો કર્યો અને વરને ગોરવ દેવામાં આ છપ્પન ભોગના મનોરથની યોજના કરી.

જાનનો મુકામ ભાનોખર કુંડ ઉપર પડયો હતો. આ કુંડ ઘણો વિશાળ છે તથા કુંડની આસપાસની છુટી જગામાં હજારો માણસોનો ઉતારો થઇ શકે તેમ છે. આજ સ્થળે શ્રી વૃષભાનજીએ છપ્પન્ન ભોગ શ્રી નંદરાયજીની જાનને આરોગાપ્યો. તેમાં શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી, વરકન્યા શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામિનીજી, શ્રી બળદેવજી, શ્રી રેવતીજી, શ્રી વૃષભાનજી અને શ્રી કીર્તિજી મળી આઠ, નવ નંદ, તથા નવ ઉપનંદ મળી અઢાર, તેમની રાણીઓ, છ વૃષભાનુ અને છ રાણીઓ મળી કુલ છપ્પનની સંખ્યા થાય છે. એ બધાને ગોરવ જમવામાં નોતર્યાં હતા. તેથી પણ છપ્પન ભોગ મનાય છે. શ્રી નંદરાયજી અને શ્રી વૃષભાનજી સહકુટુંબ જ્યારે પ્રસાદ લેવા બેઠા ત્યારે સમસ્ત વ્રજભુમિને ભોજન અપાયું હતું. વ્રજ એ શ્રી નંદરાયજીનું ધામ, તેથી

તેમના ઘરની જાનન જાનૈયાઓ સમસ્તને ભોજન અપાવું જ જોઇએ તે પ્રમાણે વૃજના પ્રાણીમાત્રને આ છપ્પન ભોગનો પ્રસાદ મળ્યો હતો.

આ છપ્પન ભોગમાં વેવાઇઓના ચરણાર વિંદ ધરવા માટે નીચે વસ્ત્ર અને તેના પર બાજઠ બીછાવવામાં આવ્યા હતાં. ભોજન અનેકવિધ સુગંધિત દ્રવ્યોથી મઘમઘી રહ્યું હતું. પાટલા બિછાવવાની જગાઓ રંગીન ચિત્રિત ચોક પુરેલા હતા. વિવિધ પ્રકારની સામગ્રી સુવર્ણ થાળ અને કનક કટોરામાં પીરસાઇ હતી. ત્યાં શ્રી વૃષભાનજી હાથ જોડી સર્વને ભોજન દરવા વિનતિ કરે છે.

જાન જમવા બેઠી તે વખતે વ્રજવધુઓ વિવાહના ગીત ગાય છે. સામગ્રીમાં સખડી–અનસખડી, દૂધઘર, શાક–સંધાના, કંદમુળ ફળ સર્વનો એટલો મોટો વિસ્તાર છે કે પીરસતાં પીરસનારા પણ થાકી ગયા.

આ પ્રકારે જાન જમાડી. આચમન કરાવી, બીડાં આપી, વિદાયગીરીમાં વસ્ત્ર. ધોતી, ઉપરણા આદિ, ભુષણ ઘરેણાં વગેરેથી સંતુષ્ટ કરી વિદાય આપી, છેવટે રહેલું જુઠન–અધરામૃત **ભગવદીય ગદાધરદાસજી** ભાગ્ય માનીને ઊઠાવી ગયા.

**સામગ્રીની સજાવટ** – પ્રથમ છપ્પન ભોગમાં આરોગવા શ્રી ઠાકોરજી પધારે ત્યારે આપની સાથે ચૌદ ભાવનાજીના સ્વરૂપોનાં દરેકનાં જુદાં જુદાં સિંહાસન પધારાવવામાં આવે છે. તે સર્વ ભાવનાથજીની શય્યાજી – પલંગડીઓ પણ ન્યારી સિદ્ધ કરવામાં આવે છે. આ ચૌદ ભાવનાજીમાં શ્રી નંદરાયજી, શ્રી વૃષભાનજી, શ્રી કીર્તિજી, શ્રી બળભદ્રજી, શ્રી રેવતીજી, શ્રી લલિતાજી, શ્રી ચંદ્રાવલીજી, શ્રી મહારાણીજી વગેરેને ભાવનાથી પધરાવાય છે.

સિંહાસન આગળ સૌથી પ્રથમ ચાંદીના થાળમાં સખડી – દાળ, ઘૃત પાત્ર, શાક વગેરે સખડીના સામગ્રી ધરવામાં આવે છે. તેની બન્ને બાજુ પર વિવિધ પ્રકારનાં સંધાના, બાફણાં, કચરીયાં ભુજાનાં વગેરે ધરી તેની આગળ બાજુમાં સુકો મેવો, લીલો મેવો ધરવામાં આવે છે, તેની આગળ અનેક પ્રકારનાં બીલસારૂ, મુરબ્બા, ચટણી વગેરે ધરી પછી મધ્યમાં સખડી સામગ્રીની પંકિત પાછળ દુધઘરની સામગ્રી, ખાંડઘરની સામગ્રી, ખેલવનાં, નાગરી ધરવી, તેની પછી છેલ્લે બધી અનસખડી સામગ્રીની સજાવટ કરવી, અનસખડીમાં સૌથી આગળ મોટા મટકામાં શીરો, લાપશી અનેક પ્રકારની અત્યંત ઘી વાળી ચાસણીની સામગ્રી અને તે પછી દરેક જાતના મોહનથાળ, બુંદી, લાડુ, સેવ, સકરપારા, જલેબી, ઠોર, મઠડી, પુરી, સુતરફેણી, દરક જાતના મગસ, ઘેબર, સેવૈયા લાડુ, પૂરણપોળી, થપડી વેસણની અને મેંદાની અનેક જાતની સામગ્રી ધરાય છે.

સામગ્રી પાકશાસ્ત્રના નિયમ અનુસાર છ પ્રકારની સિદ્ધ થાય છે ૧. ચોષ્ય–ચુસવાની. ૨. પેય–પીવાય તે. ૩. લેહ્ય–ચાટવાની જ. ૪. ભોજ્ય–ખાવાની દાળ–સખડી વગેરે, ૫. ભક્ષ્ય–લાડુ, મોહનથાળ વગેરે, ૬. ચવ્ય–ચાવવાની. આ બધા પ્રકારની સખડી, અનસખડી સામગ્રી બને તેટલી વધુમાં વધુ પ્રમાણમાં બને તેટલા વધુ પ્રકારની સામગ્રી છપ્પન ભોગમાં પ્રભુને આરોગાવાય છે.

[વ્રતોત્સવાવલી ભાગ પહેલામાંથી તથા શ્રી પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાશમાંથી સંકલન કરી આભાર સહ પ્રસ્તુત કરવામાં આવેલ છે.]

તેમના ઘરની જાનન જાનૈયાઓ સમસ્તને ભોજન અપાવું જ જોઇએ તે પ્રમાણે વૃજના પ્રાણીમાત્રને આ છપ્પન ભોગનો પ્રસાદ મળ્યો હતો.

આ છપ્પન ભોગમાં વેવાઇઓના ચરણાર વિંદ ધરવા માટે નીચે વસ્ત્ર અને તેના પર બાજઠ બીછાવવામાં આવ્યા હતાં. ભોજન અનેકવિધ સુગંધિત દ્રવ્યોથી મઘમઘી રહ્યું હતું. પાટલા બિછાવવાની જગાઓ રંગીન ચિત્રિત ચોક પુરેલા હતા. વિવિધ પ્રકારની સામગ્રી સુવર્ણ થાળ અને કનક કટોરામાં પીરસાઇ હતી. ત્યાં શ્રી વૃષભાનજી હાથ જોડી સર્વને ભોજન દરવા વિનતિ કરે છે.

જાન જમવા બેઠી તે વખતે વ્રજવધુઓ વિવાહના ગીત ગાય છે. સામગ્રીમાં સખડી–અનસખડી, દૂધઘર, શાક–સંધાના, કંદમુળ ફળ સર્વનો એટલો મોટો વિસ્તાર છે કે પીરસતાં પીરસનારા પણ થાકી ગયા.

આ પ્રકારે જાન જમાડી. આચમન કરાવી, બીડાં આપી, વિદાયગીરીમાં વસ્ત્ર. ધોતી, ઉપરણા આદિ, ભુષણ ઘરેણાં વગેરેથી સંતુષ્ટ કરી વિદાય આપી, છેવટે રહેલું જુઠન–અધરામૃત **ભગવદીય ગદાધરદાસજી** ભાગ્ય માનીને ઊઠાવી ગયા.

**સામગ્રીની સજાવટ** – પ્રથમ છપ્પન ભોગમાં આરોગવા શ્રી ઠાકોરજી પધારે ત્યારે આપની સાથે ચૌદ ભાવનાજીના સ્વરૂપોનાં દરેકનાં જુદાં જુદાં સિંહાસન પધારાવવામાં આવે છે. તે સર્વ ભાવનાથજીની શટયાજી – પલંગડીઓ પણ ન્યારી સિદ્ધ કરવામાં આવે છે. આ ચૌદ ભાવનાજીમાં શ્રી નંદરાયજી, શ્રી વૃષભાનજી, શ્રી કીર્તિજી, શ્રી બળભદ્રજી, શ્રી રેવતીજી, શ્રી લલિતાજી, શ્રી ચંદ્રાવલીજી, શ્રી મહારાણીજી વગેરેને ભાવનાથી પધરાવાય છે.

સિંહાસન આગળ સૌથી પ્રથમ ચાંદીના થાળમાં સખડી – દાળ, ઘૃત પાત્ર, શાક વગેરે સખડીના સામગ્રી ધરવામાં આવે છે. તેની બન્ને બાજુ પર વિવિધ પ્રકારનાં સંધાના, બાફણાં, કચરીયાં ભુજાનાં વગેરે ધરી તેની આગળ બાજુમાં સુકો મેવો, લીલો મેવો ધરવામાં આવે છે, તેની આગળ અનેક પ્રકારનાં બીલસારૂ, મુરબ્બા, ચટણી વગેરે ધરી પછી મધ્યમાં સખડી સામગ્રીની પંકિત પાછળ દુધ ઘરની સામગ્રી, ખાંડઘરની સામગ્રી, ખેલવનાં, નાગરી ધરવી, તેની પછી છેલ્લે બધી અનસખડી સામગ્રીની સજાવટ કરવી, અનસખડીમાં સૌથી આગળ મોટા મટકામાં શીરો, લાપશી અનેક પ્રકારની અત્યંત ઘી વાળી ચાસણીની સામગ્રી અને તે પછી દરેક જાતના મોહનથાળ, બુંદી, લાડુ, સેવ, સકરપારા, જલેબી, ઠોર, મઠડી, પુરી, સુતરફેણી, દરક જાતના મગસ, ઘેબર, સેવૈયા લાડુ, પૂરણપોળી, થપડી વેસણની અને મેંદાની અનેક જાતની સામગ્રી ધરાય છે.

સામગ્રી પાકશાસ્ત્રના નિયમ અનુસાર છ પ્રકારની સિદ્ધ થાય છે ૧. ચોષ્ય–ચુસવાની. ૨. પેય–પીવાય તે. ૩. લેહ્ય–ચાટવાની જ. ૪. ભોજ્ય–ખાવાની દાળ–સખડી વગેરે, ૫. ભક્ષ્ય–લાડુ, મોહનથાળ વગેરે, ૬. ચવ્ય–ચાવવાની. આ બધા પ્રકારની સખડી, અનસખડી સામગ્રી બને તેટલી વધુમાં વધુ પ્રમાણમાં બને તેટલા વધુ પ્રકારની સામગ્રી છપ્પન ભોગમાં પ્રભુને આરોગાવાય છે.

[વ્રતોત્સવાવલી ભાગ પહેલામાંથી તથા શ્રી પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાશમાંથી સંકલન કરી આભાર સહ પ્રસ્તુત કરવામાં આવેલ છે.]

॥ શ્રીવલ્લભ ॥

**॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥**

**ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત**

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી)

## તત્વસાર

વેળુ પિલતાં જો તેલ નિકળે, જળમધ્યે નવનિત હોય;
મૃગજળથી જો તૃષ્ણા ટળે તોય, હરિ ભકિત વિનાં ભદ્ર ન હોય.
ન હોય ભદ્ર હરિ વિનાં કદાપિ, અભય ન હરિ વિનાં કો શકે આપી;
હું નથી કહેતો પોકારે છે વેદ, સ્મરો શ્રીકૃષ્ણ ટળે સહુ ખેદ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ....૯

**વિવેચન :** આ ચંદ્રાવળામાં કવિશ્રી તત્વ બતાવે છે તે સમજવા જેવો છે.

વેળુ પિલતા જો નિકળે તેલ.

નદીમાં અઢળક રેતી ભરેલી છે તેલની જરૂર પડે અને રેતી પિલવા બેસે તો તેમાંથી તેલ નીકળતું નથી તેવું જ માખણ માટે, જો જળમાંથી જ માખણ નીકળે વળી મૃગજળથી તૃષા મટે, મૃગજળ દેખાય છે પરંતુ રેતીનાં રણમાં એક આભાસ ઉભો થાય છે ત્યાં જળ હોતું નથી) આ બધું બને તો પણ કૃષ્ણની ભકિત વિનાં જીવનું કલ્યાણ થાય જ નહી મતલબ કે અશકય વસ્તુ જો શકય બને તો પણ ભકિત સિવાય નકામું છે.

અભય–ભય રહિત બનાવવા કેવળ પ્રભુ જ સમર્થ છે અન્ય કોઇપણ અભય આપી શકે નહી માટે જ શ્રીકૃષ્ણની ભકિત તે જ સર્વોત્તમ છે. પ્રભુ શરણે આવેલાનું રક્ષણ કરે છે. માટે તેનું જ શરણ સ્વીકારવું પ્રભુનાં આવા ગુણોને જાણીને મહાલક્ષ્મીજી વર્યા છે અને સદાને માટે નિકટ રહી ચરણમાં જ નિવાસ કરે છે. તે પદ છોડી કયાંય જાવું તેમને રૂચતું નથી. આ ચંદ્રાવળાનો તત્વસાર એજ સમજાવે છે કે જે અભય આપે તેને જ શરણે જવું બાકી બધે વૃથાશ્રમ છે વેળુથી તેલ, જળમાં માખણ, મૃગજળને જળ માનીને દોડયા કરવું, તે બધું દોડી દોડીને પસ્તાવા જેવું છે.

**શ્રુતિ વાકય :**

આનંદ બ્રહ્મણો વિદ્વાન ન વિભેતિ કુતશ્ચન

જે પરમાનંદ પુરુષોત્તમનો આનંદ લે છે તે ભકત કદાપિ કોઇનો ડર રાખતો નથી મતલબ કે તેને અભયદાન મલ્યું છે.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી)

## તત્વસાર

વેળુ પિલતાં જો તેલ નિકળે, જળમધ્યે નવનિત હોય;
મૃગજળથી જો તૃષ્ણા ટળે તોય, હરિ ભકિત વિનાં ભદ્ર ન હોય.
ન હોય ભદ્ર હરિ વિનાં કદાપિ, અભય ન હરિ વિનાં કો શકે આપી;
હું નથી કહેતો પોકારે છે વેદ, સ્મરો શ્રીકૃષ્ણ ટળે સહુ ખેદ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ....૯

**વિવેચન :** આ ચંદ્રાવળામાં કવિશ્રી તત્વ બતાવે છે તે સમજવા જેવો છે.

વેળુ પિલતા જો નિકળે તેલ.

નદીમાં અઢળક રેતી ભરેલી છે તેલની જરૂર પડે અને રેતી પિલવા બેસે તો તેમાંથી તેલ નીકળતું નથી તેવું જ માખણ માટે, જો જળમાંથી જ માખણ નીકળે વળી મૃગજળથી તૃષા મટે, મૃગજળ દેખાય છે પરંતુ રેતીનાં રણમાં એક આભાસ ઉભો થાય છે ત્યાં જળ હોતું નથી) આ બધું બને તો પણ કૃષ્ણની ભકિત વિનાં જીવનું કલ્યાણ થાય જ નહી મતલબ કે અશકય વસ્તુ જો શકય બને તો પણ ભકિત સિવાય નકામું છે.

અભય-ભય રહિત બનાવવા કેવળ પ્રભુ જ સમર્થ છે અન્ય કોઇપણ અભય આપી શકે નહી માટે જ શ્રીકૃષ્ણની ભકિત તે જ સર્વોત્તમ છે. પ્રભુ શરણે આવેલાનું રક્ષણ કરે છે. માટે તેનું જ શરણ સ્વીકારવું પ્રભુનાં આવા ગુણોને જાણીને મહાલક્ષ્મીજી વર્યા છે અને સદાને માટે નિકટ રહી ચરણમાં જ નિવાસ કરે છે. તે પદ છોડી કયાંય જાવું તેમને રૂચતું નથી. આ ચંદ્રાવળાનો તત્વસાર એજ સમજાવે છે કે જે અભય આપે તેને જ શરણે જવું બાકી બધે વૃથાશ્રમ છે વેળુથી તેલ, જળમાં માખણ, મૃગજળને જળ માનીને દોડયા કરવું, તે બધું દોડી દોડીને પસ્તાવા જેવું છે.

**શ્રુતિ વાકય :**

આનંદ બ્રહ્મણો વિદ્વાન ન વિભેતિ કુતશ્ચન

જે પરમાનંદ પુરુષોત્તમનો આનંદ લે છે તે ભકત કદાપિ કોઇનો ડર રાખતો નથી મતલબ કે તેને અભયદાન મળ્યું છે.

વિશ્વરૂપ દર્શન કરતાં ભગવાનનું કાળરૂપ જોયું ત્યારે અર્જુન ભયભીત બન્યા હતા ત્યારે પ્રભુએ તેને અભયદાન દીધું હતું.
ગીતા. અ. ૧૧, શ્લોક ૫૩–૫૪.

નાહં વેદૈર્ન તપસા ન દાનેન ચેજયયા, શકય એવં વિધો દ્રુષ્ટું દ્રષ્ટવાનસી માં યથા ॥ ૫૩ ॥
ભકત્યા ત્વનન્યથા શકય અહમેવં વિધાર્જુન, દટાતું દ્રુષ્ટું ચ તત્વેન પ્રવેષ્ટું પરંતર ॥ ૫૪ ॥

અર્જુનને અભય દેવાવાળા શ્રીકૃષ્ણ કહે છે કે જે પ્રકારે તેં મને જોયો, તે પ્રકારે હું વેદો વડે, તપ વડે, દાન, યજ્ઞ વડે જોવાને શકય નથી. માત્ર અનન્ય ભકિત વડે એ પ્રકારથી તત્વથી જાણવા જોવા તથા પ્રવેશ કરવા હું શકય છું.

હે પાંડવ મારો ભકત મારા માટે કર્મ કરનારો, મારા જ પરાયણે રહેવાવાળો, આસકિત વિનાનો અને સર્વ પ્રાણી પ્રત્યે વૈર ભાવનાં રહિત હોય છે અને તે મને જ પામે છે.

સાર રૂપ શ્રીકૃષ્ણને જે ભજે છે તેને
"તેને કાળ કર્મ નવ બાંધેરે યમ તે શિર ધનુષ ન સાંધેરે." – શ્રીવલ્લભાખ્યાન

અનન્ય ભકિત કરવાવાળા કાળ ભયથી રહિત હોય છે કાળ કે કર્મ તેમાંનું કોઇ તેને બંધન કરી શકતું નથી તો પછી યમનો ભય તો તેને શેનો રહે ! કર્મ લોપન થાય તો પણ તેને બાધા કરતું નથી તે ઉપર દ્દષ્ટાંત :–

એક બ્રાહ્મણ વિદ્વાન હતો તે શ્રી ઠાકુરજીની સેવા પોતે જ કરતો, સમય સાચવતો કે પ્રભુને શ્રમ ન પડે. એકવાર મોડું થયું તેથી જલ્દી જલ્દી નાહી મંદીરમાં બુહારી (સંજવારી) કાઢવા લાગ્યો ત્યાં દોરી છુટી ગઇ તેથી ડોકમાંથી જનોઇ કાઢીને સાવરણીયે બાંધી સંજવારી કાઢવા લાગ્યો પ્રભુને આજે મોડું થયું શ્રમ થાશે તે આવેષમાં તેને વૈદિક કર્મની શુદ્ધિ ન ન રહી બ્રાહ્મણ જનોઇ વગર એક પણ પગલું ભરે તેને મહાન દોષ લાગે છે કર્મકાંડનો જાણકાર હતો પરંતુ તેનું ચિત્ત પ્રભુની સેવામાં આરૂઢ હોવાથી શુદ્ધિ ન રહી. ત્યારે પ્રભુએ તેને આજ્ઞા કરી કે હવે પહેલાં જનોઇ પહેરીલે પછી બીજું કામ કર. આ વચન પ્રભુનાં સાંભળતાં જ તેને શુદ્ધિ આવી કે મેં શું કર્યું. વેદ વિધિકો નેમ જ્યાં રહ્યો નહી કેવળ પ્રેમ ભાવજ રહ્યો ત્યારે પ્રભુ તેની સાથે બોલ્યા. પ્રેમ ત્યાં નેમ નથી આ બ્રાહ્મણ પ્રભુની સેવામાં તન્મય બની જતો હોવાથી વૈદિક કર્મ તરફ ધ્યાન રહ્યું નહી પ્રભુએ તેને અભયદાન દીધું કોઇ વાંધો નહી હવે તો જનોઇ પહેરીલે.

અભયપદ માટે શ્રુતિ કહે છે – બ્રહ્મનાં આનંદને અનુભવનાર જીવ કોઇથી બીતો નથી કેમ કે તેણે અભય પ્રાપ્ત કર્યું છે.

કાલી નાગ અને ગરૂડને વૈર હતું. ગરૂડનાં ભયથી કાલી યમુનાનાં ધરામાં સંતાઇને રહ્યો હતો જ્યારે પ્રભુએ કાલી નાગને નાથ્યો અને આજ્ઞા કરી કે હવે તું અહીંથી દુર ચાલ્યોજા

વિશ્વરૂપ દર્શન કરતાં ભગવાનનું કાળરૂપ જોયું ત્યારે અર્જુન ભયભીત બન્યા હતા ત્યારે પ્રભુએ તેને અભયદાન દીધું હતું.
ગીતા. અ. ૧૧, શ્લોક ૫૩–૫૪.

નાહં વેદૈર્ન તપસા ન દાનેન ચેજ્યયા, શકય એવં વિધો દ્રષ્ટું દ્રષ્ટવાનસી માં યથા ॥ ૫૩ ॥
ભકત્યા ત્વનન્યથા શકય અહમેવં વિધાર્જુન, દટાતું દ્રષ્ટું ચ તત્વેન પ્રવેષ્ટું પરંતર ॥ ૫૪ ॥

અર્જુનને અભય દેવાવાળા શ્રીકૃષ્ણ કહે છે કે જે પ્રકારે તેં મને જોયો, તે પ્રકારે હું વેદો વડે, તપ વડે, દાન, યજ્ઞ વડે જોવાને શકય નથી. માત્ર અનન્ય ભકિત વડે એ પ્રકારથી તત્વથી જાણવા જોવા તથા પ્રવેશ કરવા હું શકય છું.

હે પાંડવ મારો ભકત મારા માટે કર્મ કરનારો, મારા જ પરાયણે રહેવાવાળો, આસકિત વિનાનો અને સર્વ પ્રાણી પ્રત્યે વૈર ભાવનાં રહિત હોય છે અને તે મને જ પામે છે.

સાર રૂપ શ્રીકૃષ્ણને જે ભજે છે તેને
"તેને કાળ કર્મ નવ બાંધેરે યમ તે શિર ધનુષ ન સાંધેરે." – શ્રીવલ્લભાખ્યાન

અનન્ય ભકિત કરવાવાળા કાળ ભયથી રહિત હોય છે કાળ કે કર્મ તેમાંનું કોઇ તેને બંધન કરી શકતું નથી તો પછી યમનો ભય તો તેને શેનો રહે! કર્મ લોપન થાય તો પણ તેને બાધા કરતું નથી તે ઉપર દ્દષ્ટાંત :–

એક બ્રાહ્મણ વિદ્વાન હતો તે શ્રી ઠાકુરજીની સેવા પોતે જ કરતો, સમય સાચવતો કે પ્રભુને શ્રમ ન પડે. એકવાર મોડું થયું તેથી જલ્દી જલ્દી નાહી મંદીરમાં બુહારી (સંજવારી) કાઢવા લાગ્યો ત્યાં દોરી છુટી ગઇ તેથી ડોકમાંથી જનોઇ કાઢીને સાવરણીયે બાંધી સંજવારી કાઢવા લાગ્યો પ્રભુને આજે મોડું થયું શ્રમ થાશે તે આવેષમાં તેને વૈદિક કર્મની શુદ્ધિ ન ન રહી બ્રાહ્મણ જનોઇ વગર એક પણ પગલું ભરે તેને મહાન દોષ લાગે છે કર્મકાંડનો જાણકાર હતો પરંતુ તેનું ચિત્ત પ્રભુની સેવામાં આરૂઢ હોવાથી શુદ્ધિ ન રહી. ત્યારે પ્રભુએ તેને આજ્ઞા કરી કે હવે પહેલાં જનોઇ પહેરીલે પછી બીજું કામ કર. આ વચન પ્રભુનાં સાંભળતાં જ તેને શુદ્ધિ આવી કે મેં શું કર્યું. વેદ વિધિકો નેમ જ્યાં રહ્યો નહી કેવળ પ્રેમ ભાવજ રહ્યો ત્યારે પ્રભુ તેની સાથે બોલ્યા. પ્રેમ ત્યાં નેમ નથી આ બ્રાહ્મણ પ્રભુની સેવામાં તન્મય બની જતો હોવાથી વૈદિક કર્મ તરફ ધ્યાન રહ્યું નહી પ્રભુએ તેને અભયદાન દીધું કોઇ વાંધો નહી હવે તો જનોઇ પહેરીલે.

અભયપદ માટે શ્રુતિ કહે છે – બ્રહ્મનાં આનંદને અનુભવનાર જીવ કોઇથી બીતો નથી કેમ કે તેણે અભય પ્રાપ્ત કર્યું છે.

કાલી નાગ અને ગરૂડને વૈર હતું. ગરૂડનાં ભયથી કાલી યમુનાનાં ધરામાં સંતાઇને રહ્યો હતો જ્યારે પ્રભુએ કાલી નાગને નાથ્યો અને આજ્ઞા કરી કે હવે તું અહીંથી દુર ચાલ્યોજા

ત્યારે કાલીએ કહ્યું કે મારો દુશ્મન મને બહાર નીકળતાં જ ઝપટ મારી મારી નાખશે તે ગરૂડથી મારે કેમ બચવું ? ત્યારે કૃષ્ણે કહ્યું કે મેં તારા મસ્તક ઉપર નૃત્ય કર્યું છે, મારા ચરણની છાપ તારા મસ્તક ઉપર ઉપસી આવી છે તેથી તું નિર્ભય છો મારા ચરણની છાપ જોઇ ગરૂડ તારૂં કાંઇ બગાડશે નહી કેમ કે અભય પ્રાપ્ત છે. આમ કાલીને ચરણ ચિન્હથી પ્રભુએ અભય દાન દીધું.

**તત્વ :** જેઓ પ્રભુની પ્રેમથી સેવા કહે છે, દીવસ રાત શરણ મંત્રનું રટણ કરે છે, અનન્ય ભક્તિમાં રસ મગ્ન બન્યા છે તેને તો કોઇનો પણ ડર રહેશે નહી તેતો અભય જ છે. સેવા માટે "શ્રી ભા. મત્સેવયા પ્રતિતંમ" મારી સેવામાં આસકત મનુષ્ય ચાર પ્રકારની મુકિતની પણ ઇચ્છા રાખતો નથી તેને બીજી કઇ વસ્તુ લોભાવી શકે તેનો અભય જ છે મારી સેવાથી પરિપૂર્ણ હોવાથી સંસારની પણ સુખ દુઃખની તેને પરવા નથી.

કૃષ્ણદાસ અધિકારી એકવાર આગ્રાથી શ્રીજીની સામગ્રી ગાડા ભરીને લાવી રહ્યા હતા. રસ્તામાં ભૈરવનું મંદીર આવ્યું તેનો એવો પ્રભાવ હતો કે જે કોઇ ગાડા લઇ નીકળે તે એક નાળીયેલ અહિ વધેરે તો જ ત્યાંથી આગળ જવાદે નહીં તો ઉપદ્રવ કરે આ જાણીને કૃષ્ણદાસ ભૈરવનાં મંદીરમાં ગયા અને કીધું કે હું તો તને નાળીયેર વધેરવાનો નથી. આ તો શ્રીજીની સામગ્રી છે માટે મારે તારું કામ પડયું છે સમય સર ગાડા ત્યાં પહોંચી જાય તે જરૂરી છે નહીં તો સેવામાં અવેર થશે આ સાંભળી ભૈરવ ઉભો થયો ગાડાની ધુંસરી પર બેસી ગયો થોડીજ વારમાં ગાડા ગોપાલપુર પહોંચી ગયા.

કોઇએ શ્રી ગુંસાઇજીને કહ્યું કે કૃષ્ણદાસ ભૈરવનાં મંદીરમાં ગયા હતા ત્યારે કૃષ્ણદાસે કહ્યું મહારાજ જુઓ હજી પણ ગાડા ઉપર ભૈરવ બેઠોજ છે.

સમયસર ગાડા ગોપાલપુર પહોંચે તે માટે મેં ભૈરવને કીધું તેણેજ ગાડા દોડાવી સમય પર પહોંચાડયા છે મેં તેને શ્રીજીનો પ્રસાદ દીધો છે હવે તે તેનાં સ્થાન પર જશે.

કાળ ભૈરવથી બધા બીતા હતા પરંતુ કૃષ્ણદાસ તો અભય હતા શ્રીજીનાં સેવકને કાળ ભૈરવ શું કરવાનો હતો, ઊલટું તેનાથી કામ લીધું મહેનતાણામાં શ્રીજીનો પ્રસાદ દીધો.

અત્રે સારમાં સાર હું નથી કહેતો પોકારે છે વેદ
જેને એક પ્રભુનો જ આશ્રય છે તે સદા અભય છે.

એક વૈષ્ણવ વાટે ચાલ્યા જતાં રસ્તામાં એક પ્રેત આડો ઉભો ત્યારે વૈષ્ણવ કરે આઘોજા રસ્તો છોડી દે તે પ્રેત કહે હું તો તને ખાવા માટે આવ્યો છું પણ પાસમાં આવું છું તો બળું છું આથી દુર રસ્તો રોકીને ઉભો છું ભકતોને ભય હોતો નથી પરંતુ પરોપકાર તેમનો ધર્મ હોય છે તે પ્રેત ઉપર જળ છાંટી તેની મુકિત કરી.

જેને માથે પ્રભુ બિરાજે છે જેને પ્રભુનો દ્રઢ આશ્રય તેને ભય કોયનો રહેતો નથી.

– માટે જ કવિશ્રી કહે સારમાં સાર સેવો શ્રી કૃષ્ણ કૃપાળ –

ત્યારે કાલીએ કહ્યું કે મારો દુશ્મન મને બહાર નીકળતાં જ ઝપટ મારી મારી નાખશે તે ગરૂડથી મારે કેમ બચવું ? ત્યારે કૃષ્ણે કહ્યું કે મેં તારા મસ્તક ઉપર નૃત્ય કર્યું છે, મારા ચરણની છાપ તારા મસ્તક ઉપર ઉપસી આવી છે તેથી તું નિર્ભય છો મારા ચરણની છાપ જોઇ ગરૂડ તારૂં કાંઇ બગાડશે નહી કેમ કે અભય પ્રાપ્ત છે. આમ કાલીને ચરણ ચિન્હથી પ્રભુએ અભય દાન દીધું.

**તત્વ :** જેઓ પ્રભુની પ્રેમથી સેવા કહે છે, દીવસ રાત શરણ મંત્રનું રટણ કરે છે, અનન્ય ભક્તિમાં રસ મગ્ન બન્યા છે તેને તો કોઇનો પણ ડર રહેશે નહી તેતો અભય જ છે. સેવા માટે "શ્રી ભા. મત્સેવયા પ્રતિતંમ" મારી સેવામાં આસકત મનુષ્ય ચાર પ્રકારની મુકિતની પણ ઇચ્છા રાખતો નથી તેને બીજી કઇ વસ્તુ લોભાવી શકે તેનો અભય જ છે મારી સેવાથી પરિપૂર્ણ હોવાથી સંસારની પણ સુખ દુઃખની તેને પરવા નથી.

કૃષ્ણદાસ અધિકારી એકવાર આગ્રાથી શ્રીજીની સામગ્રી ગાડા ભરીને લાવી રહ્યા હતા. રસ્તામાં ભૈરવનું મંદીર આવ્યું તેનો એવો પ્રભાવ હતો કે જે કોઇ ગાડા લઇ નીકળે તે એક નાળીયેલ અહિ વધેરે તો જ ત્યાંથી આગળ જવાદે નહીં તો ઉપદ્રવ કરે આ જાણીને કૃષ્ણદાસ ભૈરવનાં મંદીરમાં ગયા અને કીધું કે હું તો તને નાળીયેર વધેરવાનો નથી. આ તો શ્રીજીની સામગ્રી છે માટે મારે તારું કામ પડયું છે સમય સર ગાડા ત્યાં પહોંચી જાય તે જરૂરી છે નહીં તો સેવામાં અવેર થશે આ સાંભળી ભૈરવ ઉભો થયો ગાડાની ધુંસરી પર બેસી ગયો થોડીજ વારમાં ગાડા ગોપાલપુર પહોંચી ગયા.

કોઇએ શ્રી ગુંસાઇજીને કહ્યું કે કૃષ્ણદાસ ભૈરવનાં મંદીરમાં ગયા હતા ત્યારે કૃષ્ણદાસે કહ્યું મહારાજ જુઓ હજી પણ ગાડા ઉપર ભૈરવ બેઠોજ છે.

સમયસર ગાડા ગોપાલપુર પહોંચે તે માટે મેં ભૈરવને કીધું તેણેજ ગાડા દોડાવી સમય પર પહોંચાડયા છે મેં તેને શ્રીજીનો પ્રસાદ દીધો છે હવે તે તેનાં સ્થાન પર જશે.

કાળ ભૈરવથી બધા બીતા હતા પરંતુ કૃષ્ણદાસ તો અભય હતા શ્રીજીનાં સેવકને કાળ ભૈરવ શું કરવાનો હતો, ઊલટું તેનાથી કામ લીધું મહેનતાણામાં શ્રીજીનો પ્રસાદ દીધો.

અત્રે સારમાં સાર હું નથી કહેતો પોકારે છે વેદ
જેને એક પ્રભુનો જ આશ્રય છે તે સદા અભય છે.

એક વૈષ્ણવ વાટે ચાલ્યા જતાં રસ્તામાં એક પ્રેત આડો ઉભો ત્યારે વૈષ્ણવ કરે આઘોજા રસ્તો છોડી દે તે પ્રેત કહે હું તો તને ખાવા માટે આવ્યો છું પણ પાસમાં આવું છું તો બળું છું આથી દુર રસ્તો રોકીને ઉભો છું ભકતોને ભય હોતો નથી પરંતુ પરોપકાર તેમનો ધર્મ હોય છે તે પ્રેત ઉપર જળ છાંટી તેની મુકિત કરી.

જેને માથે પ્રભુ બિરાજે છે જેને પ્રભુનો દ્રઢ આશ્રય તેને ભય કોયનો રહેતો નથી.

– માટે જ કવિશ્રી કહે સારમાં સાર સેવો શ્રી કૃષ્ણ કૃપાળ –

# શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

## પદ-૧૧

જગ મગાતિ બાલુકા ઉદ્દાર;
હરિ રસ મનો પગી ચિંતામણી, કિધોં ફૂલ શૃંગાર. ૧
કૈધોં બ્રહ્મજોતિ માલાવલિ, રવિજા શરણ વિચારી;
દમ્પતિ શ્રીપદ પરમ છાપ, શિર યાચત કરિ મનુહાર. ૨
કૈ કીરતિ ભરિ હાસ કૃપા રસ, રવિજા કી છવિ છાઈ;
પ્રણતનિ પે કરિ નેહ ઉદય હૈ, મનો પ્રકાસી આઈ. ૩
કિધોં ભકિત ભંડાર ખુલ્યો હૈ, ફૂલનિ શોભા હોત;
કૈ લીલા ઉપયોગ સૃજત તનુ, સાંચે રતિ ઉદ્યોત. ૪
સંચારી કૈ ચતુર દૂતિકા, કૃષ્ણ મનોજ મિલાવનિ;
ફૂલનિ હૈ અનુકુલ બસે હૈં, પ્રેમ નૃપતિ ધાવનિ. ૫
બલિ બલિ જાઉં રેનુ, હરિ રમણી કરુણા સુધા ભરી હૈ;
**'વલ્લભ'** સદા એક રસ સાંચી જનકી સુકૃત ધરી હૈ. ૬

**ભાવાર્થ :** આ પદમાં કવિશ્રીએ શ્રી યમુનાજીની વાલુકાનાં વૈભવનું વર્ણન કર્યું છે–

શ્રી યમુનાજી આપની ઉદાર વાલુકા પોતાની ઉદારતાનું દર્શન કરાવે છે આપ સ્વયં હરિનાં રસમાં મગ્ન બની અને પોતાના તટ ઉપર સુંદર શુંગાર કર્યો હોય તેવું દશ્યમાન થાય છે અથવા તો પોતાનું ચિંતામણી રૂપ પ્રગટ કર્યું હોય અથવા તો બ્રહ્મજ્યોતિમાલા ધારણ કરી હોય કેમકે બ્રહ્મજ્યોત પ્રકાશમય છે તેમ આપની વાલુકા પ્રકાશમાન બની તે શોભાને પ્રાપ્ત કરેલ છે.

સૂર્ય પ્રકાશની સામે પ્રકાશતી રેણુ તેજોમય બનીને પ્રકાશ કરે છે. (સૂર્યના પ્રકાશ સામે હાર માનતી નથી પરંતુ તેજ સ્વરૂપ ધારણ કરે છે) અથવા તો યુગલસ્વરૂપનાં ચરણારવિંદની છાપ ધારણ કરીને યાચના કરતી હોય કે આપના ચરણોને લાયક આ વાલુકા છે અથવા

# શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

## પદ–૧૧

જગ મગાતિ બાલુકા ઉદાર;
હરિ રસ મનો પગી ચિંતામણી, કિધોં કૂલ શુંગાર. ૧
કૈધોં બ્રહ્મજોતિ માલાવલિ, રવિજા શરણ વિચારી;
દમ્પતિ શ્રીપદ પરમ છાપ, શિર યાચત કરિ મનુહાર. ૨
કૈ કીરતિ ભરિ હાસ કૃપા રસ, રવિજા કી છવિ છાઈ;
પ્રણતનિ પે કરિ નેહ ઉદય હૈ, મનો પ્રકાસી આઈ. ૩
કિધોં ભક્તિ ભંડાર ખુલ્યો હૈ, કૂલનિ શોભા હોત;
કૈ લીલા ઉપયોગ સૃજત તનુ, સાંચે રતિ ઉદ્યોત. ૪
સંચારી કૈ ચતુર દૂતિકા, કૃષ્ણ મનોજ મિલાવનિ;
કૂલનિ હૈ અનુકુલ બસે હૈં, પ્રેમ નૃપતિ ધાવનિ. ૫
બલિ બલિ જાઉં રેનુ, હરિ રમણી કરુણા સુધા ભરી હૈ;
**'વલ્લભ'** સદા એક રસ સાંચી જનકી સુકૃત ધરી હૈ. ૬

**ભાવાર્થ** : આ પદમાં કવિશ્રીએ શ્રી યમુનાજીની વાલુકાનાં વૈભવનું વર્ણન કર્યું છે–

શ્રી યમુનાજી આપની ઉદાર વાલુકા પોતાની ઉદારતાનું દર્શન કરાવે છે આપ સ્વયં હરિનાં રસમાં મગ્ન બની અને પોતાના તટ ઉપર સુંદર શુંગાર કર્યો હોય તેવું દશ્યમાન થાય છે અથવા તો પોતાનું ચિંતામણી રૂપ પ્રગટ કર્યું હોય અથવા તો બ્રહ્મજ્યોતિમાલા ધારણ કરી હોય કેમકે બ્રહ્મજ્યોત પ્રકાશમય છે તેમ આપની વાલુકા પ્રકાશમાન બની તે શોભાને પ્રાપ્ત કરેલ છે.

સૂર્ય પ્રકાશની સામે પ્રકાશતી રેણુ તેજોમય બનીને પ્રકાશ કરે છે. (સૂર્યના પ્રકાશ સામે હાર માનતી નથી પરંતુ તેજ સ્વરૂપ ધારણ કરે છે) અથવા તો યુગલસ્વરૂપનાં ચરણારવિંદની છાપ ધારણ કરીને યાચના કરતી હોય કે આપના ચરણોને લાયક આ વાલુકા છે અથવા

તો રેતીની છટા સુંદર હાસ્ય કરી કૃપારસનું દાન ભકતોને કરેલ હોય અથવા તો તે રસનું દાન ભકતોને કરવા ઉત્સુક છે.

અથવા તો જાણે કેમ ભકિતરસનો ભંડાર ખુલ્લો મૂકી દીધો હોય, આવી શોભાનું પ્રત્યક્ષ પ્રમાણ આપેલ છે, અથવા તો લીલા ઉપયોગી એવી ઝગમઝતી રેણુકા રસ ઉદ્દીપન કરી રહી હોય અથવા તો યુગલસ્વરૂપને સુખ પ્રાપ્ત કરાવવા દુતિકારૂપ ધારણ કરી પ્રસન્નતાથી ઝગમગતી હોય, આ રેણુકા લીલારસ માટે અનુકુલ હોય તેથી દોડીને પ્રભુને ધારણ કરવા પધરાવવા જતી આવાહન કરતી હોય.

કવિશ્રી વલ્લભદાસ કહે છે કે આવી આપની રેણુકાની બલિહારી જાઉં કે જે રેણુકા કરૂણારસસિંધુથી ભરેલી છે. એવી જ રીતે હરિપદ પંકજરૂપી વૈભવ ધારણ કરીને ભકતોને તેમની લીલાનું દાન કરાવવા ઉત્સુકતા ધારણ કરેલી છે.

## આ માસના ઉત્સવ

માગશર સુદ ૭ તા. ૯–૧૨–૯૪ શુક્રવાર. શ્રી ગુસાંઇજીના ચતુર્થલાલજી, શ્રી ગોકુલનાથજીનો ઉત્સવ (સં. ૧૬૦૮). અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૧૦–૧૨–૯૪ શનિવાર, શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૧૧–૧૨–૯૪ રવિવાર, શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ, ભારત માર્તંડ પંડિતશ્રી ગટ્ટુલાલજીનો સ્મરણદિન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૧૩–૧૨–૯૪ મંગળવાર, મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતી, ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૪ તા. ૧૬–૧૨–૯૪ શુક્રવાર, ધનુર્માસનો આરંભ.

માગસર સુદ ૧૫ તા. ૧૭–૧૨–૯૪ શનિવાર, પૂર્ણિમા, શ્રીનાથજીનો છપ્પન ભોગ, બલદેવજીનો ઉત્સવ, ગોપમાસ સમાપ્તિ.

માગશર વદ ૧ તા. ૧૯–૧૨–૯૪ સોમવાર, ગો. ચિ. શ્રી દાઉજી રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૨૨–૧૨–૯૪ ગુરુવાર, ગો. ચિ. શ્રી ઋષિકેશજી બાવાશ્રી (મુંબઇ–ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૨૪–૧૨–૯૪ શનિવાર, ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

તો રેતીની છટા સુંદર હાસ્ય કરી કૃપારસનું દાન ભકતોને કરેલ હોય અથવા તો તે રસનું દાન ભકતોને કરવા ઉત્સુક છે.

અથવા તો જાણે કેમ ભકિતરસનો ભંડાર ખુલ્લો મૂકી દીધો હોય, આવી શોભાનું પ્રત્યક્ષ પ્રમાણ આપેલ છે, અથવા તો લીલા ઉપયોગી એવી ઝગમઝતી રેણુકા રસ ઉદ્દીપન કરી રહી હોય અથવા તો યુગલસ્વરૂપને સુખ પ્રાપ્ત કરાવવા દુતિકારૂપ ધારણ કરી પ્રસન્નતાથી ઝગમગતી હોય, આ રેણુકા લીલારસ માટે અનુકુલ હોય તેથી દોડીને પ્રભુને ધારણ કરવા પધરાવવા જતી આવાહન કરતી હોય.

કવિશ્રી વલ્લભદાસ કહે છે કે આવી આપની રેણુકાની બલિહારી જાઉં કે જે રેણુકા કરૂણારસસિંધુથી ભરેલી છે. એવી જ રીતે હરિપદ પંકજરૂપી વૈભવ ધારણ કરીને ભકતોને તેમની લીલાનું દાન કરાવવા ઉત્સુકતા ધારણ કરેલી છે.

## આ માસના ઉત્સવ

માગશર સુદ ૭ તા. ૯-૧૨-૯૪ શુક્રવાર. શ્રી ગુસાંઇજીના ચતુર્થલાલજી, શ્રી ગોકુલનાથજીનો ઉત્સવ (સં. ૧૬૦૮). અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૧૦-૧૨-૯૪ શનિવાર, શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૧૧-૧૨-૯૪ રવિવાર, શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ, ભારત માર્તંડ પંડિતશ્રી ગટ્ટુલાલજીનો સ્મરણદિન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૧૩-૧૨-૯૪ મંગળવાર, મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતી, ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૪ તા. ૧૬-૧૨-૯૪ શુક્રવાર, ધનુર્માસનો આરંભ.

માગસર સુદ ૧૫ તા. ૧૭-૧૨-૯૪ શનિવાર, પૂર્ણિમા, શ્રીનાથજીનો છપ્પન ભોગ, બલદેવજીનો ઉત્સવ, ગોપમાસ સમાપ્તિ.

માગશર વદ ૧ તા. ૧૯-૧૨-૯૪ સોમવાર, ગો. ચિ. શ્રી દાઉજી રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૨૨-૧૨-૯૪ ગુરુવાર, ગો. ચિ. શ્રી ઋષિકેશજી બાવાશ્રી (મુંબઇ-ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૨૪-૧૨-૯૪ શનિવાર, ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગસર વદ ૭ તા. ૨૫-૧૨-૯૪ રવિવાર, શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ સં. ૧૬૨૫.

માગશર વદ ૮ તા. ૨૬-૧૨-૯૪ સોમવાર, હેમંતઋતુ પુરી થઈ. ગો. ચિ. પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૨૭-૧૨-૯૪ મંગળવાર, શ્રીમદ્ વિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨), જલેબી ઉત્સવ, શિશિર ઋતુની શરૂઆત થઇ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૨૮-૧૨-૯૪ બુધવાર, ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર-રાજકોટ)નો જન્મદિન, દશમ તથા એકાદશીના રોજ બાલલીલાના પદ ગવાય.

માગશર વદ ૧૨ તા. ૨૯-૧૨-૯૪ ગુરુવાર, સફલા એકાદશી વ્રત, શ્રીને ફલનો ભોગ ધરવો, દાન દેવું. ગો. ચિ. શ્રી વલ્લભજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન, લલિત પંચમ પદની શરૂઆત કરી મહા સુદ ૫ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ અમાસ તા. ૧-૧-૯૫ રવિવાર, શ્યામ ઘટા, ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૪ તા. ૫-૧-૯૫ ગુરુવાર, ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી સંજીવબાવાશ્રી (મથુરા)નો જન્મદિન, (પાંચમનો ક્ષય હોવાથી આજે).

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

માગસર વદ ૭ તા. ૨૫-૧૨-૯૪ રવિવાર, શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ સં. ૧૬૨૫.

માગશર વદ ૮ તા. ૨૬-૧૨-૯૪ સોમવાર, હેમંતઋતુ પુરી થઈ. ગો. ચિ. પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૨૭-૧૨-૯૪ મંગળવાર, શ્રીમદ્‌ વિઠ્ઠલનાથજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૭૨), જલેબી ઉત્સવ, શિશિર ઋતુની શરૂઆત થઇ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૨૮-૧૨-૯૪ બુધવાર, ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર-રાજકોટ)નો જન્મદિન, દશમ તથા એકાદશીના રોજ બાલલીલાના પદ ગવાય.

માગશર વદ ૧૨ તા. ૨૯-૧૨-૯૪ ગુરુવાર, સફલા એકાદશી વ્રત, શ્રીને ફ્લનો ભોગ ધરવો, દાન દેવું. ગો. ચિ. શ્રી વલ્લભજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન, લલિત પંચમ પદની શરૂઆત કરી મહા સુદ પના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ અમાસ તા. ૧-૧-૯૫ રવિવાર, શ્યામ ઘટા, ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૪ તા. ૫-૧-૯૫ ગુરુવાર, ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી સંજીવબાવાશ્રી (મથુરા)નો જન્મદિન, (પાંચમનો ક્ષય હોવાથી આજે).

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## છપ્પન ભોગ

બેઠી ગોપ કુંવરકી પાંત ।
લલિત તિપાઇ પીઢા રતનન કે, કંચન ઝારી ઝલકતકાંત ॥૧॥
માનક થાર વિલાસ ધરે બહોત, બેલા, બેલી નાના ભાંત ।
ખટરસ વિંજન ધરે તિનન મેં દેખત જીયકો નેન સીરાત ॥૨॥
પરોસ કરત રોહિની ફીર ફીર, અતિ આનંદ મન હિરદો સીરાત ॥
લપટત ઝપટત કહત સખન સોં, દેખ જશોમતિ નંદ મુસકાત ॥૩॥
અષ્ટ સિદ્ધિ નવનિધિ રહત તહાં, ઉઠવન ઝુઠન મન ઇતરાત ।
દેખત યહસુખ સુરપુરવાસી, ભયે ન વ્રજજન નેનસિરાત ॥૪॥
જેતી સુખ સંપત્તિ સબવ્રજ મેં, છિનછિન પુન પુન નેન ચુચાત ॥
“ગોવર્ધનેશ” ગિરિધરપ્રસાદ કો બ્રહ્માદિક કો મન લલચાત ॥૫॥

### * ભાવાર્થ *

આકિર્તન શ્રી ગોવર્ધનેશજી મહારાજશ્રીએ પ્રકટ કરેલ છે. આમાં આપશ્રી છપ્પન ભોગની ભાવનાનું વર્ણન કરતાં આજ્ઞા કરી રહયાં છે કે, શ્રી ઠાકોરજી તથા ગ્લાલબાલ તથા શ્રી નંદબાવા વિગેરે સુંદર રત્નજડીત પાટલા ઉપર ભોજન કરવાં બિરાજ્યાં છે. સન્મુખ સુંદર ચોકી ઉપર મણીમાણેક ખચિત થાળ તથા કટોરા–કટોરી (બેલા–વાટકા, બેલી–વાટકીઓ) તેમજ શ્રીયમુનાજલના ઝારીજી વગેરે ધર્યા છે. જેમાં અતી સુંદર, મનમોહિત કરનારા પદાર્થો, છએ પ્રકારના રસોનો સ્વાદ કરાવનાર સામગ્રી પીરસી છે. જેના દર્શન માત્રથી નેત્રને શિતલતા પ્રાપ્ત થાય છે. આ સુંદર સામગ્રી આરોગતાં આરોગતા શ્રી ઠાકોરજી પોતાના સખાઓ સાથે હાસ્ય વિનોદ કરી રહયાં છે.

શ્રી રોહીણીજી પીરસવા માટે વારંવાર આનંદ પૂર્વક પધારી આગ્રહ કરી ભોજન કરાવી રહયાં છે. આ સુંદર લીલાના દર્શન ધરતાં શ્રી નંદબાવા તથા શ્રી જશોદાજી મંદ–મંદ મુસકાઇ રહયાં છે.

આ સર્વ ભોજન સમારંભ થઇ ગયાં બાદ અષ્ટદેવીઓ તથા નવગ્રહો કે જે સામાન્ય સિદ્ધિના દાતા છે તેને તો આ સમારંભમાં ફકત સેવા જૂઠન ઉપાડવાનીજ સેવા મળી છે પણ બીજી કોઇ ન મળતાં તેઓ પણ વ્રજવાસિ ઓની ઇર્ષ્યા કરે છે.

સ્વર્ગમાંથી ઇન્દ્રાદિ દેવતાઓ પોતાને વ્રજમાં જન્મ ન મળતાં, આ સુખથી વંચિત રહયાં તેથી નેત્રોમાંથી અશ્રુ વહાવે છે. વળી તેઓ એમ પણ કહી રહયા છે કે જેટલી

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

**પ્રેષક, સંકલન, ભાવાર્થ : પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## છપ્પન ભોગ

બેઠી ગોપ કુંવરકી પાંત ।
લલિત તિપાઇ પીઢા રતનન કે, કંચન ઝારી ઝલકતકાંત ॥૧॥
માનક થાર વિલાસ ધરે બહોત, બેલા, બેલી નાના ભાંત ।
ખટરસ વિંજન ધરે તિનન મેં દેખત જીયકો નેન સીરાત ॥૨॥
પરોસ કરત રોહિની ફીર ફીર, અતિ આનંદ મન હિરદો સીરાત ॥
લપટત ઝપટત કહત સખન સોં, દેખ જશોમતિ નંદ મુસકાત ॥૩॥
અષ્ટ સિદ્ધિ નવનિધિ રહત તહાં, ઉઠવન જુઠન મન ઇતરાત ।
દેખત યહસુખ સુરપુરવાસી, ભયે ન વ્રજજન નેનસિરાત ॥૪॥
જેતી સુખ સંપત્તિ સબવ્રજ મેં, છિનછિન પુન પુન નેન ચુચાત ॥
“ગોવર્ધનેશ” ગિરિધરપ્રસાદ કો બ્રહ્માદિક કો મન લલચાત ॥૫॥

### * ભાવાર્થ *

આકિર્તન શ્રી ગોવર્ધનેશજી મહારાજશ્રીએ પ્રકટ કરેલ છે. આમાં આપશ્રી છપ્પન ભોગની ભાવનાનું વર્ણન કરતાં આજ્ઞા કરી રહયાં છે કે, શ્રી ઠાકોરજી તથા ગ્વાલબાલ તથા શ્રી નંદબાવા વિગેરે સુંદર રત્નજડીત પાટલા ઉપર ભોજન કરવાં બિરાજ્યાં છે. સન્મુખ સુંદર ચોકી ઉપર મણીમાણેક ખચિત થાળ તથા કટોરા–કટોરી (બેલા–વાટકા, બેલી–વાટકીઓ) તેમજ શ્રીયમુના-જલના ઝારીજી વગેરે ધર્યા છે. જેમાં અતી સુંદર, મનમોહિત કરનારા પદાર્થો, છએ પ્રકારના રસોનો સ્વાદ કરાવનાર સામગ્રી પીરસી છે. જેના દર્શન માત્રથી નેત્રને શિતલતા પ્રાપ્ત થાય છે. આ સુંદર સામગ્રી આરોગતાં આરોગતા શ્રી ઠાકોરજી પોતાના સખાઓ સાથે હાસ્ય વિનોદ કરી રહયાં છે.

શ્રી રોહીણીજી પીરસવા માટે વારંવાર આનંદ પૂર્વક પધારી આગ્રહ કરી ભોજન કરાવી રહયાં છે. આ સુંદર લીલાના દર્શન ધરતાં શ્રી નંદબાવા તથા શ્રી જશોદાજી મંદ–મંદ મુસકાઇ રહયાં છે.

આ સર્વ ભોજન સમારંભ થઇ ગયાં બાદ અષ્ટદેવીઓ તથા નવગ્રહો કે જે સામાન્ય સિદ્ધિના દાતા છે તેને તો આ સમારંભમાં ફક્ત સેવા જૂઠન ઉપાડવાનીજ સેવા મળી છે પણ બીજી કોઇ ન મળતાં તેઓ પણ વજવાસિ ઓની ઇર્ષા કરે છે.

સ્વર્ગમાંથી ઇન્દ્રાદિ દેવતાઓ પોતાને વ્રજમાં જન્મ ન મળતાં, આ સુખથી વૃંચિત રહયાં તેથી નેત્રોમાંથી અશ્રુ વહાવે છે. વળી તેઓ એમ પણ કહી રહયા છે કે જેટલી

અલૌકિક સંપત્તિ તથા અલૌકિક સુખ વ્રજમાં છે. તેટલું કે તેવું સુખ તો ચૌદ ભુવનમાં નથી તેથી વારંવાર, વ્રજમાં જન્મ નમલ્યો તેના વિરહમાં અશ્રુ પાત કરે છે.

આ લીલાના વર્ણનની સમાપ્તિમાં શ્રી ગોવર્ધનેશજી મહારાજ આજ્ઞા કરે છે કે, શ્રી ઠાકોરજીના આ અલૌકિક ઉત્સવના પ્રસાદ માટે તો શ્રી બ્રહ્માજી જેવાના મના પણ લલચાઈ રહયા છે.

### શ્રીગુસાંઈજીના પ્રાકટયની વધાઈ

સેવક કી સુખરાસ સદા શ્રી વલ્લભરાજકુમાર ।
દરસનહીં પ્રસન્ન હોતમન પુરૂષોત્તમ અવતાર ॥૧॥
સુદૃઢ ચિતે સિધ્ધાંત બતાયો લીલા જગ વિસ્તાર ।
ઇન્હે છાંડ જો ઔરે ધ્યાવે ભુલે કુમતિ વિચાર ॥૨॥
"છીત સ્વામી" ઉદ્ધરે પતિત, શ્રી વિઠ્ઠલ કૃપા ઉદાર ।
ઇન કે કહેં ગહેં ભુજ દ્રઢ કરી શ્રી ગિરિધર નંદકુમાર ॥૩॥

### * ભાવાર્થ *

શ્રી ગુસાંઇજીના પ્રાગટયની વધાઇ સ્વરૂપે શ્રી ગુસાંઇજીના સ્વરૂપ તથા સામર્થ્યનું વર્ણન કર્ણન કરતાં શ્રી છીત સ્વામી કહી રહ્યાં છે કે, શ્રી ગુસાંઇજી તેમના શરણે આવેલા જીવો માટે તો સુખના અપાર સાગર છે. રાસ શબ્દ અર્થ રસ્સી થાય જેને પકડવાથી સંસાર રૂપી અંધ કુપમાંથી બહાર કાઢી સુખ સમુદ્રનો અનુભવ કરાવી રહયા છે. એવા શ્રી વલ્લભના પુત્ર શ્રી ગુસાંઇજી છે. જેમના દર્શન માત્રથી ચિત્ત અત્યંત પ્રસન્ન થાય છે. કારણ કે તેઓ શ્રી શાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમ જ પ્રકટ થયાં છે.

તેઓશ્રી સુંદર વિચાર અને સુદૃઢ પુષ્ટિ સિદ્ધાન્તના બનાવતાર છે. જે સિદ્ધાન્તનો સઘળો સાર શ્રી ગોર્વનિ ધરણની સેવા છે. આવા પરમ તત્વરૂપ સેવા માર્ગને મુકી અન્ય દુષ્કર અને કઠણ જ્ઞાન, યોગ, કે ઉપાસના માર્ગને પકડનારાને તો ખરેખર કુમતિ જ કહી શકાય

સુલભતાથી પુરૂષોત્તમની પ્રાપ્તી કરાવનાર સેવા માર્ગને વિસ્તારીને અનેક પતિતોનો ઉદ્ધાર પરમ ઉદાર શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઇજીએ કર્યો છે. એટલુંજ નહીં પણ શ્રી ગુંસાંઇજીના કહેવાથી શ્રી ગોવર્ધન ધરણે પણ અનેક જીવોનો ભલે તે ગમે તેટલાં અપરાધી કે પતિત હતાં પણ તેમનો અંગીકાર કર્યો છે,

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

અલૌકિક સંપત્તિ તથા અલૌકિક સુખ વ્રજમાં છે. તેટલું કે તેવું સુખ તો ચૌદ ભુવનમાં નથી તેથી વારંવાર, વ્રજમાં જન્મ નમલ્યો તેના વિરહમાં અશ્રુ પાત કરે છે.

આ લીલાના વર્ણનની સમાપ્તિમાં શ્રી ગોવર્ધનેશજી મહારાજ આજ્ઞા કરે છે કે, શ્રી ઠાકોરજીના આ અલૌકિક ઉત્સવના પ્રસાદ માટે તો શ્રી બ્રહ્માજી જેવાના મના પણ લલચાઈ રહયા છે.

## શ્રીગુસાંઈજીના પ્રાકટ્યની વધાઈ

સેવક કી સુખરાસ સદા શ્રી વલ્લભરાજકુમાર ।
દરસનહીં પ્રસન્ન હોતમન પુરૂષોત્તમ અવતાર ॥૧॥
સુદ્દઢ ચિતે સિધ્ધાંત બતાયો લીલા જગ વિસ્તાર ।
ઇન્હે છાંડ જો ઔરે ધ્યાવે ભુલે કુમતિ વિચાર ॥૨॥
"છીત સ્વામી" ઉદ્ધરે પતિત, શ્રી વિઠ્ઠલ કૃપા ઉદાર ।
ઇન કે કહેં ગહેં ભુજ દ્રઢ કરી શ્રી ગિરિધર નંદકુમાર ॥૩॥

### * ભાવાર્થ *

શ્રી ગુસાંઇજીના પ્રાગટયની વધાઇ સ્વરૂપે શ્રી ગુસાંઇજીના સ્વરૂપ તથા સામર્થ્યનું વર્ણન કર્ણન કરતાં શ્રી છીત સ્વામી કહી રહ્યાં છે કે, શ્રી ગુસાંઇજી તેમના શરણે આવેલા જીવો માટે તો સુખના અપાર સાગર છે. રાસ શબ્દ અર્થ રસ્સી થાય જેને પકડવાથી સંસાર રૂપી અંધ કુપમાંથી બહાર કાઢી સુખ સમુદ્રનો અનુભવ કરાવી રહયા છે. એવા શ્રી વલ્લભના પુત્ર શ્રી ગુસાંઇજી છે. જેમના દર્શન માત્રથી ચિત્ત અત્યંત પ્રસન્ન થાય છે. કારણ કે તેઓ શ્રી શાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમ જ પ્રકટ થયાં છે.

તેઓશ્રી સુંદર વિચાર અને સુદ્દઢ પુષ્ટિ સિદ્ધિાન્તના બનાવતાર છે. જે સિદ્ધાન્તનો સઘળો સાર શ્રી ગોવર્ધન ધરણની સેવા છે. આવા પરમ તત્વરૂપ સેવા માર્ગને મુકી અન્ય દુષ્કર અને કઠણ જ્ઞાન, યોગ, કે ઉપાસના માર્ગને પકડનારાને તો ખરેખર કુમતિ જ કહી શકાય

સુલભતાથી પુરૂષોત્તમની પ્રાપ્તી કરાવનાર સેવા માર્ગને વિસ્તારીને અનેક પતિતોનો ઉદ્ધાર પરમ ઉદાર શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઇજીએ કર્યો છે. એટલુંજ નહીં પણ શ્રી ગુંસાંઇજીના કહેવાથી શ્રી ગોવર્ધન ધરણે પણ અનેક જીવોનો ભલે તે ગમે તેટલાં અપરાધી કે પતિત હતાં પણ તેમનો અંગીકાર કર્યો છે,

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી હરિઃ ॥

# આપણા બાળકોને સંસ્કારી બનાવવામાં પાઠશાળાનું મહત્વ

લેખક : **ડાયાભાઇ ક. ડેલાવાળા** –પ્રમુખ, શ્રી વ. વિ. પ્ર. સમિતિ

સૌરાષ્ટ્રની પાવનકારી ભૂમિ ઉપર આચાર્યચરણોની તેમજ પ્રભુની હરહંમેશ વિશેષ કૃપા રહી છે. જેથી અનેક ભગવદ્ભકતો નિર્માણ થયા છે. જેના પ્રયત્નો અને પ્રેરણા દ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર પ્રસાર વિશેષ રહ્યો છે. સાથે ગોસ્વામી બાલકોની પણ વૈષ્ણવો ઉપર વિશેષ કૃપાને આ ભૂમિ ઉપર ભગવદ્ ભકતોના વિશેષ દર્શન થાય છે.

આજના ભૌતિકવાદનાં યુગમાં બાળકોનાં સંસ્કાર પ્રત્યે દુર્લક્ષ સેવવાથી માનસિક શાંતિ અને આનંદ પ્રાપ્ત કરી શકાતો નથી. જો આપણે આપણા સંપ્રદાયને સર્વશ્રેષ્ઠ ગણતા હોઇએ તો સાંપ્રદાયિક સિદ્ધાંતોનું જ્ઞાન આપણે પ્રાપ્ત કરવાની જરૂરિયાત સાથે આપણા બાળકો પણ સંસ્કારી બને તે માટે પાઠશાળા પ્રવૃત્તિમાં વિશેષ લક્ષ આપવા સાથે બાળકોના સંસ્કાર સિંચન માટે જાગૃત બનવું જોઇએ.

પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર–પ્રસાર અંગે છેલ્લા ૫૦ વરસથી સૌરાષ્ટ્રના કેન્દ્ર સમાન રાજકોટમાં ચાલતી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની પાઠશાળા પ્રવૃત્તિની જાણકારી આપવાનો હેતુ, તેમાંથી પ્રેરણા લઇ દરેક ગામો કે શહેરોમાં આ પ્રકારની પ્રવૃત્તિનો વ્યાપ વધારવાની સાથે આપણા બાળકોને સંસ્કારી બનાવી શકવાની સાથે આપણું જીવન કૃતાર્થ કરી શકીએ.

સને ૧૯૪૫ની સાલથી મારી ૫ વર્ષની ઉંમરથી રાજકોટમાં ચાલતી પાઠશાળામાં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ. સને ૧૯૪૫થી સને ૬૯૮૩ દરમ્યાન પાઠશાળા પ્રવૃત્તિ ચલાવનાર ભગવદીઓનું સ્મરણ કરતાં આનંદ અનુભવું છું.

પ. ભ. નાગજીબાપા, પ. ભ. જમનાદાસભાઇ આશર, પ. ભ. છગનલાલ માધવજી સોની, પ. ભ. કનુભાઈ મઘડીયા, પ. ભ. મોહનલાલ નારણજી સોની, પ. ભ. ગોવિંદરામ શાસ્ત્રીજી, પ. ભ. ચુનીલાલ પારેખ, પ. ભ. ભગુબાપ મરજાદી.... વગેરે સાથે નાના મોટા કાર્યકર ભાઈ–બહેનોના સહયોગથી સતત પ્રવૃત્તિ ચાલુ હતી. તેમજ સુરત દ્વારા લેવાતી પરીક્ષામાં રમણીકભાઇ ધોળકીયા તથા ચંદ્રિકાબેનનું પણ યોગદાન ભૂલાય તેમ નથી.

વચ્ચે બે પાંચ વર્ષ પ્રવૃત્તિમાં ઢીલાસ આવી પરંતુ રાજકોટમાં પુ. પા. પ્રથમેશજી મહારાજશ્રી દ્વારા સોમયજ્ઞ તેમજ વૈષ્ણવ પરિષદનાં હિરક મહોત્સવ બાદ આપશ્રીની પ્રેરણાથી વૈષ્ણવ પરિષદના કાર્યકરો દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષક તરીકે પ્રવૃત્તિ કરતાં આપણા વૈષ્ણવ શિક્ષકોનો સહયોગ લઇ ધોરણ ૮ થી ૧૨ના કોચીંગ કલાસ શરૂ કરવાની સાથે પાઠશાળા પ્રવૃત્તિ ચાલી.

સને ૧૯૮૭માં સુરતવાળા પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહારાજ રાજકોટમાં કોઇ વૈષ્ણવને ઘેર પધરામણીમાં પધારેલ. ત્યાં બાળકોને સ્તોત્ર, પાઠ અને પ્રશ્નોનો જવાબ ન

॥ શ્રી હરિઃ ॥

# આપણા બાળકોને સંસ્કારી બનાવવામાં પાઠશાળાનું મહત્વ

લેખક : **ડાહ્યાભાઇ ક. ડેલ્લાવાળા** –પ્રમુખ, શ્રી વ. વિ. પ્ર. સમિતિ

સૌરાષ્ટ્રની પાવનકારી ભૂમિ ઉપર આચાર્યચરણોની તેમજ પ્રભુની હરહંમેશ વિશેષ કૃપા રહી છે. જેથી અનેક ભગવદ્ભકતો નિર્માણ થયા છે. જેના પ્રયત્નો અને પ્રેરણા દ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર પ્રસાર વિશેષ રહ્યો છે. સાથે ગોસ્વામી બાલકોની પણ વૈષ્ણવો ઉપર વિશેષ કૃપાને આ ભૂમિ ઉપર ભગવદ્ ભકતોના વિશેષ દર્શન થાય છે.

આજના ભૌતિકવાદનાં યુગમાં બાળકોનાં સંસ્કાર પ્રત્યે દુર્લક્ષ સેવવાથી માનસિક શાંતિ અને આનંદ પ્રાપ્ત કરી શકાતો નથી. જો આપણે આપણા સંપ્રદાયને સર્વશ્રેષ્ઠ ગણતા હોઇએ તો સાંપ્રદાયિક સિદ્ધાંતોનું જ્ઞાન આપણે પ્રાપ્ત કરવાની જરૂરિયાત સાથે આપણા બાળકો પણ સંસ્કારી બને તે માટે પાઠશાળા પ્રવૃત્તિમાં વિશેષ લક્ષ આપવા સાથે બાળકોના સંસ્કાર સિંચન માટે જાગૃત બનવું જોઇએ.

પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર–પ્રસાર અંગે છેલ્લા ૫૦ વરસથી સૌરાષ્ટ્રના કેન્દ્ર સમાન રાજકોટમાં ચાલતી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની પાઠશાળા પ્રવૃત્તિની જાણકારી આપવાનો હેતુ, તેમાંથી પ્રેરણા લઇ દરેક ગામો કે શહેરોમાં આ પ્રકારની પ્રવૃત્તિનો વ્યાપ વધારવાની સાથે આપણા બાળકોને સંસ્કારી બનાવી શકવાની સાથે આપણું જીવન કૃતાર્થ કરી શકીએ.

સને ૧૯૪૫ની સાલથી મારી ૫ વર્ષની ઉંમરથી રાજકોટમાં ચાલતી પાઠશાળામાં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ. સને ૧૯૪૫થી સને ૬૯૮૩ દરમ્યાન પાઠશાળા પ્રવૃત્તિ ચલાવનાર ભગવદીઓનું સ્મરણ કરતાં આનંદ અનુભવું છું.

પ. ભ. નાગજીબાપા, પ. ભ. જમનાદાસભાઇ આશર, પ. ભ. છગનલાલ માધવજી સોની, પ. ભ. કનુભાઈ મઘડીયા, પ. ભ. મોહનલાલ નારણજી સોની, પ. ભ. ગોવિંદરામ શાસ્રીજી, પ. ભ. ચુનીલાલ પારેખ, પ. ભ. ગગુબાપ મરજાદી.... વગેરે સાથે નાના મોટા કાર્યકર ભાઈ–બહેનોના સહયોગથી સતત પ્રવૃત્તિ ચાલુ હતી. તેમજ સુરત દ્વારા લેવાતી પરીક્ષામાં રમણીકભાઇ ધોળકીયા તથા ચંદ્રિકાબેનનું પણ યોગદાન ભૂલાય તેમ નથી.

વચ્ચે બે પાંચ વર્ષ પ્રવૃત્તિમાં ઢીલાસ આવી પરંતુ રાજકોટમાં પુ. પા. પ્રથમેશજી મહારાજશ્રી દ્વારા સોમયજ્ઞ તેમજ વૈષ્ણવ પરિષદનાં હિરક મહોત્સવ બાદ આપશ્રીની પ્રેરણાથી વૈષ્ણવ પરિષદના કાર્યકરો દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષક તરીકે પ્રવૃત્તિ કરતાં આપણા વૈષ્ણવ શિક્ષકોનો સહયોગ લઇ ધોરણ ૮ થી ૧૨ના કોચીંગ કલાસ શરૂ કરવાની સાથે પાઠશાળા પ્રવૃત્તિ ચાલી.

સને ૧૯૮૭માં સુરતવાળા પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહારાજ રાજકોટમાં કોઇ વૈષ્ણવને ઘેર પધરામણીમાં પધારેલ. ત્યાં બાળકોને સ્તોત્ર, પાઠ અને પ્રશ્નોનો જવાબ ન

આવડતાં આપશ્રીએ તુરત વૈષ્ણવ કાર્યકરોને બોલાવી તત્કાળ પાઠશાળા શરૂ કરવાની આજ્ઞા આપી. આપશ્રીની પ્રેરણાથી વૈષ્ણવ પરિષદનાં કાર્યકરો દ્વારા ફરી દરબારગઢ પાસે આવેલ હરિદાસ મંડાણમાં પાઠશાળા શરૂ થઇ. હાલ પણ છેલ્લા ૬ વર્ષથી નિયમિત રૂપમાં હરિદાસ મંડાણ (દરબાર ગઢ), જયરાજ પ્લોટ, લક્ષ્મીવાડી, હાથીખાના, નીલકંઠ ટોકીઝ પાસે, ૨-જલારામ પ્લોટ, પંચાયતનગર, અમરનાથ પ્લોટ વિગેરે સ્થળે જ્યાં સાંપ્રદાયિક સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં વૈષ્ણવોના ઘરે પાઠશાળા પ્રવૃત્તિ ચાલી રહી છે. જેમાં અવારનવાર પૂજ્યપાદ ગોસ્વામી બાલકોનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થતું રહે છે. આ પ્રવૃત્તિમાં યુવાન યુવક-યુવતીઓ દ્વારા જે તે સ્થળે ચાલી રહી છે. જેનું સંકલન હાલ હર્ષાબેન ઠકકર તેમજ ભૂપેન્દ્રભાઇ ધાબલિયા રાજકોટના વૈષ્ણવ કીર્તન મંડળીના સભ્યો તેમજ આદરણીય વૈષ્ણવોનો સહયોગ લઇ પ્રવૃત્તિનો વ્યાપ વધારી રહ્યા છે.

પાઠશાળામાં ચાલતી પ્રવૃત્તિઓમાં આચાર્યચરણો તેમજ ભગવદીજનો રચિત સ્તોત્રપાઠ, ઘોળપદ, કીર્તન, ગ્રંથોના અધ્યયન સાથે સાંપ્રદાયિક લેખન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, કવીઝ, પ્રશ્નોત્તરી જવાબ, ૮૪/૨૫૨ વૈષ્ણવ વાર્તા પ્રસંગોની સમજ, શિક્ષાપત્ર, સાંપ્રદાયિક ચિત્રસ્પર્ધા, ઠાકોરજીના વાઘા-વસ્ત્રો-શૃંગારની સમજ સાથે તૈયાર કરાવવા, સામગ્રી બનાવવાના વર્ગો, સંગીત, નિત્ય સેવા પ્રકારની સમજ વિગેરે સાથે રમતગમતોમાં કબડ્ડી, ખો-ખો, કેરમ, ક્રિકેટ વિગેરે રમતો રમાડી બાળકોની તંદુરસ્તી વધવાની સાથે સંસ્કારી બને તે માટેના પ્રયત્નો થઇ રહ્યા છે.

સાથોસાથ દર રવિવારે પાંજરાપોળની નબળી ગાયોને લાડવા બનાવી ખવડાવવાની અને અપંગ તથા માંદગીવાળી ગાયોની ડોકટરો દ્વારા સારવાર આપવાની પ્રવૃત્તિ ચાલી રહી છે.

છેલ્લા પાંચેક વર્ષથી નવરાત્રી દરમિયાન નવ વિલાસનો કાર્યક્રમ યોજી રાસ, ઘોળ, પદ, કીર્તન-ભક્તિનું સુંદર આયોજન થાય છે. રાસમાં બાલ-બાલિકાઓ સાથે, યુવક-યુવતિઓ, પ્રૌઢો.... વિગેરે જોડાઇ અનેરો આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે.

વિશેષમાં આનંદની વાત એ છે કે માંડવી-કચ્છવાળા હાલ રાજકોટમાં બિરાજતા પૂ. પા. ગોસ્વામી શ્રી રવિન્દ્ર બાવા દ્વારા જુનાગઢની શ્રી પુરુષોત્તમ પાઠશાળા દ્વારા ચાલતી સાંપ્રદાયિક પરીક્ષા કેન્દ્રનો પ્રારંભ કરી છેલ્લા બે વર્ષથી પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે, જેમાં મોટી સંખ્યામાં આબાલ-વૃદ્ધ વૈષ્ણવો જોડાઇ સ્વસિદ્ધાંતનું સુંદર જ્ઞાન મેળવી રહ્યાં છે.

આવો આપણે પણ ગામે-ગામ લત્તો-લત્તો જ્યાં જ્યાં વૈષ્ણવો વસે છે ત્યાં સ્વમાર્ગીય શિક્ષણના કેન્દ્રો શરૂ કરી આપણી નવી પેઢીને ગૈષ્ણવી સંસ્કારથી સુસમ્પન્ન કરાવીએ.

નિવેદક : પ્રમુખ, શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટ.

આવડતાં આપશ્રીએ તુરત વૈષ્ણવ કાર્યકરોને બોલાવી તત્કાળ પાઠશાળા શરૂ કરવાની આજ્ઞા આપી. આપશ્રીની પ્રેરણાથી વૈષ્ણવ પરિષદનાં કાર્યકરો દ્વારા ફરી દરબારગઢ પાસે આવેલ હરિદાસ મંડાણમાં પાઠશાળા શરૂ થઇ. હાલ પણ છેલ્લા ૬ વર્ષથી નિયમિત રૂપમાં હરિદાસ મંડાણ (દરબાર ગઢ), જયરાજ પ્લોટ, લક્ષ્મીવાડી, હાથીખાના, નીલકંઠ ટોકીઝ પાસે, ૨-જલારામ પ્લોટ, પંચાયતનગર, અમરનાથ પ્લોટ વિગેરે સ્થળે જ્યાં સાંપ્રદાયિક સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં વૈષ્ણવોના ઘરે પાઠશાળા પ્રવૃત્તિ ચાલી રહી છે. જેમાં અવારનવાર પૂજ્યપાદ ગોસ્વામી બાલકોનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થતું રહે છે. આ પ્રવૃત્તિમાં યુવાન યુવક-યુવતીઓ દ્વારા જે તે સ્થળે ચાલી રહી છે. જેનું સંકલન હાલ હર્ષાબેન ઠક્કર તેમજ ભૂપેન્દ્રભાઇ ધાબલિયા રાજકોટના વૈષ્ણવ કીર્તન મંડળીના સભ્યો તેમજ આદરણીય વૈષ્ણવોનો સહયોગ લઇ પ્રવૃત્તિનો વ્યાપ વધારી રહ્યા છે.

પાઠશાળામાં ચાલતી પ્રવૃત્તિઓમાં આચાર્યચરણો તેમજ ભગવદીજનો રચિત સ્તોત્રપાઠ, ધોળપદ, કીર્તન, ગ્રંથોના અધ્યયન સાથે સાંપ્રદાયિક લેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, કવીઝ, પ્રશ્નોત્તરી જવાબ, ૮૪/૨૫૨ વૈષ્ણવ વાર્તા પ્રસંગોની સમજ, શિક્ષાપત્ર, સાંપ્રદાયિક ચિત્રસ્પર્ધા, ઠાકોરજીના વાઘા-વસ્ત્રો-શૃંગારની સમજ સાથે તૈયાર કરાવવા, સામગ્રી બનાવવાના વર્ગો, સંગીત, નિત્ય સેવા પ્રકારની સમજ વિગેરે સાથે રમતગમતોમાં કબડ્ડી, ખો-ખો, કેરમ, ક્રિકેટ વિગેરે રમતો રમાડી બાળકોની તંદુરસ્તી વધવાની સાથે સંસ્કારી બને તે માટેના પ્રયત્નો થઇ રહ્યા છે.

સાથોસાથ દર રવિવારે પાંજરાપોળની નબળી ગાયોને લાડવા બનાવી ખવડાવવાની અને અપંગ તથા માંદગીવાળી ગાયોની ડોકટરો દ્વારા સારવાર આપવાની પ્રવૃત્તિ ચાલી રહી છે.

છેલ્લા પાંચેક વર્ષથી નવરાત્રી દરમિયાન નવ વિલાસનો કાર્યક્રમ યોજી રાસ, ધોળ, પદ, કીર્તન-ભક્તિનું સુંદર આયોજન થાય છે. રાસમાં બાલ-બાલિકાઓ સાથે, યુવક-યુવતિઓ, પ્રૌઢો.... વિગેરે જોડાઇ અનેરો આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે.

વિશેષમાં આનંદની વાત એ છે કે માંડવી-કચ્છવાળા હાલ રાજકોટમાં બિરાજતા પૂ. પા. ગોસ્વામી શ્રી રવિન્દ્ર બાવા દ્વારા જુનાગઢની શ્રી પુરુષોત્તમ પાઠશાળા દ્વારા ચાલતી સાંપ્રદાયિક પરીક્ષા કેન્દ્રનો પ્રારંભ કરી છેલ્લા બે વર્ષથી પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે, જેમાં મોટી સંખ્યામાં આબાલ-વૃદ્ધ વૈષ્ણવો જોડાઇ સ્વસિદ્ધાંતનું સુંદર જ્ઞાન મેળવી રહ્યાં છે.

આવો આપણે પણ ગામે-ગામ લત્તો-લત્તો જ્યાં જ્યાં વૈષ્ણવો વસે છે ત્યાં સ્વમાર્ગીય શિક્ષણના કેન્દ્રો શરૂ કરી આપણી નવી પેઢીને વૈષ્ણવી સંસ્કારથી સુસમ્પન્ન કરાવીએ.

નિવેદક : પ્રમુખ, શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટ.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

# દ્વારકા લીલા

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

–ગતાંકથી ચાલુ

## ૭. શ્રીકૃષ્ણની ઘર – સંસાર લીલાનું નારદ – દર્શન

### રાગ – સારંગ

નિશદિન, ભજત નંદકિશોર;
ભક્ત શિરોમણી, વીણા બજાવી, નાચત જૈસે મોર. ૧

ઘર – સંસાર નિરખવા કાજે, ઉપજ્યો લૌકિક મોહ;
યોગ – માયાથી હરિલીલા રચે, કરવા મનનો નિરોધ. ૨

સોળ હજાર એકસો રાણી, એકજ નંદ કિશોર;
સંશય કરીને નારદ આવે, જોવા હરિ કલશોર. ૩

દ્વારિકા પુરીના નવલખ ઘરમાં રત્નમણિ ઝકઝોર;
વન ઉપવનમાં સરોવર ખીલતાં, હંસ સારસ કરે શોર ૪

વિશ્વકર્માએ રચ્યાં મહેલો મધ્યે, અંતઃપુર શિર મોર;
મોતી ચંદરવાને મણી આસનીયાં, મધુરી ઝાકમ ઝોર. ૫

રૂકિમણી મહેલે દાસી હજારો, સેવા કરી રહી ભોર.
ધરી કનક દાંડી ચામર નાખે, સેવતાં નંદકિશોર. ૬

નારદ દેખી શિર મુગટ ઉતારી, હરિ નમે કર જોડ;
હસ્ત આસન આપે ચરણ પખાળી, પૂજા કરે ચિત્તચોર. ૭

મીઠી વાણી વદી આજ્ઞા માંગત, ત્રિલોકના ઠાકોર;
જ્યાં જ્યાં વિચરૂ યુગલ ચરન બીન; ધ્યાન લગે નહીં ઓર. ૮

નારદ ગતિ કરે જોવા કંકાસને, ખોદવા કલહની ઘોર;
માની લીધું હવે કૃષ્ણ ન મળશે, વરસાવીશ ઘનઘોર. ૯

હેરત પામ્યા ઉધાસંગ જોઈ, ખેલાવે પત્નિ ચોપાટ;
અજાણ બનીને આવકાર આપી, પૂજન કરે દઈ પાટ. ૧૦

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

# દ્વારકા લીલા

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઈ (ચરનદાસ) બીરપુર**

–ગતાંકથી ચાલુ

## ૭. શ્રીકૃષ્ણની ઘર – સંસાર લીલાનું નારદ – દર્શન

### રાગ – સારંગ

નિશદિન, ભજત નંદકિશોર;
ભકત શિરોમણી, વીણા બજાવી, નાચત જૈસે મોર. ૧

ઘર – સંસાર નિરખવા કાજે, ઉપજ્યો લૌકિક મોહ;
યોગ – માયાથી હરિલીલા રચે, કરવા મનનો નિરોધ. ૨

સોળ હજાર એકસો રાણી, એકજ નંદ કિશોર;
સંશય કરીને નારદ આવે, જોવા હરિ કલશોર. ૩

દ્વારિકા પુરીના નવલખ ઘરમાં રત્નમણિ ઝકઝોર;
વન ઉપવનમાં સરોવર ખીલતાં, હંસ સારસ કરે શોર ૪

વિશ્વકર્માએ રચ્યાં મહેલો મધ્યે, અંતઃપુર શિર મોર;
મોતી ચંદરવાને મણી આસનીયાં, મધુરી ઝાકમ ઝોર. ૫

રૂકિમણી મહેલે દાસી હજારો, સેવા કરી રહી ભોર.
ધરી કનક દાંડી ચામર નાખે, સેવતાં નંદકિશોર. ૬

નારદ દેખી શિર મુગટ ઉતારી, હરિ નમે કર જોડ;
હસ્ત આસન આપે ચરણ પખાળી, પૂજા કરે ચિત્તચોર. ૭

મીઠી વાણી વદી આજ્ઞા માંગત, ત્રિલોકના ઠાકોર;
જ્યાં જ્યાં વિચરૂ યુગલ ચરન બીન; ધ્યાન લગે નહીં ઓર. ૮

નારદ ગતિ કરે જોવા કંકાસને, ખોદવા કલહની ઘોર;
માની લીધું હવે કૃષ્ણ ન મળશે, વરસાવીશ ઘનઘોર. ૯

હેરત પામ્યા ઉધાસંગ જોઈ, ખેલાવે પત્નિ ચોપાટ;
અજાણ બનીને આવકાર આપી, પૂજન કરે દઈ પાટ. ૧૦

પુરન મુની કહી સેવા માગી સામી, મોહિત કરતા મોરાર;
ઘેર ઘેર ફરતાં ચરિત્ર ભાવ ભરી, નિરખે લીલા–સંસાર. ૧૧

બાલ ખેલાવતા હોમ કરાવતા, સંધ્યાવંદને પ્રભુ ધાય;
ગજ સવારી કરે રથ ઘોડે ચઢે, બંદીજનોથી સોહાય. ૧૨

જલ ક્રીડા કરે ગૌદાન ભેટ ધરે, હાસ્ય રસે ઉભરાય;
શ્રવણ જપ કરે મનથી ધ્યાન ધરે, સેવામાં રસબસ થાય. ૧૩

વિગ્રહ કરતા ને સંધિ કરતા, રાજકાજમાં અટવાય;
પુત્રો પુત્રીની સગાઇ વિધિનાં ભરતા થાળ તૈયાર. ૧૪

લૌકિક કાર્યો કરે વિધિવત, આપતા દાન અપાર;
વાસ્તુ પૂજાને દેવ યજન કરે, દેવોના ધર્મ ધુરંધર. ૧૫

નારદ મોહયા છે ધર્માચરણને, વિધ વિધ રૂપથી ભાળી;
**'ચરણદાસ'** ચાંપે હૃષિકેશ ચરણો, ગદ ગદ વાણી પખાળી. ૧૬

॥ શ્રી હરિઃ ॥

# વેણુ ગીત ધોળ

(વેણુ ગીત શ્લોક૮ ધોળ–૩)

(ઢાળ–આશાભર્યાને અમે આવીયાને મારે વાલે રમાડયા રાસ રે)

એક સખી કહે સાંભળો બ્હેની, બતાવું નંદકુમાર રે,
નિરખો નયણા ભરી ૧
ગોપ મંડળની મધ્યમાં, રાજે બલ ને શ્યામકુમારે નિરખો૦ ૨
રંગમંચ પર નટો શોભે તેમ, શોભે છે બેઉ કુમાર રે નિરખો૦ ૩
આમ્રપલ્લવ સોહે કર્ણમાને, મોરચંદ્રિકા શિર ધાર રે નિરખો૦ ૪
પીળા પીતાંબર પહેરીયાને, કંઠે કમલની માલ રે નિરખો૦ ૫
વેશ વિચિત્ર ધારણ કીધો, ગાન કરે સરસ સુર તાર રે નિરખો૦ ૬
લીલા કરે વાલો વનમાં, તેનું વર્ણન કરે વ્રજનાર રે નિરખો૦ ૭
આંતર દષ્ટિથી અનુભવે એવો, આસક્તિનો છે પ્રકાર રે નિરખો૦ ૮
તન હરિથી દુર ઘણું પણ, મન નહીં દુર લગાર રે નિરખો૦ ૯
વાતો છે પ્રેમની અટપટી તેમાં, જાણે શું 'લાલ' ગમાર રે નિરખો૦ ૧૦

પુરન મુની કહી સેવા માગી સામી, મોહિત કરતા મોરાર;
ઘેર ઘેર ફરતાં ચરિત્ર ભાવ ભરી, નિરખે લીલા–સંસાર. ૧૧

બાલ ખેલાવતા હોમ કરાવતા, સંધ્યાવંદને પ્રભુ ધાય;
ગજ સવારી કરે રથ ઘોડે ચઢે, બંદીજનોથી સોહાય. ૧૨

જલ ક્રીડા કરે ગૌદાન ભેટ ધરે, હાસ્ય રસે ઉભરાય;
શ્રવણ જપ કરે મનથી ધ્યાન ધરે, સેવામાં રસબસ થાય. ૧૩

વિગ્રહ કરતા ને સંધિ કરતા, રાજકાજમાં અટવાય;
પુત્રો પુત્રીની સગાઇ વિધિનાં ભરતા થાળ તૈયાર. ૧૪

લૌકિક કાર્યો કરે વિધિવત, આપતા દાન અપાર;
વાસ્તુ પૂજાને દેવ યજન કરે, દેવોના ધર્મ ધુરંધર. ૧૫

નારદ મોહયા છે ધર્માચરણને, વિધ વિધ રૂપથી ભાળી;
**'ચરણદાસ'** ચાંપે હૃષિકેશ ચરણો, ગદ ગદ વાણી પખાળી. ૧૬

॥ શ્રી હરિઃ ॥

# વેણુ ગીત ધોળ

(વેણુ ગીત શ્લોક૮ ધોળ–૩)

(ઢાળ–આશાભર્યાને અમે આવીયાને મારે વાલે રમાડયા રાસ રે )

એક સખી કહે સાંભળો બ્હેની, બતાવું નંદકુમાર રે,
નિરખો નયણા ભરી ૧
ગોપ મંડળની મધ્યમાં, રાજે બલ ને શ્યામકુમારે નિરખો૦ ૨
રંગમંચ પર નટો શોભે તેમ, શોભે છે બેઉ કુમાર રે નિરખો૦ ૩
આમ્રપલ્લવ સોહે કર્ણમાને, મોરચંદ્રિકા શિર ધાર રે નિરખો૦ ૪
પીળા પીતાંબર પહેરીયાને, કંઠે કમલની માલ રે નિરખો૦ ૫
વેશ વિચિત્ર ધારણ કીધો, ગાન કરે સરસ સુર તાર રે નિરખો૦ ૬
લીલા કરે વાલો વનમાં, તેનું વર્ણન કરે વ્રજનાર રે નિરખો૦ ૭
આંતર દષ્ટિથી અનુભવે એવો, આસકિતનો છે પ્રકાર રે નિરખો૦ ૮
તન હરિથી દુર ઘણું પણ, મન નહીં દુર લગાર રે નિરખો૦ ૯
વાતો છે પ્રેમની અટપટી તેમાં, જાણે શું 'લાલ' ગમાર રે નિરખો૦ ૧૦

(વેણુ ગીત શ્લોક ૯ ધોળ-૪)

(ઢાળ-સુખ કહ્યા ન જાય સતસંગના રે)

એક સખી બોલી બ્હેનો સાંભળો રે, મારા મનમાં શંકા એક થાય. ૧
પાન કરે અધર સુધા તણું રે, આ વેણું, તે કેવું કહેવાય ? મારા૦ ૨
પૂણ્ય એવું તે એમણું શું કર્યું રે, સખી કહો મને સમજાય મારા૦ ૩
અધિકાર સુધા તણો આપણો રે, વેણુથી કેમ છીનવાય મારા૦ ૪
પ્રભુ અધર સુધા ન આપે એમને રે, એ તો આપ મેળે લઇ જાય મારા૦ ૫
ભોગ કરતા વધે છતાં ન આપતો રે, વેણું કેવી કરે છે લુચ્ચાઇ મારા૦ ૬
માત સરીતાને તાત એના વૃક્ષ છે રે, તેને પાન કરાવે અઘાય મારા૦ ૭
થાય રોમાંચ સુધા પાનથી રે, પ્રેમ અશ્રુ નયનથી વહાય મારા૦ ૮
દેખો કમલ ખીલ્યા છે સરીતા મહીં રે, મધુંધારા વૃક્ષો રહયા શ્રવાય મારા૦ ૯
બીજી ગોપી બોલી તું, ચિંતા શિદ કરે રે, પ્રભુ દામોદર આપણા કહેવાય મારા૦ ૧૦
સર્વભોગ્યા સુધા જે આપણી રે, તે બીજાને કદિએ ન પાય મારા૦ ૧૧
અધિકારીએ સુધાના સ્ત્રીજનો રે, વેણુ નર જાતિ કહેવાય મારા૦ ૧૨
'દેવ ભોગ્યા' સુધા મળે એમને રે, તું શિદ રહી ભરમાય મારા૦ ૧૩
વિરહ દશામાં સુધા પાનથી રે, જીવન ભકતોનું સદા ટકી જાય મારા૦ ૧૪
પાન કરાવે પ્રભુ વેણુ દ્વારથી રે, 'લાલ' રીત પરોક્ષ આ કહેવાય મારા૦ ૧૫

**કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ. ગણોદ**

---

## "વૈષ્ણવોની સભાએ ની. લી. પૂ. ગો. શ્રી વિઠલનાથજીને આપેલી ભાવાંજલિ"

કાંકરોલી ઘરના ની. લી. પુ. ગો. શ્રી વિઠુલનાથજી મહારાજશ્રીને ભાવાંજલિ અર્પણ કરવા માટે તા. ૨૬-૧૦-૯૪ના રોજ અલકાપુરીના મીલન કુંજ હોલમાં મળેલી વૈષ્ણવોની સભામાં કાંકરોલી નરેશ પુ. પા. શ્રી વ્રંજેશકુમારજી મહારાજશ્રીએ ઉ. ગુજ. ના વડનગર ખાતેના તેઓશ્રીના જીવનના ચમત્કારી પ્રસંગની યાદ કરીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. આં. પુ. વૈ. પ.ના સંગઠન મંત્રીશ્રી ચીમનભાઇ શેઠે તેઓશ્રીના જીવનના પ્રસંગોની યાદ કરી ભાવાજલિ અર્પણ કરી હતી.

"કાંકરોલી ઘરના ની લી. પુ. ગો. શ્રી વિઠુલનાથજી મહારાજશ્રીના નીત્ય લીલા પ્રવેશથી સમસ્ત વૈષ્ણવ સમાજ ઉંડા દુ:ખ અને ઘેરા શોકનો લાગણી અનુભવે છે. સાંપ્રદાયિક ક્ષેત્રે તેઓશ્રીની સેવાઓને બીરદાવવામાં આવે છે. તેઓશ્રીના વ્યકિતત્વનુ યોગદાન સમસ્ત પુષ્ટિ-સૃષ્ટિ માટે અવિસ્મરણીય છે અને અમૂલ્ય છે. અમે સૌ વૈષ્ણવો આપશ્રીના ચરણોમાં શ્રદધા સુમન સમર્પિત કરીએ છીએ.

### વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

### (વેણુ ગીત શ્લોક ૯ ધોળ–૪)

(ઢાળ–સુખ કહ્યા ન જાય સતસંગના રે)

એક સખી બોલી બ્હેનો સાંભળો રે, મારા મનમાં શંકા એક થાય. ૧
પાન કરે અધર સુધા તણું રે, આ વેણું, તે કેવું કહેવાય? મારા૦ ૨
પૂણ્ય એવું તે એમણું શું કર્યું રે, સખી કહો મને સમજાય મારા૦ ૩
અધિકાર સુધા તણો આપણો રે, વેણુથી કેમ છીનવાય મારા૦ ૪
પ્રભુ અધર સુધા ન આપે એમને રે, એ તો આપ મેળે લઇ જાય મારા૦ ૫
ભોગ કરતા વધે છતાં ન આપતો રે, વેણું કેવી કરે છે લુચ્ચાઇ મારા૦ ૬
માત સરીતાને તાત એના વૃક્ષ છે રે, તેને પાન કરાવે અઘાય મારા૦ ૭
થાય રોમાંચ સુધા પાનથી રે, પ્રેમ અશ્રુ નયનથી વહાય મારા૦ ૮
દેખો કમલ ખીલ્યા છે સરીતા મહીં રે, મધુંધારા વૃક્ષો રહ્યા શ્રવાય મારા૦ ૯
બીજી ગોપી બોલી તું, ચિંતા શિદ કરે રે, પ્રભુ દામોદર આપણા કહોવાય મારા૦ ૧૦
સર્વભોગ્યા સુધા જે આપણી રે, તે બીજાને કદિએ ન પાય મારા૦ ૧૧
અધિકારીએ સુધાના સ્ત્રીજનો રે, વેણુ નર જાતિ કહેવાય મારા૦ ૧૨
‘દેવ ભોગ્યા’ સુધા મળે એમને રે, તું શિદ રહી ભરમાય મારા૦ ૧૩
વિરહ દશામાં સુધા પાનથી રે, જીવન ભકતોનું સદા ટકી જાય મારા૦ ૧૪
પાન કરાવે પ્રભુ વેણુ દ્વારથી રે, ‘લાલ’ રીત પરોક્ષ આ કહેવાય મારા૦ ૧૫

**કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ. ગણોદ**

## “વૈષ્ણવોની સભાએ ની. લી. પૂ. ગો. શ્રી વિઠલનાથજીને આપેલી ભાવાંજલિ”

કાંકરોલી ઘરના ની. લી. પુ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીને ભાવાંજલિ અર્પણ કરવા માટે તા. ૨૬–૧૦–૯૪ના રોજ અલકાપુરીના મીલન કુંજ હોલમાં મળેલી વૈષ્ણવોની સભામાં કાંકરોલી નરેશ પુ. પા. શ્રી વ્રંજેશકુમારજી મહારાજશ્રીએ ઉ. ગુજ. ના વડનગર ખાતેના તેઓશ્રીના જીવનના ચમત્કારી પ્રસંગની યાદ કરીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. આં. પુ. વૈ. પ.ના સંગઠન મંત્રીશ્રી ચીમનભાઇ શેઠે તેઓશ્રીના જીવનના પ્રસંગોની યાદ કરી ભાવાજલિ અર્પણ કરી હતી.

“કાંકરોલી ઘરના ની લી. પુ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના નીત્ય લીલા પ્રવેશથી સમસ્ત વૈષ્ણવ સમાજ ઉંડા દુ:ખ અને ઘેરા શોકનો લાગણી અનુભવે છે. સાંપ્રદાયિક ક્ષેત્રે તેઓશ્રીની સેવાઓને બીરદાવવામાં આવે છે. તેઓશ્રીના વ્યકિતત્વનુ યોગદાન સમસ્ત પુષ્ટિ–સૃષ્ટિ માટે અવિસ્મરણીય છે અને અમૂલ્ય છે. અમે સૌ વૈષ્ણવો આપશ્રીના ચરણોમાં શ્રધ્ધા સુમન સમર્પિત કરીએ છીએ.

### વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ.
શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

# કાવ્ય-કુંજ

## * છઠ્ઠની તે રાત સોહામણી.... *

રચનાર : ચીમનલાલ એન. બેન્કર

હાં રે ધન્ય છઠ્ઠની તે રાત સોહામણી,
હાં રે ગોકુલનાથ પ્રગટયાની વધામણી હો જી રે
વધામણી હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૧
હાં રે મેં તો દ્વારે દ્વારે તોરણ બાંધીયા,
હાં રે મેં તો કદલીના સ્થંભ રોપાવીયા હો જી રે;
રોપાવીયા હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૨
હાં રે મેં તો ચીરના ચંદરવા બંધાવીયા,
હાં રે મેં તો મોતીના ચોક પુરાવીયા હો જી રે;
પુરાવીયા હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૩
હાં રે મેં તો નૌતમ આભૂષણ પહેરીયા,
હાં રે મંગળ થાળે કળશ સજાવીયા હો જી રે;
સજાવીયા હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૪
હાં રે હું તો દોડી ગઇ શ્રી વિઠ્ઠલજીને બારણે,
હાં રે ગોકુલનાથ ઝુલે છે સોનાના પારણે હો જી રે;
સોનાના પારણે હો જી રે; છઠ્ઠની તે રાત સોહામણી.... ૫
હાં રે હું તો નીરખી રહી શ્રી ગોકુલનાથને,
હાં રે સૌ ખમ્મા કહે છે રૂક્ષ્મણી માતને હો જી;
રૂક્ષ્મણી માતને હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૬
હાં રે સૌ નાચે - ગાયે ને ફરે કુદડી,
હાં રે મેં ઓઢી ગોકુલનાથની ચુંદડી હો જી રે;
ચુંદડી હો જી રે, છઠ્ઠની તે રાત સોનામણી.... ૭
હાં રે મહા મહોત્સવ છાયો ગોકુલ ગામમાં,
હાં રે ગોપગોપી નાચે ભૂલી ભાનમાં હો જી રે;
ભાનમાં હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૮
હાં રે દૈવી જીવો આવ્યા શ્રી વલ્લભને બારણે,
હાં રે ગોપીજન નિરખે ઊભા રહી બારણે હો જી રે;
બારણે હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૯

# કાવ્ય-કુંજ

## * છઠ્ઠની તે રાત સોહામણી.... *

રચનાર : ચીમનલાલ એન. બેન્કર

હાં રે ધન્ય છઠ્ઠની તે રાત સોહામણી,
હાં રે ગોકુલનાથ પ્રગટયાની વધામણી હો જી રે
વધામણી હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૧
હાં રે મેં તો દ્વારે દ્વારે તોરણ બાંધીયા,
હાં રે મેં તો કદલીના સ્થંભ રોપાવીયા હો જી રે;
રોપાવીયા હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૨
હાં રે મેં તો ચીરના ચંદરવા બંધાવીયા,
હાં રે મેં તો મોતીના ચોક પુરાવીયા હો જી રે;
પુરાવીયા હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૩
હાં રે મેં તો નૌતમ આભૂષણ પહેરીયા,
હાં રે મંગળ થાળે કળશ સજાવીયા હો જી રે;
સજાવીયા હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૪
હાં રે હું તો દોડી ગઇ શ્રી વિઠ્ઠલજીને બારણે,
હાં રે ગોકુલનાથ ઝુલે છે સોનાના પારણે હો જી રે;
સોનાના પારણે હો જી રે; છઠ્ઠની તે રાત સોહામણી.... ૫
હાં રે હું તો નીરખી રહી શ્રી ગોકુલનાથને,
હાં રે સૌ ખમ્મા કહે છે રૂક્ષ્મણી માતને હો જી;
રૂક્ષ્મણી માતને હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૬
હાં રે સૌ નાચે - ગાયે ને ફરે કુદડી,
હાં રે મેં ઓઢી ગોકુલનાથની ચુંદડી હો જી રે;
ચુંદડી હો જી રે, છઠ્ઠની તે રાત સોનામણી.... ૭
હાં રે મહા મહોત્સવ છાયો ગોકુલ ગામમાં,
હાં રે ગોપગોપી નાચે ભૂલી ભાનમાં હો જી રે;
ભાનમાં હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૮
હાં રે દૈવી જીવો આવ્યા શ્રી વલ્લભને બારણે,
હાં રે ગોપીજન નિરખે ઊભા રહી બારણે હો જી રે;
બારણે હો જી રે, છઠ્ઠની તે રાત સોહામણી.... ૯

# આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

## ગોવા રાજ્ય સમિતિ દ્વારા કેન્દ્રિય સંગઠન તેમજ પ્રચારમંત્રીની ઉપસ્થિતિમાં મળેલ વૈષ્ણવોનું પ્રથમ સંમેલન

આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગોવા રાજ્ય સમિતિ દ્વારા, ગોવા વિસ્તારના વૈષ્ણવોનું પ્રથમવાર સ્નેહસંમેલન તા. ૧૬–૧૦–૯૪ના રોજ હવલી પોંડા મુકામે. ખુબજ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં, કુદરતી અને પ્રકૃતિની ગોદમાં સંપન્ન થયું.

આ પ્રસંગે કેન્દ્રીય સંગઠન મંત્રી પ્રિ. વી. વી. પી. પરીખ તથા કેન્દ્રીય પ્રચારમંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોદિયાજી ખાસ ઉપસ્થિત રહી, પ્રેરણાદાયી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. મંગલાચરણ કર્યા બાદ, ગોવા રાજ્ય સમિતિના પ્રમુખ અને કેન્દ્રીયમંત્રી શ્રી અમૃતલાલ સી. દોશી એ સૌ. વૈષ્ણવ ભાઈઓ–બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું તેમજ પ્રિ.. વી. પી. પરીખ તથા શ્રી પાટોદીયાજીની ઉપસ્થિતિની નોંધ લઈ તેઓને હાર્દિક આવકાર આપ્યો. રાજ્ય સમિતિના મંત્રી શ્રી અજીતભાઇ મજેઠિયાએ સભાનુ સંચાલન કર્યું.

## આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરીષદનું ખુબજ અભિનવ પ્રચાર અધિવેશન જતીપુર મુકામે યાત્રા સમયે સંપન્ન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું પ્રચાર અધિવેશન પ્રતિવર્ષની જેમ, જતીપુરામાં વ્રજ પરિક્રમા પ્રસંગે, હજારો વૈષ્ણવોની ઉપસ્થિતિમાં ખુબજ ઉત્સાહપુર્ણ સંપન્ન થયું. પુ. પો. ગો. શ્રી બાલુરાજા તેમજ પુ. પા. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીની અધ્યક્ષતામાં અને એમના આશીર્વાદ સાથે આ અધિવેશનનો પ્રારંભ થયો.

શ્રી પાટોદીયાજી એ શરૂમાં જાનજાગરણ ગીત રજુ કર્યું. મહામંત્રી શ્રી મુકુન્દભાઈએ, પરિષદ હમણાં સ્વિકૃત કરેલ અષ્ટબિંદુઓની સાંપ્રદાયીક યોજના અંગેની વિસ્તૃત છણાવટ કરી પુર્વ અધ્યક્ષશ્રી કારાણીજીએ ગોવર્ધન–જતીપુરા માર્ગ પર પરિષદ તરફથી ગૌશાલા નિર્માણ થઈ રહયું છે તે અંગેની પોતાની પ્રસન્નતા વ્યકત કરી.

શ્રી ચીમનભાઈ શેઠે સંગઠનની ભુમીકા સમજાવતા પરિષદ દ્વારા ગુજરાતમાં થયા તે કાર્યો અંગેની વિસ્તૃત માહિતી આપવા સાથે પોતાની પ્રરસંન્નતા પ્રગટ કરી પરીષદ ગુજરાતમાં સક્રિય રહે તે માટે જાગૃત પ્રયાસો કરવામાં આવે છે અને ગામેગામ શાખાનો નિષ્ઠાવાન કાર્યકરોની ખોજ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે તે અંગેની સમજુતિ આપી ઋષિકુલ અંગે સંયોજક શ્રી હસમુખભાઈ ખખ્ખરે આ કેન્દ્રીય પ્રોજેકટ અંગે, અત્યાર સુધી થયેલ કામગીરીનો ઉલ્લેખ કરી, આવતા વર્ષ 300 વિદ્યાર્થીઓ સાથે આ રૂષિકુળનો પ્રારંભ કરવામાં આવશે તેની માહિતિ આપી શ્રી મધુસુદન શાસ્ત્રીજી, પ્રિ૰ વી. પી. પરીખે પણ પ્રચાર અધિવેશન અંગે પોતાના મૌલિક વિચારો રજુ કર્યા.

પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહારાજે પોતાના વચનામૃતમાં જણાવ્યુ છે કે પુ. પ્રથમેશજીએ પુષ્ટી માર્ગ અંગેનું સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. પરિષદનું લક્ષ્ય છે સંગઠનાત્મક દ્રષ્ટીથી સર્વાંગિણ વિકાસ. આ વ્યાપક લક્ષ્ય ને ધ્યાનમાં રાખીને, નહી કે વ્યકતીગત ગમા–અણગમા કે વ્યકિતવિશેશને લક્ષ્યમાં રાખીને પરિષદે કાર્ય કરવું જોઈએ. પરિષદ પ્રથમેશજીના રસ્તે ચાલશે તો હંમેશા સફળ થશેજ. કાર્યકરોએ પણ આત્મચિંતન કરવું જોઈએ. પદ, પદ પર ભુલ થવાનો સંભવ છે ત્યારે નિષ્ઠા, નિખાલસતા રાખી જાગ્રત મન સાથે પોતાની સક્રિયતા કાયમ કરવી રહી. વ્રજમાં અલૌકીક અખુટ સુખ છે અહી આપણે દીનતા મેળવીએ આપણે કેવળ દાસ, દાસાનુદાસ છઇ એવી ભાવના રાખીને મહાપ્રભુજીની છત્રછાયામાં આપણ પોતાનું અસ્તિત્વ ઓગાળી દઈએ. પુ. પા. ગો. બાલુરાજાએ અધ્યક્ષસ્થાનેથી પરિષદને આશીર્વાદ પાઠવ્યા.

# આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

## ગોવા રાજ્ય સમિતિ દ્વારા કેન્દ્રિય સંગઠન તેમજ પ્રચારમંત્રીની ઉપસ્થિતિમાં મળેલ વૈષ્ણવોનું પ્રથમ સંમેલન

આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગોવા રાજ્ય સમિતિ દ્વારા, ગોવા વિસ્તારના વૈષ્ણવોનું પ્રથમવાર સ્નેહસંમેલન તા. ૧૬–૧૦–૯૪ના રોજ ઢવલી પોંડા મુકામે. ખુબજ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં, કુદરતી અને પ્રકૃતિની ગોદમાં સંપન્ન થયું.

આ પ્રસંગે કેન્દ્રીય સંગઠન મંત્રી પ્રિ. વી. વી. પી. પરીખ તથા કેન્દ્રીય પ્રચારમંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોદિયાજી ખાસ ઉપસ્થિત રહી, પ્રેરણાદાયી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. મંગલાચરણ કર્યા બાદ, ગોવા રાજ્ય સમિતિના પ્રમુખ અને કેન્દ્રીયમંત્રી શ્રી અમ્રુતલાલ સી. દોશી એ સૌ. વૈષ્ણવ ભાઈઓ–બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું તેમજ પ્રિ.. વી. પી. પરીખ તથા શ્રી પાટોદીયાજીની ઉપસ્થિતિની નોંધ લઈ તેઓને હાર્દિક આવકાર આપ્યો. રાજ્ય સમિતિના મંત્રી શ્રી અજીતભાઈ મજેઠિયાએ સભાનુ સંચાલન કર્યું.

## આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરીષદનું ખુબજ અભિનવ પ્રચાર અધિવેશન જતીપુર મુકામે યાત્રા સમયે સંપન્ન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું પ્રચાર અધિવેશન પ્રતિવર્ષની જેમ, જતીપુરામાં વ્રજ પરિક્રમા પ્રસંગે, હજારો વૈષ્ણવોની ઉપસ્થિતિમાં ખુબજ ઉત્સાહપુર્ણ સંપન્ન થયું. પુ. પો. ગો. શ્રી બાલુરાજા તેમજ પુ. પા. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીની અધ્યક્ષતામાં અને એમના આશીર્વાદ સાથે આ અધિવેશનનો પ્રારંભ થયો.

શ્રી પાટોદીયાજી એ શરૂમાં જાનજાગરણ ગીત રજુ કર્યું. મહામંત્રી શ્રી મુકુન્દભાઈએ, પરિષદ હમણાં સ્વિકૃત કરેલ અષ્ટબિંદુઓની સાંપ્રદાયીક યોજના અંગેની વિસ્તૃત છણાવટ કરી પુર્વ અદયક્ષશ્રી કારાણીજીએ ગોવર્ધન–જતીપુરા માર્ગ પર પરિષદ તરફથી ગૌશાલા નિર્માણ થઈ રહયું છે તે અંગેની પોતાની પ્રસન્નતા વ્યકત કરી.

શ્રી ચીમનભાઈ શેઠે સંગઠનની ભુમીકા સમજાવતા પરિષદ દ્વારા ગુજરાતમાં થયા તે કાર્યો અંગેની વિસ્તૃત માહિતી આપવા સાથે પોતાની પ્રરસંન્નતા પ્રગટ કરી પરીષદ ગુજરાતમાં સક્રિય રહે તે માટે જાગૃત પ્રયાસો કરવામાં આવે છે અને ગામેગામ શાખાનો નિષ્ઠાવાન કાર્યકરોની ખોજ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે તે અંગેની સમજુતિ આપી ઋષિકુલ અંગે સંયોજક શ્રી હસમુખભાઈ ખખ્ખરે આ કેન્દ્રીય પ્રોજેકટ અંગે, અત્યાર સુધી થયેલ કામગીરીનો ઉલ્લેખ કરી, આવતા વર્ષ ૩૦૦ વિદ્યાર્થીઓ સાથે આ રૂષિકુળનો પ્રારંભ કરવામાં આવશે તેની માહિતિ આપી શ્રી મધુસુદન શાસ્ત્રીજી, પ્રિ૰ વી. પી. પરીખે પણ પ્રચાર અધિવેશન અંગે પોતાના મૌલિક વિચારો રજુ કર્યા.

પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહારાજે પોતાના વચનામૃતમાં જણાવ્યુ છે કે પુ. પ્રથમેશજીએ પુષ્ટી માર્ગ અંગેનું સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. પરિષદનું લક્ષ્ય છે સંગઠનાત્મક દ્રષ્ટીથી સર્વાંગિણ વિકાસ. આ વ્યાપક લક્ષ્ય ને ધ્યાનમાં રાખીને, નહી કે વ્યકતીગત ગમા–અણગમા કે વ્યકિતવિશેશને લક્ષ્યમાં રાખીને પરિષદે કાર્ય કરવું જોઈએ. પરિષદ પ્રથમેક્ષજીના રસ્તે ચાલશે તો હંમેશા સફળ થશેજ. કાર્યકરોએ પણ આત્મચિંતન કરવું જોઈએ. પદ, પદ પર ભુલ થવાનો સંભવ છે ત્યારે નિષ્ઠા, નિખાલસતા રાખી જાગ્રુત મન સાથે પોતાની સક્રિયતા કાયમ કરવી રહી. વ્રજમાં અલૌકીક અખુટ સુખ છે અહી આપણે દીનતા મેળવીએ આપણે કેવળ દાસ, દાસાનુદાસ છઈ એવી ભાવના રાખીને મહાપ્રભુજીની છત્રછાયામાં આપણુ પોતાનું અસ્તિત્વ ઓગાળી દઈએ. પુ. પા. ગો. બાલુરાજાએ અધ્યક્ષસ્થાનેથી પરિષદને આશીર્વાદ પાઠવ્યા.

**SHREE VALLABH SUDHA** Monthly Magazine. Published on third date of Every Month,
**Regd.No.G/RJ.212-L.P.W.P43**

॥ શ્રી હરિઃ ॥

# નોબત વાગે છે

(ઢાળ–મારા મહી સાગરના આરે ઢોલ વાગે છે)
મારા વલ્લભરાયને દ્વારે નોબત વાગે છે,
વાગે છે નોબત વાગે છે મારા૦ ૧

પોષ માસની નૌમી અંધિયારી,
ચરણાટ ધામ અતિ સુખકારી;
વલ્લભ ગૃહ પ્રગટયા ગિરિધારી મારા૦ ૨

ગોકુળથી ગોવાળીયા આવે છે,
દુધ દહીંની કીચ મચાવે છે,
તાલ મૃદંગ ઝાંઝ બજાવે છે. મારા– ૩

વૈષ્ણવના યૂથો આવે છે,
દરશન કરવાને ધાવે છે;
નિરખીને નૈન સિરાવે છે મારા૦ ૩

ત્યાં ગર્ગાચાર્યજી આવે છે,
જન્મોતરી લખી લાવે છે,
શ્રીવિઠ્ઠલ નામ ધરાવે છે મારા૦ ૫

શિવ બ્રહ્માને નારદ આવે છે,
શ્રીવલ્લભને શીશ નમાવે છે;
**'લાલ'** જય જયકાર બોલાવે છે મારા૦ ૬

–કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ

---

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ–૫**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

**SHREE VALLABH SUDHA** Monthly Magazine. Published on third date of Every Month,
**Regd.No.G/RJ.212-L.P.W.P43**

॥ શ્રી હરિઃ ॥

# નોબત વાગે છે

(ઢાળ–મારા મહી સાગરના આરે ઢોલ વાગે છે)

મારા વલ્લભરાયને દ્વારે નોબત વાગે છે,
વાગે છે નોબત વાગે છે મારા૦ ૧

પોષ માસની નૌમી અંધિયારી,
ચરણાટ ધામ અતિ સુખકારી;
વલ્લભ ગૃહ પ્રગટયા ગિરિધારી મારા૦ ૨

ગોકુળથી ગોવાળીયા આવે છે,
દુધ દહીંની કીચ મચાવે છે,
તાલ મૃદંગ ઝાંઝ બજાવે છે. મારા– ૩

વૈષ્ણવના યૂથો આવે છે,
દરશન કરવાને ધાવે છે;
નિરખીને નૈન સિરાવે છે મારા૦ ૩

ત્યાં ગર્ગાચાર્યજી આવે છે,
જન્મોતરી લખી લાવે છે,
શ્રીવિઠ્ઠલ નામ ધરાવે છે મારા૦ ૫

શિવ બ્રહ્માને નારદ આવે છે,
શ્રીવલ્લભને શીશ નમાવે છે;
**'લાલ'** જય જયકાર બોલાવે છે મારા૦ ૬

–કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ

---

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮



## શ્રી દામોદરદાસજીકી વધાઇ

પુષ્ટિ ભકિત દશ રૂપ એક હૈ, ભૂતલ નર તનુ ધાર્યો;
વ્યાપક અતિ સૂક્ષિમ અનુપ રસ, તિનિ કલિ દોષ નિવાર્યો. ૧
યુગલ ભાવ મૂરતિ અતિ સુંદર, નખ સિખ લીલા જ્યોતિ,
જગમગાતિ આનંદ સિંધુ વપુ, રાસ સુધામય હોતિ ૨
શ્રી વલ્લભાચાર્ય વર પાયે. સુખ સુહાગ રસ રાચી;
ગુપ્તભાવ ભાવના ઉદય મધુ, રમા નિરંતર નાચી ૩
શ્રી દામોદરદાસ નામ સુચિ, શ્રુતિ સમૂહ હર્ષાની;
શ્રી શુક વદન વાક વપુ ઉદ્ભવ રૂપ રહ્યો ઉર છાની ૪
દૂજો દ્વાદશ વર અતિ મોહન, જો અસ્કંધ કહાય;
હૈ સમિષ્ટિ વપુ એક રૂપ લે, દમલા અમલ કહાય. ૫
રિતુ વસંત આગમ કે રવ, મહા મહોત્સવ આનિ;
આયે પ્રણત પલિવે **'વલ્લભ'** સકલ મનોરથ દાનિ. ૬

– મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા દેવરી

---

**✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻**

---

**વર્ષ ૧૩ : અંક-૧૦**

**શ્રી વલ્લભાબ્દ ૫૧૬**

**જાન્યુઆરી, ૧૯૯૫**

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-** ✻ **આજીવન રૂા. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**

**કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧**

# સમાચાર રાજકોટમાં સૂર સાહિત્ય સમારોહ

પૂ. પા. ગો શ્રી શરદકુમારજી મહારાજ (પોરબંદર—વેરાવલ) ની અધ્યક્ષતામાં આયોજીત રાજકોટમાં દિનાંક ૧–૧૨–૯૪ થી ૧૧–૧૨–૯૪ સુધી ૧૧ દિવસીય "પારાસોલી" દરબારગઢ—રાજકોટ સ્થળે "સુર સાહિત્ય સમારોહ સત્સંગ સત્રનું આયોજન કરવામાં આવેલ.

જેના વ્યાસાસને સંપ્રદાયના મર્મજ્ઞ, વાક્પતિ શ્રી વલ્લભના ચરણાનુરાગી પરમ વિદ્વાન શાસ્ત્રીશ્રી સતિશકુમારજી શર્મા ગ્વાલિયરવાળાએ ભકત શ્રી સુરદાસજીનાં રચેલા પદો આધારિત સમગ્ર વિશ્વમાં પ્રથમ વખત આયો- જન કરવામાં આવેલ.

હિન્દી સાહિત્યમાં પહેલા નવરસજ માન્ય ગણાતા હતા જેમાં ભકત કવિ સુરદાસજીનાં સુર સાહિત્યમાં પ્રભુ શ્રી બાલ કૃષ્ણની બાળ લીલાઓનું સુક્ષ્મ રિતીથાં ચિત્રણ કરવામાં આવેલ છે જેમાં બાલ સ્વભાવ—બાલ મનોવિજ્ઞાનની સુક્ષ્મ વાતોને એવા સહજ ઢંગથી નિરૂપણ કરવામાં આવેલ છે કે પઠન કરનાર વાત્સલ્ય રસમાં નિમગ્ન બની જાય છે, આવુ સુક્ષ્મ ચિત્રણ ભારતીય ભાષા જ નહિ. પરંતુ વિશ્વની કોઈ પણ ભાષા સાહિત્યમાં ગોતવા છતાં પ્રાપ્ત થતું નથી.

રીતિકાલીન કવિઓએ નાયિકા ભેદ લખેલ છે તેઓ પણ સુરદાસજીથી પુર્ણ પ્રભાવિત રહેલ છે જો કે તેઓનો ઉદ્દેશ ભગવદ્ ભકિત ન હોય આશ્રિત રાજાઓને પ્રસન્ન કરવાનો મુખ્ય ઉદ્દેશ રહેલ છે એટલા માટે જ તેઓની રચના ભકિતપૂર્ણ ન રહેતા ફકત શ્રૃંગારમયી રહેલ છે રીતિમુકત કવિઓ ઉપર અષ્ટ છાપનો ભકિતમય પ્રભાવ સ્પષ્ટ દેખાય છે.

શાસ્ત્રીજીએ સુર સાહિત્યનો સવિસ્તાર પરિચય આપતા તે વાતને પ્રમાણીત કરી કે સુરદાસજી જન્માંધ હોવા છતાં તેમના ઉપર જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી તેમજ ભગવાન શ્રી કૃષ્ણની પુર્ણ કૃપા થતા દિવ્ય દૃષ્ટિ દ્વારા ભગવાને જે જે લીલાઓના દર્શન કરાવ્યા તેનું સુંદર રીતે રચેલા પદોમાં વર્ણન કરવામાં આવેલ છે. જેનું નામ સુર સાગર, સાહિત્ય લહરી, તેમજ સુર સારાવલી છે. એટલા માટે જ શ્રીમદ વલ્લભાચાર્યજી સુરદાસજીને સુરસાગર કહીને બોલાવતા તેમજ શ્રી વિઠલનાથજી (શ્રી ગુંસાઈજી) સુરદાસ કો "પુષ્ટિ કા જહાજ કહકે ઉનકી સરાહના કરતે.

શાસ્ત્રીજીએ નવીન અને સરલ એવી શૈલી વિકસાવી છે કે જેનાથી પ્રભાવિત થઈ સંગીતના તાલ–લય અને સુરોથી અપરિચિત વ્યકિત પણ સાથે સાથે ગાન કરી આનંદ લઇ શકે છે. કથા પ્રવચનો માટે આ પ્રકારની શૈલી અત્યંત આવશ્યક છે જેથી પદોમાં છૂપાયેલા ભાવ—વૃજ ભાષાના પ્રચલિત શબ્દો તથા તત્સમ અને અને તદ્ભવ શબ્દોથી સુસજ્જીત સુરદાસજીની ભાષાને સમજવામાં સરલતા થાય છે.

આવા અનોખા સત્સંગ સત્રનો લાભ માણનાર વૈષ્ણવો પોતાને કૃતકણાર્થ બન્યા માની ભાવવિભોર બની અનેરો આનંદ પ્રાપ્ત કરેલ. સાથો સાથ પ્રસંગોચિત નિત્ય નવીન મનોરથ શ્રી ઠાકોરજીનાં સૂખના વિચારની સાથે સુંદર સજાવટને કારણે વૈષ્ણવોએ દર્શનનો અનેરો અલૌકિક આનંદ પ્રાપ્ત કરેલ તેમજ નિત્ય રાત્રિના રાસ, કિર્તન સંમેલન, ઢાઢીલીલા, મહિયારીલીલા. પાઠશાળાનાં બાળકો દ્વારા ત્યા મહિલાઓ દ્વારા ત્રિવિધ સ્પર્ધાઓનાં આયોજનથી વૈષ્ણવો જે પુષ્ટિ માર્ગીય કલાઓ જ્ઞાન પ્રાપ્ત થયેલ અને આનંદ માણેલ તેમજ ગોસ્વામી બાલકોના નિત્ય વચનામૃતનો લાભ પ્રાપ્ત થયેલ.

પુ. પા. ગો. શ્રી ગોવીંદરાય મહારાજ (પોરબંદર), ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (રાજકોટ) ગો. શ્રી વ્રજેશકુમાર મહોદય (કામવન–રાજકોટ), ગો. શ્રી રસીકરાયજી મહારાજ (પોરબંદર–રાજકોટ) ગો. શ્રી ચંદ્રગોપાલજી મુરલીધરજી મહારાજ (પોરબંદર–વેરાવલ), ગો. શ્રી દામોદરજી મહારાજ (માંડવી–રાજકોટ), ગો. શ્રી ગોપીકાલંકારજી મહોદય (રાજકોટ) ગો. શ્રી ગોકુલનાથજી મહોદય (રાજકોટ) તેમજ પુજ્ય ભાભીજી મહારાજ પુજ્ય બેટીજી, ગોસ્વામી બાલકો ત્થા વહુજીઓએ ઉપસ્થીત રહી માર્ગદર્શન આપવા સાથે આશીર્વાદ પ્રદાન કરેલ.

**શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૧૦ ※ જાન્યુઆરી, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

# ભગવદીય દૃષ્ટિ ઔર ઘટનાઓં

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિયો યતઃ ॥

જીવનના નિર્માણમાં પ્રસંગોનું ઘણું મહત્વનું છે. માનવ જીવનનું નિર્માણ પ્રસંગો દ્વારા જ થાય છે. પ્રસંગનો મતલબ શું ? આ પણ એક સમજવાની વાત છે. બનાવને પ્રસંગ કહીએ છીએ અને વ્યકિતના સમાગમને સત્સંગ કહેવાય છે. બનાવોનો જે ક્રમ છે તે તો છે પ્રસંગ, અને સંત પુરુષોનો જે સમાગમ તે છે સત્સંગ.

પ્રસંગ તો જીવનમાં સારા અને ખરાબ બન્ને પ્રકારના આવતા રહે છે. અત્યારે પણ આવે છે, અને ભવિષ્યમાં પણ આવશે જ. તેમાં કોઇ વિકલ્પ ન થઇ શકે, પરંતુ પ્રસંગોનો હૃદય પર જે પ્રભાવ પડે છે તે ખૂબ જ મહત્વનો છે, અને ખરાબ પ્રસંગનો પણ પ્રભાવ

પડે છે. આ પ્રભાવ ઘણો વિલક્ષણ હોય છે. આપણે તેની તરફ ધ્યાન નથી આપતા. આપણે તેને એક સામાન્ય બનાવ માની લઇએ છીએ. આવા બનાવ તો જીવનમાં બનતા જ રહે છે. પરંતુ વિચાર કરીને આપણે જોઇશું તો જીવન પર બનાવનો પ્રભાવ ઘણો મહત્વપૂર્ણ પડે છે અને તે પોતાની છાપ પણ છોડી જાય છે. છાપ શું છે? પ્રભાવ જ છાપ છે. જે બનાવ બની જાય અને હૃદય સાથે તેનો કોઇ સંબંધ ન થાય, તેની કોઇ અસર ન થાય, તો તે ભૂલાય જાય છે. તેને ભુલી જઇએ છીએ અને જેની અસર હૃદય પર પડે છે તે વસ્તુ કાયમી બની જાય છે. તો આપણા લોકોનો એવો સ્વભાવ પડી ગયો છે કે, પ્રકૃતિ થઇ ગઇ છે કે બનાવને આપણે ધ્યાનથી ગ્રહણ નથી કરતા. કયા બનાવને કેવા રૂપમાં ગ્રહણ કરવો જોઇએ, એ જીવનની સફલતાનો મૂળ મંત્ર છે. કયા બનાવને કયા રૂપમાં ગ્રહણ કરવો જોઇએ એ આપણે નથી સમજતા. સામાન્ય માનીને તેની ઉપેક્ષા કરીએ છીએ. કોઇ પણ બનાવ બને, તેને આપણે સારાંરૂપે ગ્રહણ કરીએ એમ બનવું જોઇએ.

કોઇ પણ બનાવ બને, કોઇ પણ પ્રકારનો બને, જેને આપણે ફાયદાકારક સમજીએ એવો બનાવ બને અને જેને આપણે નુકશાનકારક માનીએ છીએ એવો બનાવ બને. બંને બનાવને આપણે સારા રૂપમાં ગ્રહણ કરવા જોઇએ. ત્યારે બનાવનો સારાંશ, તેનો લાભ આપણે મેળવી શકીએ. સામાન્ય રીતે એવું બને છે કે સારા બનાવનો પ્રભાવ સારો પડે છે અને ખરાબ બનાવનો પ્રભાવ ખરાબ પડે છે.

સામાન્ય રીતે આમ બને છે, પરંતુ જેમની દૃષ્ટિ ભગવદીય બની ગઇ છે, થઇ ગઇ છે અને ભગવાન જ જગતમાં બધું કરે છે એવો જેનો વિશ્વાસ દૃઢ થઇ ગયો છે એવી વ્યક્તિ કોઇ પણ બનાવ ભલે તેને અનુકૂળ હોય કે પ્રતિકુળ હોય, ભગવદીય દૃષ્ટિથી જુએ છે. દૃષ્ટિ બે પ્રકારની હોય છે. એક લૌકિક દૃષ્ટિ અને બીજી ભગવદીય દૃષ્ટિ. લૌકિક દૃષ્ટિ તો આપણા બધાની છે. જેને જેવો જોઇશું તે જેને જેવો જુએ છે, તેવો જોઇ તો લે છે પરંતુ તેવો જ માનતા નથી, આપણે માની લઇએ છીએ. આ ફરક છે. લૌકિકજન જેને જેવો જોશે, તેવો માની લેશે અને ભગવદીયજન જેને જેવો જોશે, તેવો જોશે જરૂર, પરંતુ તેવો માનશે નહીં. તેઓ દરેક સ્થિતિમાં પોતાની દૃષ્ટિ ભગવદીય રાખશે અર્થાત્ જે કંઇ પણ બનાવ બને છે તે બધા ભગવદ્ ઇચ્છાથી બને છે. આપણો પ્રયત્ન આપણી ઇચ્છા તેમાં કંઇપણ કામ નથી કરી શકતી તે ન તો આપણો પ્રયત્ન કરી શકે છે કે ન આપણી ઇચ્છા કામ કરી શકે છે. મનુષ્ય તો અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરતો રહે છે, પરંતુ તેનો સંકલ્પ વિકલ્પ અનુસાર શું બનાવો બને છે? નથી બનતા. બનાવોનું નિર્માણ કરવું એ આપણા હાથની વાત નથી.

આપણે વસ્તુનું નિર્માણ કરી શકીએ. આપણે પદાર્થ એકઠો કરીને તેમાંથી એક વસ્તુ બનાવી શકીએ. આ બની શકે છે. પરંતુ બનાવ નથી બનાવી શકતા. દુનિયામાં કોઇ બનાવ બનાવી શકે છે? હીરોશીમા પર બોંબ પડયો કોઇને કલ્પના હતી કે આ બનવાનું છે?

સ્વપ્નમાં પણ કોઇએ જાણ્યું હતું, માન્યું હતું, સમજ્યું હતું ? અસંભવ વાત થઇ ગઇ. આ બનાવ જ હતો ને ? બીજું શું હતું ? આને બનાવ સિવાય બીજું શું કહીશું ? કહેવાનો આશય એ છે કે સારા અથવા ખરાબ બધા પ્રકારના બનાવ વિશ્વમાં હંમેશા બનતા આવ્યા છે આજ જ બનતા હોય એવી વાત નથી. આપણા માટે બનતા હોય એવી વાત નથી.

હંમેશા બનતા આવ્યા છે અને દરેક માટે બનતા આવે છે. પરંતુ બનાવનો જે પ્રભાવ છે તે હૃદય પર કેવી રીતે પડે છે એ એક મહત્વપૂર્ણ સમજવાની વાત છે. તો આપણે આપણી દૃષ્ટ ભગવદીય બનાવવી જોઇએ. ત્યારે આપણે બનાવના પ્રભાવથી મુકત થઇ શકીશું.

લૌકિક દૃષ્ટિ રહી તો તે કયારેય આ શકય નથી. લૌકિક દૃષ્ટિ તો જેવા પદાર્થ છે તેવા જોશે અને ભગવદીય દૃષ્ટિ જે છે તે તે પદાર્થને જોશે જરૂર, પરંતુ તેવા માનશે નહીં. હીનમાં હીન પદાર્થ હોય તેને પણ તે હીન નહીં કહે. ભગવદીય દૃષ્ટિને હીનથી શું મતલબ ? નીચલા પ્રકારનું, નીચે પડેલું, તેને તો હીન કહીએ છીએ. જગતમાં કોઇ નીચલી જાતિનું કોઇ છે જ નહીં. જગતમાં કોઇ નીચલી જાતિનું શું કોઇ છે ? જેમને આપણે નીચલી જાતિના કહીએ છીએ, નીચ કહીએ છીએ, દુષ્ટ કહીએ છીએ, લુચ્ચા કહીએ છીએ. તેઓ પણ આપણા ભગવાનના એક અંશ છે.

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

# "આપણી આવશ્યકતાઓ"

## પૂ. પા. ગો. શ્રી ગોવર્ધનેશજી મહારાજ વેરાવળ

આજથી ૫૦૦ વર્ષ પૂર્વે નાનાવિધ વાદોથી ગ્રસ્ત એવા જીવોના ઉદ્ધાર માટે શ્રી ભગવન્મુખાર શ્રી મહાપ્રભુજીએ નાના પ્રકારની આંટીઘૂંટીથી રહિત અને સરળતાથી પ્રભુને મેળવવા માટે **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'**ની સ્થાપના કરી. જ્ઞાનમાર્ગ-કર્મમાર્ગ આદિ દ્વારા ભગવત્પ્રાપ્તિ આ કલિકાલમાં દુઃસાધ્ય છે. ભાગવતમાં ભગવાન બાદરાયણ **'કલૌ કેશવ કીર્તનાત્'** ને કહી કલિ મા કેવળ શ્રીહરિના નામસ્મરણ ઉપર ભાર આપે છે, કેમ કે કલિયુગમાં કર્મ, કર્તા, દેશ, કાલ આદિ નષ્ટ ભ્રષ્ટ થઈ ગયાં છે. જેથી એ રીતે ભગવત્પ્રાપ્તિ થવી અશકય છે માટે જ આપશ્રીએ ગોપીજનોને આદરનું સ્થાન આપી એમના માર્ગનું અનુસરણ કરી નિઃસાધન ભકિતમાર્ગની સ્થાપના કરી છે અને અન્ય માર્ગો કરતાં પુષ્ટિમાર્ગનું શ્રેષ્ઠત્વ નિરીક્ષણ કરી **'શ્રી કૃષ્ણાશ્રય'** ગ્રન્થમાં પ્રભુ પ્રાપ્તિનો સુંદર માર્ગ ચીંધ્યો. **અરે**, આજનું સાચું મુકિત સાધન ભગવાન બાદરાયણકૃત શ્રીમદ્ભાગવતના ગૂઢાર્થો ઉપર પ્રકાશ ફેંકી પ્રાણીમાત્રના ઉદ્ધાર માટે ઉદાત્ત આદર્શો અને સિદ્ધાંતોની સ્થાપના કરી, દેશ, પરદેશ ભ્રમણ

કરી, વિવિધ મતમતાન્તરોનું ખંડન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો નાદ ગાજતો કર્યો અને **'સર્વોદ્ધાર પ્રયત્નાત્મા કૃષ્ણઃ પ્રાદુર્ભૂવ હ'**નો પડકાર કરી અવળે રસ્તે દોરાતી જનતાને સરલતાથી આ શ્રેષ્ઠ માર્ગ ચીંધી માનવ કલ્યાણનું ઉત્તમ કાર્ય કર્યું છે સાથે સાથે માર્ગની દૃઢતા માટે ઉત્તમોત્તમ સુંદરતમ ગ્રંથોનો અમૂલ્ય વારસો મૂકયો છે.

શ્રીમહાપ્રભુજી પછી તેમનું આ કાર્ય તેઓશ્રીના અનુગામીઓએ શ્રીશુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની મહત્તા અને સીમા ઘણી વધારી હતી. તદુપરાંત તેની સ્થિરતા માટે વિવિધ પ્રકારનું વિશાળ સાહિત્ય તૈયાર કર્યું. ખેદ સાથે લખવું પડે છે કે આચાર્ય ચરણ અને તેમના અનુગામી વર્ગ દ્વારા નિર્મિત અને વિકસિત આ સાહિત્ય અત્યારે ઘણા પ્રમાણમાં અપ્રકાશિતદશામાં પડ્યું છે.

આજનું વાતાવરણ એટલું બધું પલટાઇ ગયું છે કે, લોકહિતની ઉદ્દાર ભાવનાથી બનેલું સાહિત્ય ભરનિદ્રામાં સૂઈ રહ્યું છે. કોણ જાણે કયારે પ્રકાશમાં એ લેવાશે. અગર તો લાવવા યત્ન કરાશે ! એનો તલસ્પર્શી અભ્યાસ અને પ્રચાર કયારે કરીશું ?

આવા ભગીરથ પ્રયત્નો તો કોઇ પણ એક વ્યકિત વિશેષથી ન બની શકે. આના માટે તો સંપ્રદાયમાં સ્થિત તમામ બળો એકત્રિત બની અને સામૂહિક કાર્ય કરે તો જ આપણું સાહિત્ય પ્રકાશમાં આવી શકે.

જો કે અત્યારે પણ આપણા સંપ્રદાયમાં જાગૃતિ આવી છે, એક નહીં અને બીજી રીતે સંગઠનો સાધવા માટે અલગ–અલગ પ્રયત્નો થઇ રહ્યા છે, તેમજ સંપ્રદાયની સાહિત્ય સેવા પણ નાના પ્રકારે થઈ રહી છે, પરંતુ એ બધાં કાર્યોમાં વિપુલ ધનરાશિની આવશ્યકતા સમાયેલી છે. તેના અભાવે જે કાર્યો જે રીતે થઈ રહ્યાં છે તેમાં કચાશ દેખાય છે. જે રીતે જોઇએ એ રીતે થઇ શકતાં નથી. અને આમાના ઘણાં કાર્યો અને પ્રયાસો તો ચોમાસાના અળશિયાંની જેમ ઊગ્યાં પણ ખરા ને પાછા નષ્ટ થઇ ગયાં. તેથી જ સામૂહિક બળની આવશ્યકતા છે.

અગર મારી આ નમ્ર સૂચના ઉપર આપણા સંપ્રદાયમાં સ્થિત દરેક મહાનુભાવો પોતાની શકિતને આમાં સામૂહિક રીતે અર્પે તો આજનો સુષુપ્ત સંપ્રદાય તે આવતી કાલનો ઝળહળતો **'વિશ્વધર્મ'** બની રહે. પરંતુ દરેક મહાનુભાવોએ માનાપમાનાદિ સાંસારિક વસ્તુઓ ત્યાગી આ ભગીરથ કાર્યોમાં ખભેથી ખભો મેળવી સહયોગ આપશે તો સંપ્રદાયનું અને સંપ્રદાયના સાહિત્યનું પુનરુત્થાન થશે.

અત્યારની આપણી આવશ્યકતાઓ નીચે મુજબની ગણી શકાય :–

(૧) સંપ્રદાયમાં સ્થિત સાહિત્ય, સંગ્રહસ્થાનો ભેગાં મળીને પોતાની પાસેનું સાહિત્ય એકઠું કરી એક 'સૂચિ' તૈયાર કરે. જેમાં ગ્રંથ કર્તાનું નામ, ગ્રંથની ભાષા, લેખનનો સમય, તથા અદ્યાવધિ કયાં હતો આદિ વિગતો હોય. તદુપરાંત કયા કયા ગ્રંથો અપ્રકટ છે ? કયા કયા ગ્રંથોનું પુનર્મુદ્રણ કરવાની આવશ્યકતા છે ? અને એ નિર્ણય દ્વારા એના વિવિધ ભાષાના અનુવાદો કરવા.

(૨) સંપ્રદાયના પ્રચાર માટે પ્રચારકો અને વિદ્વાનોની આવશ્યકતા છે અને અન્ય ભાષાઓમાં અર્વાચીન દૃષ્ટિએ પ્રાચીન ગ્રંથોને આધારે નવા ગ્રંથો રચવામાં આવે અને ધીમે ધીમે ભારતમાં પ્રચલિત તમામ સાંપ્રદાયિક ગ્રંથોનો અનુવાદ કરવામાં આવે. અર્વાચીન દૃષ્ટિએ તૈયાર થયેલું આ સાહિત્ય જગતમાં જરૂર જાગૃતિ લાવશે.

(૩) સંપ્રદાયમાં સ્થિત સાહિત્ય પ્રકાશન સંસ્થા અને ટ્રસ્ટ ફંડોનું એકીકરણ કરવામાં આવે.

(૪) સંપ્રદાયના તમામ સામયિકોનું એક યૂથ બનવું જોઇએ. અને એક ધ્યેય તથા નીતિરીતિથી તેનું સંચાલન થાય. તેમજ થાય તો બધાને એકબીજામાં વિલીનીકરણ કરી એક જ દળદાર તથા પ્રાણવાન સાહિત્ય નીકળવું જોઇએ અને આગળ વધીને તેના જુદી જુદી ભાષાના સંસ્કરણો નીકળવા જોઇએ.

(૫) શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગનો આદિથી માંડી આજસુધીનો સંપૂર્ણ ઇતિહાસ સપ્રમાણ લખાવો જોઇએ અને વૈષ્ણવોના અધિવેશનો પ્રમુખ શહેરોમાં ભરી, લોક સંપર્ક અને એકતા સાધી, સંગઠન દ્વારા જાગૃતિ લાવી જનતામાં ઘૂસી ગયેલી અકર્મણ્યતાનો નાશ કરી ખોટી માન્યતાઓને સપ્રમાણ દૂર કરવી જોઇએ.

મારી દૃષ્ટિએ ઉકત કાર્યો માટે વિચાર અને નિર્ણય થવો જરૂરી છે. સર્વની દૃષ્ટિ આ તરફ આકૃષ્ટ કરવા માટે અહીં ઉલ્લેખ કર્યો છે. આ કાર્ય પ્રણાલીમાં બીજા ઘણી ઘણી જાતના સુધારા વધારાને અવકાશ છે; પરંતુ હાલ તો આટલું થાય તો પણ ઘણું જ છે એમ મારું મંતવ્ય છે.

[ અગ્નિકુમાર વર્ષ ૩ અંક ૧ સંવત ૨૦૧૮ માંથી સાભાર ]

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભકિતવર્ધિની

## ગ્રન્થ – પરિચય

લેખક –: **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

ભાષાન્તર –: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

ભકિતમાર્ગીય જીવ આવ્યાવૃત્ત પણ હોઇ શકે છે અને વ્યાવૃત્ત પણ હોઇ શકે છે. તેથી બન્ને પ્રકારના જીવોમાં ભકિતના બીજભાવની દઢતા માટેના ઉપાય પણ શ્રીમહાપ્રભુજીએ દર્શાવ્યા છે.

**આવ્યાવૃત્ત તેમજ વ્યાવૃત્ત અધિકારી જીવોની ભકિતના બીજભાવોને દઢ કરવાના ઉપાય–**

બધી ઇન્દ્રિઓ તથા મનની અહમહમિકતા (એટલે "પહેલાં હું-પહેલાં હુંની ઉતાવળ દુર કર કરીને ભગવાનના કાર્યોમાં મગ્ન થઇ જવાની અથવા સેવામાં તત્પર થવાની વૃત્તિ એટલે આપણી અહન્તાનો ભગવાનમાં વિનિયોય કરવો (જોડાણ કરવું) એ છે. એ કરવા માટે અનન્યભાવ જરૂરી હોય છે. 'ભાવ'નો અર્થ થાય છે. આપણા અંતઃકરણમાં ધારણ કરવામાં આવેલી રુચિ અથકા તો અભિપ્રાય. એ ભાવ જો માત્ર ભગવાનની બાબતમાં (વિષયમાં) હોય તો તેને "અનન્ય ભાવ કહે અન્યથા (૧) કોઇ બીજા દેવતાઓ વિષે (૨) કોઇ અન્ય લૌકિક વસ્તુ યા તો વ્યકિતને વિષે અથવા (૩) પુષ્ટિમાર્ગીય ફલથી ભિન્ન (જુદા) કોઇક ફલને વિષે હોય ત્યારે આપણા હૃદયની રુચિ યાને ભાવનાના પ્રબળ થવાને લીધે આપણી કૃષ્ણ ભકિત અનન્ય ભાવાત્મિકા બની શકશે નહીં.

"અનન્ય ભાવ"વાળા ભકતો જ અવ્યાવૃત્ત બની શકે છે. જેમની ભકિત અનન્ય ભાવિકા થઇ શકતી નથી તેઓ અવ્યાવૃત્ત નહીં બની શકે. અન્યાન્ય ભાવ આપણા દેહને તથા અંતઃકરણને વ્યાવૃત્ત દશામાં રાખશે-તેઓ (બન્ને) પોતાની પૂર્તિની કામનાના ભાવોને આપણી અંદર પેદા કરીને આપણને વ્યાવૃત્ત બનાવી દેશે-આપણાથી અવ્યાવૃત્તિ પૂર્વકનું ભજન સંભવિત નહીં થાય. એવી સ્થિતિમાં પુષ્ટિ ભકિતમાર્ગ પર ચાલવાનો બુદ્ધિગત નિર્ણય કરેલો હોવા છતાં (આપણું) હૃદય આ પુર્વોકત અન્ય ભાવોની પુતિના પ્રયાસમાં અહીં-તહીં ભટકતું રહેશે-વ્યાવૃત્ત રહેશે, એવી સ્થિતિમાં શ્રીકૃષ્ણની પુજા યા કાયિકી સેવા કરતા રહેવા છતાં પણ પેલા સેવા ફલમાં દર્શાવેલી-ભોગ, ઉદ્વેગતથા પ્રતિબંધોથી રહિત સેવા નહીં કરી શકાય ફલસ્વરૂપે એવી સેવા વ્યગ્રતાને વધારવાનું જ કારણ બનશે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પહેલાં કહેવામાં આવેલ અન્ય દેવો, અન્ય પદાર્થો, અન્ય માર્ગો અથવા તો અન્ય ફલોને કારણે જેમના દેહ તથા અંતઃકરણ બાહ્ય તથા આન્તરરૂપમાં વ્યાવૃત્ત ન હોય એવા જીવોએ ભગત્પુજા તથા ભગવત્કથા એ બન્નેમાં જ તત્પર રહેવું જોઇએ. પરંતુ જેમના દેહ યા તો અંતઃકરણ કોઈ અને કોઇ પ્રકારે વ્યાવૃત્ત હોય તેવા જીવોએ કૃષ્ણ સેવાનું અનુષ્ઠાન (પ્રારંભ) એકદમ શરૂ કરી દેવું ન જોઇએ. પ્રારંભમાં (શરૂઆતમાં) કેવલ ભગવત્કથાના શ્રવણ, ચિન્તન તથા કીર્તનની પ્રણાલીથી ચિત્તને અનન્યભાવવાળું બનાવવું જોઇએ (ભાવાન્ત સહિતોવા. સહિ દેવાન્તર વિષયઃ પદાર્થાન્તર વિષયઃ માર્ગાન્તર વિષયો વા. તત્સહ ભાવોત્ર, નિષિધ્યતે ફલભાવશ્ચ. સુબોધિની, ૩-૨૫-૨૨)

આ સુબોધિનીની ભાગવત કારિકામાં ભકિતનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવવામાં આવેલું છે.

મય્યનન્યેન ભાવેન ભકિતં કુર્વન્તિ યે દઢામ્ ।
મત્કૃતે ત્યકત કર્માણસ્ત્યકત સ્વજન બાન્ધવાઃ ॥
મદાશ્રયાઃ કથામૃષ્ટાઃ શ્રૃણ્વન્તિ કથયન્તિ ચ ।

* * *

त એતે સાધવઃ સાધ્વિ ! સર્વ સંગવિ વર્જિતઃ ।
સંગસ્તેષ્વવથ તે પ્રાર્થ્યઃ સંગ દોષ હરા હિ તે ॥
( ભાગ. ૨ / ૨૫ / ૨૨–૨૪ )

વ્યાખ્યા :- ( એટલે અર્થ–ટીકા ) જેઓ ભગવાનમાં અનન્યભાવ રાખીને ભગવાનની દઢ ભક્તિ કરે છે, જેમણે આળસને લીધે નહીં પરંતુ ભગવાનને માટે વેદાદિ શાસ્ત્રોમાં કહેલાં અલૌકિક કર્મોનો તથા લૌકિક સ્વજન બાંધવોનો ત્યાગ કરી દીધો હોય, એવા ભક્તોની સોબત કરવી જોઇએ. નિરન્તર ભગવત્સેવા અથવા ભગવત્સ્મરણમાં બધાં કર્મો તથા સંબંધો બાધક બને છે. અનન્ય ભાવમાં કંઇક તો બાધા ( અડચણ–રુકાવટ૦અવરોધ ) પહોંચાડે જ છે. તેથી તેમાં વ્યાવૃત્ત થયા વિના પૂજા શ્રવણાદિમાં તત્પર થવું (રહેવું) જોઇએ. પરંતુ બધા અધિકારી જીવોમાં એવી સ્વરૂપાસક્તિ હોવાનો સંભવ નથી. ફલની દૃષ્ટિએ (ફલ સ્વરૂપે) કથા આસક્તિ ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાઓના શ્રવણ તથા કથનમાં આસક્તિ જેમની દઢ હોય તેવા લોકોનો સત્સંગ કરવો જોઇએ. એવા ભગવદીઓના સત્સંગ કરવાથી, એમના મુખથી થતી કથાનું શ્રવણ કરવાથી તથા સ્વયં (પોતે–જાતે) પણ ચિન્તન–કીર્તન કરવાથી, લૌકિક વિષયોમાંથી મમતા દૂર થઇને ભગવાનમાં (એ મમતા) જોડાઇ જશે.

એટલા માટે જ શ્રીમહાપ્રભુજી કહે છે કે જેઓ વ્યાવૃત્ત છે તેમણે સ્વરૂપ ભજનને બદલે નામ ભજનમાં પ્રવૃત્ત થવું જોઇએ. આ જ શ્રવણ–ચિન્તન–કીર્તનની પ્રણાલી દ્વારા તેમનો બીજભાવ પ્રેમ–આસક્તિ–વ્યસનની અવસ્થાઓમાં વિકસિત થઈ શકશે.

બીજભાવ દઢ થયો છે એમ ત્યારે જ જાણવું જ્યારે આપણા દેહ તથા અંતઃકરણની વ્યાવૃત્તિ બીજા દેવતાઓમાંથી, બીજા પદાર્થોમાંથી ઘટતી ઘટતી સૌથી ઓછામાં ઓછી થતી જતી, સર્વથા સમાપ્ત થઇ જાય. ઘરમાં ભગવત્ સેવા જેમનાથી નિભાવી શકાતી ન હોય પરંતુ ભગવત્કથાના શ્રવણ–ભાવન–કીર્તનની પ્રણાલીથી જેઓ પોતાની ભક્તિના બીજભાવને દઢ કરવા માટે આગળ વધે છે, તેમને આ યાત્રામાં કોશસ્તમ્ભ (માર્ગ–સૂચક સ્તંભો (Mile Stones) પોતાની ભક્તિના માર્ગ પર મળશે.

(ક) જ્યારે બીજભાવ ભગવત્સેવાના રૂપમાં અંકુરિત થઇ જાય છે ત્યારે ગૃહસ્થનો પોતાના ઘર પરિવારમાં રહેલો અનુરાગ દૂર થઇ જાય છે. આ અવસ્થા ઘણી વિલક્ષણ છે. ભગવાનમાં અનુરાગ વધવા લાગે ત્યારે ભગવદ્ ભક્તિમાં અનુપયોગી ( બિનજરૂરી–જેનો ખપ ન હોય તેવી ) પ્રત્યેક વસ્તુમાં ઘર–પરિવાર વગેરેમાં અનુરાગ ઓછો થતો જશે.

જેઓ અવ્યાવૃત્ત બનીને પોતાના ઘરમાં નિવાસ કરે છે તેમનો અનુરાગનો નાશ થાય તે આવશ્યક નથી. કારણ કે તેમનું ઘર તેમની અહન્તા–મમતાને સંતુષ્ટ કરવા માટે નથી હોતું, પરંતુ ભગવત્સેવાનું સ્થળ એ ભગવાનનું મંદિર જ હોય છે, તેમનો પરિવાર પણ સાંસારિક મમતાના બન્ધનથી બંધાયેલો નથી હોતો. પરન્તુ ભગવત્સેવા કરવાવાળા વિભિન્ન–જુદા જુદા સેવકોનો, ભક્તિના બંધનથી બંધાયેલો, પરિવાર હોય છે આ કારણને લીધે બીજભાવ પ્રેમાત્મા વડે અંકુરિત થાય છે. પરંતુ બીજી બાજુએ રાગનો વિનાશ નથી થતો. —ક્રમશઃ

# ભગવદ્ નામ સ્મરણ ધ્વનિ

[ પૂ. પા. ગો. શ્રી શરદકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી વલ્લભાશ્રય ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત 'સૂરસાહિત્ય સમારોહ'નું તા. ૧-૧૨-૯૪ થી તા. ૧૧-૧૨-૯૪ સુધી આયોજન 'પારાસોલી' દરબાર ગઢ-રાજકોટમાં થયેલ, તેમાં વ્યાસાસનેથી શાસ્ત્રીજી શ્રી સતીષકુમાર શર્મા (ગ્વાલીયરવાળા)એ પ્રસંગોપાત ભગવદ્ નામસ્મરણ ધ્વનિ પોતાના સુમધુર કંઠે શ્રોતાજનોને લેવરાવી આનંદવિભોર બનાવેલ. તેમાંથી કેટલીક ધ્વનિઓ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે, જે ધ્વનિ ઘરકામ કરતાં અને બાળકોને રમાડતાં બોલવામાં આવે તો ઘરમાં ભગવદ્નામ ગુંજતું રહેશે ને આનંદપ્રદ બનશે.

—સંપાદક ]

મેરે તો આધાર શ્રી વલ્લભ કે ચરણાવિંદ,
વલ્લભ કે ચરણવિંદ વલ્લભ કે ચરણાવિંદ,
મેરે હ્રદયકો હાર શ્રી વલ્લભકે ચરણાવિંદ,
સબ સારકો સાર શ્રી વલ્લભકે ચરણાવિંદ,
સર્વ કાલકો કાલ શ્રી વલ્લભકે ચરણાવિંદ,
દેખો વારંવાર શ્રી વલ્લભકે ચરણાવિંદ,
નિરખો વારંવાર શ્રી વલ્લભકે ચરણવિંદ,
શ્રી વલ્લભકે ચરણારવિંદ શ્રી વિઠ્ઠલકે ચરણાવિંદ,
જાઉં મેં બલિહારી શ્રી વલ્લભકે ચરણાવિંદ....

મેરે નંદલાલા ગોપાલા,
બલિહારી જાવે બ્રજબાલા,
પ્યારો નંદલાલા ગોપાલા,
તેરે ઉરમેં બિરાજે વનમાલા નંદલાલા,
મેરે મનમેં બસ ગયો બંસીવાલા.

ગોકુલકો ચંદા ગોવિંદા,
મેરો બાલમુકુંદા ગોવિંદા
આનંદ ગોકુલ ગોવિંદા,
ગોપી મન ફંદા ગોવિંદા
આનંદકો કંદા ગોવિંદા
ગોવિંદા ભજ ગોવિંદા

મેરો રાધા રમણ ગિરિધારી,
ગિરધારી શ્યામ બનવારી,
મેરો ઠાકુર કુંજ બિહારી,
હરિ મુકુટ કાછની ધારી,
છબી નિરખ જાઉં બલિહારી.

નંદલાલાકી જય, ગોપાલાકી જય,
બોલો મોહન મુરલીવાલાકી જય,
પ્યારો મોહન મુરલીવાલાકી જય,
મેરો મોહન મુરલીવાલાકી જય.

ગોવિંદ હરે, ગોપાલ હરે;
જય જય ગોવિંદ હરે,
જય જય પ્રભુ દીન દયાલ હરે.

ગોવિંદ મેરો હે, ગોપાલ મેરો હે;
ગોવરધનધારી શ્રી નાથ મેરો હે,
મેરે નયનકો તારો નંદલાલ મેરો હે,
નંદ જશોદાકો લાલ મેરો હે,
મેરી આંખિનકો તારો નંદલાલ મેરો હે,
મોહે પ્રાણસે પ્યારો નંદલાલ મેરો હે,
મોર મુકુટવારો નંદલાલ મેરો હે,
નંદ જશોદા દુલારો નંદલાલ મેરો હે.

ગોવિંદ જય જય, ગોપાલ જય જય
રાધા રમણ હરિ, ગોવિંદ જય જય.

વલ્લભકી જય જય, વિઠ્ઠલકી જય જય,
શ્યામ સુંદર શ્રી યમુને કી જય જય.

દેવાધિ દેવ હે વાસુદેવ,
કોટિક દેવ ચાહે તેરી સેવ.

રાધે રાધે ગોવિંદ રાધે રાધે,
રાધે... રાધે.... રાધે.... રાધે.

રાધે રાનીકી જય, મહારાનીકી જય;
બોલો બરસાને વાલેકી જય જય જય,
મનમોહન પ્યારેકી, જય જય જય,
બોલો કિરત કુમારીકી જય જય જય,
વૃષભાન દુલારીકી જય જય જય.

શ્રી રાધે શ્રી રાધે, રાધે રાધે પ્રિયા પ્રિયા;
હે રાધે હે રાધે, રાધે રાધે પ્રિયા પ્રિયા,
હે શ્યામા હે શ્યામા, શ્યામા શ્યામા પ્રિયા
જય જય....

નાગર નટવર મુરલી અધર ધર,
ગિરિવર ધર જય જય રાધાવર.

રાસ બિહારી, જય હો તિહારી;
જય હો તિહારી, જય હો તિહારી,
જય જય ભક્તન હિતકારી,
જય જય માધવ મુકુંદ બિહારી,
જય જય મુકુટ કાછની ધારી,
જય જય રાધાવર કૃષ્ણ મુરારી,
જય જય કટી પિતાંબર ધારી.

મેરો રાધા રમણ ગિરિધારી,
ગિરધારી શ્યામ બનવારી,
મેરો માધવ મુકુન્દ મુરારિ,
પ્યારો માધવ મુકુન્દ મુરારિ,
છબી નિરખ જાઉં બલિહારી,
હરિ મુકુટ કાછની ધારી,
અધરન પર મુરલી ધારી.

ગોવિંદ માધવ ગોપાલ માધવ
નંદલાલ માધવ નંદલાલ માધવ,
શ્યામ માધવ ઘનશ્યામ માધવ.

ગોવિંદ હરે ગોપાલ હરે,
જય જય પ્રભુ દીન દયાલ હરે.

ભજ ગોવિંદ ગોપાલ
મુરલી મનોહર નંદલાલા

રાધે રાધે ગોવિંદ ગોપાલ રાધા
ગોવિંદ રાધે.... ગોપાલ રાધે

કૃષ્ણ હે ! કૃષ્ણ હે ! કૃષ્ણ હે ! કૃષ્ણ હે !
શ્યામ હે ! શ્યામ હે ! શ્યામ હે ! શ્યામ હે !

॥ શ્રીહરિઃ ॥

# વેણુ ગીત ઘોળ

## (વેણુ ગીત શ્લોક ૧૦ ઘોળ–૫)

(ઢાળ–મથુરામાં મોહનલાલ નહીં દઉં જાવાને)

સખી વૃંદાવન છે કેવો મહા બડભાગી રે,
જ્યાં લક્ષ્મી કરે નિવાસ, વૈકુંઠને ત્યારે, ૧

તેની ભૂમિ ઉપર છાપ, ચરણની લાગી રે,
થયો વૃંદાવન મન મોદ. બન્યો અનુરાગી રે. ૨

ઘેનું ચારે છે દેવકી સુત, સખા સંગ ફરતા રે,
કરે કયારેક મુરલીનાદ, નૃત્ય પણ કરતા રે. ૩

જોઇ નટવર કેરૂં નૃત્ય. મોર પણ નાચે રે;
લીલા નીરખે પશુ ખગ મૃગ, આનંદમાં રાચે રે. ૪

ધન્ય બની વસુધા આજ, વ્રજ પતિ વિહરે રે;
વૃંદાવન ભૂમિમાંઝ, યશ તેનો વિસ્તરે રે. ૫

સખી હૃદય આપણું શ્રીવૃંદાવન જેવું રે;
તેમાં ધરે ન ચરણો શ્યામ, દુઃખ થાય કેવું ? રે. ૬

ગોપી વિરહમાં ગુંણગાન કરી દિન કાપે રે.
**‘લાલ’** આંતર લીલાનું સુખ, શ્યામ તેને આપે રે. ૭

## (વેણું ગીત 'શ્લોક ૧૧ ઘોળ–૬)

(ઢાળ ઓધવ ગોકુળમાં જાવ એવા સુખ ગોકુલમાં)

સજની ધન્ય કહાવે નાર, ભલે આ હરિણી હોય ગમાર;
તેણે શોધી લીધો સાર, ભલે આ હરિણી હોય ગમાર. ટેક.

વેણુનાદ શ્રવણે સૂણીને, જઇ પહોંચી તત્કાળ:
નથી મતિ એની મુઢ લગાર, ભલે આ હરિણી હોય ગમાર. ૧

નંદનંદનની સમીપ ગઇ છે. સંગપતિ કૃષ્ણસાર;
નિરખે હરિને ધરતા શૃંગાર, ભલે આ હરિણી હોય ગમાર. ૨

પ્રણય દૃષ્ટિથી ચિતવે હરિને, જેમ નિરખે વ્રજનાર;
કરી મન સેવાનો વિચાર, ભલે આ હરિણી હોય ગમાર. ૩

યાદ અપાવે રાધાજીની, મોહનને સુખસાર;
કર્યો તેની સેવાનો સ્વીકાર, ભલે આ હરિણી હોય ગમાર. ૪

દૃષ્ટિ બન્નેની એક જ સરખી, ભેદ નહીં જ લગાર;
તેથી રીઝયા નંદકુમાર, ભલે આ હરિણી હોય ગમાર. ૫

હરિણી પેઠે જઈ નથી શકતી, રોકે છે ભરથાર;
ઘરમાં બેઠી બની લાચાર, ભલે આ હરિણી હોય ગમાર. ૬

બુદ્ધિ હોય જો આપ મહીં તો, પતિ વશ કરો નિરધાર;
પતિ સંગ જઇએ વન મોઝાર, ભલે આ હરિણી હોય ગમાર. ૭

ભાગ્ય વખાણે હરિણી કેરૂં, વિરહમાં વ્રજનાર;
'લાલ' પ્રભુ વિના, દુઃખી અપાર, ભલે આ હરિણી હોય ગમાર. ૮

**–કીર્તનીયા લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ**

### આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

# કાવ્ય-કુંજ

## જય શ્રી કૃષ્ણનામ જય જય ગોલોક ધામ રે

શ્રીકૃષ્ણ ધામ નામ ગોલોક ધામ રે
ચૌદ ભુવનના નાથતણું એ છે ધામ રે
શ્રીકૃષ્ણ ગો ગોપ ગોપીઓનું ધામ રે
શ્રીકૃષ્ણ લીલાધામ ગોલોક ધામ રે
નિત્ય નુતન લીલા શ્રી કૃષ્ણ કેલી ધામ રે
પરબ્રહ્મ શ્રીકૃષ્ણતણું નિત્ય ધામ રે
પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ધામ રે
અજર અમર અખંડ અવિનાશી ધામ રે
જરા-મૃત્યુતણું ત્યાં નવ કોઇ કામ રે
રમ્ય રળિયામણું શ્રી ગોલોક ધામ રે
એની તોલે બ્રહ્માંડમાં ન કોઇ ધામ રે
નિર્ગુણ નિરાકાર શ્રીકૃષ્ણ ધામ રે
સગુણ સાકાર શ્રી ઠાકોર ધામ રે
દેવ સૃષ્ટિ જીવ સૃષ્ટિ નિયામક ધામ રે
જીવ અંશ જેના અંશી પ્રભુનું ધામ રે
શ્રીકૃષ્ણ વલ્લભનું નિત્ય ધામ રે
વલ્લભ કુલ પ્રિય નિત્ય લીલા ધામ રે
વલ્લભીય વૈષ્ણવોનું વાલું લીલા ધામ રે
આવ્યા ગોલોક ધામથી વ્રજ ધામ રે
લીલા પરિકર સહ સુંદર શ્યામ રે
કરી અદભૂત લીલા ગોકુલ ધામ રે
લીલા મનમોહક વૃંદાવન ધામ રે
બન્યું લીલા થકી ધન્ય ધરા ધામ રે
રટે ભકતજન ભાવે શ્રીકૃષ્ણ નામ રે
કામ્ય વલ્લભી વૈષ્ણવોનું ગોલોક ધામ રે
જય શ્રીકૃષ્ણ નામ જય જય ગોલોક ધામ રે

**'શ્રીવલ્લભ પદરેણુ'**

### ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

# આંતર ઉદ્ગારો

## ૨૭. જગત પ્રભુનો વિલાસ છે.

પ્રાણીમાત્રમાં ભગવાન અને ભગવાનનું તેજ છે. જળમાંથી જીવ થયા, ભૂમિમાંથી જીવ થયા, આકાશમાંથી જીવ થયા. મૈથુનમાંથી સૃષ્ટિ થઇ, કીડીથી બ્રહ્મા સુધી બધી સૃષ્ટિ પ્રભુમાંથી ઉત્પન્ન થઇ.

સૂરજ ઉગે છે ત્યારે પ્રકાશ થાય છે અને સૂરજ હોય ત્યાં પ્રકાશ થાય છે. પ્રભુ પોતાના રૂપે પણ ખરા ને જગતમાં એ ખરા સૂરજનું તો એક દૃષ્ટાંત છે. આ બધું વિરાટસ્વરૂપમાંથી નીકળ્યું છે. ગમે ત્યાં સુધી રાખે અને ગમે ત્યારે એને સમેટી લે એ. સઘળો પ્રભુનો વિલાસ છે.

જગતના લોકને તો આ સંસાર છે. આ સંસારમાં સારૂં કરે તો પિતૃલોકની પ્રાપ્તિ થાય. અને તે કરતાં સારૂં એટલે યજ્ઞયાગાદિક કરે તો, તો દેવલોકની પ્રાપ્તિ થાય. વળી અન્યમાર્ગી ભગવદીય દેહને દંડ દે, ને પુષ્ટિમાર્ગી તો પ્રભુ પર સ્નેહ રાખે ને અહોરાત્ર તાપ કલેશ કરે. એ તાપ કલેશથી એનો દેહ સુકાઇ જાય. પેલા મર્યાદામાર્ગીય દેહદમન કરીને દેહ રૂધિર સુકવી દે, ને પુષ્ટિમાર્ગીય પ્રભુના વિરહે કરીને દેહ સુકવી દે અને પ્રભુ ઉપર બન્યો, જનાવ્યો અટલ સ્નેહ રહે, આ પુષ્ટિમાર્ગની રીત છે.

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી)

## (પુરૂષોત્તમ પ્રેમે પમાય)

મંત્રાધીન સહુ દેવતા, યોગે વિરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઇ મળે, પણ પુરૂષોત્તમ પ્રેમે પમાય.

પ્રેમ ભકિત વશ પૂર્ણાનંદ,
એ ન પડે અન્ય સાધન ફંદ;
શ્રીમુખે ભાખ્યું ગીતા માંહ્ય,
ન માનો તો જો જો ત્યાંય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૦)

વિવેચન :– દેવો બધા મંત્રથી આધીન બને છે. વિરાટ સ્વરૂપ તે યોગથી વશ થાય. જ્ઞાનિ જ્ઞાન દ્વારા અક્ષરની પ્રાપ્તિ મેળવે છે પરંતુ પુરૂષોત્તમ તો કેવળ પ્રેમભાવથી જ વશ થાય છે બાકીના બધા સાધનો ઓછા પડે છે.

દેવો – "દૈવાધીનં જગત સર્વં મંત્રાધિનાય દેવતાઃ ।"

આ વાકય મુજબ જગત સર્વ દૈવને આધિન પરંતુ દેવો મંત્રને આધિન.

યોગનો અભ્યાસ કરીને વિરાટ વશ કરી શકાય, તેમ જ્ઞાનીઓ પોતાનાં લાંબા કાળનાં જ્ઞાનને આધારે અક્ષરધામને જઇને મળે પરંતુ પુરૂષોત્તમ તો પ્રેમથી જ વશ થાય.

જેમકે વિષ્ણુ પુરાણ – "નાહં વસામિ વૈકુંઠે યોગીનાં હૃદયે ન ચ ।"
મદ્ ભકતા યત્ર ગાયન્તિ ત્રતિષ્ઠામી નારદ ॥

હે નારદ, હું વૈકુંઠમાં રહેતો નથી તેમજ યોગિયોનાં હૃદયમાં પણ રહેતો નથી, પરંતુ મારા ભકતો જ્યાં જ્યાં મને ભજે છે, કીર્તન કરે છે ત્યાં ત્યાં હું વસું છું.

આ ઉપરથી ભગવાનને બિરાજવાનું સ્થાન ભક્ત હૃદય અથવા તો જ્યાં જ્યાં આપનું નામ સંકીર્તન થાય છે ત્યાં જ છે.

ગીતા, અ. ૧૧ શ્લોક ૪૭–૪૮

હે અર્જુન આ મારા તેજોમય અનંત અને આદ્ય સ્વરૂપને મેં તને બતાવ્યું છે, તું મારો ભકત છો તે માટે જ. બાકી બીજા કોઇ સાધનોથી જેમકે યજ્ઞો વડે, તપ વડે, દાનથી કે અન્ય ક્રિયાથી, કોઇ પણ જોવાને સમર્થ નથી.

તાત્પર્ય :- જ્યાં કોઇની ગમ પડતી નથી ત્યાં પ્રભુ સ્વયં કૃપા કરીને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન પોતાનાં ભકતને કરાવે છે.

હોં વારી ઇન વલ્લભીયન પર

નેન ભર દેખું મેરી અખિયન મંડલ મધ્ય બિરાજત ગીરીધર (૨)

યહ તો મેરે પ્રાણજીવન ધન દાન દીયો શ્રીવલ્લભ વર ।
મેરે તનકો કરૂં બિછૌનાં શીષ ધરૂં ઈન ચરનન તર (૨)

પુષ્ટિ પ્રકાશ કરવેકો ફીર પ્રગટે શ્રી વિઠ્ઠલ વપુ ધર
**રસિકદાસ** આસ ઇનકી કર, શ્રીવલ્લભીયન ચરન રજ અનુસર (૩)

આ કીર્તન શ્રીહરિરાયજીએ ગાયું છે તેમાં મદ્‌ભકત યત્ર ગાયંતિનું પ્રમાણરૂપ છે.

શ્રીહરિરાયજી ખીમનોર બિરાજતા હતા ત્યાં રોજ રાતનાં ભગવદ વાર્તા કરતા હતા. આસપાસનાં ગામડાનાં વૈષ્ણવો રાત્રે સાંભળવા આવતા. તે વૈષ્ણવોનો રોજનો નિયમ હતો કે જે કંઇ સાંભળ્યું તેનું અવગાહન કરવું. ભગવદ વાર્તા પુરી કરી સૌ સાથે નીકળી ગામ બહાર એક ચોતરો હતો, ત્યાંથી જ સહુના રસ્તા જુદા જુદા પડતા હતા. જુદા પડતાં પહેલા સહુ ચોતરા પર બેસીને જે કાંઇ સાંભળ્યું તેનું અવગાહન કરતા આનંદમગ્ન બની જતા. કોઇ તો ગાન કરતા, કોઇ હસતા કોઇ તો અશ્રુની ધારા વરસાવતા. આવો રોજનો ક્રમ હતો. વળી શુદ્ધી આવતા સૌ સૌને ગામે જતાં.

કોઇએ શ્રી હરિરાયજીની પાસે શિકાયત કરી કે રાત્રે આ ચોતરા ઉપર ભૂત થાય છે. આપશ્રી આ વાત સાંભળી ત્યાં જોવા પધાર્યા.

ચોતરાની પાસે આવીને જુએ છે તો જે વૈષ્ણવો પોતાની પાસેથી કથામૃતનું પાન કરીને નીકળ્યા હતા તેઓ જ હતા. ચૌતરા ઉપર મધ્યમાં શ્યામ સુંદર ઉભા રહીને આ ભકતોનું લીલા ચિંતનમાં મુગ્ધ બની જવું, દેહાનું સંધાન ભુલી જવું, તન્મય બની ગયેલા ભકતોને નિહાળી રહ્યા હતા. આ દ્રશ્ય જોઇને શ્રી હરિરાયજી ભાવ વિભોર બની ગયા. પ્રભુનાં દર્શન કરી દંડવત કરીને સ્વયં ભકતો પરની કૃપા જોઇ રહ્યા તે વખતે જ ઉપરનું પદ ગાયું.

આ ભકતો મહાન ભાગ્યશાળી છે કે જેમનું કીર્તન પ્રભુ સ્વયં ઉભા રહીને સાંભળે છે. ધન્ય છે આપની ભાવનાને ધન્ય શ્રીમહાપ્રભુને કે પોતાના ભકતોને આવું ઉંચ કોટીનું દાન કરે છે. કૃપાપાત્ર જીવો તો મને પ્રાણથી પણ પ્રિય છે. ( સેવકો પોતાના જ હતાં છતાં કૃપાપાત્ર તો શ્રીમહાપ્રભુના બતાવ્યા જુઓ કેવી દીનતા શ્રી હરિરાયજીની )

હું તો મારા શરીરનું બિછાનું કરૂં કે મારૂં માથું આ ભકતોનાં ચરણોમાં મુકું તો પણ ઓછું છે. આ ભકતો ઉપર કેટલી બધી કૃપા વરસાવી છે. આપની ભકતો ઉપરની કૃપા

જોઈ હું આપના દર્શન કરૂં સાથો સાથ આ ભકતોનાં દર્શન કરૂં, જેઓ પ્રેમ ભકિતમાં છકેલા છે, તેની મધ્યમાં કોણ બિરાજમાન છે તેની પણ તેને શુદ્ધી નથી તેથી આવા ભકતોની ચરણરજની હું આશા રાખું છું. "યત્રગાયંતિ"નું આ સુંદર પ્રમાણ છે. સ્વયં વલ્લભ વંશ શ્રી હરિરાયજી છે છતાં ભકતોની ચરણરજની ચાહના કરી. પોતાના સંગથી જ, પોતાના જ સેવકો આટલા મહાન બન્યા તેવું માન્યું નહીં. શ્રીમહાપ્રભુજી જેમને કૃપાનું દાન કરે છે તેઓ જ આવા અનુભવો લઇ શકે. ભકતો ભોળા ભાવે જે કાંઇ જેવું આવડે તેવું ગાન, નૃત્ય સંભાષણ વિગેરે કરે છે ત્યાં પ્રભુ સ્વયં પધારે છે. ઉપર મુજબ કે હું વૈકુંઠમાં નહી પણ મારા ભકતો જ્યાં સાથે મળી સંકીર્તન યશોગાન કરે છે ત્યાં જ વસું છું. ભકતનાં હૃદયાવાસી એવા પ્રભુની સેવા કરવી.

સેવો શ્રીકૃણ કૃપળ (૧૦)

# આ માસના ઉત્સવ

પોષ સુદ ૮ તા. ૯–૧–૯૫ સોમવાર. ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૧૦–૧–૯૫ મંગળવાર. ગો. શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૧૧–૧–૯૫ બુધવાર. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૧૨–૧–૯૫ ગુરુવાર, પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૧૩–૧–૯૫ શુક્રવાર. ભોગી. ધનુર્માસ સમાપ્તિ, ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૧૪–૧–૯૫ શનિવાર. મકરસંક્રાતિ, ઉત્તરાયણ, પુણ્યકાળ સાંજે ૪–૦૯ વાગ્યાથી છે. તિલવા ભોગ સાંજે, ભોગ સમયે ધરવા, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૧૬–૧–૯૫ સોમવાર. પોષી પૂનમ, માઘસ્નાન પ્રારંભ.

પોષ વદ ૩ તા. ૧૯–૧–૯૫ ગુરુવાર. ગો. શ્રી મુકુન્દરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૨૦-૧-૯૫ શુક્રવાર, ગો. શ્રી મધુસુદનજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૨૧-૧-૯૫ શનિવાર. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત-વડોદરા)નો તથા ગો. શ્રી પ્રાણવલ્લભ બાવાશ્રી (મથુરા)નો તથા ગો. ચિ. શ્રી વલ્લભદીક્ષિતજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૨૨-૧-૯૫ રવિવાર. શ્રી દિક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી મથુરેશજીના ઘરમાં માને છે, શ્રી લાલજીનો પાટોત્સવ (કાંદીવલી-મુંબઇ), ગો. ચિ. શ્રી પરિતોષકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો જન્મ દિન.

પોષ વદ ૧૧ તા. ૨૭-૧-૯૫ શુક્રવાર. ષટતિલા એકાદશી વ્રત, તલનો ભોગ ધરવો, તલનું દાન-ભક્ષણ અવશ્ય કરવું, (આ એકાદશી સિવાયની બીજી બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જીત છે).

પોષ વદ ૧૨ તા. ૨૮-૧-૯૫ શનિવાર. ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મદિન (સં. ૧૯૦૧).

મહા સુદ ૧ તા. ૩૧-૧-૯૫ મંગળવાર, શ્રી બાલમુકુન્દજીનો પાટોત્સવ-શ્રી લાડુબેટીજી મંદિર-મુંબઇ.

મહા સુદ ૪ તા. ૩-૨-૯૫ શુક્રવાર, શ્રી મુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ, મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧), ગો. શ્રીકૃષ્ણકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો તથા ગો. ચિ. શ્રી યોગશકુમારજી (કામવન-ગોકુલ-પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૪-૨-૯૫ શનિવાર. વસંત પંચમી, શ્રી મદનમોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૫-૨-૯૫ રવિવાર, શ્રી યશોદાજીનો જન્મદિન, ગો. શ્રી રાજકુમારજી (અનિરૂદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ-મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૭-૨-૯૫ મંગળવાર, ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

### વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

# માહાત્મ્ય વર્ણનમ્

સંકલન : **વિદ્યાસુધાકર મુખિયાજી ગોકુલદાસ**
વ્યવસ્થાપક : **વિઠ્ઠલનાથ પાઠશાલા, કોટા**

પદ્યપુરાણમાં લખ્યું છે કે– 'કૃષ્ણ' આ મંત્ર સાંભળીને મનુષ્ય મુકત થઈ જાય છે.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં ભગવાન કૃષ્ણ આજ્ઞા કરે છે કે– બધા મંત્રોનો અંતિમ સાર સર્વોત્તમ 'કૃષ્ણ' એ મારા બે અક્ષરના મંત્રને ગ્રહણ કર.

બ્રહ્મખંડમાં લખ્યું છે કે હરિ શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી એ જ વૈષ્ણવોની તપસ્યા છે.

વેદમાં વૈષ્ણવોને માટે બતાવ્યું છે કે તે ઘરમાં જ રહીને ભગવાન કૃષ્ણના ચરણ-કમલની સેવા કરે.

બ્રહ્મવૈવર્ત પુરાણના પ્રકૃતિખંડમાં બ્રહ્માજી સાવિત્રીને કહી રહયા છે કે ચારે વેદ, બધા ધર્મ, પુરાણ, ઇતિહાસ, નારદ પંચરાત્ર વગેરેમાં શ્રીકૃષ્ણની સેવા જ બધાનો સાર અને પરમ મંગલકારિણી કહેલ છે.

નૃસિંહ પુરાણમાં ભગવાન સ્વયં આજ્ઞા કરે છે કે 'કૃષ્ણ–કૃષ્ણ' આ પ્રકારે સર્વદા સ્મરણ કરવાવાળા ભકતનો જલકમલવત્ હું ઉદ્ધાર કરૂં છું.

ગૌતમ તંત્રમાં કહ્યું છે કે કૃષ્ણ મંત્રના જપથી બુદ્ધિથી વિચારેલા સર્વ કાર્ય સિદ્ધ થઇ જાય છે. બધા મંત્રોમાં વૈષ્ણવ મંત્રોમાં પણ કૃષ્ણમંત્ર અધિક ફળ દેવાવાળો છે.

નારદ પંચરાત્રમાં લખ્યું છે કે જે પ્રકારે મીઠા પદાર્થોમાં અમૃત બધાંથી અધિક મધુર છે. તેજવાળા પદાર્થોમાં સૂર્ય બધાથી અધિક તેજસ્વી છે અને અન્ય ધનની અપેક્ષાએ વિદ્યાધન ઉત્તમ છે, એ પ્રકારે બધા મંત્રોમાં કૃષ્ણમંત્ર શ્રેષ્ઠ છે. તેના નવમા અધ્યાયમાં શિવજી પાર્વતીજીને કહી રહ્યા છે કે તમે કૃષ્ણમંત્રની ઉપાસના કરવાવાળાના ચરણજલનું પાન કરો, કેમકે તે જલ બધા તીર્થો, સમગ્ર પૃથ્વીને પણ પવિત્ર કરવાવાળુ છે. પ્રાચીન જ્ઞાની લોકો કહે છે કે તે વૈષ્ણવ સમગ્ર સંસારથી પણ પવિત્ર છે જેણે બ્રાહ્મણના મુખથી કૃષ્ણમંત્રનું શ્રવણ કર્યું છે. કૃષ્ણમંત્રના ઉપાસક ભકતોના દર્શન કરવા માત્રથી સો જન્મના કરેલા પાપ નષ્ટ થઈ જાય છે.

તેરમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉપબર્હણ ગંધર્વને આજ્ઞા કરી છે કે મારા મંત્રના ઉપાસક સ્વતંત્ર અને નિત્ય–શરીરવાળા છે. મારા મંત્રના શ્રવણમાત્રથી શ્રોતાઓનો ફરી જન્મ નથી થતો.

ગૌતમ તંત્રના એકવીસમાં અધ્યાયમાં બ્રહ્માજીને કહેવામાં આવ્યું છે કે તમે સર્વ વેદ સંમત કૃષ્ણમંત્રને સાંભળો, જેનું જ્ઞાન થઇ ગયા બાદ પુનર્જન્મ નથી થતો.

પ્રાયશ્ચિત મયૂખના સ્કંદ પ્રભાસ ખંડમાં ભગવાને કહ્યું છે કે, કૃષ્ણનામ બધા નામોમાં મુખ્ય છે. વળી તે બધા પાપોના નાશ કરવાવાળું એક ઉત્તમ પ્રાયશ્ચિત છે.

શ્રુતિ કહે છે કે 'કૃષ' સત્તા ઔર 'ણ' આનંદવાચક છે, એ બન્નેના મળવાથી 'કૃષ્ણ' એમ સદાનંદ પરબ્રહ્મનું નામ થાય છે.

મહાભારતમાં લખ્યું છે કે તપ કર્મરૂપ સંપૂર્ણ પ્રાયશ્ચિતોથી શ્રેષ્ઠ કૃષ્ણમંત્રનું સ્મરણ કરવું તે છે.

નારદ પંચરાત્રમાં મોક્ષનો શ્રેષ્ઠ ઉપાય શુદ્ધ નારાયણ ક્ષેત્રમાં રાધાકૃષ્ણના મંત્રનું ગ્રહણ કરવાનો બતાવ્યો છે.

વેદ કૃષ્ણોપનિષદમાં બલરામજીને શેષનાગ અને કૃષ્ણને શાશ્વત બ્રહ્મ કહ્યા છે.

ગોપાલ પૂર્વતાપિનીમાં લખ્યું છે કે વેદાંતવેદ્ય, બુદ્ધિના સાક્ષી સચ્ચિદાનંદરૂપ કૃષ્ણને નમસ્કાર.

વેદ વાસુદેવોપનિષદમાં લખ્યું છે કે લલાટ આદિ અંગો પર કૃષ્ણમંત્રથી તિલક કરવું જોઇએ.

ભાગવતમાં બીજા અવતારોને અંશ તથા કૃષ્ણને સ્વયં ભગવાન બતાવ્યા છે. પ્રાણો શ્રીકૃષ્ણને અર્પણ કરી કૃષ્ણ તથા તેના ભકતોની સેવા કરવાથી મનુષ્ય જેવા પવિત્ર બને છે, તેવા તપ વગેરેથી નથી બનતા. કૃષ્ણના ગુણોથી રંગાયેલા પોતાના ચિત્તને એકવાર પણ શ્રી કૃષ્ણના ચરણાવિંદમાં લગાવી દેવા દેવાવાળો મનુષ્ય યમરાજ તથા યમદૂતોને સ્વપ્નમાં પણ જોતો નથી. યમરાજ પોતાના દુતોને કહી રહ્યા છે કે વિષ્ણુની સેવા તથા શ્રીકૃષ્ણને માટે એકવાર પણ શિર નમાવી પ્રણામ ન કરવાવાળા અસત્ પુરૂષોને અહીં લાવ્યા કરો.

પાપોનો ક્ષય થયા બાદ શ્રીકૃષ્ણની ભકિત પ્રાપ્ત થાય છે.

એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને શ્રીકૃષ્ણે આજ્ઞા કરી છે કે મને આત્માનું નિવેદન કરવાવાળા મનુષ્યોની જ મારામાં ભકિત થાય છે. હું દેહધારીઓનો આત્મા છું, તેથી એક મારે જ સર્વાત્મભાવથી શરણે આવી જવાથી તું નિર્ભય થઇ જઇશ.

ગીતામાં અર્જુનને કહ્યું છે કે હું નિરાકાર અક્ષરબ્રહ્મથી ઉત્તમ છું. મારાથી વધીને કોઇ નથી. મારા પ્રભાવને દેવતા તથા ઋષિ લોકો નથી જાણતા. તું તારા મન, પ્રાણો મને અર્પણ કર. જે પુણ્ય કાર્ય કરવાવાળા મનુષ્યના પાપ નષ્ટ થઇ ગયા છે, તે મોહને ત્યાગી પૂરી દઢતાથી મારી સેવા કરે છે. હે અર્જુન! તું જે કાર્ય, ભોજન, હોમ, તપ આદિ કરે છે, તે બધા મને અર્પણ કરવાથી કર્મબંધનથી મુકત થઇ જઇશ. પાપના નાશ માટે જે કાંઈ ધર્મો કરે છે, તે બધાને છોડી દઇ મારી શરણમાં આવીજા, હું તને બધા પાપથી છોડાવીશ.

વેદમાં લખ્યું છે કે મોક્ષની ઇચ્છાવાળો હું આપને શરણે આવ્યો છું.

શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર જ બધા મંત્રોનું ફળ દેવાવાળો છે અને લોપ આદિ દોષોથી રહિત છે.

રામતાપિનીમાં 'શ્રીરામઃ શરણં મમ' એમ લખ્યું છે. જ્યારે શ્રીકૃષ્ણે કહ્યું છે કે મારા પ્રભાવને ઋષિ, દેવ પણ નથી જાણતા તેથી ઋષિયોના વાકયથી ભ્રમમાં ન પડવું જોઇએ,

બીજા બધા આચાર્યોએ ભગવાનના નામમંત્રનો ઉપદેશ દીધો છે. પરંતુ વેદ, ગીતા, પુરાણોમાં જગે જગે લખેલા ભગવાનના શરણે જવાનું તથા આત્મ નિવેદન (બ્રહ્મ સંબંધ) ના મંત્રરૂપનો ઉપદેશ નથી દીધો. તેથી ભગવાને પોતાના વદનવૈશ્વાનરાવતાર શ્રીવલ્લભાચાર્યજીને પ્રકટ કર્યા અને તેમને એજ ઉપદેશ દીધો. ત્યારે અષ્ટાક્ષર અને બ્રહ્મ સંબંધ મંત્રથી શરણે જવા અને આત્મ નિવેદન કરવાના મંત્રરૂપથી ઉપદેશ દીધો. જેથી શ્રીવલ્લભાચાર્યજી સ્વયં આજ્ઞા કરે છે 'સાક્ષાત્‌ભગવતાપ્રોકતમ્' જે સાક્ષાત્ ભગવાને મને કહ્યું છે તેનો જ હું ઉપદેશ કરું છું. જો શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ ન થયો હોત તો ગીતાના અંતમાં કહેલ શરણગમન અને ભાગવત એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને જ્ઞાનોપદેશના અંતમાં કહેલ આત્મ નિવેદનનો લોકમાં પ્રચાર ન થાત. એ જ શ્રીવલ્લભાચાર્યજીના પ્રાકટયનું અસાધારણ કારણ છે. કેમ કે પ્રયોજન વિના ભગવાન કોઈ સંપ્રદાયનું પ્રાકટય નથી કરતા.

આ પ્રકારે અમારા અન્ય ભાઇ પોત–પોતાના ઇષ્ટદેવના મહિમાનું વર્ણન કરે. 'યો યદંશઃ સ તં ભજેત્' જે જેનો અંશ હશે તે તે દેવનો ભકત બની જશે. તેમાં અમારો કોઈ વિરોધ નથી. કેમ કે 'સર્વં સમાપ્નોષિ તતોસિ સર્વઃ' એ વાકય અનુસાર ભગવાન જ સર્વરૂપ છે.

[ શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ વર્ષ ૧૧ સં. ૧૯૯૨
જયેષ્ઠ અંક ૩ માંથી સાભાર ]

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## મકરસંક્રાંતી

આજ ગેંદ ખેલનકું નિકલે હરિ હલધર દોઉ ભૈયા ॥
યહ સંક્રાંતિ મકરકી કહીયે, ઘર ઘર તિલવા ખીચરી દૈયા ॥૧॥
સાજ સિંગાર સબેં મિલ નિકરે, હાથન ગેંદ પાટ કી લૈયા ॥
ચલે લિવાય સંગ શ્રીદામા, પાછે બડે ગોપકે રૈયા ॥૨॥

યહ ચોગાન બડો આછો હૈ, ઇહાં ખેલ મચાવો રે ભૈયા ॥
અપની અપની જોરી કર લેં, બલદાઉ ઔર કુંવર કન્હૈયા ॥૩॥
શ્રીદામા જબ ખેલન લાગે, આનંદ ઉર પ્રસન્ન હૈયા ॥
ફેંકત ગેંદ આપ આપુસ મેં, ઉપટી જાય જબ કરે રૂઠ હૈયા ॥૪॥
દેખત ઠાડે વ્રજજન આયે, યા શોભા સુખ શ્રવણ સહૈયા ॥
સાંઝ ભઇ સબ ચલો રે ઘરનકું, કરત શંખધ્વનિ વેણુ બજૈયા ॥૫॥
ગોપી સબેં ઝરોખન ઠાડી, ડારત કુસુમ માલ મુસકૈયા ॥
જન્મ જન્મ વ્રજવાસ બસો યહ, 'ગોવિંદ' બલ બલ જૈયા ॥૬॥

**ભાવાર્થ :** શ્રીકૃષ્ણ તથા શ્રી બલદાઉજી બન્ને ભાઇઓ દડે રમવા પધારી રહ્યાં છે. આજે મકર રાશીમાં સૂર્યદેવ પધાર્યા છે. તેથી તેમના કિરણો આજે અતિ સુંદર રીતે પ્રકાશમાન થઇ રહ્યા છે. શિતકાલનો અંત હવે નજીકમાં જ આવી રહયો છે, આજે સંક્રાંતિનો પર્વ શિતકાલ અને શિશિર ઋતુના સંગમ ઉપર ઉપસ્થિત થયો હોવાથી વૈદિક મહત્વપણ, આ પર્વનું છે. તેથી નંદબાવા તીલના લાડુ તથા સપ્તધાન્યના ખીચડાનું બ્રાહ્મણોને દાન પણ કરી રહયાં છે. એટલું જ નહીં પણ શ્રીઠાકોરજી પણ તીલવા તથા ખીચડો આરોગી રહયાં છે. સાથે સાથે ગાયનું ધારોષ્ણ દુધ મથીને આરોગી રહ્યાં છે.

આ સામગ્રી આરોગ્યા બાદ શ્રી ઠાકોરજી સર્વ સખા સહિત સર્વ સિંગાર સજીને રેશમની છડી તથા ગેંદ (દડો) લઇ ખેલવા પધારી રહ્યાં છે. સાથે પોતાના પ્રિય સખા શ્રીદામા તથા મોટા મોટા ગોવાળોના છોકરાઓને પણ લીધાં છે.

શ્રી વૃંદાવનમાં પહોંચતાં જ ત્યાં મોટા મેદાનમાં ગેંદ ખેલવાનો પ્રસ્તાવ મુકીને શ્રી બલદાઉજી તથા શ્રીકૃષ્ણ પોતપોતાની જોડી–ટોળી બનાવી રહ્યાં છે.

હવે ખેલ શરૂ થયો, અને શ્રીદામાએ ગેંદ ફેંકવાનું શરૂ કરતાં જ ગ્વાલ–બાલ અતિ હર્ષિત થઇ રહ્યાં છે. આમ, પરસ્પર ગેંદ ફેંકતા જ્યારે ગેંદ છટકી જઇને જ્યારે રળકી જાય છે ત્યારે તાળીઓ વગાડી આનંદ વ્યક્ત કરી રહ્યાં છે.

આવા સુંદર ખેલનું વર્ણન સાંભળતાની સાથે મોટા મોટા ગોપો પણ એના દર્શન કરવાં આવી પહોંચ્યાં છે. પણ હવે સંધ્યા સમય થતાં ખેલ સમાપ્ત કરીને ફરીથી ઘરે જવા નીકળે છે. કોઇ ગ્વાલ–બાલ શંખ વગાડે છે, તો કોઇ શીંગી. શ્રી ઠાકોરજી પોતાની મધુર મુરલી વગાડી રહ્યાં છે.

વ્રજમાં પધારતાં જ દરેક ઘરના ઝરૂખાઓમાં ગોપીજનો મંદ મંદ હાસ્ય–મુસકાન કરતાં પુષ્પમાલા અર્પણ કરી રહ્યાં છે. શ્રી ગોવિંદ સ્વામી આ કિર્તન સમાપ્ત કરતાં કહી રહ્યાં છે કે– જન્મોજન્મ મને આ વ્રજવાસનું સુખ પ્રાપ્ત થાઓ.

## વસંતપંચમી

આવો વસંત વધાવો વ્રજ કી નારી, સખી સિંઘપોર ઠાડે મુરારી ॥૧॥
નૌતમ સારી કસુંભી પહેર કે નવસત આભરન સજીયે ॥
નવ નવ સુખ મોહન સંગ વિલસત નવલ કાન્હ પિય ભજીયે ॥૨॥
રાધા ચંદ્રભગા ચંદ્રાવલી, લલિતા ભામ સુશીલે ॥
સંજાવલી કનક ઘટ સિર પર, અંબ મોર જબલીને ॥૩॥
ચોવા ચંદન અગર કુમકુમા ઉડત ગુલાલ અબીરે ॥
ખેલત ફાગ ભાગ બડ ગોપી, છીરકત શ્યામ શરીરે ॥૪॥
બીના બેન ઝાંઝ ડફ બાજે, મૃદંગ ઉપંગન તાલ ॥
'કૃષ્ણદાસ' પ્રભુ ગિરિધર નાગર રસિક કુંવર ગોપાલ ॥૫॥

**ભાવાર્થ :** સખીજનો અર્થાત્ વ્રજભકત ગોપીજનો એકબીજાને આમંત્રિત કરી, કનક ઘટ (સોનાનો ઘડો–કુંભ) મસ્તક પર પધરાવી શ્રી શ્યામસુંદરને વસંત આગમનની વધાઇ આપવા નંદાલયની સિંઘપોર (મુખ્ય દરવાજો) તરફ પધારી રહ્યાં છે. જેમાં મુખ્ય શ્રી રાધાજી, ચંદ્રાવલીજી, લલિતાજી, ચંદ્રભગાજી વગેરે સુંદર સ્વભાવવાળા મુખ્ય ગોપીઓ, કનક કળશ કે જેમાં આંબાની નવા મોરવાળી ડાળ, સરસવ તથા વસંતી વગેરેના ફુલોની ડાંળીઓ રાખી છે. તેવા કળશ પધરાવી નંદાલયમાં આવી પહોંચ્યા છે. જ્યાં શ્રી નંદકુમાર તેઓનું સ્વાગત કરવાં ઠાડા છે (ઉભા રહ્યાં છે).

ત્યાં પધાર્યા પછી પરસ્પર, શ્રી ઠાકોરજી તથા વ્રજભકતો, ચોવા, ચંદન, અબીલ, ગુલાલ, કુમકુમા, (કંકુ ભરેલા લાખના ગોળા કે જે ફેંકતાં જ તૂટીને કંકુ ઉડે છે) કેશર ઇત્યાદિ સુગંધી પદાર્થોથી ખેલાવી પરસ્પર આનંદ લઇ રહયા છે. વીણા, મુરલી, ઝાંઝ, ડફ, મૃદંગ, ઉપંગ, તાલ ઇત્યાદિ વાજીંત્રોનો મધુર ધ્વનિ થઇ રહયો છે. ભગવદીય શ્રીકૃષ્ણદાસજી આ પદની સમાપ્તિમાં શ્રી રસિકકુંવર–શ્રી ગોપાલને દંડવત્ કરી રહ્યાં છે.

# શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ—લેખક **'માધુરી'** રાજકોટ

મુકતા ફલ બાલુકા બની સી;
યુગલ કેલિ કલ્લોલ સુધારણ ચિંતામણિ બનીસી; ૧

કૈ કૌમુદ્દી વિતાન કિનારેનિ મંજુલ મોદ તનીસી;
કૈ યમુને કી કૃપા રાવરી ફૈલી તટનિ ઘનીસી. ૨

કૈ અપવર્ગ ચારિ ફલકૌ ફલ કૈધોં સુકૃત અનીસી;
કૈ પ્રીતમ મનસા મનમોહૈ ભકત પ્રીતિ સજનીસી. ૩

કૈ વિધના જન ભાલ વિરચિ વે રવિજા કર લિખનીસી;
દમ્પતિ ચરન અંક અંકિત છવિ પરસત પદ લવનીસી. ૪

રસિકનિ સુખદ સદાં મોહૈ યોં શરદ રાસ રજનીસી;
**'વલ્લભ'** પ્રણુત મનોરથ દેતી છિમાભરી અવનીસી. ૫

**ભાવાર્થ** :- તટ પર રહેલી વાલુકા માનો મુકતાફલ મોતીરૂપ હોય તેમ સુંદરતા ધારણ કરેલી છે. માનો યુગલ સ્વરૂપને લીલામાં આનંદ પ્રાપ્ત કરાવવા ચિંતામણી વૈભવ ધારણ કરેલ છે અથવા તો પ્રીત વેલથી ભરપુર મોદભરી રેણુકા તટપર બિરાજમાન છે. કાં તો શ્રી યમુનાજીની કૃપા કિનારા ઉપર ભરપુર ફેલાય રહી હોય. અથવા તો અપવર્ગ, ચારેય ફલના ફલરૂપ કાંતો પ્રિયતમ શ્રીકૃષ્ણનું મન મોહિત કરી અને ભકતોનો પક્ષપાત કરી ભકત ઉપર કૃપા કરી આનંદથી સજાયેલા છો, કાંતો વિધાતા જેમ મનુષ્યના લેખ લખે છે તેમ ભકતોના ભાગ્યને પોતાના શ્રી હસ્તથી લખવા લેખણ (કલમ) સમાન છો. યુગલ સ્વરૂપના ચરણથી અંકીત એવી છાપ ધરેલી છે. રસિક ગોપાંગનાને શરદઋતુમાં શરદરજની સમાન શરદરેન રાસ માટે ઉપયુકત છો. આવા શ્રી યમુનાજીને કવિ શ્રી વલ્લભદાસ વંદન કરીને કહે છે કે હે શ્રી યમુનાજી આપ મનોરથ પૂરક છો અને પૃથ્વી સમાન ક્ષમાવંત છો.

# પુસ્તક પરિચય

**આઠ સમાની ઝાંખી–**

લેખક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ, પ્રકાશક–શ્રી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મસીંવિલા, અશોક નગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧.

આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ ન્યો. રૂા. ૫/–

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી પુષ્ટિ માર્ગીય મંદિરોમાં જે આઠ સમયના દર્શન થાય છે તે દરેક દર્શનમાં શ્રીજી સન્મુખ બોલતા અષ્ઠ સખાના પદો ભાવાર્થ સાથે તેમજ તેને અનુરૂપ ગુજરાતી ધોળ સમજુતિ સાથેનું સુંદર સંકલન છે. સેવા–સત્સંગમાં વસાવવા લાયક છે. લેખક–પ્રકાશક–તથા દૈવી દ્રવ્યનો સાહિત્ય પ્રચાર કાર્યમાં વિનિયોગ કરાવનારશ્રી શાહ રમેશચંદ્ર નાથાલાલ ખરેખરે અભિનંદને પાત્ર છે.

પંચાગ–વિક્રમ સંવત ૨૦૫૧ "આચાર્ય શ્રી વલ્લભ" (પંચાગ–વિશેષાંક) વર્ષ ૮ મું ઓક્ટો–૧૯૯૪ અંક–૭ સને ૧૯૯૪–૯૫ ના ગ્રાહકોને ભેટ પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયેલ છે.

સંપાદક–શાસ્ત્રીજી ઉદયન હ. શુક્લ, પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન– શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ C/o "ખેતીવાડી" સિવાબાગ ચાર રસ્તા કોર્નર વડોદરા–૩૯૦૦૦૧.

પ્રસ્તુત પંચાગમાં વાર્ષિક ઉત્સવો તથા નિ. લી. ગો. બાળકોના ઉત્સવો તેમજ બાર માસના વ્રતો– વર્તમાન ગોસ્વામી બાળકોના જન્મદિનો ઉપરાંત પ્રતિદિન ઉપયોગી માહિતી સભર પંચાગ પ્રકાશિત કરવા બદલ અભિનંદન.

## "કિર્તનકાર શ્રી ઘનશ્યામભાઈ નાયકને વૈષ્ણવ પરિષદની શ્રદ્ધાંજલિ"

પુષ્ટિમાર્ગ સંપ્રદાયમાં કિર્તન ક્ષેત્રે સેવા આપતા અને આં. પુ. વૈષ્ણવ પરિષદના કિર્તન સેલના સંયોજક શ્રી ઘનશ્યામભાઈ ચંપકલાલ નાયકના અહેમદાવાદ ખાતે હાર્ટ એટેકથી હરિશરણ થયાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના અગ્રણીઓએ ઉંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે. સાંપ્રદાયિક કિર્તનના ખુબ સારા જાણકાર અને વૈષ્ણવ પરિષદે એક સારો અગ્રણી આગેવાન ગુમાવ્યો છે એ પ્રકારે તેમની સેવાઓને બીરદાવી તેઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

## સેરવીલ–પાલીંન–ન્યુજર્સી અમેરિકામાં ખૂબ જ ભકિત ભાવ અને આનંદ ઉલ્લાસ સાથે શ્રી દ્વારકાધીશ પ્રભુનો પુરુષોત્તમ પ્રાદુર્ભાવ મહોત્સવ

શ્રી ભકિતનિધિ ટ્રસ્ટના ઉપક્રમે ન્યુજર્સીમાં પરબ્રહ્મ પરમાત્મા શ્રી દ્વારકાધીશ પ્રભુજીનો પુરુષોત્તમ પ્રાદુભાવે મહોત્સવ અમેરિકામાં સેરવીલ–પાલીંન–ન્યૂ જર્સીમાં શુદ્ધાદ્વૈત તૃતીય પીઠાધીશ્વર કાંકરોલી નરેશ પરમવંદનીય પુ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજ શ્રી તથા આપશ્રીના લાલજી પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વાગીશકુમાર બાવાશ્રી અને પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશકુમાર બાવાશ્રીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ખૂબ ભકિતભાવ અને ઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થયો. આ પ્રસંગે પુ. આચાર્ય ચરણોના વચનામૃતના અલૌકિક અલભ્ય લાભ સાથે વિવિધ મનોરથોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવનાં દિવસના બે દિવસ અગાઉથી અહી વૈષ્ણવો આવવા લાગ્યા હતા.

આવનાર વૈષ્ણવો માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આશરે ૧૦,૦૦૦ વૈષ્ણવોએ, પ્રસાદનો લ્હાવો લઈ જાતને કૃતાર્થ બનાવી. પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીના તથા અન્ય આચાર્ય ચરણોના વચનામૃતો પણ થયા અને સૌ કોઈ માટે એક અલૌકિક ભાથું પણ આપતા ગયા.

# વૈષ્ણવ પરિષદ દ્વારા જુનાગઢ જીલ્લામાં "શ્રીવલ્લભ પ્રચાર યાત્રા રથ"

દિનાંક ૨૦-૧૧-૯૪ ના દિને ગોંડલથી શ્રી વલ્લભ પ્રચાર યાત્રા રથને પૂ. પા. ગો. શ્રી ગોવીંદરાયજી મહારાજ (પોરમંદર)નાં આસીર્વચનથી શરૂ થઈ જુનાગઢ, ટીંબાવાડી, શાપુર, વંથલી, નરેડી, માણાવદર, ખાંભલા, બાંટવા, પાજોદ, કુતિયાણા, રાણાકંડોરણા. રાણાવાવ, આદિત્યાણા, પોરબંદર, માધવપુર, શીલ, માંગરોળ, ચોરવાડ, ગડુ, ભડુરી. માળિયાહાટીના, સોંદરડા, કાંગલાણા, કેશોદ. અગતરાય, અણીયારા, સમઢીયાળા, દાત્રાણા, વીસાવદર, ખડીયા, મેંદરડા, શાસણગીર, વેરાવળ, કોડીનાર, ડોળાસા, ગઢડા, જામવાળા, તાલાલા, બગડુ, બીલખા, ભેંસાણ તેમજ રસ્તામાં આવતા વૈષ્ણવી ગામોમાં "શ્રી વલ્લભ પ્રચાર યાત્રા રથ" પૂ. પા ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામતગર) ની અધ્યક્ષતામાં વૈષ્ણવ પરિષદનાં કાર્યકરો સાથે દિનાંક ૨૦-૧૧-૯૪ થી દિનાંક ૬-૧૨-૯૪ દરમ્યાન ફરી સાંપ્રદાયીક પ્રચાર પ્રસાર સામે રાજકોટ નજીક નિર્માણધીન વૈષ્ણવ ગુરૂકુલની પ્રચાર પ્રસાર માટે કાર્યક્રમનું આયોજન થયું દિનાક ૬-૧૨-૯૪ નું જુનાગઢ મુકામે કાર્યક્રમનું સમાપન થયું. પ્રસગોચિત પુ. પા. ગો શ્રી ગોવિદરાયજી મહારાજ (પોરબંદર), ગો, શ્રી નવનીતરાયજી મહારાજ (જુનાગઢ), ગો શ્રી માધવરાયજી મહારાજ વેરાવળ, ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (જેંતપુર), આદિ ગોસ્વામી બાલકોના વચનામૃતો તથા વૈષ્ણવ પરિષદનાં અગ્રણીઓ, તેમજ સ્થાનિક અગ્રણી વૈષ્ણવો નાં વકતવ્યો થયેલ.

જુનાગઢમાં પુ. પા. ગો. શ્રી હરીરાયજી મહારાજ તથા વૈષ્ણવ અગ્રણીઓના સન્માનનો કાર્યક્રમ સમાપન પ્રસંગે યોજવામાં આવેલ

વૈષ્ણવ પરિષદના આગામી કાર્યક્રમો :- વૈષ્ણવ પરિષદનાં સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠની યાદીમાં જણાવ્યા મુજબ વડોદરા જીલ્લાના વૈષ્ણવોનું સંમેલન પુ. ગો. આચાર્યશ્રીઓના સાંનિધ્યમાં બહાદુરપુર ખાતે ૫ મી જાન્યુ. નાં દિને થશે. સૌરાષ્ટ્ર વિભાગીય સંમેલન ૧૭ જાન્યુઆરીના રોજ થશે તથા ખેડા અને સાબરકાંઠાના વૈ નું સંમેલન જાન્યુ. ના ત્રીજા કે ચોથા સપ્તાહમાં યોજવામાં આવનાર છે.

રાજકોટમાં આગામી કાર્યક્રમો : પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન-રાજકોટ)ની અધ્યક્ષતામાં હીરાલાલ સી. મહેતા (દહીંસર-મુંબઈ) આયોજીત ૧૦૮ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન દિનાંક ૯-૧-૯૫ થી ૧૯-૧-૯૫ દરસ્યાન રાજકોટમાં શાસ્ત્રી મેદાનમાં યોજવામાં આવેલ છે જેમાં ૧૫-૧-૯૫નાં દિને વૈષ્ણવોને મુંઝવતા સવાલોના જવાબ પુ,પા.ગો શ્રી હરિરાયજી મહારાજ (જામનગર) તથા ગો. શ્રી વ્રજેશકુમાર (રાજકોટ) આપશે ૧૭-૧-૯૫ના દિને સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્રમાં વૈષ્ણવોને ખુલ્લુ પ્રચાર અધિવેશન. રાત્રિના પૂ ગો. શ્રી રસીકરાયજી મહારાજ (પોરબંદર)ની અધ્યક્ષતામાં સંગીત-કિર્તન સંમેલનનુ આયોજન રાખવામાં આવેલ છે. તા, ૧૮-૧-૯૫ પાઠશાળાનાં બાળકોની વકતૃત્વ સ્પર્ધા જેમાં પુ ગો. શ્રી દ્વારકેશજી મહોદય દ્વારા પારિતોષીક એનાયત કરવામાં આવશે. જેમાં અધ્યક્ષસ્થાને ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ પોરબંદર બીરાજશે. દિનાંક ૮-૧-૯૫ થી ૧૯-૧-૯૫ પુ. પા. ગો. શ્રી વ્રજજીવનલાલજી મહારાજની અધ્યક્ષતામાં આપશ્રી અયોજીત સેવા-પ્રકાર, શ્રૃંગાર, સામગ્રી-આરતીના સચિત્ર પ્રદર્શની શાસ્ત્રી મેદાનમાં યોજવામાં આવેલ છે. ૧૯-૧-૯૫ સર્વજ્ઞાતિય બ્રહ્મસંબંધી વૈષ્ણવોના સમુહ લગનના આયોજન શાસ્ત્રી મેદાંનમાં રાખવામાં આવેલ છે. જેમાં પુ. પા. ગો. શ્રી (ગોવીંદરાયજી મહારાજ (પોરબંદર) સહિત સૌરાષ્ટ્રનાં બીરાજતા ઉપસ્થિત દરેક ગોસ્વામી લાલકો ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ પ્રદાન કરશે. વિશેષ માહિતી માટે રાજકોટ કાર્યાલય હસમુખભાઈ ખખ્ખરનો સંપર્ક કરવો.

**SHREE VALLABH SUDHA** Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43·

॥ શ્રી હરિઃ ॥

# વિનવણીનું પ્રભાતિયું

તારી પ્રેમભકિત અચળ આપ મુને; કૃષ્ણજી !
અખિલ આનંદમાં મગ્ન રાખી;
અનન્ય ભાવ એવો આપો, અલબેલડા !
અન્ય મુને ના ગમે તુજ પાખી - તારી ૦ ૧

તારી અખંડ લીલા મારે મન વસે રુચે પચે,
અહરનિશ તારા ગુંણલા ગાઉં;
તારા દાસના દાસનો સંગ નિત્યે મુને,
દુષ્ટ ભેળો કદાપિ ન થાઉં - તારી ૦ ૧

અવર નિંદા મુને નવ ગમે, તે કરો,
ચર અચરમાં વસ્યો તુજને દેખું;
સકળ આત્મા વિશે અતિ દયા ઊપજે,
મિત્ર-અરિપણું મટે, સમતા પેખું - તારી ૦ ૩

મદનમોહન અતિ ત્રિભંગલલિતાકૃતિ,
નટવર કૃષ્ણ નિત્યે નિહાળું;
ગોપીજન સરવનું દાસત્વ મારે,
વસું ત્યાં જ્યાં લીલા સ્થળ રસાળું - તારી ૦ ૪

તુજ થકી પલક અળગો મુને ના કરેશ,
એટલું આપ, હરિ ! જાચું તુજને,
અખંડ કરુણા તારી મુજ ઉપર રાખ, પ્રભુ !
દાસ '**દયો**' કહે, કર્યો ન્યાહાલ મુજને- તારી ૦ ૫

- ભકત કવિ શ્રી દયારામભાઈ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮



## કૃષ્ણ-છબિ-રૂપ

### રાગ-બરઔ

સુંદર કમલ નૈન મનમોહન નાગર નંદ-દુલારી;
રસિક કુંવર વર શ્યામસલૌનૌ, જીવન-પ્રાન હમારૌ. ૧

ભૂષન-બસન બિરાજત અંગ-અંગ. માથૈ મોર-પખારૌ;
રાધા-પતિ રસિકન મન-રંજન, સજજન ગુન અધિકારી; ૨

કુંજન કેલિ કરત રંગભીનૌ, સખિન સહિત સુખ-સીરૈ;
'**ચંદ**' મગન આનંદ-રસ પાગે, ખેલત ધીર-સમીરૈ. ૩

– ભકત કવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

---

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠ્ઠનને દૃઢ બનાવો ***

---

વર્ષ ૧૩ : અંક-૧૧ ફેબ્રુઆરી, ૧૯૯૫
**શ્રી વલ્લભાબ્દ ૫૧૬**

**વાર્ષિક લવાજમ રૂ. ૩૦/-** * **આજીવન રૂ. ૩૦૧**

**"શ્રી વલ્લભસુધા"**
**કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧**

# "શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીસ્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ

૮. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૫. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્કીંગ, ૧લે માળે

૬. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭. **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલો

૮. **જુનાગઢ**
 ૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
 C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
 શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ
 ૨. શ્રી પોપટલાલ જમનાદાસ
 બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ
 ૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
 "ગીતાંજલી" ગોકુલ સોસાયટી
 લોઢીયા વાડી પાછળ

૯. **જેતપુર**
 ૧. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
 પાણી શેરી. જવેરી રમણીકભાઈના મકાનમાં
 ૨. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
 મતવા શેરી
 ૩. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
 ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૦. **ધોરાજી** શ્રી જાદવ જીવરાજ વઘાસીયા
શુક્લ શેરી, વઘાસીયા ચોરા

૧૧. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શક્તિ મંદિર સામે

૧૨. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૩. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૪. **બોરીવલી** (વેસ્ટ)
શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફલેટ નં. ૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ

૧૫. **મુંબઈ**
આં. રા. પુ. વૈ. પરિષદ
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે ભુલેશ્વર

૧૬ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

૧૭. **મોટા ભાદરા**
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૧૮. **રાધનપુર**
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૧૯. **રાજપીપળા**
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ

૨૦. **લીંબડી**
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૧. **વડોદરા**
શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૨. **વાંકાનેર**
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસાર.

૨૩. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૬. ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ,, ૧લે માળે

૨૪. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોપેરિશન

૨૫. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ–૧

૨૬. **વાપી** શ્રી ભામીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧, આનંદ વિલા, ૨૫ ગોદાલ નગર

॥ શ્રી હરિઃ ॥

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૧૧ * ફેબ્રુઆરી, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

## ભગવદીય દૃષ્ટિ ઔર ઘટનાઓં

**પ્રવકતા :** નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

દુષ્ટ, લુચ્ચો પણ આવ્યો કયાંથી ? તેનું નિર્માણ આપણે કર્યું હતું ? ત્રીજી કોઇ વ્યકિતએ કર્યું છે ? કોઇએ નથી કર્યું. ન તો આપણો ભાઇ નિર્માણ કરી શકે ! પરંતુ તેનું નિર્માણ પણ તે સર્વેશ્વરે કર્યું છે અને બીજા શબ્દોમાં કહીએ તો ફકત નિર્માણ કરીને જ તે દુર થઇ ગયા તો એવી વાત નથી. પણ નિર્માણ કર્યા પછી 'તદ્ દૃષ્ટવા તદેવાનુ પ્રાવિશત્' પહેલા તેને ઉત્પન્ન કર્યો પછી આપ તેમાં પ્રવેશ કરી ગયા. તેની રચના કરીને, તેને બનાવીને ભગવાન તટસ્થ થઇ ગયા. જેમ ઘડો બનાવીને કુંભાર તટસ્થ થઇ જાય છે. કુંભારે ઘડો બનાવી લીધો, હવે તેની સાથે શું સંબંધ ? બનાવવા સુધી તેનો સંબંધ હતો. હવે તે ઘડા સાથે તેને કોઈ

**શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.**

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**

* **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા, રાજકોટ**

સંબંધ નથી. પરંતુ ભગવાનની જે રચના છે તે આ આ પ્રકારની જ છે. તે વિલક્ષણ છે. ભગવાન ઉત્પન્ન પણ કરે છે અને તેમાં નિવાસ પણ કરે છે. કુંભાર ઘડામાં નિવાસ નથી કરતો. તેનો સંબંધ માત્ર બનાવવાનો છે. પરંતુ ભગવાનની આ સૃષ્ટિ છે તેમાં આવી વાત ક્યાં છે ? ભગવાનની સૃષ્ટિમાં ભગવાન તેની રચના પણ કરે છે અને પછી રચના કરીને તેમાં આપ પ્રવેશ પણ કરે છે. અર્થાત્ નિવાસ પણ કરે છે. એ દૃષ્ટિએ કોઇ વ્યક્તિને, કોઇ પદાર્થને નીચ જાતિનું હીન આપણે ન સમજવું જોઇએ, આ ભગવદીય દૃષ્ટિ છે.

લૌકિક દૃષ્ટિ તો હીનને હીન માનશે, સારાને સારા માનશે. લૌકિક દૃષ્ટિ એ તો આપણી બધાની બનેલી છે. સ્પષ્ટ વાત છે, તેમાં તો કોઇ વિકલ્પ છે જ નહીં. પરંતુ ભગવદીય દૃષ્ટિ જે છે તે દિવ્ય હોય છે. દિવ્ય દૃષ્ટિવાળાને બધું દિવ્ય દેખાય છે, અને લૌકિક દૃષ્ટિવાળાને બધું દિવ્ય નથી દેખાતું. સારૂં પણ દેખાશે અને ખરાબ પણ દેખાશે તો આવી દૃષ્ટિ બનાવવાની છે.

આ વાત આપણને બધાને સાંભળવા માટે ઘણી સારી લાગી. પરંતુ આવી દૃષ્ટિ આપણને ભગવાન પ્રદાન કરે ત્યારે બની શકે છે. કેવળ આપણી ઇચ્છા માત્રથી આવી દૃષ્ટિ આપણને મળી જાય. આમ તો પ્રપતી જ આમાં બધું કરી શકશે એવી વાત નથી. ભગવાનની કૃપા જ જો હોય તો આપણને આવી દિવ્ય દૃષ્ટિ ભગવાન પોતાની કૃપાથી પ્રદાન કરે એવી અભિલાષા આપણે રાખવી જોઇએ. આવી દિવ્ય દૃષ્ટિ ભગવાનની કૃપાથી આપણને પ્રાપ્ત થઇ જાય કે આપણે કોઇને હીન ન માનીએ. આપણે પ્રયત્ન કરવો પણ જરૂરી છે અને ભાવના કરવી પણ જરૂરી છે. ન તો કેવળ પ્રયત્ન કાર્ય કરીશકે છે અને ન કેવળ ભાવના જ કાર્ય કરી શકે છે. ભાવના તો આપણે કરતા રહીએ અને પ્રયત્ન જરા પણ ન કરીએ. ભાવનાશૂન્ય રહીએ તો પણ કાર્ય બનશે નહીં. બંનેની જરૂરત છે, પ્રયત્ન પણ અને સાથમાં ભાવના પણ હોય ત્યારે કાર્ય પુરૂં થાય છે. એક વ્યકિત કે જેને એવા સ્થાનમાં પહોંચાડવામાં આવ્યો હોય કે ત્યાં દુર્ગંધ આવી રહી છે એવા સ્થાનમાં પહોંચી ગયો અને દુર્ગંધ કોને સારી લાગે છે ? કોઇને નથી લાગતી. કોઇને સારી લાગતી નથી. બધા તેનાથી છુટકારો ઇચ્છે છે, દુર હટવા ઇચ્છે છે. બધા ઇચ્છશે કે દુર્ગંધ આપણાથી દુર થઈ જાય. પરંતુ તે વ્યકિત ભાવના જ કરતો રહે દુર્ગંધ મારાથી દુર થઈ જાય અને ત્યાં જ ઉભો રહે, એક ડગલું આમતેમ ચાલે નહીં, તો દુર્ગંધથી તેની મુકિત થઇ શકે ? ન થાય. તે તો ત્યાંથી ચાલીને થોડો દુર રહેશે ત્યારે દુર્ગંધથી મુકત થઇ શકશે. અને ઘણા પ્રાણી એવા હોય છે જેને દુર્ગંધ જ દુર્ગંધ નથી દેખાતી એવા ઘણા પશુ છે જે દુર્ગન્ધને જ સુગંધ માને છે. આવા પ્રાણી છે જેઓ તેનાથી મુકત થવા ઇચ્છતા નથી. તે તો ઇચ્છે કે આ તેમની પાસે જ રહે. તેઓ આવું જ ઇચ્છે છે ને ?

જેમનો સ્વભાવ એવો છે, પ્રકૃતિ એવી બની ગઇ છે કે આ પરિસ્થિતિ મારી પાસે સદા બનેલી રહે. આ પરિસ્થિતિ મારી આગળ

બની રહે, તેનાથી હું કયારેય અલગ ન થાઉં. દુર્ગન્ધને જ તે સુગંધ માને છે તે તો ભાવના પણ શા માટે કરે ? આમ તો મુકિત કેવી રીતે થાય. તેઓ ઇચ્છા પણ શું કામ કરવા લાગે ? એવી ઇચ્છા પણ તેઓ નહીં કરે.

તો જેઓ લોકાસકત વ્યકિત છે, દુનિયામાં જ જેને સર્વસ્વ દેખાય છે. દુનિયા છે તો બધું છે, દુનિયા નથી તો કંઈ નથી એવી જેની દૃષ્ટિ છે. તે લોકો કયારેય પણ આ દુનિયાના મોહથી પ્રપંચથી, આસકિતથી દૂર થવાનું ઇચ્છશે? નહીં ઇચ્છે અને પ્રપંચને આસકિતને જ સર્વસ્વ માનશે.

વધારેમાં વધારે મારી આસકિત આ પદાર્થોમાં લાગી રહે એવી ઇચ્છા કરશે. કહેવાનો આશય એ છે કે બંનેની આવશ્યકતા છે. પ્રયત્ન પણ અને ભાવના પણ. કેવળ ભાવના જ કંઈ કાર્ય નહીં કરે અને કેવળ પ્રયત્ન પણ કાર્ય નહીં કરી શકે, તો ભાવનાનું નિર્માણ સત્સંગ દ્વારા થાય છે.

બે ચાર દિવસ સત્સંગ કર્યો જેના દ્વારા આપણી ભાવના નિર્માણ થઇ. આ સત્સંગનું ફળ છે. સત્સંગ કર્યો. ઘણી સારી સારી વાતો સાંભળવી, રસપ્રદ વાતો પણ સાંભળી અને કોઇ પણ પ્રકારની ભાવના ન થઇ તો સત્સંગનું ફળ આપણે પ્રાપ્ત કર્યું છે એ આપણે કેવી રીતે કહી શકીએ ? ન કહી શકીએ. સત્સંગ દ્વારા ભાવનાનું નિર્માણ થવું જોઇએ, જ્યારે પણ સત્સંગનો પ્રસંગ આવે, ત્યારે આપણે મારા હૃદયમાં ભાવનાનું નિર્માણ થાય એવી ઇચ્છા રાખવી જોઇએ અને આ ભાવનાથી સત્સંગ કરવો જોઇએ.

## આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભક્તિવર્ધિની

## ગ્રન્થ – પરિચય

લેખક –: **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

ભાષાન્તર –: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

ગતાંકથી ચાલુ

(ખ) ભગવત્કથા માર્ગથી બીજભાવને દૃઢ દિશામાં આગળ વધવાવાળા યાત્રીને બીજો માર્ગ સૂચક સ્તંભ (MILE STONE) ભગવદાસક્તિનો મળશે. ભગવદાસક્તિ સિદ્ધ થતાની સાથે જ પોતાના ઘરપરિવારમાં જે અનુરાગ ખંડિત થયો હતો. એ અનુરાગ હવે ઘરપરિવારમાં અરુચિનું રૂપ ધારણ કરવા લાગશે. ભગવદાસક્ત ભક્તને એવી પ્રતીતિ (ખાત્રી) થવા લાગશે કે મારા ઘર તથા પરિવાર કેવળ મારી કૃષ્ણભક્તિમાં જ અનુપયોગી નથી, પરંતુ એ બધાં મારી કૃષ્ણાસક્તિમાં કોઈ અને કોઈ રીતે બાધા (નડતર) પહોંચડવાવાળા છે. બસ આ મનોભાવ જ તેનામાં પોતાના ઘરપરિવાર તરફ અરુચિ જગાડી દેનાર બને છે. અત્યાર સુધી તો પોતાના ઘરને તથા ઘરમાં રહેતા બીજા માતા, પિતા, પતિ, પત્નિ, પુત્ર, પુત્રી યા મિત્ર–બાંધવોને એ પોતાના માની બેઠો હતો એમને વિષે તેને લાગવા માંડશે કે એ મારાં સગાં નથી. કારણ કે શ્રીકૃષ્ણના પ્રત્યેની મારી આસક્તિમાં એ બધાં પોતાનો ભાગ પડાવવા માગે છે. પ્રત્યેક સદસ્ય (ઘરનો માણસ) પોતાના પરિવારના બીજા સભ્યની પોતાના તરફની આસક્તિની કુદરતી રીતે જ અપેક્ષા રાખે છે. આ જ માગણી ભગવદાસક્ત ભક્તને અરુચિકર લાગવા માંડે છે.

પરંતુ પોતાના ઘરમાં કૃષ્ણસેવાં કરવાવાળા ભક્તનાં મનમાં ભગવદાસક્તિ (પ્રભુ પ્રત્યે પ્રેમ) પ્રગટ થાય છે જ પરંતુ ઘર–પરિવારમાં અરુચિ પ્રગટ થવાનું કોઇ કારણ નથી હોતું.

(ગ) ત્રીજો માર્ગ સૂચક સ્તંભ (Mile Stone) એ છે કે ભગવત્કથા પ્રણાલીથી ભક્તિમાર્ગ પર આગળ વધતા યાત્રીને વ્યસન દશાનું મળે છે. અહીં સુધી પહોંચવાળા ભક્તની દશા ઘણી વિકલ (તાલાવેલીયુક્ત મુંઝવનારી) બની જાય છે. હવે તે ભગવાન વગર એક ક્ષણ પણ રહી નથી શકતો. ભગવાનના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં કરતાં તથા ભગવાનની વિવિધ લીલાઓના મનોરથ પર સવાર થયેલું ભક્તનું મન હવે પોતાના ભક્તિના માર્ગ (પથ) પર લેશમાત્ર રૂકાવટ (અવરોધ) યા તો વ્યવધાન (પોતે પ્રાપ્ત કરેલી દશામાં જરાપણ ફેરફાર)ને સહન નથી કરી શકતો. એ અસહિષ્ણુ (વિપરીત સ્થિતિને સહન ન કરી શકનાર) બની જાય છે. તેને શ્રીકૃષ્ણ (ના સ્વરૂપ ચિંતન)નું વ્યસન થઇ ગયું છે એમ સમજી લેવું જોઇએ.

આ એ જ અવસ્થા છે, જ્યાં પહોંચે કે તરત ભક્તને એ સમજાઇ જાય છે કે ‘ગૃહ-

સ્થિતે રુત્કૃષ્ટ ત્વં ન ભગવદ્દીત્વમાત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા અન્યથા ન સ્થાતવ્યં.'

**અર્થ** : પોતાનું ભગવદ્દીયપણું એ ઘરમાં રહેવાનો સ્વસ્થ (સાચો, દોષ રહિત) હેતુ નથી, કિન્તુ ભગવાનની સાથે રહેવું અથવા ભગવત્સેવા માટે જ રહેવું એ જ ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ સર્વોત્તમ) હેતુ છે. અન્યથા (જો એમ ન હોય તો) ગૃહત્યાગ જ ઉચિત ગણાય છે. (સુ. બો. ૩–૧–૨) એક દિવસ અચાનક ભકતના અંતઃકરણમાં એવો અવાજ આવવો શરૂ થાય છે– પછી તો તેને પોતાને જ ખબર નથી પડતી કે તે કયારે ઘરની બહાર નીકળી ગયો ! આ અંદરથી ઊઠતા અવાજને અણસુણ્યો કરવામાં એ સમર્થ બની શકે તો સમજી લેવું કે એ અટકી ગયો અને ભકિતના પથથી (માર્ગથી) કશેક દુર ભટકી (અથડાઇ) રહ્યો છે ! આ જ કારણથી શ્રી મહાપ્રભુજી કહે છે કે– 'તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકં ત્યાગંકૃત્વ યતેદ્યસ્તુ તદ્દર્થાર્થૈક માનસઃ લભતે સુદૃઢાં ભકિતં સર્વતોભ્યધિકાં પરામ્'–

કથા પ્રણાલીથી વ્યસનભાવ સિદ્ધ થતાં જ ઘરથી બહાર નીકળી જવું શ્રેયસ્કર (હિતકારક) થાય છે. અન્યથા (એટલે કે જો એમ ન થાય તો) વ્યસન દશામાં ફલિત–અંકુરિત થવાવાળો બીજભાવ પણ સર્વાત્મભાવ યા અલૌકિક સામર્થ્યમાં પરિપકવ નહીં થઇ શકે. એવા ઘરમાં રહેવાથી શો લાભ કે જે કૃષ્ણભકિતનું અંગ ન હોય ?

આ ઘરનો પરિત્યાગ કૃષ્ણ વ્યસનના આવેશમાં કૃષ્ણના વિરહના કારણે થનારો પરિત્યાગ છે. જગતમાં પેદા થયેલી દોષદૃષ્ટિના કારણે કરવામાં આવેલો અવસ્થ નીરસ–શુષ્ક ત્યાગ નહીં પરંતુ શ્રીકૃષ્ણમાં વધતી જતી પ્રેમદૃષ્ટિથી વિવશ (લાચાર) બનીને કરવામાં આવતો સરસ રસ સહિતનો પ્રેમપૂર્ણ સ્વસ્થ ત્યાગ છે. સર્વ નિર્ણય ગ્રંથમાં આ ગૃહત્યાગની પછી એકાકી, નિસ્પૃહ, ક્ષાન્ત ભાવથી કયાંય અટકયા વગર દેહ પડે ત્યાં સુધી નિરન્તર તીર્થાટનનો ક્રમ, શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો છે. યાત્રાતીર્થોનું કરવાનું નતો છે પુણ્યની શોધમાં યાતો મોક્ષની શોધમાં જ, પરંતુ શ્રીકૃષ્ણની શોધમાં જ "કૃષ્ણ એવ તાત્પર્યં ન તુ તીર્થાદ્દી દેહપાત પર્યન્તં ચ પર્યટનમ્".

પ્રેમના આ કઠણ ત્યાગમાર્ગ પર ચાલવાનું સાહસ જેઓ નથી જોડી (પ્રાપ્ત કરી) શકતા, પરંતુ ઘરમાંથી નીકળી પડવાની જેમની તૈયારી હોય એવા ભકતોને ઓચિંતુ દુઃસાહસ ન કરવાની સલાહ શ્રીમહાપ્રભુજી આપે છે.

આ ત્યાગમાર્ગ ઉપર ચાલતાં ચાલતાં જરા ભૂલ થાય તો ભકિતહીન ગૃહસ્થથી પણ અધિક નીચે પડી જવાની ભીતિ (ડર) રહે છે. ગૃહસ્થમાં તો પુત્ર માટેની ઇચ્છા, વિત્ત (ધન) માટેની ઇચ્છા, યા તો લોકૈષણા (લોકોમાં કીર્તિ થાય એવી ઇચ્છા) ના દોષો રહી શકે છે. પરંતુ ત્યાગમાં કયાંક સંસારી જીવોના સંસર્ગથી શિષ્ય માટેની ઇચ્છા જાગી ઊઠે તો (કરેલો) બધો ત્યાગ નાશ પામશે ! પુત્ર, વિત્ત તથા લોક એમ ત્રણેય માટેની વાસના શિષ્ય સંગ્રહની વાસનામાં સૂક્ષ્મ તથા ત્રિગુણિત (ત્રણ ગણી) થઈ જાય છે ! !

ઘરથી બહાર નીકળ્યા પછી પણ ત્યાગી ભકતનો સંસર્ગ તો સંસારી તથા ભગવદ્ વિમુખ લોકોની સાથે તૂટી નહીં શકે. ભગવાનને

નિવેદન કર્યા વગરનું અન્ન ખાઇને અથવા પંચ મહાયજ્ઞ ન કરવાવાળા ગૃહસ્થનું અન્ન ખાઇને અન્નદોષને વશ થવાથી જ અધઃપાતની સંભાવના અધિક રહે છે. તેથી સર્વથા અસંગ તથા અપરિગ્રહ હોવાની સાથોસાથ જ્યાં સુધી વ્યસન દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ત્યાગ શ્રેયસ્કર નથી હોતો (કે થતો) કેવળ ભગવત્પ્રાપ્તિની કામના હૃદયમાં રહે અને બધી કામનાઓ નિઃશેષ થઈ જાય (કામનાઓનો સમૂળગો નાશ થઇ જાય) ત્યારે જ ત્યાગ માર્ગ પર આરોહણ કરવું જોઇએ.

—ક્રમશઃ

---

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

## નવધા ભક્તિ

શ્રવણ કિર્તન શ્રીકૃષ્ણનું સ્મરણ સેવન અર્ચન,
વંદન દાસત્વ સખ્યતા વળી આત્મ–નિવેદન.
આત્મ–નિવેદન નવધા કહિયે,
પ્રેમ લક્ષણા દશમી લહિયે;
એ ભક્તિ સહુ સાધન–તાજ,
જે પામે વશ થાય વ્રજરાજ–
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ–૧૧

**શબ્દાર્થ :**

અર્ચન : વૈદિક રીતીથી અર્ચન કરવું.
સખ્ય : મિત્રભાવથી ભક્તિ કરવી.
આત્મ નિવેદન : પોતાનું સર્વસ્વ અર્પણ કરવું તે.
તાજ : સર્વ સાધનોમાં શ્રેષ્ઠ. તેને જ તાજ કહેવાય, સર્વની ઉપર.
શ્રવણ કીર્તન શ્રીકૃષ્ણનું : મર્યાદામાં પરિક્ષિત, પુષ્ટિ મર્યાદા ઋષિપત્ની.

આ માટે પદ્મ પુરાણમાં જુએ અધ્યાય ૫–માં શ્લોક ૭૧–૭૩ સુધી. ગોકર્ણ પ્રત્યે શ્રી વિષ્ણુ ભગવાનના પાર્ષદોએ કહેલું છે કે, શ્રવણ, શ્રવણમાં ફેર છે. શ્રવણ તો સહુ કરે પરંતુ તેનું તેવું જ મનન કરવું જોઇએ. મન જેનું સ્થિર હોય, એકાગ્ર ચિત્તથી સાંભળે તે જ મનન કરી શકે. તેમાં સાંભળવાની ઉત્સુકતા હોય તેવાઓ જ મનન કરી શકે. એટલે શ્રવણ કર્યા પછી ચિંતન થાય ત્યારે જ શ્રવણ ભક્તિ સ્થિર થાય. પ્રમાદ–આળસ અગર તો ઉપરના મનથી સાંભળવું તે કામનું નથી. શ્રવણભક્તિનાં નિયમો નીચે મુજબ છે–

(૧) જેની પાસેથી સાંભળવું છે તેનો સંપૂર્ણ વિશ્વાસ રાખવો.

(૨) પોતાનામાં દીનતાભાવ રાખી, શ્રવણ ઉત્સુકતા રાખવી.

(૩) તે વખતે મનના ઉઠતા અનેક તરંગોને દુર કરી કથા સાંભળવી.

(૪) નિશ્ચિંત મન રાખી પ્રેમપૂર્વક કથા સાંભળવી.

ભગવાનની જ્યાં જ્યાં કથા થતી હોય ત્યાં સકલ તીર્થો આવીને નિવાસ કરે છે, તેથી જ કથા–શ્રવણથી ગંગા, ગોદાવરી વિગેરે તીર્થ નદીઓનું સ્નાનફળ મળે છે–

સ્મર્તવ્ય' સતતં વિષ્ણું ન વિસ્મર્તવ્યો કદાચન
સર્વ વિધિ નિષેધાયરેતરે યુવ કિંકરઃ

**ભાવાર્થ** : સદા સર્વદા શ્રી વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરવું, પરંતુ ક્યારેય ભૂલવું નહીં, ભગવાનનું નામ સ્મરણ કરવામાં વિધિ નિષેધ ક્યાંય નડતો નથી.

શ્રી મહાપ્રભુજી ચતુઃશ્લોકીમાં—

સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાય મેવ ધર્મોહી નાન્યઃ ક્વાપિ કદાચન ॥

સર્વદા–હંમેશા સર્વાત્મભાવથી ભગવાન વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું. આને જ સ્વધર્મ બતાવ્યો છે. ગમે તે સ્થળે, ગમે તે કામ કરતાં કોઇ પણ પરિસ્થિતિમાં સ્મરણ કરવું. આમાં કોઇ વસ્તુ બાધા કરતી નથી–

શ્રીમદ્ ભાગવત સપ્તમ સ્કંધ–પમાં અધ્યાયમાં નવધા ભકિતનું —

શ્રવણ કિર્તન વિષ્ણોઃ પાદસેવનમ્ ।
અર્ચન વંદન દાસ્ય સખ્યાત્મનિવેદનમૂ ॥

આમાં નવ પ્રકારની ભકિતના નામ દીધા છે તે નવધા ભકિત સાધનરૂપા છે તે સર્વના મુકુટમણિ રૂપ પ્રેમલક્ષણા ભકિત કહેલ છે. પ્રભુને પ્રસન્ન કરવાનું અગર કોઇ સાધન છે તો તે પ્રેમલક્ષણા ભકિત જ છે. વળી આમાં ખુબી એ રહેલી છે કે પ્રેમલક્ષણામાં નવધા ભકિતનો આપોઆપ સમાવેશ થઇ જાય છે.

ભગવાનની ભકિત કરવાના અનેક સાધનો હોય પરંતુ પ્રેમની ખામી રહી તો તે બધું નકામું થઇ પડે, પ્રેમ વિના નકામું. પ્રિત પરસ્પર હોય છે ત્યાં જુદાઇ રહેતી નથી ભકત ભગવાન ને ભજે છે તેમ ભકતને ભગવાન ભજે છે.

૨૫૨ વૈ.ની વાર્તામાં એક ડોશીમા એકલાં જ હતા. ઘરમાં નાનું મોટું કોઇ નહીં. સ્થિતિ ગરીબ હતી, પાસે નાણું નહીં. રેંટિયો કાંતીને પોતે નિર્વાહ કરતા. તેમના ઘરમાં બિરાજતા શ્રી બાલકૃષ્ણલાલજી તે ડોસીના પ્રેમને આધિન બની ડોસીને રાજી રાખતા. બાળચેષ્ટા કરી ડોસીને રીઝવતા. ડોસી મુઠી ભરીને ધાણી દેતા.

એક વાર શ્રી ઠાકુરજી, શ્રી ગુસાંઇને ઘેરે પધાર્યા, ત્યારે ડોસીએ વિચાર કર્યો કે હવે મારે કેના માટે કાંતવું ? લાલો તો એના ઘરે ગયો. ડોસીમાએ ન તો કાંત્યુ કે ન તો રસોઈ કરી, લાલાના ધ્યાનમાં જ બેસી રહી પોતે પશ્ચાતાપ કરતી કે મારે ઘેર મેં સુખ શું આપ્યું ?

ડોસીનો તાપ શ્રી ઠાકુરજી જીરવી ન શકયા અને જણાવ્યું કે મને તો તમે અત્યારે જ ડોસીને ઘેર મૂકી આવો, મને ધાણી–પૂણી વગર ગમે નહીં. ઠાકોરજી પધાર્યા ત્યારે ડોસીમા ખુબ રાજી થયા. પાછો તેનો તે ક્રમ ચાલુ કર્યો. ધાણીની મૂઠી ભરી લાલાને દેતી. લાલો પૂણીઓ પકડાવે. આવી પરસ્પર પ્રીતિ

તે જ પ્રેમલક્ષણા. પ્રેમમાં નેમ નથી. ભકત પ્રેમી પ્રભુને જે કાંઇ ભાવથી ધરાવે તેને જ પ્રભુ સર્વસ્વ માને. કોઇ તો મૂઠી ચણા, કોઇ તો બાજરીના દાણા, કોઇ સંપત્તિવાન નિત્ય નવી સામગ્રી કરી વૈભવથી સેવા કરે પરંતુ પ્રભુને મન બધા સરખા. કેમકે પ્રભુ ભકતના પ્રેમને અંગીકાર કરે છે, વસ્તુની કીંમત નથી. ભકતો પોતાનું સુખ કયારેય વિચારતા નથી, એ તો પ્રભુ કેમ પ્રસન્ન રહે તેમ બનતું બધું કરતા હોય છે.

પ્રેમ વિના પ્રભુ ના મિલે, કોટી કરો ઉપાય;
અંતર્યામી આપ હે, ઉપર તે ન ઠગાય.

આ મુજબ સાધન બળ બધા ઓછા પડે છે, કેવળ હૃદયનો પ્રેમ જ પ્રભુ અંગીકાર કરે છે. માટે જ કવિશ્રી કહે છે—

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.....!

## વૈષ્ણવ પરિવાર ચાલુ રહેશે

'વૈષ્ણવ પરિવાર' એપ્રિલ-૧૯૯૫થી પુર્વવત્ ચાલુ રહેશે. તેના તંત્રી તરીકે પ્રા. રાજન કડિયા સેવા આપશે, જ્યારે પ્રકાશક તરીકે શ્રી સદ્‌ગુરુ સેવા ટ્રસ્ટ (પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, બી. કે. સીનેમા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨ ફોન : ૦૨૭૬૨/૨૧૩૦૬)

લવાજમ : દેશમાં રૂા. ૫૦/- પરદેશમાં રૂા. ૫૦૦/-

**લવાજમ ભરવાની મુદત તા. ૧૦-૧-૯૫ થી ૧૫-૩-૧૯૯૫ સુધી**

ઉપર મુજબ અનિવાર્ય સંજોગોમાં માત્ર વ્યવસ્થા બદલાઇ છે, પરંતુ તેનો આકાર-પ્રકાર, રીતિ-નીતિ, સાહિત્ય-ચયનની પદ્ધતિ તથા પ્રતિનિધિઓ પૂર્વવત્ રહેશે. મુંબઇની ઓફીસ પણ યથાવત્ ચાલુ રહેશે.

—**રમેશભાઈ પરીખ** (તંત્રી, વૈષ્ણવ પરિવાર

# તિલક તજાય નહીં, માલા મેલાય નહીં.

### લે. ભામિનીબેન કિ. લાયની વાળા (વાપી)

વ્રજમાં શ્રી હિત–હરિવંશજીના શ્રી રાધાવલ્લભ સંપ્રદાયના પ્રસિદ્ધ મંદિરો આવેલાં છે. શ્રી ધામવ્રજવૃંદાવનમાં તેમનું પાંચસો વર્ષ જૂનું પ્રાચીન મંદિર છે.

આ સંપ્રદાયમાં અનેક ભાવિક ભકતો થઈ ગયા છે.

લગભગ ૬૦ વર્ષ પહેલાં બનેલો આ પ્રસંગ છે. તે સમયે ભારતમાં અંગ્રેજ સરકારનું રાજ્ય ચાલતું હતું. શ્રી ધામવ્રજવૃંદાવનમાં એક ભાઇ વકીલ હતા. તે શ્રી હિતહરિવંશજીના રાધાવલ્લભ સંપ્રદાયના સેવક હતા. ઘણીવાર વૃંદાવનથી તેમને પોતાના કામકાજ માટે દિલ્હી જવાનું થતું.

દિલ્હીમાં એક નામાંકિત અગ્રેંજ અમલદાર રહે. વકીલ સાહેબને અનેકવાર આ અંગ્રેજ અમલદારનું કામ પડતું.

આ વકીલ શ્રી રાધાવલ્લભ સંપ્રદાયના એક ભાવિક–ટેકીલા ભકત હતા. પુષ્ટિસંપ્રદાયની જેમ આ સંપ્રદાયમાં પણ માલા–તિલક કરવાં જરૂરી ગણાય છે. પોતાના સંપ્રદાયની રીત પ્રમાણે આ વકીલ માલા–તિલક કરીને જ કામ પર જતા અને આ બાબતમાં તેઓ કોઇ પણ જાતની બાંધછોડ કરતા નહીં. તે સદા પોતાના કર્તવ્યમાં મશગુલ રહેતા.

ત્યાંના સહકર્મચારીઓ આ વકીલની ઇર્ષા કરતા. એક વખત તક જોઇને તેમણે અંગ્રેજ અમલદાર પાસે વકીલની ચાડી–ચુગલી કરતા કહ્યું, "આ વકીલ બહુ અભિમાની છે તે માલા–તિલક કરી કામ પર આવે છે અને બધા કરતાં જુદી રીતે વર્તે છે." સરકારી અમલદારનું આ બાબત તરફ ધ્યાન ગયું.

બે દિવસ પછી અગિયાર વાગે જ્યારે ઓફિસનું કામકાજ શરુ થયું ત્યારે આ વકીલને અમલદારની ઓફિસે ખાસ મળવા બોલાવવામાં આવ્યા.

દિલ્હીમાં વકીલ સાહેબને આ અંગ્રેજ અમલદારનું વારંવાર કામ પડતું. એમને વાતનો અણસાર આવી ગયો હતો. આ અમલદારને જો વાંકુ પડે અને તે જો કલમનો અવળો ગોદો મારી દે તો વકીલ સાહેબનું કામ કઠીન બની જાય તેમ હતું.

પરંતુ હૃદયમાં શ્રી રાધાવલ્લભ પર અપાર શ્રદ્ધા ધારણ કરી શ્રી રાધારાણીનું સતત સ્મરણ કરતાં કરતાં તે અંગ્રેજ અમલદારની ઓફિસમાં હાજર થયા. ઓફિસ બહાર ચુગલીખોરો ટોળું વળીને ઊભા રહ્યા.

અમલદારે શ્રી હિતસેવકને પ્રેમથી આવકાર્યા અને બેસવા કહ્યું. તેમણે કામકાજની વાતના ખબર પૂછયા. વાત ઉપરથી વાત નીકળતાં તેમણે પૂછયું 'તમે આ તિલક કરો છો અને માળા પહેરો છો એ શા માટે ?'

વકીલનું હૃદય માલા–તિલક સાથે એકતાર બની ગયું. તેમનું હૃદય નિશ્ચલ બનીને જાણે ગાઇ રહ્યું : 'પ્રાણાન્તે પણ તિલક તજાય નહીં, માલા મેલાય નહીં'.

શ્રી રાધારાણીનું સ્મરણ કરી દઢ મનોબળ ધારણ કરી વકીલે જવાબ આપ્યો : 'સાહેબ, આ તિલક અને માળા મારા મન અને હૃદયને ઇન્જેકશન આપી રહે છે કે હમેશાં સત્ય વિચારવું અને સત્ય બોલવું અને સાચો ન્યાય આપવો." જવાબથી ખુશ ખુશ થઇ

ગયા અને શ્રી હિતસેવકને શાબાશી આપતાં કહ્યું : "રાઇટ, રાઇટ"

અમલદારે ટેબલ પરનો બેલ વગાડી સિપાઇને બોલાવ્યો. તેમણે તરત એક મિટિંગ ભરી. આ મિટિંગમાં ફરમાન કરવામાં આવ્યું કે આવતી કાલથી બધાએ તિલક કરવો અને કંઠી ધારણ કરીને કામ પર આવવું.

માલા-તિલકની નિંદા કરનારા, માલા-તિલક પહેરનારની હાંસી કરનારા બધા શ્રી હિતહરિવંશજીના સેવક બની ગયા.

આવો અદ્ભુત પ્રતાપ છે તુલસીની માળા અને તિલકનો !!!

# આ માસના ઉત્સવ

મહા સુદ ૧૧ તા. ૧૧-૨-૯૫ શનિવાર, જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૧૨-૨-૯૫ રવિવાર, શ્રી લાડલેશજીનો પાટોત્સવ (વેરાવળ).

મહા સુદ ૧૩ તા. ૧૩-૨-૯૫ સોમવાર, ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ શ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૧૫-૨-૯૫ બુધવાર, હોરીદંડા રોપણ, સૂર્યોદય પહેલાં, માઘસ્નાન સમાપ્તિ, ધમારનો પ્રારંભ.

મહા વદ ૩ તા. ૧૮-૨-૯૫ શનિવાર, ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (ચાંપાસેની જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૧૯-૨-૯૫ રવિવાર, ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૨૦-૨-૯૫ સોમવાર, શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ, ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી (સુરત)નો તથા ગો. શ્રી અભિષેકકુમારજી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૨૧-૨-૯૫ મંગળવાર, ગો. શ્રી રઘુનાથબાવા (મુંબઇ-મુલુંડ)નો તથા ગો. શ્રી રસિકપ્રીતમજી (વીરમગામ-અમદવાદ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૨૨-૨-૯૫ બુધવાર, શ્રીનાથજીનો પાટોત્સવ (શ્રી નાથદ્વારા).

મહા વદ ૯ તા. ૨૩-૨-૯૫ ગુરુવાર, ગો. શ્રી અનિરુદ્ધલાલજી (માંડવી-કચ્છ)નો તથા ગો. શ્રી પ્રશાંતકુમારજી (મુંબઇ)નો તથા શ્રી ગોપાલજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૨૪-૨-૯૫ શુક્રવાર, ગો. ચિ. નૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી) તથા ગો. શ્રી રાજેશબાવાશ્રી (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૨૫-૨-૯૫ શનિવાર, વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૨૬-૨-૯૫ રવિવાર, ગો. શ્રી વસંતકુમાર બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

મહા વદ અમાસ તા. ૧-૩-૯૫ બુધવાર, દ્વાપર યુગાદિતિથી, ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોરબંદર)નો તથા ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (ગોકુળ-કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૪-૩-૯૫ શનિવાર, ગો. શ્રી વલ્લભલાલજી (કામવન)નો તથા ગો. શ્રી વિઠ્ઠલનાથજી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૫-૩-૯૫ રવિવાર, ગો. શ્રી વેણુગોપાલજી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૭-૩-૯૫ મંગળવાર, શ્રી લલિતત્રિભંગીજીનો પાટોત્સવ (વેરાવળ).

॥ શ્રી હરિઃ ॥

# વેણુગીત ધોળ

( વેણુગીત શ્લોક ૧૨, ધોળ-૭ )

[ ઢાળ- તારી દુલરી કયાં ગઇ કહાન જશોદા પૂછે છે ]
સખી દેખો દેવોની નાર, દશા થઇ કેવી રે;
નથી તનની સુધી લગાર, થઇ જોવા જેવી રે. ૧

વનિતાઓને વશ કરે એવો, વેશ ધર્યો છે મુરારી રે;
વિચિત્ર ગીત વાલો વેણુમા વગાડે, વૃંદાવન વિહારી—દશા થઇ કેવી રે. ૨

બેસી વિમાનમાં આવી વૃંદાવન, સૂણી મુરલીની તાન રે;
મન મોહનનું રૂપ જોઇને, ભૂલી સાન ને ભાન—દશા થઇ કેવી રે. ૩

અંગો અંગમાં અનંગ વ્યાપ્યો, વ્યાકુળ થઇ છે ભારી રે;
વ્રજ પતિ સંગે વિહાર કરવા, મનમાં રહી વિચારી—દશા થઇ કેવી રે. ૪

કટિ પરથી નીવી સરીને, નગ્ન થઇ સુરનારી રે;
વેણીમાંથી ફૂલ ખર્યા ને, મૂર્છિત થઇ બિચારી—દશા થઇ કેવી રે. ૫

સ્નેહ વિના સખી શ્યામતણું સુખ, મળે ન કોટિ ઉપાય રે;
ભકિત રહિતને મોહ કરે **'લાલ'**, દશા દેવી જેવી થાય;—દશા થઇ કેવી રે. ૬

### ( વેણુગીત શ્લોક-૧૩, ધોળ-૮ )

[ ઢાળ- અમને વ્હાલો લાગે બ્હેની નંદનો કનૈયો ]

વેણુ ગીત પીયૂષનું પાન, સખીઓ, કેવું કરે છે ગાય;
એના ઉરમાં આનંદ છાઈ, સખીઓ કેવું કરે છે ગાય. ટેક.

કૃષ્ણ મુખથી નીકળી રહ્યું ને, વેણુ દ્વારા જાય;
પહોંચે તૃણ ચરે જ્યાં ગાય, સખીઓ કેવું કરે છે ગાય. ૧

કાન રૂપી પડીયામાં ભરીને, પાન કરે છે અઘાય;
દેખો કાન રહી છે ઉઠાઇ, સખી કેવું કરે છે ગાય. ૨

આંખ મીંચીને ઉભી રહી છે, તૃણ ચરવું વિસરાય;
અશ્રુ પ્રેમતણા વહાય, સખીઓ કેવું કરે છે ગાય. ૩

મન મોહનની માધુરી મૂરત, અંતરમાં દરસાય;
એનાં રસમાં ગઇ છે ખોવાઇ, સખીઓ કરે છે ગાય. ૪

વાછરડા સ્તનપાન કરે નહીં, ઘુંટ રહ્યા મુખમાંહ્ય;
એની ગતિ માતા સમ થાય, સખીઓ કેવું કરે ગાય. ૫

ધન્ય ભાગ્ય આ પશુ જાતિનું, સદા કૃષ્ણ સંગ જાય;
'લાલ' અમે ઘરમાં રહી પૂરાઇ, સખીઓ કેવું કરે છે ગાય. ૬

**-કીર્તનીઆ લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ.**

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

# શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

### પદ–૧૩

ધન્ય રહતિ કૂલનિ તરુવેલી;
તિનિકી મુક્તિ–ભુક્તિ સિધ્યાદિક મનહુ ટહલની ચેલી. ૧

પુષ્પાભરન વસન પલ્લવધરિ મનુ રવિ સુતા સહેલી;
જિનિકે તેરેં નાયકા નાયક રહતિ મંડલી ભેલી. ૨

પિયકર પરસિ હર્ષિ અનુરાગિનિ સ્રવત રેત મધુરેલી;
**'વલ્લભ'** ધન્ય ધન્ય અનુરાગિનિ નીર નીલ મિલિ ખેલી. ૩

**ભાવાર્થ** :– આ પદમાં કવિશ્રીએ શ્રી યમુનાજી કિનારે બિરાજમાન વૃક્ષલત્તા વેલીનું વર્ણન કર્યું છે :–

કિનારા ઉપર બિરાજમાન સદા સમીપ એવી વૃક્ષલતા વેલીઓને ધન્ય છે, કારણ કે માનો તેઓ તો શ્રી યમુનાજીની સહેલી બનીને સાથ રહીને વૈભવશાળી બનેલ છે, તેથી તેમની છાંય પણ મુક્તિ અને ભક્તિની પ્રાપ્તિ કરાવવાને સમર્થ છે.

જેમણે ફૂલોનાં આભૂષણો અંગે સજાવ્યા છે તેમજ પાંદડારૂપી વસ્ત્રો ધારણ કર્યા છે. આવી રીતે સજ થયેલી લતાઓ માનો શ્રી યમુનાજીની નિકટની સહેલી છે. આ તરૂલતાનાં ભાગ્યની શી બડાઇ કરવી કે જેમની છાંયામાં પ્રિતમ પ્યારી અનેક ભકતોની સાથે બિરાજમાન રહે છે. લતાઓને શ્રી યુગલ સ્વરૂપનાં શ્રી હસ્તનો સ્પર્શ પણ મળે છે તેમજ સુંદર તટ પર બિરાજતી વાલુકાનો પણ સ્પર્શ મળે છે અથવા તો તે લતાઓ પોતાની ડાળી રૂપી ભુજાથી નીચે નમીને શ્રી યમુનાજીનાં જળ તથા રેતીનો સ્પર્શ કરે છે. આવી આ તરૂલતાને ધન્ય છે. જે સખી રૂપ બનીને નિકટ બની રહે છે.

**વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક**

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

### ઠાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# આંતરઉદ્ગારો

## ૨૭. જગત પ્રભુનો વિલાસ છે.

શ્રી ઠાકોરજીનું સ્વરૂપ છે, તે પૂર્ણ પુરુષોત્તમ છે, પણ જેવો સેવક તેવા શ્રી ઠાકોરજી બને છે. જો પ્રતિમા જાણે તો શ્રી ઠાકોરજી અંતર્ધાન થઇ જાય. સેવા ચરણસ્પર્શ એ પ્રતિમાનાં છે. એને શ્રી ઠાકોરજી સાથે લેવું દેવું નહિ. કોઇ કહેશે કે એનું સાક્ષી કોણ? એનું મન એની સાક્ષી છે. જો મન નિશ્ચય કરે તો એ ફળ છે.

જો પૂર્ણ પુરુષોત્તમ શ્રી ઠાકોરજીને જાણીને પુષ્ટિમાર્ગીય સેવા સ્મરણ કરશે તો પ્રભુની પ્રીતિ તેના ઉપર થશે, માટે પ્રભુ ઉપર સ્નેહ રાખવો. વળી શ્રી ઠાકોરજીના કીર્તન ગાય છે. હવે ગાય છે ત્યારે આનંદ આવે છે. તે જીવ ધર્મ સુધી ગાયને ગાતાં તાપ થાય, ને રૂદન થાય ત્યારે તે જીવ ધર્મીને પામે. વળી કથા સાંભળે ને આનંદ થાય તે જીવ ધર્મ સુધી પહોંચ્યો કહેવાય ને કથા સાંભળીને રૂદન થાય તે ધર્મીને પામે. તેમ જીવ સેવા કરે ને આનંદ પામે, તે ધર્મ સુધી પહોંચે, ને સેવા કરે ને તાપ થાય, વિરહને રૂદન થાય ત્યારે પ્રભુ સુધી એટલે ધર્મી સુધી પહોંચે. આવા પ્રભુ જ મને કયારે વહાલા થાય, આમ તાપ કરે ત્યારે તે ધર્મીને પામે. ધર્મી તે પૂર્ણ પુરુષોત્તમને ધર્મ તે રહેવાનું મંદિર.

## ભાવાંજલિ

પુષ્ટિમાર્ગ પ્રધાનપીઠ, શ્રીનાથદ્વારાના તિલકાયત ગોસ્વામી શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી તા. ૨૦-૧-૯૫ના નિત્યલીલામાં પધાર્યા. આપશ્રી ધીર, ગંભીર સ્વભાવના વિદ્વાન આચાર્ય હતાં. પરંપરાથી પ્રાપ્ત, શ્રીજી, શ્રી નવનીત પ્રિયાજીના ઘરના તિલકાયતનું પદ સંપ્રદાયમાં ખૂબ જ આદરણીય છે.

રાજસ્થાન સરકારે શ્રીનાથદ્વારાના મંદિરનો એક વટહુકમ દ્વારા કબજો લઈ લેતાં સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિએ અ. ભા. પુ. વૈ. પરિષદની આગેવાનીમાં ભારી આંદોલન ચલાવેલ અને પૂ. શ્રી તિલકાયત મહારાજે ઉચ્ચ ન્યાયાલયોમાં પેરવી કરી, અંતે સેવા સંબંધી સર્વે અધિકારો અને નાથદ્વારા ટેમ્પલ બોર્ડનું અધ્યક્ષ પદ સરકારે આપશ્રીને સુપ્રત કરેલ.

આપશ્રીએ શ્રીજીના છપ્પન ભોગ, સપ્તસ્વરૂપ મનોરથ આદિ અનેક મહાન મનોરથો કરી શ્રીજી, શ્રી નવનીતપ્રિયાજીને લાડ લડાવેલ. આપશ્રીના નિત્યલીલા પ્રવેશથી ભૌતિક રીતે સંપ્રદાયને ખૂબ જ ક્ષતિ પહોંચી છે. બિયોગની આ દુઃખદ ઘડીએ **'શ્રી વલ્લભ સુધા'** સંપાદક, શ્રી વ. વિ. પ્રકાશન સમિતિના સર્વે સભ્યો, આં. પુ. વૈ. પરિષદના કેન્દ્રિય અધ્યક્ષશ્રી, પ્રદેશ અધ્યક્ષશ્રી તથા **'પરિષદ'**ના પદાધિકારીઓએ નિકુંજનાયક રસેશ શ્રીજીબાવાના યુગલચરણોમાં અમો સર્વેને ધૈર્ય પ્રદાન કરો, એવી વિનંતી કરે છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## હોરી ડાંડો

વ્રજનારી વ્રજરાજ ગોપગૃહ મોહન દેખન આઇ ।
સોરહ સજિ સિંગારિ સોરહ વરસ કી ઇક દાઈ ॥ ૧ ॥

દિવ્ય બસન ભૂષન તન, ગાવેં ગારિ સુહાઇ ॥
શ્રવન સુનતિ આનંદ મનમોહન દએ હૈ દિખાઇ ॥ ૨ ॥

રંગમંગોં બદન વિલોકિ કૈં નૈંન રહે અરૂઝાઇ ॥
સુંદર શ્યામ સરૂપ રૂપ અતિ છબિ બરનિ નહિં જાઇ ॥ ૩ ॥

કેસરિ સાખિ જબાદ કનક કુંડી જો ભરાઇ ॥
રતન ખચિત પિચકાઇન છિરકતિ કુંવર કન્હાઇ ॥ ૪ ॥

ખેલી મચ્યોં બ્રજ કે બીચ અરગજા કીચ મચાઇ ॥
તાલ મૃદંગ ઢોલ ઢફ મુરલી સબદ સુહાઈ ॥ ૫ ॥

હો હો હો કહી બોલત આનંદ ઉર ન સમાઇ ॥
તિન મેં મુખ્ય રાધા જૂ સૈનનિ દેતિ સિખાઇ ॥ ૬ ॥

સિમિટિ સકલ બ્રજ સુંદરી મોહન પકરે ધાઇ ॥
પીતાંબર બનમાલા મુરલી લઇ છિનાઇ ॥ ૭ ॥

હંસિ હંસિ હરિ પૈ માંગતિ ફગુવા દેહુ કન્હાઇ ॥
લીલા લલિત મનોહર "માધો" જન મન ભાઇ ॥ ૮ ॥

### * ભાવાર્થ *

આજે હોરી દંડા રોપણ નિમીત્તો સર્વ વ્રજભકતો શ્રી ઠાકોરજીના દર્શનાર્થ શ્રી નંદરાયજીના ઘરે પધાર્યા છે. તેઓએ અતિ નૂતન દિવ્ય વસ્ત્રો તથા આભરણ ધારણ કર્યા છે. અને મીઠી વ્યંગભાષામાં ગારી ગાઇ રહ્યાં છે. એમના મીઠાં વ્યંગવચનોથી આકર્ષાઇને શ્રી મનમોહન બાહાર પધાર્યા છે.

આ સર્વ વ્રજ ભકતો સોળ વરસના એક સમાન વયના અને સોળે સણગાર ધરીને પધાર્યા છે. શ્રી ઠાકોરજીએ પ્રથમ ગ્વાલ બાલ સાથે ખેલ કરી લીધો હોવાથી સુંદર રીતે રંગાયેલા એવા સ્વરૂપના દર્શન કરી વ્રજભકતો સુંદર દશ્યથી મુગ્ધ થઇ ગયાં છે. અતિ મુગ્ધ થવાને લીધે શ્રી ઠાકોરજીના સ્વરૂપનું વર્ણન પણ નથી કરી શકતાં.

મુગ્ધ વ્રજભક્તો ઉપર કેસર, કુમકુમ ઇત્યાદિની કનક કુંડીઓમાંથી પીચકારી ભરી ભરીને શ્યામસુંદર છોડી રહ્યાં છે. આવો સુંદર હોરી ખેલ વ્રજના ચોકમાં જ્યાં હોરીડાંડો રોપાયેલ છે ત્યાં, ચંદનની કીચડ વચ્ચે ખેલાઇ રહ્યો છે. તાલ, મૃદંગ, ઢોલક, ડફ, મુરલી ઇત્યાદી મંદમંદ સ્વરથી વાગી રહ્યાં છે.

આ બધાં વ્રજભક્તોમાં શ્રી રાધાજી મુખ્ય સ્વામીની હોવાથી બધાંને ઇશારા કરી શ્રી શ્યામસુંદરને ઘેરી લઇ પકડી આપવાનું કહી રહ્યાં છે. વ્રજભક્તોએ શ્રી ઘનશ્યામને ઘેરી લઇ પકડી લીધાં અને પીતાંબર, મુરલી, વનમાળા છીનવી લઇ ફગુવા માંગી રહ્યાં છે. આવી સુંદર લીલાના દર્શનથી માધવદાસજી અતિ પ્રસન્ન થઈ રહ્યાં છે.

## શ્રીનાથજી પાટોત્સવ

હરિ સંગ ખેલન જાય અરિ ચલ બેગ છબિલિ. ॥
નિકસ્યો મોહન સાંમરો ફાગ ખેલન વ્રજમાંઝ ॥ અરી ચલ....
ઉમડયો અબિર ગુલાલ ગગનમેં ફૂલી સાંઝ ॥ ૧ ॥

બાજતિ તાલમૃંદગ મુરજ ઢફ કહી ન પરતિ કછુબાત ॥
રંગ રંગ ભીને ગ્વાલબાલ સબ માનૌં મદન બરાત, ॥ ૨ ॥

જુરિ આઇ બ્રજ સુંદરી કરિ કરી અપનૌ ઠાટ ॥
ખેલે નહીં કોઉ કાન્હ કુંવર સૌં ચાહતિ તિહારી બાટ ॥ ૩ ॥

બિનું રાજા દલ કૌન કાજ બલિ ઉઠિયૈં છાંડિયે જુ એંઠ ॥
ઉમગ્યો હે નિધિ જયોં નવલનંદકો રૂકતિ રાવરી મૈંડ ॥ ૪ ॥

ઉઠિ વિહંસિ વૃષભાનુ કુંવરિ બર કર પિચકાઇ લેત ॥
સહિ ન સકતિ કોઉ મહાસુભટ લૌં સુનત સમર સંકેત ॥ ૫ ॥

આઇ રૂપ અગાધા રાધા છબિ બરની નહિં જાઇ ॥
નવલ કિસોર અમલચંદે માનૌં મિલિ ચંદ્રિકા આઈ ॥ ૬ ॥

ખેલિ મચ્યોં વ્રજ બીથનિ મહિયાં બરખતિ પ્રેમ આનંદ ॥
દમકતિ ભાલ-ગુલાલ ભરે માનૌં બંદન ભુરકે ચંદ ॥ ૭ ॥

દુરિ મુરિ ભરન બચાવન છબિ સૌં બાઢયો રંગ અપાર ॥
મૈન મુની સી બોલતિ ડોલતિ પગ નૂપુર ઝનકાર ॥ ૮ ॥

ઔર રંગ પિચકારિન ભરી ભરી છિરકતી હરિ તન તીય ॥
કુટિલ કટાચ્છ પ્રેમ રંગ ભરી ભરી તકિ તકિ પિયકો હીય ॥ ૯ ॥

શિવ સનકાદિક નારદ શારદ બોલતિ જૈ જૈ જય ॥
"નંદદાસ" અપને ઠાકુર કી જીયૌ બલૈયા લૈ ॥ ૧૦ ॥

**ભાવાર્થ :** વ્રજભકતો શ્રી સ્વામીનીજીને વિનતિ કરી રહ્યા છે કે, શ્રી ઠાકોરજી આજે નંદાલયમાંથી બહાર પધારી વ્રજમાં ઉત્સવ મનાવી હોરી ખેલી રહ્યાં છે, પણ આપ વિના રંગ જામતો નથી તો હે વૃષભાનકુંવરી ! આપ પધારો.

આગળ જતાં ખેલ વર્ણવતા કહી રહ્યાં છે કે- ગુલાલ, અબીર વગેરે એટલા બધાં ઉડી રહ્યાં છે કે, તેના વાદળમાં સૂર્ય છુપાઇ જતાં જાણે સંધ્યા ખીલી હોય એવો આભાસ થઇ રહયો છે.

તાલ મૃદંગ વગેરે વાંજીત્રો વાગી રહયાં છે તથા ગ્વાલ-બાલ રંગરંગના રંગોથી રંગાઇ જાણે શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનજીની બરાત અર્થાત્ વરઘોડાના જાનૈયા હોય એવા શોભી રહયાં છે.

હે રાધાજી ! સર્વે વ્રજભકતો સજી સજાવી લાલા સાથે ખેલવા એકત્રિત તો થયાં છે, પણ આપ વિના કોઇ ખેલતાં નથી. આપના પધારવાની વાટ જોઇ રહયાં છે. વળી હે પ્યારીજી ! જેમ રાજા વિના સેના નકામી બની જાય તેમ આપ વિના અમે બલહીન થઇ ગયા છઇએ માટે આપ હઠ છોડીને હોરી ખેલ કરવા પધારી અમને બલ પ્રદાન કરો. શ્રી ઠાકોરજી અમારા પર ચડાઇ કરી અમારો રસ્તો રોકી ઉભા છે.

આટલું સાંભળતાની સાથે, જેમ વીર પુરૂષ યુદ્ધનું આહ્વાન સાંભળી અસ્ત્ર-શસ્ત્ર લઇ સમરાંગણ તરફ નીકળી પડે છે, તેમ શ્રી સ્વામીનીજી પણ પોતાના શસ્ત્ર રતનજડિત પિચકારી લઇને ખેલવા નીકળ્યા છે. જઇ પહોંચ્યા છે. જઇ પહોંચ્યા છે શ્રી ઠાકોરજી પાસે, જાણે શુકલ પક્ષના ચંદ્રમાને મળવા ચંદ્ર કિરણાવલીઓ દોડી રહી હોય તેમ....!

વ્રજની ગલી ગલીમાં ફરી ને ખેલ મચાવી દીધો છે, જાણે કે- પ્રેમરૂપી રંગની વર્ષા વરસી રહી છે. સહુના મુખ ઉપર જાતજાતના રંગ ઉડવાથી જાણે ધુંધળી ચાંદની વચ્ચે ચંદ્રમા શોભી રહયો છે.

શ્રી ઠાકોરજી તરફથી થતી રંગની વર્ષાથી બચવા શ્રી વ્રજભકતો પોતાના શ્રીહસ્ત મુખ આડા મૂકી જાણે કામદેવની બાણવર્ષાથી પોતાનો બચાવ કરે છે, આથી અધિક રંગ વધ્યો છે.

વ્રજભકતોનો એકી સાથે થતો કોલાહલ જાણે મુનીયા એટલે મેના, ચકલીઓનો શોર બકોર થઇ રહ્યો હોય એવો ધ્વની થાય છે. ચરણોમાં નૂપુર રુમઝુમ વાગી રહયા છે.

હવે શ્રી વ્રજભકતો પણ રંગરંગની પિચકારીઓ ભરી ભરી શ્રી ઠાકોરજી પર રંગની છોળો ઉડાવી રહયાં છે. જાણે તીખી નજરથી શ્રીઠાકોરજીના હૃદયને ઘાયલ કરી રહયાં હોય તેમ.

આ લીલાના દર્શન કરતા શિવજી, સનકાદિક મુનીઓ તેમજ નારદજી જેવા ભકતો શ્રી યુગલસ્વરૂપનો શ્રી વ્રજભકતો સાથે જય જયકાર બોલાવી રહયાં છે.

આ લીલાના વર્ણનની સમાપ્તિમાં શ્રી નંદદાસજી પોતાના શ્રી ઠાકોરજીની બલિહારી જઇ ઓવારણા લે છે.

# અલૌકિક પ્રેરણા

**પ્રા. એમ. આર. પાલેજા** (રાજપીપળા)

વાંકાનેરમાં એક ભગવદીય વૈષ્ણવ રહે. નામ તેમનું નામ જમનામા. જ્ઞાતિએ સોની. શ્રીહરિગુરુવૈષ્ણવ પ્રતિ ખૂબ ભાવ રાખતા. પોતાના ગુરુ શ્રી વલ્લભકુલના બાલકોને પ્રભુ તુલ્ય માનતા અને વૈષ્ણવોને શ્રી વલ્લભના પ્યારા ગણી તેમની સેવા ખાતર બરદાસ્ત કરતા.

જમનામા એટલે વાંકાનેરની વૈષ્ણવતાનું ભૂષણ. તેઓ પુષ્ટિધર્મનું દઢતાપૂર્વક પાલન કરતા. પોતાના દૈવી દ્રવ્યનો વિનિયોગ શ્રી હરિગુરુવૈષ્ણવની સેવામાં કરતા.

આ જમનામાના પુષ્ટિજીવનનો એક પ્રસંગ ઉલ્લેખનીય છે.

દ્વારકા નવી હવેલીવાળા પરમવંદનીય પૂ ગો. શ્રી નટવરગોપાલજી મહારાજશ્રી તરફથી આયોજાયલી 'અખિલ ભારત શ્રી પુષ્ટિમાર્ગીય બેઠકયાત્રા'ના પ્રચાર-પ્રવાસ દરમ્યાન બનેલો આ પ્રસંગ છે.

આ પ્રવાસમાં પૂ. બાવાશ્રી પોતાના અગ્રગણ્ય વૈષ્ણવોને સાથે લઇ બરડિયાથી ભાટિયા, ભાટિયાથી જામખંભાળિયા, ત્યાંથી જામનગર, જામનગરથી રાજકોટ અને રાજકોટથી વાંકાનેર પધાર્યા.

વાંકાનેરમાં બાવાશ્રીના સાસુજી શ્રી પદ્માવતી બેટીજી બિરાજતા હતા તેમને ત્યાં આપશ્રીએ વિશ્રાંતિ કરી.

યાત્રાપ્રવાસના સ્થળોમાં તો વાંકાનેરનો સમાવેશ પણ ન હતો. પરંતુ પ્રભુપ્રેરણાથી વાંકાનેર પધારવાનું થયું.

સર્વ સામર્થ્યવાન પ્રભુની પ્રેરણા એક અલૌકિક વસ્તુ છે. કયા સમયે, કઇ વ્યકિતને, કેવા પ્રકારની પ્રેરણા થશે તે વસ્તુ આપણા જેવા માટે તો કલ્પનાતીત છે.

તા. ૯-૧-૭૫ નો એ દિન હતો તે દિવસની રાત્રિના સમયે પૂ. બાવાશ્રી પોતાના સાસુજીના ઘેર પોઢયા હતા.

બરાબર આ સમયે પ ભ. જમનામાને એક અલૌકિક સ્વપ્નું આવ્યું. આ સ્વપ્નામાં તેમને એક દિવ્ય અનુભૂતિ થઈ. પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુના તૃતીયાત્મક સ્વરૂપે સાક્ષાત્ શ્રી મહાપ્રભુજીએ તેમને દર્શન આપ્યા. આપશ્રીની મુખમુદ્રા અતિ પ્રસન્ન હતી. શ્રીમુખ પર મંદ મંદ હાસ્ય વિલસી રહ્યું હતું.

આપશ્રીએ આજ્ઞા કરી : 'જમના, દ્વારકાવાળા શ્રી નટવરગોપાલજી બાવાશ્રીની અત્રે પધરામણી થઇ છે. મારા પ્રેરણા અને આજ્ઞાથી તેઓશ્રીએ સમસ્ત બેઠકજીની યાત્રા-પૃથ્વી પરિક્રમા કરવા માટે આયોજન કરેલુ છે તું તેઓશ્રીની સન્મુખ જા અને તારા સામર્થ્ય પ્રમાણે સર્વ પ્રકારની સહાય સુવિધા કર.'

વિદાય સમયે સહજ રીતે માતૃ-સ્નેહથી નીતરતા ભાવભીના શબ્દો જમનામાના મુખેથી સરી પડયા.

“બાવા, આપશ્રી જે જે સ્થળે પધરામણી કરશો ત્યાં ત્યાં શ્રી મહાપ્રભુજી અને પ્રભુચરણ શ્રી ગુસાંઇજી સ્વયં આપને લેવા સામા પધારશે અને તેઓશ્રીના મહદ્ કૃપાકટાક્ષથી આપશ્રીની બેઠકયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થશે.”

પરમ ભગવદીયા જમનામાના આ શબ્દો વિશુદ્ધ ભકિતભાવવાળા અને હૃદયના ઊંડાણપૂર્વકના હતા અને તેથી સાચા પૂરવાર થાય છે. પરમકૃપાળુ પ્રભુ ભગવદીયોના હૃદયમાં ભકિતનું સામર્થ્ય ભરી દે છે. કોમળ પ્રેમભાવવાળા જીવો પર પ્રભુ અને શ્રી મહાપ્રભુની કૃપા બની રહે છે.

## સમાચાર - સંચય

વડોદરા :– વૈષ્ણવ પરિષદ માંડવી શાખાનાં ઉપક્રમે શ્રી ગુંસાઈજીનો પ્રાકટય મહોત્સવ પુ. પા. ગો. શ્રી દ્વારકેશબાવાની ઉપસ્થિતિમાં તેમજ વાડી શાખાના ઉપક્રમે પુ. પા. ગો. શ્રી યોગેશબાવાશ્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ વચનામૃતનો કાર્યક્રમ થયેલ. રેસકોર્સ શાખાના ઉપક્રમે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં વૈષ્ણવ પરિષદમાં પદાધિકારીઓએ ઉદબોધન કરેલ.

મુલુન્ડ (મુંબઈ) :– પુ. પા. ગો. શ્રી રમેશકુમારજી મહારાજના ૫૦માં વર્ષમાં પ્રવેશે દિનાંક ૨૬–૧–૯૪ થી ૧–૧૨–૯૪ દરમ્યાન “સુવર્ણ વર્ષ મહોત્સવ” તરીકે પ્રાકટય દિન મનાવી વિવિધ કાર્યક્રમમાં જ આયોજન રાખવામાં આવેલ.

વડોદરા :– વૈષ્ણવ પરિષદ વડોદરા શહેરનું સ્નેહમિલન શ્રી કલ્યાણરાયજી મહારાજ તથા પુ. પા. ગો. શ્રી વાગીશબાવાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ.

થાણા ગાલોળ :– પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદય સુરતવાળા થાણાગાલોળ પધારેલ અને પ્રશ્નોત્તરી, પ્રવચન આદિનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

ધોરાજી :– શ્રીમદ વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી)નો ૪૭૮મો પ્રાકટય મહોત્સવ નવી હવેલી વૈષ્ણવ મંડળનાં ઉપક્રમે પુ. પા. ગો. શ્રી ૠષીકેશજી મહોદય તેમજ ગો. શ્રી રવિરાયજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં ધામધુમથી ઉજવવામાં આવેલ.

શ્રી મહાપ્રભુજી અંતર્ધાન થયા કે તરત જ જમનામાની આંખ ખુલી ગઇ. આ અલૌકિક અનુભૂતિથી ભાવાવેશમાં આવી પ્રેમવિહ્વલ બની જમનામા 'શ્રીવલ્લભ' 'શ્રીવલ્લભ' કહેવા લાગ્યા. શેષ રાત્રી આ અલૌકિક સ્વપ્નની અનુભૂતિની મીઠી સ્મૃતિમાં વ્યતીત થઈ ગઇ.

વહેલા પરોઢિયે દેહકૃત્યથી પરવારી જમનામા બાવાશ્રીના મુકામ પર આવ્યા. આપશ્રી તો હજી પોઢી રહ્યા હતા. બાવાશ્રીના પરિકર વર્ગમાંથી જમનામાને સર્વ પ્રથમ પૂરીમાનો ભેટો થયો. એકબીજાના મિલનમાં આનંદાશ્ચર્ય અનુભવતાં બન્ને તાદશી વૈષ્ણવ સન્નારીઓ એકબીજાને ભેટી પડી.

પછી જમનામાએ રાત્રિના પોતાને થયેલી દિવ્ય અનુભુતિ પુરીમાને કહી બતાવી. જ્યારે બધા વૈષ્ણવોને આ વાતની જાણ થઈ ત્યારે સર્વ વૈષ્ણવો જમનામા શ્રી મહાપ્રભુજીના કેટલા મહદ્ કૃપાભાજન છે એ વિચારથી અહોભાવ અનુભવવા લાગ્યા.

બાવાશ્રી જાગ્યા ત્યારે આપશ્રીના દર્શન કરી જમનામા આનંદના આવેશમાં આવી ગયા. તેમણે આપશ્રીને માતૃચરણ શ્રી યશોદામૈયાવત વાત્સલ્ય ભાવપૂર્વક પુત્રવત વહાલ કર્યું જેનું વર્ણન શબ્દોમાં થઇ શકે તેમ નથી.

કઈ વાત્સલ્યપૂર્ણ માને પોતાના લાડકવાયા લાલને આરોગાવ્યા વિના જંપ વળે ? જમનામાએ અત્યંત ભાવપૂર્વક આપશ્રીને પોતાની આડીથી તપેલી આરોગવાનું તેમજ સાંજના પોતાને ઘેર પધારવાનું આમંત્રણ આપ્યું. બાવાશ્રીએ તેમના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો.

ભોજન કરી બધાએ થોડો આરામ કર્યો. સત્સંગચર્ચા અને અન્ય કાર્યથી પરવારી સાંજના સમયે પોતાના સકલ પરિકર સહ બાવાશ્રી જમનામાને ઘેર પધાર્યા. જમનામાએ જે વાત્સલ્યભાવ અને ઉમળકાભેર આપશ્રીનું સ્વાગત કર્યું તે નજરે નિહાળનાર સર્વ વૈષ્ણવોનાં નેત્ર હર્ષાશ્રુથી છલકાઇ ગયાં !

બાવાશ્રીના વચનામૃતથી જમનામા અને બધા વૈષ્ણવો પુલકિત બની ગયા. જમનામાએ આપશ્રીના શ્રી ચરણકમલોમાં દંડવત કરી ભાવભેટ ધરી. તદુપરાંત યાત્રામાં બેઠકેજીના જુદા જુદા ધામમાં પોતાના તરફથી પાંચ તપેલીઓ કરવાની અને યાત્રાના સર્વ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાની દીનતાપૂર્વક વિનંતિ કરી જેનો બાવાશ્રીએ સહર્ષ સ્વીકાર કર્યો.

બાવાશ્રી જ્યારે વૈષ્ણવો સહિત વિદાય થયા ત્યારે જમનામા ગદગદિત થઇ ગયા ! તેમના નેત્રોમાંથી હર્ષાશ્રુની ધારા વહેવા લાગી. ઉપસ્થિત સર્વ વૈષ્ણવોનાં હૃદય પ્રેમમાં પ્લાવિત બની ગયા.

શ્રી નાથદ્વારા :– શ્રી નાથદ્વારામાં મરજાદી વૈષ્ણવોની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી મંડળ વ્યવસ્થા, ઉત્સવો ઉજવવા, કીર્તન સંમેલનો યોજવા આદિ સાંપ્રદાયિક કાર્યો કરવા માટે "શ્રી વલ્લભ અષ્ટ સખા સ્મૃતિ ટ્રસ્ટ–નાથદ્વારા"નું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થા રજિસ્ટર કરવામાં આવેલ છે. વિશેષ માહિતિમાં પન્નાલાલ કિર્તનકાર, શ્રી ગોપાલલાલજી મહારાજ મંદિર, નાથદ્વારા સંપક કરવો.

બહાદુરપુર :– બહાદુરપુરમાં વડોદરા જિલ્લા વૈષ્ણવ પરિષદનું સંમેલનમાં પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહોદય (સુરત)શ્રી એ પોતાનાં પ્રવચનમાં જણાવ્યું કે "માનવતા કરતા વધુ વ્યાપક વિભાવના વૈષ્ણવતાની છે. જેમાં આખું જગત પ્રભુનું સ્વરૂપ છે, સ્થાવર જંગમ બધું જ ભગવાનનું છે. માનવ આત્મ કેન્દ્રી બની માનવતાને જુએ ત્યારે તેના દુષ્ટ પરિણામો આવે છે. વૈષ્ણવતામાં માનવી આત્મ કેન્દ્રી બનવાને બદલે પરમાત્મા કેન્દ્રી બને છે પરમ સૌન્દર્યનું સાકાર સ્વરૂપ તે શ્રીકૃષ્ણ એમના દષ્ટિકોણથી જગતને નિહાળીએ કેન્દ્ર બિન્દુમાં ભગવાનને મુકીએ તે જ આપણું કર્તવ્ય છે.

આ સંમેલનમાં ચીમનભાઈ શેઠ, વી. પી. પરીખ, સી. પી. તલાટી, મધુસુદન શાસ્ત્રી વિગેરેએ ઉદબોધન કરેલ.

વડોદરા :– રેઈસકોર્સ શાખા વડોદરાનું સંમેલન મળેલ જેમાં વૈષ્ણવ પરિષદનાં પદાધિકારીઓ ઉપરાંત પુ. પા. ગો. શ્રી વાગીશ બાવાશ્રીનાં વચનામૃતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

કેન્દ્ર પરિપત્ર :– વૈષ્ણવ પરિષદની મીટીંગમાં અષ્ટબિંદુ અંગે ચર્ચા થયેલ તે મુજબના અષ્ટબિંદુ અંગે ચર્ચા થયેલ તે મુજબના અષ્ટબિંદુ (૧) નિત્ય સેવા (૨) ઉત્સવ (૩) આરતી, શૃંગાર વસ્ત્રાદિ, પિછવાઈ, ચોક, સામગ્રી (૪) આચાર–વિચાર (૫) કિર્તન (૬) માનવ–સેવા/જીવ સેવા (તબીબ)–ગૌ સેવા (૭) માનવ સેવા બિન તબીબી (૮) સત્સંગ સ્વાધ્યાય આ અષ્ટબિંદુના ગુજરાત પ્રદેશના સંયોજકો નકકી કરવામાં આવ્યા છે. શાખા સ્તરે આવા સંયોજકો નકકી કરવાના છે. વિશેષ જાણકારી માટે ચીમનભાઈ એમ. શેઠ પ્રદેશ સંગઠન મંત્રીનો સંપર્ક કરવો.

## પુસ્તક પરિચય

**શૃંગાર સેવા–**

**સંપાદક**—શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ

**પ્રકાશક**—શ્રી પુષ્ટિમાર્ગીય સેવા સમાજ,
મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પુર્વ) મુંબઇ–૪૦૦૧૦૧
આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૪૦ ઓફસેટ પ્રિન્ટીંગ પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂા. ૧૦/–

આ પુસ્તિકામાં જન્માષ્ટમી શ્રાવણ વદ ૮થી ૬ઠ્ઠીનો ઉત્સવ શ્રાવણ વદ ૭ એમ વર્ષના દરરોજના તિથિવાર શ્રી.....ને વસ્ત્ર આભૂષણ ધરાવવાની સુક્ષ્મ માહિતી આપી છે. જે ઘર સેવા કરતા વૈષ્ણવોને માર્ગદર્શિકારૂપ છે. આ પુસ્તિકાની બીજી આવૃત્તિ બે માસના ટુંકા સમયમાં પ્રકાશિત કરવામાં આવી છે તેજ આ પુસ્તિકાની ઉપયોગીતા સાબીત કરે છે.

**મહા મનોરથ–**

**લેખક**—શાહ રમેશચંદ્ર નાથાલાલ

**પ્રકાશક**—શ્રી પુષ્ટિમાર્ગીય સેવા સમાજ.
મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પુર્વ) મુંબઇ–૪૪૪૧૦૧.
આઠ પેઈઝ ડેમી પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂા. ૧૦/–

બેસતા વર્ષનો મહા ઉત્સવ અન્નકુટ, કુનવારો તથા છપ્પન ભોગના મનોરથ ઉત્સવની ભાવ ભાવનાની છણાવટ અષ્ટ સખાઓના પદો સાથે સુંદર શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે તેમજ વ્રજ પરિક્રમાની માનસી ભાવ વ્રેજ કમળના રેખા ચિત્ર સાથેનું સંકલન કરવામાં આવેલ છે.

---

## શ્રદ્ધાંજલિ

ગત તા. ૨૮–૧–૯૫ ના દિવસે ગો. રસિકરાયજીની અધ્યક્ષતામાં પૂ. પાદ તિલકાયિતશ્રી ગોવિંદલાલજી મહારાજનો તા. ૨૦–૧–૯૫ નો મુંબઇ ખાતે નિત્યલીલા પ્રવેશ થયો એ બદલ અધ્યક્ષશ્રીએ શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ કરીને પૂ. પાદ ગો. શ્રી દાઉજીબાવા સાહેબને મોકલી આપ્યો.

આપશ્રીની વિદાયથી સંપ્રદાયને, સમાજને ન પુરી શકાય એવી ક્ષતિ છે. એમ સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો જેમાં ગો. રસિકરાયજી જયંતિભાઇ રાજાણી, નરસીભાઈ દેવાણી, કાન્તીભાઈ કકકડ, હરિવલ્લભ પંડયા આદિ વૈષ્ણવોએ પોતાની સહીઓ કરેલ છે.

# પુષ્ટિ પ્રવેશ ૧-૨

લેખક : ગોસ્વામી શરદ અનિરુદ્ધલાલજી, માંડવી-હાલોલ

પ્રકાશક : શ્રી પુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય ચેરીટેબલ ટ્રસ્ટ, મોટી હવેલી, જુનાગઢ-૩૬૨૦૦૧
આઠ પેઇઝી, ડેમી સાઇઝ, પૃષ્ઠ ૧૧૦-પીન બાઇન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ, ભાષા-હિન્દી; નિશુલ્ક

સરળ હિન્દી ભાષામાં લખાયેલ આ પુસ્તિકા બે ભાગમાં વ્હેંચાએલી છે.

પ્રથમ ભાગમાં પુષ્ટિ સંપ્રદાયના સંસ્થાપક આચાર્ય શ્રી મહાપ્રભુજી તેમના બે પુત્રો શ્રી ગોપીનાથજી તથા શ્રીગુસાંઇજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર તેમજ જીવનકાર્યનું નિરૂપણ છે. તેમજ શ્રી યમુનાજી, શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ છે. જીવ, જગત, માર્ગ, સંપ્રદાય અને પુષ્ટિમાર્ગની સરળ સમજુતી આપવામાં આવી છે.

બીજા ભાગમાં પુષ્ટિ સંપ્રદાયના પાયાના સિદ્ધાંતો ભગવદાશ્રય, અન્યાશ્રય, શરણમાર્ગ, પુષ્ટિભકિત વિશે દૃષ્ટાંત સહિત સચોટ, સરલ સમજુતી આપવામાં આવેલ છે. જે દરેક વૈષ્ણવે આત્મશાત્ કરવી જોઇએ.

પરીક્ષાર્થીઓ તેમજ અન્ય જિજ્ઞાસુ વૈષ્ણવો તથા પુષ્ટિ સંપ્રદાયના અભ્યાસીને ખૂબજ ઉપયોગી એવી સુંદર આ પુસ્તિકા છે.

## સને ૯૪-૯૫ ના ભેટ પુસ્તક બાબત

"શ્રી વલ્લભસુધા" માસિકના આજીવન તેમજ ૯૪-૯૫ના ગ્રાહકોને ભેટ આપવાનું પુસ્તક "શ્રી પ્રથમેશ વાક-સુધા" નું છાપકામ પુર્ણ થવાની તૈયારીમાં છે. ભેટ પુસ્તક ફેબ્રુઆરી આખર અગર માર્ચના પ્રથમ વીકમાં પોસ્ટ દ્વારા રવાના થશે જેની ગ્રાહકો તથા સેવાભાવી કાર્યકરો નોંધ લ્યે.

હજુ ફેબ્રુઆરી આખર સુધીમાં ૯૪-૯૫ ના વાર્ષિક ગ્રાહક અગર આજીવન ગ્રાહક થનારને આ ભેટ પુસ્તકનો લાભ પ્રાપ્ત થશે.

# પુસ્તક પરિચય

## પુષ્ટિ પ્રવેશ-૨

લેખક : ગોસ્વામી શરદ અનિરુદ્ધલાલજી, માંડવી-હાલોલ

પ્રકાશન : (૧) શ્રી પુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય ચેરીટેબલ ટ્રસ્ટ, મોટી હવેલી, જુનાગઢ-૩૬૨૦૦૧

(૨) શ્રી ગોવિંદભાઇ ગાંધી, 'વ્રજરજ' પોસ્ટ ઓફીસ પાસે, હાલોલ-૩૮૯૩૫૦

આઠ પેઇજી ડેમી સાઇઝ પૃષ્ઠ-૫૮ પીન બાઇન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ, ભાષા ગુજરાતી, નિઃશુલ્ક

પૂ. પા. ગો. શ્રી શરદજી મહોદય દ્વારા ગુજરાતીમાં લિખિત આ પુસ્તિકામાં ચાર પ્રકરણ છે. જેમાં ભગવદાશ્રય, અન્યાશ્રયત્યાગ, શરણમાર્ગ તથા પુષ્ટિભકિત. સરળ ગુજરાતીમાં સુંદર રીતે સમજાવવામાં આવેલ છે. પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાંતો તદ્દન સરળ રીતે રજુ કરવામાં આવ્યા છે.

પુષ્ટિમાર્ગીય પરીક્ષાર્થીઓને તો ઉપયોગી થશે જ. પરંતુ અન્ય વૈષ્ણવો તેમજ પુષ્ટિમાર્ગના અભ્યાસીઓને પણ ઉપયોગી એવી સુંદર પુસ્તિકા છે.

**-: ૧૫ માર્ચ પહેલા લવાજમ ભરી વિશેષ લાભ પ્રાપ્ત કરો :-**

શ્રી વલ્લભસુધા માસિકનું ૯૫-૯૬ નું નવું વર્ષ ૧ એપ્રીલથી શરૂ થાય છે. નવા વર્ષથી લવાજમનાં દર વાર્ષિક રૂા. ૩૫/- આજીવન રૂા. ૪૦૧/- કરવાનો નિર્ણય લીધેલ છે.

પરંતુ ૧૫ માર્ચ પહેલા સંસ્થાના કાર્યાલય અગર સેવાભાવી પ્રતિનીધી પાસે આજીવન લવાજમ રૂા. ૩૦૧/- ભરી આજીવન ગ્રાહક બની રૂા. ૧૦૦/- એકસોનો લાભ પ્રાપ્ત કરી શકાય છે તેમજ વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ભરી રૂા. ૫/- પાંચનો લાભ પ્રાપ્ત કરી શકો છો.

ઉપરાંત ૯૫-૯૬ ની આખરમાં ભેટ પુસ્તક આપવાનો નિર્ણય પણ લેવામાં આવેલ છે તો આપ આ યોજનાનો લાભ આપના સ્નેહીસંબંધી વૈષ્ણવોના લવાજમ ભરાવી સાંપ્રદાયીક સેવામાં સહયોગી બનો.

## રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઈ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રી હેમતભાઈ પટેલ
C/o. શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર. આમ્રપાલી સીનેમા સામે

૯ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ-૨, ગણેશવાડી સામે

૧૦ શ્રી છગનભાઈ રામોલીયા
C o શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભક્તિનગર ગોડાઉન

૧૧ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૨ શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૩ શ્રી જે: પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

## કેસેટ પરિચય

### વ્રજમંગલા

પ્રસ્તુત કેસેટમાં મંગલાચરણ રૂપે બે સંસ્કૃત શ્લોક તથા અર્થ સભર ભાવવાહી ૧૩ ભક્તિ ગીતો પ્રસિદ્ધ ગાયક કલાકારોના કંઠથી સુમધુર ગવાયેલ કર્ણપ્રિય રેકોર્ડ કરવામાં આવેલ છે. આ ભક્તિ ગીતો સુપર ઈ.એફ. ૯૦ સોની કેસેટમાં રેકોર્ડ કરેલા છે.

પ. ભ. શ્રી માધવજીભાઈ હરજીભાઈ તન્ના પરિવારે એમનાં બા વ્રંજ મંગલા બહેન સવાર-સાંજ આખા કુટુંબને સાથે બેસાડી ભજન-કીર્તનો ગવડાવતાં એમની સ્મૃતિ રૂપે ને યત્કિંચિત્ત માતૃ-ઋણ ફેડવાના પ્રયાસરૂપે આ ભક્તિગીતોને શ્રેણી બદ્ધ કરી મધુર રીતે ગવડાવી પરિખ પરિવારના સહયોગથી જન સમક્ષ આ પ્રથમ પુષ્પ મૂકેલ છે. બીજા પુષ્પ રૂપે ષોડશ ગ્રંથ તરીકે પ્રસિદ્ધ કરવા નિરધાર કરેલ છે. તેમનો નિરધાર વહેલી તકે પાર પડે તેવી શુભેચ્છા સહ અભિનંદન.

આ ભક્તિ ગીતોની ૩૨ પાનાંની નાના કદની 'વ્રજ મંગલા' પુસ્તિકા કેસેટ સાથે આપવામાં આવે છે. ન્યોછાવર રૂા. ૭૦/- અને રવાનગી ખર્ચ રૂા. ૧૫/-

### પ્રાપ્તિ સ્થાન

મુકુન્દ ઓવરસીઝ
૨૧, સુગર માર્કેટ બિલ્ડીંગ
૧૦૪-૧૧૪ પી ડીમેલો રોડ
મુંબઈ-૪૦૦૦૦૯

ન. કે. પરીખ
એફ-૭૮ ગુજરાતી સોસાયટી
નહેરૂ રોડ, વિલેપાર્લે (પૂર્વ)
મુંબઈ-૪૦૦૦૫૭

માધવજી હીરજીભાઈ તન્ના
માધવબાગ-૨ જે માળે
શિવાજી ચોક
કલ્યાણ-૪૨૧૩૦૪ (થાણા)

**SHREE VALLABH SUDHA** Monthly Magazine. Published on third date of Every Month,
**Regd.No.G/RJ.212-L.P.W.P43·**

# શિક્ષા-ભક્તિ-પદ. રાગ-કાફી

## ૧

હરિ – સંબંધે હરિ-સમ જીવ એકલો નવ ઓળખાય;
કુલિશ મા, તારું રૂપ બતાવું, તારે મુખે કર ન્યાય— હરિ ૦ ટેક
ઘઉં મળી તો કંકર હીણો, પણ મૂલ બરોબર થાય;
જુદો પડયા પછી, જેની, જગતના પગ-પ્રાહારે કચરાય— હરિ ૦ ૧
અંગની સંગે દશગણું મંડલ, એકલું કાંઇ ન ગણાય,
ક્ષીરમાં મળીયું નીર, ત્યાં લગી સરખે તોલ વેચાય— હરિ ૦ ૨
શ્રી ભાગવત ગીતાદિક પુસ્તક, પ્રભુ સમોવડ પૂજાય;
કોરો કાગળ કોઇ નવ માને, જો તારો મહિમાય— હરિ ૦ ૩
રૂપ અધમ હરિ વણ આપણું, લહી તજો ગરવ બલાય;
'**દયા**' દીન ભાવે હરિ ભજીલો, મોટા શ્રી વ્રજરાય— હરિ ૦ ૪

## ૨

જીવ! તું થી જયમ બને ત્યમ કરી લે પર-ઉપકાર;
નિજ સુખ માટે શ્રમ કરવો, તેમાં કોઇને ના પાડ લગાર— જીવ ૦ ટેક
કોઇ પ્રકારે કોઇ જીવ હોય, દુઃખમાં કરવી વાહાર;
તેના મનને સુખ ઉપજાવી, માનવું સુખ અપાર— જીવ ૦ ૧
આપણનો અપરાધી હોય તોહે દીન થયો જે વાર;
ત્યાં પછી મનનું કપટ તજીને, કરવું તેને સાર— જીવ ૦ ૨
પ્રાર્થનાની વાટ ના જોવી, હોય કાંઇ અકથ પ્રકાર;
હારદ સમઝીને સુખ કરવું, તેના કળે સંસાર— જીવ ૦ ૩
દુખ સહીને પણ પર દુખ હરવું, આણવો નહિ અહંકાર;
એહેવી દયા, '**દયા**'! જો હૃદે રાખો, તો દયા કરે નંદકુમાર— જીવ ૦ ૪

– ભકત કવિ શ્રી દયારામભાઈ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ-૫**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

# શ્રી વલ્લભસુધા

## ફૂલ મંડલીકે પદ

[ રાગ : સારંગ ]

બૈઠે લાલ કૃષ્ન કી ચોખંડી,
ચંપક બકુલ ગુલાબ નિવારી રાઈ-બેલી સીખંડી ૧
જૂહી જાઇ કેવરા કૂજો કરનિ કનેર સુરંગી;
'ચત્રભુજ' પ્રભુ ગિરિધરલાલકી બાનિક નવ નવરંગી. ૨

–ભક્ત કવિ શ્રી ચત્રભુજદાસજી, જમનાવતા

✿ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✿

વર્ષ ૧૩ : અંક-૧૨ માર્ચ, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✿ આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
હંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

# રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપર:

૨ શ્રી મનસુખલાલ માવજીભાઇ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઇ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઇ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૩ શ્રી ગોરધનભાઇ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કેલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રી હેમતભાઇ પટેલ
C/o. શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર. આમ્રપાલી સીનેમા સામે

૯ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ-૨, ગણેશવાડી સામે

૧૦ શ્રી છગનભાઇ રામોલીયા
C o શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઇન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૧૧ શ્રી મનસુખભાઇ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૨ શ્રી કનુભાઇ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૩ શ્રી જે: પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

## કેસેટ પરિચય

### વ્રજમંગલા

પ્રસ્તુત કેસેટમાં મંગલાચરણ રૂપે બે સંસ્કૃત શ્લોક તથા અર્થ સભર ભાવવાહી ૧૩ ભકિત ગીતો પ્રસિદ્ધ ગાયક કલાકારોના કંઠથી સુમધુર ગવાયેલ કર્ણપ્રિય રેકોર્ડ કરવામાં આવેલ છે. આ ભકિત ગીતો સુપર ઈ.એફ. ૯૦ સોની કેસેટમાં રેકોર્ડ કરેલા છે.

પ. ભ. શ્રી માધવજીભાઇ હરજીભાઈ તન્ના પરિવારે એમનાં બા વ્રંજ મંગલા બહેન સવાર-સાંજ આખા કુટુંબને સાથે બેસાડી ભજન-કીર્તનો ગવડાવતાં એમની સ્મૃતિ રૂપે ને યતૂકિંચિત્ત માતૃ-ઋણ ફેડવાના પ્રયાસરૂપે આ ભકિતગીતોને શ્રેણી બદ્ધ કરી મધુર રીતે ગવડાવી પરિખ પરિવારના સહયોગથી જન સમક્ષ આ પ્રથમ પુષ્પ મૂકેલ છે. બીજા પુષ્પ રૂપે ષોડશ ગ્રંથ તરીકે પ્રસિદ્ધ કરવા નિરધાર કરેલ છે. તેમનો નિરધાર વહેલી તકે પાર પડે તેવી શુભેચ્છા સહ અભિનંદન.

આ ભકિત ગીતોની ૩૨ પાનાંની નાના કદની 'વ્રજ મંગલા' પુસ્તિકા કેસેટ સાથે આપવામાં આવે છે. ન્યોછાવર રૂા. ૭૦/- અને રવાનગી ખર્ચ રૂા. ૧૫/-

### પ્રાપ્તિ સ્થાન

મુકુન્દ ઓવરસીઝ
૨૧, સુગર માર્કેટ બિલ્ડીંગ
૧૦૪-૧૧૪ પી ડીમેલો રોડ
મુંબઈ-૪૦૦૦૦૯

ન. કે. પરીખ
એફ-૭૮ ગુજરાતી સોસાયટી
નહેરૂ રોડ, વિલેપાર્લે (પૂર્વ)
મુંબઈ-૪૦૦૦૫૭

માધવજી હીરજીભાઇ તન્ના
માધવબાગ-૨ જે માળે
શિવાજી ચોક
કલ્યાણ-૪૨૧૩૦૪ (થાણા)

**શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭** તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો **તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં **આવે છે. એક** પૃષ્ઠ **એક** વખતના રૂ. ૫૧, વાર્ષિક **એક** પૃષ્ઠ રૂ. ૫૦૧, **જાહેર** ખબર લેવાતી **નથી.**
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક **નોંધી** લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

**શ્રીવલ્લભ સુધા**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
**લોહાણા પરા રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥
**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ**
**સંચાલિત**

# શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૩ અંક : ૧૨ ※ માર્ચ, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

## કર્મભોગ

**પ્રવક્તા :** નિ. લી. ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ, કોટા
**સંપાદક :** ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
**અનુવાદક :** ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ॥

**ભાગ્યશાળી વૈષ્ણવો !**

આપણે માટે કલ્યાણ પ્રાપ્ત કરાવનાર શું છે ? એ ભગવાને 'ભગવદ્ ગીતા' માં આપણને બતાવ્યું છે. પહેલા તો કલ્યાણ શું છે ? એ ભગવાને ભગવદ્ ગીતામાં આપણને બતાવ્યું છે. ભગવાને કહ્યું કે એ કલ્યાણ શું છે ? સર્વશ્રેષ્ઠ ઉદાહરણ કોઇ હોય તો તે છે ભગવત્ પ્રાપ્તિ.

ભગવત્ પ્રાપ્તિ જ માનવ જીવનની ચરમ સીમા છે, તો ભગવાનની પ્રાપ્તિ થવી એ જીવનમાં કલ્યાણ છે. આપણને ભગવત્ પ્રાપ્તિ થઇ શકે છે, કોઇ પણ રીતે થઇ શકે છે એ ભગવાને ગીતામાં અર્જુનને શિક્ષા આપી છે,

તે શિક્ષા આપણને પણ ઉપયોગી થઇ શકે છે.

ભગવાને કહ્યું કે, 'મને કોણ મેળવી શકે છે, કયા પ્રકારનો વ્યવહાર કરનાર વ્યક્તિ મને પ્રાપ્ત કરી શકે છે એ ભગવાને ગીતામાં કહ્યું કે– 'મત્કર્મકૃત' તે વ્યક્તિ મને પ્રાપ્ત કરી શકે છે, જે જીવનમાં મારે માટે કર્મ કરે. ભગવાને અહીં કર્મ કરવાનો આદેશ આપ્યો છે જે કર્મ કરો. કર્મ સન્યાસનો ઉપદેશ ભગવદ્ ગીતામાં નથી. હંમેશાં સંયમ રાખો, 'કર્મ છોડી દો' એ ભગવાનનો ઉદ્દેશ ન હોઇ શકે. કર્મ કરવાનું તો અનિવાર્ય છે. જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી મનુષ્ય કર્મ કર્યા વગર એક ક્ષણ પણ ન રહી શકે. તે કર્મ શરીરથી હોય, વાણીથી હોય કે મનના વિચારથી હોય, કોઈ પણ રીતે કર્મ કરવાનું તો અનિવાર્ય છે.

જ્યારે કર્મ કરવાનું અનિવાર્ય છે, તો પછી કર્મ કરવાની સાથે જ એ વિચાર પણ સામે આવી જાય છે.

જેટલા પણ કર્મ છે તે બધા જ પરિણામ આપનારા છે એટલે તેમનું પરિણામ બીજા ફળના રૂપમાં પ્રાપ્ત થાય છે. સારું કર્મ કરશો તો ફળ સારું પ્રાપ્ત થશે અને ખરાબ કર્મ કરશો તો ખરાબ પ્રાપ્ત થશે તેનું જે ફળ પ્રાપ્ત થશે તે તેનું તે કર્મનું પરિણામ છે.

આપણે સારા ફળની આશા તો રાખીએ છીએ. ઘણી વખત એવું થાય છે કે આપણે ફળ સારું ઇચ્છીએ છીએ, કર્મ આપણે ગમે તેવું કરીએ.

'પુણ્યસ્થ ફલ મિચ્છન્તિ'

દરેક મનુષ્ય ઇચ્છે છે કે મને પુણ્યનું ફળ પ્રાપ્ત થાય. કોઇ પણ એમ નહીં ઇચ્છે કે પાપનું ફળ પણ મને મળી જાય. આવી ઇચ્છા કોઇને નહીં થાય. પરંતુ મોટે ભાગે એવું બને છે કે–

'પુણ્યમ્ નૈચ્છન્તિ માનવા'

પુણ્યનું ફળ તો ઇચ્છે છે પરંતુ મનુષ્ય પુણ્ય કરવા ઇચ્છતો નથી. પુણ્ય કર્યા વગર પુણ્યનું ફળ મળી જાય એ અભિલાષા તો છે, પરંતુ સાથે પુણ્ય પણ આપણે કરવું જોઇએ. આ ઇચ્છા ઘણી ઓછી થશે તો કહ્યું છે :–

'પાપસ્ય ફલમ્ નૈચ્છન્તિ'

દુનિયામાં કોઈ પણ પાપના ફળની ઇચ્છા નથી રાખતો. એક પાપનું ફળ પણ મને મળી જાય. બધા જાણે છે કે પાપનું ફળ તો દુઃખ અને કષ્ટ જ છે. પરિણામમાં દુનિયામાં આ બધા જ જાણે છે.

'નિત્યં પાપરતઃ સદા'

પાપનું ફળ કોઈ ઇચ્છતું નથી. પરંતુ બને છે એવું કે પાપ કરવામાંથી અટકતા નથી. પાપ કરવાનું આપણે છોડતા નથી. આ વિષમ પરિસ્થિતિ છે માનવ જીવનની. ભગવાન તો અહીં કહે છે કે પાપનું ફળ પણ સારું ન હોઈ શકે. દરેક વ્યક્તિ માટે પાપનું ફળ ક્યારેય પણ સારું ન હોય, ભલે કોઈ પણ વ્યક્તિ હોય. એ રીતે પુણ્યનું જે ફળ છે તે પણ મનુષ્યને સર્વથા અને સર્વદાને માટે પ્રભુ સમીપ ન લઇ જઇ શકે.

જેવી રીતે પાપ કરનાર વ્યક્તિ દુર્ગતિ પ્રાપ્ત કરે છે એ વાત નિશ્ચિત છે. પાપ કરનાર વ્યક્તિ દુર્ગતિ પ્રાપ્ત કરે છે. ચાહે

આ લોકમાં તેની દુર્ગતિ થાય, પરલોકમાં થાય, ગમે ત્યાં થાય. થશે દુર્ગતિ. જ્યાં સુધી દુર્ગતિ છે ત્યાં સુધી તે ભગવાનથી દૂર જ છે.

ત્યાર પછી બીજો પક્ષ આવે છે, સદ્ગતિનો અહીં એ જ તો ગતિ છે. દુર્ગતિ થાય કે સદ્ગતિ થાય. સદ્ગતિ પુણ્યનું ફળ છે. પુણ્ય કરશે તો સદ્ગતિરૂપી ફળ તમને પ્રાપ્ત થશે. કહેવાનો આશય એ છે કે બંને ગતિ જ છે.

**–ક્રમશઃ**

---

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ભક્તિવર્ધિની

## ગ્રન્થ – પરિચય

લેખક –: **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી (પારલા)**

ભાષાન્તર –: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

ગતાંકથી ચાલુ

### સ્વગૃહત્યાગ અને હરિગૃહત્યાગ

કથા પ્રણાલી દ્વારા પ્રેમાસક્તિ વ્યસનની ક્રમિક અવસ્થાઓમાં જ્યારે બીજભાવ દૃઢ થઈ જાય અને ઘરમાં ભગવત્સેવાનો નિર્વાહ (ચાલુ રહેવાનું કાર્ય) શક્ય ન હોય ત્યારે એવા ઘરમાં રહી શકવું તે ભગવદીયને માટે અશક્ય બની જાય છે. પણ ભક્તિમાર્ગીય સન્યાસ ગ્રહણ કરવાને માટે પણ જો ભક્ત પોતાની જાતને સમર્થ ન કરી શકતો હોય તો શું કરવું જોઇએ ?

શ્રીમહાપ્રભુજી કહે છે કે એવા વ્યક્તિએ એવા હરિસ્થાનો પર જઇને રહેવું જોઇએ. જ્યાં ભગવત્સેવાપરાયણ ભક્તોનો સમૂહ નિવાસ કરતો હોય (દાખલા તરીકે વ્રજ; ચોરાશી બેઠક, નાથદ્વારા, જગન્નાથપુરી, શ્રીરંગ, પંઢરપુર, દ્વારકા, તિરુપતિ વગેરે વગેરે) આ ભગત્સેવાપરાયણ ભક્તોની સેવામાં પરિચર્યા અર્થાત્ સહાયક બનવાનો અવસર મળે તો સૌથી સારી વાત છે. અન્યથા તેમના સત્સંગનો લાભ લેવો જ જોઇએ.

(મૂળમાં તો ગોસ્વામી ધર્માચાર્યોની ગૃહ સેવામાં જે મુખિયા, ભીતરીયા, જલધરીયા વગેરે ભગવત્સેવાના સહયોગી જોવામાં આવે છે તે આ જ પ્રકારના પોતાના ઘરને છોડીને પરિચર્યા માટે આવવાવાળા મહા ભાગ્યવાન ભગવદીયજનો હોય છે- પગાર મેળવનાર કર્મચારી નહીં. આટલા માટે જ તેમને ભગવત્ પ્રસાદી અન્ન-વસ્ત્ર આપવાની પ્રાચીન પરીપાટી (પ્રથા) હતી. વેતન અથવા પગાર નહીં. વખત જતાં એ પ્રથા વિકૃત થઈ અને તનુજા એટલે શરીર દ્વારા થતી સેવાના વેચાણ કાર્યમાં ફેરવાઇ ગઇ).

એ ભગવદીયોની સાથે રહેવાનું તાત્પર્ય એ જ છે કે જ્યારે તેઓ ભગવત્સેવામાં મગ્ન હોય ત્યારે આપણે પણ તેમની ભગવત્સેવામાં સહાયક બનીને કંઇક ભગવત્સેવા કરી શકીએ.

સેવાના બહિરંગ સાધનોને સંપાદિત (એકઠા) કરવામાં તેમને સહયોગ આપી શકીએ. અને આ રીતે આપણા શરીરનો ઉપયોગ સેવામાં થઈ શકે. 'સિદ્ધાંત મુકતાવલી' માં વર્જિત તનુજા–સેવા આ નથી. આ તો એક પુષ્ટિમાર્ગીય સંબંધ બંધાતા એક વ્યાપક પરિવારની ભાવના છે. એક પરિવારમાં પિતા ભગવત્સેવા–અંતરંગ સેવામાં પરાયણ (મગ્ન) હોય તો પુત્ર ભગવત્પરિચર્યામાં બહિરંગ સેવામાં પરાયણ થાય છે. પત્ની સેવા કરતી હોય તો પતિએ પરિચર્યા કરવી જોઇએ. આવી જ રીતે જન્મથી એક જ કુટુંબના ન પણ હોય તો પણ પુષ્ટિમાર્ગમાં જે બે ભકતોને એક પરિવારની જેમ સાથે રહેવું હોય તો એક પોતાના ઘરમાં બિરાજતા પ્રભુની અંતરંગ સેવામાં તત્પર રહે અને બીજો બહિરંગ સેવામાં તત્પર રહે. આવી અનુજ્ઞા (છૂટ) શ્રી મહાપ્રભુ આપવા માગે છે. સાથે ભગવત્સેવા કરશે તો સાથે ભગવત્પ્રસાદ પણ લઇ શકાય છે. આ અતિ ઉદાત્ત (ઊંચા પ્રકારની) ભાવના પર આધાર રાખે છે. પગાર લઇને કરેલી શારીરિક સેવા અથવા ઉદરપૂર્તિ (પેટ ભરવા)ના હેતુ માટે નહીં, એવી તનુજા સેવાને તો 'સિદ્ધાંત મુકતાવલી' માં વર્જિત કરેલી છે.

પરંતુ આમાં એક સાવધાની અપેક્ષિત છે કે કોઇના એટલા બધા સમીપમાં ન જવું જોઇએ કે જેનાથી એકને બીજાના દોષ નજરે પડવા લાગે અને એટલા બધા દૂર પણ ન રહેવું જોઇએ કે જેથી એક ભગવદીય દ્વારા કરવામાં આવતી ભગવત્સેવા યા તો ભગવત્કથાના લાભથી બીજા ભગવદીય સર્વથા વંચિત (વગરના) જ રહી જવા પામે ('અદૂરે વિપ્રકર્ષે વા યથાચિત્તં ન દુષ્યતિ').

પોતાના ઘરને છોડીને નીકળી પડનાર ભકત પણ આ પ્રમાણે ભગવત્સેવા પરાયણ ભગવદીયોની સાથે તેમના હરિગૃહમાં નિવાસ કરતાં કરતાં જો ભગવત્સેવા તથા ભગવત્કથાને નિભાવી શકે છે, તો કદી તેનો નાશ થશે નહીં જો એક ભગવદીયની બીજા ભગવદીયની સાથે એટલી ઘનિષ્ટતા (ગાઢ સંબંધ) ન પણ વિકસે (બંધાય) કે બન્ને સાથે હળીમળીને ભગવત્સેવા કરી શકે તો પણ બન્ને સાથે મળીને ભગવત્કથા તો કરી જ શકે છે, આ રીતે જો પોતાના ઘરને છોડી દીધું હોય છતાં દુઃસંગથી બચવું હોય તો પુષ્ટિમાર્ગીય અન્ય ભગવદીયનો સત્સંગ પ્રાપ્ત કરતાં કરતાં ભગવત્કથાનો પણ આશ્રય જે લોકો નિભાવી શકે છે, તેમનો ભકિતમાર્ગથી બીજા સ્થળે અધઃપાત નહીં થાય ('સેવાયાં કથાયાં વા યસ્યાસકિતર્દૃઢા ભવેત્ યાવજ્જીવં તસ્યનાશો ન કવાપીતિ મતિર્મમ')

આ પ્રમાણે અન્ય સ્થળે જઇને સત્સંગ કરવાને બદલે ઘર છોડીને કોઇક એકાંત સ્થળે વસવામાં ખરાબ શું છે ?

શ્રી મહાપ્રભુજીનો ઉત્તર એ જ છે કે જ્યારે ઘર છોડવામાં ભય નથી તો પછી ભગવદીયના સત્સંગમાં ભય કેવો ? અને જો આ પ્રમાણે સંત્સંગ કરવા છતાં પણ માર્ગથી અથડાઇને દૂર થવાનો જેને ભય હોય તેણે તો એકાંતવાસથી વધારે ભયભીત થવું જોઇએ !

સરવાળે વાત એટલી જ છે કે અદૃઢ બીજવાળા ભકતને માટે બીજભાવને દૃઢ કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે પોતાના ઘરમાં અવ્યાવૃત્ત થઇને ભગવત્સેવા તથા ભગવત્કથામાં

તત્પર બની જવું. એ શકય ન હોય તે કેવલ ભગવત્કથામાં પરાયણ બનીને બીજભાવને દૃઢ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે સંસારાસકિત ઓછી થઇ જાય ત્યારે કાં તો ભકિતમાર્ગીય સંન્યાસ લેવો જોઇએ. વ્યસન દશા સિદ્ધ થાય ત્યારે અન્યથા (એટલે કે એમ ન થઇ શકે ત્યારે) અન્ય ભગવદીયોના દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાં પરિચારક બનવું જોઇએ. એ પણ શકય ન હોય તો એવા સેવા-કથા–પરાયણ ભગવદીયોના સત્સંગનો લાભ લેવા માટે ન તો તેમનાથી અધિક દૂર અને ન તો એમનાથી અધિક સમીપ રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. એકાન્તવાસ એવી સ્થિતિમાં ઘણો લાભદાયક નથી બનતો, પરંતુ ભગવદ્ વિશ્વાસ દૃઢ રાખવો જોઇએ કે દરેક કલ્પમાં ભગવાન પોતાના ભકતની રક્ષા કરવાના જ છે. ('હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ').

આ બધાય ભગવત્ શાસ્ત્રોનું સૌથી ગૂઢ રહસ્ય છે. તેનો સારી રીતે અભ્યાસ કરીને, સમજપૂર્વક હૃદયમાં ધારણ કરવાવાળાની ભગવાનમાં રતિ (પ્રેમ) દૃઢ થાય છે.

પ્રસ્તુત ભકિતવર્ધિનીનું સંસ્કરણ, વિ. સં. ૧૯૭૭માં પ્રકાશિત થયેલા સંસ્કરણના ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે. શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજની સહાયતાથી શ્રી મૂલચંદ તુલસીદાસ તેલીવાલા તથા ધીરજલાલ વ્રજદાસ સાંકળીયાએ એનું સંપાદન કર્યું હતું. એ બધા મહાનુભાવોનું અમે હાર્દિક કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરીએ છીએ.

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

# શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

## પદ-૧૪

બલિ બલિ ધનિ ધનિ ફૂલ કછાર;
જહાં પ્રજરાજ સુવન ગોપી મિલિ ખેલત નિત્ય વિહાર. ૧

હરિ પ્રતિબિંબ સનૌ સર તરુ મહિ ઝરત કુસુમ મધુધાર;
બોલત શુક પિક નૃત્યત કેકી બરસત સુધા ફુહાર. ૫

જલ મેં બન બન મેં શ્રી યમુના શોભા સાજ અપાર;
મધુપ રાગ માઢે ધનસે અલિ કરત મધુર ગુંજાર. ૩

મદન મોદ માધુરી જહાં નિત ફૂલ કેલિ ભંડાર;
'**વલ્લભ**' પ્રણુત મનોરથ દાની ચિંતામણિ કો સાર. ૪

**ભાવાર્થ** :– આ પદમાં કવિશ્રીએ શ્રી યમુનાજીના (તટ) કિનારાની ભાવના બતાવી છે. ધન્ય છે આ શ્રી યમુનાજીના કિનારાને કે જ્યાં શ્રી ઠાકોરજી તથા વ્રજાંગનાઓ મળીને સદા વિહાર કરે છે. આવા કિનારાને હું બલિહારી જાઉં.

કલીન્દોદ્ભૂતાયાસ્તટ, મનુ ચરંતી પશુપજાં
રહસ્યેકા દૃષ્ટવા, નવ સુભગ વક્ષો જ યુગલમ્

ઉપર મુજબ શ્રી યમુનાજીના કિનારે શ્રીજી પધારે છે કે અત્રે જ વૃષભાન સુતાનું મિલન થશે. પ્રિયાજી નિત્ય નવીન દેહધારી અગર તો સદા એકરસ ધરાવતું જેમનું શ્રીઅંગ છે તેમને નિહાળવા પ્રભુ કિનારા ઉપર રાહ જુએ છે. તટપર બિરાજતા પ્રભુના શ્રી અંગનું પ્રતિબિંબ જળમાં પડે છે તેમજ વૃક્ષો ઉપરથી ફૂલો જળમાં પડી રહ્યાં છે, તથા વૃક્ષો ઉપર નાના પ્રકારના પક્ષીગણો જેવાં કે કોયલ, પોપટ વગેરે મધુર અવાજે ગાન કરતા દેખાય છે તેમજ મોર નૃત્ય કરતો ટેહુક ટેહુક અવાજ કરે છે, માનો આકાશમાંથી વર્ષા હમણા જ આવશે અને તેની રાહમાં જ નૃત્ય કરી રહ્યો હોય. તેમજ તરેહ તરેહના પુષ્પો ઉપર ભ્રમરાઓ ગુંજારવ કરી રહ્યા છે. જ્યાં કોટી મન્મથના પણ મન્મથ, એવા પ્રભુ નિત્ય ભકતો સહીત ક્રીડા કરી રહ્યા છે. તેથી માનો આ કિનારો કૃષ્ણ કેલીનો ભંડાર છે તેમજ જે કિનારો ચિંતામણીનો પણ સારરૂપ છે અથવા તો ચિંતામણી પ્રભુની પ્રાપ્તિ કરાવવા વાળો છે આવા કિનારાને હું પ્રણામ કરૂં છું.

### ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

# આંતર ઉદ્‌ગારો

## ૨૯. સૌ પર પ્રભુનું સ્વામિત્વ છે

આ જગતને વેગળું મૂકો, પછી બાકી રહે એ હરિ છે. ત્યારે એ હરિને જોવા જગતને ન જોવું. પોતાને કપટી ભકિત ગમતી નથી. કપટ તે શું ? આ વસ્તુઓ છે તે ભગવાનની છે, તેનો તું ધણી થઇને બેઠો છે, તેથી પોતે પ્રભુ પ્રસન્ન થતા નથી. આવ્યા ત્યારે એકલા ને જઇશું ત્યારે પણ એકલા જવું છે. જઇશું ત્યારે કોઇ સાથે આવશે નહિ, ને વળી કોઇ ગમે તે ધણી થશે, માટે જે કાંઇ હોય તે પ્રભુને સોંપવું એટલે પ્રભુ પ્રસન્ન થાય. પ્રભુને આપણે આત્મા સોંપ્યો છે, તો બીજું જે આત્મા સંબંધી હોય તે બધું સોંપીએ; ત્યારે કામ થાય. સમાનશીલ હોય તો પ્રભુને ગમે. એમણે આત્મા સોંપ્યો ને આપણે રાખીએ, તો ભગવાનને ગણીએ નહિ. એક સજાતીય હોય ને બીજું વિજાતીય હોય તો બને નહિ, બંન્ને સજાતીય હોય ત્યારે બને. માટે પ્રભુ સાથે કપટ રાખવું નહિ. કપટ પ્રભુને ગમતું નથી. શુદ્ધ ભાવ ગમે છે. બોલવું જૂઠું ને ચાલવું જૂઠું તે ખોટું છે, પ્રભુ સત્યથી પ્રસન્ન છે.

॥ શ્રીવલ્લભ ॥

**॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥**

### ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

# ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

### કોણે કઇ ભક્તિ કરી

શ્રવણ પરીક્ષિત, શુક કરી કીર્તન, સ્મરણ કરી પ્રહ્લાદ;
શ્રી સેવન, પૂજન પૃથુ, વંદન અક્રુર, આહ્‌લાદ.

આહ્‌લાદ માન્યો, કપીશ કિંકરતા,
સખ્યતા-ભકિત સુભદ્રા-ભર્તા;
આત્મ-નિવેદન બલિયે કીધી;
ગોપીજને પ્રેમ લક્ષણા લીધી-
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૨)

**શબ્દાર્થ** :– આલ્હાદ–આનંદ શ્રી–લક્ષ્મી કપીશ–વાંદરોમાં શ્રેષ્ઠ શ્રી હનુમાનજી કીંકરદાસ. આત્મનિવેદન– હું અને મારૂં સર્વ સમર્પણ. વિવેચન–ભગવાનને પ્રાપ્ત કરવા નવ સીઢી ચઢવી તે નવધા ભક્તિ નવ સીઢી ચડયા પછી દશમી પ્રેમલક્ષણા તે સર્વોત્તમ ભક્તિ છે જ નવ પ્રકારની ભક્તિ તે કોણે શ્રેષ્ઠ કરી તે નીચે મુજબ.

(૧) શ્રવણ એટલે સાંભળવું. આ ભક્તિ અનેકોએ કરી તેમાં સર્વ શ્રેષ્ઠ રાજા પરિક્ષતે કરી હતી. કેવળ શ્રવણથી જ તેને મોક્ષ મળ્યો હતો.

(૨) કીર્તન ભક્તિ શુકદેવજીની સર્વશ્રેષ્ઠ છે. તેઓ જ્યાં જતા ત્યાં ઋષિઓના સમૂહને સંબોધિત કરતા. કીર્તન ભક્તિ સામૂહિક છે. શ્રીમદ્ ભાગવત મહાન પૂરાણ તેમની રચના છે. પુષ્ટિમાં સૂરદાસજીએ કરેલી છે. જે ભાગવત જ્ઞાન બ્રહ્માજીએ પ્રભુ પાસેથી પ્રાપ્ત કર્યું. બ્રહ્માજીએ નારદને જ્ઞાન દીધું. નારદજીએ વ્યાસજીને દીધું. વ્યાસ મુનિએ શ્રી શુકદેવજીને દીધું. શુકદેવજી મહાન ત્યાગી નિર્વિકાર અને નિર્લેપ હતા. જેવા શ્રોતા તેવું વિવેચન. શ્રી ભાગવતનો ગૂઢ અર્થ સમજણ પરિક્ષિત ઓછા પડયા, જેથી મોક્ષપર્યંત વાત રાખી. કેવળ શ્રવણ ભક્તિથી જ પરિક્ષિતનો ઉદ્ધાર થયો. આમ એક જ ભક્તિથી ઉદ્ધાર થાય છે. પરંતુ શ્રોતા એવા બનવું પડે. કથા તો ઘણાંકો ઘણી ઘણીવાર સાંભળે છે. તે સાંભળવામાં જ ફરક છે **શ્રીમદ ભાગવત ગૂઢાંર્થ પ્રકાશન પરાયણઃ**”

શ્રી ભાગવતનો ગૂઢ અર્થ પ્રગટ કરી શ્રી મહાપ્રભુજીએ સુબોધિનિજી પ્રગટ કરી. શ્રી ગુંસાઇજીએ સરળ રીતે સમજવા માટે ટીપણીજી લખ્યા જે કોઇ સુબોધિનિજીનું પઠન કરે, વાંચી સંભળાવે, સાંભળ્યા પછી મનન, ચિંતન કરે, તેને જ હ્રદયારૂઢ થાય. તેને માટે તો શું ? ભગવત લીલામાં પ્રાપ્ત થવા સ્થાન મળે. આવો પ્રભાવ શ્રવણ ભક્તિનો છે.

(૩) સ્મરણ ભક્તિ પ્રલ્હાદજીએ સર્વશ્રેષ્ઠ કરી. આઠોપ્રહોર સ્મરણ કરી નિર્ભય બન્યા હતા. મૃત્યુનો તેમને લેશમાત્ર ભય નહોતો. બળબળતો લોઢાનાં થાંભલો, તેને બથ ભરતાં ડરતા નહીં દુષ્ટ પિતાએ તેને બહુ જ દુઃખ દીધું. પ્રભુ સર્વવ્યાપક છે તે ભાવથી બધામાં ભગવાન જોતા હાથીના પગ નીચે કચડાવા, પહાડ ઉપરથી ફેંકી દેવા, શસ્ત્રોથી વધ કરવા આ બધા પ્રયોગો તેના પિતાએ કર્યા પરંતુ પ્રલ્હાદજી જાણુતા કે હરિ સર્વ જગે બિરાજમાન છે તે જ મારી ચિંતા કરશો. મને બચાવશે. રાજા તથા પિતા આવા હિરણ્યકશપ્પુએ ત્રાસ દેવામાં ખામી ન રાખી. છેવટે પ્રભુએ નૃસિંહરૂપ ધારણ કરીને હિરણ્યકશ્યપુનો વધ કરી પ્રલ્હાદનાં લાડ લડાવ્યા કેવળ સ્મરણ ભક્તિથી જ પ્રસન્ન થયા. પુષ્ટિમાં સુહાય પોપટે કરી છે.

(૪) પાદસેવન – ચરણાર્વિંદની સેવા શ્રી લક્ષ્મીજી સદા પ્રભુની પાસમાં રહીને કરે છે તેમનું મૂળસ્થાન વક્ષસ્થળ હોવા છતાં ચરણ દાસી બનીને રહે છે, પાદસેવન સર્વશ્રેષ્ઠ શ્રી લક્ષ્મીજીએ કર્યું. ગોપિજનોએ ઉદ્ધવજીને કટાક્ષમાં કહ્યું હતું કે –

પરિચરતિ કથં તત્પાદ પખાં તુ પચમા
હપિ બત હત એના ઉતમ શ્લોક જલ્પે:

હે ઉદ્ધવ – જેનો સંદેશો લઇ તમે આવ્યા છો તેનાં શું વખાણ કરવા તેનાં ગુણોને અમે જાણીએ છીએ. પરંતુ સદા નિકટ રહીને ચરણ સેવા કરવાવાળી લક્ષ્મી. તે તેનાં બધા ગુણોને જાણે છે છતાં ચરણ છોડી દૂર જતી નથી.

અમોએ જેનાં માટે સર્વસ્વ છોડયું કેવળ એને જ હૃદયમાં સ્થાન દીધું. પુત્ર, પતિ, ઘરબાર, લોકલાજ, કુલકાન, આલોક, પરલોક કોઇની અમે પરવા કરી નથી. બધામાંથી ચિત્ત દૂર કરી એક કૃષ્ણમાં જ રાખ્યું તો પણ તે અમને છોડી ગયા. તેનાં ગુણો બધા અમે જાણીએ છીએ તે બધાયમાં છે, કોઇમાં નથી. સર્વજગે વ્યાપક, ગોત્યા મળતા નથી. આવા ગુણોવાળા કૃષ્ણને લક્ષ્મીજી પણ ન સમજી શકી તો અમે તો અનપઢ નારીયો છીએ. અમે તો મૂઢ જીવો છીએ જ્યાં લાગ્યા ત્યાં જ સ્થિરતા પકડી લીધી હવે સંદેશો સાંભળી શું એનાં વખાણ કરવા ? ટુંકમાં અમે એને ભૂલવા સમર્થ નથી ત્યાં બીજું જ્ઞાન ગ્રહણ કરવાની શકિત જ કયાંથી હોય ?

(૫) પૂજન ભકિત – પુષ્ટિમાં પુરણમલ ક્ષત્રિયે કરી છે. આ ભકિત પૃથુ રાજાએ કરી તેથી પૂજન ભકિત સર્વશ્રેષ્ઠ રાજા પૃથુની કહેવાય છે.

(૬) વંદન – પુષ્ટિમાં નાગજીભાઇએ કરી છે.

વંદન ભકિત સર્વશ્રેષ્ઠ અકુરજીની કહેવાય છે તેનાથી તેમનો ઉદ્ધાર થયો. કંસ રાજાએ અકુરજીને બલરામ કૃષ્ણને લાવવા મોકલ્યા હતા તમે જાઓને નંદરાયનાં બન્ને પુત્રોને તેડી લાવો. અકુરજી કંસની ચાલને સમજતાં કે દુષ્ટ રાજા શું કરવા બોલાવે છે પરંતુ તેને પ્રભુની શકિતમાં વિશ્વાસ હતો. રથ જોડી અકુર ગોકુલ નજીક આવતાં જુએ છે તો રસ્તામાં વૃજ રજમાં ગાયોની પાછળ પાછળ જતાં ભગવત ચરણારવિન્દનાં ચિન્હો જોયા. રથથી નીચે ઉતરીને ચરણ ચિન્હને નમસ્કાર કરી વંદના કરી ચરણોમાં ચિન્હો જેમ કે ધ્વજ, વજ્ર, અંકુશ, પદ્મ વિગેરે નિહાળી વારંવાર નમસ્કાર કરી. કેવળ વંદન ભકિતથી જ અકુરજીનો ઉદ્ધાર થયો.

(૭) દાસ્ય ભકિત – સર્વશ્રેષ્ઠ દાસ્ય ભકિત હનુમાનજીએ કરી. રામાવતાર વખતે તેણે કેવળ રામનું જ દાસત્વ સ્વીકાર્યું, આજ્ઞાનું પાલન કર્યું, એકવાર શ્રીરામચંદ્રજીએ સીતાની ખોળ માટે મોકલ્યા ત્યારે લંકામાં પ્રવેશ કરી સીતાજી પાસે પહોંચ્યા. મુદ્રિકા આપી, ઓળખાણ પાકી કરી સીતાજીનું દુ:ખ તેનાથી સહન ન થયું, ત્યારે બોલ્યા કે, હે માતા ! હું શું કરૂં ? મને રામની આજ્ઞા હોત તો અત્યારે જ રાવણને મારી, તમને છોડાવી શકત. તેની આજ્ઞા વિના પગલું પણ મારાથી ભરાય નહીં.

ચૌદ વર્ષ વનવાસ પછી અયોધ્યામાં રામચંદ્રજીનો રાજ્યાભિષેક કર્યો પછી સૌને પહેરામણી કરી. સીતાજીએ અણમોલ હાર લઇને હજીમાનજીને આપ્યો. હજીમાનજી એક એક મણીયા દાંતોથી તોડીને, જોઇને ફેંકી દે. ત્યારે કોઇએ કહ્યું કે– આવો અણમોલ હારની તને કાંઇ કિંમત નથી. ત્યારે હનુમાનજી કહે : આમાં મારા રામ કયાંય નથી. ત્યારે કોઇએ કીધું કે, શું રામ મણકામાં હોય તો તારી પાસે કયાં છે ? આમ સાંભળતાં જ હજીમાનજીએ પોતાની છાતી ચીરીને બતાવી સૌ જોઇ રહ્યા તેનાં હૃદયમાં રામ, લક્ષ્મણ, સીતા ત્રણે ય સાથે જ હતા.

છેવટ સુધી હનુમાનજી કરી બતાવતા. દાસ્યભક્તિ શ્રેષ્ઠ તો હનુમાનજીની ગણાય છે. પુષ્ટિમાં યાદવેન્દ્રદાસજીએ કરી છે.

દાસ ધર્મ ઉંચો છે, એને ભૂલાય નહીં;
જો જો હો જીવનીયું એળે વહી જાય નહીં.

દાસભાવથી સ્વામિની સેવામાં ચિત્ત રહે, અભિમાન આવે નહીં, દીનતાભાવ બન્યો રહે. સ્વામિની આજ્ઞાનું પાલન કરવું ફળ પછી ગમે તે આવે, આવો દાસ્યધર્મ એકનું જ પાલન થાય તો પણ તેનો ઉદ્ધાર નિશ્ચિત થાય.

## ૮–સખ્યભક્તિ :

સખ્યભક્તિ અર્જુનની સર્વથી શ્રેષ્ઠ સખાભાવથી સાથે રહ્યા સખ્યભાવે ભગવાને તેનો રથ હાંકયો. મહાભારતનાં યુદ્ધ વખતે ગીતા જ્ઞાન, વિશ્વરૂપ દર્શન અર્જુનને દીધા.

કૃષ્ણાવતારમાં અષ્ટસખા શ્રીજીની સન્મુખ કીર્તન કરતા હતા. શ્રીજી તેમની સાથે વનમાં ખેલતા બાળલીલા તેમાં કુંભદાસજીની સખ્યભક્તિ.

## ૯–આત્મનિવેદન :

પુષ્ટિમાં માણેકચંદ અથવાલે. બલીરાજાએ આત્મનિવેદન કર્યું, જ્યારે બીજા પગલામાં સ્વર્ગ, મૃત્યુ બંને માપી લીધા પછી ત્રીજું પગલું કયાં ભરૂં ? આવો સવાલ વામનજીએ કર્યાં ત્યારે બલીરાજાએ કહ્યું– આ ભૌતિક સુખ, રાજ્ય વિગેરે તો નાશવંત તેની કિંમત નથી. ખરી વસ્તુ અહંતા–મમતા, હું અને મારૂં, બંને હજુ મારી પાસે છે. હવે હું આપને આત્મનિવેદન કરૂં છું. ત્યારે વામનજીએ નાનો એવો ચરણ બનાવી ભકતની પ્રતિજ્ઞા પૂરી કરી બલીરાજાકો સમર્પણ સાચો.

પુષ્ટિ રીતે બ્રહ્મ સંબંધ તે આત્મનિવેદન છે. પ્રભુને સર્વ સમર્પણ કરી શરણે થવાથી અહંતા, મમતા, રાગદ્વેષ– આ લોક પરલોક સંબંધી સર્વ પ્રભુ ઇચ્છા માનીને રહેવું તે આત્મનિવેદન.

–ક્રમશઃ

॥ શ્રીહરિઃ ॥

# વેણુ ગીત ધોળ

## (વેણુ ગીત શ્લોક ૧૪ધોળ-૯)

[ ઢાળ : લાખેણી મારી હેલ જો, કાનો મારે છે મને કાંકરી જો.... ]

સખી વૃંદા તે વનના પક્ષીઓ જો, કે મને લાગે છે મુની સ્વરૂપ જો;
વેણુનો નાદ કેવો! સાંભળે જો. ૧

વાલો ગાયો ચરાવે વૃંદાવનમાં જો, કે વેણુનાદ કરે છે વ્રજભૂપ જો;
વેણુનો નાદ કેવો સાંભળે જો. ૨

મોર ચકોર શુક પીક હંસ છે જો, કે સારસ કોકિલા આદિ વિવિધ જુથ જો;
વેણુનો નાદ કેવો સાંભળે જો. ૩

વેદ શાખારૂપી વૃક્ષ ડાળીઓ જો, કે બેઠા તે પર થઇને ચૂપ જો;
વેણુનો નાદ કેવો સાંભળે જો. ૪

નેત્ર વીંચીને બેઠાં પલ્લવ આડમાં જો, કે ભય ટાળવા પારાધિનો છૂપ જો;
વેણુનો નાદ કેવો સાંભળે જો. ૫

વેણુગીત સૂણીને મગ્ન થઇ ગયા જો, કે જેમ સમાધિમાં થાય બ્રહ્મરૂપ જો;
વેણુનો નાદ કેવો સાંભળે જો. ૬

સખી ધન્ય આ પક્ષી વૃંદાવન તણાં જો, કે 'લાલ' આપણે તો ડૂબી ગૃહકૂપ જો;
વેણુનો નાદ કેવો સાંભળે જો. ૭

## (વેણુગીત શ્લોક ૧૫ ધોળ-૧૦)

[ ઢાળ : સૈયર ચાલો હો જળ ઝીલવા.... ]

સૈયર સૂણો આ વેણુના નાદને, વિઠ્ઠલ વૃંદાવન વાય રે.... સૈયર૦ ટેક.
નીર થંભ્યા નદીઓ તણા રે, સૈયર સુણો આ વેણુના નાદને;
કામતણા રોગથી પીડાય રે, સૈયર સુણો **આ વેણુના નાદને....** ૧

અંગસંગ ઇચ્છે મુકુંદરાયનો રે, સૈયર સુણો આ વેણુના નાદને,
ભંવરી થકી તે પરખાય રે, સૈયર સુણો આ વેણુ નાદને.... ૨

મુકુંદ ઉભા જઇ નીરમાં રે, સૈયર સુણો આ વેણુના નાદને;
ભેટવાને મન લલચાય રે, સૈયર સુણો વેણુના નાદને.... ૩

તરંગ રૂપી તેના હાથથી રે, સૈયર સુણો આ વેણુના નાદને;
કમળ ચરણમાં ધરાય રે, સૈયર સુણો વેણુના નાદને.... ૪

ભેટ સ્વીકારી તેની પ્રેમથી રે, સૈયર સુણો આ વેણુના નાદને;
કમળ લીધા છે ઉઠાય રે, સૈયર સુણો આ વેણુના નાદને.... ૫

યોગ્યતા નથી આ નદીઓ તણી રે, સેયર સુણો આ વેણુના નાદને;
તેથી રહી પછતાય રે, સૈયર સુણો આ વેણુના નાદને.... ૬

'લાલ' પ્રભુને યોગ્ય આપણે રે, સૈયર સુણો આ વેણુના નાદને,
(પણ) શું કરવું ? સુઝે ન ઉપાય રે, સૈયર સુણો આ વેણુના નાદને.... ૭

**કિર્તનીયા લાવજીભાઈ ગો. પટેલ, ગણોદ**

# શાસ્ત્ર દૃષ્ટિ

**લે. રા. રા. ઠાકોરદાસ મોહનલાલ શાહ**

હિંદુ શાસ્ત્રમાં કોઇથી કોઇનો નાશ થતો નથી. એવું જણાવ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાને શ્રી ગીતાજીમાં આજ્ઞા કરી છે કે, “ આ જીવલોકમાં જે જીવ છે તે મારો અંશ છે.” ને ઘણા કાળથી શ્રી પૂર્ણ પુરુષોત્તમથી વિખુટો પડયો છે. વળી વેદમાં પણ જીવને ઇશ્વરનો અંશ કહેલ છે. શ્રીમદ્ ભાગવત અષ્ટમ સ્કંધમાં બ્રહ્માજી કહે છે કે હે પ્રભુ ! હું તથા મહાદેવ તથા આ સર્વ દેવતા તથા દક્ષ આદિ લઇને આ સર્વ રાજા તથા માણસો એ સર્વ અમે તમારા અંશો છીએ.

વળી દશમ સ્કંધમાં પણ કહ્યું છે કે જેટલી વસ્તુ થઇ છે, હાલમાં થાય છે ને હવે પછી થનાર છે, તે સર્વ વસ્તુ જડ પદાર્થ તથા જીવ જાત વસ્તુ તેમાં મોટી તથા નાની સર્વે વસ્તુ પરમેશ્વર વિના બીજે નામે કહેવાઇ શકાતી નથી, કારણ કે આ જગતની જડરૂપ વસ્તુ પંચ મહાભૂત આદિ લઇને તથા જીવરૂપ વસ્તુ માણસ, પશુ, પંખી, જીવજંતુ આદિ લઇને સર્વ વસ્તુરૂપ પરમેશ્વર પોતે થાય છે.

આ પ્રમાણે નાના મોટા દરેક પદાર્થો જડને ચેતન થઇ ગયા છે, થાય છે ને હવે પછી થનાર છે, તે સર્વ ભગવાન પોતાના અંશે કરીને જ પ્રગટ થાય છે, એટલે કે દરેક વસ્તુ તેનો અંશ છે તો અંશ અંશનો નાશ કેવી રીતે કરી શકે ? મનુષ્ય બીજી કોઇ પણ વસ્તુ ( જડ કે ચેતન ) ની નાશ કરવાની ઇચ્છા કરે તે તેમાં તે ઇશ્વરનો જ અપરાધી થાય છે. કારણ કે તેને અંશની સાથે વેર છે, ને ઇશ્વર નિત્ય હોવાથી તેનો અંશ પણ નિત્ય જ છે.

નાશ થતા માયિક–લોકદૃષ્ટિથી જ દેખાય છે, વસ્તુંતઃ તેનો નાશ થતો જ નથી. ( જડ પદાર્થો પણ નાશ પામતા નથી ) નાશ કરવાની વૃત્તિ થવી એ ગર્વ–અહંકારનું જ પરિણામ છે. ગર્વથી નાશ કરવાની કે મારવાની બીક બતાવવી એ ગર્વમાં ડૂબેલાઓથી જ થઈ શકે. તેને ઇશ્વરનું ભાન રહેતું જ નથી. આમ ઇશ્વરાંશમાં ભેદ બુદ્ધિ રાખવાથી વારંવાર તેને મલેચ્છ યોનિમાં જન્મ લેવો પડે છે. પાણીમાં ખાંડ, મીઠું ઇત્યાદિનું ઓગળી જવું એ પણ તેનો

નાશ નથી. પણ એક અંશ બીજા અંશમાં ભળી જાય છે. આ બિના આધુનિક સાયન્સ જાણનાર પણ સમજી શકે તેમ છે કોઈ માણસ કે જીવ મરી જાય છે, એટલે દેહ નાશવંત હોવાથી પડયો રહે છે. તે પણ ખરી રીતે અંશ હોવાથી બીજા સ્વરૂપમાં અંશની સાથે ભળી જાય છે. પાંચ તત્ત્વો છે તેમાં તેનો સમાવેશ થઇ જાય છે. આત્માનો ( જીવનો ) નાશ થતો જ નથી. આત્મા તો તે વખતે યોગ્ય સ્થળે જ જાય છે. તેનો પણ નાશ કોઇ કાળે થતો નથી.

હવે પાશ્ચાત્ય મત જોઇએ. પાશ્ચાત્ય શાસ્ત્રો અને અહીંના શાસ્ત્રોમાં ઘણો જ તફાવત છે. તેથી તે તરફના લોકોના મતથી આપણો મત જુદો જ પડે એ સ્વાભાવિક છે. ઘણાક સુધરેલાઓ તો તે શાસ્ત્રોના આડંબરથી અંજાઇ જ જાય છે પણ તેઓએ પહેલાં આપણાં શાસ્ત્રોનું અધ્યયન કરવું જ જોઇએ. પ્રાચીન કાળમાં દેશની બહાર જવાની મના હતી તેનું કારણ એ હતું કે જ્યાં સુધી પ્રજાની દરેક વ્યકિતના વિચારો બંધાઇને દઢ થયા નથી, પરિપકવ થયા નથી, સામાના વિચારોનું ખંડન કરવાની તેનામાં શકિત નથી ત્યાં સુધી તેને દેશ બહાર જવામાં સર્વ પ્રકારે હાનિ જ છે.

પરંતુ હાલમાં આપણા ઉપર વિદેશી પ્રજા રાજ્ય ચલાવતી હોવાથી ( હાલ ચલાવતી નથી તો પણ ) તેના ધાર્મિક સૂત્રો સહજ જોવામાં આવી જાય છે. નિશાળે જતું બાળક બે ચાર ચોપડી ભણે ત્યાં તો તેના હાથમાં ક્રિશ્ચિયનોની ધાર્મિક વાર્તાની ચોપડીઓ આવે છે તે વાંચી તેના મગજમાં તે જ વિચારો ઠસાય છે. કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે. બાળક એ કુમળું વૃક્ષ છે તેથી તેને આ અવસ્થામાં આવી વિદેશી સૃષ્ટિની ચોપડીઓ મળતાં તે તેજ વિચારનું થાય છે. પછી તો વૃક્ષની જેમ મોટું થતાં તે તેજ સ્થિતિમાં રહે છે તે લોકોએ પોતાનો ધર્મ ફેલાવવા આ સરસ યુક્તિ કરી છે. પરંતુ આપણા શાસ્ત્ર-ધર્મ સંબંધી એક પણ એવી ચોપડી બાળકની તે ઉંમરે તેના હાથમાં આવતી નથી. કયાંથી આવે ? કુવામાં છે તો ખરું પરંતુ હવાડામાં કાઢવાની કોશીશ જોઈએ તેવી નથી, થાય છે તો તેમ કરનારના વિરોધીઓ નડે છે. આપણા ધાર્મિક ગ્રંથો સંસ્કૃતની ગીર્વાણ ભાષામાં છે તેનો અનુવાદ પણ પુખ્ત વયના માણસો સમજે તેવો હોવાથી બાળકોના હાથમાં આપણાં ધાર્મિક પુસ્તકો આવતાં નથી માટે સાંપ્રદાયિક સર્વ વિદ્વાનોની મોટામાં મોટી ફરજ એ છે કે નાનાં બાળકો સ્વધર્મ સમજી શકે તેવા ગ્રંથો બાળ સાહિત્યના રૂપમાં બહાર પાડવા. કર્તવ્ય ગ્રંથો ઉપરાંત સિદ્ધાંત ગ્રંથો પણ છપાવવાની જરૂર છે. બાળક એ દેશની ભવિષ્યની પ્રજા છે, એ ભવિષ્યની પ્રજાને આપણે આડે માર્ગે જવા દેવી કે તેમ કરતાં અટકાવવી ? ભવિષ્યની પ્રજા ઉપર જ દેશનો આધાર હોવાથી આ પ્રજાને-બાળકને નાની વયથી જ સ્વધર્મના ઉચ્ચ સંસ્કારો પાડવા જોઇએ. તેને માટે બાળ સાહિત્યના જેવી યોજના પ્રમાણે સરળમાં સરળથી ચઢતા ક્રમે અઘરા સંસ્કૃત ગ્રંથો પણ છાપી શકાશે એટલે વિદ્વાનોને તેમજ બાળકોને ઉભયને લાભ થવા સંભવ છે.

આપણું મૂળ શાસ્ત્ર વેદ છે. છતાં પુરાણ શા માટે જુદાં રચવા પડયાં ? શ્રીમદ્ ભાગવતથી જુદા જુદા ગ્રંથો શ્રી મહાપ્રભુજીએ શા માટે

લખ્યા ? તે વખતના લોકોમાં વેદ પુરાણ શ્રીમદ ભાગવત સમજવાની શકિત ન રહી તેથી તે ઉપરથી સંસ્કૃતમાં સરળ ગ્રંથો લખ્યા. હવે આપણી એવી દશા આવી પડી છે કે આ સરળ સંસ્કૃત ગ્રંથો પણ સમજવા અશકિત ધરાવીએ છીએ તો પછી તેનો અનુવાદ સરળ ગુજરાતી ભાષામાં થાય તો જ સમજી શકીએ. માટે હવે ગ્રંથો તો સરળ ભાષામાં વિદ્વાનો છપાવે તો ઘણું સારું, તેથી ઘણો જ લાભ થાય.

[વૈષ્ણવ ધર્મ પતાકાના સં. ૧૯૮૧ ચૈત્ર અંક ૫ માંથી સાભાર.]

## આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૭ તા. ૮–૩–૯૫ બુધવાર, શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા), ગો. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૯–૩–૯૫ ગુરુવાર, હોલાષ્ટકનો આરંભ.

ફાગણ સુદ ૯ તા ૧૦–૩–૯૫ શુક્રવાર, બગીચા નોમ, ટીકેતના શૃંગારનો પ્રારંભ, ચિ. ગો. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિવસ.

ફાગણ સુદ ૧૧ તા. ૧૩–૩–૯૫ સોમવાર, આમલકી (કુંજ) એકાદશી વ્રત, ચિ. ગો. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા–કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૧૫–૩–૯૫ બુધવાર, બગીચા તેરસ, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૧૬–૩–૯૫ ગુરુવાર, હોલીકા ઉત્સવ, હોલી પ્રદીપન સાંજ ૭–૪૫ પછી, ચિ. ગો. મધુસુદનજી લાલબાવાશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૧૭–૩–૯૫ શુક્રવાર, દોલોત્સવ, ધૂળેટી વંદન, હોળાષ્ટક સમાપ્ત, ગો. શ્રી મંદારકુમારજી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ વદ ૨ તા. ૧૮–૩–૯૫ શનિવાર, દ્વિતીયા પાટોત્સવ, આજથી છાક તથા કુંજના પદ બોલાય.

ફાગણ વદ ૫ તા. ૨૧–૩–૯૫ મંગળવાર, રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૨૩–૩–૯૫ ગુરુવાર, શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૧૦ તા. ૨૬–૩–૯૫ રવિવાર, ચિ. ગો. દેવકીનંદનજી (સુરેશ) બાવાશ્રીનો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૨૭–૩–૯૫ સોમવાર, પાપમોચની એકાદશી વ્રત, ગો. શ્રી ભરતકુમારજી મહારાજશ્રી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૨૯–૩–૯૫ બુધવાર, ચિ. ગો. શ્રી રઘુનાથ બાવાશ્રી (કામવન)નો તથા ચિ. ગો. શ્રી ગોકુલનાથ બાવાશ્રી (માંડવી–ગોકુલ–જુનાગઢ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૩૦–૩–૯૫ ગુરુવાર, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર–નડીયાદ)નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૩૧–૩–૯૫ શુક્રવાર, ગો. શ્રીકૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૧–૪–૯૫ શનિવાર, સંવત્સરોત્સવ, ગુડી પડવો, શાલીવાહન શક ૧૯૧૭ તથા વ્રજ વિ. સંવત ૨૦૫૨નો આરંભ. શ્રી પ્રભુને કડવા લીમડાની કૂંપળો તથા મિશ્રી ભોગ ધરવા, ચૈત્રી નવરાત્રારંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૩–૪–૯૫ સોમવાર, મત્સ્ય જયંતિ, ગૌરી ત્રીજ.

ચૈત્ર સુદ ૪ તા. ૪–૪–૯૫ મંગળવાર, વિનાયક ચોથ, શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૬–૪–૯૫ ગુરુવાર, શ્રી યમુનાજીનું પ્રાકટ્ય, શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫), ચિ. ગો. શ્રી યદુનાથજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

**આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક**

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

# કીર્તન–માહાત્મ્ય

પ્રેષક : **વિદ્યાસુધાકર મુખિયાં ગોકુલદાસ, કોટા.**

વિષ્ણુ પુરાણમાં લખ્યું છે – સ્વર્ગમાં જવાથી શું ? જેનાથી પુણ્ય ક્ષીણ થવાથી ફરી જન્મ મરણના બંધનમાં આવવું પડે. તેથી બધાથી ઉત્તમ મોક્ષનું બીજ શ્રી વાસુદેવના નામ સંકીર્તનમાં છે. ૧

મધુર સ્વર સહિત ગાવાથી જે કૃષ્ણને પ્રસન્ન કરે છે તે સો મન્વંતરોના પાપને બાળી દીયે છે. ૨

જે મહાભાગવત હોય છે તે કલિયુગમાં નિત્ય કીર્તન કરે છે. તેના સાત જન્મના કરેલા પાપ તત્ક્ષણ દૂર થાય છે. ૩

વિષ્ણુ રહસ્યમાં લખ્યું છે :– ભગવાન સ્વયં શ્રી હસ્તને ઉચો કરીને કહે છે – જે મારા મુકુંદ, નરસિંહ, જનાર્દન એ નામોને જીવનદશામાં પ્રતિદિન જપે છે તેનું મરણ સમયે પાષાણ તથા કાષ્ટ સમાન દશાને પ્રાપ્ત થયેલ તે પુરૂષનો હું ઋણી બનીને કલ્યાણ કરું છું. ૪

શ્રી ભાગવતમાં લખ્યું છે કે – ગુણ ગ્રાહી આર્ય પુરૂષ કલિયુગની પ્રશંસા કરે છે, કારણ કે કલિયુગમાં ભગવાનના સંકીર્તન કરવાથી જ બધા સ્વાર્થ સિદ્ધ થઇ જાય છે. ૫

ગરુડ પુરાણમાં લખ્યું છે – ગોવિંદ નામ રૂપ મેઘોની જલધારાઓથી અત્યંત પ્રજ્વલિત પાપરૂપી અગ્નિ શાંત થઈ જાય છે. તેથી તે અગ્નિથી મનુષ્યોએ ભયભીત ન થવું જોઇએ. ૬

બ્રહ્મપુરાણમાં યમરાજા કહે છે – જેમની જીભે શ્રીકૃષ્ણ નામના અક્ષરરૂપ રત્નોનું ઘરેણું પહેરી રાખ્યું છે તે મનુષ્ય મુનિઓ, સિદ્ધો તથા દેવતાઓ દ્વારા નમસ્કાર અને સ્તુતિ કરવા યોગ્ય છે. ૭

જે પ્રકારે સિંહના ભયથી હરણ પોતાના સ્થાનને છોડી જાય છે એ પ્રકારે પરવશ થઇને પણ ભગવાનનું નામ લેવાથી બધા પાતક તે પુરુષને છોડી દીએ છે. ૮

બ્રહ્માંડ પુરાણમાં લખ્યું છે – કલિયુગમાં માધવ અને ગોવિંદ નામનું સંકીર્તન કરવાથી જેવી શુદ્ધિ થાય છે, તેવી દેહશુદ્ધિ પરાક ચંદ્રાયણ, તપ્ત કૃચ્છ વ્રત કરવાથી નથી થતી. ૯

વિષ્ણુ ધર્મમાં કોઇ લુબ્ધકને કહ્યું છે – હરિનામ લેવામાં દેશ અને કાળનો નિયમ નથી. ઉચ્છિષ્ટ તથા અપવિત્ર દશામાં ભગવાનનું નામ ન લેવું જોઇએ એવો નિષેધ નથી. ( મના કરી નથી ) ૧૦

સ્કંધ પુરાણમાં લખ્યું છે – ચક્રાયુધ ભગવાનના નામોનું સદા બધી જગાએ સંકીર્તન કરતા રહેવું જોઇએ. ભગવાનનું નામ પવિત્ર કરવાવાળું છે. તેથી અપવિત્ર દશામાં પણ લેવું જોઇએ. ૧૧

શ્રી ભાગવતમાં વિષ્ણુ દૂતોએ યમદૂતોને કહ્યું છે – આ અજામિલે હરિના કલ્યાણકારી નામને વિવશ દશામાં લેવાથી કરોડ જન્મના પાપોનું પણ તેણે પ્રાયશ્ચિત કરી લીધું: ૧૨

યોગ વશિષ્ઠમાં લખ્યું છે – જેણે 'હરિ' આ બે અક્ષરનું એક વખત ઉચ્ચારણ કરી લીધું તેણે મોક્ષમાર્ગમાં જવાને માટે કેડ બાંધી લીધી છે ( તૈયાર થઇ ગયો છે. ) ૧૩

ગરુડ પુરાણમાં લખ્યું છે – દાન, વ્રત, તપ, તીર્થ, પુણ્યક્ષેત્ર, રાજસૂય, અશ્વમેધ, અધ્યાત્મજ્ઞાન અને જેટલા મહત્ પુણ્યકાર્ય છે. તેમનામાં પાપ દૂર કરવાની શકિત છે તે બધી શકિતને ખેંચીને ભગવાને પોતાના નામોમાં સ્થાપિત કરી દીધી છે. ૧૪-૧૫

નૃસિંહ પુરાણમાં લખ્યું છે – કૃષ્ણ-કૃષ્ણ-કૃષ્ણ જે મારું નિત્ય સ્મરણ કરે છે તેનો જલ કમલવત્ તે પુરુષનો નરકમાંથી હું ઉદ્ધાર કરું છું. ૧૬

સ્કન્દ પુરાણમાં લખ્યું છે – ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ જો તું ન ભણ્યો ન હોતો કાંઇ ન ભણ – ગાન કરવા યોગ્ય હરિના ગોવિંદ નામનું નિત્ય ગાન કર. ૧૭

નારદ પુરાણમાં લખ્યું છે – વિષ્ણુ ભગવાનનું ગાન, નૃત્ય તથા નાટયનું પોતાના નિત્ય કર્મની જેમ સમજીને બ્રાહ્મણ જાતિએ વિશેષ કરવું જોઇએ. ૧૮

ભગવાનના મંદિરમાં તાલી બજાવીને નૃત્ય કરવાવાળા પુરૂષના શરીરથી બધા પાપરૂપી પક્ષી ઉડી જાય છે. ૧૯

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ

[ શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડ વર્ષ ૧૧ સં. ૧૯૯૨. અંક ૪ માંથી સાભાર ]

---

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭
અન્વયે **"શ્રી વલ્લસુધા"** પત્ર અંગેની માહિતી

| | |
|---|---|
| (૧) પ્રકાશન સ્થળ | રાજકોટ |
| (૨) તેના પ્રકાશનની સામાયિકતા | માસિક |
| (૩) મુદ્રકનું નામ | રવજી પરસોતમ પટેલ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | 'અમૃત' જલારામ-૧ માર્ગ-૩<br>યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| (૪) પ્રકાશનનું નામ | ઉપર મુજબ |
| રાષ્ટ્રીયતા | ,, |
| સરનામું | ,, |
| (૫) સંપાદકનું નામ | ,, |
| રાષ્ટ્રીયતા | ,, |
| સરનામું | ,, |
| (૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ સરનામું | આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ<br>જી ૨. સીતારામ બિલ્ડીંગ<br>પલ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૦૧ |

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર પ્રમાણે મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦-૯-૯૫

**રવજી પરસોતમ પટેલ**
મુદ્રક પ્રકાશક અને સંપાદક

# કાવ્યકુંજ

ગોપીઓ જશોદાજી પાસે કાનુડાની રાવ કરે છે કે મટુકી કાનો ફોડે માખણ ઢોળે છે ત્યારે જશોદાજી કાનુડાને ઠપકો દઇ બાંધવા જાય છે ત્યારે ગોપી મુંઝાય છે ને ગાય છે–

[ ઢાળ – આજનો ચાંદલીયો મને લાગે બહુ વ્હાલો ]

નંદજીનો લાલો મને લાગે બહુ વ્હાલો;
કહી દો જશોદાને બાંધે નહિ ઠાલો.
જલ જમુનાના ભરવારે જાતા;

કાંકર મારીને મારૂં બેડું નંદવાતા;
તોએ એ મુજને લાગે બહુ વ્હાલો — કહીદો ૧

મહી વેંચવા વૃંદાવન જાતા,
મટુકી ફોડીને મારા ગોરસડા ચાખતા;
મારગ રોકીને વ્હાલો થાતો કાલો કાલો — કહીદો ૨

નટખટ એ નંદલાલ માખણનો ચોર છે,
મોરલી વગાડી મારૂં મન હરી લ્યે છે;
અણીયાળી આંખડી ને લાગે રૂપાળો — કહીદો ૩

જમનાને કાંઠડે ગૌધેન ચરાવતો,
કદમને છાંયે વ્હાલો બંસરી બજાવતો;
બંસરીના નાદે મને રાસ રમાડતો — કહીદો ૪

તારા રે નામનો લીધો મેં આશરો,
હું તારી દાસી તું શ્યામ સુંદર મારો;
આજ મારે પીવો છે ભકિત રસ પ્યાલો — કહીદો ૫

ગોપીઓનો નાથ મારા ચિત્તડાનો ચોર છે,
મન હરી લીધું મારા મનડાનો મોર છે,
જશોદાનો જાયો મને લાગે બહુ વ્હાલો — કહીદો ૬

– **કંસારા લલિતા**

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

# વર્ષોત્સવ પદ – ભાવાર્થ સાથે

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

## હોરી-ખેલ

**દેહોં :** અહો હરિ હોરી મેં જબ ગએ જો તુમ ભાજ ।
ગારી દેહોં ભરોં ભરાઉં મુખ માંડોંગી આજ ॥
હોં અપનો મન ભાયો કરહો સુન વ્રજરાજકુમાર ।
'કૃષ્ણજીવન-લચ્છિરામ' કે પ્રભુ માઇ સકલ ઘોષ સિરતાજ ॥

**ભાવાર્થ :** શ્રી વ્રજભકતો શ્રીઠાકોરજીને ચેતવણી આપી રહ્યાં છે કે, મહારાજ ! આપ જો હોરી ખેલમાંથી ભાગી જશો તો મીઠી મીઠી ગારી (ગાળ) વ્યંગ ભાષામાં સંભળાવીશું, અને આજે તો આપના કપોલ (ગાલ) ઠોડી (દાઢી) વગેરે રંગી દેશું.

આજે તો હોળીનો તહેવાર હોવાથી અમે કોઇ પણ ગુરુજનની કાની રાખ્યા વગર આપને પૂરેપૂરા રંગી, મનમાન્યું કરીશું. હે વ્રજરાજકુમાર ! ભલે આપ સકલ લોકના સ્વામી છો. કૃષ્ણજીવન લચ્છીરામજી કહે છે કે, આપ તો વ્રજના સિરતાજ (માથાના મુકુટ) છો.

**રસીયો :** હોરી રે રસીયા બર જોરી રે, રસીયા આજ બિરજમેં હોરી રે રસીયા ।૧।

ઇતતેં આયે કુંવર કન્હૈયા, ઉતતેં રાધા ગોરી રે રસીયા ।
પાંચ બરસકે કુંવર કન્હૈયા, સાત વરસ રાધા ગોરી રે રસીયા ।૨।

બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ ઔર નગારેકી જોરી રે રસીયા ।
ચોવા ચંદન ઔર અરગજા કેસર ગાગર ઢોરી રે રસીયા ।૩।

ઉડત ગુલાલ લાલ ભએ, બાદલ ઔર અબીરકી ઝોરી રે રસીયા ।
'કૃષ્ણજીવન-લચ્છીરામ' કે પ્રભુ સોં ફગુવા લીએ ભર ઝોરી રે રસીયા ।૪।

**ભાવાર્થ :** આજે વ્રજમાં વ્રજવાસીઓ આનંદપૂર્વક હોળી ખેલી રહ્યાં છે. એક તરફથી કૃષ્ણ કન્હૈયાલાલ ધસી આવ્યા તો બીજી તરફથી શ્રી રાધાગોરી પણ દોડી આવ્યા.

તાલ, મૃદંગ, ઝાંઝ, ડફ વગેરે વાગે છે અને સાથે સાથે નગારાની જોડીઓ પર ધણુણાટી વાગે છે. ચોવા, ચંદન, બુકા બંદન ઉડી રહ્યાં છે. કેશર જલની ગાગરો ભરી એકબીજા પર

ઢોળી રહ્યાં છે. વ્રજ આખું રંગ-બેરંગી બની રહ્યું છે. ગુલાલના તો જાણે ગોટેગોટા ઉડી રહ્યાં છે. જાણે લાલ રંગના વાદળો વ્રજ પર ઉમટી પડયા ન હોય ! અને સાથે સાથે ઝોળીઓ ભરી ભરી અબીર ઉડે છે, જાણે ઝાકળના ગોટેગોટા ઉડી રહ્યાં હોય તેવી સુંદર શોભા બની છે.

કૃષ્ણજીવન-લચ્છીરામજી આ મનોહર લીલાનું વર્ણન કરતાં છેલી તુકમાં કહી રહ્યાં છે કે- બધાં વ્રજભક્તો શ્રી ઠાકોરજીથી ફગુઆ (હોળીની મીઠાઇ-મેવા) માંગી રહ્યાં છે.

## દોલોત્સવ (ડોલ ઉત્સવ)

આજ માઇ ઝુલત હૈ નંદલાલ ।
સંગરાજત વૃષભાન નંદની જોરી પરમ રસાલ ।૧।
શ્રી ગોવરધનકી સુભગ શિખર પર રચ્યો જો ડોલ વિશાલ ।
કદલી કરણ કેતકી કૂંજો બકુલા માલતી જાલ ।૨।
નૂતન ન્યુત પ્રવાલ રહેલસી માધુરી સોં અરૂઝાય ।]
કમલ પ્રસૂન પરાગ પુંજભર બહત સમીર સુહાય ।૩।
મધુપ કીર કલ કોકીલ કુંજત રસ મકરંદ લુભાય ।
સુન સુન શ્રવણ પુલક પિય પ્યારી રહત કંઠ લપટાય ।૪।
નિર્ઝર ઝરત સુગંધ સુવાસિત રંગ રંગ જલ લોલ ।
ઉભય કૂલ કલહંસ મંડલી કૂંજત કરત કલોલ ।૫।
યુવતિ જન સમૂહ મિલ ગાવત પ્રમુદિત લોચન લોલ ।
બાજત તાલ મૃદંગ હોતરંગ વિહસત ચારૂ કપોલ ।૬।
ચોવાચંદન છિરકત ભામિનિ અવલોકત રસ ભાય ।
શ્રી વિઠ્ઠલનાથ આરતી ઉતારત દાસ નિરખ બલ જાય ।૭।

**ભાવાર્થ** :- શ્રી નંદલાલ, શ્રી વૃષભાન નંદીનીરાધા સાથે શ્રી ગિરિરાજ – ગોવર્ધન પર્વતના સુંદર સૌભાગ્યશાળી, કદલી, કરણ, કેતકી, બકુલ ઇત્યાદિ પુષ્પોથી સુશોભિત શિખર પર વૃક્ષની ડાળીમાં ઝુલો બાંધી ડોલ ઝુલી રહ્યાં છે.

આ શિખર પર આમ્રકુંજો પણ છે. કે જેમાં નૂતન શાખાઓ પલ્લવિત થયેલી છે. જ્યાં અનેક ઝરણા વહી રહ્યા છે. જેમાં કમલ પુષ્પો ખીલી રહ્યા છે. તેની ઉપર ભ્રમરો મધુર ગુંજારવ કરે છે. આવા સુગંધિત વાતાવરણમાં મંદ-મંદ વાયુ વહી રહ્યો છે. પોપટ, કોયલ ઇત્યાદી પક્ષીઓ કલરવ કરી રહ્યા છે. આવા સુંદર વાતાવરણથી પ્રસન્ન થઈ શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામિનીજી પરસ્પર આલીંગન આપી ભેટી રહ્યાં છે.

રંગ-રંગના જલ વહેવાનો કલ-કલ નાદ થઈ રહ્યો છે. હંસ મંડલી – વ્રજ ભકતોના યુથો પણ મંદ-મંદ સ્વરે ગાન કરી રહ્યાં છે.

ચોવા, ચંદન વગેરે વિવિધ પ્રકારના સુગંધિત દ્રવ્યો જ્યાં ઉડે છે. શ્રી વિઠ્ઠલનાથજી–શ્રી ગુસાંઇજી યુગલ સ્વરૂપની આરતી ઉતારી રહ્યાં છે. ભકતજનો આ સુંદર અલૌકિક ઝાંખીના દર્શન કરી ઓવારણા લઇ રહ્યાં છે.

### દ્વિતિય-પાટોત્સવ ( ફા. વ. ૨ )

લાલ નેંક દેખીયે ભવન હમારો ॥
દ્વિતિયા પાટ સિંઘાસન બૈઠે અવિચલ રાજ તિહારો ॥ ૧ ॥
સાસ હમારી ખિરક સિધારી પિય વન ગયો સવારો ॥
આસપાસ ઘર કોઉ નાહિન યહ એકાંત હૈ ન્યારો ॥ ૨ ॥
ઓટયો દૂધ સદ્ય ધૌરીકો લેહુ શ્યામઘન પીજે ॥
‘ પરમાનંદ દાસ ’ કો ઠાકુર કહ્યો હમારો કીજે ॥ ૩ ॥

**ભાવાર્થ :–** હે શ્યામ સુંદર આંજે આપ કામદેવ પાસેથી ફેરથી રાજ્યની દોરી હાથમાં લઇ, સિંઘાસન પર અવિચલ રાજ્ય કરવા બિરાજમાન થયાં છો. માટે કૃપા કરી એક વખત અમારા આ ભવનમાં પધારી અમને સેવા કરવાનો શુભ અવસર આપો.

કદાચ આપ અમારા પતિ તથા સાસુનો સંકોચ કરીને પધારવાઃ માટે અચકાતા હો તો, તેઓ પણ નથી. કારણ કે સાસુજી તો ગાયોની ગૌશાળામાં છાણ વાસીદું કરવા – ગોબર ઉપાડવા ગયાં છે. અને પતિ તેઃ સવારથી ગાયોને લઇને વનમાં ગૌચારણ કરવા ગયાં છે. બીજું આસપાસમાં કે ઘરમાં કોઇ નથી અને આવો અનેરો એકાંત કયારે પણ મળે તેમ નથી.

વળી હે શ્યામ સુંદર હમણા જ તાજું ધૌરી ગાયનું દૂધ ઓટાવીને રાખ્યું છે. તે આપ કૃપા કરી આરોગો. પરમાનંદદાસજી સખી ભાવથી આવી મનુહાર વિનંતિ કરતાં કહી રહયાં છે કે હે શ્યામ સુંદર આપ આટલું અમારું માન રાખી જરૂર પધારો.

## જીવ કર તું સ્મરણ, શ્રી પ્રભુચરણ.....!

–પ્રો. એમ. આર. પાલેજા (રાજપીપળા)

જીવ કર તું સ્મરણ શ્રી પ્રભુચરણ, દઢ તારું થશે શ્રીચરણ–શરણ;
થશે સરળ અતિ તુજ ભવતરણ, તેથી સુધરશે તુજ જીવન–મરણ.
થશે અઘતારા સઘળાં હરણ પ્રભુ સ્વરૂપનું થાશે તુજને સ્ફુરણ,
ભકિતરસનાં વહેશે નિર્ઝરણ; થશે તુજપે પ્રસન્ન ગિરિરાજધરણ....!

સમસ્ત પુષ્ટિ–સૃષ્ટિમાં હાલમાં તાજેતરમાં પ્રભુચરણ શ્રીમદ્દ વિઠ્ઠલેશજીનો પ્રાકટય મહોત્સવ ઉજવાયો.

આપણે જો શ્રીમદ્ દ્વારકેશલાલજી મહારાજ વિચરિત ભાવભાવના પ્રમાણે શ્રી વિઠ્ઠલેશજીના મહોત્સવના પારપ્રેક્ષ્યમાં ભગવદ્સેવાના પ્રકારનું નિરૂપણ કરીએ તો શ્રી ગુસાંઇજી મહારાજના દૈવી સ્વરૂપનું રહસ્ય સમજવા ભાગ્યશાળી બની શકીએ. પૂ. ગો. શ્રી રઘુનાથલાલજી વિરચિત શ્રી નામરત્નાખ્ય સ્તોત્ર અને શ્રી વિઠ્ઠલેશસ્તવનું સાર્થ ભાવભાવન કરીએ તો પ્રભુચરણ શ્રી વિઠ્ઠલેશજીના દૈવોદ્ધારાર્થ પ્રાકટ્ય સ્વરૂપની, શ્રી કૃષ્ણભકિત પ્રચારાર્થ અલૌકિક સ્વરૂપની તેમજ પરમ દયાલુત્વવાળા સ્વરૂપની આપણે ઝાંખી કરી શકીએ.

પરમ ભગવદીય જીવો શ્રી પ્રભુચરણના પ્રાકટયનો દિન આપશ્રીના સ્વરૂપના અને આપશ્રી અંગેના સાહિત્ય ચિંતનમાં અને સ્તોત્ર–ધોળ વગેરેના પઠન–પાઠનમાં વ્યતીત કરી પોતાનું જીવન સાર્થક બનાવે છે.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ પ્રકટાવેલ પુષ્ટિમાર્ગના પ્રચાર–પ્રસાર અને ઉત્કર્ષ માટે આપશ્રીએ ધરા પર પ્રાકટ્ય ધારણ કરેલ હતું, જે નીચે જણાવેલ મુદ્દાઓનો વિચાર કરતાં સુસ્પષ્ટ થાય છે.

(૧) શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણે છ છ વાર ગુજરાત કાઠિયાવાડનો પ્રવાસ કરી દૈવી જીવોને શરણે લઇ ઉદ્ધાર કર્યો હતો.

(૨) વિદ્વન્મંડનાદિ પુષ્ટિજ્ઞાનથી પ્રચુર ગ્રંથો રચી તે દ્વારા તત્સમયના પંડિત વર્ગ પર આપશ્રીએ દિવ્ય પ્રભાવ પાડયો હતો.

(૩) ભકિતહંસ અને ભકિતહેતુ નિર્ણયાદિ ગ્રંથો રચી તેમના દ્વારા આપશ્રીએ પુષ્ટિમાર્ગ–ભકિતમાર્ગનું રહસ્ય સમજાવ્યું હતું.

(૪) શૃંગાર રસમંડન, સ્વામિન્યષ્ટક અને લલિતત્રિભંગસ્તોત્ર વગેરે ગ્રંથો દ્વારા નિરૂપિત સંપ્રદાયની પ્રમેયભાવના પ્રસ્તુત કરેલ છે.

(૫) છ છ માસ પર્યંત શ્રી ગોવર્ધન ધરણનો અસહ્ય વિરહ સહન કરીને આપશ્રીએ જે વિજ્ઞપ્તિઓ રચી તે દ્વારા આપશ્રીએ સંપ્રદાયના વિશિષ્ટ દૈન્ય તત્વને સમજાવ્યું છે અને સાથે સાથે શ્રી કૃષ્ણદાસ અધિકારીના અપરાધનો આપણે જો વિચાર કરીએ તો આપશ્રીએ તેને કરેલ ક્ષમા દ્વારા શ્રીમદ્ પ્રભુચરણની પરમ દયાલુતાના દર્શન થાય છે.

(૬) આપશ્રીએ સંપ્રદાયની સેવાપ્રણાલી બાંધી વિશ્વની વિવિધ કલાઓ સંગીત, ચિત્ર, પાકશાસ્ત્ર આદિ શ્રી વ્રજરાજકુમાર શ્રી બાલકૃષ્ણ પ્રભુની સેવામાં વિનિયોગ કરવાનું નિજ પુષ્ટિસૃષ્ટિને ઉપદેશી શીખાવ્યું છે.

આવા મહાનુભાવ શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુના પ્રાકટય મહોત્સવ દિને આપશ્રીએ ઉપદેશેલા પુષ્ટિ સિદ્ધાંતો સમજીએ અને આપણા સંપ્રદાયમાં દ્રઢપણે સુસ્થિર રહીએ અને તત્ત્વના તત્ત્વ એવા પરમ તત્ત્વ યશોદોત્સંગ લાલિત શ્રી બાલકૃષ્ણ પ્રભુની પ્રીતિપૂર્વક સેવા કરીએ, અન્યાશ્રયથી બચી અનન્યાશ્રયી બનીએ એવી કૃપા શ્રી ગુસાંઇજી આપણા ઉપર અને સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિ પર વરસાવે એવી અભિલાષા હૃદયમાં ધરીએ.

# પુસ્તક પરિચય

**બડેશિક્ષાપત્ર** શ્રી સબલકિશોરજી કૃત સંસ્કૃત વ્યાખ્યા એવં હિન્દી ટીકા સહિત
પ્રકાશક : પં. મુરલીધરજી સબલ કિશોરજી પાઠક
શુદ્ધાદ્વૈત સંસ્થાન, શ્રી વલ્લભાચાર્ય માર્ગ મથુરા ઉ. પ્ર. પીન ૨૮૧૦૦૧
૮ પેજી ડેમી સાઈઝ પૃષ્ટ ૩૨૪+૧૨ પાકું પુંઠુ ન્યોછાવર રૂા. ૧૦૧

શ્રી હરિરાયજી મહાપ્રભુકૃત બડે શિક્ષાપત્ર એ પુષ્ટિ માર્ગના વૈષ્ણવો માટે દિવાદાંડી સમાન મહાન પથ પ્રદર્શક ગ્રંથ છે. અને એજ ગ્રંથનું ભાવન, મનન. ચિંતન થતાં વૈષ્ણવોની ભાવપુષ્ટિ થતાં ફલાત્મક પણ છે.

આ અમૂલ્ય ગ્રંથોની ગુજરાતી તથા હિન્દીમાં અનેક આવૃત્તિઓ, વિવેચનો પ્રકાશિત થયાં છે, તેમાં પ્રસ્તુત પ્રકાશનની મહત્તા એ છે કે તેમાં પં. સબલ કિશોરજી જેવાં સંપ્રદાયના માન્ય વિદ્વાન દ્વારા પરંપરાથી ચાલી આવતી ખાસ કરીને અકુશળ લહીયાઓ દ્વારા હસ્તપ્રતોમાં પાંગરેલી અશુદ્ધિઓનો ખુબજ ઉંડાણથી અભ્યાસ કરી તેને દૂર કરવા પ્રયત્ન થયો છે. ઉપરાંત સંસ્કૃત તેમજ હિન્દીમાં પ્રત્યેક શ્લોકનું વિવેચન હોઈને વિદ્વાનોને તો ઉપયોગી છે જ પણ સાથોસાથ હિન્દીભાષી વૈષ્ણવોને તેમજ શ્રી હરિરાષજીના ગ્રંથોના રસિક અભ્યાસી વૈષ્ણવોને ખુબ ખુબ ઉપયોગી છે.

ગ્રંથને નિ. લી.ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ શ્રી (કોટા) તેમજ પૂ પા. ગો. શ્રી ચિમનલાલજી મહારાજ (માંડવી–શ્રીમદ્ ગોકુલ) તથા પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામનગર)ના આશિર્વાદનો પ્રાપ્ત થયેલ છે. આમ પ્રત્યેક પુષ્ટિમાર્ગીય સાહિત્યપ્રેમી વૈષ્ણવે વસાવવા લાયક ગ્રંથ છે.

**બેનડી ! તું પવિત્ર રહેજે !**

લે. જૈનમુનિ શ્રી રાજચંદ્રજી વિજય મ. સા. (શ્રી નિરાલાજી)
પ્રકાશક : અને પ્રાપ્તિસ્થાન. શ્રી મહાવીર શુભ સંદેશ સાધના ટ્રસ્ટ,
૩૫, દાઉજી ગલી પંચાયત વાડી, કબુતર ખાના પાસે.
ભૂલેશ્વર **મુંબઈ–૨.**

૧૬ પેજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૯૦

પડતર મૂલ્ય રૂા. ૧૦/– પરંતુ સદાચાર–જીવદયા પ્રચારાર્થે રૂા. ૬/–માં મળે છે.

ભારતીય સંસ્કૃતિના જીવન મુલ્યોનો ને આધુનિકતાને નામે સર્વનાશ થઈ રહ્યો છે. તેનાથી સર્વે ધર્મપ્રેમીઓ અત્યંત ખેદ અનુભવે છે જ. જૈન ધર્મના અગ્રણી મુનિશ્રી નીરાલાજી એ ઉપરોકત પુસ્તકમાં ભારતીય નારીસમાજની મહાન અધોગતી કરાવતાં અને ધર્માચરણના મુલરૂપ સદાચારનો નાશ કરનાર બહેનોમાં માસિક ધર્મ (M.C.) ની આભડછેટ ન પાળવાથી થતાં નુકશાનો અને જગતભરના દેશો અને વિવિધ ધર્મ

ગ્રંથોમાં માસીક ધર્મ પાળવાની અનિવાર્યતા દર્શાવતા કારણોનો સંગ્રહ કર્યો છે. અને બીજું જે બાલ હત્યા (ગર્ભપાત)નું ઘાતકી ભૂત આપણા સમાજમાં જન્મ્યું છે. સરકાર દ્વારા પ્રોત્સાહિત થઇ રહ્યું છે તેની ખૂબજ સરળ અને હૃદય સ્પર્શી શૈલીમાં ઝાંટકણી કાઢી આ મહાન અનાચાર–પાપથી બચવા હાકલ કરવામાં આવી છે.

સુધારાને નામે અધર્માચરણમાં વળતી પ્રત્યેક ધર્મની ભાવી પ્રજાને ખાસ કરી બહેનોને આ પુસ્તક અત્યંત લાભકારી છે. સદાચાર, પ્રાણીમાત્રમાં સમભાવ, જીવદયા એ ભારતિય ધર્મપ્રાણ જનતાની એક વિશિષ્ઠતા છે અને જેનો આજે વિચ્છેદ થઇ રહયો છે તે માર્ગે જતાં લોકોને પડકારરૂપ આ પુસ્તક સમસ્ત ધર્મપ્રાણ જનતાએ વાંચવું વંચાવવું જોઇએ.

## પુષ્ટિમાર્ગ સમજવા માટે વૈષ્ણવો માટે ઉપયોગી કેસેટસ સેટ

કાંકરોલી નરેશ પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના જયેષ્ઠ લાલ પુ. ગો શ્રી વાગીશબાવાશ્રી એ દેશ–વિદેશના વૈષ્ણવો માટે ઉપયોગી–માર્ગદર્શક કેસેટસ સેટ અંગ્રેજીમાં શ્રી વલ્લભ સેવામૃત દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેનો વિમોચન સમારંભ ગોકુલ ધામમાં રમેશભાઇ ઓઝાની શ્રીમદ ભાગવત સપ્તાહમાં ૨૪–૧–૯૫ ના રોજ પુ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયાના વરદ હસ્તે યોજવામાં આવ્યો હતો.

પુષ્ટિમાર્ગ સંપ્રદાયને સમજવા માટે દેશ–વિદેશના વૈષ્ણવો માટે ખાસ ઉપયોગી–માર્ગદર્શક કેસેટસ સેટ અંગ્રેજી ભાષામાં છે તેમાં આઠ કેસેટસ છે–તેની ન્યોચ્છાવર રૂા. ૩૦૧) છે. ઘર ઘરમાં ખાસ કરીને વૈષ્ણવોએ આવી કેસેટસ વસાવવા જેવી છે. તેના માટે સંપર્ક સ્થાન–૧ બેઠક મંદિર, ખેડેરાવ માર્કેટની પાછળ–વડોદરા (૨) શ્રીનિકુંજ ઠક્કર Co શ્રી ગિરિરાજ મંદિર, ઘડીયાળી પોળ, મું. પો. વડોદરા:

### વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

## "શ્રી વલ્લભ સુધા" ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. અનીડા (વાછરા)
શ્રીશ્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. અમરેલી શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. અમદાવાદ શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ

૪. ઉપલેટા શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૫. કલકત્તા શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે

૬. કલ્યાણ શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭ જામનગર શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી એન. ધોળકીયા
નાગર ચકલો

૮. જુનાગઢ
  ૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડેચા
  C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
  શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ
  ૨. શ્રી પોપટલાલ જમનાદાસ
  બી/૧ રવિકિરણ એપાર્ટમેન્ટ
  ૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
  "ગીતાંજલી" ગોકુલ સોસાયટી
  લેઢીયા વાડી પાછળ

૯. જેતપુર
  ૧. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
  પાણી શેરી. જવેરી રમણીકભાઈના મકાનમાં
  ૨. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
  મતવા શેરી
  ૩ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
  ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૦. ધોરાજી શ્રી જાદવ જીવરાજ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૧. ધ્રાંગધ્રા શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શકિત મંદિર સામે

૧૨. પોરબંદર
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૩. પાંચપીપળા
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૪. બોરીવલી (વેસ્ટ)
શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફલેટ નં. ૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ

૧૫. મુંબઇ
આં. રા. પુ. વૈ. પરિષદ
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે ભુલેશ્વર

૧૬ મોરબી
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

૧૭. મોટા બાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૧૮. રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૧૯. રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીલ' માલીવાડ

૨૦ લીંબડી
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૧. વડોદરા
શ્રી વામનભાઈ બી પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૨. વાંકાનેર
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

૨૩. સુરત શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૬. ભવાની શોપીંગ સેન્ટર
માનવાડી મેઇન રોડ,, ૧લે માળે

૨૪. હળવદ શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

૨૫. ડોંબીવલી શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ–૧

૨૬. વાપી શ્રી ભાભીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧, આનંદ વિલા, ૨૫ ગોદાલ નગર

**SHREE VALLABH SUDHA** Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**

# કર સાચી પ્રિત...!

પરમ કૃપા સાગર, મહા સમરથ શ્રી ગિરિવરધારી;
અતિ ગંભીર ઉદારાકર, નાગર ગુરુ દુખહારી,
પાપ સકલ પરિતાપ સહજ સ્મૃતિ માત્ર પ્રલયકારી;
વિજ્ઞપ્તિ વીણ શરણાગત હત ભય ભારી. –પરમ૦ ૧

અક્ષમયોગ અપરાધ, અપરિમિત દાસ તણા દેખે;
તો પણ ક્ષમા કરે સઘ, નિજ લહી આણે લેખે,
ભૂલ જીવનો ધરમ જ છે, લહી પોતાપણું પેખે;
ભજે ભાવથી તેને ગણે પ્રભુ પ્રાણ થકી વિશેખે. –પરમ૦ ૨

સરવ સગું સંસાર વિશે તો સ્વારથનું બેલી;
એક હરિ વણ આફત વેળા દે અળગા ઠેલી,
નિઃસ્વારથ દુઃખ દીન તણું એક હરિ નાખે પેલી;
તે પ્રભુને તજી અન્ય થકી ધિક વાહાલ તણી વેલી. –પરમ૦ ૩

દાસ તણા અવગુણ ઢાંકયાની ટેવ સદા હરિને;
કિંચિત ગુણને પ્રગટ કરે, શ્રીમુખ કેહે ફરી ફરીને,
અંતરથી જ અધિક [illegible]તિ, ન શકે ભક્ત પરા કરીને;
'પતિતપાવન' 'દીનબંધુ' 'હરિ' બરદ રહ્યા ધરીને. –પરમ૦ ૪

જે રીતે સુખ થાય દાસને, ત્યમ કરે સ્વામી;
સઘળાં સુખ દેવા સમરથ, નિજબળ અંતરજામી,
રૂપ શીલ ગુણ સુંદર સરવ પ્રકાર ગરુડગામી,
**'દયા'** પ્રિત સાચી કર તેથી, નહિ રેહે કાંઈ ખામી. –પરમ૦ ૫

–ભક્ત કવિ શ્રી દયારામભાઈ

---

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ–૫**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮